

૧

# દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ

- મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા.

અધ્યાત્મ અનુયોગ - પંન્યાસ યશોવિજય

મનિ ધારતા,
કાજ રે ।।

(રાસ : ૯/૧)

સિદ્ધિને સમીપ લાવતું
સંપૂર્ણ સાધન એટલે જ શ્રદ્ધા.
ો એટલે મિથ્યાત્વઅંધકારને વિલીન થયે જ છૂટકો.
પછી સિદ્ધિનું મધ્યાહ્ન ક્યાં દૂર છે?




પરમ પૂજ્ય સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ
શ્રીમદ્ વિજય જયઘોષ સૂરીશ્વરજી મહારાજા
समर्पणम्
त्वदीयं तुभ्यं समर्पयामि
सिद्धसिद्धान्तसिद्धान्ताः!
सिद्धान्तसुदिवाकराः!।
श्रीजयघोषसूरीशाः!
स्राक् सिद्धयै सन्तु सेविताः।।

પરમને પામવાનું પરિપૂર્ણ પરિબળ

# દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ

✢ ૧ ✢

વિકલ્પો અને વિભાવોથી બનાવે ઉદાસ
શુદ્ધ આત્મદ્રવ્યનો કરાવે પ્રતિભાસ
આનંદઘનસ્વરૂપમાં જે કરાવે નિવાસ
એવો છે આ દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ.

વધાર્યો વ્યર્થ વાતો ને વિકથાઓનો વ્યાસ
માટે જ વેઠ્યો કર્મોનો અનહદ ત્રાસ
હવે પ્રગટી છે પરમપદની પાવન પ્યાસ
તેથી જ વાંચવો છે દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ.

॥ શ્રીઆદિનાથાય નમઃ ॥

।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।

મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજી મ.સા. દ્વારા વિરચિત

**સ્વોપજ્ઞટબાર્થ** યુક્ત

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

પંન્યાસ યશોવિજય ગણી રચિત

## અધ્યાત્મ અનુયોગ

**ભાગ-૧**

• દિવ્યાશિષ •

પરમ પૂજ્ય ન્યાયવિશારદ સ્વ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા

• શુભાશિષ •

પરમ પૂજ્ય સિદ્ધાન્તદિવાકર ગચ્છાધિપતિ આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજા

• અધ્યાત્મ અનુયોગકાર + સંપાદક •

પરમ પૂજ્ય પૂના જિલ્લા ઉદ્ધારક પંન્યાસ પ્રવર
**શ્રીવિશ્વકલ્યાણવિજયજી** મહારાજના શિષ્યાણુ
પંન્યાસ યશોવિજય

• પ્રકાશક •

**શ્રેયસ્કર શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ**
ઈર્લાબ્રીજ, ૧૦૬, એસ.વી.રોડ, વિલેપાર્લા (વેસ્ટ),
મુંબઈ-૪૦૦૦૫૬. ફોન : (૦૨૨) ૨૬૭૧૯૩૫૭

* **ગ્રન્થનું નામ** : **દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ**

* **મૂળકાર + સ્વોપજ્ઞ ટબાકાર** : **મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજી મ.સા.**

* **દ્રવ્યાનુયોગપરામર્શ** : નવનિર્મિત સંસ્કૃત પદ્યો

* **અધ્યાત્મ અનુયોગ** : શ્લોકાર્થ + આધ્યાત્મિક ઉપનય

* **સંશોધક** : પ.પૂ.આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **પુણ્યરત્નસૂરીશ્વરજી** મ.સા. આદિ

* **આવૃત્તિ** : પ્રથમ * **કુલ ભાગ** : બે

* **મૂલ્ય** : સંપૂર્ણ સેટના ₹ ૧૦૦૦/-

* **પ્રકાશન વર્ષ** : વિ.સં.૨૦૬૯ • વી.સં.૨૫૩૯ • ઈ.સ.૨૦૧૩ *

* © સર્વ હક્ક શ્રમણ પ્રધાન જૈન સંઘને આધીન છે *

* **પ્રાપ્તિ સ્થાન** : (૧) **પ્રકાશક**

(૨) **શ્રી દિવ્યદર્શન ટ્રસ્ટ**
૩૯ કલિકુંડ સોસાયટી, ધોળકા-૩૮૭૮૧૦.
જિ.અમદાવાદ.ફોન : ૦૨૭૧૪-૨૨૫૪૮૨

(૩) **શ્રી સતીષભાઈ બી. શાહ**
૫, મૌલિક ફ્લેટ્સ, ઓપેરા ફ્લેટ્સની સામે, સુખીપુરા,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬. મો. : ૯૮૨૫૪૧૨૪૦૨

(૪) **ડૉ. હેમન્તભાઈ પરીખ**
૨૧, તેજપાલ સોસાયટી, ફતેહનગર બસ સ્ટેન્ડ પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો. : ૯૪૨૭૮૦૩૨૬૫

(૫) **શ્રી મહેન્દ્રભાઈ ઝવેરી**
૫૦૨, સંસ્કૃતિ કોમ્પ્લેક્ષ, અતિથિ ચોકની પાસે,
કાલાવાડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫. મો.૯૮૨૫૧૬૮૮૩૪

* મુદ્રક : શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ, અમદાવાદ. ફોન : (૦૭૯) ૨૫૪૬૦૨૯૫, મો.૯૯૦૯૪૨૪૮૬૦ *

## ક્યાં શું નિહાળશો ?


પૃષ્ઠ

✤ Introduction ........................................ 6

✤ પ્રકાશકીય નિવેદન ........................................ 7

✤ શ્રુત અનુમોદના ........................................ 8

✤ પ્રસ્તાવના : 'અધ્યાત્મનું અવતરણ' ........................................ 9-21

✤ પ્રથમ ભાગની વિષયમાર્ગદર્શિકા ........................................ 22-28

✤ ઢાળ-૧ થી ૧૧ ........................................ ૧-૩૨૮

# INTRODUCTION

| | Name | Language | Author |
|---|---|---|---|
| Original Text | : DRAVYA-GUṆA-PARYĀYANO RĀSA | OLD GUJARATI | MAHOPĀDHYĀYA ŚRĪ YAŚOVIJAYJĪ |
| Brief Summary | : DRAVYA-GUṆA-PARYĀYARĀSANO TABO | OLD GUJARATI | MAHOPĀDHYĀYA ŚRĪ YAŚOVIJAYJĪ |
| New Text | : DRAVYĀNUYOGA-PARĀMARŚA | SANSKRIT | PANYĀSA ŚRĪ YAŚOVIJAYJĪ |
| Spiritual Exposition | : ADHYĀTMA ANUYOGA | GUJARATI | PANYĀSA ŚRĪ YAŚOVIJAYJĪ |

Price : ₹ 1000/- (Vol. I + II)

Published By : ANDHERI GUJARATI JAIN SANGH
56, Irla Bridge, S.V. Road,
Andheri (West), Mumbai-400056, India.

Available At : (1) Publishers
(2) DIVYA DARSANA TRUST
39, Kalikund Society,
Dholka-387810, Dist. Ahmedabad,
Gujarat State, India.

The original text + new text has also been published in seven volumes which includes a new extended sanskrit commentary named "Dravyānuyoga Parāmarśa Karnikā" and gujarati exposition of the same named as "Dravyānuyoga Parāmarśa Karnikā Suvāsa" by the same publishers. The author of this commentary and exposition is also Panyāsa Śri Yaśovijayjī.

॥ ઈર્લામંડન શ્રીઆદિનાથાય નમઃ ॥

# પ્રકાશકીય નિવેદન

**મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ** વિરચિત **'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ'** તથા તે ઉપર વિદ્વદ્વર્ય પંન્યાસ શ્રીયશોવિજયજી મહારાજ દ્વારા વિરચિત **અધ્યાત્મ અનુયોગ** વગેરેને ૨ ભાગમાં પ્રકાશિત કરી શ્રીસંઘના ચરણોમાં સમર્પિત કરતા અનહદ આનંદ અનુભવીએ છીએ. આ નવલા ગ્રંથના પ્રકાશનનો લાભ અમારા શ્રીસંઘને પ્રાપ્ત થયાનો અમોને અનેરો આનંદ છે.

ભગવાનના વચનો સાંભળવા, તેના ઉપર ગહન વિચાર કરવો, નિરંતર વાગોળવા, સતત ઘૂંટવા જેથી આત્મા તદ્રૂપ બની જાય તે શુભ પ્રવૃત્તિ છે. અર્થાત્ જીવ અશુભથી દૂર થઈ શુભમાં જોડાય છે અને જીવને પુણ્ય બંધાય છે. આ પુણ્યબંધ એવા પ્રકારનો પડે છે કે જેના ફળ સ્વરૂપે જીવને મોક્ષ (=શાશ્વત સુખ) પ્રાપ્ત થાય છે. વળી, શાશ્વત સુખ પ્રાપ્ત થતાં જેટલા ભવો લાગે તે દરમ્યાન જીવને અનુકૂળ સામગ્રી અને સંયોગો પ્રાપ્ત થતા રહે છે - **આ પ્રમાણે પરમ શ્રદ્ધેય ગુરુભગવંતો પાસેથી જાણ્યું છે.**

પ્રસ્તુત ગ્રંથ જિનવચન સાપેક્ષ છે. તેમ જ આ ગ્રંથનું ઉદ્ગમ સ્થાન પણ જિનવચન જ છે. તેથી આ સંપૂર્ણ ગ્રંથનું શ્રવણ, મનન, નિદિધ્યાસન વગેરે શુભ પ્રવૃત્તિ રૂપ જ છે. આ કારણે અમારા શ્રીસંઘને પ્રકાશનનો લાભ પ્રાપ્ત થયાનો વિશિષ્ટ આનંદ હોય એ સ્વાભાવિક છે.

સંસ્કૃત ભાષામાં રચાયેલા અનેક ગ્રંથોના ગુજરાતી ભાષામાં અનુવાદ થયેલ છે. પરંતુ આ ગ્રંથની વિશેષતા એ છે કે તેની રચના ગુજરાતી ભાષામાં થયેલ છે અને તેના ઉપર એકથી વધુ સંસ્કૃત ભાષામાં અનુવાદ થયેલ છે. પ્રાચીન ૩૦૦ વર્ષ જૂની ભાષાના ભલે આપ જાણકાર હો, તેમ છતાં ગુરુગમ તેમ જ શાસ્ત્રના ઉચ્ચ કક્ષાના અભ્યાસ વિના, પ્રસ્તુત ગ્રંથનો સમ્યક્ બોધ થવો સરલ નથી. કેમ કે આ ગ્રંથનો વિષય દ્રવ્યાનુયોગ છે.

જૈન-જૈનેતર દર્શનના અનેક ગ્રંથોનું વિશદ વાંચન, ગહન ચિંતન અને અદ્ભુત ઉપસ્થિતિ જેઓશ્રીને પ્રાપ્ત છે એવા વિશિષ્ટ ક્ષયોપશમથી યુક્ત વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય પંન્યાસ શ્રીયશોવિજયજી મહારાજે એક માત્ર પરમાર્થના હેતુથી, અધ્યાત્મના વિશેષ જિજ્ઞાસુ જીવોની તથા સંપાદિત અને સંવર્ધિત મૂળ ગ્રંથના અભ્યાસુ જીવોની સુગમતા ખાતર પ્રસ્તુત બે ભાગનું આ પ્રમાણે આંતરિક સ્વરૂપ ગોઠવેલ છે :- (૧) દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ - મૂળ ગ્રંથ. (૨) તે ઉપર સ્વોપજ્ઞ (ઉપા.કૃત) વ્યાખ્યા - ટબો. (૩) તેના ઉપર દ્રવ્ય-ગુણ-પર્યાય રાસને અનુસરતો શ્લોકબદ્ધ દ્રવ્યાનુયોગ પરામર્શ. (૪) ગુજરાતી ભાષામાં શ્લોકાર્થ + આધ્યાત્મિક ઉપનય સ્વરૂપ અધ્યાત્મ અનુયોગ.

પ.પૂ.પંન્યાસજી મહારાજે અથાગ પ્રયત્નથી ૩૬ હસ્તપ્રતો દ્વારા મૂળ ગ્રંથ તથા સ્વોપજ્ઞ ટબાનું સંશોધન કરેલ છે. જે અત્યંત સ્તુતિને પાત્ર છે. અમારો શ્રીસંઘ તેઓશ્રીનો સદાય ઋણી રહેશે.

પરમશ્રદ્ધેય સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ **શ્રીપ્રેમસૂરીશ્વરજી** મહારાજ, પરમારાધ્યપાદ સકલસંઘહિતચિંતક આચાર્યદેવ **શ્રીભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજની દિવ્યકૃપા અમારા શ્રીસંઘ ઉપર સદૈવ વરસતી રહે છે. પરમ પૂજ્ય સિદ્ધાંતદિવાકર આચાર્યદેવ **શ્રીજયઘોષસૂરીશ્વરજી** મહારાજ અમારા શ્રીસંઘનું સદૈવ યોગક્ષેમ કરી રહ્યા છે. પરમ પૂજ્ય તર્કનિપુણમતિ આચાર્યદેવ **શ્રીજયસુંદરસૂરીશ્વરજી** મહારાજનું મંગલ માર્ગદર્શન અમારા શ્રીસંઘને સતત મળતું રહે છે. પરમ પૂજ્ય પંન્યાસપ્રવર **શ્રીવિશ્વકલ્યાણવિજયજી** મહારાજનું પણ આ અવસરે અમે અત્યંત આદરભાવે સ્મરણ કરીએ છીએ.

આ ગ્રંથના મુદ્રણ-પ્રકાશન વગેરે કાર્યોમાં સાક્ષાત્ કે પરોક્ષ સહકાર આપનારા નામી-અનામી સૌનો અમારો શ્રીસંઘ આભાર માને છે.

સર્વે વાચકોને આ ગ્રંથ કલ્યાણકારી બની રહે તેવા પ્રકારની મંગલ કામના. તથા વધુને વધુ આવા અણમોલ લાભ અમારા શ્રીસંઘને મળતા રહે તેવી શાસનદેવને પ્રાર્થના.

**શ્રેયસ્કર શ્રીઅંધેરી ગુજરાતી જૈન સંઘ, ઈર્લા-મુંબઈ**

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## અધ્યાત્મ અનુયોગ

## ભાગ ૧ - ૨

* સંપૂર્ણ લાભાર્થી *

## શ્રેયસ્કર શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ

ઈર્લા, મુંબઈ

ધન્ય શ્રુતભક્તિ !

ધન્ય શ્રુતપ્રેમ !

ધન્ય શ્રુતલગની !

ભૂરિ - ભૂરિ અનુમોદના...

નોંધ :- આ બન્ને પુસ્તકો જ્ઞાનદ્રવ્યમાંથી છપાયેલ હોવાથી
મૂલ્ય ચૂકવ્યા વિના ગૃહસ્થે માલિકી કરવી નહી.

અનંતોપકારી અનંતજ્ઞાની ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીર મહારાજાના તારક તીર્થમાં નિર્મલ મંગલ જ્ઞાનધારાને અવિચ્છિન્નપણે પ્રવાહિત કરનારા, જિનશાસનની ગરિમાને ગજાવનારા, જ્ઞાનજ્યોતિર્ધર ન્યાયવિશારદ ન્યાયાચાર્ય **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજનું સ્થાન જ્ઞાનના ક્ષેત્રે મોખરાના સ્થાને છે. સર્વે હળુકર્મી જીવોના અજ્ઞાનનું પ્રક્ષાલન કરવા માટે તથા શુચિ-શુદ્ધ-શાશ્વત-શાંત-શીતલ ચૈતન્યસ્વભાવનું સ્થાપન કરવા માટે તેઓશ્રીએ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, ગુજરાતી વગેરે વિવિધ ભાષામાં અનેક ગ્રંથો, વ્યાખ્યાઓ, રાસ, સંવાદ, સ્તોત્ર, સ્તવન વગેરેની અણમોલ રચના કરીને સાંપ્રતકાલીન સાધકોને સાધનામાર્ગનું સચોટ દિશાસૂચન કર્યું છે, જિજ્ઞાસુઓ માટે તત્ત્વજ્ઞાનની પરબ ખોલી છે, અજ્ઞાનરૂપ અંધકારમય ઊંડી ખીણમાં રહેલા અપ્રતિબુદ્ધ ભદ્રિક જીવો માટે દિવ્ય નેત્રાંજન તૈયાર કર્યું છે, ભરતક્ષેત્રના ભવ્યાત્માઓની મધુમય આસન્નભવ્યતાને ઊર્ધ્વમુખી કરેલી છે. અપભ્રંશ (જૂની મારુ ગુર્જર) ભાષામાં રચાયેલી તેઓશ્રીની દર્શનીય દાર્શનિક કૃતિ એટલે '**દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ**'. આ ગ્રંથ તત્ત્વજ્ઞાનથી ભરપૂર છે.

શાસ્ત્ર દ્વારા માત્ર માહિતીજ્ઞાન નથી મેળવવાનું પરંતુ આત્મજ્ઞાનસભર તત્ત્વજ્ઞાન મેળવવાનું છે. તત્ત્વજ્ઞાનથી નિજ શુદ્ધાત્મસ્વરૂપની શ્રદ્ધાને પુષ્ટ કરવાની છે તથા શુદ્ધોપયોગસ્વરૂપ નિજસ્વભાવનો શંખનાદ ફૂંકવાનો છે. તે માટે શાસ્ત્રાભ્યાસ દરમ્યાન 'શુદ્ધાત્મતત્ત્વ શું છે ? તેની પ્રાપ્તિ મને કેમ થાય ? મારા મૂળભૂત ચૈતન્યસ્વભાવે કઈ રીતે ઝડપથી પરિણમું ? તેની વિધિ શું છે ? શાસ્ત્રના માધ્યમે મારે આ બાબત સમજવી છે' - આ મુજબ નિજસ્વરૂપપ્રાપ્તિની ચિંતા પોતાના અંતરંગ અભિપ્રાયમાં દૃઢપણે વણાયેલી હોવી જોઈએ, અંતરના ઊંડાણમાં છવાયેલી હોવી જોઈએ. જેમ છાશના મંથનથી માખણ પ્રગટે છે, તેમ પ્રત્યેક શાસ્ત્રવચનના રહસ્યાર્થને પામવાની તીવ્ર ઝંખનાથી તથા શાસ્ત્રવચનના પરમાર્થને પરિણમાવવાની આંતરિક ઝૂરણાથી અધ્યાત્મનવનીત અંતરમાં ઉદ્ભવે છે.

'પૂર્વે ગ્રહણ કરેલા અનંતા દ્રવ્યલિંગ નિષ્ફળ કેમ ગયા ?' અગિયાર અંગ અને સાડા નવ પૂર્વનું જ્ઞાન અનંતી વાર અજ્ઞાનરૂપે શા માટે પરિણમ્યું ?' - આ અંગેની ઊંડી વેદના અને વ્યથા દ્વારા સાચું આત્માર્થીપણું અપનાવવાથી જ શાસ્ત્રનિહિત અધ્યાત્મસુધારસનો આસ્વાદ માણવાનું સૌભાગ્ય સાંપડે છે. નિજ પરમાત્મતત્ત્વને પ્રગટ કરવા સ્વરૂપ પ્રયોજનની સિદ્ધિ તો રાગાદિ દોષોમાંથી સર્વથા છૂટવાના આંતરિક જીવંત લક્ષથી જ થાય છે. દોષમુક્તિની પ્રબળ ઝંખના સ્વરૂપ મુમુક્ષુતા મુનિ થવાથી મટી જવી ન જોઈએ. બાકી અપ્રધાન દ્રવ્યલિંગી બનતાં વાર ન લાગે. વ્યાવહારિક સાધુજીવનમાં મેળવેલ ઉપલક શાસ્ત્રજ્ઞાન, માહિતીપ્રધાન શ્રુતજ્ઞાન કે પરલક્ષી સમજણ તો બહિર્મુખી બુદ્ધિની જેમ શસ્ત્રરૂપે પરિણમે તેવું જોખમ ઊભું જ છે. વિદ્વત્તાનો નશો વાદ-વિવાદ-વિતંડાજનક બની જાય છે.

'શાસ્ત્રાભ્યાસ દ્વારા આપણું બાહ્ય વ્યક્તિત્વ ઉપસાવવાનું નથી. પણ ઓગાળવાનું છે' - આ મૂળ વાત છે. શાસ્ત્રીય માહિતીજ્ઞાનના પ્રદર્શનમાં અટવાવાનું નથી પણ શ્રુતજ્ઞાનના માધ્યમે પોતાના

અંતઃકરણને નિજસ્વરૂપપ્રાપ્તિની ચિંતાવાળું કરીને ભાવનાજ્ઞાનને પ્રગટાવવાનું છે, પ્રાતિભજ્ઞાન સુધી પહોંચવાનું છે. ભાવશ્રુતજ્ઞાન પરિણતિ દ્વારા નિજસ્વરૂપસન્મુખ રહી, નિજ પરમાત્મતત્ત્વના લક્ષથી ચ્યુત થયા વિના, બાહ્ય હેય-જ્ઞેય પદાર્થોની પ્રીતિ તોડી, રાગ-દ્વેષના દ્વૈતને રચ્યા વિના સચ્ચિદાનંદસ્વરૂપ નિજઘરમાં સદા માટે પ્રતિષ્ઠિત થવાનું છે. તે માટે નિજ શુદ્ધ ચૈતન્યસ્વરૂપને પ્રગટાવવાનો તીવ્ર તલસાટ જોઈએ. તે તલસાટને પ્રગટાવવાનું એક અનુપમ માધ્યમ છે અધ્યાત્મસભર **'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ'**.

આ ગ્રંથપુષ્પ ૧૭ ઢાળરૂપી પાંખડીઓમાં વહેંચાયેલ છે. તેમજ સ્વોપજ્ઞ સ્તબક(ટબા)થી આ ગ્રંથપુષ્પ વધુ મઘમઘતું બનેલ છે. માટે જ દ્રવ્યાનુયોગના જિજ્ઞાસુ મુમુક્ષુભ્રમરોના અદમ્ય આકર્ષણનું તે કેન્દ્રબિંદુ બની ચૂકેલ છે. નામ તેવા જ ગ્રંથના ગુણ છે. શ્વેતાંબર અને દિગંબર સંપ્રદાય મુજબ લક્ષણ-ભેદાદિ દર્શાવવાપૂર્વક દ્રવ્ય-ગુણ-પર્યાયની નય સાપેક્ષ વિચારણા અને અવસરે દિગંબર દેવસેનના મતની સમાલોચના પણ તેમાં સમાવિષ્ટ છે. વિ.સં.૧૭૧૧માં સિદ્ધપુરમાં સૌપ્રથમ દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ (કુલ-૨૮૫ ગાથા પ્રમાણ) રચાયો. તથા ત્યાર પછીના કાળમાં 'રાસ' ઉપર સ્વોપજ્ઞ સ્તબકનું-ટબાનું નિર્માણ થયું. ખરેખર, મહોપાધ્યાયજીના ચંદ્રવદનથી ઝરેલ જ્ઞાનચંદ્રિકામય મૌલિક અમૃતકોશ એટલે જ 'સ્વોપજ્ઞ સ્તબકથી વિભૂષિત **દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ.'**

પ્રસ્તુત રાસની સત્તર ઢાળના મુખ્ય વિષયો ક્રમશઃ નીચે મુજબ છે.

**ઢાળ-૧** દ્રવ્યાનુયોગ માહાત્મ્ય.

**ઢાળ-૨** દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદસિદ્ધિ.

**ઢાળ-૩** દ્રવ્ય-ગુણ-પર્યાય અભેદસિદ્ધિ.

**ઢાળ-૪** દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદાભેદ સિદ્ધિ + સપ્તભંગી સ્થાપન.

**ઢાળ-૫** નય-પ્રમાણ સાપેક્ષ ભેદાભેદસિદ્ધિ + દ્રવ્યાર્થિકનય નિરૂપણ.

**ઢાળ-૬** દિગંબરસંમત નયનું નિરૂપણ.

**ઢાળ-૭** ઉપનય પરામર્શ.

**ઢાળ-૮** આધ્યાત્મિકનય નિરૂપણ + દેવસેનમત સમીક્ષા.

**ઢાળ-૯** ઉત્પાદાદિ વિચાર.

**ઢાળ-૧૦** દ્રવ્યભેદ નિરૂપણ.

**ઢાળ-૧૧** ગુણ-સામાન્યસ્વભાવ નિરૂપણ.

**ઢાળ-૧૨** વિશેષસ્વભાવ નિરૂપણ.

**ઢાળ-૧૩** સ્વભાવમાં નયયોજના.

**ઢાળ-૧૪** વ્યંજનપર્યાય-અર્થપર્યાય નિરૂપણ.

**ઢાળ-૧૫** જ્ઞાન માહાત્મ્ય.

**ઢાળ-૧૬** દ્રવ્યાનુયોગ પરિજ્ઞાન પ્રાધાન્ય.

**ઢાળ-૧૭** ગુરુપરંપરા પ્રશસ્તિ.

ઈ.સ.૩૦-૧૧-૨૦૦૩ના રોજ અમદાવાદ-રાજનગરમાં 'નયલતા' નૂતન સંસ્કૃતવ્યાખ્યા તથા 'દ્વાત્રિંશિકા પ્રકાશ' ગુજરાતી વિવરણથી વિભૂષિત **દ્વાત્રિંશિકા પ્રકરણ**ના સોહામણા વધામણા-વિમોચન પ્રસંગે ઉપસ્થિત અનેક આચાર્ય ભગવંતોએ 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ' ગ્રંથ ઉપર નૂતન સંસ્કૃત-ગુજરાતી વ્યાખ્યા કરવાનો મને જાહેરમાં આદેશ કર્યો. એ આદેશને મેં સહર્ષ શિરોમાન્ય કર્યો. અનેક મહાત્માઓ, શ્રાવકો અને સંસ્થાઓના સહકારથી જુદા-જુદા સ્થળેથી રાસની કુલ ૩૬ હસ્તપ્રતોની પ્રતિનકલો (Photo Copies) મળી. તેના આધારે તથા ૩ મુદ્રિત પુસ્તકોના આધારે રાસ+ટબાનું સંશોધન કાર્ય શરૂ કર્યું. ગુરુજનોના આશિષ લઈ (૧) **'દ્રવ્ય-ગુણ-પર્યાયરાસ'** મુજબ **'દ્રવ્યાનુયોગપરામર્શ'** નામે સંસ્કૃતમાં શ્લોકબદ્ધ ગ્રંથ, (૨) સ્વોપજ્ઞસ્તબક અનુસાર **'દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા'** નામે વિસ્તૃત સંસ્કૃત વ્યાખ્યા તથા (૩) તે બન્નેનું વિશદ ગુજરાતી વિવેચન **'દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા સુવાસ'** નામે શરૂ કર્યું. ગુજરાત -મહારાષ્ટ્રમાં છ વર્ષની વિહારયાત્રાના અંતે ઉપરોક્ત લેખન કાર્ય સંપન્ન થયું. ત્રણ વર્ષના સમયગાળામાં કમ્પોઝીંગ-પ્રુફ કરેકશન-પ્રિન્ટીંગ વગેરે કાર્યો પૂર્ણ થયા. નૂતન સંસ્કૃત વ્યાખ્યાથી શણગારીને તથા નવીન વિસ્તૃત ગુજરાતી વિવરણથી મઢીને દ્રવ્ય-ગુણ-પર્યાય રાસને સાત ભાગમાં (કુલ પૃષ્ઠ-૨૮૧૬) પ્રકાશિત કરવાનું સૌભાગ્ય-સદ્ભાગ્ય દેવ-ગુરુની મહતી કૃપાથી ઉદયમાં આવ્યું.

## • 'અધ્યાત્મઅનુયોગ'નું અનોખું આચમન •

પ્રસ્તુતમાં ધ્યાનમાં લેવા જેવી વાત એ છે કે શાસ્ત્રાભ્યાસમાં વિદ્વત્તાના અનુસંધાન કરતાં અધ્યાત્મનું અનુસંધાન વધુ મહત્ત્વપૂર્ણ છે. 'પ્રભુએ પ્રકાશેલા આ મોક્ષમાર્ગમાં હું ક્યાં ? ક્યારે મારું પરિપૂર્ણ પરિશુદ્ધ પરમાત્મસ્વરૂપ પ્રગટશે ?' - આવી આધ્યાત્મિક સંવેદના હૃદયમાં જગાડીને સર્વ શાસ્ત્રોનું ખેડાણ થવું જઈએ. જેમ જ્ઞાનાચાર, દર્શનાચાર આદિમાં વીર્યાચાર વણાયેલો હોવા છતાં જ્ઞાનાચારાદિનો પ્રાણ હોવાથી વીર્યાચારને શાસ્ત્રમાં જ્ઞાનાચારાદિથી અલગ જણાવેલ છે, તેમ દ્રવ્યાનુયોગ, ચરણ-કરણાનુયોગ આદિમાં અધ્યાત્મઅનુયોગ વણાયેલ હોવા છતાં દ્રવ્યાનુયોગાદિનો પ્રાણ હોવાથી અધ્યાત્મઅનુયોગને પણ દ્રવ્યાનુયોગાદિથી અલગ તારવવો જરૂરી છે. અધ્યાત્મને અગ્રતા આપીને શાસ્ત્રની વ્યાખ્યા કરવામાં આવે તો તમામ વાદ-વિવાદ-વિખવાદો શમી જાય. બાકી ચર્ચાના મરચા ખાંડવાની ચળ ઉપડે તો વિદ્વત્તા -પંડિતાઈ આશિષના બદલે અભિશાપરૂપ બની જતાં વાર લાગતી નથી. અંહાકરના ઉકરડામાં ખોવાયેલ ચૈતન્ય હીરો નજરે ચડવો મુશ્કેલ છે.

આ અંગે શ્રી**હરિભદ્રસૂરિજી** મહારાજે **યોગબિંદુ**માં ચિમકી આપતાં જણાવેલ છે કે **'विदुषां शास्त्रसंसारः सद्योगरहितात्मनाम्'** (યો.બિં.૫૦૯) મતલબ કે અધ્યાત્મયોગશૂન્ય વિદ્વાનો માટે શાસ્ત્ર એ જ સંસાર છે. મહોપાધ્યાય શ્રી**યશોવિજયજી** મ. પણ **અધ્યાત્મઉપનિષદ્**માં આ જ વાતને દોહરાવતાં કહે છે કે **'पण्डितानां तु संसारः शास्त्रम् अध्यात्मवर्जितम्'** (અ.ઉપ.૧/૭૨) અર્થાત્ 'અધ્યાત્મના અનુસંધાન વગરનું, આધ્યાત્મિક ઉપનય વિનાનું શાસ્ત્ર એ પંડિતોનો સંસાર છે.'

તેમાં પણ ખાસ કરીને દ્રવ્યાનુયોગની તર્કવિદ્યા તો કાચો પારો છે. ના પચે તો ફૂટી નીકળે. તેથી તેને પચાવવા માટે તેના પ્રત્યેક પદાર્થ ઉપર અધ્યાત્મઅનુયોગ કરવો અતિજરૂરી છે. તો જ તેના

માધ્યમથી જીવનમાં, પરિવારમાં, મિત્ર વર્તુળમાં, સમુદાયમાં, સંઘમાં સંવાદની ચિરકાલીન સ્થાપના થઈ શકે. તેથી 'દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા' સંસ્કૃત વ્યાખ્યામાં પ્રત્યેક શ્લોકના વિવરણના અંતે તે શ્લોકસંબંધી 'આધ્યાત્મિક ઉપનય' સાતેય ભાગમાં **स्वान्तःसुखाय + सर्वजनहिताय** દર્શાવેલ છે. માનો કે વર્ષોથી ભૂલાયેલા સાચા માર્ગનું ખેડાણ થયું.

"ખરેખર અધ્યાત્મશૂન્ય શાસ્ત્ર એ નિષ્પ્રાણ કલેવર છે, ચાવી-સેલ વિનાની ઘડિયાળ જેવા નિરર્થક છે" - આ વાત વિજ્ઞ વાચકવર્ગે કદાપિ ભૂલવી નહિ. તથા કોઈ પણ શાસ્ત્રના અભ્યાસ સમયે પોતાની શક્તિ-ક્ષયોપશમ મુજબ શાસ્ત્રીય પદાર્થોને વિશે 'અધ્યાત્મઅનુયોગ' કરવા પ્રયત્નશીલ રહેવું. તો જ આત્મલક્ષ-આત્માર્થીપણું જીવંત રહે તથા શુદ્ધ ચૈતન્યનો રણકાર કરતી ગ્રંથકારશ્રીની જ્ઞાનગર્જના આપણા સૂતેલા સત્ત્વને જગાડે, તૂટેલા ભાવોને મૂર્તિમંત કરે, ખૂટેલા ઉત્સાહને ઉછાળે.

## • પ્રસ્તુત પ્રકાશન અંગે કાંઈક •

આ પ્રકાશનમાં (૧) ૩૬ હસ્તપ્રતોના આધારે સંશોધિત થયેલ દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ, (૨) સ્વોપજ્ઞ ટબો, (૩) રાસ અનુસારી દ્રવ્યાનુયોગ પરામર્શ, (૪) શ્લોકાર્થ, (૫) દરેક શ્લોકનો આધ્યાત્મિક ઉપનય તથા (૬) નીચે ટિપ્પણમાં પાઠાંતર, સ્વોપજ્ઞ ટબાના પ્રાકૃત સંદર્ભોની છાયા અને પ્રાચીન સાહિત્ય સંદર્ભના આધારે રાસ-ટબાના અઘરા દેશી શબ્દોના અર્થ દર્શાવેલ છે. તથા દરેક ઢાળના પ્રારંભમાં ઢાળનો/શાખાનો ટૂંકસાર દર્શાવેલ છે. આ ક્રમથી પ્રસ્તુત બે ભાગને તૈયાર કરેલ છે. મુખ્યતયા '**દ્રવ્ય -ગુણ-પર્યાયનો રાસ**' ના સાત ભાગના આધારે જ આ બન્ને ભાગને સંપાદિત કરેલ છે.

પ્રસ્તુત પ્રકાશનના બન્ને ભાગમાં જે 'આધ્યાત્મિક ઉપનય' દરેક શ્લોકમાં દર્શાવેલ છે, તે મુખ્યપણે દ્રવ્ય-ગુણ-પર્યાય રાસના આધારે દર્શાવેલ છે. પણ અમુક સ્થળે સ્વોપજ્ઞ ટબાના આધારે પણ દર્શાવેલ છે. (જુઓ - [1]૪/૧૩, ૫/૪+ ૬, ૬/૧૬, ૯/૧૧, ૧૦/૧૨, ૧૧/૬, ૧૨/૧૦, ૧૩/૪+૮+૯+૧૨, ૧૪/૮, ૧૫/૧/૬, ૧૭/૧૨ વગેરે). તેથી તે સ્થળે વાચકવર્ગે ટબાનું અવલોકન કરવું જરૂરી છે. તથા અમુક સ્થાને "દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા" સંસ્કૃત વ્યાખ્યાના આધારે પણ "આધ્યાત્મિક ઉપનય" દર્શાવેલ છે. (જુઓ ૮/૨૩+૨૫, ૧૦/૫+૧૪, ૧૩/૧૪+૧૮, ૧૪/૭+૮+૧૨, ૧૫/૨/૧૦ વગેરે). તેથી તે સ્થળે વાચકવર્ગ આવશ્યકતા મુજબ સાત ભાગમાં છપાયેલ રાસમાં વિદ્યમાન સંસ્કૃત વ્યાખ્યાનું અવલોકન કરી શકે છે.

અહીં એક વાત ખાસ ધ્યાનમાં લેવી કે રાસના પ્રત્યેક શ્લોકના અંતે જે 'આધ્યાત્મિક ઉપનય' દર્શાવેલ છે, તે રાસની ગાથાના કે સ્તબકના તમામ પદાર્થને અનુલક્ષીને લખાયેલ નથી પણ શ્લોકના કે સ્તબકના અમુક પદાર્થને ઉદ્દેશીને જ લખાયેલ છે. સંપૂર્ણ અધ્યાત્મઅનુયોગ કરવો એ તો પૂર્વધર મહર્ષિઓનું કામ. મારું એ ગજુ નહિ. ખરેખર, મહાપુરુષોના વૈભવી ભાવોને શબ્દોની સંકુચિત સીમામાં કેદ કરી શકાતા નથી. રાસની પ્રત્યેક ગાથા ગ્રંથતુલ્ય વિરાટકાય છે. તેને વાંચવા - ઉકેલવા ચર્મચક્ષુ નહિ પણ અદ્વિતીય અતીન્દ્રિય દિવ્ય જ્ઞાનચક્ષુ જોઈએ. અહીં તો અધ્યાત્મસંબંધી ફક્ત બાલાવબોધનો જ મારા દ્વારા એક વિનમ્ર પ્રયાસમાત્ર થયેલ છે.

1. ()માં જણાવેલ સંખ્યા એ 'દ્રવ્ય-ગુણ-પર્યાય રાસ' સંબંધી ઢાળ/ગાથાનો ક્રમાંક જણાવે છે.

## • પ્રસ્તુત પ્રકાશનનું પ્રયોજન •

અમે '**દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ**' સંસ્કૃત-ગુજરાતી વિવરણ સાથે દળદાર સાત ભાગમાં તૈયાર કરેલ છે, તે અતિવિસ્તૃત છે. તેથી (૧) જે વાચકો પાસે એટલો સમય કે ધીરજ ન હોય, (૨) જે પાઠકો રાસની દરેક ગાથાનું આધ્યાત્મિક હાર્દ શું છે ? એ જ સીધેસીધું જાણવા માગતા હોય, (૩) જે વિદ્વાનો ફક્ત સંશોધિત રાસ + ટબો જ જોવા માંગતા હોય, (૪) જે જિજ્ઞાસુઓ તર્ક-યુક્તિના ચર્ચામંચ ઉપરથી નીચે ઉતરીને રાસમાં ધરબાયેલ અભ્યંતર મોક્ષમાર્ગની આંતરિક કોઠાસૂઝને પ્રયોગાત્મક ધોરણે પોતાના જીવનમાં ગોઠવવાની હાર્દિક તૈયારી ધરાવતા હોય તથા (૫) જે અધ્યેતા વર્ગ સંક્ષેપરુચિવાળા હોવા ઉપરાંત અધ્યાત્મરુચિને ધરાવતા હોય તેવા આત્માર્થીઓની સુગમતા માટે '**દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ અધ્યાત્મઅનુયોગ**' નામથી પ્રસ્તુત પ્રકાશન બે ભાગમાં તૈયાર કરવામાં આવેલ છે.

## • વાચકવર્ગને આવશ્યક નિવેદન •

જે આત્માર્થી વાચકવર્ગ પાસે આ બે ભાગને સાદ્યંત વાંચવા માટે સમય કે સાનુકૂળ સંયોગો ન હોય તેઓ ફક્ત ૧૬મી શાખાના છેલ્લા શ્લોકનો (= **૧૬/૭** નો) આધ્યાત્મિક ઉપનય (જુઓ - ભાગ-૨, પૃષ્ઠ ૪૯૮ થી ૬૨૬) વાંચશે તો પણ અનાદિકાળથી અકબંધ રાગાદિ ગ્રંથિનું ગૂઢ તાળું ઉઘાડવાની ચાવી અવશ્ય સંપ્રાપ્ત થશે. એટલું જ નહિ, ભેદજ્ઞાનની ઉપાસનાના પવિત્ર પંથે છલાંગ લગાવવા દ્વારા આત્માનંદની અલૌકિક મસ્તી પણ માણવા મળશે.

ધારો કે તેટલો પણ સમય જિજ્ઞાસુ અધ્યેતાવર્ગ પાસે ન હોય તો કમ સે કમ આ ગ્રંથરાજના આધ્યાત્મિક ઉપનયમાં જુદા-જુદા સ્થાને આપેલી બાર(૧૨) આખી આધ્યાત્મિક **ABCD** (A to Z)નું વાંચન-મનન-અવગાહન તો અવશ્યમેવ કરવા આત્મીયભાવે નમ્ર નિવેદન છે. (જુઓ-પૃષ્ઠ ૩૦૦, ૪૩૫, ૫૦૪, ૫૨૫, ૫૩૧, ૫૫૧, ૫૫૪, ૫૬૯, ૫૭૦, ૫૭૩, ૫૮૦, ૫૯૩) આ ૧૨ આખી ABCD ને એકાગ્ર ચિત્તે આદરપૂર્વક અખંડપણે અવિરતપણે ઘૂંટવાથી પણ મોક્ષમાર્ગે અત્યંત ઝડપથી આગળ વધાશે.

આશા છે કે આત્માર્થી પાઠકો-વાચકોને પ્રસ્તુત બન્ને ભાગો દ્વારા દ્રવ્ય-ગુણ-પર્યાય રાસ -ટબાને માણવામાં, તેના ઊંડાણમાં ડૂબકી લગાવવામાં વધુ અનુકૂળતા રહેશે. તેમજ દરેક શ્લોકનો આધ્યાત્મિક ઉપનય તો આત્મલક્ષીપણું-સ્વલક્ષીપણું પ્રગટાવવા દ્વારા, ખેદ વિના, ગ્રંથિભેદ-ઘાતિકર્મછેદ કરવામાં પણ વિશેષ સહયોગી બનશે - તેવી આંતરિક ભાવના સહેજે રહે છે.

## • અધ્યાત્મનું અવનવું ચઢાણ •

પ્રસ્તુત પ્રકાશનના **પ્રથમ ભાગ**માં દ્રવ્ય-ગુણ-પર્યાય રાસની **૧ થી ૧૧** ઢાળ/શાખા સુધીના પ્રત્યેક શ્લોકમાં જે 'અધ્યાત્મ અનુયોગ' આપવામાં આવેલ છે, તે તાજેતરમાં આધ્યાત્મિક જગતમાં પ્રવેશ કરનાર વ્યક્તિ પણ સહેલાઈથી સમજી શકે તે રીતે અર્હદ્ અનુગ્રહથી આલેખાયેલ છે. જેમ કે -

- જીવનમાં વિવેકદૃષ્ટિની મુખ્યતા.
- ધ્યાન સંસ્કારના પ્રભાવની સમજણ.
- આત્મદશાને ઉન્નત બનાવવાની તત્પરતા.
- મલિન પરિણમનનો પ્રતિરોધ.

- જાતને ખોલવાની સાધના
- તાત્ત્વિક સાધનામાર્ગની કોઠાસૂઝ.
- વ્યવહાર-નિશ્ચયનયનું પારમાર્થિક પ્રયોજન અને યથોચિત જોડાણ.
- નિરુપાધિક સ્વભાવ અનુસાર આત્માનું પરિણમન.
- ગ્રંથિભેદાદિ સંબંધી ત્રણ પ્રકારની સાધના.
- અધઃપતનમાં આપણી જવાબદારી.
- ચિત્તવૃત્તિને આત્માભિમુખ કરવાની કળા.
- અવિલંબપૂર્વક ઉચિત આલંબન.
- ભેદવિજ્ઞાન દઢતા.
- સાધનાને પ્રાણવંતી બનાવવા માટે સત્કાર્યવાદ-યોગાચારમત-સપ્તભંગી-દ્રવ્યાર્થિકનય-પર્યાયાર્થિક નય -ભેદનય-અભેદનય-પ્રમાણદષ્ટિ-નયદષ્ટિ-વૈસ્રસિકઉત્પત્તિ-અસ્તિત્વ-નાસ્તિત્વ વગેરેનો ઉપયોગ.
- અખંડ આત્મદ્રવ્ય ઉપર દષ્ટિસ્થાપન.
- નિર્મળ ગુણાદિમાં નિજઅસ્તિત્વની પ્રતીતિ.
- ચૈતન્યસ્વરૂપની રુચિની કેળવણી.
- અસદ્ભૂત વ્યવહારમાં રાખવાની સાવધાની.
- પોતાની માલિકીની મૌલિક ઓળખ.
- ઔપચારિક પ્રયોગોનું આધ્યાત્મિક પ્રયોજન.
- દ્રવ્યદષ્ટિનો આદર.
- શુદ્ધ ભાવસ્યાદ્વાદનો સ્વીકાર.
- કાળપરિપાકની રાહ ન જોવી.
- સ્વકાળને સુધારવો.
- વિવેકપૂર્વક સમન્વયદષ્ટિ કેળવીએ.
- સાધના અને સિદ્ધિ અંગેની સ્પષ્ટતા.
- વ્યવહારમાં નિત્યાનિત્યાદિ સ્વભાવોનો ઉપયોગ.
- પાંચ પ્રકારે દુર્નય સંભાવના.
- સાંપ્રદાયિકતાનો ત્યાગ.
- સમન્વય + સમત્વદષ્ટિનો પ્રાદુર્ભાવ.
- પરીક્ષા કરવાની પાત્રતા.
- ભાવ અનુષ્ઠાનના સાત પ્રાણ.
- ગ્રંથિભેદનો માર્ગ.
- દુષ્કૃતગર્હા વગેરેનો તાત્ત્વિક ઉદ્દેશ.
- ઔપચારિક સ્વરૂપમાં અટવાવું નહિ.
- તત્ત્વમીમાંસા દ્વારા મૂંઝવણ છોડવી.
- કાલ-કાલાણુ-સામાન્ય-વિશેષ ગુણો દ્વારા ઉપદેશ મેળવીએ.
- સ્વભાવ-ગુણ પરિણમન કર્તવ્ય.
- યોગ્યતાને સક્રિય કરવી ....વગેરે.

પ્રસ્તુત પદાર્થોની વિસ્તૃત યાદી તો પ્રસ્તુત પ્રકાશનના બન્ને ભાગની 'વિષયમાર્ગદર્શિકા'માં દર્શાવેલ છે. આ પદાર્થોના નિત્ય પારાયણથી મુમુક્ષુ-મુનિવર્ગને મુક્તિમહેલમાં ક્રમશઃ ઉપર-ઉપરની આધ્યાત્મિક ભૂમિકાઓનું ચઢાણ સરળ બનશે.

સૂર્યની તેજસ્વિતા, ચંદ્રની ચાંદની, સાગરની ગહેરાઈ, મેરુ પર્વતની ઉન્નતતા, નંદનવનની રમણીયતા, આકાશની વ્યાપકતા, ગંગાની પવિત્રતા, વજ્રની નક્કરતા વગેરેને પોતાનામાં સમાવનાર એવા દ્રવ્ય-ગુણ-પર્યાય રાસ તથા તેના ટબાના સંશોધનમાં જે જે હસ્તપ્રતોનો અને મુદ્રિત પુસ્તકોનો ઉપયોગ કરેલ છે તથા રાસસંબંધી જે પૂર્વકાલીન અન્ય પ્રકાશનો છે, તેના સંકેત વગેરેની નોંધ નીચે મુજબ છે.

## ❉ રાસની હસ્તપ્રતોનો પરિચય ❉

| ક્રમાંક | સંકેત | માહિતી | વિગત | કુલ પૃષ્ઠ | હસ્તપ્રતોના લેખનનો સમય | લેખન સ્થળ |
|---|---|---|---|---|---|---|
| ૧. | કો.(૧) | ફક્ત મૂળ ગાથા (સંપૂર્ણ-૨૮૫ ગાથા) | કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા, ક્રમાંક-૧૭૮૪૦ | ૧૮ | વિ.સં. ૧૮૧૮, ચૈત્ર સુદ-૩, રવિવાર | - |
| ૨. | કો.(૨) | ફક્ત મૂળ ગાથા (સંપૂર્ણ-૨૮૫ ગાથા) | કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા, ક્રમાંક-૧૧૨૩૯ | ૧૪ | - | સ્તંભન તીર્થ |
| ૩. | કો.(૩) | મૂળ ગાથા (સંપૂર્ણ) + ટબો (૨૭૦ ગાથા સુધી) | કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા, ક્રમાંક-૫૪૧૩૮ | ૪૧ | - | - |
| ૪. | કો.(૪)/ આ.(૧) | મૂળ ગાથા (સંપૂર્ણ) + ટબો (૨૭૦ ગાથા સુધી) | કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા, ક્રમાંક-૧૩૭૯૭ | ૨૭ | વિ.સં. ૧૮૬૨, કારતક વદ-૫, સોમવાર | ધ્રાંગધ્રા (આગ્રા જ્ઞાનમંદિર સંબંધી) |
| ૫. | કો.(૫) | ગાથા (સંપૂર્ણ) + ટબો (૨૫૧ ગાથા સુધી) | કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા, ક્રમાંક-૧૦૬૨૭ | ૭૫ | વિ.સં.૧૭૯૦, મહા સુદ-૮, ગુરુવાર | સુરત બંદર |
| ૬. | કો.(૬) | ગાથા + ટબો (૧૫ મી ઢાળથી અપૂર્ણ) | કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા, ક્રમાંક-૧૫૭૦૫ | ૩૩ | - | - |
| ૭. | કો. (૭) | ગાથા + ટબો (૧૫ મી ઢાળ પછી અપૂર્ણ) | કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા, ક્રમાંક-૧૦૮૦૭ | ૮૧ | વિ.સં. ૧૮૪૧ મા.સુ. ૧૪, ગુરુવાર | - |
| ૮. | કો. (૮) | ગાથા + ટબો (૧૫ મી ઢાળ પછી અપૂર્ણ) | કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા, ક્રમાંક-૭૧૮૯ | ૭૩ | - | - |
| ૯. | કો. (૯) | ફક્ત મૂળ ગાથા (સંપૂર્ણ) | કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા, ક્રમાંક-૨૦૦૭૮ | ૧૮ | શાક સં. ૧૮૩૮ | નવલખા પાર્શ્વનાથ નિશ્રા |
| ૧૦. | કો. (૧૦) | ગાથા (સંપૂર્ણ) + ટબો (૨૭૨ ગાથા સુધી) | કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા, ક્રમાંક-૪૪૨૭ | ૭૩ | વિ.સં. ૧૮૪૧, શાક સં.૧૭૦૭, ફાગણ સુદ-૧, બુધવાર | ઝાલાવાડ દેશ, લીમડી નગર |

## ❋ રાસની હસ્તપ્રતોનો પરિચય ❋

| ક્રમાંક | સંકેત | માહિતી | વિગત | કુલ પૃષ્ઠ | હસ્તપ્રતોના લેખનનો સમય | લેખન સ્થળ |
|---|---|---|---|---|---|---|
| ૧૧. | કો. (૧૧) | ગાથા (સંપૂર્ણ) + ટબો (૨૫૧ ગાથા સુધી) | કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા, ક્રમાંક-૨૨૭ | ૪૩ | વિ.સં. ૧૮૧૫, શ્રાવણ સુદ-૩, શુક્રવાર | - |
| ૧૨. | કો.(૧૨) | ગાથા (સંપૂર્ણ) + ટબો સંપૂર્ણ | કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા, ક્રમાંક-૯૮૨૪ | ૭૧ | વિ.સં. ૧૮૦૯, ચૈત્ર વદ-૧૧, રવિવાર | - |
| ૧૩. | કો.(૧૩)/ આ.(૨) | ગાથા (સંપૂર્ણ) + ટબો (૨૩૦ ગાથા સુધી) | કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા, ક્રમાંક-૧૩૮૯૫ | ૩૧ | વિ.સં. ૧૮૦૬, આસો સુદ-૭, રવિવાર | વિજયધર્મલક્ષ્મી જ્ઞાન-મંદિર આગ્રા સંબંધી |
| ૧૪. | કો. (૧૪)/ લા.(૨) | ગાથા (સંપૂર્ણ) + ટબો (૨૫૦ ગાથા પછી ત્રુટક-ત્રુટક) | એલ.ડી.ઈન્સ્ટીટ્યુટ, ક્રમાંક-૫૦૫૪ | ૭૧ | વિ.સં. ૧૭૫૩, ફાગણ સુદ-૧૩, મંગળવાર, | રાધનપુર |
| ૧૫. | કો.(૧૫)+ (સિ.) | ગાથા (સંપૂર્ણ) + (૨૫૧ ગાથા પછી ત્રુટક-ત્રુટક) | સિદ્ધિ-ભુવન-જંબૂવિજયજી જ્ઞાનભંડાર, માંડલ, ક.૮૩૬ | ૨૧ | - | - |
| ૧૬. | કો.(૧૬)/ લા.(૧) | ફક્ત મૂળ ગાથા (સંપૂર્ણ) | એલ.ડી.ઈન્સ્ટીટ્યુટ, ક્રમાંક-૬૧૧૪ | ૨૩ | વિ.સં. ૧૭૨૪, પોષ સુદ-૧૩, બુધવાર | - |
| ૧૭. | કો. (૧૭) | ફક્ત મૂળ ગાથા (સંપૂર્ણ) | કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા, ક્રમાંક-૧૮૩૨૩ | ૧૬ | - | ગુજરાતી કટલા, પાલી (રાજ.) ભંડાર સંબંધી |
| ૧૮. | કો. (૧૮) | ફક્ત મૂળ ગાથા (૧૦૭ ગાથા સુધી) ક્વચિત્ ટિપ્પણી છે. | કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા, ક્રમાંક-૨૪૯૦૧ | ૯ | - | - |
| ૧૯. | કો.(૧૯)/ આ.(૩) | ફક્ત મૂળ ગાથા (સંપૂર્ણ) | કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા, ક્રમાંક-૧૩૭૯૬ | ૨૫ | - | વિજયધર્મલક્ષ્મી જ્ઞાન-મંદિર આગ્રા સંબંધી |
| ૨૦. | કો.(૨૦) | ફક્ત મૂળ ગાથા (૨૫૬ ગાથા સુધી) | કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા, ક્રમાંક-૫૬૨૩૭ | ૧૬ | - | - |

## ❋ રાસની હસ્તપ્રતોનો પરિચય ❋

| ક્રમાંક | સંકેત | માહિતી | વિગત | કુલ પૃષ્ઠ | હસ્તપ્રતોના લેખનનો સમય | લેખન સ્થળ |
|---|---|---|---|---|---|---|
| ૨૧. | કો. (૨૧) | મૂળ ગાથા (સંપૂર્ણ) + ટબો (૨૫૧ ગાથા પછી ત્રુટક) | કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર, કોબા, ક્રમાંક-૧૯૪૫૧ | ૯૧ | વિ.સં. ૧૭૮૯, જેઠ સુદ-૯, શુક્રવાર | સુરત |
| ૨૨. | પા. / ભા. | ગાથા (સંપૂર્ણ) + ટબો (૨૫૦ ગાથા પછી ટબામાં ત્રુટક-ત્રુટક) | ભાભાના પાડાનો જ્ઞાનભંડાર, પાટણ દાબડા-૪૧, ક્ર.૧૫૭૭ | ૮૨ | વિ.સં. ૧૭૩૬ | રાજનગર (અમદાવાદ) |
| ૨૩. | સં.(૧)/ P (૧) | ફક્ત મૂળ ગાથા (સંપૂર્ણ) | સંવેગી ઉપાશ્રય, હાજા પટેલની પોળ, અમદાવાદ, ક્ર.૪૩૦ (૧૬૬૬) | ૨૧ | વિ.સં. ૧૯૧૩, આસો સુદ-૩ | રાજનગર, અમદાવાદ |
| ૨૪. | સં.(૨)/ P (૨) | મૂળ ગાથા (સંપૂર્ણ) + ટબો (૨૫૧ ગાથા પછી ત્રુટક-ત્રુટક) | સંવેગી ઉપાશ્રય, હાજા પટેલની પોળ, અમદાવાદ, ક્ર.૫૧૪૩ | ૫૯ | - | - |
| ૨૫. | સં.(૩)/ P (૩) | મૂળ ગાથા (સંપૂર્ણ) + ટબો (૨૫૦ ગાથા પછી ત્રુટક-ત્રુટક) | સંવેગી ઉપાશ્રય, હાજા પટેલની પોળ, અમદાવાદ, ક્ર.૧૬૬૭ | ૬૯ | વિ.સં.૧૭૮૬, શાક સં.૧૬૫૧ કારતક વદ-૮ | સુરતપુર |
| ૨૬. | સં.(૪)/ P (૪) | મૂળ ગાથા (સંપૂર્ણ) + ટબો (૨૫૧ ગાથા પછી ત્રુટક-ત્રુટક) | સંવેગી ઉપાશ્રય, હાજા પટેલની પોળ, અમદાવાદ, ક્ર.૧૬૬૪ | ૮૩ | - | - |
| ૨૭. | લી.(૧) | મૂળ ગાથા (સંપૂર્ણ) + ટબો (૨૭૦ ગાથા સુધી) | શેઠ આણંદજી કલ્યાણજી જૈન પુસ્તક ભંડાર, લીંબડી, ક્ર.૧૮૬૫ | ૫૮ | વિ.સં.૧૮૧૧, કારતક વદ-૫, સોમવાર | - |
| ૨૮. | લી.(૨) | મૂળ ગાથા (સંપૂર્ણ) + ટબો (૨૫૧ ગાથા પછી ત્રુટક-ત્રુટક) | શેઠ આણંદજી કલ્યાણજી જૈન પુસ્તક ભંડાર, લીંબડી, ક્ર.૨૪૬૫ | ૫૦ | વિ.સં. ૧૭૬૭, શાક સં.૧૬૩૩, માગસર વદ-૧૪, શુક્રવાર | - |
| ૨૯. | લી.(૩) | મૂળ ગાથા (સંપૂર્ણ) + ટબો (૨૫૧ ગાથા પછી ત્રુટક-ત્રુટક) | શેઠ આણંદજી કલ્યાણજી જૈન પુસ્તક ભંડાર, લીંબડી, ક્ર.૨૬૭૩ | ૫૬ | - | - |
| ૩૦. | લી. (૪) | મૂળ ગાથા (સંપૂર્ણ) + ટબો (૨૭૦ ગાથા સુધી) | શેઠ આણંદજી કલ્યાણજી જૈન પુસ્તક ભંડાર, લીંબડી, ક્ર.૨૫૯૬ | ૩૭ | - | - |

## ❋ રાસની હસ્તપ્રતોનો પરિચય ❋

| ક્રમાંક | સંકેત | માહિતી | વિગત | કુલ પૃષ્ઠ | હસ્તપ્રતોના લેખનનો સમય | લેખન સ્થળ |
|---|---|---|---|---|---|---|
| ૩૧. | B (૧) | મૂળ ગાથા (સંપૂર્ણ) + ટબો (સંપૂર્ણ) | મુંબઈ જ્ઞાનભંડાર, ક્ર.૩૬૬ | ૮૨ | વિ.સં. ૧૭૮૮, ભાદરવા વદ-૬, શુક્રવાર | ઔરંગાબાદ |
| ૩૨. | B (૨) | ફક્ત મૂળ ગાથા (સંપૂર્ણ) + ક્યાંક ટિપ્પણ છે. | મુંબઈ જ્ઞાનભંડાર, ક્ર. ૨૫૨ | ૧૯ | વિ.સં. ૧૭૨૮, પોષ વદ-૨, શુક્રવાર, | રાજનગર |
| ૩૩. | મ./M (A) | ફક્ત મૂળ ગાથા (સંપૂર્ણ) | મહેસાણા જ્ઞાનભંડાર | ૧૯ | વિ.સં. ૧૯૩૦, જેઠ સુદ-૯, બુધવાર | - |
| ૩૪. | મો.(૧) | મૂળ ગાથા (૧૨૫ ગાથા સુધી) + ટબો (૧૦૧ ગાથા પછી ત્રુટક-ત્રુટક) | અમૃતવિજયજી જૈન લાયબ્રેરી, મોરબી (ગુજરાત), ક્ર.૩૮૯ | ૩૦ | - | - |
| ૩૫. | મો.(૨) | મૂળ ગાથા (સંપૂર્ણ) + ટબો (૨૫૧ ગાથા સુધી) | અમૃતવિજયજી જૈન લાયબ્રેરી, મોરબી (ગુજરાત), ક્ર.૩૩૦ | ૪૨ | - | - |
| ૩૬. | પાલ. | ફક્ત મૂળ ગાથા (સંપૂર્ણ) | પાલનપુર જ્ઞાન ભંડાર, **પં.શ્રીનયવિજયજી મહારાજે** તૈયાર કરેલ પ્રથમાદર્શ | ૧૦ | વિ.સં. ૧૭૧૧, રાસરચનાકાળ ઉલ્લેખ | સિદ્ધપુરનગર |
| ૩૭. | પા.(૧)/ પાલિ. | મૂળ ગાથા + ટબો (૨૫૦ ગાથા સુધી) | મહેસાણાના મુદ્રિત પુસ્તકમાં આધારભૂત પાલિતાણાની હસ્તપ્રત | ૬૯ | વિ.સં. ૧૮૦૯, ચૈત્ર વદ-૩, ગુરુવાર | ઔરંગાબાદ |

નોંધ :- (૧) કો.(૫-૬-૭-૮) આ ચારેય હસ્તપ્રતો એક જ કુલની હોય તેમ જણાય છે. તેમાં ૨૮૫ના બદલે ફક્ત ૨૫૨ ગાથા ઉપર જ ટબો છે.

(૨) શ્રી જૈન શ્રેયસ્કરમંડળ મહેસાણાથી પ્રકાશિત પુસ્તકાકાર રાસની પ્રેસકોપી જે હસ્તપ્રતના આધારે બની તેમાં પણ ૧૫મી ઢાળથી (૨૫૨ ગાથા પછી) ટબો ન હતો - આવો ઉલ્લેખ તેમાં (=મ.માં) છે.

(૩) ૧૮ જેટલી હસ્તપ્રતોમાં ૧૫-૧૬-૧૭ મી ઢાળનો ટબો નથી અથવા અતિ ત્રુટક છે.

## ❊ રાસના ૯ મુદ્રિત પુસ્તકોનો પરિચય ❊

| ક્રમાંક | સંકેત | માહિતી | વિગત | કુલ પૃષ્ઠ | પુસ્તકના પ્રકાશનનો સમય | પ્રકાશક |
|---|---|---|---|---|---|---|
| ૧. | મ. | ટબા સહિત સંપૂર્ણ | પુસ્તકાકાર | ૨૭૬ | ઈ.સ. ૧૯૩૮ | શ્રી શ્રેયસ્કર મંડળ, મહેસાણા |
| ૨. | ધ. | સ્વોપજ્ઞ ટબા રહિત | શ્રીધુરંધર વિ.ગણિ સંપાદિત ગુજરાતી વિવેચન યુક્ત (પુસ્તકાકાર) | ૨૨૮ | સં.૨૦૨૦, વિજ્યાદશમી | શ્રી જૈન સાહિત્યવર્ધક સભા, અમદાવાદ |
| ૩. | શાં. | સ્વોપજ્ઞ ટબા સહિત | પં.શાંતિલાલ કેશવલાલ સંપાદિત ગુજરાતી વિવેચન યુક્ત (પુસ્તકાકાર) | ૨૫૦ | (૧૦-૫-૧૯૮૯) વિ.સં.૨૦૪૫, વી.સં.૨૫૧૫ | દિવ્યશાંતિ ફ્લેટ,ડી-૧, વાસણા, અમદાવાદ |
| ૪. | - | સ્વોપજ્ઞ ટબા રહિત (૨૫૩ ગાથા) | મોહનલાલ વિ. અમરશી શેઠ કૃત ગુજરાતી વિવેચનયુક્ત (પુસ્તકાકાર) | ૩૨૪ | વિ.સં. ૧૯૬૪ | શ્રી જૈન વિજય પ્રેસ |
| ૫. | - | ઢાળ ૧ થી ૮ (સ્વોપજ્ઞ ટબા સહિત) | પૂ.આ. શ્રીઅભયશેખરસૂરિ મ. કૃત ગુજરાતી વિવેચન યુક્ત (પુસ્તકાકાર) | ૩૦૦ | વિ.સં.૨૦૬૧ | દિવ્યદર્શન ટ્રસ્ટ, ધોળકા |
| ૬. | - | ટબા સહિત સંપૂર્ણ ભાગ - ૧ + ૨ | પં. ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા કૃત ગુજરાતી વિવેચન યુક્ત (પુસ્તકાકાર) | ૭૫૭ | વિ.સં. ૨૦૬૧ | શ્રી જૈનધર્મ પ્રસારણ ટ્રસ્ટ, સુરત |
| ૭. | - | રાસ + ટબો | 'પ્રકરણ રત્નાકર (ભાગ-૧)' નામના પુસ્તક અંતર્ગત | - | ઈ.સ.૧૮૭૬ | ભીમસિંહ માણેક, મુંબઈ |
| ૮. | - | મૂળ ગાથા | 'પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ' નામના પુસ્તક અંતર્ગત | - | ઈ.સ.૧૯૯૬ | જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ |
| ૯. | - | ફક્ત પ્રથમ ઢાળ સ્વોપજ્ઞ ટબા સહિત | કીર્તિભાઈ માણેકલાલ શાહ કૃત ગુજરાતી વિવેચન યુક્ત (પુસ્તકાકાર) | ૬૩ | વિ.સં. ૨૦૫૩ | શ્રીપદ્મવિજયજી ગણિવર જૈન ગ્રંથ-માળા ટ્રસ્ટ |

## • ચિરસ્મરણીય ઉપકારશૃંખલા •

- પરમ પૂજ્ય સિદ્ધાંતમહોદધિ શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજા, પરમારાધ્યપાદ વર્ધમાન-તપોનિધિ દાદાગુરુદેવ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા, પૂજ્યપાદ સુવિશાલગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજા, પરમ પૂજનીય દીક્ષાગુરુદેવ શ્રીમદ્ વિજય **હેમચંદ્રસૂરીશ્વરજી** મ.સા., પરમ વંદનીય વિદ્યાગુરુદેવ શ્રીમદ્ વિજય **જયસુંદરસૂરીશ્વરજી** મ.સા., પરમોપકારી ભવોદધિતારક ગુરુદેવ પંન્યાસપ્રવર શ્રી**વિશ્વકલ્યાણવિજયજી** મ.સા. વગેરે અનેક ગુરુવર્યોના મંગલ આશિષ અને પ્રેરક પીઠબળથી જ પ્રસ્તુત '**દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ**' તથા '**અધ્યાત્મ અનુયોગ**' સંબંધી સંશોધન-લેખન-સંપાદન-પ્રકાશનાદિ કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થયેલ છે.
- પ્રસ્તુત ગ્રંથના સંશોધન માટે વિવિધ જ્ઞાનભંડારોમાંથી કુલ **૩૬** હસ્તપ્રતોની પ્રતિનકલ મને આપવાની ઉદારતા કરનારા નિમ્નલિખિત મહાત્માઓની તથા સુશ્રાવકોની સહાય શેં ભૂલાય ?

| | |
|---|---|
| (૧) શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનભંડાર-કોબા | પૂજ્ય આચાર્યદેવ શ્રી**પદ્મસાગરસૂરીશ્વરજી** મ.સા.<br>પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી**અજયસાગરજી** મ.સા. |
| (૨) સિદ્ધિ-ભુવન-જંબૂવિજયજી જ્ઞાનભંડાર-માંડલ | પૂજ્ય મુનિરાજ શ્રી**જંબૂવિજયજી** મ.સા. |
| (૩) ભાભાનો ભંડાર - પાટણ | પૂજ્ય આચાર્યદેવ શ્રી**પ્રદ્યુમ્નસૂરીશ્વરજી** મ.સા. |
| (૪) પૂજ્ય નયવિજયજી મ.સા. કૃત પ્રથમાદર્શ | પૂજ્ય મુનિરાજ શ્રી**ધુરંધરવિજયજી** મ.સા. |
| (૫) એલ.ડી. ઈન્સ્ટીટ્યુટ | પંડિતવર્ય શ્રી**જિતેન્દ્રભાઈ શાહ** |
| (૬) સંવેગી ઉપાશ્રય - જ્ઞાનભંડાર (અમદાવાદ) | **ટ્રસ્ટીગણ** |
| (૭) લીંબડી જ્ઞાનભંડાર | **ટ્રસ્ટીગણ** |
| (૮) મોરબી જ્ઞાનભંડાર | **છબીલભાઈ આદિ ટ્રસ્ટીગણ** |
| (૯) મુંબઈ જ્ઞાનભંડાર | **શિરીષભાઈ સંઘવી** |

- પરમ પૂજ્ય તર્કનિપુણમતિ શ્રીમદ્ વિજય **પુણ્યરત્નસૂરીશ્વરજી** મ.સા. વગેરે અનેક વિદ્વાન સંયમીઓએ પોતાનો અમૂલ્ય સમય ફાળવી સંશોધન-પ્રુફરીડિંગાદિ કરવા દ્વારા પ્રસ્તુત પ્રકાશનની ઉપાદેયતામાં જબ્બર વધારો કર્યો છે.
- કુલ ૩૬ હસ્તપ્રતોના આધારે દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ + ટબાના પાઠાંતરોની નોંધનું જહેમતપૂર્ણ કાર્ય મારા વિનીત શિષ્ય મુનિ **શ્રીનિર્મલયશવિજયજી** મ.સા. તથા સુશ્રાવિકા **ઉષાબહેન અજીતભાઈ શાહ** (અમદાવાદ) દ્વારા થયેલ છે. તેમની આવી હાર્દિક શ્રુતસેવા બદલ અનુમોદના.
- પ્રસ્તુત પ્રકાશનનું કમ્પોઝીંગ-સેટીંગ કરનારા **શ્રીપાર્શ્વ કોમ્પ્યુટર્સ**વાળા **અજયભાઈ શાહ** તથા **વિમલભાઈ પટેલ**, ટાઈટલ પેજ તૈયાર કરનાર **મલ્ટી ગ્રાફિક્સ**ના **મુકેશભાઈ જૈન** તેમજ પ્રિન્ટીંગ -બાઈન્ડીંગ કરનારા **ભાવિનભાઈ (શિવકૃપા ઓફસેટ**વાળા) પણ અવશ્ય પ્રશંસાપાત્ર છે.
- પ્રસ્તુત પ્રકાશનનો સંપૂર્ણ આર્થિક લાભ લેનાર **શ્રેયસ્કર શ્રીઅંધેરી ગુંજરાતી જૈન સંઘ - ઈર્લા**ની ઉત્કૃષ્ટ શ્રુતભક્તિની અંતરથી અનુમોદના.

વાસ્તવમાં તો પ્રસ્તુત પ્રથમ ભાગ તથા દ્વિતીય ભાગ એ સંસ્કૃત + ગુર્જર વ્યાખ્યા સહિત સાત ભાગમાં પ્રકાશિત **'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ'**ના અવતરણસ્વરૂપ જ છે. આથી આ અવસરે તે સાતેય ભાગમાં પ્રત્યક્ષ કે પરોક્ષ (direct-indirect) સ્વરૂપે સહાય આપનારા તમામ સંયમીઓનો, શ્રાવકોનો ફરીથી ઉપકાર માનતા હૈયું પરમ પ્રમોદભાવે આનંદથી પુલકિત થાય છે. હું સર્વદા તેઓનો ઋણી રહીશ. આ અંગે વિસ્તારથી નામોલ્લેખ સાત ભાગ અંતર્ગત પ્રથમ ભાગની પ્રસ્તાવનામાં મેં કરેલ છે.

કોહીનૂર હીરાને પણ ટક્કર મારે એવો **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજા સ્વરૂપ ચૈતન્યહીરો આજે આપણી વચ્ચે ભલે નથી. પરંતુ એ હીરાનો ઝગમગાટ 'દ્રવ્ય-ગુણ-પર્યાયરાસ + ટબા'ના માધ્યમે આજે પણ આપણી પાસે સલામત છે. શુદ્ધ ચૈતન્યભાવનો રણકાર કરતી એ પુરુષસિંહની જ્ઞાનગર્જના આજે પણ અંતરંગ આધ્યાત્મિક પુરુષાર્થધારાને પ્રગટાવે છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસનું સર્જન કરીને, ખરેખર, તેઓશ્રીએ આ યુગને, આ યુગના લોકોને બહુમૂલ્ય ભેટ આપી છે, અણમોલ અદ્વિતીય ઉપહાર જિનશાસનને અર્પેલ છે. ભરતક્ષેત્રના ભવ્ય લોકો મહોપાધ્યાયજી મહારાજની ગમે તેટલી યશોગાથા ગાય તો પણ તે કદાપિ પૂર્ણ નહિ થાય. પરંતુ આપણે એ મહાપુરુષના માત્ર ગુણગાન ગાવાના નથી પરંતુ તેઓશ્રીએ સૂચિત કરેલ અધ્યાત્મમાર્ગે આગેકૂચ કરવાની છે. તેથી જ કહેવાનું મન થાય છે કે તેઓશ્રીના જ અનન્ય અનુગ્રહથી રચાયેલ પ્રસ્તુત વિરાટ આધ્યાત્મિકપ્રબંધ માત્ર કંઠસ્થ કે ગ્રંથસ્થ ન રહેતાં હૃદયસ્થ-આત્મસ્થ બને તો જ પ્રસ્તુત પ્રકાશનનું પ્રયોજન સાર્થક થાય. પળે-પળે ક્ષણે-ક્ષણે જીવનની દરેક ઘટમાળમાં આ આધ્યાત્મિક ઉપનયોની હારમાળા આત્મઉદ્યાનમાં સદૈવ નવપલ્લવિત રહે. આ ગહન આધ્યાત્મિક સંવેદનના સતત-સખત-સરસ પરિશીલનથી ચિત્તને પ્લાવિત-ભાવિત કરી અંતરનું અનાદિકાલીન ઘોર અંધારું ઉલેચી અતીન્દ્રિય અખંડ અનંત કેવલજ્ઞાનનો પવિત્ર પ્રકાશ પ્રજ્જવલિત કરવા દ્વારા શાશ્વતધામના પથિક એવા સહુ આત્માર્થીઓની વાટ વિરામ પામો એ જ અદમ્ય ઝંખના...

પ્રસ્તુત પરમ પાવન શ્રુતગંગામાં ડૂબકી લગાવવાથી જે આત્માનંદનું અધ્યાત્મઅમૃત સાંપડ્યુ તેનું વર્ણન કરી શકાય તેમ નથી. આ અદ્ભુત આત્માનંદની અલૌકિક સફરમાં અનન્ય સહાય કરનાર પ્રસ્તુત પવિત્ર ગ્રંથરાજને અંતરની અટારીએથી અનંતશઃ વંદનાવલિ...

અંતે, પ્રસ્તુત પ્રકાશનમાં જાણતાં-અજાણતાં જિનાજ્ઞાવિરુદ્ધ કંઈ પણ લખાયું હોય કે છપાયું હોય તો ત્રિવિધ-ત્રિવિધ મિચ્છા મિ દુક્કડમ્.

પોષ વદ - ૫, વિ.સં.૨૦૬૯,
ગણીપદના નવમા વર્ષમાં મંગલપ્રવેશ દિન.
શ્રી પાર્શ્વ વલ્લભ ઈન્દ્રધામ તીર્થ, કચ્છ.

આચાર્યદેવ **શ્રીભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન
પંન્યાસપ્રવર શ્રી**વિશ્વકલ્યાણવિજયજી** મહારાજનો
શિષ્યાણુ પંન્યાસ યશોવિજય.

**।। त्वामेकमर्हन् ! शरणं प्रपद्ये ।।** **।। जिनशासन ! शरणं मम ।।**

**।। श्रीगुरुतत्त्वं शरणं मम ।।** **।। परमगुरुः शरणं मम ।।**

**।। जिनदशा शरणं मम ।।**

[redacted]


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| [redacted] | |
| ટૂંકસાર (શાખા-૧) | ૨ |
| 'આત્માર્થી' પદનો રહસ્યાર્થ | ૪ |
| ગ્રંથઅધિકારી અંગે વિચારણા | ૫ |
| અધ્યાત્મ અનુયોગ : સાર્થક નામ | ૫ |
| દ્રવ્યાનુયોગ વિના ચારિત્ર અસાર | ૬ |
| જૈનદર્શનની તાત્ત્વિક ઓળખ માટે સર્વદર્શન અભ્યાસ જરૂરી | ૬ |
| નૈશ્ચયિક ચારિત્રને પ્રગટાવીએ | ૬ |
| ક્રિયા કરતાં જ્ઞાનમાં વિશેષ ઉદ્યમ આવશ્યક | ૭ |
| સર્વ અનુયોગોમાં દ્રવ્યાનુયોગ ઉત્તમ | ૯ |
| સાધુના અશુદ્ધ અનુષ્ઠાનની ઓળખાણ | ૯ |
| શ્રાવકના અશુદ્ધ અનુષ્ઠાનની નિશાની | ૯ |
| સાચો સાધુ નિંદા ન કરે | ૧૦ |
| વિવેકદષ્ટિને અપનાવીએ | ૧૦ |
| ક્રિયાશુદ્ધિ કરતાં ભાવશુદ્ધિ બળવાન | ૧૨ |
| અવસરે ડાયવર્ઝન પણ આવકાર્ય | ૧૨ |
| ધન્યવાદપાત્ર કતવ્ય બજાવીએ | ૧૩ |
| દ્રવ્યાનુયોગની ઉપેક્ષા એ મૂર્ખામી | ૧૩ |
| ક્રિયા બહિરંગ, દ્રવ્યાનુયોગ અંતરંગ | ૧૪ |
| આત્મદશા ઊંચી લાવો | ૧૫ |
| 'જ્ઞાન'પદાર્થનું સ્પષ્ટીકરણ | ૧૫ |
| શાસ્ત્રના પરમાર્થને મેળવીએ | ૧૫ |
| દ્રવ્યાનુયોગી : શુક્લધ્યાનપારગામી | ૧૬ |
| ધ્યાન, ધ્યાનધારા, ધ્યાનાન્તરિકાને ઓળખીએ | ૧૭ |
| ધ્યાનસંસ્કારનો પ્રભાવ | ૧૭ |
| સાધુના બે પ્રકાર : સંમતિતર્કવૃત્તિ | ૧૯ |
| દ્રવ્યાનુયોગરહસ્યની જાણકારી જરૂરી | ૧૯ |
| ઈચ્છાયોગ અમારું આલંબન | ૨૦ |
| વર્તમાનકાળમાં રાખવા યોગ્ય સાવધાની | ૨૦ |
| શ્રીસંઘનું વાતાવરણ તંદુરસ્ત બનાવીએ | ૨૧ |
| સદ્‌ગુરુ પાસેથી પરમાર્થ પામીએ | ૨૩ |
| આત્મદશા ઉન્નત બનાવવા તત્પર બનીએ | ૨૩ |
| શાસ્ત્રીય ગૂઢાર્થને ઉઘાડવાની ચાવી | ૨૩ |
| [redacted] | |
| ટૂંકસાર (શાખા-૨) | ૨૬ |
| દ્રવ્યલક્ષણ વિચારણા | ૨૮ |
| મલિન પરિણમનને અટકાવો | ૨૮ |
| પુણ્યોદયમાં આસક્ત ન બનો | ૨૮ |
| પાપોદયમાં ત્રસ્ત ન બનો | ૨૯ |
| ગુણ અને પર્યાયના લક્ષણની વિચારણા | ૩૦ |
| જાતને ખોલવાની સાધના કરીએ | ૩૧ |
| મોક્ષની ઓળખાણ | ૩૧ |
| દ્રવ્ય-ગુણ-પર્યાય વચ્ચે ભેદની સિદ્ધિ | ૩૨ |
| સામાન્ય-વિશેષ ઉપયોગનું પ્રયોજન | ૩૨ |
| ગુણદષ્ટિનો આશ્રય સપ્રયોજન | ૩૩ |
| ઊર્ધ્વતાસામાન્યનો વિચાર | ૩૫ |
| ઊર્ધ્વતાસામાન્યનો ઉપયોગ | ૩૫ |
| તિર્યક્ સામાન્યનો વિચાર | ૩૭ |
| ભેદભાવ નિવારીએ | ૩૭ |
| તિર્યક્સામાન્યનો આધ્યાત્મિક ઉપયોગ | ૩૭ |
| ઓઘશક્તિ અને સમુચિતશક્તિ | ૩૮ |
| તાત્ત્વિક સાધનામાર્ગની સમજણ | ૩૮ |
| ઓઘશક્તિના અને સમુચિતશક્તિના ઉદાહરણ | ૩૯ |
| મોક્ષની સમુચિતશક્તિને પ્રગટાવવી | ૪૦ |
| સમુચિતશક્તિના આવિર્ભાવનો ઉપાય | ૪૦ |
| ધર્મની ઓઘશક્તિ અને સમુચિતશક્તિ | ૪૧ |
| કાળનો મહિમા પરખીએ | ૪૨ |
| કહેવતોનું શાણપણ સમજીએ | ૪૨ |
| કાર્યભેદ શક્તિભેદસાધક : વ્યવહારનય | ૪૩ |
| વ્યવહાર-નિશ્ચયનું પારમાર્થિક પ્રયોજન | ૪૩ |
| શુદ્ધ નિશ્ચયનયનું તાત્પર્ય સમજીએ | ૪૪ |
| ગુણ-પર્યાય વ્યક્તિસ્વરૂપ : શ્વેતાંબર | ૪૬ |
| નિરુપાધિક સ્વભાવાનુસાર પરિણમન હિતકારી | ૪૬ |
| પર્યાયભિન્ન ગુણ અવિદ્યમાન | ૪૮ |
| ત્રણ પ્રકારની સાધના | ૪૮ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ગુણાર્થિક નયની આપત્તિ | ૫૧ |
| રાગાદિ વિલય : વિવિધનયપ્રયોજન | ૫૧ |
| પર્યાયકારણ ગુણ નથી : શ્વેતાંબર | ૫૪ |
| અધઃપતનમાં જવાબદારી આપણી | ૫૪ |
| નિરાશાવાદમાંથી બહાર નીકળીએ | ૫૪ |
| દ્રવ્યથી ગુણ-પર્યાયમાં ભેદની વિચારણા | ૫૫ |
| નિર્મળ ગુણ-પર્યાય પ્રયત્નસાધ્ય | ૫૫ |
| દ્રવ્ય-ગુણાદિગ્રાહક ઈન્દ્રિયમાં ભેદ | ૫૭ |
| ચિત્તવૃત્તિને આત્માભિમુખ કરીએ | ૫૭ |
| દ્રવ્ય-ગુણાદિમાં સંજ્ઞા, સંખ્યાદિથી ભેદસિદ્ધિ | ૫૮ |
| ટૂંકસાર (શાખા-૩) | ૬૦ |
| દ્રવ્ય-ગુણાદિનો એકાંતે ભેદ અમાન્ય | ૬૨ |
| આત્મહત્યા નિવારો | ૬૨ |
| દ્રવ્યાદિના ભેદપક્ષમાં અનવસ્થા | ૬૪ |
| અભેદસંબંધમાં વિલંબનો અભાવ | ૬૪ |
| લોકવ્યવહારથી દ્રવ્ય-ગુણાદિનો અભેદ | ૬૫ |
| અભેદનયનું ઉચિત આલંબન | ૬૬ |
| બમણા ભારની નૈયાયિકને સમસ્યા | ૬૮ |
| અભેદનય સંયમસાધક | ૬૮ |
| અનેકદ્રવ્યનિષ્પન્ન એક પર્યાયનો વિચાર | ૬૯ |
| નિશ્ચય-વ્યવહારનું યથોચિત જોડાણ | ૬૯ |
| અભેદપક્ષમાં નિયત દ્રવ્યવ્યવહાર સંભવ | ૭૧ |
| અખંડ સ્વરૂપરમણતા મેળવીએ | ૭૨ |
| સાધકની અંગત જવાબદારી | ૭૨ |
| અસત્ કાર્યની ઉત્પત્તિ અસંભવ | ૭૩ |
| સત્કાર્યવાદનું આધ્યાત્મિક પ્રયોજન | ૭૪ |
| તિરોભાવ શક્તિના લીધે કાર્યનું અદર્શન | ૭૫ |
| તિરોહિત પરમાત્માનો આવિર્ભાવ = સાધના | ૭૫ |
| સર્વ જીવોમાં પરમાત્મસ્વરૂપદર્શન દ્વારા દ્વેષવિલય | ૭૬ |
| અસત્‌ની જ્ઞપ્તિ - ઉત્પત્તિનો સંભવ : નૈયાયિક | ૭૮ |
| દ્વિવિધ અસદ્વાદનું આધ્યાત્મિક મૂલ્યાંકન | ૭૮ |
| અતીત આદિ વિષય પર્યાયાર્થથી અસત્ | ૭૯ |
| ઉચિત વ્યવહાર અને દુર્ભાવત્યાગ : નયદ્વયપ્રયોજન | ૭૯ |
| નૈયાયિક દ્વારા યોગાચાર અજેય : જૈન | ૮૧ |
| યોગાચાર મતનું આધ્યાત્મિક મૂલ્યાંકન | ૮૨ |
| અતીત પદાર્થ પણ વર્તમાન પર્યાયથી સત્ | ૮૩ |
| પરનિંદા - સ્વપ્રશંસા ટાળીએ : નૈગમનય | ૮૪ |
| અસત્‌નું ભાન માનવામાં આપત્તિ | ૮૫ |
| ભૂલ સ્વીકારો અથવા નિંદક પ્રત્યે મધ્યસ્થ બનો | ૮૫ |
| અસત્‌ની જ્ઞપ્તિ-ઉત્પત્તિનો અસંભવ | ૮૬ |
| ત્રિકાળ ધ્રુવ આત્મતત્ત્વમાં સ્થિર થઈએ | ૮૬ |
| ભેદ-અભેદ ઉભયને માનીએ | ૮૮ |
| સ્વ પ્રત્યે કઠોર અને પર પ્રત્યે કોમળ બનો | ૮૯ |
| ટૂંકસાર (શાખા-૪) | ૯૨ |
| અનેકાંતવાદમાં આક્ષેપ | ૯૫ |
| શ્રદ્ધા મોક્ષમાર્ગપ્રાપક | ૯૫ |
| એકત્ર ભેદાભેદમાં અવિરોધ | ૯૬ |
| ભેદાભેદના સ્વીકારનું આધ્યાત્મિક પ્રયોજન | ૯૭ |
| ભેદ-અભેદમાં અવિરોધ પ્રત્યક્ષસિદ્ધ | ૧૦૧ |
| ચારિત્રનું ચાલકબળ : સમ્યક્ત્વ | ૧૦૧ |
| પુદ્ગલમાં ગુણનો ભેદાભેદ | ૧૦૨ |
| જ્ઞાનીના બહુમાનથી જ્ઞાનનું બહુમાન : અભેદ નય | ૧૦૨ |
| ભેદનય અભિમાન છોડાવે | ૧૦૨ |
| આત્મામાં પર્યાયનો ભેદાભેદ | ૧૦૪ |
| ક્ષમા આદિ ગુણોને મેળવવા ભેદનય ઉપકારક | ૧૦૪ |
| ધર્મભેદે ધર્મીનો ભેદ : જૈન | ૧૦૫ |
| અહંનો ભાર ઉતારવા અભેદનય ઉપયોગી | ૧૦૫ |
| જડ-ચેતનનો ભેદાભેદ | ૧૦૬ |
| ભેદાભેદના આલંબને ચિત્તવૃત્તિને ઊંચકીએ | ૧૦૬ |
| ભેદના આશ્રયમાં અભેદની સિદ્ધિ | ૧૦૭ |
| સમતા ટકાવવા વિવિધ દૃષ્ટિકોણ સ્વીકાર્ય | ૧૦૭ |
| દ્રવ્ય-ક્ષેત્રાદિસંબંધથી ભેદાભેદની વિચારણા | ૧૧૦ |
| વિરાધક તરીકેનું અસ્તિત્વ છોડીએ | ૧૧૦ |
| ભેદાભેદમાં સપ્તભંગીની યોજના | ૧૧૧ |
| નયનો કેવી રીતે ઉપયોગ કરવો ? તે શીખીએ | ૧૧૧ |
| અવક્તવ્યત્વ વિશે વક્તવ્ય | ૧૧૨ |
| સ્વાનુભૂતિગમ્ય સ્વાત્મા અકથ્ય | ૧૧૨ |
| શબ્દભોગ નહિ, શબ્દયોગ પકડીએ | ૧૧૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સપ્તભંગીનો પાંચમો ભાંગો | ૧૧૪ |
| ભેદવિજ્ઞાનને દૃઢ કરીએ | ૧૧૪ |
| સપ્તભંગીના છેલ્લા બે ભાંગાનું નિરૂપણ | ૧૧૬ |
| વિચારણાની દિશાઓને ખુલ્લી રાખીએ | ૧૧૬ |
| સપ્તભંગીના અભ્યાસથી આત્મતત્ત્વદર્શન | ૧૧૭ |
| સપ્તભંગીના અભ્યાસનું પ્રયોજન | ૧૧૭ |
| [redacted] | |
| ટૂંકસાર (શાખા-૫) | ૧૨૦ |
| પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક છે | ૧૨૨ |
| નિશ્ચય-વ્યવહારનો ગૌણ-મુખ્યભાવ સમજીએ | ૧૨૨ |
| નય-પ્રમાણદૃષ્ટિનો આધ્યાત્મિક ઉપયોગ | ૧૨૨ |
| ભવિતવ્યતાને પરિપક્વ કરીએ | ૧૨૩ |
| દ્રવ્યાદિમાં મુખ્યવૃત્તિથી અભેદ : દ્રવ્યાર્થિકનય | ૧૨૪ |
| દ્રવ્યાદિમાં મુખ્યવૃત્તિથી ભેદ : પર્યાયાર્થિકનય | ૧૨૫ |
| આત્મદ્રવ્યને અલગ તારવી લો | ૧૨૫ |
| નિર્મળ ગુણ-પર્યાયમાં આપણું અસ્તિત્વ | ૧૨૫ |
| શક્તિ-લક્ષણાનિયામક મુખ્ય-ગૌણ સંકેત | ૧૨૭ |
| સાધકની દૃષ્ટિમાં પર્યાયો ગૌણ બને | ૧૨૭ |
| મિથ્યાદૃષ્ટિ પાસે દુર્નય | ૧૨૮ |
| અન્ય વ્યક્તિના અભિપ્રાયને સમજવો જરૂરી | ૧૨૮ |
| ભેદ-અભેદસમાવેશ નયસાધ્ય | ૧૨૯ |
| પાંચ પ્રકારે દુર્નયની સંભાવના | ૧૨૯ |
| દિગંબરમતનિરૂપણની ભૂમિકા | ૧૩૧ |
| ... તો સજ્જનતા ટકે | ૧૩૧ |
| નય નવ, ઉપનય ત્રણ : દિગંબરમત | ૧૩૨ |
| તાર્કિક પદ્ધતિ અને આધ્યાત્મિક પદ્ધતિનો સમન્વય સાધો | ૧૩૨ |
| પ્રથમ દ્રવ્યાર્થિકનયને સમજીએ | ૧૩૩ |
| નિરુપાધિક આત્મસ્વરૂપને પ્રગટાવીએ | ૧૩૩ |
| પ્રથમ દ્રવ્યાર્થિકનયનો વિષય | ૧૩૪ |
| શુદ્ધ દ્રવ્યાર્થિકનયનું પ્રયોજન અપનાવીએ | ૧૩૪ |
| દ્રવ્યાર્થિકનયનો બીજો ભેદ સમજીએ | ૧૩૫ |
| સત્તાગ્રાહક દ્રવ્યાર્થિકનયનું પ્રયોજન | ૧૩૫ |
| સર્વત્ર ઉદ્વેગને ટાળીએ | ૧૩૫ |
| ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિક : તૃતીય ભેદ | ૧૩૬ |
| નિર્વિકલ્પદશા મેળવવા ત્રીજો દ્રવ્યાર્થિક ઉપયોગી | ૧૩૬ |
| દ્રવ્યાર્થિકનયના ચોથા ભેદને સમજીએ | ૧૩૭ |
| ચોથા દ્રવ્યાર્થિકનું પ્રયોજન | ૧૩૭ |
| દ્રવ્યાર્થિકનયના પાંચમા ભેદને સમજીએ | ૧૩૮ |
| ધ્રૌવ્યને મુખ્ય કરવાનું આધ્યાત્મિક પ્રયોજન | ૧૩૮ |
| મોક્ષની આગવી ઓળખ | ૧૩૯ |
| દ્રવ્યાર્થિક નયનો છઠ્ઠો ભેદ જાણીએ | ૧૪૦ |
| છઠ્ઠો દ્રવ્યાર્થિક મોક્ષપુરુષાર્થમાં પ્રેરક | ૧૪૦ |
| સાતમા દ્રવ્યાર્થિકનું પ્રતિપાદન | ૧૪૧ |
| સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિક : આઠમો ભેદ | ૧૪૨ |
| આઠમો દ્રવ્યાર્થિક સમાધિ ટકાવવા ઉપયોગી | ૧૪૨ |
| પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિક : નવમો ભેદ | ૧૪૩ |
| વિભાવદશાથી અટકો | ૧૪૩ |
| પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિક : દશમો ભેદ | ૧૪૪ |
| ચૈતન્યસ્વરૂપની રુચિ કેળવીએ | ૧૪૪ |
| [redacted] | |
| ટૂંકસાર (શાખા-૬) | ૧૪૬ |
| પ્રથમ પર્યાયાર્થિકનયનું નિરૂપણ | ૧૪૮ |
| નિત્ય પર્યાયને નિહાળીએ | ૧૪૮ |
| સાંપ્રદાયિક ઝનૂનને દેશવટો આપીએ | ૧૪૮ |
| પર્યાયાર્થિકનયનો દ્વિતીય ભેદ જાણીએ | ૧૪૯ |
| અવિનશ્વર પર્યાયને પ્રગટાવીએ | ૧૪૯ |
| ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સમકાલીન | ૧૫૦ |
| તૃતીય-ચતુર્થ પર્યાયાર્થિકનય વૈરાગ્યજનક | ૧૫૦ |
| પર્યાયાર્થિકનો પાંચમો ભેદ ઓળખીએ | ૧૫૧ |
| કર્મજન્ય પર્યાય પ્રત્યે મધ્યસ્થતા કેળવીએ | ૧૫૧ |
| પર્યાયાર્થિકના છઠ્ઠા ભેદનું વિવરણ | ૧૫૨ |
| ...તો અજન્મા થવાની સાધના પ્રાણવંતી બને | ૧૫૨ |
| નૈગમનયનું નિરૂપણ | ૧૫૩ |
| ...તો સમન્વયદૃષ્ટિ અને સમત્વદૃષ્ટિ પ્રગટે | ૧૫૩ |
| પ્રથમ નૈગમનયની ઓળખાણ | ૧૫૪ |
| ભૂત નૈગમનયનો ઉપયોગ | ૧૫૪ |
| નૈગમનયના બીજા ભેદને સમજીએ | ૧૫૫ |
| ભાવિનૈગમ હતાશાને દૂર કરે | ૧૫૫ |
| નૈગમનયના ત્રીજા ભેદનું ઉદાહરણ | ૧૫૬ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| વર્તમાનનૈગમ સાધનાને પ્રાણવંતી બનાવે | ૧૫૬ |
| સાધનાસાફલ્યનો સુનિશ્ચય | ૧૫૭ |
| સંગ્રહનયની સમજણ | ૧૫૮ |
| સંગ્રહનય સમત્વભાવને પ્રગટાવે | ૧૫૮ |
| વ્યવહાર નયની વ્યાખ્યા | ૧૫૯ |
| સ્પષ્ટ વક્તા બનો | ૧૫૯ |
| ઋજુસૂત્રનયની ઓળખાણ | ૧૬૦ |
| ઋજુસૂત્રનયનો આધ્યાત્મિક ઉપયોગ | ૧૬૦ |
| શબ્દ-સમભિરૂઢ નયનું પ્રતિપાદન | ૧૬૧ |
| સમભિરૂઢનયનો આધ્યાત્મિક ઉપદેશ | ૧૬૧ |
| એવંભૂતનયનું પ્રતિપાદન | ૧૬૩ |
| એવંભૂતનયનો આધ્યાત્મિક ઉપદેશ | ૧૬૩ |
| [illegible] | |
| ટૂંકસાર (શાખા-૭) | ૧૬૬ |
| ઉપનયમીમાંસા | ૧૬૭ |
| નિવેદનમાં પ્રામાણિકતા રાખીએ | ૧૬૭ |
| સદ્ભૂત વ્યવહારનું નિરૂપણ | ૧૬૮ |
| સદ્ભૂત વ્યવહાર ઉપનયનું પ્રયોજન | ૧૬૮ |
| શુદ્ધ ગુણ-પર્યાયોનો પરિચય કરીએ | ૧૬૮ |
| શુદ્ધ-અશુદ્ધ સદ્ભૂત વ્યવહારના ઉદાહરણ | ૧૬૯ |
| સદ્ભૂત વ્યવહાર ઉપનયનું પ્રયોજન | ૧૬૯ |
| શુદ્ધ-અશુદ્ધ ગુણોમાં સાધ્ય-સાધનભાવ | ૧૭૦ |
| સદ્ભૂત વ્યવહારના વિષયો | ૧૭૧ |
| સદ્ભૂત વ્યવહારનો ઉપયોગ | ૧૭૧ |
| સિદ્ધસ્વરૂપ પ્રયત્નસાધ્ય | ૧૭૧ |
| અસદ્ભૂત વ્યવહારનું પ્રતિપાદન | ૧૭૨ |
| દ્રવ્ય-અસત્યત્વ પણ ભાવસત્યસાધક | ૧૭૨ |
| અસદ્ભૂત વ્યવહારનો પ્રથમ ભેદ | ૧૭૩ |
| કર્મને છોડી આત્માને પકડીએ | ૧૭૩ |
| અભેદ ઉપચારનું પ્રયોજન | ૧૭૩ |
| અસદ્ભૂત વ્યવહારનો બીજો ભેદ | ૧૭૫ |
| લેશ્યાનો વર્ણ દેખાડવાનું પ્રયોજન | ૧૭૫ |
| અસદ્ભૂત વ્યવહારનો ત્રીજો ભેદ | ૧૭૬ |
| ઉન્માર્ગનિવારણનો આશય | ૧૭૬ |
| અસદ્ભૂત વ્યવહારનો ચોથો-પાંચમો ભેદ | ૧૭૭ |
| અસદ્ભૂત વ્યવહારમાં સાવધાની | ૧૭૭ |
| અસદ્ભૂત વ્યવહારનો છઠ્ઠો-સાતમો ભેદ | ૧૭૮ |
| લોકવ્યવહારમાં સાવધાન બનો | ૧૭૮ |
| અસદ્ભૂત વ્યવહારનો આઠમો-નવમો ભેદ | ૧૭૯ |
| ભેદવિજ્ઞાનને ભૂલીએ નહિ | ૧૭૯ |
| અસદ્ભૂત વ્યવહારના ત્રણ ભેદ | ૧૮૦ |
| અસદ્ભૂતપણું ખ્યાલમાં રાખીએ | ૧૮૦ |
| અસદ્ભૂત વ્યવહારનો પ્રથમ ભેદ | ૧૮૧ |
| અસદ્ભૂત વ્યવહારનું ઉમદા પ્રયોજન | ૧૮૧ |
| અસદ્ભૂત વ્યવહારનો બીજો ભેદ | ૧૮૨ |
| મતિજ્ઞાન ઉપર મુસ્તાક ન બનો | ૧૮૨ |
| અસદ્ભૂત વ્યવહાર ઉપનયનો ત્રીજો ભેદ | ૧૮૩ |
| જ્ઞેય-જ્ઞાન-જ્ઞાતાનો સંબંધ સમજીએ | ૧૮૩ |
| ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર : ત્રીજો ઉપનય | ૧૮૪ |
| આરોપ પરંપરા ન વધારીએ | ૧૮૪ |
| ત્રીજા ઉપનયના ત્રણ ભેદ | ૧૮૫ |
| રાગાદિ પરિણામોને તજીએ | ૧૮૫ |
| ધર્મમાં અંતરાય ન કરીએ | ૧૮૬ |
| 'મારું ગામ-નગર' - આવી બુદ્ધિ એ મૂઢતા | ૧૮૭ |
| શું માલિકીને ઓળખીએ છીએ ખરા ? | ૧૮૮ |
| ફોતરા છોડો, ધાન્ય સ્વીકારો | ૧૮૮ |
| પરીક્ષા કરવાની ત્રણ શરતને ઓળખીએ | ૧૮૯ |
| ....તો યશ અને વિજય મળે | ૧૮૯ |
| [illegible] | |
| ટૂંકસાર (શાખા-૮) | ૧૯૨ |
| આધ્યાત્મિક પરિભાષા મુજબ નયવિચાર | ૧૯૩ |
| આત્મલક્ષી વિચારણા કરીએ | ૧૯૩ |
| આધ્યાત્મિક નિશ્ચયના બે ભેદ | ૧૯૪ |
| કૈવલ્યજ્યોતિસ્વરૂપ આત્માને ઓળખીએ | ૧૯૪ |
| આધ્યાત્મિક વ્યવહારનયના બે ભેદનું પ્રતિપાદન | ૧૯૫ |
| ગુણ-ગુણીમાં ભેદદર્શનનું પ્રયોજન | ૧૯૫ |
| સદ્ભૂત વ્યવહારના પ્રથમ ભેદનું નિરૂપણ | ૧૯૬ |
| સોપાધિક ગુણ ઉપર મદાર ન બાંધવો | ૧૯૬ |
| સદ્ભૂત વ્યવહારના બીજા ભેદનું પ્રતિપાદન | ૧૯૭ |
| ક્ષાયોપશમિક ગુણનો ભરોસો ન કરવો | ૧૯૭ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સમ્યક્ ઉદ્યમથી મોક્ષપ્રાપ્તિ | ૧૯૭ |
| અસદ્ભૂત વ્યવહારના પ્રથમ ભેદનું પ્રકાશન | ૧૯૮ |
| લોકવ્યવહારમાં ગળાડૂબ ન બનીએ | ૧૯૮ |
| અસદ્ભૂત વ્યવહારના બીજા ભેદને સમજીએ | ૧૯૯ |
| દેહસંશ્લેષ ન છૂટે તો પણ દેહાધ્યાસને તો છોડીએ જ | ૧૯૯ |
| દિગંબરમત સમાલોચના | ૨૦૦ |
| દોષદર્શન કરાવવાનું તાત્પર્ય સમજીએ | ૨૦૦ |
| ખફા થવાના બદલે ખેદને વ્યક્ત કરીએ | ૨૦૧ |
| દેવસેનમત દોષગ્રસ્ત | ૨૦૨ |
| પ્રમાણથી દૂર ન જઈએ | ૨૦૨ |
| દેવસેનમત સમીક્ષા | ૨૦૩ |
| આગમિક પરંપરાનો લોપ ન કરીએ | ૨૦૩ |
| દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનો સાત નયમાં અંતર્ભાવ | ૨૦૪ |
| આંધળા તર્કથી આગમદૃષ્ટિનો પરાભવ ન થાય | ૨૦૪ |
| વ્યર્થ વિસ્તાર ટાળીએ | ૨૦૪ |
| તાર્કિકમત મીમાંસા | ૨૦૬ |
| ભાવ અનુષ્ઠાનના સાત પ્રાણને સમજીએ | ૨૦૬ |
| સિદ્ધિસુખને સમજીને અનુભવીએ | ૨૦૬ |
| સાત નયથી દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક ભિન્ન નથી | ૨૦૮ |
| દેશનાપદ્ધતિ અંગે કાંઈક સૂચન | ૨૦૮ |
| સિદ્ધસ્વરૂપની નિકટ પહોંચીએ | ૨૦૮ |
| નિજઅકલ્યાણ કરીને પરકલ્યાણ કર્તવ્ય નથી | ૨૦૯ |
| સિદ્ધસુખનો મહિમા પ્રગટાવીએ | ૨૧૦ |
| દેવસેનમતમાં વિભક્તવિભાગ દોષ | ૨૧૨ |
| કઠોરતાને છોડીએ | ૨૧૨ |
| સંસારસુખ બિંદુ, સિદ્ધસુખ સિંધુ | ૨૧૨ |
| મૂળ નય સાત : અનુયોગદ્વાર | ૨૧૩ |
| બોલતા પૂર્વે સાવધાની | ૨૧૩ |
| પ્રદેશાર્થનય વિચારણા | ૨૧૪ |
| નિજસ્વભાવમાં વસવાટ કરીએ | ૨૧૪ |
| આત્મશુદ્ધિને અનુભવીએ | ૨૧૫ |
| ઉપનય નયથી ભિન્ન નથી | ૨૧૬ |
| બિનઅધિકૃત ચેષ્ટા છોડીએ | ૨૧૬ |
| ગ્રંથિભેદનો માર્ગ અપનાવીએ | ૨૧૭ |
| નિશ્ચય-વ્યવહાર નયને ઓળખીએ | ૨૧૮ |
| મુમુક્ષુ બાહ્ય વ્યવહારમાં ઉદાસીન, નિશ્ચયમાં સુલીન | ૨૧૮ |
| તીવ્ર મુમુક્ષા પ્રગટાવીએ | ૨૧૯ |
| નિશ્ચય નયના ત્રણ વિષયનો પરિચય | ૨૨૦ |
| લૌકિક-લોકોત્તર ગુણસૌંદર્ય પ્રગટાવીએ | ૨૨૧ |
| સ્વભૂમિકાયોગ્ય વ્યવહારને ન છોડીએ | ૨૨૧ |
| લોકોત્તર તાત્પર્યાર્થને ભાવીએ | ૨૨૧ |
| વ્યવહારનયના વિષયને ઓળખીએ | ૨૨૨ |
| ઔપચારિક પ્રયોગોનો આધ્યાત્મિક ઉદ્દેશ | ૨૨૨ |
| વિશુદ્ધ પુણ્યનો સંચય આદરણીય | ૨૨૩ |
| દેવસેનમત સંકોચદોષગ્રસ્ત | ૨૨૪ |
| ...તો મૌન વધુ શ્રેયસ્કર | ૨૨૪ |
| બહુશ્રુતને આધીન રહીએ | ૨૨૪ |
| તામસિક આનંદ છોડીએ | ૨૨૫ |
| [redacted] | |
| ટૂંકસાર (શાખા-૯) | ૨૨૮ |
| ત્રિપદી દ્વારા ત્રિલક્ષણ સમજીએ | ૨૩૦ |
| શ્રદ્ધાપૂર્વક ઊંડો અભ્યાસ જરૂરી | ૨૩૦ |
| ષડ્દ્રવ્યમાં ઉત્પાદાદિસિદ્ધિ | ૨૩૧ |
| આત્મામાં વિશિષ્ટ ત્રૈલક્ષણ્યપરિણમનનો ઉપદેશ | ૨૩૧ |
| દ્રવ્યદૃષ્ટિ આદરણીય | ૨૩૨ |
| ઉત્પાદ-નાશ-ધ્રૌવ્યમાં અભેદ | ૨૩૪ |
| પ્રગટ ગુણોમાં જ પરસ્પર અભેદ | ૨૩૪ |
| અન્વય-વ્યતિરેકથી સિદ્ધસ્વરૂપને સમજીએ | ૨૩૪ |
| કારણભેદ વિના કાર્યભેદ અસંગત | ૨૩૫ |
| આરાધના પછી વિરાધનામાં ભળી ન જઈએ | ૨૩૫ |
| શુભનું અશુભમાં સંક્રમણ ન કરીએ | ૨૩૬ |
| બૌદ્ધમત મીમાંસા | ૨૩૭ |
| આપણા પતનમાં આપણો વિકૃતસ્વભાવ જવાબદાર | ૨૩૭ |
| ખેલદિલીને ખીલવીએ | ૨૩૮ |
| યોગાચારમત સમીક્ષા | ૨૪૦ |
| વિતંડાવાદને વિદાય આપીએ | ૨૪૦ |
| ભાવનાજ્ઞાનયુક્ત સદાચારનું ફળ મેળવીએ | ૨૪૦ |
| નૈયાયિકમત નિરાકરણ | ૨૪૧ |
| ગુણ આવે દોષ જાય, દોષ જાય ગુણ આવે | ૨૪૧ |
| દૂધવત વગેરે દૃષ્ટાંતથી ત્રૈલક્ષણ્યસિદ્ધિ | ૨૪૪ |

| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| લોકોત્તર સિદ્ધાન્તને દૃઢ કરીએ | ૨૪૪ |
| ધ્રૌવ્યમાં ઉત્પાદ-વ્યય ભળી જાય | ૨૪૫ |
| દુષ્કૃતગર્હા - સુકૃત અનુમોદનાનું તાત્ત્વિક પ્રયોજન | ૨૪૫ |
| પર્યાયાર્થિક મત વિચાર | ૨૪૭ |
| નિશ્ચય-વ્યવહારના સિદ્ધાન્તને જીવનમાં વણવાની કળા | ૨૪૭ |
| યથાર્થ આરાધકપણાની ઓળખ | ૨૪૮ |
| નવ્યનૈયાયિકમત સમાલોચના | ૨૫૦ |
| મધ્યસ્થભાવે યથોચિત નય સ્વીકાર્ય | ૨૫૧ |
| પ્રતિક્ષણ જાગૃતિ કેળવી શુદ્ધસ્વરૂપે પરિણમીએ | ૨૫૧ |
| ગુણમાં ઉત્પાદાદિ ત્રિલક્ષણનો વિચાર | ૨૫૩ |
| જિનેશ્વરની સર્વજ્ઞતા પરમવિશ્વસનીય | ૨૫૩ |
| મોક્ષમાં પણ ત્રૈલક્ષણ્યની સિદ્ધિ | ૨૫૪ |
| અપ્રશસ્ત જ્ઞેય-દૃશ્યને છોડીએ | ૨૫૪ |
| અપ્રશસ્તનું આકર્ષણ છોડીએ | ૨૫૫ |
| ક્ષણસંબંધથી સમકિતાદિમાં ત્રિલક્ષણનું પરિણમન | ૨૫૬ |
| કાળ કોળિયો કરી જાય છે | ૨૫૬ |
| સ્વ-પરપર્યાયથી અનેકવિધ ઉત્પાદાદિ | ૨૫૭ |
| દરેક દ્રવ્યની તમામ દ્રવ્ય ઉપર અસર | ૨૫૭ |
| ઉત્પત્તિના બે ભેદને સમજીએ | ૨૫૮ |
| અંતરંગ-બહિરંગ સત્ પુરુષાર્થ ન ચૂકીએ | ૨૫૮ |
| વિસ્રસા ઉત્પત્તિનું લક્ષણ | ૨૫૯ |
| વૈસ્રસિક ઉત્પત્તિની સમજણ કર્મબંધથી બચાવે | ૨૫૯ |
| ઐકત્વિક વૈસ્રસિક ઉત્પત્તિની વ્યાખ્યા | ૨૬૦ |
| કર્મવિભાગ માટે સજ્જ થઈએ | ૨૬૧ |
| ધર્માસ્તિકાય વગેરેમાં ઉત્પત્તિ આદિની વિચારણા | ૨૬૨ |
| ધર્માસ્તિકાયથી પણ ઉપદેશ લઈએ | ૨૬૨ |
| જ્ઞાનયોગને યોગ્ય બનીએ | ૨૬૨ |
| ધર્માસ્તિકાયાદિમાં સ્વનિમિત્તક ઉત્પત્તિ | ૨૬૩ |
| હાનિકારક અંશને છોડીએ | ૨૬૩ |
| શુદ્ધ ભાવસ્યાદ્વાદને અપનાવીએ | ૨૬૪ |
| વિનાશના બે પ્રકાર | ૨૬૫ |
| મુક્તાત્મસ્વરૂપે આત્માને પરિણમાવીએ | ૨૬૬ |
| બે પ્રકારના નાશની ઓળખ | ૨૬૭ |
| આત્મા પણ અનાત્મા ! | ૨૬૭ |
| કર્મવિભાગ ઈચ્છનીય અને આવશ્યક | ૨૬૮ |
| ધ્રૌવ્યના બે પ્રકાર | ૨૬૯ |
| કેવલજ્ઞાનત્વરૂપે જ્ઞાનને નિત્ય બનાવીએ | ૨૬૯ |
| સર્વ પદાર્થ ત્રિલક્ષણ | ૨૭૦ |
| દ્રવ્યાનુયોગી પ્રવચનપ્રભાવક | ૨૭૦ |
| [illegible] | |
| ટૂંકસાર (શાખા-૧૦) | ૨૭૨ |
| દ્રવ્યાદિભેદનિરૂપણ પ્રતિજ્ઞા | ૨૭૪ |
| સ્વમતિકલ્પના તજીએ | ૨૭૫ |
| ક્રિયાકાંડી નહિ, ક્રિયાયોગી - જ્ઞાનયોગી બનીએ | ૨૭૫ |
| જગત ષડ્દ્રવ્યાત્મક | ૨૭૬ |
| દ્રવ્યસ્વરૂપગોચરજ્ઞાનથી નિર્ભયતા આવે | ૨૭૬ |
| ધર્માસ્તિકાયનું નિરૂપણ | ૨૭૭ |
| ધર્માસ્તિકાયનું ઋણ સ્વીકારીએ | ૨૭૭ |
| અધર્માસ્તિકાય દ્રવ્યની પ્રરૂપણા | ૨૭૮ |
| અધર્માસ્તિકાય અધ્યાત્મમાર્ગે પણ ઉપકારી | ૨૭૮ |
| મોક્ષમાં પણ અધર્માસ્તિકાય ઉપકારી | ૨૭૯ |
| ધર્માસ્તિકાયના અસ્વીકારમાં બાધ | ૨૮૦ |
| સૂક્ષ્મ કૃતજ્ઞતાપરિણતિને પ્રગટાવીએ | ૨૮૧ |
| મોક્ષસ્વરૂપની વિચારણા | ૨૮૧ |
| અધર્માસ્તિકાયનો અસ્વીકાર બાધગ્રસ્ત | ૨૮૩ |
| દરેકને યોગ્ય ન્યાય આપીએ | ૨૮૩ |
| આકાશનું નિરૂપણ | ૨૮૪ |
| આકાશવત્ નિર્લેપ બની નિષ્પક્ષપાતભાવે બધાને સમાવીએ | ૨૮૪ |
| લોક-અલોકની સમજણ | ૨૮૫ |
| ઔપાધિકસ્વરૂપમાં અટવાઈએ નહિ | ૨૮૬ |
| કાળ તત્ત્વનું નિરૂપણ | ૨૮૭ |
| કાળપરિપાકની રાહ ન જુઓ | ૨૮૭ |
| કાળ જીવાજીવસ્વરૂપ | ૨૮૮ |
| સ્વકાળને સુધારીએ | ૨૮૮ |
| અતિરિક્તકાલદ્રવ્યવાદીનો મત | ૨૮૯ |
| યુક્તિ પણ શ્રદ્ધાપોષક | ૨૮૯ |
| મતદ્વયઉત્થાનબીજનું ઉપદર્શન | ૨૯૧ |
| તત્ત્વની મીમાંસા કરો, મૂંઝવણને છોડો | ૨૯૧ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| દિગંબર સંપ્રદાયમાં નિશ્ચય-વ્યવહાર કાળ | ૨૯૨ |
| કાળ તત્ત્વનો ઉપદેશ સાંભળીએ | ૨૯૨ |
| લોકાકાશમાં અસંખ્ય કાલાણુદ્રવ્યો : યોગશાસ્ત્રવૃત્તિ | ૨૯૩ |
| અપ્રમત્તતાને કેળવીએ | ૨૯૩ |
| કાલાણુ દ્રવ્ય ઊર્ધ્વતાપ્રચયસ્વરૂપ : દિગંબર | ૨૯૪ |
| કાલાણુ અપ્રતિબદ્ધતાનો ઉપદેશ આપે છે | ૨૯૪ |
| પ્રતિબંદીથી દિગંબરમતનું નિરાકરણ | ૨૯૫ |
| અપ્રમત્ત અને નિષ્પક્ષ બનો : કાલ | ૨૯૫ |
| કાલદ્રવ્યત્વપ્રતિપાદક વચન ઔપચારિક | ૨૯૭ |
| વિવેકપૂર્વક સમન્વય કરવાની ઉદારતા કેળવીએ | ૨૯૭ |
| ઉપચાર સમર્થન | ૨૯૮ |
| આપણે સંખ્યાપૂરક ન બની જઈએ | ૨૯૮ |
| પુદ્ગલ-જીવની ઓળખાણ | ૨૯૯ |
| ઔપાધિક સ્વરૂપ છોડો, નિરુપાધિક સ્વરૂપ પકડો | ૨૯૯ |
| વાસનાના વમળમાંથી બચીએ | ૨૯૯ |
| ભેદવિજ્ઞાન : સર્વશાસ્ત્રસાર | ૩૦૦ |
| વિસ્તારરુચિ સમકિતને પામીએ | ૩૦૧ |
| .... તો સાચા શાસનપ્રભાવક બનીએ | ૩૦૧ |
| [redacted] | |
| ટૂંકસાર (શાખા-૧૧) | ૩૦૪ |
| ગુણનિરૂપણ પ્રારંભ | ૩૦૬ |
| ગુણસ્વરૂપવિચારણા નિર્ભયતા આપે | ૩૦૬ |
| પ્રદેશત્વાદિ ગુણની સમજણ | ૩૦૮ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| નિષ્ક્રિયતાને ખંખેરીએ | ૩૦૮ |
| વિશેષગુણોનું પ્રતિપાદન | ૩૧૦ |
| વિશેષગુણનો ઉપદેશ | ૩૧૦ |
| સામાન્ય-વિશેષ ગુણોનો અનુવેધ | ૩૧૨ |
| સ્વભાવગુણપરિણમન આપણું કર્તવ્ય | ૩૧૨ |
| સ્વભાવનિરૂપણ | ૩૧૩ |
| અસ્તિસ્વભાવનું પ્રયોજન | ૩૧૪ |
| અસ્તિ-નાસ્તિસ્વભાવ આવશ્યક | ૩૧૬ |
| સાધના અને સિદ્ધિ અંગે સમજણ | ૩૧૬ |
| નિત્ય-અનિત્યસ્વભાવનું નિરૂપણ | ૩૧૮ |
| નિત્યાનિત્યસ્વભાવનો ઉપયોગ | ૩૧૮ |
| નિત્ય-અનિત્યસ્વભાવ અનિવાર્ય | ૩૨૦ |
| નિત્યાનિત્યસ્વભાવપ્રતિપાદનનું પ્રયોજન | ૩૨૦ |
| એક-અનેકસ્વભાવ અપરિહાર્ય | ૩૨૨ |
| એકાનેક સ્વભાવનું પ્રયોજન | ૩૨૨ |
| ભેદ-અભેદસ્વભાવ માનવા જરૂરી | ૩૨૪ |
| ભેદાભેદસ્વભાવનો ઉપદેશ સાંભળીએ | ૩૨૪ |
| ભવ્ય-અભવ્યસ્વભાવ અત્યાજ્ય | ૩૨૬ |
| ભવ્ય-અભવ્યસ્વભાવ જાણી યોગ્યતાને સક્રિય બનાવીએ | ૩૨૬ |
| મૈત્રી વગેરે ભાવો ટકાવવા | ૩૨૬ |
| પરમભાવ સ્વભાવની ઓળખાણ | ૩૨૭ |
| પરમભાવને પૂર્ણ વિશુદ્ધ કરીએ | ૩૨૮ |

દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

ઢાળ-૧



# દ્રવ્યાનુયોગ માહાત્મ્ય

द्रव्यानुयोगपरामर्शः शाखा-१

द्रव्यानुयोगमाहात्म्यम्

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૧

द्रव्यानुयोगपरामर्शः शाखा-१

द्रव्यानुयोगमाहात्म्यम्

# ❋ ટૂંકસાર ❋

: શાખા - ૧ :

**મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મ.સા.** દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ શરૂ કરતાં પોતાના ગુરુજનોને મંગલનિમિત્તે યાદ કરે છે. જ્ઞાન આત્માનો પ્રધાન ગુણ હોવાથી એ જ્ઞાનાત્મક આત્મસ્વરૂપને ઝંખતા જ્ઞાનરુચિવાળા આત્માર્થી જીવોને લક્ષમાં રાખીને આ ગ્રંથ રચાયેલ છે. (૧/૧)

જૈન દર્શન એટલે એકાંતવાદી બૌદ્ધ, સાંખ્ય, નૈયાયિક... વગેરે સર્વ દર્શનોની માન્યતાઓનો વિવેકદૃષ્ટિથી સાપેક્ષ સમન્વય. શક્તિ હોવા છતાં આવા જૈનદર્શનના તલસ્પર્શી જ્ઞાનને મેળવવાનો પુરુષાર્થ છોડીને ફક્ત ચારિત્રની ક્રિયાને જ મુખ્ય બનાવવાની નથી. પરંતુ ભગવદ્ભક્તિપૂર્વક જ્ઞાન-ક્રિયા ઉભયાત્મક મોક્ષમાર્ગમાં આગેકૂચ કરવાની છે. (૧/૨)

**ઉપદેશપદ** ગ્રંથમાં પણ શુદ્ધ ગોચરી વગેરેને ગૌણ યોગ તરીકે બતાવેલ છે અને નૈશ્ચયિક પંચાચારમય દ્રવ્યાનુયોગને પ્રધાનયોગ તરીકે બતાવેલ છે. તેમાં ભૌતઘાતકનું દૃષ્ટાંત સમજાવીને ગુરુકુલવાસને, ગુરુની આજ્ઞાને જીવનમાં મુખ્ય બનાવવાની વાત કરેલ છે. (૧/૩)

**પંચકલ્પભાષ્ય**માં પણ આવશ્યકતા મુજબ, દ્રવ્યાનુયોગના અભ્યાસ માટે વિવેકદૃષ્ટિથી દોષિત ગોચરીની રજા આપેલ છે. કારણ કે દ્રવ્યશુદ્ધિ કરતાં ભાવશુદ્ધિ વધારે મહત્ત્વની છે. (૧/૪)

દ્રવ્યાનુયોગસંબંધી જ્ઞાનના આધારે સમ્યગ્દર્શનને શુદ્ધ કરી, તાત્ત્વિક ચારિત્રને પાળી સાધુ મહાન બને છે. દ્રવ્યાનુયોગના અભ્યાસથી સુલભબોધિપણું મળે છે. માટે આત્માર્થી સાધકે દ્રવ્યાનુયોગના જ્ઞાન માટે પ્રયત્ન કરવો. આ વાત **ઉત્તરાધ્યયનસૂત્ર**માં તથા **ઉપદેશમાલા**માં બતાવેલ છે. સંવિગ્ન બહુશ્રુતની ગેરહાજરીમાં શિથિલાચારી એવા સંવિગ્નપાક્ષિક બહુશ્રુત પાસેથી પણ શાસ્ત્રનું તલસ્પર્શી જ્ઞાન મેળવવું. (૧/૫)

દ્રવ્યાનુયોગના વિચાર દ્વારા જીવ શુક્લધ્યાનનો પાર પામે છે. યોગની સ્થિરતા દ્વારા સાંસારિક ભાવોથી ઉદાસીન બનેલો જીવ ક્ષપકશ્રેણી માંડીને કેવળજ્ઞાનને મેળવે છે. આમ દ્રવ્યાનુયોગના પરિશીલનથી કેવળજ્ઞાન માટે અનિવાર્ય એવા ધ્યાનાભ્યાસ અને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય સુસાધ્ય બને છે. (૧/૬)

**સમ્મતિતર્ક** ગ્રંથમાં પણ જણાવેલ છે કે તાત્ત્વિક સાધુપણું દ્રવ્યાનુયોગના અભ્યાસથી મળે છે. જે દ્રવ્યાનુયોગ ભણે નહિ અથવા શક્તિ હોવા છતાં જેને દ્રવ્યાનુયોગની રુચિ નથી તે સાધુ જ નથી કહેવાતો. આમ જ્યાં દ્રવ્યાનુયોગ નથી ત્યાં નૈશ્ચયિક ચારિત્ર જ નથી. માટે યથાશક્તિ ચારિત્રાચારનું પાલન કરી દ્રવ્યાનુયોગના પરમાર્થોને મેળવવા સાધકે કટિબદ્ધ બનવું જોઈએ. (૧/૭)

દ્રવ્યાનુયોગના અભ્યાસમાં તત્પર એવા સાધકે તથાવિધ ગીતાર્થ ગુરુની સેવા કરતાં કરતાં સારા નિમિત્તો દ્વારા બળ મેળવી પોતાની જાતને સુધારતા રહેવી. સંઘને વિશે ગુણાનુવાદ, ગુણાનુરાગ કેળવવો. નિંદા વગેરેથી દૂર રહેવું અને ગ્રંથિમુક્ત બનવા દ્વારા મોક્ષમાર્ગે વિકાસ કરવો. (૧/૮)

મોક્ષમાર્ગે આગળ વધતા વધતા શાસ્ત્રના અભ્યાસ દ્વારા બોધને સૂક્ષ્મ કરવો. તથા તેનાથી છકી ન જવું કે જ્ઞાનાભ્યાસમાં સંતોષી પણ ન બનવું. આગમના પરમાર્થ જાણવા-માણવા માટે સદ્ગુરુને સમર્પિત બનવું. (૧/૯)

॥ महामहिमश्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ॥

॥ श्रीदान-प्रेम-भुवनभानु-जयघोषसूरि-पंन्यासविश्वकल्याणविजयसद्गुरुभ्यो नमः ॥

તાર્કિકશિરોમણિ મહોપાધ્યાય શ્રીયશોવિજયજીકૃત

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## સ્વોપજ્ઞ સ્તબકાર્થ સહિત

ઢાળ - ૧

( રાગ : દેશાખ - ચોપાઈ )

**ટબાનો મંગલ શ્લોક → 卐ऐन्द्रं♦ धाम हृदि ■स्मृत्वा वक्ष्ये सुगमया गिरा।**
**❖द्रव्यानुयोगरासस्य भावं भविहितावहम्॥१॥**

▸દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસનો ટબાર્થ લખિઈ છે શ્રીગુરુપ્રસાદાત્.◂ તિહાં પ્રથમ ગુરુનઈ નમસ્કાર કરીનઈ ★**પ્રયોજનસહિત અભિધેય** દેખાડઇ છઈ.

**શ્રીગુરુ જીતવિજય મન● ધરી, શ્રીનયવિજય સુગુરુ આદરી;**
**આતમ □અર્થિનઈ ★ઉપગાર, કરું દ્રવ્યઅનુયોગ❀ વિચાર ॥૧/૧॥ (૧)✿**

**શ્રીજીતવિજય** પંડિત, અનઈ **શ્રીનયવિજય** પંડિત એ બેહુ ગુરુનઇં (**આદરી=**) ▸આદરેં કરી◂ (**મન ધરી=**)ચિત્તમાંહિં સંભારીનઇં, ✱એતદ્ગુરુતત્ત્વ દેખાડયો,✱ **આતમાર્થી** = જ્ઞાનરુચિ **જીવના ઉપકારનઇં હેતઇં દ્રવ્યાનુયોગ વિચાર કરું છું.**

---

卐. પૂર્વ મુદ્રિત તમામ પુસ્તકોમાં આ શ્લોક નથી. લી.(૪)+સં.(૧)+કો.(૩)+સિ.+આ.માં આ શ્લોક મળે છે. હસ્તપ્રતાદિના સંકેત માટે '**અધ્યાત્મનું અવતરણ**'માં '**રાસની હસ્તપ્રતોનો પરિચય**' વિભાગને (પૃષ્ઠ - 15-18) જુઓ.
♦ કો.(૫+૬+ ૧૦+૧૨+૧૩+૧૪+૨૧)+ભા.+B.(૧)+લી.(૧+૨+૩)+સં.(૨+૩)માં તથા શાં.ને છોડી પૂર્વ મુદ્રિત તમામ પુસ્તકોમાં ટબાનો મંગલ શ્લોક આ મુજબ છે. ऐन्द्रश्रेणिनतं नत्वा जिनं तत्त्वार्थदेशिनम्। प्रबन्धे लोकवाचाऽत्र लेशार्थः कश्चिदुच्यते॥ શાં.માં ટબાનો મંગલ શ્લોક જ નથી.

■ સિ.માં 'स्मृत्वा' ના સ્થાને 'ध्यात्वा' પાઠ છે. ❖ આ.(૧)માં 'द्रव्यानुयोगसारस्य' પાઠ છે.

▸....◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ. + આ.(૧)માં છે.

★ પહિલઇ બિ પદે **મંગલાચરણ** દેખાડ્યું- નમસ્કાર કર્યા તે (૧) આત્માર્થી ઇહાં **અધિકારી** (૨), તેહનઈં અવબોધ થાસ્યઇ-ઉપકારરૂપ **પ્રયોજન** (૩), દ્રવ્યનો અનુયોગ તે ઇહાં **અધિકાર** (૪). **ગ્રન્થકારની ટિપ્પણી.**(મ.+મો.(૨)+ કો.(૧૨)માં છે.)

● પુસ્તકોમાં 'મનિ' પાઠ. કો.(૨+૪)+મો.(૨)નો પાઠ લીધેલ છે.

□ પુસ્તકોમાં 'અરથીનઈં' પાઠ. આ. (૧)નો પાઠ અહીં લીધો છે. ★ પુસ્તકોમાં 'ઉપકાર' પાઠ. કો.(૨+૧૦)નો પાઠ લીધેલ છે. આ.(૧) માં 'ઉપકારી... વિચારિ' પાઠ. ❀ કો.(૩)માં 'અનુજોગ' પાઠ છે.

✿ સમગ્ર રાસની ગાથાઓનો સળંગ ક્રમાંક આ રીતે ( )માં આપવામાં આવ્યો છે.

✱....✱ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. ફક્ત કો.(૧૧) માં છે.

✤અનુયોગ કહિઇં સૂત્રાર્થ વ્યાખ્યાન.

તેહના ૪ ભેદ શાસ્ત્રઈ કહિયા- ચરણકરણાનુયોગ = આચારવચન, ***આચારાઙ્ગ*** પ્રમુખ (૧), ગણિતાનુયોગ = સંખ્યાશાસ્ત્ર, ***ચન્દ્રપ્રજ્ઞપ્તિ*** પ્રમુખ (૨), ધર્મકથાનુયોગ = આખ્યાયિકાવચન, ***જ્ઞાતા*** પ્રમુખ (૩), દ્રવ્યાનુયોગ=ષડ્દ્રવ્યવિચાર, સૂત્રમધ્યે - ***સૂત્રકૃતાઙ્ગ,*** પ્રકરણમધ્યે ***સમ્મતિ, તત્ત્વાર્થ*** પ્રમુખ મહાશાસ્ત્ર♦ (૪). તે માટઈ એ પ્રબંધ❋ કીજઇ છઇ. તિહાં● પણિ દ્રવ્ય-ગુણ-પર્યાયવિચાર છઇ, તેણઈ એ શાસ્ત્ર★ દ્રવ્યાનુયોગ જાણવો.✤ ॥૧/૧॥

---

परामर्शः

**• द्रव्यानुयोगपरामर्शः •**

**शाखा - १**

**श्रीजीतविजयं नत्वा, श्रीनयविजयं तथा।**
**आत्मार्थिहितहेतोर्हि द्रव्यानुयोग ईक्ष्यते।।१/१।।**

---

**❋ અધ્યાત્મ અનુયોગ ❋**

**ગુરુવર પ્રણમી પ્રેમથી, નમી શંખેશ્વર પાસ;**
**'અધ્યાત્મ અનુયોગ' તણી, ફેલાય છે સુવાસ ॥૧॥**
**શારદમાત કૃપા કરી, મુજ મન પૂરો આશ;**
**સેવકજનહિત ચિત્ત ધરી, મુજ મુખ કરજો વાસ ॥૨॥**

[illegible]:- શ્રીજીતવિજયજી મહારાજને તથા શ્રીનયવિજયજી મહારાજને નમસ્કાર કરીને આત્માર્થી જીવના હિતને માટે જ દ્રવ્યાનુયોગનો અહીં વિચાર-વિમર્શ-પરામર્શ કરવામાં આવે છે. (૧/૧)

**卐 'આત્માર્થી' પદનો રહસ્યાર્થ 卐**

[illegible]:- પ્રસ્તુત ગ્રંથ આત્માર્થી આરાધકો માટે રચવામાં આવેલ છે. આ એક અત્યંત અગત્યની વિગત છે. તેથી જે જીવો પુદ્ગલાર્થી છે, પરિવારાર્થી છે, પ્રસિદ્ધિઅર્થી છે, સંસારાર્થી છે તેમની આના દ્વારા બાદબાકી કરવામાં આવે છે. પ્રસ્તુત ગ્રંથનું સમ્યક્ મૂલ્યાંકન જરૂરી છે. આથી આ ગ્રંથરત્નને જાણવાની પણ ઈચ્છા ધરાવનારા આરાધક જીવોએ ઊંચી રુચિ અને નિર્મળ ભાવનાને આદર્શરૂપ રાખીને પછી જ પ્રસ્તુત ગ્રંથના અધિકારી બનવું. જે જીવો આરાધક હોવા છતાં કેવળ બાહ્યક્રિયારુચિવાળા છે, જ્ઞાનરુચિવાળા નથી તેવા જીવો માટે પણ આ ગ્રંથ રચવામાં નથી આવેલ. આ વાત વ્યાજબી પણ છે. કારણ કે જ્ઞાન એ આત્માનો મુખ્ય ગુણ છે. દર્શન, ચારિત્ર વગેરે ગુણોનું કારણ પણ જ્ઞાન છે. જ્ઞાન

---

♦ મો.(૨)માં 'મહાનિશીથ' પાઠ.
❋. 'પ્રકરણ' પાલિ૦.
● તિહાં દ્રવ્યે ગુણ. પા૦
★ પુસ્તકોમાં 'શાસ્ત્ર' નથી. આ.(૧)માં છે.
✤...✤ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૯) + સિ.માં નથી.

અંતરંગ છે. જ્ઞાન આત્માનું લક્ષણ છે. તથા જ્ઞાન આત્માનો મુખ્ય સ્વભાવ છે. માટે યથાશક્તિ તપ -ત્યાગ-વ્રત-નિયમાદિના પાલન દ્વારા મહદ્ અંશે આશ્રવોથી વિમુખ થયેલ હોવાથી જેમનામાં સાચી જ્ઞાનરુચિ પ્રગટ થઈ છે તેવા તેમજ નિર્દંભપણે નિર્મળ આત્મજ્ઞાનની-તત્ત્વજ્ઞાનની રુચિવાળા છે તેવા જીવો જ આ ગ્રંથને ભણવાના અધિકારી છે. તથા 'काले, विणए, बहुमाणे...' ઈત્યાદિ જ્ઞાનાચારનું યથાશક્તિ પાલન કરવાની પરમાર્થથી તૈયારી હોય તો જ જ્ઞાનરુચિવાળા જીવોની સાચી જ્ઞાનરુચિ કહી શકાય. તેનાથી **પ્રશમરતિ**માં વર્ણવેલ કર્મબંધવિયોગરૂપ મોક્ષ સુલભ થાય.

## ❀ ગ્રંથઅધિકારી અંગે વિચારણા ❀

આવી પ્રામાણિક જ્ઞાનરુચિ વગરના જીવો આ ગ્રંથને ભણવાના અધિકારી નથી - એવું અર્થતઃ ફલિત થાય છે. પરંતુ એનો અર્થ એવો નથી કે તેવા જીવો પ્રત્યે ગ્રંથકારને દ્વેષ હોવાથી તેઓને આ ગ્રંથના અનધિકારી કહ્યા છે. વસ્તુસ્થિતિ એ છે કે જે આરાધકો આત્મા-સંવર-નિર્જરા-મોક્ષ વગેરે તત્ત્વોની તાત્ત્વિક સમજણ મેળવવા ઝંખી રહ્યા છે તેવા જ આરાધકોમાં આ ગ્રંથનું પારમાર્થિક પરિણમન થવાની સંભાવના છે. તેથી તેવા જીવોને આ ગ્રંથના અધિકારી કહ્યા છે. માટે 'આત્માર્થી' પદનો 'જ્ઞાનરુચિવાળા' આ અર્થ સંગત જ છે. સમ્યગ્ જ્ઞાન આત્માનો ગુણ છે. પદાર્થના સ્વરૂપનો નિર્ણય કરાવનાર નિર્મળ જ્ઞાન છે. આત્મા, પુણ્ય, પાપ વગેરે પદાર્થોનું અસ્તિત્વ છે કે નહિ ? તેવા પદાર્થોનું શુદ્ધ સ્વરૂપ કેવું છે ? અશુદ્ધ સ્વરૂપ કેવું છે ? આત્માના શુદ્ધ ગુણો ક્યા ક્યા ? અશુદ્ધ ગુણો ક્યા ક્યા ? જીવાદિ નવ તત્ત્વોના પર્યાયો ક્યા ? આ બાબતમાં શુદ્ધ-અશુદ્ધ દૃષ્ટિકોણથી (= નયથી) તથા સર્વાંગી દૃષ્ટિકોણથી (= પ્રમાણથી) વિચાર-વિમર્શ કરવો તે દ્રવ્યાનુયોગ કહેવાય છે. તેથી પોતાનામાં આત્માર્થીપણું પ્રગટાવીને પ્રસ્તુત પ્રબંધના પ્રભાવે આવા ઉત્તમ દ્રવ્યાનુયોગનો પરામર્શ (અનુસંધાન) કરવામાં પોતાની પ્રજ્ઞાનો વિનિયોગ કરવામાં જ પ્રજ્ઞાની સફળતા અને સાર્થકતા સમાયેલી છે. આ રીતે પોતાની પ્રજ્ઞાને સફળ કરીને મોક્ષમાર્ગે સાધકે આગળ વધવું જોઈએ. આવો ગ્રંથકારશ્રીનો આશય છે. પ્રજ્ઞાસાફલ્યની દિશામાં આગળ વધારવા માટે દ્રવ્યાનુયોગનું અનુસંધાન કરાવવા દ્વારા આ ગ્રંથ સહાયક છે.

## ❋ અધ્યાત્મ અનુયોગ : સાર્થક નામ ❋

અહીં એક વાત ખ્યાલમાં રાખવી કે દ્રવ્યાનુયોગને ભણીને જે તેના આધ્યાત્મિક ઉપનયને જાણતો નથી, તે ખરેખર માત્ર દ્રવ્યાનુયોગને ભણવાના ભારને જ ઊંચકે છે. ખરેખર આધ્યાત્મિક ઉપનય જ શાસ્ત્રનું પોતાનું આંતરિક શરીર કહેવાય છે. જ્ઞાનાચાર-દર્શનાચારાદિમાં વીર્યાચાર વણાયેલ હોવા છતાં તે જ્ઞાનાચારાદિનો પ્રાણ છે. તેથી વીર્યાચારને શાસ્ત્રોમાં જ્ઞાનાચારાદિ કરતાં અલગ દેખાડેલ છે. તેમ દ્રવ્યાનુયોગાદિમાં અધ્યાત્માનુયોગ વણાયેલ હોવા છતાં તે દ્રવ્યાનુયોગાદિનો પ્રાણ છે. તેથી આ ગ્રંથમાં દરેક શ્લોકનો આધ્યાત્મિક ઉપનય દર્શાવવા દ્વારા અધ્યાત્મ અનુયોગને અભિવ્યક્ત કરેલ છે. જો કે વ્યુત્પન્ન લોકોને તો શાસ્ત્ર જાતે જ પોતાના આંતરિક શરીરનું વિવરણ = સ્પષ્ટીકરણ કરે છે. તો પણ જે વાચકો તેવા વિચક્ષણ નથી, તેઓના ઉપકાર માટે દરેક શ્લોકમાં છેડે આધ્યાત્મિક ઉપનયને અમે જણાવીએ છીએ. તેથી શ્લોકાર્થ સહિત અધ્યાત્મિક ઉપનયનું **'અધ્યાત્મ અનુયોગ'** - એવું નામ સાર્થક સમજવું. (૧/૧)

એહનો મહિમા કહઈ છઇ –

**વિના દ્રવ્યઅનુયોગવિચાર, ચરણ-કરણનો નહીં ♦કોઈ સાર;**
**સમ્મતિ ●ગ્રંથઈ ભાખિઉં ઈસ્યું, તે તો બુધ-જન-મનમાં વસ્યું ॥૧/૨॥ (૨)**

"દ્રવ્ય-અનુયોગવિચાર વિના કેવલ ચરણસિત્તરી-કરણસિત્તરીનો કોઈ સાર❖ નહીં" - (ઈસ્યું=) એહવું **સમ્મતિ ગ્રંથનઈં** વિષઇં (ભાખિઉં=) ▸ભાખ્યું=◂ કહિઉં, **તે તો બુધ જનના** ▸= પંડિતના જ◂ **મનમાંહિં** ▸= ચિત્તમાં◂ (**વસ્યું=**) વસિઉં, પણિ બાહ્યદષ્ટિના ચિત્તમાં ન વસઇં.

यथा - [1]चरण-करणप्पहाणा,ससमय-परसमयमुक्कवावारा।
चरण-करणस्स सारं, णिच्छयसुद्धं न *जाणंति ।।
(स.त.३/६७) गाथा *सम्मतौ* ॥१/२॥

परामर्शः ऋते द्रव्यानुयोगोहं चरणसप्ततेर्ननु।
सम्मतौ फल्गुता प्रोक्ता प्राज्ञजनमनोगता।।१/२।।

✡ **દ્રવ્યાનુયોગ વિના ચારિત્ર અસાર** ✡

[redacted] :- 'ખરેખર, દ્રવ્યાનુયોગની વિચારણા વિના ચરણસિત્તરીની જે અસારતા **સમ્મતિતર્ક**માં બતાવેલ છે તે પંડિત લોકોના મનમાં રહેલી છે.' (૧/૨)

卐 **જૈનદર્શનની તાત્ત્વિક ઓળખ માટે સર્વદર્શનઅભ્યાસ જરૂરી** 卐

[redacted] :- બૌદ્ધદર્શનના સિદ્ધાન્તને વ્યવસ્થિત જાણવા માટે નૈયાયિક, સાંખ્ય વગેરેના ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરવાની આવશ્યકતા રહેતી નથી. અન્ય દર્શનોનું ખંડન કર્યા વિના ફક્ત નૈયાયિક દર્શનના સિદ્ધાન્તને સારી રીતે સમજવા માટે સાંખ્ય કે બૌદ્ધ વગેરેના ગ્રંથોનું અધ્યયન કરવાની અત્યન્ત જરૂરિયાત રહેતી નથી. કારણ કે બૌદ્ધાદિ દર્શનો નૈયાયિકાદિદર્શનોથી ઘટિત નથી તથા નૈયાયિકાદિ દર્શનો બૌદ્ધાદિદર્શનોથી ઘટિત નથી. પરંતુ જૈન ધર્મના દ્રવ્યાનુયોગમય સિદ્ધાન્તોનો તાત્ત્વિક બોધ મેળવવા માટે બૌદ્ધ, સાંખ્ય, નૈયાયિક વગેરે તમામ ધર્મોના શાસ્ત્રોનું પરિશીલન અનિવાર્ય છે. કારણ કે જૈનદર્શન સર્વદર્શનોના સમ્યક્ મિલનસ્વરૂપ હોવાથી સર્વદર્શનોથી ઘટિત છે.

❁ **નૈશ્ચયિક ચારિત્રને પ્રગટાવીએ** ❁

જો કે જૈન દર્શનનો પ્રાથમિક અભ્યાસ કરવા માટે સર્વ દર્શનોનો અભ્યાસ જરૂરી નથી. તો પણ

---

♦ પુસ્તકોમાં 'કો' પાઠ. કો.(૨)નો પાઠ લીધેલ છે.
● પુસ્તકોમાં 'ગ્રંથે' પાઠ. કો.(૫+૬)માં 'ગ્રંથિ' પાઠ. કો.(૨+૯)નો પાઠ અહીં લીધો છે.
❖ પુસ્તકોમાં 'સાર કોઈ' ક્રમ. સિ.+આ.(૧)નો ક્રમ લીધો છે.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯)+સિ.+આ.(૧)માં છે.
* કો.(૯)+આ.(૧)માં 'ओ लहुंति' પાઠ.
1. चरण-करणप्रधानाः स्वसमय-परसमयमुक्तव्यापाराः। चरण-करणयोः सारं निश्चयशुद्धं न जानन्ति।।

અન્ય દર્શનો અને સર્વ નયોનો જ્યાં સુધી યથાર્થ બોધ ન થાય ત્યાં સુધી જૈન દર્શનના સઘળા સિદ્ધાન્તોનો/સ્યાદ્વાદનો પૂર્ણ પારમાર્થિક નિશ્ચય થવો અશક્યપ્રાયઃ છે. તથા દ્રવ્યાનુયોગમય અનેકાન્તવાદ સ્વરૂપ જૈનદર્શનના મૌલિક સિદ્ધાન્તોનો સર્વાંગીણ પરિચય ન થાય ત્યાં સુધી તારક તીર્થંકર પરમાત્મા ઉપર કે તેના વચન ઉપર તાત્ત્વિક અને સ્થિર શ્રદ્ધા પણ પ્રગટી ન શકે. તથા તેના વિના પારમાર્થિક સમ્યગ્દર્શન પણ આવી ના શકે. તેના વિના તો નૈશ્ચયિક ચારિત્ર પણ દુર્લભ જ છે.

### ❀ ક્રિયા કરતાં જ્ઞાનમાં વિશેષ ઉદ્યમ આવશ્યક ❀

માટે ચારિત્રના મૂળ ગુણ (ચરણસિત્તરી)માં અને ઉત્તર ગુણ(કરણસિત્તરી)માં બાહ્ય ઉદ્યમ કરવાની જેટલી જરૂર છે તેના કરતાં સારભૂત પારમાર્થિક પ્રશમાદિ ગુણસંપન્ન નૈશ્ચયિક સમ્યગ્દર્શનને મેળવવા માટે સેંકડો ગણો આંતરિક ઉદ્યમ કરવાની આવશ્યકતા છે. આવા લક્ષ્યપૂર્વક સ્વદર્શનના શાસ્ત્રોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી, પરદર્શનની પોકળતાને પિછાણી, તેની એકાંતવાદમય માન્યતાઓથી અળગા બની, આદર અને અહોભાવપૂર્વક દ્રવ્યાનુયોગમય ભાવસ્યાદ્વાદસ્વરૂપ શુદ્ધ સિદ્ધાન્તની ત્રિકાલઅબાધ્યતાને મનમાં સ્થિર કરી, તારક તીર્થંકર ભગવંતના પ્રેમ/ભક્તિ/સમર્પણ વગેરેમાં ખોવાઈ જઈ, ગ્રન્થિભેદ કરી, આંતરિક મોક્ષમાર્ગે અવિરતપણે આગેકૂચ કરવા કટિબદ્ધ બનવું એમાં જ જીવનની સાર્થકતા છે. એનો અર્થ એવો ફલિત થાય છે કે બુધ જન તે છે કે જે શુષ્કજ્ઞાની નથી કે ક્રિયાજડ નથી. પરંતુ સમ્યગ્ જ્ઞાન-ક્રિયાઉભયરુચિવાળો છે. તેવા આત્માર્થી બુધજનને જ **તત્ત્વાર્થકારિકા**માં દર્શાવેલ મોક્ષસુખ સુલભ બને. ત્યાં **ઉમાસ્વાતિવાચકે** જણાવેલ છે કે 'મુક્ત જીવોનું સુખ (૧) સંસારના વિષયો કરતાં ચઢિયાતું છે, (૨) શાશ્વત છે, (૩) પીડારહિત છે. તેથી પરમર્ષિઓ મોક્ષસુખને પરમ = સર્વશ્રેષ્ઠ કહે છે.' (૧/૨)

એ કહિઉં, તેહ જ *દઢઇ છઇ :-

**શુદ્ધાહારાદિક તનુ યોગ, મોટો કહિઓ દ્રવ્યઅનુયોગ;**
**એ ઉપદેશપદાદિક ગ્રંથિ✦, ★સાખિ લહી ચાલો શુભ પંથિ ॥૧/૩॥ (૩)**

**શુદ્ધાહાર**-૪૨ દોષરહિત આહાર ઈત્યાદિક **યોગ** છઇ, તે **તનુ** કહેતાં ✤નાન્હા કહિયઇં, ▸કૃશ આચાર છઈ.◂

એહ★ **દ્રવ્યઅનુયોગ**⊞ = ♦દ્રવ્યાદિવિચાર તે નિશ્ચયથી પંચાચારમય છે. તે માટઈ♦ તે **મોટો** યોગ **કહિઓ**. જેહ માટઇં ⧗શુદ્ધાહારાદિક સાધન સ્વાધ્યાયનું જ છઈ.

**એ સાખિ ઉપદેશપદાદિક ગ્રંથઈ લહીનઈ**● □**શુભ પંથિ** = ઉત્તમ ✱માર્ગે **ચાલો**.

બાહ્ય વ્યવહારનેં પ્રધાન કરીનઇં, ☆જ્ઞાનની ગૌણતા કરવી તે ❖અશુભ માર્ગ. જ્ઞાનપ્રધાનતા રાખવી તે ઉત્તમ માર્ગ.

**अत एव** - જ્ઞાનાદિક ગુણ હેતુ ગુરુકુલવાસ છાંડી શુદ્ધાહારાદિયતનાવંતનઇં મહાદોષઇં ચારિત્રહાનિ કહીઇ છઈ.☆

**गुरुदोषाऽऽरम्भितया ♦लध्वकरणयत्नतो निपुणधीभिः।**
**सन्निन्दादेश्च तथा ज्ञायते एतन्नियोगेन ।। (षो.१.९.) *षोडशके* ॥૧/૩॥**

---

**परामर्शः**

**शुद्धोञ्छादिस्तनुर्योग इतरस्तूदितो महान्।**
**उपदेशपदाद्युक्तिं लब्ध्वा चर शुभे पथि।।१/३।।**

---

* કો.(૭+૧૧+૧૨)માં 'દઢાવઈ' પાઠ.
✦ કો.(૨+૧૦)માં 'ગ્રંથ... પંથ' પાઠ. કો.(૪)માં 'ગ્રંથે' પાઠ.
★ સાખિ = સાક્ષી, પ્રમાણ, કથન, પુરાવો (જુઓ - **આરામશોભા રાસમાળા, પ્રાચીન ગુર્જર કાવ્ય, ગુર્જર રાસાવલી, ષડાવશ્યકબાલાવબોધ**)
✤ સિ.માં 'કૃશયોગ' પાઠ. કો.(૯)માં 'કુશ આચારનઈં' પાઠ.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.માં છે.
★ પુસ્તકોમાં 'એહ' નથી. લા.(૨)માં છે. ⊞ પુસ્તકોમાં 'દ્રવ્યાનુયોગ જે સ્વસમય-પરસમયપરિજ્ઞાન તે' પાઠ.
♦...♦ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ સિ.+કો.(૯+૧૩)માં છે.
⧗ મો.(૨)માં 'શુદ્ધાચારાદિક' પાઠ.
● કો.(૧૩)માં 'જાણી શુભપંથ જે દ્રવ્યાનુયોગ માર્ગ તિણે ચાલો' પાઠ.
□ સિ.+કો.(૯+૧૩)+આ.(૧)માં 'શુભ પંથ જે દ્રવ્યાદિવિચાર દ્રવ્યાનુયોગ માર્ગ તિહાં ચાલો' પાઠ.
✱ પુસ્તકોમાં 'માર્ગિ' પાઠ.કો.(૭)નો પાઠ લીધો છે.
☆...☆ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ સિ.+કો.(૯)માં નથી.
❖ કો.(૭+૧૦)માં 'અજ્ઞાનમાર્ગ' પાઠ.
♦ મ.માં '**लध्यक..**' અશુદ્ધ પાઠ.

## ❊ સર્વ અનુયોગોમાં દ્રવ્યાનુયોગ ઉત્તમ ❊

[redacted]:- નિર્દોષ ગોચરી વગેરે ચારિત્રાચાર નાનો યોગ છે. દ્રવ્યાનુયોગ તો તેના કરતાં મહાન કહેવાયેલ છે. આમ **ઉપદેશપદ** વગેરે ગ્રન્થના સાક્ષીવચનને મેળવીને શુભ પંથ ઉપર ચાલો.(૧/૩)

## ❊ સાધુના અશુદ્ધ અનુષ્ઠાનની ઓળખાણ ❊

[redacted]:- સર્વત્ર લાભ-નુકસાનની વિચારકતા એ આંતરવિશુદ્ધિનું - ભાવચારિત્રનું કાર્ય છે. માટે જેની પાસે ભાવસંયમની પરિણતિ હોય તે વ્યક્તિ ક્યારેય પણ ઘણા નુકસાનના ભોગે થોડો લાભ મેળવવા હરગિજ તૈયાર ન થાય. જેમ કે નિર્દોષ જમીનમાં કાપનું પાણી પરઠવવાના આચારનું = પારિષ્ઠાપનિકા સમિતિનું પાલન જાહેરમાં લોકોની સતત અવર-જવરવાળી જગ્યામાં કે જિનધર્મદ્વેષીના આંગણા વગેરેમાં એવી રીતે કરે કે જેથી એ આચારને જોનારા લોકો બોધિદુર્લભ બને, જિનશાસનની કે સાધુની નિંદા કરે તો તેના દ્વારા જાણી શકાય કે એ સંયમાચાર નિયમા અપરિશુદ્ધ અનુષ્ઠાનસ્વરૂપ છે તથા તેવી પ્રવૃત્તિ કરનાર સાધુ પાસે ભાવસંયમ ગેરહાજર છે. શાસનહીલના થાય તેવી પ્રવૃત્તિ કરવી તે અશુદ્ધ આત્મપરિણતિનું જ કાર્ય છે. આંતરિક અપરિશુદ્ધ પરિણામ દ્વારા જન્ય હોવાથી બાહ્ય રીતે શુદ્ધ સંયમાચાર તરીકે જણાવા છતાં તે અનુષ્ઠાન મલિન જ જાણવું. તે જ રીતે ગુરુની આજ્ઞા માને નહિ અને બીજી બાજુ નિર્દોષ ગોચરી-પાણીની ખૂબ ગવેષણા કરે. મોટી તપશ્ચર્યાઓ કરી લોકોને વશ કરી પૈસા કઢાવે. એક બાજુ ગુરુની ખૂબ સેવા કરે અને બીજી બાજુ ગુરુની લઘુતા થાય એવા કામ કરે. એક તરફ ગુરુનો ખૂબ અવિનય-આશાતના કરે અને પછી ગુરુના પગ દાબવા બેસે. ખરેખર 'ખાળે ડૂચા અને દરવાજા મોકળા' - એવી આ દશા મલિન આશયથી ઉત્પન્ન થવાથી કેવળ અશુદ્ધ અનુષ્ઠાનની ઘોષણા કરે છે. જેમ કુલટા સ્ત્રી પોતાનો વ્યભિચાર-દુરાચાર ઢાંકવા પતિની બહારથી ખૂબ સેવા કરે - તેવું અહીં સમજવું.

## ✡ શ્રાવકના અશુદ્ધ અનુષ્ઠાનની નિશાની ✡

આ જ રીતે શ્રાવકવર્ગમાં પણ એક બાજુ હોટલમાં દારૂ ઢીંચીને, માંસ-ઈંડા ખાઈને આવે અને ઘરમાં તિથિના દિવસે શ્રાવિકાએ ભૂલથી લીલું શાક રાંધ્યું હોય તો તેનો ઉધડો લઈ લે. એક બાજુ ઘરવાળી સાથે મોટેથી ઝઘડો કરે અને પછી સામાયિક લઈને ધાર્મિક તરીકે પોતાની છાપ ઉપજાવે. બજારમાં ભારોભાર અનીતિ કરે, માલમાં ભેળસેળ કરી બીજાના જીવન સાથે રમત રમે, ઉઘરાણી ચૂકવે નહિ, વહુઓને ત્રાસ આપે, પુત્રવધુ સાથે છેડતી કરે, અનેકના શ્રાપ-નિસાસા લે અને એકાદ કીડી મરી જાય તેની મોટી બૂમાબૂમ કરી મૂકે. એક બાજુ એબોર્શન-ગર્ભપાત કરાવે અને બીજી બાજુ જાહેરમાં 'એગિંદિયા, બેઈંદ્રિયા...' મોટેથી બોલે અથવા વર્ષીતપ કરીને ધર્મી તરીકે પોતાની હવા ઊભી રાખે. ખાનગીમાં વેશ્યાગમન, પરસ્ત્રીગમન કરે અને પર્યુષણમાં અઢાઈ કરીને ધર્મી તરીકેની વાહ-વાહ લઈ લે. આ શ્રાવક જીવનની અપેક્ષાએ અશુદ્ધ અનુષ્ઠાન કહેવાય. તાત્પર્ય એ છે કે એક બાજુ ધર્મ કરે પણ બીજી બાજુ નિઃશંકપણે ભરપૂર પાપ કરે તો તેનો ધર્મ પણ અશુદ્ધ બને. તેથી સાધકે તેવી પાપક્રિયાને છોડવી.

## ❁ સાચો સાધુ નિંદા ન કરે ❁

આ રીતે જેની પાસે આંતર ચારિત્રપરિણામ હોય તેને વિશિષ્ટ આત્મગુણોનો આસ્વાદ થયેલો હોવાના કારણે તે કદાપિ સાધુ-શ્રાવક આદિની નિંદા, ગર્હા, દ્વેષ વગેરે કરી ન શકે. અમૃતના ઘૂંટડા પીનારને ઝેરના ઓડકાર ક્યારે પણ ન આવે. તેથી વિના સંકોચે જાહેરમાં સાધુ-શ્રાવક વગેરેની નિંદા કરનારના બહારથી ઉગ્ર દેખાતા ચારિત્રાચાર અપરિશુદ્ધ અનુષ્ઠાન જ જાણવા. શાસનહીલના, સાધુનિંદા વગેરે કાર્યનું કારણ તો આંતરિક મલિન પરિણતિ જ છે. મલિનતર આશયથી જન્ય હોવાના લીધે, બહારથી શુદ્ધ જણાતી એવી પણ સંયમચર્યા અવશ્ય અપરિશુદ્ધ-મલિન છે. આશય એ છે કે પોતાના સંયમાચારને પરિશુદ્ધ બનાવવા ક્યારેય પણ સામ્પ્રદાયિક વ્યામોહ, કાનભંભેરણી વગેરેના લીધે શાસનઅપભ્રાજના, સાધુનિંદા વગેરે ઝેરી પ્રદૂષણોનો આશરો ભૂલે ચૂકે પણ ન લેવાઈ જાય તે માટે પ્રત્યેક ભવભીરુ સંયમીએ કાળજી રાખવી. અન્યથા અધ્યાત્મ જગતમાં દેવાળીયા બનવું પડે.

## ❁ વિવેકદૃષ્ટિને અપનાવીએ ❁

તેમજ પ્રસ્તુત ગાથાથી બીજી વાત એ પણ સૂચિત થાય છે કે જો આપણે પંડિતકક્ષા મેળવવી હોય તો જેઓ શાસનહીલના, સાધુનિંદા વગેરે તેજાબી પ્રવૃત્તિમાં ગળાડૂબ બનેલા છે, તેઓના બાહ્ય સંયમાચારો, વિધિ, યતના વગેરેથી યુક્ત દેખાવા માત્રથી કે તેમની દેશનામાં શાસ્ત્રીયતા વગેરે ભાસવા માત્રથી તેઓને શુદ્ધ સંયમી માની લેવાની ગંભીર ભૂલ કદાપિ ન કરવી. **વિનયરત્ન, અંગારમર્દક આચાર્ય** વગેરે દૃષ્ટાંતોને વિવેકદૃષ્ટિએ વિચારવાથી પ્રસ્તુત હકીકત સમજી શકાય તેવી છે. વર્તમાનકાળમાં પ્રસ્તુત આધ્યાત્મિક તાત્પર્યાર્થની વ્યાપક અને વિશદ જાણકારી ઘણી આવશ્યક જણાય છે. આ રીતે પંડિતકક્ષાની પરાકાષ્ઠા પ્રાપ્ત થાય તો જ **પ્રબોધચિંતામણિ**માં વર્ણવેલ સિદ્ધસ્વરૂપ સુલભ બને. ત્યાં **શ્રીજયશેખરસૂરિજી**એ જણાવેલ છે કે 'અનંત દર્શન-જ્ઞાન-શક્તિ-આનંદસ્વરૂપ અમૃતનો આસ્વાદ કરનારા નિર્ભય એવા તે સિદ્ધાત્મા ત્યાં સિદ્ધશિલામાં અનંત કાળ સુધી સુખને માણશે.' (૧/૩)

**એ ♦યોગઈ જો✡ લાગઈ રંગ, આધાકર્માદિક નહીં ભંગ;**
**પંચકલ્પભાષ્યઈં ઇમ ભણિઉં✦, સદ્ગુરુ●પાસઈં ઈસ્યું મિં❖ સુણિઉં ॥૧/૪॥ (૪)**

**એ ♦યોગઈ** = દ્રવ્યાનુયોગવિચારરૂપ જ્ઞાનયોગઈ✠, **જો રંગ**⸸ અસંગ-સેવારૂપ **લાગઈ** ▸તો ગુરુકુલવાસઈ◂ સમુદાયમધ્યે જ્ઞાનાભ્યાસ કરતાં ▸અણસીદાવવાનૈ એક □ક્ષેત્રાદિકમાં રહેતાં◂ કદાચિત્ **આધાકર્માદિક** દોષ લાગઈ, તોહિ ચારિત્ર**ભંગ★ ન** હોઈ, ભાવશુદ્ધિ બલવંત છઈ તેણઈ.

**ઈમ પંચકલ્પભાષ્યઈં** ભણિઉં, ■'[1]**आयण्णया महाणो कालो**' (पञ्चकल्पभाष्य-१६१६) ઈત્યાદિગ્રંથે■ તથા **(ઈસ્યું મિં) સદ્ગુરુ પાસઈ (સુણિઉં=)** સાંભલિઉં *છે ગ્રંથથી*.

**अत एव** કલ્પ્યાકલ્પ્યનો અનેકાંત શાસ્ત્રઈં કહિઓ છઈ :-

**✳[2]अहाकम्माणि♦ भुंजंति अण्णमण्णे सकम्मुणा।**
**उवलित्ते वियाणिज्जा अणुवलित्ते त्ति वा पुणो।।**

**[3]एएहिं दोहिं ठाणेहिं ववहारो ण विज्जई।**
**एएहिं दोहिं ठाणेहिं अणायारं तु जाणए।।** (सू.कृ.श्रुतस्कन्ध २.५.८,९) ***सूत्रकृताङ्गे।***

---

♦ પુસ્તકોમાં 'યોગિં' પાઠ. કો.(૧)માં 'જોગઈ' પાઠ. કો.(૫)+લા.(૧-૨)+કો.(૭)માં 'યોગઈં' પાઠ. કો.(૧૩)માં 'યોગે' પાઠ.

✡ કો.(૩)માં 'જે' પાઠ.

✦ સિ.+કો.(૨+૯)માં '..ભણ્યું... પાસેથી મે સુણ્યું' પાઠ.

● પુસ્તકોમાં 'પાસ' પાઠ. કો.(૪+૫)નો પાઠ લીધો છે.

❖ પુસ્તકોમાં 'મેં' પાઠ.કો.(૬+૮+૯)માં 'મિં' પાઠ.

✠ સિ.માં 'તેહનઈં રંગઈં તે અણસીદાવવાનઈં એક ક્ષેત્રાદિકમાં રહતાં આધાકર્માદિકઈં પણિ ભંગ ન હોઈ એહવું પંચકલ્પભાષ્યઈં કહિઉં છઈં' પાઠ.

⸸ મો.(૨)માં 'અભંગ' પાઠ.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯+૧૨)+સિ.+P(૩)+ આ.(૧)+લી.(૧+૨+૩)માં છે.

□ કો.(૧૩)માં 'એક ક્ષેત્રે રહેં તો આધાકર્માદિકે પિણ ભંગ ન હોઈ એહવું પંચકલ્પભાષ્યે કહિઉં છે' પાઠ.

★ મો.(૨)માં 'ચારિત્રરંગ' અશુદ્ધ પાઠ.

■...■ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯+૧૨)+સિ.+આ.(૧)માં છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૧૩)માં છે.

✳...✳ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ સિ.+કો.(૯)માં નથી.

♦ પુસ્તકાદિમાં 'आहागडाइं' પાઠ છે.

1. आकीर्णता महाजनः कालः।
2. आधाकर्माणि भुञ्जन्ते अन्योऽन्यं स्वकर्मणा। उपलिप्तान् विजानीयाद् 'अनुपलिप्तान्' इति वा पुनः।।
3. आभ्यां द्वाभ्यां स्थानाभ्यां व्यवहारो न विद्यते। आभ्यां द्वाभ्यां स्थानाभ्याम् अनाचारं तु विजानीयात्।।

किञ्चिच्छुद्धं कल्प्यमकल्प्यं स्यात् स्यादकल्प्यमपि कल्प्यम्।
पिण्डः शय्या वस्त्रं पात्रं वा भेषजाद्यं वा।। (प्रशमरति - १४५)
देशं कालं पुरुषमवस्थामुपयोग(? मुपघात)*शुद्धपरिणामान्।
प्रसमीक्ष्य भवति कल्प्यं नैकान्तात् कल्पते कल्प्यम्।। (प्र.र.१४६) *प्रशमरतौ** ॥१/४॥

परामर्शः द्रव्यानुयोगरङ्गश्चेदाधादौ चरणाऽक्षयः।
पञ्चकल्पादिभाष्योक्तः गुरुभ्यश्च श्रुतो मया।।१/४।।

### ❀ ક્રિયાશુદ્ધિ કરતાં ભાવશુદ્ધિ બળવાન ❀

**શ્લોકાર્થ** :- જો દ્રવ્યાનુયોગમાં રંગ લાગે તો આધાકર્મ વગેરે દોષ લાગવા છતાં ચારિત્રનો નાશ થતો નથી - આમ **પંચકલ્પભાષ્ય** આદિમાં જણાવેલ છે અને સદ્ગુરુઓ પાસેથી મેં સાંભળેલ છે. (૧/૪)

### ✽ અવસરે ડાયવર્ઝન પણ આવકાર્ય ✽

**આધ્યાત્મિક ઉપનય** :- જિનાજ્ઞા મુજબ નિર્દોષ ગોચરીચર્યા વગેરે ચારિત્રાચાર પાળીને, ભણવાની શક્તિ વિશિષ્ટ પ્રકારની હોય તો આત્માદિ દ્રવ્ય, તેના ગુણ-પર્યાય વગેરેની સાચી સમજણ મેળવવા દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવો જોઈએ. આ ઉત્સર્ગમાર્ગ છે. પણ નિર્દોષ ગોચરીચર્યા વગેરે સાધ્વાચાર કટ્ટરતાથી પાળવા જતાં ઓછી ગોચરી મળવાથી અને તેમાં વધુ પડતો સમય ફાળવવાથી થાક-નબળાઈ વગેરેના લીધે દ્રવ્યાનુયોગનો અભ્યાસ થઈ શકતો ન હોય તો ઓછામાં ઓછા દોષ લાગે તેની કાળજી રાખી ગુરુગમથી દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવામાં લીન બનવું. આ અપવાદમાર્ગ છે. નેશનલ હાઈવે ઉપર વાહન ચલાવવામાં નુકસાની ઊભી થાય તેવા સંયોગમાં ડાયવર્ઝન માર્ગે વાહનને ચલાવવામાં આવે છે. આ રીતે ડાયવર્ઝન રસ્તે વાહન ચલાવવું તે ગુનો નથી ગણાતો. ડાયવર્ઝન માર્ગ પૂરો થાય એટલે ફરીથી નેશનલ હાઈવે ઉપર વાહન ચલાવવામાં આવે છે. વાહનચાલકને ડાયવર્ઝનમાર્ગે વાહન ચલાવવામાં રસ પણ નથી હોતો. લાચારીથી નાછૂટકે ચલાવવું પડે છે. નેશનલ હાઈવે ઉપર ગાડી ચલાવી શકાય તેમ ન હોય અને ડાયવર્ઝનના માર્ગે પણ ગાડી ચલાવવા ડ્રાઈવર તૈયાર ન થાય અને ગાડીને ત્યાં જ ઊભી રાખી મૂકે તો રાત્રે ગાડીમાંનો માલ લુંટારા વગેરે દ્વારા ચોક્કસ લૂંટાઈ જાય કે હિંસક પ્રાણી વગેરેનો ઉપદ્રવ થાય - તેવું ચલાવી ન શકાય. પ્રસ્તુતમાં નેશનલ-હાઈવે = નિર્દોષ ગોચરીપાણી વગેરે ચારિત્રાચારના ચુસ્ત પાલન સાથે દ્રવ્યાનુયોગનો તલસ્પર્શી અભ્યાસ. ડાયવર્ઝન માર્ગ = જયણાપૂર્વક દોષિત ગોચરી વાપરી દ્રવ્યાનુયોગસ્વાધ્યાયમાં લીનતા. ગાડી = શરીર. ડ્રાઈવર = સાધુ. ગાડી ઊભી રાખવી = દોષિત ગોચરી વાપરવાનો ત્યાગ. માલ = પૂર્વે ભણેલ જ્ઞાનાદિ. લૂંટાઈ જવું = ભૂલાઈ જવું. હિંસક પ્રાણી વગેરેનો ઉપદ્રવ = થાક-અશક્તિ-માંદગી-મૂર્છા-મરણ-અવિરતિ-તિર્યંચાદિ ગતિ વગેરે. ગુનો ન ગણાવો = તથાવિધ પ્રાયશ્ચિત્ત ન આવવું. આ રીતે આગમાનુસારે અર્થની સંકલના કરી વિજ્ઞ વાચકવર્ગે ફરીથી ઉપરોક્ત દૃષ્ટાંત વાંચી જવું. જેથી પદાર્થ સ્પષ્ટ થઈ જાય.

★ ફક્ત લા.(૨)માં 'शुद्ध' પાઠ. પુસ્તકોમાં 'शुद्धि' પાઠ.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ સિ.+કો.(૯)માં નથી.

### ❀ ધન્યવાદપાત્ર કર્તવ્ય બજાવીએ ❀

તેથી આત્માર્થી બનીને, દેહાદિ જડ દ્રવ્યોથી પોતાની જાતને પ્રતિપળ જુદી તારવી લેવાના પવિત્ર આશયથી દ્રવ્યાનુયોગનો ઊંડો અભ્યાસ કરવામાં લીનતા લાવવી. પરદ્રવ્ય-પરસ્વભાવ-પરદ્રવ્યક્રિયા -પરદ્રવ્યગુણ-પરપર્યાય વગેરેમાં ક્યાંય કર્તૃત્વભાવ-ભોક્તૃત્વભાવ લાવ્યા વિના કે તેમાં મમત્વબુદ્ધિથી લેપાયા વગર, સંયમસાધનભૂત શરીર-ઈન્દ્રિય વગેરેની અપેક્ષિત અસંગભાવથી સારસંભાળ કરવી. તથા અસંગ સાક્ષીભાવે વિવિધ ઘટનાઓના વરઘોડામાંથી પસાર થઈ પરમાત્મદ્રવ્યમાં કે પરમાત્માથી અભિન્ન સ્વઆત્મદ્રવ્યમાં સદા રમણતા રાખવી એ જ ચારિત્રનું ફળ છે. આ ફળ મળે તો આપણે મંજિલે પહોંચ્યા કહેવાઈએ અને ગાડી (શરીર) ચલાવવાની મહેનત સાર્થક થઈ કહેવાય. ગાડીને ફેરવવા માટે ગાડી ચલાવવાની નથી પણ મંજિલે સલામત રીતે પહોંચવા માટે ગાડી ચલાવવાની છે. તેમ દીક્ષા લઈને નિર્દોષ ગોચરી વાપરવા માટે સંયમજીવન જીવવાનું નથી. તથા સ્વાધ્યાયાદિ કર્યા વિના ફક્ત જીવવા માટે, કોઈએ લાવેલી નિર્દોષ ગોચરી વાપરીને સમુદાયમાં કેવળ લીલાલહેર કરવાની નથી. પણ હિંસાદિનિવૃત્તિ અને દ્રવ્યાનુયોગાદિપ્રવૃત્તિ ઉભયસ્વરૂપ ચારિત્રને પાળવા માટે તથા ઉપરોક્ત ચારિત્રફળ મેળવવા માટે શરીરરૂપી ગાડીને ચલાવવાની છે.

### ❀ દ્રવ્યાનુયોગની ઉપેક્ષા એ મૂર્ખામી ❀

નેશનલ હાઈવે ઉપર ગાડી ચલાવી શકાય તો ઉત્તમ. પરંતુ તેમ ન બને તો ડાયવર્ઝન માર્ગે પણ ગાડીને ચલાવીને સલામતપણે મંજિલને ઝડપથી મેળવી લેવી એ ઠરેલ ડહાપણભરેલું ધન્યવાદપાત્ર કર્તવ્ય છે. નેશનલ હાઈવે ઉપર ગાડી ચાલી શકે તેમ હોય છતાં બિનજરૂરી નવો ડાયવર્ઝન ( = શિથિલાચાર) પોતાની જાતે ઊભો કરવામાં શક્તિ બરબાદ કરી માર્ગભ્રષ્ટ અને મંજિલભ્રષ્ટ થવું તે તો મૂર્ખામી છે જ. પરંતુ નેશનલ હાઈવે બંધ હોય તથા ડાયવર્ઝન માર્ગે ગાડી ચલાવવાની તૈયારી ન હોય અને મંજિલે પહોંચ્યા વિના જ મરી જવું, લૂંટાઈ જવું તે પણ નરી મૂર્ખામી જ કહેવાય. આ કાળમાં આ બાબત ઉપર વર્તમાનકાલીન સંયમીઓએ ખાસ ધ્યાન આપવું. દ્રવ્યાનુયોગના જ્ઞાનથી **દીપોત્સવકલ્પ**માં કલિકાલસર્વજ્ઞ શ્રી**હેમચંદ્રસૂરિજી**એ દર્શાવેલ અનંતસુખવાળો મોક્ષ નજીક આવે છે. (૧/૪)

**બાહ્યક્રિયા ⁸છઈ ★બાહિર યોગ, અંતર ક્રિયા દ્રવ્ય-અનુયોગ;**
**બાહ્યહીન પણિ જ્ઞાનવિશાલ, ભલો કહ્યો♦ મુનિ ઉપદેશમાલ ॥૧/૫॥ (૫)**

બાહ્યક્રિયા✡ = આવશ્યકાદિરૂપ (બાહિર=) બાહ્ય યોગ છઈ, ▸पुद्गलप्रवृत्तेः।◂ દ્રવ્યઅનુયોગ = સ્વસમયપરિજ્ઞાન. તે ✦અંતર ક્રિયા છઈ, ▸आत्मनि प्रवृत्तेः।◂

બાહ્યક્રિયાઈ હીન□ પણિ જે જ્ઞાનવિશાલ● મુનીશ્વર, તે (મુંનિ) ઉપદેશમાલા મધ્યે ભલો = *વૃદ્ધ* કહ્યો❖ છઈ.

यतः – [1]नाणाहिओ वरतरं हीणो वि हु पवयणं पभावंतो ।
ण य दुक्करं करिंतो सुट्ठु वि अप्पागमो पुरिसो ।। (उ.माला. ४२३)

तथा – [1]हीणस्स वि सुद्धपरूवगस्स नाणाहियस्स कायव्वं । (उ.माला.३४८)

તે માટઈ - ક્રિયાહીનતા દેખીનઈં પણિ જ્ઞાનવંતની અવજ્ઞા ન★ કરવી, તે જ્ઞાનયોગઈ કરી પ્રભાવક જાણવો. ॥૧/૫॥

---

**परामर्शः**

**बाह्यक्रिया बहिर्योगश्चाऽन्तरङ्गो ह्ययं श्रुतः।**
**बाह्यहीनः श्रुतोदारो धर्मदासोदितो महान्।।१/५।।**

---

### 卐 ક્રિયા બહિરંગ, દ્રવ્યાનુયોગ અંતરંગ 卐

[redacted]:- બાહ્ય ક્રિયા બાહ્ય યોગ છે. તથા પ્રસ્તુત દ્રવ્યાનુયોગ જ અંતરંગ યોગ છે. એવું શાસ્ત્રમાં સાંભળેલ છે. **ધર્મદાસગણીએ ઉપદેશમાલા** ગ્રંથમાં કહેલ છે કે 'બાહ્ય યોગથી હીન હોવા છતાં જેનું શ્રુતજ્ઞાન વિશાળ હોય તે સાધુ મહાન છે.' (૧/૫)

---

⁸ મો.(૨)માં 'નૈ' અશુદ્ધ પાઠ.
★ આ.(૧)માં 'બાહરિ' પાઠ.
♦ પુસ્તકોમાં 'કહિઓ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.
✡ પુસ્તકોમાં 'બાહ્યયોગ' પાઠ. આ.(૧)+લી.(૧)+કો.(૧૦)+લા.(૨)નો પાઠ લીધો છે.
✦ પુસ્તકોમાં 'અંતરંગ' પાઠ. કો.(૭+૧૦)નો પાઠ અહીં લીધો છે.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+કો. (૩+૪+૯+૧૩)+ આ.(૧)માં છે.
□ મો.(૨)માં 'નહિ' પાઠ.
● કો.(૧૩)+સિ.માં 'જ્ઞાનવૃદ્ધ ઉત્કૃષ્ટો કહિઉં' પાઠ.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+કો.(૯+૧૩)+ આ.(૧)માં છે.
❖ પુસ્તકોમાં 'કહિઓ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.
★ મો.(૨)માં 'ન' પાઠ નથી.

1. ज्ञानाधिकः वरतरं हीनोऽपि हि प्रवचनं प्रभावयन्। न च दुष्करं कुर्वन् सुष्ठु अपि अल्पागमः पुरुषः।।
2. हीनस्यापि शुद्धप्ररूपकस्य ज्ञानाधिकस्य कर्तव्यम्। जनचित्तग्रहणार्थं कुर्वन्ति लिङ्गावशेषेऽपि।।

### ❁ આત્મદશા ઊંચી લાવો ❁

[redacted]:- "આત્માર્થી સાધકે આત્માદિ દ્રવ્યનું તલસ્પર્શી જ્ઞાન મેળવવાની ઉપેક્ષા કરીને જડતાથી બાહ્ય આચારમાં અટવાઈ જવું ન જોઈએ. પણ પોતાની શક્તિ મુજબ ઉત્સર્ગ-અપવાદ, જ્ઞાન-ક્રિયા, નિશ્ચય-વ્યવહાર, સ્વદર્શન-પરદર્શન, દ્રવ્યાનુયોગ-ચરણ-કરણાનુયોગ વગેરેનો વ્યાપક બોધ મેળવી સ્વભૂમિકાયોગ્ય સાધનામાં લાગી જવું જોઈએ. તથા પોતાને જે સમજાયેલ છે તેટલો જ શાસ્ત્રનો અર્થ નથી પણ 'મારી વર્તમાન આત્મદશા મુજબ મને આટલું સમજાય છે' - એવું સ્વીકારીને ઉચ્ચતમ શાસ્ત્રીય પરમાર્થની પ્રાપ્તિ માટે તથા પોતાની આત્મદશાને ઊંચી લાવવા વિનય-વિવેક-વૈરાગ્ય-વૈયાવચ્ચ -વિનમ્રતા-વિમલજ્ઞાન આદિ આત્મસાત્ કરવા લાગી જવું.

### ❁ 'જ્ઞાન'પદાર્થનું સ્પષ્ટીકરણ ❁

પ્રસ્તુતમાં 'જ્ઞાન' શબ્દથી ફક્ત શાસ્ત્રબોધને કે શાસ્ત્રીયપદાર્થની સમજણને પકડી લેવાની ઉતાવળ ન કરવી. અર્થાત્ જ્ઞાન એટલે ફક્ત શાસ્ત્રબોધ જ નહિ. પરંતુ દ્રવ્યાનુયોગ વગેરેના પરિશીલનથી સાક્ષાત્ કે પરંપરાએ જ્ઞાનાવરણ અને મોહનીય કર્મનો જે વિશિષ્ટ ક્ષયોપશમ થાય છે, તે ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલ ભાવનાગર્ભિત ગુણપરિણતિને જ અહીં 'જ્ઞાન' શબ્દના અર્થ તરીકે સમજવી. આ જ અભિપ્રાયથી **શ્રીહરિભદ્રસૂરિજીએ ધર્મબિંદુ**માં જણાવેલ છે કે 'ભાવનાથી વણાયેલું જ્ઞાન એ જ પરમાર્થથી જ્ઞાન છે.'

### ❁ શાસ્ત્રના પરમાર્થને મેળવીએ ❁

તેથી આત્માર્થી જીવે આવા પ્રકારની નિર્મળ ગુણપરિણતિને ધરાવનારા સંવિગ્ન ગીતાર્થ મહાત્માઓ પાસેથી વિનયપૂર્વક શાસ્ત્રના પદાર્થથી માંડીને પરમાર્થને મેળવવા કટિબદ્ધ થવું જોઈએ. તથા કર્મવશ આચારમાં ઢીલા હોવા છતાં જેઓ શાસ્ત્રબોધથી સમૃદ્ધ હોય તેવા સંવિગ્નપાક્ષિકની સેવા કરીને તેમની પાસેથી પણ ઐદંપર્યાર્થ સુધીનો આગમબોધ મેળવવા તત્પર રહેવું જોઈએ" - આ મુજબ તીર્થંકર ભગવંતોએ મોક્ષમાર્ગ બતાવેલ છે. એનાથી ફલિત થાય છે કે જ્ઞાનહીન આચારવાળા સાધક કરતા સંવેગી આચારહીન જ્ઞાની-આત્મજ્ઞાની સારા. તથાવિધ શુદ્ધાત્મજ્ઞાનના બળથી સિદ્ધસુખ અત્યંત નજીક આવે. **પ્રવચનસાર** ગ્રંથમાં સિદ્ધસુખને આ રીતે જણાવેલ છે કે 'શુદ્ધોપયોગથી નિષ્પન્ન થયેલા સિદ્ધ ભગવંતોનું સુખ સાંસારિક સુખથી ચઢિયાતું, આત્મદ્રવ્યજન્ય, અતીન્દ્રિય, અનુપમ, અનંત અને અવિચ્છિન્ન હોય છે.' (૧/૫)

કોઈક કહસ્યઇં - "જે ક્રિયાહીન જ્ઞાનવંતનઈં ભલો કહિઓ, તે દીપકસમ્યક્ત્વની અપેક્ષાઈં, પણિ ક્રિયાની હીનતાઈં જ્ઞાનથી પોતાનો ઉપકાર ન હોવઇ." તે શંકા ટાલવાનઈં "દ્રવ્યાદિક જ્ઞાન જ♦ શુક્લધ્યાન દ્વારઇં મોક્ષકારણ. માટઈં ઉપાદેય છઈ" - ઈમ કહઇ છઈ :-

**દ્રવ્યાદિકચિંતાઈં સાર, શુક્લધ્યાન પણિ ✡લહિયઈં પાર;**
**તે માટઈં એહ જ આદરો, સદ્ગુરુ વિણ ૪મત ભૂલા ફિરો ॥૧/૬॥ (૬)**

દ્રવ્યાદિકની ચિંતાઈં = ▸દ્રવ્ય-ગુણ-પર્યાયની વિચારણાયૈં પૃથક્ત્વવિતર્ક સવિચારાદિ◂ (સાર) શુક્લધ્યાનનો પણિ પાર (લહિયઈ=) પામિઈ, *જે માટઈં આત્મદ્રવ્ય-ગુણ-પર્યાયની ભેદચિંતાઇં શુક્લધ્યાનનો પ્રથમ પાદ※ હોઈ અનઇં તેહની અભેદચિંતાઇં દ્વિતીય પાદ હોઈ.

તથા શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયની ભાવનાઇં 'સિદ્ધસમાપત્તિ' હોઈ. તે❒ તો શુકલ ધ્યાનનું ફલ છઈ.*

***પ્રવચનસારે***ऽप्युक्तम् - [1]जो जाणदि अरिहंते दव्वत्त-गुणत्त-पज्जयत्तेहिं ।
सो जाणदि ■अप्पाणं मोहो खलु जादि तस्स लयं ।। (प्र.सा.१.८०)

**તે માટઈં એહ જ** દ્રવ્યાનુયોગ **આદરો** = ▸સેવો◂.

પણિ ▸અતિપરિણામી થઈ જ્ઞાનાદ્વૈતવાદીના મતમાં પિસી શ્રી◂**સદ્ગુરુ (વિણ=)** વિના સ્વમતિકલ્પનાઈં **ભૂલા (મત=)** મ **(ફિરો=)** ફિરસ્યો.★ ▸સર્વનયજ્ઞ ગુરુ કહિં તિમ વિચારશ્યો.◂ ॥૧/૬॥

---

**परामर्शः**

**द्रव्यादिचिन्तया पारः शुक्लस्याऽपि हि लभ्यते।**
**तस्मात् सेवध्वमेवेमं मा भ्रमत गुरुं विना।।१/६।।**

---

**※ દ્રવ્યાનુયોગી : શુક્લધ્યાનપારગામી ※**

[illegible] :- દ્રવ્યાદિની વિચારણાથી સુંદર એવા શુક્લધ્યાનનો પણ પાર પમાય છે. તેથી એ દ્રવ્યાનુયોગને જ આદરો. સદ્ગુરુ વિના ભૂલા ભટકો નહિ. (૧/૬)

---

♦ કો.(૧૨)માં 'જે' પાઠ.
✡ કા.+શાં.માં 'લહિઈ' પાઠ. કો.(૩)નો પાઠ લીધો છે.
૪ મો.(૨)માં 'મત' પાઠ નથી.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+કો.(૯+૧૩)+આ.(૧)માં છે.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ સિ.+કો.(૯)માં નથી.
※ 'પ્રથમભેદ' પાઠ શાં.+ધ.+મ.માં છે. લી.(૧+૨+૩)+કો.(૧૨)+ P(૩+૪)+મો(૧)+પા.નો પાઠ લીધેલ છે.
❒ ધ.માં 'તો તે' પાઠ છે.
■ મો.(૨)માં 'आणं'. ★ ફિરસ્યો = ભટકશો - આધારગ્રંથ- ગુર્જરરાસાવલી પ્રકા. ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યુટ, બરોડા.
1. यो जानाति अर्हन्तं द्रव्यत्व-गुणत्व-पर्यायत्वैः। सः जानाति आत्मानं मोहः खलु याति तस्य लयम्।।

## ❋ ધ્યાન, ધ્યાનધારા, ધ્યાનાન્તરિકાને ઓળખીએ ❋

[redacted] :- **સમ્મતિતર્ક, ભગવતીસૂત્ર, ઠાણાંગજી, સમવાયાંગજી, ધ્યાનશતક** આદિ ગ્રંથોની **વ્યાખ્યા**નું તાત્પર્ય પ્રસ્તુતમાં એ રીતે સમજી શકાય તેમ છે કે સ્વઆત્મદ્રવ્યમાં મુક્તિપર્યાયની ઉત્પત્તિ, સંસારપર્યાયનો વિનાશ અને શુદ્ધ આત્મદ્રવ્યત્વસ્વરૂપે ધ્રૌવ્ય - આ ત્રણેયને દર્શાવનારા આગમિક પદમાં કે પદાર્થમાં મન-વચન-કાયાને એકાગ્રપણે જોડી રાખવાનો પ્રામાણિકપણે પુરુષાર્થ કરવો. આ રીતે શુક્લધ્યાનના પ્રથમ ભેદને પરિપક્વ બનાવીને સાંસારિક ભાવોથી ઉદાસીન બનીને, શુક્લધ્યાનના બીજા પ્રકારમાં સ્થિર બની, ક્ષપકશ્રેણિ માંડી ઘાતિકર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન વહેલી તકે પ્રાપ્ત કરી લેવું. જો ઉપરોક્ત રીતે એક જ આગમિક પદમાં કે પદાર્થમાં મન-વચન-કાયા સ્થિર ન રહી શકે તો તેવા આગમિક પદમાંથી આધ્યાત્મિક પદાર્થમાં જવું, પદાર્થમાંથી પદમાં જવું. તેમાં પણ મન લાંબો સમય સ્થિર ન રહે તો આધ્યાત્મિક પદાર્થમાંથી મનને ખસેડી તે આધ્યાત્મિક પદાર્થના દર્શક આગમિક પદને રટવામાં વચન યોગને એકાગ્રપણે શ્રુતજ્ઞાનના બળથી જોડી રાખવો. એકલા વચનયોગની સ્થિરતા લાંબો સમય ન ટકે તો આંગળીના વેઢા ઉપર અંગુઠાને ફેરવતા રહી સંખ્યાની ગણતરી કરવા પૂર્વક તે - તે પદોને જીભથી રટવામાં કે મનથી યાદ કરવામાં એકાગ્ર બનવું. હાથ થાકે તો એકલા મનથી ફરી એક વાર તે તે આધ્યાત્મિક પદાર્થમાં લીન બનવા પ્રયત્ન કરવો.

## ❦ ધ્યાનસંસ્કારનો પ્રભાવ ❦

આ રીતે વર્તમાનમાં પણ સાધક પુરુષોએ આગમબોધ મુજબ યથાશક્તિ આ રીતે ધ્યાનાભ્યાસમાં લીન બનવું જોઈએ. ધ્યાનાભ્યાસના સંસ્કાર બળવાન બનાવેલ હોય તો ભવાંતરમાં પણ મનની એકાગ્રતા, ચિત્તપ્રસન્નતા, શાસ્ત્રબોધ, દિવ્ય પ્રજ્ઞા, આત્માર્થીપણાને ટકાવવાની કોઠાસૂઝ, જ્ઞાનગર્ભિત વૈરાગ્ય, નિશ્ચિતતા, નિર્ભયતા, નિશ્ચલતા વગેરે સદ્‌ગુણોની પ્રાપ્તિ થાય છે. તથા શુક્લધ્યાન સુલભ બને છે. સામ્પ્રત કાળે પણ આવા લક્ષપૂર્વક દ્રવ્યાનુયોગનું વ્યાપક રીતે પરિશીલન થાય તો વાદ-વિવાદ-વિખવાદ -વિતંડાવાદના કાદવમાં અટવાયા વિના સાધક આત્મા બહુ ટૂંક સમયમાં યોગ્ય ક્ષેત્ર-કાળ વગેરે મેળવવા દ્વારા, **સ્યાદ્વાદમંજરી**માં વર્ણવેલ, આત્મસ્વરૂપસ્થિતિસ્વરૂપ મોક્ષને મેળવીને પરમાનંદને માણી શકે. (૧/૬)

જ્ઞાન વિના ચારિત્રમાત્રે♦ જે સંતુષ્ટ થાઇ છઇ, તેહનઈં શિક્ષા કહઇ છઇ -

**એહનો જેણઈં પામિઓ તાગ, ઓઘઈં એહનો જેહનઈં રાગ;**
**એહ બેહુ✿ વિન ત્રીજો નહીં સાધ♦, ભાખિઓ સમ્મતિ અરથ અગાધ ॥૧/૭॥ (૭)**

"**એહનો** = દ્રવ્યાનુયોગનો● **જેણઈં** ※પુરુષેં **તાગ**⊛ **પામિઓ.** ***સમ્મતિ*** પ્રમુખ તર્કશાસ્ત્ર ભણીનઈં જે ગીતાર્થ થયા તેહ. *અથવા **ઓઘઈં** = સામાન્યપ્રકારઇં **એહનો** = દ્રવ્યાનુયોગનો **જેહનઈં રાગ** છઇ, તે ગીતાર્થનિશ્રિત.

**એ બેહુ✿ વિના ત્રીજો** ▸પુરુષ અનેક કષ્ટ ક્રિયા કરેં તો હિ પણિ તેહનેં **સાધુ (નહીં=)** ન કહીઈં◂" એહવો **અગાધ અર્થ (સમ્મતિ =)** ***સમ્મતિવૃત્તિ***❖મધ્યે **ભાખિઓ** છઇ. તે માટઈં જ્ઞાન વિના ચારિત્ર જ ન હોઈ.

**उक्तं च - "[1]गीयत्थो य विहारो बीओ गीयत्थमीसओ भणिओ।**
**एत्तो तइयविहारो नाणुण्णाओ ★जिणवरेहिं।।" (ओघनिर्युक्ति-१२२)**

એટલો વિશેષ - જે ☆ક્રિયાવ્યવહારસાધુ☆ ચરણકરણાનુયોગદષ્ટિ ***નિશીથ-કલ્પ-વ્યવહાર-દષ્ટિવાદાધ્યયનઈં*** જઘન્ય-મધ્યમોત્કૃષ્ટ ગીતાર્થ જાણવા. દ્રવ્યાનુયોગદષ્ટિ તે ***સમ્મત્યાદિ*** તર્કશાસ્ત્રપારગામી જ ગીતાર્થ જાણવો. તેહની નિશ્રાઇં જ અગીતાર્થનઇં ચારિત્ર કહેવું. ॥૧/૭॥

---

*परामर्शः* **'पारदृश्वा हि यस्तस्य यो वा तदोघरागवान्।**
**ताभ्यां विना मुनिर्नाऽन्य' इत्युक्तं सम्मतौ बुधाः !।।१/७।।**

---

♦ પુસ્તકોમાં 'માત્રિ' પાઠ.કો.(૧૦+૧૧)નો પાઠ લીધો છે.
✿ પુસ્તકોમાં 'બે' પાઠ. કો.(૧૧+૧૩)નો પાઠ લીધો છે.
♦ કો.(૩+૬)માં 'સાધુ' પાઠ.
● સિ.+કો.(૯)માં 'જેહ પુરુષિં પાર પામિઓ' પાઠ.
※ પુસ્તકોમાં નથી, કો.(૧૩) + આ(૧)માં છે.
⊛ તાગ = પાર, છેડો. આધારગ્રંથ- **અખાની કાવ્યકૃતિઓ** ખંડ-૨ + **અખાના છપ્પા**.
* પુસ્તકોમાં 'તથા' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+કો.(૯+૧૩)+આ.(૧)નો પાઠ લીધો છે. પુસ્તકોમાં '...ત્રીજો સાધુ નહીં' પાઠ છે.
❖ પુસ્તકોમાં 'વૃત્તિ' પદ નથી. કો.(૯+૧૩)+સિ.માં છે.
★ કો.(૭)માં '**जिणवरिंदेहिं**' પાઠ.
☆...☆ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૧૨)માં છે.
1. गीतार्थः च विहारः द्वितीयः गीतार्थमिश्रकः भणितः। इतः तृतीयविहारः नानुज्ञातः जिनवरैः।

**❀ સાધુના બે પ્રકાર : સંમતિતર્કવૃત્તિ ❀**

[redacted]:- હે પંડિતો ! જે દ્રવ્યાનુયોગનો પારગામી હોય છે અથવા જેને ઓઘથી દ્રવ્યાનુયોગનો અનુરાગ હોય છે તે બે પ્રકારના સાધક સિવાય ત્રીજો સાધુ નથી - એમ **સંમતિતર્ક**માં કહેલું છે.(૧/૭) અ

ધ્યા

**❀ દ્રવ્યાનુયોગરહસ્યની જાણકારી જરૂરી ❀**

[redacted]:- આત્માર્થી સાધુએ ફક્ત બાહ્ય ઉગ્ર આચારોને પાળવામાં સંતુષ્ટ રહેવાના બદલે ચારિત્રાચારપાલનની સાથે-સાથે યથાશક્તિ દ્રવ્યાનુયોગનો સંગીન અભ્યાસ કરવામાં પણ લીન બનવું જોઈએ. મોક્ષના લક્ષથી આદરપૂર્વક અનેકાન્તમય નવતત્ત્વની નિશ્ચય-વ્યવહારનયથી વ્યાખ્યા કરવા સ્વરૂપ દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવામાં આવે તો તેના રહસ્યોને સમજતા-સમજતા તારક તીર્થંકર પ્રત્યે પ્રગટતા અહોભાવથી ગ્રન્થિભેદ કરવાનું સામર્થ્ય મળે છે, નૈશ્ચયિક સમકિત મળે છે અને ચારિત્ર પણ તાત્ત્વિક બને છે. માટે દ્રવ્યાનુયોગના પારગામી મહાત્મા પ્રત્યે આદર રાખી, ગીતાર્થની નિશ્રામાં રહી, યથાશક્તિ ચારિત્રાચારનું પાલન કરી દ્રવ્યાનુયોગના પરમાર્થોને મેળવવા કટિબદ્ધ બનવું. તેનાથી **બ્રહ્મસિદ્ધાન્તસમુચ્ચય**માં દર્શાવેલ મુક્તિ નજીક આવે. ત્યાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ કહેલ છે કે 'આત્માની શુદ્ધ અવસ્થા મુક્તિ છે. પરમાર્થથી તો એ આત્મસ્વરૂપ જ છે.' (૧/૭)

(મ અ નુ યો ગ

એ દ્રવ્યાનુયોગની લેશથી ♦પ્રાપ્તિં પોતાના આત્માનઈં કૃતકૃત્યતા કહઈ છઈ -

**✡તે ♦કારણિં ગુરુચરણ-અધીન, સમય સમય ઈણિ યોગઈં લીન;**
**⧖સાધું ●જે કિરિયા વ્યવહાર, તેહ જ અમ્હ મોટો આધાર ॥૧/૮॥ (૮)**

□**તે કારણિં** = દ્રવ્યાનુયોગની ✲બલવત્તાનઈં હેતઈં, **ગુરુચરણનઈં અધીન** થકા, એણઈં કરી મતિકલ્પના પરિહરી, **સમય સમય** = ▸ક્ષણ પ્રતેં **ઈણિ યોગઈં** = દ્રવ્યાનુયોગઇં *વિચારેં **લીન** = આસક્ત થકા, **જે ક્રિયાવ્યવહારે** *ઈચ્છાયોગરૂપ જ્ઞાનાચારાદ્યારાધનરૂપ* **સાધું છું.**

**તેહિ જ અમ્હનઈં મોટો આધાર** છઈ. જે માટઈં ઈમ ઈચ્છાયોગ સંપજઇં. **तल्लक्षणम्** -

**“कर्तुमिच्छोः श्रुतार्थस्य ज्ञानिनोऽपि प्रमादिनः।**
**विकलो धर्मयोगो य इच्छायोग उदाहृतः।।”** (ल.वि.७+योगदृष्टि.३) ***ललितविस्तरादौ*** ॥૧/૮॥

---

**परामर्शः**

**तद् गुरुचरणाधीनो लीनश्चाऽत्र प्रतिक्षणम्।**
**इच्छायोगेन साध्नोमि स एवाऽऽलम्बनं मम।।१/८।।**

---

### ✾ ઈચ્છાયોગ અમારું આલંબન ✾

[illegible] :- તેથી ગુરુ ભગવંતના ચરણકમલને આધીન રહી, પ્રતિક્ષણ દ્રવ્યાનુયોગમાં લીન બનીને ઈચ્છાયોગથી હું જ્ઞાનાચારાદિને આરાધું છું. તે જ ખરેખર મારું આલંબન છે. (૧/૮)

### ❖ વર્તમાનકાળમાં રાખવા યોગ્ય સાવધાની ❖

[illegible] :- “આત્મદ્રવ્ય ભાવુક છે. જેવા જેવા આદર્શો મનમાં રાખેલા હોય તથા જેવા જેવા નિમિત્તની વચ્ચે જીવ ગોઠવાયેલો હોય તેવા તેવા આદર્શની અને નિમિત્તની આત્મા ઉપર પ્રબળ અસર સામાન્યથી વર્તતી હોય છે. તેથી પોતાના જીવનમાં પ્રમાદ આદિ દોષના લીધે પંચાચારપાલનમાં કોઈક પ્રકારની ઊણપ વર્તતી હોય તો તેવા સંયોગમાં આત્માર્થી જીવે ઊંચા આદર્શો મનમાં લાવી

---

♦ લા.(૨)માં ‘પ્રીતિ’ પાઠ.
✡. આ.(૧)માં ‘જે’ પાઠ. કો.(૧૩)માં ‘તિણિ’ પાઠ. મ.+મો.(૨)નો પાઠ લીધો છે.
♦ આ.(૧)+કો.(૨+૪)માં ‘કારણ’ પાઠ.
⧖ મો.(૨)માં ‘સાધ’ પાઠ.
● કો.(૩)માં ‘સાધૈ જો’ પાઠ.
□ લી.(૧)+લા.(૨)માં ‘જે’ પાઠ.
✲ કો.(૧૧)માં ‘વલ્લભતાનૈ’ પાઠ.
▸ પુસ્તકોમાં ‘ક્ષણ પ્રતેં’ પાઠ નથી. આ.(૧)માં છે.
* પુસ્તકોમાં ‘વિચારેં’ નથી. આ.(૧)માં છે.
*...*. ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+કો.(૯)+આ.(૧)માં છે.

સારા નિમિત્તોની સાથે પોતાની જાતને જોડી રાખવા સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. વર્તમાન કાળમાં તો વિશેષ પ્રકારે સાવધાનીપૂર્વક આવું વલણ કેળવવાથી કાળક્રમે પ્રમાદ, અંતરાયકર્મ વગેરે દૂર થતાં નિરતિચાર ચારિત્રજીવન પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય પ્રગટે" - આ બાબત ગ્રંથકારશ્રીને સારી રીતે ખ્યાલમાં હોવાથી ગુરુચરણકમલને આધીન બનીને ક્રિયામાર્ગમાં તત્પરતા કેળવીને સુવિહિત જ્ઞાની મહાત્મા પ્રત્યે આદર ભાવ રાખી, તેમની પ્રશંસા કર્યા વિના કે ગુણાનુરાગ-ગુણાનુવાદના માધ્યમથી તેમનું આલંબન લીધા વિના તેઓશ્રી નથી રહી શકતા.

### શ્રીસંઘનું વાતાવરણ તંદુરસ્ત બનાવીએ

માટે સહુ આત્માર્થી સાધકે ચતુર્વિધ શ્રીસંઘના પ્રત્યેક સભ્યની નિંદા-ઈર્ષ્યા વગેરેથી દૂર રહી, સ્વસંપ્રદાયના દૃષ્ટિરાગાદિથી અલિપ્ત બની, સંકુચિતતાનો ત્યાગ કરી, સર્વસમુદાયના સુવિહિત સાધુ-સાધ્વીજી ભગવંતોના ગુણાનુવાદ-ગુણાનુરાગ દ્વારા શ્રીસંઘ શાસન-સમુદાયનું વાતાવરણ તંદુરસ્ત બનાવી, શક્તિ છુપાવ્યા વિના સાધ્વાચારનું પાલન કરી દ્રવ્યાનુયોગના ચિંતન-મનનમાં ગળાડૂબ બની, ગ્રંથિમુક્ત બની મુક્તિમાર્ગે આગેકૂચ કરવી જોઈએ. તેના બળથી **સંવેગરંગશાળા**માં વર્ણવેલ સિદ્ધસ્વરૂપ નજીક આવે. ત્યાં સિદ્ધસ્વરૂપને દેખાડતા **શ્રીજિનચંદ્રસૂરિ**એ જણાવેલ છે કે 'સિદ્ધ ભગવંત (૧) લોકાગ્ર ભાગસ્વરૂપ મસ્તકમાં રહેલ મણિના સ્થાને છે, (૨) બુદ્ધ છે, (૩) નિરંજન છે, (૪) સર્વજ્ઞ, (૫) સર્વદર્શી, (૬) અનંતસુખયુક્ત તથા (૭) અનંતશક્તિશાળી છે.' (૧/૮)

ઈમ - ઈચ્છાયોગઈ રહી અમ્હે, ♦આતમ-પરઉપકારનઈ ✿અર્થઈ દ્રવ્યાનુયોગવિચાર કરું છું, પણિ એતલઈ જ સંતુષ્ટિ ન કરવી. "વિશેષાર્થીઈ ગુરુસેવા ન મૂકવી" - ઈમ હિતશિક્ષા કહઈ છઈ -

**સમ્મતિ-તત્ત્વારથ✦પ્રમુખ ગ્રંથ, મોટા જે પ્રવચન નિર્ગ્રંથ;**

**તેહનો લેશમાત્ર એ લહો, પરમારથ ગુરુવયણે રહો● ॥૧/૯॥ (૯)**

**સમ્મતિ, તત્ત્વાર્થ,▸*નયચક્રવાલ, સ્યાદ્વાદરત્નાકર, અનેકાન્ત જયપતાકા*◂ પ્રમુખ જે ▸ગ્રંથ◂ મોટા નિર્ગ્રંથપ્રવચનના**✽ તર્કગ્રન્થ છઈ, **તેહનો** લવ**લેશમાત્ર એ લહો**⧖ = પામો*; જે એ પ્રબંધમાંહિં બાંધ્યો છઈ, પણિ ✻**પરમાર્થ ગુરુવચનઈં રહ્યો.**

▸સર્વ પ્રકારે તો સ્યાદ્વાદજ્ઞાનનો પાર શ્રુતકેવલીનઈં હોઈ. શ્રુતકેવલી વિના ન હોઈ. હમણાં પિણ તિ શ્રુતજ્ઞાનમાંહિ ષટ્સ્થાનપતિતપણો પ્રત્યક્ષસિદ્ધ છે.

તે માટઈં થોડો સ્યો જ્ઞાન પામી સંતોષ ન કરવો. 'હું જ જાણ થયો' - એહવો◂ ગર્વ ન★ કરવો. '★**अधनेन धनं प्राप्तं तृणवद् मन्यते जगद्।' (चाणक्यनीतिशतक-८१)** એ દૃષ્ટાન્તઈં. ▸થોડી બુદ્ધિના ધણી હોઈ તેહનઈં બુદ્ધિનો પરાભવ ન કરવો. કિન્તુ ગ્યાનગર્વરહિતપણિ ગુરુવચનેં જ રહેવું. એ અધિકારીનેં હિતઉપદેશ છઈ.◂

☆**अत एव** ઊપરિલ્યા ચ્યાર નય અતિગંભીર ઘણાનઈં ન પરિણમઈ ઈમ જાણીનઈં સિદ્ધાંતઈં પહિલાં દેખાડિયા✤ નથી. અનઈં ગંભીર ગુરુઅધીનનઈં જ□ ⊠દેખાડવા કહિયા છઈ☆ ॥૧/૯॥

---

♦ પુસ્તકોમાં 'આતમ' નથી. કો.(૧૦)માં છે.

✿ પુસ્તકોમાં 'અર્થિં' પાઠ.લા.(૨)નો પાઠ લીધો છે.

✦ પુસ્તકોમાં 'થમુખ' પાઠ. કો.(૭+૧૧)નો પાઠ લીધો છે.

● લી.(૧+૨+૩)+શાં.માં 'લહી' પાઠ.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+કો.(૯+૧૩)+આ.(૧)માં છે.

✽ પુસ્તકોમાં '...પ્રવચનરૂપ છઈ' પાઠ.સિ.+કો.(૯+૧૩)+આ.(૧)નો પાઠ લીધો છે.

⧖ મો.(૨)માં 'કહ્યો' પાઠ.

* પુસ્તકોમાં 'પામો' નથી. કો.(૯)+સિ.માં છે.

✻ પુસ્તકોમાં 'પરમારથઈં' પાઠ. અહીં કો.(૭)નો પાઠ લીધો છે.

★ પુસ્તકોમાં 'થોડું જાણીનઈં ગર્વ મ કરસ્યો' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

★ કો.(૧૨)માં **'अकुलीनः कुले राजा, मूर्खपुत्रो हि पण्डितः' इति श्लोकपूर्वार्धः** – આવો પાઠ છે ।

☆...☆ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૯)+આ.(૧)+સિ.માં નથી.

✤ કો.(૭+૧૦+૧૧)માં 'દેખાડ્યા' પાઠ.

□ પુસ્તકોમાં 'અધીનતાઈં' પાઠ. કો.(૧૦+ ૧૧) લા.(૨)નો પાઠ લીધો છે.

⊠ શાં.માં 'લેવા-દેવા' પાઠ.મ.માં 'દેવા' પાઠ. કો.(૧૦)નો પાઠ લીધો છે.

**तत्त्वार्थ-सम्मतिग्रन्थौ वरौ निर्ग्रन्थशासने।**
**जानीत तल्लवं चेमं परमार्थं तु सद्गुरोः।।१/९।।**

## ✡ સદ્ગુરુ પાસેથી પરમાર્થ પામીએ ✡

**શ્લોકાર્થ :-** નિર્ગ્રન્થ પ્રવચનમાં તત્ત્વાર્થસૂત્ર, સમ્મતિતર્ક મહાન ગ્રંથો છે. તથા 'આ ગ્રંથ તેનો એક અંશ છે' - એમ તમે જાણજો. તથા પરમાર્થ તો સદ્ગુરુ પાસેથી જાણજો. (૧/૯)

## આત્મદશા ઉન્નત બનાવવા તત્પર બનીએ

**આધ્યાત્મિક ઉપનય :-** થોડો શાસ્ત્રબોધ મળે ને છકી જવું, અજ્ઞાનીનો તિરસ્કાર કરવો તે ઉદ્ધતાઈ છે. તથા મળેલા થોડા શાસ્ત્રબોધમાં જ સંતોષ માનીને નિષ્ક્રિય બની જવું તે આળસ છે. આ ઉદ્ધતાઈ અને આળસ બન્નેને ખંખેરી, અલ્પજ્ઞ પ્રત્યે સહાનુભૂતિ રાખી, સદ્ગુરુ પ્રત્યે સમર્પિત બની, દ્રવ્યાનુયોગદર્શક સંમતિતર્કાદિ ગ્રંથો અને આગમ આદિના અભ્યાસમાં લીન બનવું જોઈએ.

## શાસ્ત્રીય ગૂઢાર્થને ઉઘાડવાની ચાવી

એક વખત સાંભળેલ, વાંચેલ, વિચારેલ કે ધારેલ શાસ્ત્રના અર્થને "આટલો જ આ શાસ્ત્રવચનનો અર્થ છે" - એમ દૃઢ કરી ન દેવો. જેમ જેમ જ્ઞાનગર્ભિત વૈરાગ્યદશા, અસંગ આત્મદશા વધતી જશે તેમ તેમ અપૂર્વ અજ્ઞાત અર્થ-પદાર્થ-પરમાર્થ-રહસ્યાર્થ સ્વયં સ્ફુરતા જશે. શાસ્ત્રના એક એક વચન માટે અદમ્ય ઝૂરણા-તીવ્ર તલસાટ-પ્રબળ મંથન-અહોભાવ-ઊંડો આદર ભાવ હોય તો શાસ્ત્રના ગૂઢાર્થ આપમેળે સ્ફુરાયમાન થાય અને પરિણમન પામે. આ રીતે પરિપક્વ જ્ઞાનદશાનું નિર્માણ ઝડપથી થઈ શકે. તેનાથી આપણું પરમપ્રયોજનભૂત સિદ્ધસુખ સંપન્ન થાય. સિદ્ધસુખને વર્ણવતા **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજાએ **પરમાત્મપંચવિંશતિકા**માં જણાવેલ છે કે 'એક બાજુ સર્વ સુર-અસુરોનું સુખ ભેગું થાય તે પણ એક સિદ્ધના સુખનો અનંતમો ભાગ છે.' (૧/૯)

**પ્રથમ શાખા સમાપ્ત**

બુદ્ધિને બહુ બહુ
તો ઉપકરણની
સજાવટમાં રસ છે.

શ્રદ્ધા
અંતઃકરણની નિર્મલતામાં
અભીપ્સા ધરાવે છે.

- બુદ્ધિને બહુ બહુ તો
  ઉપકરણની સજાવટમાં રસ છે.
  શ્રદ્ધા અંતઃકરણની નિર્મલતામાં
  અભીપ્સા ધરાવે છે.

- મોટા ભાગે સાધનામાં
  ક્વોન્ટીટી પ્રધાન બને છે.
  ઉપાસનામાં ક્વોલિટી પ્રધાન હોય છે.

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૨




દ્રવ્ય-ગુણ-પર્યાય
**ભેદસિદ્ધિ**

## द्रव्यानुयोगपरामर्शः शाखा-२

द्रव्य-गुण-पर्यायभेदसिद्धिः

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૨

## द्रव्यानुयोगपरामर्शः शाखा-२

द्रव्य-गुण-पर्यायभेदसिद्धिः

## ❀ ટૂંકસાર ❀

: શાખા - ૨ :

ગ્રંથકારશ્રી અહીં દ્રવ્ય અને ગુણ-પર્યાય વચ્ચે ભેદની સિદ્ધિ કરે છે.

દ્રવ્ય એ ગુણ-પર્યાયનો આધાર છે. જેમ પીળા રંગનો (= ગુણનો) અને હાર/વીંટીનો (= પર્યાયનો) આધાર સુવર્ણ (= પુદ્ગલદ્રવ્ય છે) તેમ કેવળજ્ઞાનાદિ ગુણનો અને સિદ્ધ પર્યાયનો આધાર આત્મા છે. દ્રવ્યના મૂળભૂત સ્વરૂપમાં ત્રણે કાળમાં ફેરફાર થતો નથી. (૨/૧)

ગુણો દ્રવ્યમાં કાયમ હોય છે. પરંતુ પર્યાયો બદલાતા રહે છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેના લક્ષણ અલગ અલગ છે. માટે તે ત્રણે ભિન્ન કહેવાય. તથા તે ત્રણે એક સાથે જ રહે છે. માટે તેમાં અભેદ પણ કહેવાય. વળી, તે ત્રણમાં ઉત્પત્તિ, નાશ અને સ્થૈર્ય (= ધ્રુવતા) પણ રહે છે. (૨/૨)

આત્મા પોતાના જ્ઞાનાદિ ગુણથી અને મનુષ્યાદિ પર્યાયથી ભિન્ન છે. આમ દ્રવ્યમાં ગુણ અને પર્યાયનો ભેદ જાણીને કટુ પ્રસંગોની અસરથી જાતને વેગળી રાખવી. (૨/૩)

દ્રવ્ય (૧) ઊર્ધ્વતાસામાન્ય અને (૨) તિર્યક્સામાન્ય - એમ બે પ્રકારે છે. કપાલ, ઘડા, ઠીકરા... વગેરે અલગ અલગ રૂપે અલગ અલગ સમયે એક જ માટી જણાય છે. તેથી માટી ઊર્ધ્વતાસામાન્ય શક્તિ-સ્વરૂપ છે. માટી પરઊર્ધ્વતાસામાન્યસ્વરૂપ (= અધિકદેશવૃત્તિસ્વરૂપ) અને ઘડો અપર ઊર્ધ્વતાસામાન્યસ્વરૂપ (= ન્યૂનદેશવૃત્તિસ્વરૂપ) છે. આમ જીવમાં અને જડમાં તુલનાથી પડતા વિવિધ ભેદોને સમજી શકાય છે. તેવા પરિવર્તનશીલ સંયોગોમાં શુદ્ધ આત્માને નજરમાં રાખી રાગાદિથી બચવાનું છે. (૨/૪)

એક જ સમયે હાજર એવા તમામ ઘડામાં સમાનતાને જણાવનાર ઘટત્વ તિર્યક્સામાન્ય કહેવાય. તે જ રીતે સર્વ આત્મામાં ચિદાનંદસ્વરૂપની સમાનતા જાણી આપણે પરનિંદા વગેરે દોષોને છોડી ચિદાનંદમય નિર્દોષ નિજ સ્વરૂપને પ્રગટાવવાનું લક્ષ કેળવવું. (૨/૫)

દ્રવ્યમાં બે શક્તિ છે - ઓઘશક્તિ અને સમુચિતશક્તિ. અચરમાવર્તકાળમાં ભવ્યાત્મામાં મોક્ષે જવાની ઓઘશક્તિ અને ચરમ પુદ્ગલપરાવર્તકાળમાં સમુચિતશક્તિ હોય છે. તેથી જીવે પાપભીરુતા વગેરે કેળવી તે-તે શક્તિઓની ફળશ્રુતિસ્વરૂપ મોક્ષને મેળવવો. (૨/૬-૭-૮)

શક્તિઓના અનેક પ્રકારો વ્યવહારથી છે. નિશ્ચયથી વિવિધ કાર્યો એક જ શક્તિથી થાય છે. તેથી શુદ્ધનિશ્ચયના આધારે કર્મજન્ય વિવિધ અવસ્થા, ઘટનાઓને ગૌણ કરી આત્મસાધનામાં લીન થવું.(૨/૯)

તથા ગુણોને શક્તિસ્વરૂપે સ્વતંત્ર ન માનવા. પરંતુ તેનો પર્યાયમાં સમાવેશ કરી લેવો. કારણ કે ગુણનું સ્વરૂપ પર્યાયથી ભિન્ન નથી. માટે જ આગમમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક - એમ બે જ નય બતાવેલ છે. 'ગુણાર્થિકનય' જણાવેલ નથી. (૨/૧૦-૧૧-૧૨)

પર્યાયો દ્રવ્યમાંથી પ્રગટે છે, ગુણમાંથી નહિ. તેથી આપણામાં નરક, તિર્યંચ વગેરે જે પર્યાયો કે રાગ -દ્વેષાદિ પર્યાયાત્મક ગુણ પ્રગટે છે તેનું કારણ આપણે પોતે છીએ - એ ખ્યાલમાં રાખવું. (૨/૧૩)

આત્મદ્રવ્ય એક જ છે. પણ તેમાં કેવલજ્ઞાનાદિ ગુણો અને મનુષ્યત્વ આદિ પર્યાયો અનેક હોય છે. તે પર્યાયોનું જ્ઞાન ઈન્દ્રિયથી થાય છે. ગુણ-પર્યાય વચ્ચે ભેદ ઔપચારિક છે. (૨/૧૪-૧૫)

દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં સંજ્ઞા, સંખ્યા વગેરેની અપેક્ષાએ અનેકવિધ ભેદને જાણીને નિત્ય અને શુદ્ધ એવા આત્મદ્રવ્યને જીવનનું કેન્દ્ર બનાવવું. (૨/૧૬)

## ઢાળ - ૨

### (ધન ધન સંપ્રતિ સાચો રાજા - એ દેશી)

**ગુણ-પર્યાયતણું જે ભાજન, એકરૂપ ત્રિહું કાલઈ રે;**
**તેહ દ્રવ્ય નિજ⁑ જાતિં કહિયઈ♦, જસ નહિ ભેદ વિચાલઈ રે ॥૨/૧॥ (૧૦)□**
**જિનવાણી રંગઈ મનિ✡ ધરિઈ. (આંકણી.)**

♦**ગુણ** નઈ **પર્યાયનું ભાજન** ▸કહઈતાં સ્થાનક, જે **ત્રિહું કાલઈ** = અતીત-અનાગત-વર્તમાનકાલઈ **એકસ્વરૂપ** હોઈ. પણિ પર્યાયની પરિં ફિરઈ નહીં, **તેહ દ્રવ્ય કહિયઈ. નિજ જાતિં** કહતાં પોતાની જાતિં; જિમ જ્ઞાનાદિક ગુણ-પર્યાયનું ભાજન જીવદ્રવ્ય, રૂપ-●રસાદિક ગુણ-પર્યાયનું ભાજન પુદ્ગલ દ્રવ્ય, રક્તત્વાદિ ઘટાદિ ગુણ પર્યાયનું ભાજન મૃદ્દ્રવ્ય.

તંતુ પટની અપેક્ષાઈં દ્રવ્ય. તંતુ અવયવની અપેક્ષાઈ પર્યાય; જે માટઈ પટનઈં **વિચાલઈ** = પટાવસ્થામધ્યઇં (**જસ**=) તંતુનો **ભેદ** (**નહિ**=) નથી. તંતુઅવયવઅવસ્થામધ્યઇં અન્યત્વરૂપ ભેદ છઇ. તે માટઈં પુદ્ગલસ્કંધમાંહિં દ્રવ્ય-પર્યાયપણું અપેક્ષાઇં જાણવું.

❖આત્મતત્ત્વ વિચારઇં પણિ દેવાદિક આદિષ્ટદ્રવ્ય, સંસારિદ્રવ્યની અપેક્ષાઈં પર્યાય થાઈ.◂❖

કોઈ કહિસ્યઇં જે "ઈમ દ્રવ્યત્વ ■સ્વાભાવિક ન થયું, આપેક્ષિક થયું."

તો કહિઇં જે "શબલ⁂ વસ્તુનો અપેક્ષાઈ જ વ્યવહાર હોઇ. ઈહાં દોષ નથી."

જે સમવાયિકારણત્વ પ્રમુખ દ્રવ્યલક્ષણ માનઈં છઇ, તેહનઈં પણિં અપેક્ષા અવશ્ય

---

⁑ મો.(૨)માં 'જિનના તે' અશુદ્ધ પાઠ.
♦ મ.+શાં.માં 'કહિઈ' પાઠ. કો.(૩)નો પાઠ લીધો છે.
□ રાસની ગાથાનો સળંગ ક્રમાંક ( )માં આપેલ છે.
✡ કો.(૩+૫)માં 'મન' પાઠ.
♦ સિ.+કો.(૯)+આ.(૧)નો ટબાર્થ 'જે ગુણ-પર્યાયનું ભાજન હોઈ અને વિવક્ષિત ગુણ-પર્યાયના કાલતાઈં જે રૂપઈ વિવક્ષિત ગુણ-પર્યાયઈં ધરિયા છઈ તે રૂપઈ અનુગત હોઈ ને નિજ નિજ જાતિ પોતાની જાતિં દ્રવ્ય કરીઈં. જેહનેં વિચાલેં = મધ્યકાલે ભેદ ન પડઈ-અભેદત્વાત્.'
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ સિ.+કો.(૯)માં નથી.
● પુસ્તકોમાં 'રૂપાદિક' પાઠ. કો.(૧૦)નો પાઠ લીધો છે.
❖...❖ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૭+૧૦+૧૧)+લા.(૨)માં નથી.
■ લી.(૩)માં 'દ્રવ્યત્વ સ્થાનકસ્વા...' પાઠ.
⁂ શબલ = મિશ્રસ્વભાવયુક્ત. જુઓ **સમ્યક્ત્વષટ્સ્થાનચઉપઇ** પ્રકા.અંધેરી ગુજરાતી જૈન સંઘ, મુંબઈ. મો.(૨)માં 'સકલ' પાઠ.

અનુસરવી. "કુણનું સમવાયિકારણ ?" ઈમ - આકાંક્ષા હોઈ તો "કુણનું દ્રવ્ય ?" એ આકાંક્ષા કિમ ન હોઈ ?

"गुण-पर्यायवद् द्रव्यम्" (अ.५ सू.३७) *तत्त्वार्थे*।

એ **જિનવાણી** *= શ્રીવીતરાગની વાણી* **રંગઈ** = વિશ્વાસઇ ***મનમાંહિં ધરિઈ.** ॥૨/૧॥

• द्रव्यानुयोगपरामर्शः •

शाखा - २

**गुण-पर्यायभाग् यत्तु ह्येकरूपं सदैव वै।**
**तद् द्रव्यं निजजात्योक्तं भेदोऽस्ति यस्य नाऽन्तरा।।२/१।।**
**मधुरी जिनवाणी हि मुदा मनसि धीयताम्।। ध्रुवपदम्।।**

• અધ્યાત્મ અનુયોગ •

**卐 દ્રવ્યલક્ષણ વિચારણા 卐**

**શ્લોકાર્થ** :- જે ગુણ-પર્યાયનું ભાજન = આશ્રય હોય તથા પોતાની જાતિથી સદૈવ એકસ્વરૂપ જ હોય તે દ્રવ્ય કહેવાયેલ છે કે જેનો વચલી અવસ્થામાં ભેદ નથી. (૨/૧)

આવી મધુરી જિનવાણીને પ્રમોદથી મનમાં ધારણ કરો. (ધ્રુવપદ)

**❯ મલિન પરિણમનને અટકાવો ❯**

**આધ્યાત્મિક ઉપનય** :- ગુણ-પર્યાયનો અવિચલ આધાર દ્રવ્ય છે. જ્ઞાનાદિગુણનો અને મનુષ્યાદિ પર્યાયનો ધ્રુવ આધાર આત્મદ્રવ્ય છે. કેવલજ્ઞાનાદિ ગુણનો અને સિદ્ધત્વાદિ પર્યાયનો સ્થિર આશ્રય તો શુદ્ધ આત્મદ્રવ્ય છે. આ હકીકતને લક્ષગત કરીને પોતાના કેવલજ્ઞાનાદિ ગુણને અને સિદ્ધત્વાદિ પર્યાયને અનુભવવા સતત તલસાટ સાધકમાં જાગે તો અજ્ઞાનાદિરૂપે પરિણમતા વિવિધ ગુણનો પ્રવાહ અને સંસારીપણે પરિણમતા પર્યાયની ધારા સ્ખલિત થાય, શુદ્ધ આત્મદ્રવ્યમાંથી પ્રગટતો પૂર્ણ ગુણવૈભવ અને પરિશુદ્ધ પર્યાયપરિવાર સાદિ-અનંત કાળ સુધી અનુભવાય. આવું સૌભાગ્ય વહેલી તકે પ્રગટાવવા માટે ત્રણ કાળમાં ચૈતન્યજાતિથી અવિચલિતસ્વરૂપવાળા શુદ્ધ આત્મદ્રવ્ય ઉપર નિરંતર રુચિપૂર્વક પોતાની અંતરંગ દૃષ્ટિને સ્થાપિત કરવી.

**卐 પુણ્યોદયમાં આસક્ત ન બનો 卐**

પુણ્યના ઉદયથી મળનારા રેડિઓ, ટેપરેકોર્ડર, માઈક, કેમેરો, ફિલ્મ, ટેલીવિઝન, ટેલીફોન, મોબાઈલફોન, કેલક્યુલેટર, કોમ્પ્યુટર, ફેક્સ, ઈ-મેઈલ, બ્યુટીપાર્લર, ફાઈવ સ્ટાર હોટલ, એરકન્ડીશનર, વૉકમેન, માઈક્રોવેવ-ઓવન, મારુતિ-મર્સીડીઝ વગેરે મોટર, એરોપ્લેન વગેરે ભોગ-ઉપભોગના સાધનોમાં આસક્તિ ન કરવી.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+કો.(૯)+આ.(૧)માં છે.

* લા.(૨)માં 'મનમાંહઈ ધરિયઈ' પાઠ.

## ❖ પાપોદયમાં ત્રસ્ત ન બનો ❖

તથા પાપોદયજન્ય એસીડીટી, ફ્રેક્ચર, ડાયાબિટીસ, રક્તપિત્ત, ટ્યૂમર/કેન્સર, બ્લડ કેન્સર, અની'મીયા = પાંડુરોગ (રક્તક્ષીણતા), એ'પપ્લેક્ષી = મૂર્છા-વાઈ-બેહોશી, જલોદર (=અસિ'ટીઝ), આંત્રપુચ્છનો સોજો કે દાહ (=એપેન્ડસાઈ'ટિસ્), મૂત્રાશયમાં પથરીનો રોગ (=કે'લ્ક્યુલસ્), સન્નિપાત-ત્રિદોષપ્રકોપ (=ડિલિ'રિઅમ્), મારી-મરકી (કોલેરા), મહામારિ (પ્લેગ), કંઠરોહિણી (ડિફ્થી'રિઆ), મરડો-કાચોઆમ (ડિ'સન્ટ્રી), મંદાગ્નિ (ડિસ્પે'પ્સિઆ), મૂત્રઅવરોધ (ડિસૂ'રિઆ), આંતરડાનો તાવ (ટાઈ'ફોઈડ્), ખરજવું (એ'ક્ઝિમા), ભગંદર (ફિસ્ચુલા), સંધિવા (ગાઉટ્), અંડગોલકવૃદ્ધિ = વધરાવળ (હાઈ'ડ્રોસિલ્ અથવા ઓર્કાઈ'ટિસ્), મહાવિચિત્ર એવો ભયાનક વાતોન્માદ (=હિસ્ટીરિયા), અનિદ્રા (ઈન્સો'મ્નિઆ), કમરનો વા (લૂમ્બા'ગો), મેલેરિ'આ, આધાશીશી (=માઈગ્રેન), લોહીનું ગંઠાઈ જવું (=થ્રોમ્બો'સિસ્), લકવો (= પેરે'લિસિસ્), બાળલકવો (=પો'લિઓ), આમણ = ગુદાભ્રંશ (=પ્રો'લેપ્સ), ઘૂંટણના સંધિવા (=ગાઉટ્), સંધિવા (=રૂ'મેટિઝમ્), અતિસ્થૂળતા (=ઓબી'સીટિ), ડાયરીઆ, અતિસાર, સાઈટિકા, ટી.બી., હેમરેજ, કબજીયાત (કોન્સ્ટીપેશન), વાઈ (એપિલેપ્સી), મૂંગાપણું (એફેજિયા), મસા (પાઈલ્સ), બહેરાપણું (ડેફનેસ્), સોજો (ડ્રોપ્સી), કમળો વગેરે આવી પડે ત્યારે ઉદ્વેગ ન કરવો અને ક્ષયોપશમભાવના ગુણો ઉપર મદાર ન બાંધવો. આ રીતે શુદ્ધઆત્મદ્રવ્યદૃષ્ટિ આત્મસાત્ થતાં, અસંગ સાક્ષીભાવ સધાતાં ક્ષાયિક ગુણવૈભવ પ્રગટ કરીને આત્મા 'પરમેષ્ઠી, પરબ્રહ્મ, પરમાત્મા, સનાતન, સદાશિવ, પરંજ્યોતિ, ધ્રુવ, નિરંજન એવા સિદ્ધ પરમાત્મા છે' - આ પ્રમાણે **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **સિદ્ધસહસ્રનામકોશ**માં વર્ણવેલા સિદ્ધસ્વરૂપને ઝડપથી વરે છે. (૨/૧)

▸એ દ્રવ્યલક્ષણ કહ્યો. હવિ ગુણ-પર્યાયલક્ષણ કહે છઈ –◂

**ધરમ ♦કહીઈ જે ગુણ સહભાવી, ક્રમભાવી પર્યાયો રે;**
**ભિન્ન-અભિન્ન, ત્રિવિધ, તિય✡ લક્ષણ એક પદારથ પાયો રે ॥૨/૨॥ (૧૧) જિન૦**

**સહભાવી** કહતાં યાવદ્દ્રવ્યભાવી જે **ધર્મ** ▸અસ્તિત્વ-પ્રમેયત્વાદિક◂ તે **ગુણ કહિયઈ**. જિમ જીવનો ઉપયોગ ગુણ, પુદ્ગલનો ગ્રહણ ગુણ, ધર્માસ્તિકાયનો ગતિહેતુત્વ, અધર્માસ્તિકાયનો સ્થિતિહેતુત્વ, આકાશનો અવગાહનાહેતુત્વ, કાલનો □વર્ત્તનાહેતુત્વ.

**ક્રમભાવી**♦ કહિતાં ⧗અયાવદ્દ્રવ્યભાવી, તે **પર્યાય** કહિઈં. જિમ જીવનઈં નર-નારકાદિક, પુદ્ગલનઈં રૂપ-રસાદિકપરાવૃત્તિ.

ઈમ દ્રવ્યાદિક ૩ **ભિન્ન** છઈ લક્ષણથી●, **અભિન્ન**❖ છઈ પ્રદેશના અવિભાગથી. ⌘એક -એક **ત્રિવિધ** છઈ.

નવવિધ છઈ ઉપચારઈં; એક એકમાં ૩ ભેદ આવઈ, તેહથી. તથા **ત્રિલક્ષણ** = ઉત્પાદ -વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ છઈ. એહવો **એક પદાર્થ** ▸જૈન શાસનમાંહિં યુક્તિ◂ પ્રમાણઈં **પામ્યો**.

એ ⋆દ્વાર રૂપ *એ બે* પદ■ જાણવાં. ॥૨/૨॥

**सहभावी गुणो धर्मः, क्रमभावी च पर्ययः।**
**भिन्नाऽभिन्नस्त्रिधैको हि पदार्थस्त्रिकलक्षणः।।२/२।।**

### ✠ ગુણ અને પર્યાયના લક્ષણની વિચારણા ✠

**શ્લોકાર્થ** :- સહભાવી ધર્મ ગુણ કહેવાય અને ક્રમભાવી ધર્મ પર્યાય કહેવાય. પદાર્થ ભિન્ન-અભિન્ન છે અને ત્રિવિધ છે. તથા પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રિકલક્ષણ છે. (૨/૨)

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+કો.(૯)+આ.(૧)માં છે.

♦ શાં.+ધ.માં 'કહીજઈ ગુણ' પાઠ. કો.(૨)નો પાઠ લીધેલ છે. કો.(૭)માં 'કહીજે' પાઠ.

✡ કો.(૩)માં 'ત્રય' પાઠ.

□ લી(૧)માં 'વર્તમાન' પાઠ.

♦ સિ.+કો.(૯)+આ.(૧)માં 'ક્રમભાવી જે શ્યામત્વ-રક્તત્વ આદિક તે પર્યાય કહિઈ' પાઠ.

⧗ લી.(૧)માં 'યાવદ્...' પાઠ. લી.(૨)નો પાઠ લીધો છે.

● લા.(૨)માં 'લક્ષણ થકી' પાઠ. સિ.+કો.(૯+૧૧)માં 'લક્ષણાદિકેં' પાઠ.

❖ સિ.+કો.(૯)+આ.(૧) 'એકલોલી ભાવિ' અભિન્ન પાઠ.

⌘ પુસ્તકોમાં 'એક એક' નથી. કો.(૯)+સિ.માં છે.

⋆ સિ.+કો.(૯)માં 'એ દ્વારનો જ અર્થ સર્વ આગલેં ગ્રંથે ચાલસ્યેં' પાઠ.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૭) + લી.(૧+૨) + લા.(૨)માં છે.

■ બે પદ પાલિ.

## ✽ જાતને ખોલવાની સાધના કરીએ ✽

**આધ્યાત્મિક ઉપનય :-** પોતાના સિવાયના બીજા દ્રવ્યોમાંથી આપણું આત્મદ્રવ્ય જ્ઞાનદૃષ્ટિથી અલગ તારવી સહભાવી શુદ્ધ ગુણોને પ્રગટ કરવાનું તથા વિદ્યમાન ક્રમભાવી પર્યાયોને નિર્મળ કરવાનું પ્રણિધાન સુદૃઢ કરવું આવશ્યક છે. આત્મદ્રવ્ય ત્રિકાળધ્રુવ છે. આ હકીકતની જાણકારી આપણને જન્મ-જરા -મરણના ભયથી મુક્ત કરે છે. જન્મ-જરા-મરણ શરીરના છે, આત્માના નહિ. આત્મદ્રવ્ય તો શાશ્વત છે, સ્થિર છે, શાન્ત છે. 'આત્મા ગુણોનો ભંડાર છે' - આ હકીકત જાણવાથી અંદરમાં અનેરી ઠંડક થાય. ગુણો તો આત્મામાં અનંતા છે. પરંતુ તે ગુણો વર્તમાનમાં કર્મથી આવરાયેલા છે. આપણે આવરણને દૂર કરીએ તો ગુણો પ્રગટ થાય. ગુણોને લાવવાનો પ્રયત્ન કરવાનો નથી, ગુણોને ખીલવવાના છે. તે માટે આપણી જાતને ખોલવાની છે. જાતને ખોલવાની એટલે આત્મપર્યાયોને ઉજ્જવળ કરવાની સાધના કરવાની. આપણી દૃષ્ટિને ઉપાદેયપણે શુદ્ધ ધ્રુવ આત્મદ્રવ્ય ઉપર રુચિપૂર્વક સ્થાપિત કરીએ એટલે આત્મપર્યાયો ઉજળા બનવા માંડે, આવરણો હટવા માંડે, ગુણો પ્રગટવા લાગે. આત્માના આનંદનો અનુભવ પણ થવા માંડે.

## ✽ મોક્ષની ઓળખાણ ✽

આ ક્રમથી પૂર્ણાનંદ-પરમાનંદ અને પરિપૂર્ણપણે સઘળા ગુણો પ્રગટે તેનું નામ મોક્ષ. મુક્તાત્માનું ગુણમય સ્વરૂપ જણાવતાં **સિદ્ધસહસ્રનામકોશ**માં કહેલ છે કે 'સિદ્ધ ભગવંત ધર્મક્ષમાવાળા (ઉત્કૃષ્ટ ક્ષમામય), ધર્મમૃદુતામય, ધર્મઋજુતાગુણાત્મક,ધર્મસંયમસ્વરૂપ,ધર્મસત્યયુક્ત, ધર્મતપસ્વી, ધર્મબ્રહ્મચર્યમય તથા પરમપવિત્ર હોય છે.' ઉપકાર-અપકાર-વિપાક-વચન-ધર્મ (= સ્વભાવ) ભેદથી પાંચ પ્રકારે ક્ષમાદિને **ષોડશક, વિંશિકા** પ્રકરણ વગેરેમાં જણાવેલ છે. તેમાંથી ધર્મક્ષમા વગેરે સ્વભાવાત્મક ઉત્કૃષ્ટગુણ છે. તે સિદ્ધમાં હોય છે. આવું સિદ્ધસ્વરૂપ ઉપરોક્ત ક્રમે મળે છે. આ હકીકતને ધ્યેયગત કરી, સ્વમાં ઊંડા ઉતરી જવા માટે જ દ્રવ્ય-ગુણ-પર્યાયની જાણકારી મેળવવાની છે. (૨/૨)

તિહાં પ્રથમ એ ઢાલમાંહિં દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ ૨♦ પ્રકારઈં યુક્તિ✡ દેખાડઈ છઈ -

**જિમ મોતી-ઉજ્જ્વલતાદિકથી, મોતીમાલા અલગી રે;**

**ગુણ-પર્યાયવ્યક્તિથી જાણો, દ્રવ્યશક્તિ તિમ વલગી રે ॥૨/૩॥ (૧૨) જિન.**

✦**જિમ મોતીની માલા, મોતી થકી** તથા મોતીના **ઉજ્જ્વળતાદિક ધર્મથી અળગી** છઈ; ▸મોતીની માલા સૂત્રેં ગૂંથ્યા માટઈં એક કહેવાઈ છઈ પણિ તે જુદી જ જાણવી.◂ **તિમ દ્રવ્યશક્તિ ગુણ-પર્યાયવ્યક્તિથી** અલગી છઈ, તથા ❑સ્વસમાનાધિકરણ એકપ્રદેશસંબંધઇં **વલગી** છઈ - ઈમ **જાણો.**

●મોતી પર્યાયનઇં ઠામિ, ઉજ્જ્વલતાદિક ગુણનઈં ઠામિં, માલા દ્રવ્યનઈં ઠામિ, ઈમ દૃષ્ટાંત જોડવો.❖

ઘટાદિક દ્રવ્ય પ્રત્યક્ષપ્રમાણઈં સામાન્ય-વિશેષરૂપ અનુભવિંઈ છઈ, તે સામાન્ય ઉપયોગઈં મૃત્તિકાદિ સામાન્ય જ ભાસઇ છઈ. વિશેષ ઉપયોગઈં ઘટાદિવિશેષ જ ભાસઇ છઈ. તિહાં સામાન્ય તે દ્રવ્યરૂપ ✠જાણવું. વિશેષ તે ગુણ-પર્યાયરૂપ જાણવો. ॥૨/૩॥

---

परामर्शः

**मुक्तातस्तद्गुणेभ्यश्च यथा मुक्तावली पृथक्।**
**द्रव्यशक्तिस्तथा ज्ञेया, गुण-पर्यायव्यक्तितः।।२/३।।**

---

**❈ દ્રવ્ય-ગુણ-પર્યાય વચ્ચે ભેદની સિદ્ધિ ❈**

**શ્લોકાર્થ** :- જેમ મોતીથી અને મોતીના ગુણોથી મુક્તાવલી (=મોતીની માળા) જુદી હોય છે તેમ ગુણવ્યક્તિથી તથા પર્યાયવ્યક્તિથી દ્રવ્યશક્તિ જુદી સમજવી. (૨/૩)

**❖ સામાન્ય-વિશેષ ઉપયોગનું પ્રયોજન ❖**

**આધ્યાત્મિક ઉપનય** :- મોતીની માળાના દૃષ્ટાંતને સમજી દ્રવ્યદૃષ્ટિને કેળવવા, દ્રવ્યાર્થિકનયને પરિણમાવવા સામાન્ય ઉપયોગને કેન્દ્રસ્થાને ગોઠવી આત્મદ્રવ્યને જોવામાં લીન બની જવું તે પ્રત્યેક

---

♦ પુસ્તકોમાં ‘૨ પ્રકારઈં’ નથી. કો.(૯)+સિ.માં છે.

✡ આ.(૧)માં ‘યુક્તિ’ ના બદલે ‘પ્રકાર’ પાઠ. કો.(૧૨)માં ‘યુક્તે’ પાઠ.

✦ સિ.માં ‘જિમ એક મોતીની માલામાંહિ મોતી તે અલગાં તિમ...’ પાઠ.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯)+સિ.+આ.(૧)માં છે.

❑ B(૨)માં ‘સ્વસમાનાધિકરણ’ પાઠ છે. બીજી કોઈ પ્રતમાં નથી.

● કો.(૯)માં ‘અનેક મોતી સરખા પર્યાય, ઉજ્જ્વલતા સરખા જે ગુણ તે વ્યક્તિથી દ્રવ્યશક્તિ માલા સરખી સર્વતઃ વલગી અને અલગી છેં તે દ્રવ્યશક્તિ’ પાઠ.

❖ આ.(૧)માં ‘અનેક મોતી સરખા પર્યાય, ઉજ્જ્વલતા સરખા જે ગુણ વ્યક્તિથી દ્રવ્ય તે શક્તિથી શક્તિ માલા સરખી સર્વ અલગી છે અને અલાધી છેં. તે દ્રવ્યશક્તિ કહીઈ. દ્રવ્યશક્તિ વલગી છેં’ પાઠ.

✠ કો.(૭)માં ‘જાણિવૌ’ પાઠ.

સાધકનું અંગત કર્તવ્ય છે. દ્રવ્યદૃષ્ટિને કેળવવામાં પર્યાયદૃષ્ટિ બાધક બને છે. વિશેષ ઉપયોગ પર્યાયના દર્શન કરાવવા દ્વારા રાગ-દ્વેષાદિના વિકલ્પો ઊભા કરે છે. માટે અધ્યાત્મનિષ્ઠ સાધકે ડગલે ને પગલે વિશેષ ઉપયોગનો આધાર લેવાના બદલે સામાન્ય ઉપયોગનો આશ્રય લેવા માટે કટિબદ્ધ બનવું. વિશેષ ઉપયોગ અનિવાર્યપણે આવી જ જતો હોય તો તેના નુકસાનથી બચવાના બે ઉપાય છે. (૧) વિશેષ ઉપયોગ ઉપર બહુ મદાર ન બાંધવો. વિશેષ ઉપયોગ ઉપર મુસ્તાક ન બનવું. (૨) વિશેષ ઉપયોગનો વિષય મનુષ્ય-બાલ-શત્રુ-મિત્રાદિ પર્યાયને બનાવવાના બદલે જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ ગુણોને તેનો વિષય બનાવવાની ભાવના રાખવી. તે મુજબ પ્રયત્ન કરવો.

### ❋ ગુણદૃષ્ટિનો આશ્રય સપ્રયોજન ❋

જેમ રાગદશામાંથી સીધે સીધા વીતરાગદશામાં પહોંચી શકાતું ન હોય ત્યારે વૈરાગ્યદશાનો આશ્રય લેવામાં આવે છે તેમ પર્યાયદૃષ્ટિમાંથી સીધે સીધા દ્રવ્યદૃષ્ટિમાં પહોંચી શકાતું ન હોય ત્યારે ગુણદૃષ્ટિનો આશ્રય લેવો ઉચિત છે. આ લક્ષ રાખી આઘાત-પ્રત્યાઘાતને ઊભી કરનારી પર્યાયદૃષ્ટિને તિલાંજલિ આપી ગુણદૃષ્ટિના માધ્યમે દ્રવ્યદૃષ્ટિને આત્મસાત્ કરવા આત્માર્થી સાધકે સતત સર્વત્ર પ્રયત્નશીલ રહેવું અત્યંત જરૂરી છે. તેનાથી જ સ્વરૂપદર્શનની ઉપલબ્ધિ થવાથી આત્માર્થી સાધક કૃતાર્થ થાય છે. આ બાબતમાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **પરમજ્યોતિઃપંચવિંશતિકા**માં જે વાત જણાવેલ છે, તે અતઃકરણમાં દૃઢ કરવા જેવી છે. ત્યાં જણાવેલ છે કે 'આત્મસ્વરૂપદર્શન જ પ્રશંસનીય છે. પરરૂપદર્શન ફોગટ છે. આટલું જ વિજ્ઞાન પરમજ્યોતિનું પ્રકાશક છે.' તેના બળથી સિદ્ધિગતિને આત્માર્થી ઝડપથી મેળવે છે. **દશવૈકાલિકસૂત્રવૃત્તિ**માં **શ્રીહરિભદ્રસૂરિજી**એ પુનર્જન્માદિથી શૂન્ય સ્વરૂપે સિદ્ધિગતિ વર્ણવેલી છે. (૨/૩)

સામાન્ય તે દ્રવ્ય કહિયઉં. તે ♦ઊર્ધ્વતાસામાન્ય, તિર્યક્સામાન્ય ભેદઈં ૨ પ્રકારઈં છઇ. તે દેખાડઇ છઈ -

**✡ઊર્ધ્વતાસામાન્ય શક્તિ તે, ♦પૂર્વ-અપર ગુણ કરતી રે;**
**પિંડ-કુસૂલાદિક આકારઈ●, જિમ માટી અણફિરતી રે ॥૨/૪॥ (૧૩) જિન.**

▸ઊર્ધ્વતાસામાન્યરૂપ દ્રવ્ય **શક્તિ** તેહ કહીયેં❖, જે **પૂર્વ** કહતાં✠ પહિલા, **અપર** કહેતાં આગિલા, **ગુણ** કહેતાં વિશેષ, તેહનઈં **કરતી** તેહ સર્વમાંહઈં એકરૂપ રહઇ. *પૂર્વપશ્ચાત્ કાલભાવી જે પર્યાય તેહના ઉપાદાનકારણરૂપ ત્રિકાલાનુગત જે દ્રવ્યશક્તિ તે ઊર્ધ્વતાસામાન્ય કહિએ. જિમ પિંડ-કુસૂલાદિક પૂર્વાપર પર્યાયની મૃદ્દ્રવ્યરૂપ ઊર્ધ્વતાસામાન્ય શક્તિ કહીએ. **उक्तञ्च – 'पूर्वापरसाधारणं द्रव्यम् = ऊर्ध्वतासामान्यमिति' (प्र.न.त.५/५) सूत्रम्.*** **પિંડ** કહતાં માટીનો પિંડ, **કુસૂલ** કહેતા કોઠી. તે (**આદિક=**) પ્રમુખ અનેક મૃત્તિકાના **આકાર** ફિરઇ છઇ, પણિં તેહમાહિં **માટી** (**અણફિરતી=**) ફિરતી નથી. તે પિંડ-કુસૂલાદિક આકારનું ઊર્ધ્વતાસામાન્ય કહિયઈ.

જો પિંડ-કુસૂલાદિક પર્યાયમાંહઈં અનુગત એક મૃદ્દ્રવ્ય ન કહિયંઇ તો ઘટાદિપર્યાયમાંહિં અનુગત ઘટાદિ દ્રવ્યપણિ ન કહવાઈ. ⌘તિવારઈં સર્વરૂપ✻ વિશેષરૂપ ❒થાતાં ક્ષણિકવાદી *બૌદ્ધ*નું મત આવઈ.

અથવા સર્વ દ્રવ્યમાંહિ એક જ દ્રવ્ય ✯આવઇ. તે માટઈં ઘટાદિક દ્રવ્ય અનઇં તેહનાં સામાન્ય મૃદાદિ દ્રવ્ય✯, અનુભવનઈં અનુસારઇ પરાપર ઊર્ધ્વતાસામાન્ય અવશ્ય માનવાં. ઘટાદિ દ્રવ્ય થોડા પર્યાયનઈં વ્યાપઇ છઇ અનઇં મૃદાદિ દ્રવ્ય ઘણા પર્યાયનઈં.

---

♦ પુસ્તકોમાં 'ઊર્ધ્વતાસામાન્ય તિર્યક્... ભેદઈં' પાઠ નથી. કો.(૯)માં છે.
✡ પુસ્તકોમાં 'ઊરધતા' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.
♦ શાં.+મ.માં. 'પૂરવ' પાઠ. અહીં આ.(૧)+કો.(૩)નો પાઠ લીધો છે.
● પુસ્તકોમાં 'આકારિં' પાઠ. કો.(૪+૫)માં 'આકારેં' પાઠ કો.(૭)નો પાઠ લીધો છે.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૯)માં નથી.
❖ પુસ્તકોમાં 'કહીઈ' પાઠ. અહીં કો.(૭)નો પાઠ લીધો છે.
✠ પુસ્તકોમાં 'કહિઈ' પાઠ. અહીં કો.(૭)નો પાઠ લીધો છે.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકો નથી. કો.(૯)+સિ.+આ.(૧) માં છે.
⌘ મો.(૧) 'ઈતિ વિચારઈ' પાઠાન્તર.
✻ પુસ્તકોમાં 'રૂપ' નથી. કો.(૭) પાઠ લીધો છે.
❒ લી.(૧) 'રૂપથી તો' પાઠ.
✯....✯ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ધ.માં નથી.

ઈમ નર-નારકાદિકદ્રવ્ય જીવદ્રવ્યનો પણિ વિશેષ જાણવો. એ સર્વ **નૈગમનયનું** મત. શુદ્ધસંગ્રહનયનઈં મતઈં તો સદદ્વૈતવાદઈં એક જ દ્રવ્ય આવઈં તે જાણવું.◂ ॥૨/૪॥

परामर्शः **ऊर्ध्वसामान्यशक्तिः सा पूर्वाऽपरगुणादिकम्।**
**पिण्डादिकं प्रकुर्वाणा विविधं मृदिव स्थिरा।।२/४।।**

### ❀ ઊર્ધ્વતાસામાન્યનો વિચાર ❀

**શ્લોકાર્થ** :- ઊર્ધ્વતાસામાન્યસ્વરૂપ શક્તિ તે કહેવાય છે કે જે પૂર્વાપર વિવિધ ગુણાદિને ઉત્પન્ન કરવા છતાં સ્થિર હોય છે. જેમ કે વિવિધ મૃત્પિંડાદિ આકારને ઉત્પન્ન કરતી સ્થિર માટી. (૨/૪)

### ✥ ઊર્ધ્વતાસામાન્યનો ઉપયોગ ✥

**આધ્યાત્મિક ઉપનય** :- દ્રવ્યના આકાર-અવસ્થા-દશા બદલાય તો પણ દ્રવ્ય પોતાના મૂળભૂતસ્વરૂપે બદલાતું નથી. ઊર્ધ્વતાસામાન્ય આ હકીકતને દર્શાવે છે. આ વાત સતત સાધકની નજર સામે હોય તો અનુકૂળતા-પ્રતિકૂળતા, સુખ-દુઃખ, યશ-અપયશ, સૌભાગ્ય-દુર્ભાગ્ય, માન-અપમાન, ચડતી-પડતી આદિ અનેક અવસ્થામાં પણ અપરિવર્તનશીલ શુદ્ધ આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિને કેન્દ્રિત કરવાથી રતિ-અરતિના કે રાગ-દ્વેષના તોફાનમાં તણાવાના બદલે કે આઘાત-પ્રત્યાઘાતના વમળમાં ફસાવાના બદલે શુદ્ધ સમત્વયોગમાં સાધક આરૂઢ થાય છે. તેનાથી **દશવૈકાલિકનિર્યુક્તિહારિભદ્રી વૃત્તિ**માં દર્શાવેલ આઠેય પ્રકારના કર્મબંધનો વિયોગ થવા સ્વરૂપ મોક્ષ સુલભ બને. (૨/૪)

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૯)માં નથી.

**ભિન્ન વિગતિમાં રૂપ એક જે, દ્રવ્યશક્તિ જગિ દાખઈ રે;**
**તે તિર્યક્સામાન્ય કહીજઈ, જિમ ઘટ ઘટપણ રાખઈ રે ॥૨/૫॥ (૧૪) જિન.**

**ભિન્ન વિગતિમાં** = ભિન્નપ્રદેશી વિશેષમાંહઈ, જેહ દ્રવ્યની **શક્તિ** (**જગિ** = જગતમાં) **એકરૂપ** = ♦એકાકાર ☆જ જેહનઈ☆ (**દાખઈ**=) દેખાડઇ છઇ, તેહનઈ **તિર્યક્સામાન્ય કહિયઈ. જિમ ઘટ ઘટપણ** = ઘટત્વ **રાખઈ** છઈ. ✱સર્વ ઘટમાંહિં ઘટપણું રાખતો = અનુગત ઘટાકાર પ્રતીતિ વિષય થાતો ઘટત્વ તે તિર્યક્સામાન્ય.

જે જે રૂપેં એકત્વ નિયમ તે તે રૂપ સામાન્ય કહીએ ✲વિવહારે **इति भावः।**✱

▸હિવઈ● કોઈ ઈમ કહિસ્યઇ જે "ઘટાદિક ભિન્ન વ્યક્તિમાં જિમ ઘટત્વાદિક એક સામાન્ય છઇ, તિમ પિંડ-કુસૂલાદિક ભિન્ન વ્યક્તિમાં મૃદાદિક એક સામાન્ય છઇ તો તિર્યક્સામાન્ય-ઊર્ધ્વતાસામાન્યનો સ્યો વિશેષ છે ?"

તેહનઈ કહિઈ જે "દેશભેદઈ જિહાં એકાકારઈ પ્રતીતિ ઊપજઈ, તિહાં તિર્યક્સામાન્ય❐ કહિયઈ; જિહાં કાલ-ભેદઈ અનુગતાકાર પ્રતીતિ ઊપજઈ, તિહાં ઊર્ધ્વતાસામાન્ય કહિયઈ."

કોઈક *દિગંબરાનુસારી* ઈમ કહઇ છઈ, જે "ષટ્ દ્રવ્યનઇ કાલપર્યાયરૂપ ★ઊર્ધ્વતાપ્રચય છઈ. કાલ વિના પાંચ દ્રવ્યનઇ અવયવસંઘાતરૂપ તિર્યક્પ્રચય છઈ."

તેહનઈ મતઈ "તિર્યક્પ્રચયનો આધાર ઘટાદિક તિર્યક્સામાન્ય થાયઇ. ■પરમાણુરૂપ અપ્રચયપર્યાયનું આધાર ભિન્ન ✡થાઈ(સ્થાયી) દ્રવ્ય જોઈયઈ." તે માટઈ ૫ દ્રવ્યનઇ ખંધ-દેશ -પ્રદેશભાવઇ એકાનેક⁑ વ્યવહાર ઉપપાદવો પણિ તિર્યક્પ્રચય નામાંતર ન કહેવું✦. ☆તિર્યક્સામાન્ય કહીયઈ, જિમ ઘટઈ ઘટપણ☆ ❖તે જાણવું.❖◂ ॥૨/૫॥

---

♦ આ.(૧)માં 'એકાકીરૂપ' પાઠ છે.

☆...☆ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. લા.(૨)માં છે.

✱...✱ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૩+૪+૯+૧૧)+સિ.+આ.(૧) માં છે. ઉપયોગી હોવાથી લીધેલ છે.

✲ સિ.માં 'સામાન્ય કહી વ્યવહરિઈ' પાઠ.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૩)માં નથી.

● હિવઈ = હવે. આધારગ્રંથ- **આનંદઘનબાવીસીસ્તબક** (જ્ઞાનવિમલસૂરિકૃત), **કુસુમાંજલિ** (જિનરાજસૂરિકૃત), **નેમિરંગરત્નાકરછંદ, હરિવિલાસ રાસલીલા.**

❐ લી.(૩)માં 'સામાન્યનો સ્યો વિશેષ' અશુદ્ધ પાઠ.

★ પુસ્તકોમાં 'ઊર્ધ્વતાસામાન્યપ્રચય' પાઠ છે. કો.(૭+૧૦+૧૧)નો પાઠ અહીં લીધો છે.

■ પુસ્તકોમાં અહીં 'તથા' પાઠ છે. કો.(૧૪)માં નથી.

✡ પુસ્તકોમાં 'થાઈ' નથી. કો.(૧૧)માં છે.

⁑ ધ.માં 'અનેકાનેક' અશુદ્ધ પાઠ.

✦ કો.(૧૧)માં 'તિર્યક્ એહના અર્થનો ભેલો સંબંધ છે' પાઠ.

❖...❖ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૨)માં છે.

દ્રવ્યશક્તિરનેકત્ર દર્શયત્યેકમેવ સા।
તિર્યક્સામાન્યમિત્યુક્તં ઘટત્વં હિ ઘટેષ્વિવ।।૨/૫।।

### ❁ તિર્યક્ સામાન્યનો વિચાર ❁

**શ્લોકાર્થ :-** જે દ્રવ્યશક્તિ અનેક વ્યક્તિમાં એકરૂપતાને જ દેખાડે છે તે તિર્યક્સામાન્ય તરીકે કહેવાય છે. જેમ કે અનેક ઘડાઓમાં 'ઘટત્વ' તિર્યક્સામાન્ય કહેવાય. (૨/૫)

### ॐ ભેદભાવ નિવારીએ ॐ

**આધ્યાત્મિક ઉપનય :-** દરેક આત્માઓ જૈનદર્શન મુજબ સ્વતંત્ર દ્રવ્ય છે. લોકાકાશપ્રમાણ અસંખ્ય આત્મપ્રદેશો સ્કંધપરિણામને પામેલા હોતે છતે દરેક સ્કંધમાં જીવ તરીકેનો વ્યવહાર થાય છે. તેમ છતાં તે તમામ આત્મપ્રદેશો અને જીવો એકબીજાથી જુદા છે, સ્વતંત્ર છે. એક જીવના આત્મપ્રદેશ અને બીજા જીવના આત્મપ્રદેશ પણ જુદા છે. મોક્ષમાર્ગે વિકાસ સાધવામાં તત્પર થયેલા એવા પણ જીવોમાં થતી ભેદબુદ્ધિ 'આ ભિન્ન છે, પારકું છે.' આવા ભેદભાવનો પરિણામ ઊભા કરવા દ્વારા મમતાના અને વિષમતાના વમળમાં જીવોને ગરકાવ કરી દે છે.

### ✡ તિર્યક્સામાન્યનો આધ્યાત્મિક ઉપયોગ ✡

અનાદિ કાળના આ વિષમ રોગમાંથી બચવા માટે તિર્યક્સામાન્યસ્વરૂપ દ્રવ્યશક્તિ સંજીવની ઔષધિ સમાન છે. કોઈ જીવ અનુકૂળ વ્યવહાર કરે, કોઈ પ્રતિકૂળ વ્યવહાર કરે, કોઈ માન આપે, કોઈ અપમાન કરે તેમ છતાં તે તમામ જીવોમાં આત્મત્વ તો એક જ છે. અર્થાત્ 'તમામ જીવો આત્મતત્ત્વરૂપે સમાન જ છે' - આવી એકાકાર પ્રતીતિને કરાવવા દ્વારા તિર્યક્સામાન્યસ્વરૂપ દ્રવ્યશક્તિ જીવને રાગ-દ્વેષના તોફાનમાંથી આબાદ રીતે ઉગારી લે છે અને મૈત્રી ભાવનાના ઉપવનની શીતળતાનો અનુભવ કરાવી દરેક જીવોમાં પરમાત્મતુલ્યતાની પ્રતીતિ કરાવી અસંગદશાના આધ્યાત્મિક શિખર સુધી પહોંચવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ત્યાર બાદ 'આત્મવાન્, વેદવાન્ (= આગમવાન્), વિષ્ણુ (= જ્ઞાન દ્વારા સર્વવ્યાપક), બ્રહ્મયુક્ત, બ્રહ્મજન્મા, સૂક્ષ્મ, સર્વશ્રેષ્ઠ, વિજેતા, જયી (= કર્મવિજયી), સર્વકર્મમલશૂન્ય' આ પ્રમાણે **સિદ્ધસહસ્રનામકોશ**માં વર્ણવેલ સિદ્ધસ્વરૂપ પ્રગટે છે. (૨/૫)

હિવઈ ઊર્ધ્વતાસામાન્યશક્તિના ૨ ભેદ દેખાડેઈ છઈ -

**શક્તિમાત્ર તે દ્રવ્ય સર્વની♦, ગુણ-પર્યાયની લીજઈ રે;**

**કારયરૂપ નિકટ દેખીનઈ, સમુચિત શક્તિ કહીજઈ રે ॥૨/૬॥ (૧૫) જિન.**

✡**દ્રવ્ય સર્વની** આપ આપણા **ગુણ-પર્યાયની શક્તિમાત્ર લીજઇ**, **તે** ઓઘશક્તિ કહિયઇ. અનઇં જે (**કારયરૂપ=**) કાર્યનું રૂપ **નિકટ** કહેતાં ⁂ઢુંકડું થાતું **દેખીયઈ**, તે કાર્યની અપેક્ષાઇં તેહને✦ **સમુચિત શક્તિ કહિયઇ.** સમુચિત કહેતાં વ્યવહારયોગ્ય●. ॥૨/૬॥

---

परामर्शः

**गुण-पर्याययोरोघशक्तिर्द्रव्येऽखिले ध्रुवम् ।**

**कार्याऽऽसत्तौ हि शक्तिस्तु समुचिताऽभिधीयते ।।२/६।।**

---

**卐 ઓઘશક્તિ અને સમુચિતશક્તિ 卐**

**શ્લોકાર્થ** :- તમામ દ્રવ્યમાં ગુણની અને પર્યાયની (૧) ઓઘશક્તિ રહેલી છે. (૨) સમુચિત-શક્તિ તો કાર્યનું સ્વરૂપ નજીકમાં આવે ત્યારે કહેવાય છે. (૨/૬)

**ॐ તાત્ત્વિક સાધનામાર્ગની સમજણ ॐ**

**આધ્યાત્મિક ઉપનય** :- દરેક ભવ્ય આત્માઓમાં મોક્ષે જવાની યોગ્યતા રહેલી હોય છે. કોઈક મોક્ષે વહેલા જાય છે. કોઈક મોક્ષે મોડા જાય છે. દીર્ઘ સમય પછી મોક્ષે જનારા ભવ્યાત્મામાં મોક્ષજનક ઓઘશક્તિ રહેલી હોય છે. તથા ટૂંક સમયમાં મોક્ષે જનાર ભવ્યાત્મામાં મોક્ષજનક સમુચિતશક્તિ રહેલી છે. મોક્ષજનક ઓઘશક્તિને સમુચિતશક્તિમાં રૂપાંતરિત કરવી તેનું નામ સાધના છે. પ્રભુભક્તિ, ગુરુસમર્પણ, શાસ્ત્રનિષ્ઠા, સાધુસેવા વગેરે વ્યવહારનયસંમત સાધનાના માધ્યમ દ્વારા એકાંતવાસ = તાત્ત્વિક એકાકીપણું, આર્ય મૌન, ધ્યાન, કાયોત્સર્ગ, ભેદવિજ્ઞાનપરિણતિ અને સમુચિત અસંગ સાક્ષીભાવની સંવેદના સ્વરૂપ નિશ્ચયનયમાન્ય ઉપાસના માર્ગમાં ઠરીને આપણામાં રહેલ મોક્ષજનક ઓઘશક્તિને તથાવિધ સમુચિતશક્તિરૂપે વહેલી તકે પરિણમાવી દેવી તે આપણું અંગત અને આવશ્યક કર્તવ્ય છે. તેનાથી ગંભીરવિજયજીએ **શાંતસુધારસવૃત્તિ**માં વર્ણવેલ સર્વથા ઉપદ્રવશૂન્ય મોક્ષ સુલભ બને. (૨/૬)

---

♦ કો.(૪)માં 'સર્વથી' પાઠ.

✡ સિ.+કો.(૯)+P(૨)+આ.(૧)માં ટબાર્થ આ મુજબ છે 'દ્રવ્ય એક તે અતીતાનાગત વર્તમાન સર્વ ગુણ-પર્યાયની સામાન્યશક્તિ કહીએ અનેં જે કાર્યરૂપ નિકટ કહતાં ઢુંકડું થાતું દેખીઈં તેહની અપેક્ષાઈ સમુચિત શક્તિ કહીઈ.'

⁂ પુસ્તકોમાં 'વહિલું ઉપજતું' પાઠ છે. સિ.+કો.(૯)+P(૨)+આ.(૧)નો પાઠ લીધો છે.

✦ પુસ્તકોમાં 'તેહની' પાઠ. કો.(૧૦)નો પાઠ લીધો છે. કો.(૧૧+૧૨)માં 'તેહનઈં' પાઠ.

● લા.(૧૨)માં 'વ્યાપારયોગ્ય' પાઠ.

ઈહાં વલી દૃષ્ટાન્ત કહઈ છઈ :-

**ઘૃતની શક્તિ યથા તૃણભાવઈ જાણી પણિ♦ ન ✡કહાઈ રે;**

**❖દુગ્ધાદિક ભાવઈ તે જનનઈ ભાખી ●ચિત્તિં સુહાઈ રે ॥૨/૭॥ (૧૬) જિન.**

(**યથા**=) જિમ **ઘૃતની** ▸= ઘૃત કરવાની◂ **શક્તિ તૃણભાવઈ** = ▸તૃણપર્યાયઈ◂ પુદ્ગલમાંહિ છઈ. નહીં તો તૃણઆહારથી ધેનુ દૂધ દિઈ છઈ, તે દૂધમાંહિં ઘૃતશક્તિ કિહાંથી આવીઈ ? ઈમ અનુમાન પ્રમાણઈ તૃણમાંહિ **જાણી**, **પણિ**♦ ઘૃતશક્તિ ▸વ્યવહારયોગ્ય❋ ભાવઈ◂ (**કહાઈ**=) કહવાઈ **નહીં**. તેહ માટઈ તે ઓઘશક્તિ કહિયઈ. અનઈ *તત્કાર્યે સમુચિતશક્તિ કહિઈ. **शक्तेरेव तत्कार्यशक्तत्वव्यवहारहेतुत्वात्। अत एव "शक्तयः सर्वभावानां कार्याऽर्थापत्तिगोचराः" (सम्मतिवृत्ति १/१ पृ.५४, उपदेशपदवृत्ति-३४३) इति प्रवादः।***

તૃણનઈ **દુગ્ધાદિક ભાવઈ** = દુગ્ધ-દધિ પ્રમુખ ☐પરિણામઈ ઘૃતશક્તિ કહીયઈ. **તે ભાખી** થકી **જનનઈ** = લોકનઈ **ચિત્તિં સુહાઈ** ▸= ગમેં◂ **उक्तव्यवहारहेतुसम्पत्तेः**✤. તે માટઈ તે સમુચિતશક્તિ કહિયઈ. અનંતર કારણમાંહઈ સમુચિતશક્તિ, પરંપર કારણમાંહઈ ઓઘશક્તિ એ વિવેક.

એહ રનું જ અન્ત્યકારણતા✮ ૧. પ્રયોજકતા ૨. એહ બિ બીજાં નામ ***નૈયાયિક***❊ કહઈ છઈ, તે જાણવું. ॥૨/૭॥

---

परामर्शः

**घृतशक्तिर्यथा शस्ये ज्ञायतेऽपि न कथ्यते।**
**दुग्धादौ कथिता सा तु लोकचित्ते विराजते।।२/७।।**

---

卐 **ઓઘશક્તિના અને સમુચિતશક્તિના ઉદાહરણ** 卐

**શ્લોકાર્થ** :- ઘાસમાં ઘી બનવાની શક્તિ જણાય છે પણ કહેવાતી નથી. પરંતુ 'દૂધ વગેરેમાં

---

♦ પુસ્તકોમાં 'પિણ' પાઠ છે. પા. + P(૨+૩+૪)માં 'પણિ' પાઠ છે. બન્નેનો અર્થ 'પણ' થાય છે. કો.(૩)માં 'પણ' પાઠ છે.

✡ કો.(૧૦)માં 'કહવાઈ' પાઠ.

❖ શાં.+ધ.માં 'દુગધા...' પાઠ. અહીં કો(૨)નો પાઠ લીધેલ છે.

● પુસ્તકોમાં 'ચિત્ત' પાઠ. કો.(૬+૭+૮+૧૧)નો પાઠ લીધો છે.

▸...◂ ચિહ્નદ્વયવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+કો.(૯)+ આ.(૧) માં છે.

❋ કો.(૯)માં 'પિણ વ્યવહાર યોગ્યતા વિના કહી ન જાઈ' પાઠ.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.માં છે.

☐ સિ.+આ.(૧)માં 'પર્યાયૈ' પાઠ.

✤ પુસ્તકોમાં 'उक्तव्यवहारहेतुसम्पत्तेः' પાઠ નથી. ફક્ત સિ.માં છે.

✮ પુસ્તકોમાં 'અન્યકારણતા' પાઠા. ૧. ઈષ્ટ સાધનતા, પ્રયોજનતા. પાલિ.

❊ મ.માં 'નૈયાયિક' શબ્દ નથી. ધ.માં છે.

ઘી બનવાની શક્તિ છે' - તેવું કહેવામાં આવે તો તેવી ઘૃતશક્તિ લોકોના મનમાં જચે છે. (૨/૭)

## 卐 મોક્ષની સમુચિતશક્તિને પ્રગટાવવી 卐

**આધ્યાત્મિક ઉપનય** :- 'આપણે ભવ્ય હોવાથી મોક્ષમાં જવાના છીએ' - તે વાત શાસ્ત્રકારની દૃષ્ટિએ સાચી છે. કારણ કે ભવ્યત્વ નામની મોક્ષજનક ઓઘશક્તિ આપણા આત્મામાં શાસ્ત્રકારોએ માન્ય કરેલ છે. પરંતુ 'હું મોક્ષે જવાનો છું' - એવું બોલવા છતાં ઉત્કટ કામવાસના, ક્રોધાદિના આવેગો, ખાવાની લાલસા, પ્રબળ મહત્ત્વાકાંક્ષા, ભોગતૃષ્ણા, ફેશન-વ્યસનપરસ્તતા, ઉદ્ધતાઈ, સ્વચ્છંદતા આદિ દોષોના અને દુરાચારના વમળમાં આપણે ખૂંચેલા હોઈએ તો 'હું મોક્ષે જવાનો છું' - આવી આપણી વાત લોકોમાં હાંસીપાત્ર જ બને. કેમ કે આપણામાં મોક્ષની સમુચિતશક્તિ તેવા સમયે લોકોને જણાતી નથી. તથા લોકવ્યવહાર તો જ્ઞાયમાન સમુચિતશક્તિના આધારે જ થાય છે. માટે આપણામાં મોક્ષની ઓઘશક્તિને જાણ્યા પછી મોક્ષની સમુચિતશક્તિને પ્રગટાવવા પ્રામાણિક પ્રયત્ન કરવો અત્યંત જરૂરી છે.

## ❋ સમુચિતશક્તિના આવિર્ભાવનો ઉપાય ❋

તે માટે જપ, તપ, ત્યાગ, સ્વાધ્યાય, સાધુસેવા, ભગવદ્ભક્તિ આદિ સદાચારોને કેળવવાનો ઉત્સાહ રાખવો જોઈએ. તથા સરળતા, સૌમ્યતા, સહનશીલતા, સદ્ગુરુસમર્પણ, વૈરાગ્ય, ઔદાર્ય, ગાંભીર્ય, દાક્ષિણ્ય, પાપભીરુતા આદિ સદ્ગુણોને આત્મસાત્ કરવા માટે કટિબદ્ધ બનવું જોઈએ. આવું થાય તો જ મોક્ષની ઓઘશક્તિ મોક્ષની સમુચિતશક્તિમાં રૂપાંતરિત થવાથી સરળતાથી ટૂંક સમયમાં આપણને મોક્ષની પ્રાપ્તિ થઈ શકે. **સ્યાદ્વાદમંજરીમાં** સર્વકર્મક્ષયજન્ય પરમસુખસંવેદનસ્વરૂપ મોક્ષ જણાવેલ છે. (૨/૭)

▸પુદ્ગલદ્રવ્યઈયેં ઉદાહરણ દેખાડી◂ આત્મદ્રવ્યમાંહઈ એ ૨ શક્તિ ફેલાવઈ છઈ -

**ધરમશક્તિ પ્રાણીનઈ પૂરવ પુદ્ગલનઈ આવર્તઈ રે;**
**ઓઘઈ સમુચિત જિમ વલી કહિયઈ ♦છેહલઈ તે આવર્તઈ રે ॥૨/૮॥ (૧૭) જિન.**

✡જિમ **પ્રાણીનઈ** = ભવ્ય જીવનઈ, ♦**પૂરવ** કહઈતાં પહિલા **પુદ્ગલપરાવર્ત** અનંતઈ વીતા.

તેહમાંહઈ પણિ **ઓઘઈ** = સામાન્યઈ, (**ધરમશક્તિ**=) ★ધર્મશક્તિ કહીયઈ★, નહીં તો છેહલઈ પુદ્ગલપરાવર્તઈ તે શક્તિ ☸ન આવઈ. "**नाऽसतो विद्यते भावः**" (**भ.गीता अ. २.१६**) **इत्यादिवचनात्** ।

અનઈ (**જિમ વલી**) **છેહલઈ** (**તે**) પુદ્ગલ**પરાવર્તઈ** ધર્મ● કરવાની **સમુચિત** શક્તિ ❖એવ **કહિયઈ**.

**अत एव** અચરમ પુદ્ગલપરાવર્ત ભવબાલ્યકાલ કહિઓ છઈ, અનઈ છેહલો પુદ્ગલપરાવર્ત ધર્મયૌવનકાલ કહિઓ છઈ.

**[1]अचरमपरिअट्टेसु कालो भवबालकालमो भणिओ ।**
**चरमो उ धम्मजुव्वणकालो तहचित्तभेओत्ति** ।। (**विं. प्र. ४/१९**) ***वीसीमध्ये*** *કહ્યું છઈ.* ॥૨/૮॥

**प्राचीनपुद्गलावर्ते धर्मस्य शक्तिरोघतः ।**
**समुचिता तु सा प्रोक्ता चरमावर्तकालतः ।।२/८।।**

### 卐 ધર્મની ઓઘશક્તિ અને સમુચિતશક્તિ 卐

**શ્લોકાર્થ** :- પૂર્વના પુદ્ગલપરાવર્ત કાળમાં જીવની અંદર ધર્મની ઓઘશક્તિ હોય છે. તથા ધર્મની

▸...◂ ચિહ્નદ્વયવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+કો.(૯)+આ.(૧) માં છે.

♦ મ.+ધ.+શાં. માં 'છેહલિં' પાઠ. કો.(૪)માં 'છૈહલૈ' પાઠ. કો.(૩)નો પાઠ લીધેલ છે.

✡ કો.(૯)+આ.(૧)માં 'પૂર્વપુદ્ગલ = જે ચરમ પુદ્ગલપરાવર્તથી પાછલા સર્વ પુદ્ગલ પરાવર્ત તેમાંહિ પ્રાણીનઈ ધર્મશક્તિ ભવ્યતારૂપ ઓઘઈ કહીં = સામાન્યઈ કહીયૈ.' પાઠ.

♦ પુસ્તકોમાં 'પૂર્વ' પાઠ. કો.(૧૦+૧૧)+લા.(૨)નો પાઠ લીધો છે.

★...★ ચિહ્નદ્વયવર્તી પાઠ પુસ્તકોમાં નથી. લી.(૧+૨+૩) + લા.(૨) + B(૨) + કો.(૯+૧૨+૧૩) + P(૨+૪) + પા.માંથી લીધેલ છે.

☸ મો.(૨)માં 'ન' ના બદલે 'કિહાંથી' પાઠ.

● પુસ્તકોમાં 'ધર્મથી' અશુદ્ધ પાઠ. લી.(૧+૨+૩) + P(૩)માં 'ધર્મની સમુ...' શુદ્ધ પાઠાન્તર. આ.(૧)નો પાઠ લીધો છે.

❖ પુસ્તકોમાં 'એવ' નથી. કો.(૭)માં છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૧)માં છે.

1. अचरमपरावर्तेषु कालः भवबालकालः भणितः। चरमः तु धर्मयौवनकालः तथाचित्रभेदः इति।।

સમુચિત શક્તિ તો ચરમાવર્તકાળથી માંડીને કહેવાય છે. (૨/૮)

## ॐ કાળનો મહિમા પરખીએ ॐ

**આધ્યાત્મિક ઉપનય** :- યોગધર્મની ઓઘશક્તિનું સમુચિતશક્તિમાં રૂપાંતર કરવા માટે જો આપણે સફળ થઈએ તો આપણે ચરમાવર્તકાળમાં આવેલા છીએ તેમ નક્કી સમજવું. શત્રુંજયતીર્થના દર્શન કરવાથી કે 'હું ભવ્ય છું કે નહિ ?' - આવી શંકા થવાથી પોતાનામાં ભવ્યત્વનો અસંદિગ્ધ નિર્ણય થઈ જવા માત્રથી કાંઈ આત્માનું કાર્ય પૂર્ણ થઈ જતું નથી. આનાથી ફલિત થાય છે કે કોરો તત્ત્વનિશ્ચય કાર્યસાધક નથી પરંતુ તત્ત્વનિશ્ચય થયા બાદ સંવેદનશીલ હૃદયથી સદ્ધર્મવ્યવહારમાર્ગે સતત ચાલવા માટે ઉલ્લસિત થવું એ અત્યંત અનિવાર્ય કર્તવ્ય છે. આવા સાતત્યપૂર્ણ, આદરયુક્ત આજ્ઞાપાલન યોગમાં ચરમાવર્તકાળનો સહયોગ અત્યંત મહત્ત્વનો ભાગ ભજવે છે. આવું ઉપરોક્ત શ્લોક દ્વારા ફલિત થાય છે.

## ❀ કહેવતોનું શાણપણ સમજીએ ❀

કાળ તત્ત્વના આવા પ્રભાવને સૂચવનારી કહેવતો પણ જાણવા મળે છે જેમ કે :-

(૧) 'જેવી ગતિ તેવી મતિ.'

(૨) 'જેવો ભવ તેવો ભાવ.'

(૩) 'જેવી નિયતિ તેવી સંગતિ.' મરણપથારીએ રીબાતા એવા **કાલસૌકરિક** કસાઈનું ઉદાહરણ અહીં વિચારવું.

(૪) 'ભવિષ્યકાળ પોતાનો પડછાયો વર્તમાનકાળે મોકલી આપે છે.'

(૫) 'કાળ પાકી ગયો હોય ત્યારે કામ કરવાનું સૂઝે.'

(૬) 'અકાળે કરેલું કાર્ય ન કર્યા સમાન છે.'

(૭) 'પુત્રના લક્ષણ પારણામાં અને વહુના લક્ષણ બારણામાં.'

આવી લોકોક્તિઓ પણ કાળના પ્રભાવનું અલગ અલગ રૂપે વર્ણન કરે છે. તેને અહીં યાદ કરવી. ચરમાવર્તકાળના સહયોગથી જિનાજ્ઞાના પૂર્ણ પાલનથી **પંચવસ્તુક**માં વર્ણવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટ થાય છે. ત્યાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ કહેલ છે કે 'સિદ્ધગતિમાં સદા કાળ સિદ્ધ ભગવાન સર્વજ્ઞ, સર્વદર્શી, નિરુપમસુખયુક્ત, જન્માદિબંધનમુક્ત સ્વરૂપે રહે છે.' (૨/૮)

**"♦કાર્યભેદઈં શક્તિભેદ"-ઈમ વ્યવહારિં વ્યવહરિઈં રે;**
**નિશ્ચય- "નાના કારય-કારણ એકરૂપ✡" તે ધરિઈં રે ॥૨/૯॥ (૧૮) જિન.**

(ઈમ=) ▸એમ **કાર્યભેદઈં** તત્ર (કારણે) કાર્યનિરૂપિત સમુચિત**શક્તિ**નો **ભેદ** (**વ્યવહારિં**=) વ્યવહારનયે **વ્યવહારીઈં**. શક્તિભેદનિરૂપક ઉપાધિભેદ છઈ તે માટઈં. જિમ એક જ આકાશઇં ઘટાદ્યુપાધિભેદેં 'ઘટાકાશ', 'પટાકાશ', 'મઠાકાશ' ઈત્યાદિ ભેદ જાણીઈં.◂

ઈમ એકેક કાર્યની ઓઘ-સમુચિતરૂપ અનેક શક્તિ એક *દ્રવ્યની ❐પામિયઈં, તે વ્યવહારનયઈં કરીનઈં* વ્યવહરિઈં. તે નય કાર્ય-કારણભેદ માનઈં છઈ.

(તે) **નિશ્ચય**નયથી (**નાના કારય-કારણ એકરૂપ**=) ▸નાનાજાતીય નાનાદેશીય◂ નાનાકાર્ય⧗કરણ-એકશક્તિસ્વભાવ જ દ્રવ્ય હૃદયમાંહિ **ધરિયઈ**. નહીં તો સ્વભાવભેદઈં દ્રવ્યભેદ થાઈ.

▸**अत एव नैतन्नये स्थिरपक्षे क्षणभङ्गपक्षे वा कार्यभेदे कारणस्वभावभेदः, क्रमिकाऽक्रमिक-नानाकार्यकरणैकस्वभावक्रोडीकृतत्वात् ।**◂

☆તે તે દેશ-કાલાદિકની અપેક્ષાઈં એકનઈં અનેકકાર્યકરણસ્વભાવ માનતાં કોઈ દોષ નથી.

કારણાંતરની⚘ અપેક્ષા પણિ સ્વભાવમાંહિં જ અંતર્ભૂત છઇ. તેણઈં તેહનું પણિ ⌘વિફલપણું ન હોઈ.

તથા શુદ્ધ નિશ્ચયનયનઈં મતઈં કાર્ય મિથ્યા છઈ, "**आदावन्ते च यन्नास्ति, वर्त्तमानेऽपि तत्तथा।**" (प.द.१३/६८) **इति वचनात्।**

કાર્ય-કારણકલ્પનારહિત શુદ્ધ અવિચલિતરૂપ દ્રવ્ય જ છઇ, તેહ જાણવું.☆ ॥૨/૯॥

---

**कार्यभेदे हि शक्तिस्तु भिद्यते व्यवहारतः।**
**नानाकार्यैकशक्तिस्तु द्रव्यभावो हि निश्चये।।२/९।।**

---

### ✠ કાર્યભેદ શક્તિભેદસાધક : વ્યવહારનય ✠

**શ્લોકાર્થ** :- વ્યવહારનયથી કાર્ય બદલાતા શક્તિ અવશ્ય બદલાય છે. નિશ્ચયનયના મતે તો અનેક કાર્યોને કરવાની એક શક્તિ એ જ દ્રવ્યનો સ્વભાવ છે. (૨/૯)

### ❋ વ્યવહાર-નિશ્ચયનું પારમાર્થિક પ્રયોજન ❋

**આધ્યાત્મિક ઉપનય** :- એક જ આત્મા નરક, તિર્યંચ વગેરે વિવિધ ગતિઓમાં ભટકે છે અને

---

♦ પુસ્તકોમાં 'કારય...' પાઠ. કો.(૪)માં 'કારજ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ✡ આ.(૧)માં 'રૂપે' પાઠ.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯)+સિ.+આ.(૧)માં છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ધ.માં નથી.
❐ પુસ્તકોમાં 'પાસિઈં' પાઠ છે. કો.(૭) + લા.(૨)નો પાઠ લીધો છે. ⧗ પુસ્તકોમાં '...કાર્યકારણ...' પાઠ. લી.(૨+૩) + P(૨+૩)નો પાઠ લીધો છે. ☆...☆ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)+કો.(૯)+સિ.માં છે.
⚘ કો.(૧૨)માં 'કારણાંતરથી' પાઠ. ⌘ કો.(૧૦)માં 'વિકલ...' પાઠ.

આર્ત્ત-રૌદ્ર ધ્યાન આદિમાં અટવાય છે. આ વાતને લક્ષમાં રાખી વ્યવહારનય કહે છે કે :- એક જ આત્મામાં સાત્ત્વિક, રાજસિક, તામસિક અને આધ્યાત્મિક શક્તિ રહેલી છે. (૧) આત્મનિષ્ઠ તામસિક શક્તિનું કાર્ય એટલે નરક ગતિ, રૌદ્ર ધ્યાન આદિ. (૨) જીવગત રાજસિક શક્તિનું કાર્ય એટલે તિર્યંચગતિ, હલકી દેવગતિ, આર્ત્તધ્યાન વગેરે. (૩) આત્મગત સાત્ત્વિક શક્તિનું કાર્ય એટલે ઊંચી દેવગતિ, મનુષ્યગતિ, ધર્મધ્યાન વગેરે. તથા (૪) આત્મવર્તી આધ્યાત્મિક શક્તિનું કાર્ય એટલે શુક્લ ધ્યાન, ક્ષપકશ્રેણિ, સિદ્ધગતિ વગેરે. આપણામાં રહેલી તામસિક અને રાજસિક શક્તિને નિષ્ક્રિય બનાવી સાત્ત્વિક શક્તિને સક્રિય કરી આધ્યાત્મિક શક્તિનું જાગરણ કરવું એ જ તાત્ત્વિક સાધના છે.

જ્યારે નિશ્ચયનય કહે છે કે :- ચતુર્ગતિભ્રમણ અને મોક્ષગમન આદિ વિવિધ કાર્ય કરવાનો ભવ્ય આત્માનો એક અખંડ સ્વભાવ છે. ક્રમશઃ તથાવિધ અનેક કાર્ય કરવાનો વસ્તુનો સ્વભાવ એક અને અખંડ હોવાથી વસ્તુના પર્યાય ક્રમબદ્ધ છે. તેથી ઉત્પન્ન થનારા પર્યાયોને રોકવાનો કે પર્યાયની ફેરબદલી કરવાનો જીવને પરમાર્થથી કોઈ અધિકાર નથી. જ્યારે જ્યાં જે રીતે જે પર્યાય પ્રગટે તેના અસંગભાવે સાક્ષી બની જવું એ જ નિશ્ચયનયના મતે તાત્ત્વિક જ્ઞાનપુરુષાર્થ છે. ક્રમબદ્ધ ઉત્પન્ન થનારા પર્યાયોમાંથી અમુક પર્યાય પ્રત્યે ગમો અને અમુક પર્યાયો પ્રતિ અણગમો કરવાનો પ્રયાસ વ્યર્થ છે, અનર્થકારી છે. પર્યાયોની ક્રમબદ્ધ શૃંખલામાં ફેરફાર થઈ શકતો હોય તો વસ્તુના સ્વભાવની અખંડિતતા ખંડિત થવાની અનિષ્ટ સમસ્યા સર્જાય. આવું જાણતા હોવાથી તીર્થંકર પરમાત્માઓ છેલ્લા ભવમાં પણ નિકાચિત કર્મોદય, ભવિતવ્યતા આદિથી જન્ય રાજ્યારોહણ, લગ્ન આદિ પ્રવૃત્તિમાં અપેક્ષિત અસંગભાવે જ જોડાય છે. કેવલ કર્મોદયાદિજન્ય તથાવિધ પ્રવૃત્તિમાંથી અને પરિસ્થિતિમાંથી પસાર થવા છતાં પણ શુદ્ધ આત્મતત્ત્વ ઉપર દૃષ્ટિને રુચિપૂર્વક સ્થાપિત કરી કર્મજન્ય પરિણામ, પ્રવૃત્તિ વગેરેને મિથ્યા સમજી શુદ્ધ નિશ્ચયનયની પારમાર્થિક ભૂમિકામાં રહી આત્મરમણતામાં લીન થવાનું લક્ષ્ય તેઓ ચૂકતા નથી.

### ❋ શુદ્ધ નિશ્ચયનયનું તાત્પર્ય સમજીએ ❋

આ રીતે પરમ માધ્યસ્થ્યભાવગર્ભિત તત્ત્વદૃષ્ટિથી પ્રયુક્ત આત્મરમણતા-મગ્નતા-સ્થિરતા-લીનતા -વિલીનતા કેળવી કેવલજ્ઞાન સંપ્રાપ્ત કરવું. પરંતુ ભોગતૃષ્ણાના કાદવમાં ડૂબવું નહિ. પ્રસ્તુતમાં શુદ્ધ નિશ્ચયનયનું તાત્પર્ય આ જ છે. કર્મોદયજન્ય પદાર્થ, પરિસ્થિતિ, પરિણતિ, પ્રવૃત્તિ વગેરેની તુચ્છતા, અસારતા, નિરાધારતા, અનિત્યતા, અશુચિતા, આત્મભિન્નતા, કાલ્પનિકતા, નિરર્થકતા આદિને શુદ્ધ નિશ્ચયનયની ભૂમિકામાં રહીને વિચારવાથી બાહ્ય ઝાકઝમાળનું આકર્ષણ મરી પરવારે છે. માટે આવા જીવને મોહરાજાની ભૂલ-ભૂલામણીમાં ફસાવાની કોઈ શક્યતા રહેતી નથી. આ બાબતને ગંભીરપણે સમજી, નિર્દંભપણે-પ્રામાણિકપણે વ્યવહારનયના, નિશ્ચયનયના અને શુદ્ધનિશ્ચયનયના તાત્પર્યને સ્વીકારી પોતાની ભૂમિકા મુજબ બાહ્ય-આંતરિક તાત્ત્વિક આત્મસાધનામાં લીન રહેવું. આ અહીં તાત્પર્ય છે. તેના લીધે **જંબૂચરિત**માં **શ્રીગુણપાલ** મુનિએ વર્ણવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટે છે. ત્યાં સિદ્ધસ્વરૂપ આ મુજબ જણાવેલ છે કે 'મોક્ષમાં (૧) અત્યન્ત સુખ છે, (૨) એકાંતે સુખ છે. મોક્ષ (૩) પીડારહિત, (૪) અનુપમ, (૫) પ્રકૃષ્ટ, (૬) અચલ, (૭) રૂપશૂન્ય, (૮) અન્તશૂન્ય, (૯) કલ્યાણસ્વરૂપ, (૧૦) શાશ્વત અને (૧૧) અક્ષયસ્વરૂપ છે.' આ બાબતને ખ્યાલમાં રાખવી. (૨/૯)

ઈમ શક્તિરૂપઈં♦ ✡દ્રવ્ય વખાણિઉં. હવઈ વ્યક્તિરૂપ ગુણ-પર્યાય વખાણઈ છઈ -

**ગુણ-પર્યાય વિગતિ બહુ ભેદઈં, નિજ નિજ ✦જાતિં વરતઈ રે;**

**શક્તિરૂપ ગુણ કોઈક ભાખઈ, તે નહી મારગિ નિરતઈ રે ॥૨/૧૦॥ (૧૯) જિન.**

**ગુણ-પર્યાય** (**વિગતિ**=) વ્યક્તિ **બહુ ભેદઈં** = અનેક પ્રકારઈં, **નિજ નિજ જાતિં** = સહભાવિ ક્રમભાવિ કલ્પનાકૃત્ આપ આપણઈં સ્વભાવઈં **વર્ત્તઈ** છઈં.

**કોઈક** = ●*દિગંબરાનુસારી*❖ **શક્તિરૂપ ગુણ ભાખઈ** છઈં, ▸"**गुणविकाराः पर्याया**"(आलाप.पृ.६) **इति** ***देवसेन*वचनात्** । 'વિકાર તે વ્યક્તિ. પ્રકૃતિ તે શક્તિ' - એ જગતપ્રસિદ્ધ છે.◂ જે* માટઈં તે ઈમ❑ કહઈ છઈ જે "જિમ દ્રવ્યપર્યાયનું કારણ દ્રવ્ય, તિમ ગુણપર્યાયનું કારણ ગુણ. દ્રવ્યપર્યાય = દ્રવ્યનો અન્યથા ભાવ, જિમ નર-નારકાદિક. અથવા દ્વ્યણુક-ત્ર્યણુકાદિક. ગુણપર્યાય = ગુણનો અન્યથાભાવ♮, જિમ મતિ, શ્રુતાદિ વિશેષ. અથવા ભવસ્થ✻ સિદ્ધાદિકેવલજ્ઞાન વિશેષ. ઈમ દ્રવ્ય (૧), ગુણ✠ (૨), એ જાતિં શાશ્વત્ અનઈં પર્યાયથી અશાશ્વત, ઈમ આવ્યું."*

એહવું કહઈ છઈ, **તે** ☆**નિરતઈ** = **રૂડઈ માર્ગઈં નહીં**, જેહ માટઈં એ કલ્પના ■શાસ્ત્રઈં તથા યુક્તિ ન મિલઈ. ★એહવી શ્રીજિનની વાણી ભવિક પ્રાણી તે તુમ્હે આરાધું.★ ॥૨/૧૦॥

---

પરામર્શઃ **विविधा गुण-पर्याया वर्त्तन्ते स्व-स्वभावतः ।**
**शक्तिरूपं गुणं कश्चिद् भाषते न स सत्पथे ।।२/१०।।**

---

♦ પાઠા० દ્રવ્ય શક્તિરૂપ. ભા०

✡ કો.(૯)+સિ.+આ.(૧)માં 'દ્રવ્ય તે શક્તિરૂપ થયું. ગુણ પર્યાય તે વ્યક્તિરૂપ છઈં.' પાઠ.

✦ કો.(૪)માં 'જાતેં' પાઠ.

● કો.(૯)માં 'દિગંબર ગુણને પણિ શક્તિરૂપ કહે છેં.' પાઠ.

❖ આ.(૧)માં 'દિગંબર દેવસેનજી નયચક્રકર્તા' પાઠ.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)+કો.(૯)+સિ. માં છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૯)+સિ.માં નથી.

❑ ધ.માં 'ઈમ' નથી.

♮ B(૨)માં 'નહિ' અશુદ્ધ પાઠ છે.

✻ પુસ્તકોમાં 'ભવસ્થ' પદ નથી. કો.(૧૦+૧૨)+ લી.(૧+૨) +P(૨+૩+૪)+પા.માં છે.

✠ કો.(૧૧)માં 'ગુણપર્યાય' પાઠ.

☆ નિરતઈ = ચોખ્ખા, સ્પષ્ટ (જુઓ - **કુસુમાંજલિ** - જિનરાજસૂરિકૃત).

■ પુસ્તકોમાં 'શાસ્ત્રિ' પાઠ. કો.(૭)નો પાઠ લીધો છે.

★...★ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફકત લા.(૨)માં છે.

## ❖ ગુણ-પર્યાય વ્યક્તિસ્વરૂપ : શ્વેતાંબર ❖

**શ્લોકાર્થ** :- વિવિધ પ્રકારના ગુણ-પર્યાય પોતાના સ્વભાવ મુજબ વર્તે છે. કોઈક દિગંબર ગુણને શક્તિ સ્વરૂપ કહે છે. પરંતુ તે સાચા માર્ગે નથી. (૨/૧૦)

## ♆ નિરુપાધિક સ્વભાવાનુસાર પરિણમન હિતકારી ♆

**આધ્યાત્મિક ઉપનય** :- 'ગુણ અને પર્યાય પોતાના સ્વભાવ મુજબ પ્રવર્તે છે' - આ વાત આધ્યાત્મિક દૃષ્ટિએ ખૂબ ઉપયોગી છે. જીવ આત્મભાનને ભૂલી મોહદશામાં મૂઢ થઈ પોતાના ગુણને કે પર્યાયને તેના સ્વભાવ મુજબ પ્રવર્તતા અટકાવી વિભાવદશાને અભિમુખ પ્રવર્તાવે છે. આ જ જીવની ગંભીર ભૂલ છે. પોતપોતાના નિર્મળ સ્વભાવ મુજબ પ્રવર્તતા ગુણ-પર્યાયને અટકાવવા એ ભવભ્રમણની નિશાની છે. તથા પોતપોતાના નિર્મળ સ્વભાવ મુજબ ગુણ-પર્યાયને પ્રવર્તાવવા જાગૃતિ રાખવી, સહાય કરવી તે મોક્ષમાર્ગની યાત્રાની નિશાની છે. માટે સાધકે પોતપોતાના નિરુપાધિક સ્વભાવ મુજબ પરિણમતા ગુણ-પર્યાયના કાર્યમાં અવરોધક બનવાના બદલે ઉદ્દીપક બનવા સતત પ્રયત્નશીલ રહેવું તેનું નામ અંતરંગ મોક્ષપુરુષાર્થ છે. તેનાથી શ્રી**હંસરત્ન** ગણીએ **શત્રુંજયમાહાત્મ્ય**માં વર્ણવેલ આત્યંતિક અને સર્વોત્તમ એવું મોક્ષસુખ અત્યંત નજીક આવે છે. (૨/૧૦)

**પર્યાયથી ગુણ ભિન્ન ન ભાખિઓ, સમ્મતિ ગ્રંથિં ♦વ્યક્તઈ રે;**
**જેહનો ભેદ વિવક્ષાવશથી, તે કિમ કહિઈ ✡શક્તિઈ રે ॥૨/૧૧॥ (૨૦) જિન.**

**પર્યાયથી ગુણ ભિન્ન** કહતાં જુદો **ભાખિઓ નથી, સમ્મતિ ગ્રંથિં વ્યક્તિ** = પ્રકટ અક્ષરઈ. तथाहि -

[1]**परिगमणं पज्जाओ, अणेगकरणं गुण त्ति तुल्लट्ठा।**
**तह वि ण गुण त्ति भण्णइ, पज्जवणयदेसणा जम्हा।।** (स.त.३.१२)

▸**परि = समन्तात् सहभाविभिः क्रमभाविभिश्च भेदैः वस्तुनः गमनं = पर्यायः। अनेकरूपतया वस्तुनः करणं = गुणः इत्यनयोः तुल्यार्थत्वेऽपि यथा धृतिः (?) हरिपदे पशुत्वं प्रयोगोपाधिः यथा वा धेनुपदे गोत्वं तथा गुणपदे सहभाविधर्मत्वं इति गुणपदात् तेन रूपेण उपस्थितेः। सामान्यग्रहाय गुणार्थिको नयो नोच्यते । उक्तविशेषग्रहाय च न गुणार्थिकप्रयोगादरः, मूलनयविभाजकोपाधेरेव प्रस्तुतत्वात् तदवान्तरभेदानां च नैगमत्वाद्युपाधिनैवाभिधानस्य साम्प्रदायिकत्वादिति परमार्थः ।**◂

"જિમ □ક્રમભાવીપણું પર્યાયનું લક્ષણ છઈ તિમ અનેક કરવું તે પણિ પર્યાયનું લક્ષણ છઈ. દ્રવ્ય તો☆ એક જ છઈ, જ્ઞાન-દર્શનાદિક ભેદ કરઇ છઈ, તે પર્યાય જ છઇ, પણિ ગુણ ન કહિયઇ. જેહ માટઈ દ્રવ્ય-પર્યાયની દેશના ભગવંતની છઇ, પણિ દ્રવ્ય-ગુણની દેશના નથી." એ ગાથાર્થ.

"જો ઈમ ગુણ પર્યાયથી ભિન્ન નથી તો દ્રવ્ય-ગુણ-પર્યાય એ ૩ નામ કિમ કહો છો ?" ઈમ કોઇ કહઇ, તેહનઇં ઈમ કહિયઇ જે "વિવક્ષા કહિયઈ ભેદનયની કલ્પના, તેહથી.

જિમ "**तैलस्य धारा.**" ઇહાં તેલ♦ નઈં ધારા ભિન્ન કહી દેખાડ્યાં, પણિ ભિન્ન નથી. તિમ સહભાવી-ક્રમભાવી કહીનઇં ગુણ-પર્યાય (**વિવક્ષાવશથી** =) *વિવક્ષાઈ જ* ભિન્ન કહી દેખાડયા, પણિ પરમાર્થઈ ભિન્ન નથી. ઈમ ⊛**જેહનો ભેદ** ઉપચરિત છઇ **તે** *ગુણ* **શક્તિ કિમ કહિઈ** ? જિમ ઉપચરિત ગાઈ દુઝઈ નહીં, તિમ ઉપચરિત ગુણ શક્તિ ન ધરઈ."

---

♦ મ.+શાં.માં 'વિગતિં' પાઠ. કો.(૩)નો પાઠ લીધો છે. ✡ મ.માં 'શક્તિ' પાઠ. કો.(૩)નો પાઠ લીધો છે.

1. परिगमनं पर्यायः, अनेककरणं गुणः इति तुल्यार्थौ। तथापि न 'गुणः' इति भण्यते पर्यायनयदेशना यस्मात्।।

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯)+સિ.માં ઉપરોક્ત પાઠ ૧૨મી ગાથાના ટબાર્થમાં **परिगमणं** (स.त.३/१२) ગાથાસહિત છે. પરંતુ મ.+શાં.ના પાઠ મુજબ ઉપરોક્ત પાઠ ૧૧મી ગાથાના ટબાર્થમાં લીધો છે.

□ લી(૧)માં 'ક્રમપણું ભાવીપણું' પાઠ. ☆ કો.(૧૦)માં 'તે' પાઠ. ♦ શાં.માં 'તેવ' અશુદ્ધ પાઠ. કો.(૭)નો પાઠ લીધો છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે. ⊛ સિ.+કો.(૯)+આ.(૧)માં 'જેહ ગુણનો ભેદ પર્યાયથી સહભાવી ક્રમભાવીને વિવક્ષાઈ જ કહ્યો તે ગુણ શક્તિ કિમ કહીઈ ?

*अत्र गाथा - [1]रूव-रस-गंध-फासा असमाणग्गहणलक्खणा जम्हा। तम्हा दव्वाणुगया गुणत्ति ते केइ इच्छंति।। [2]दूरे ता अण्णत्तं गुणसद्दे चेव ताव पारिच्छं। किं पज्जवाहिए होज्ज पज्जवे चेव गुणसण्णा।। (स.त.३/८-९) એહનો અર્થ :- જે આગમોક્ત રૂપ, રસ, ગંધ, સ્પર્શ અણસરખું ગ્રહણ જ્ઞાનલક્ષણ છઈ જેહનું એહવા છેં. તે માટે દ્રવ્યાશ્રિત ગુણ દ્રવ્યથી ભિન્ન છે. એમ કેટલાઈક ***વૈશેષિકાદિક*** અન્યતીર્થી તથા સ્વતીર્થી પણિ સિદ્ધાન્તાનભિજ્ઞ માંનૈ છે તિહાં દૂરી રહો. ગુણનિ દ્રવ્યથી અન્યપણું ગુણશબ્દે જ પહિલા પારીક્ષ્ય કહિતાં પરીક્ષા કરીઈ. સ્યૂં પર્યાયથી અધિકને વિષેં ગુણસંજ્ઞા હોઈ ? અપિતુ ન હોય જ. તો સ્યૂં ? પર્યાયને વિશે જ ગુણસંજ્ઞા હોઈ.*॥૨/૧૧॥

परामर्शः

**पर्यायान्यो गुणो न स्याद् भाषितं सम्मतौ स्फुटम्।**
**यस्य भेदो विवक्षातः स शक्तिरुच्यते कथम् ?।।२/११।।**

### ❊ પર્યાયભિન્ન ગુણ અવિદ્યમાન ❊

**શ્લોકાર્થ** :- 'પર્યાયથી ભિન્ન કોઈ ગુણ નથી' - આ પ્રમાણે **સમ્મતિતર્ક** ગ્રંથમાં સ્પષ્ટપણે જણાવેલ છે. જેનો ભેદ વિવક્ષાથી હોય તેને શક્તિ સ્વરૂપ કઈ રીતે કહી શકાય ? (૨/૧૧)

### ❊ ત્રણ પ્રકારની સાધના ❊

**આધ્યાત્મિક ઉપનય** :- 'દ્રવ્યની વિશેષ પ્રકારની અવસ્થા પર્યાય છે અને ગુણો પણ પર્યાયસ્વરૂપ જ હોય છે' - આ હકીકત જાણીને આધ્યાત્મિક વ્યક્તિ પોતાના પર્યાયોને સમ્યક્ કરવા અને પરિપૂર્ણ કરવા માટે કટિબદ્ધ બને છે. અનાદિ નિગોદ અવસ્થાથી માંડીને અત્યાર સુધી જ્ઞાનાદિ ગુણસ્વરૂપ સ્વપરિણતિ = સ્વપર્યાય મલિન મિથ્યા હતા. (૧) તેને ગ્રંથિભેદ દ્વારા સમ્યક્ બનાવવાનો પુરુષાર્થ થાય તે પ્રાથમિક કક્ષાની સાધના છે. (૨) તથા ક્ષયોપશમ ભાવમાં રહેલા સમ્યગ્ દર્શન આદિ પર્યાયોને ક્ષાયિક ભાવરૂપે પરિણમાવવા એ મધ્યમ પ્રકારની સાધના છે. (૩) તથા કર્મથી આવૃત સમ્યગ્ જ્ઞાન આદિ ગુણાત્મક પર્યાયોને ક્ષપકશ્રેણિના માધ્યમથી અનાવૃત અવસ્થારૂપે પરિણમાવવા તે ઉત્કૃષ્ટ સાધના છે. તથા પોતાના સંસારી પર્યાયનો ત્યાગ કરી સિદ્ધત્વ પર્યાયને પ્રગટાવવો તે ઉત્કૃષ્ટ સાધનાનું ચરમ ફળ છે. આવી પરમ નિર્મળ અને પરિપૂર્ણ અવસ્થા પ્રગટ કરવામાં સહાયક બને તે બાબતને મનમાં રાખી, 'મોક્ષમાં પરસંયોગરહિત, નિજસ્વભાવમાં વ્યવસ્થિત, સર્વ ઉત્સુકતાથી શૂન્ય, નિસ્તરંગસમુદ્રસમાન, સર્વથા સંક્લેશમુક્ત, કૃતકૃત્ય, નિષ્કલંક, પીડારહિત, સદાઆનંદસ્વરૂપ આત્મા રહે છે' - આ મુજબ **યોગસારપ્રાભૃત**માં **અમિતગતિ** આચાર્યે જણાવેલ સિદ્ધસ્વરૂપની પ્રાપ્તિ માટે જિનેશ્વર ભગવંત, જિનશાસન, જિનાગમ, જૈન સંઘ, સદ્ગુરુ, અને સ્વભૂમિકાયોગ્ય સદાચારસ્વરૂપ તારક તત્ત્વ પ્રત્યે અહોભાવ, સદ્ભાવ, સમર્પણભાવ અને વફાદારીને આત્મસાત્ કરવાનો પ્રામાણિકપણે પ્રબળ પુરુષાર્થ કરવામાં જ પ્રસ્તુત દ્રવ્યાનુયોગમીમાંસાની સાર્થકતા સમાયેલી છે. (૨/૧૧)

---

★...★ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ. + કો.(૯) + આ.(૧)માં છે.

1. रूप-रस-गन्ध-स्पर्शाः असमानग्रहणलक्षणा यस्मात्। तस्माद् द्रव्यानुगताः गुणाः इति तान् केचिद् इच्छन्ति।।

2. दूरे तावद् अन्यत्वं गुणशब्दे एव तावत् पारीक्ष्यम्। किं पर्यवाधिके भवेत् पर्यवे एव गुणसंज्ञा।।

હવઈ જે ગુણ પર્યાયથી ભિન્ન માનઈ છઈ તેહનઈ દૂષણ દિઈ છઈ -

**જો ગુણ હોઈ◆ ત્રીજો પદારથ, તો ત્રીજો નય લહિયઈ રે;**

**દ્રવ્યાર્થ✡ પર્યાયાર્થ એ નય દોઈ જ ✦સૂત્રઈ કહિયઈ રે ॥૨/૧૨॥ (૨૧) જિન.**

**જો ગુણ ત્રીજો પદાર્થ** = દ્રવ્ય-પર્યાયથી જુદો ભાવ ❖**હોઈ તો** ▸તે ગ્રહવાનેં◂ **ત્રીજો નય લહીઈ** = પામિઇ, અનઈ **સૂત્રઈ** તો **દ્રવ્યાર્થ, પર્યાયાર્થ**✠ એહ (દોઈ=) ❋બિહુ જ **નય** (**કહિયઈ**=) કહિયા છઈ. ગુણ હોઈ, તો ગુણાર્થ નય પણિ કહિઓ જોઈઈ. ▸તે માટઈ ગુણ પર્યાયથી ભિન્ન નથી.◂ **उक्तं च *सम्मतौ*** –

[1]**दो उण णया भगवया, दव्वट्ठिय-पज्जवट्ठिया णियया ।**

***एत्तो य गुणविसेसे, गुणट्ठिअणओ वि जुज्जंतो ।। (स.त.३.१०)**

[2]**जं च पुण अरिहया☆ तेसु तेसु सुत्तेसु गोयमाईणं ।**

✤**पज्जवसण्णा णियया★, वागरिया तेण पज्जाया ।। (स.त.३.११)**

▸એવં બિહું જ નય ભગવંતે નીમ્યા. દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક એ. પર્યાયથી અધિક ગુણ વિશેષ ગ્રાહ્ય છતેં તદ્ગ્રાહક ગુણાસ્તિકનય પિણ તિહાં નીમ્યો જોઈયે. બીજું◂ રૂપાદિકનઈ □ગુણ કહી ✦સૂત્રઈ બોલ્યા નથી, પણિ "[3]**वण्णपज्जवा, गंधपज्जवा**" ઈત્યાદિક પર્યાયશબ્દઈં બોલાવ્યા● છઈ; તે માટઈં તે પર્યાય કહિઈં, પણિ ગુણ ન કહિઈં. ▸તે માટઈ ગુણ તે પર્યાય જાણવો.

**उक्तं च –**

[4]**'जं च पुण अरहा तेसु सुत्तेसु गोयमाईण।**

**पज्जवसण्णाए वागरिज्जए तेण।।'( )**

જો 'ગુણ' શબ્દ, 'પર્યાય' શબ્દ તુલ્યાર્થ છઈ તો તે ગુણ કહી કાં ન બોલાવ્યા ? એમ કોઈ પૂછે છે.

તેહનેં કહીયેં ગુણશબ્દની તિહાં રૂઢિ નથી. તિ માટઈ ગુણશબ્દ પ્રયોગ નથી.◂

---

◆ પુસ્તકોમાં 'ત્રીજો હોઈ' ક્રમ.કો.(૪+૧૦+૧૨+૭)નો ક્રમ લીધો છે. ✡ પુસ્તકોમાં 'દ્રવ્યારથ પર્યાયરથ' પાઠ. અહીં કો.(૨)નો પાઠ લીધો છે. ✦ કો.(૪)માં 'સૂત્રૈં' પાઠ. મ.+ધ.માં 'સૂત્રિ' પાઠ. લા.(૨)+કો.(૩)નો પાઠ લીધો છે. ❖ લા.(૨)માં 'હઉથઈ' પાઠ. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સા.+કો.(૯)+આ.(૧)માં છે. ✠ કો.(૭+૧૦)માં 'દ્રવ્યાર્થિકઃ પર્યાયાર્થિક' પાઠ. ❋ કો.(૭)માં 'બેહિ' પાઠ. 1. द्वौ पुन नयौ भगवता, द्रव्यार्थिक -पर्यायार्थिकौ नियमितौ। अतश्च गुणविशेषे गुणास्तिकनयोऽपि युज्यमानकः। * મુદ્રિત પુસ્તકોમાં जइ पुण गुणो वि हुंतो। 2. यत् च पुनः अर्हता तेषु तेषु सूत्रेषु गौतमादीनाम्। पर्यवसञ्ज्ञा नियता व्याकृता तेन पर्यायाः।। ☆ મુદ્રિત પુસ્તકોમાં '**भगवया**' પાઠ. ✤ કો.(૭)માં '**पज्जवसाणा**' પાઠ. ★ **नियमा. स० प्र०** □ કો.(૯)માં 'વર્ણાદિ ગુણનઈં ભગવતી પર્યાયસંજ્ઞા જ કહી છઈ.' પાઠ. 3. वर्णपर्यवाः, गन्धपर्यवाः। ● બોલ્યા. પાલિ૦ + કો.(૭+૧૦)માં પાઠ. 4. यत् च पुनः अर्हता तेषु सूत्रेषु गौतमादीनाम्। पर्यवसंज्ञया व्याक्रियते तेन।।

અનઇં ⁸"✡**एगगुणकालए**" (ભગવતીસૂત્ર-૫/૭/૨૧૭) ઇત્યાદિક ઠામઇં જે ગુણ શબ્દ છઇં, તે ગણિતશાસ્ત્રસિદ્ધ પર્યાયવિશેષરૂપ સંખ્યાવાચી છઇં, પણિ તે વચન ગુણાસ્તિકનય-વિષયવાચી નથી.

**उक्तं च *सम्मतौ* –**

**[1]जंपंति – अत्थि समए एगगुणो दसगुणो अणंतगुणो ।**

**रूवाई परिणामो, भण्णइ तम्हा गुणविसेसो ।।** (स.त.३/१३)

⊠દ્રવ્યગુણાન્યત્વવાદી જે છઇં સિદ્ધાન્તે [2]'**एगगुणकालए, दुगुणकालए**' ઇત્યાદિ વ્યપદેશ. તે માટઇં રૂપાદિક પરિણામ તેહ જ ગુણાર્થિકનયવિષય કહીઇં. તિહાં સિદ્ધાન્તવાદી કહેં છઇં.⊠

**[3]गुणसद्दमंतरेण वि, तं तु पज्जवविसेससंखाणं ।**

**सिज्झइ णवरं संखाणसत्थधम्मो ण य गुणो त्ति ।।** (स.त.३/१४)

❐▸રૂપાદ્યભિધાયી ગુણશબ્દ વિના તે વચન પર્યાયવિશેષ સંખ્યાવાચી સિદ્ધ થાઇ. કેવલ સંખ્યા ન કહેતાં ગણિતશાસ્ત્રધર્મ તે ગુણ છઇં. એહ જ અર્થ દૃષ્ટાન્તઇં દૃઢઇં. ગાથા -◂

**[4]जह दससु दसगुणम्मि य, एगम्मि दसत्तणं समं चेव ।**

**अहियम्मि वि गुणसद्दे, तहेव एयं पि दट्ठव्वं ।।** (स.त.३/१५)

▸જિમ દશ દ્રવ્યનેં વિષઇં અનઇં દશગુણિત એક દ્રવ્યનેં વિષેં ગુણ શબ્દ વિના પણિ દશત્વ સરખું સરખું છેં. તિમ ઇહાં 'એગગુણકાલ દુગુણકાલ' ઇત્યાદિ સૂત્રઇં પણિ જાણવું.

**'दश घटाः' 'दशगुणो घट' इत्यनयोः अर्थैक्येऽपि आद्ये दशपदस्य दशत्वसङ्ख्यावानर्थः उत्तरत्र दशपदं दशत्वपरम्, गुणपदं सङ्ख्यावत्परम्।**

**एकदेशेऽप्यभेदेन अन्वयो व्युत्पत्तिवैचित्र्यात्। 'अस्माद् दशगुणरूपवान् अयम्' इत्यादौ तु 'एतद्वृत्तिरूपावधिकदशप्रकारोत्कर्षवद्रूपवान् अयम्' इत्यर्थः। दशप्रकारत्वञ्च बुद्धिविशेषविषयत्वमित्याद्यूह्यम्।**

ગુણશબ્દિ સંખ્યા જ કહીઇં એ ***સંમતિ*** કહિઉં તે અભ્યુચ્ચયવાદ જાણવો. જે માટઇં [5]"**गुणओ**

---

⁸ કો(૯) + સિ.માં 'કોઈક કહસ્યેં જે ગુણ શબ્દિ પણ સિદ્ધાંતે અભિધાન છે'. તો ગુણાસ્તિકનય કિમ ન કહિઇં? તેહને કહીઇં જે તિહાં ગુણશબ્દ સંખ્યાધર્મવાચી છે' પણિ નયવિશેષવિષયવાચી નથી.' પાઠ. ✡ एकगुणकालः.

⊠...⊠ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ. + કો.(૯)માં છે. **1**. जल्पन्ति – अस्ति समये एकगुणः दशगुणः अनन्तगुणः। रूपादिः परिणामः भण्यते तस्माद् गुणविशेषः।। **2**. एकगुणकालः.... द्विगुणकालः। **3**. गुणशब्दमन्तरेणापि तत् तु पर्यायविशेषसङ्ख्यानम्। सिध्यति नवरं सङ्ख्यानशास्त्रधर्मः 'तावद्गुणः' इति। ❐ આ.(૧)માં "દ્રવ્ય-ગુણાન્યત્વવાદી જે છે તે સિદ્ધાન્તે '**एगगुणकाल, दुगुणो काल**' ઇત્યાદિ. માટે રૂપાદિપરિણામવત્ (વંત?) તે પર્યાયસંજ્ઞા જ કહી છેં. તે માટે ગુણ તે પર્યાય જ જાણવો." પાઠ. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સા.+કો.(૯)+આ.(૧)માં છે.

**4**. यथा दशषु दशगुणे च एकस्मिन् दशत्वं समं एव। अधिकेऽपि गुणशब्दे तथैव एतदपि दृष्टव्यम्।

**5**. गुणतः उपयोगगुणः, गुणतः ग्रहणगुणः।

उवओगगुणे", "गुणओ गहणगुणे" (भगवतीसूत्र-२/१०/११८) ઈત્યાદિ સિદ્ધાંતઈ સ્વાભાવિક ધર્મવાચી ગુણશબ્દ દીસઈ છઈ.

**केवलं गुणशब्दस्य उक्तप्रयोगोपाधिमहिम्ना 'गुण-पर्यायौ' इत्यत्र गो-बलिवर्दन्यायप्रवृत्तौ भेदाभिधानोपपत्तिः।**

**अत एव "गुण-पर्यायवद् द्रव्यम्" (त.सू.५/३७) इति *वाचकमुख्य*वचनस्य अविरोधः। सामान्यसञ्ज्ञा तु पर्यायपदेनैवेति नानुपपत्तिरिति युक्तं पश्यामः।**◂

ઈમ ગુણ, પર્યાયથી પરમાર્થદૃષ્ટિં ભિન્ન નથી. તો તે દ્રવ્યની પરિં શક્તિરૂપ કિમ ◆કહિઈ ? જિન. ઈતિ ૨૧ ગાથાર્થ. ॥૨/૧૨॥

---

**गुणस्य ह्यतिरिक्तत्वे गुणार्थिको नयो भवेत्।**
**द्रव्यार्थ-पर्ययार्थौ द्वौ नयौ तु सूत्रदर्शितौ।।२/१२।।**

---

### ❋ ગુણાર્થિક નયની આપત્તિ ❋

**શ્લોકાર્થ** :- જો ગુણ દ્રવ્ય-પર્યાયથી ભિન્ન ત્રીજો પદાર્થ હોય તો ગુણાર્થિક નય પણ હોવો જોઈએ. પરંતુ આગમમાં તો દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એમ બે જ નયો દર્શાવ્યા છે. (૨/૧૨)

### ✡ રાગાદિ વિલય : વિવિધનયપ્રયોજન ✡

**આધ્યાત્મિક ઉપનય** :- દરેક વસ્તુના બે અંશ છે. ધ્રુવ અંશ અને અધ્રુવ અંશ. જે ધ્રુવ અંશ છે તે દ્રવ્ય છે અને જે અધ્રુવ અંશ છે તે પર્યાય છે. ગુણ પણ એક પ્રકારનો પર્યાય જ છે. ધ્રુવ અંશને ગ્રહણ કરનાર અભિપ્રાય દ્રવ્યાર્થિકનય કહેવાય. તથા અધ્રુવ અંશને ગ્રહણ કરનાર અભિપ્રાય પર્યાયાર્થિક નય કહેવાય. પદાર્થના બન્ને અંશોનું સમ્યક્ રીતે ગ્રહણ કરવામાં આવે તો જ પદાર્થની પરિપૂર્ણ ઉપયોગી જાણકારી મળી શકે. માટે પદાર્થનું સ્વરૂપ દ્રવ્યાર્થિકનયના અને પર્યાયાર્થિકનયના યોગ્ય અભિપ્રાયથી જાણવાનો પ્રયત્ન જિજ્ઞાસુએ કરવો જોઈએ. ઉપરોક્ત બન્ને નયનો ઉપયોગ રાગ-દ્વેષાદિ વિભાવ પરિણામોને પોષવા માટે નથી કરવાનો. પરંતુ નિર્ભય અને નિઃસંગ એવી આત્મદશાને પ્રગટાવવા માટે કરવાનો છે. 'હું ધ્રુવ આત્મા છું' - આ પ્રમાણે દ્રવ્યાર્થિકનયના દૃષ્ટિકોણને આત્મસાત્ કરવાથી રોગ, ઘડપણ, મૃત્યુ વગેરેનો ભય ખતમ થાય છે. તથા 'દુન્યવી પદાર્થો ક્ષણભંગુર છે' - આ પ્રમાણે પર્યાયાર્થિકનયના અભિપ્રાયનો હાર્દિક સ્વીકાર કરવાથી સત્તા, સંપત્તિ, સ્વાસ્થ્ય, સૌંદર્ય, સુખી પરિવાર, સુખના ભૌતિક સાધનો વગેરેનો સંગ કરવાની આસક્તિ શિથિલ થતી જાય છે. તથા કર્મવશ સત્તા, સંપત્તિ, સૌંદર્ય વગેરે રવાના થતાં જીવને કોઈ ખેદ કે ઉદ્વેગ થતો નથી. તન્નિમિત્તક વાદ-વિવાદ કે વિખવાદમાં જીવ ખેંચાતો નથી. આ રીતે બાહ્ય અને આંતરિક આઘાત-પ્રત્યાઘાતો શમી

---

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સા.+કો.(૯)+આ.(૧)માં છે.

◆ પાઠા૦ એ હિ જ પ્રકાર વલી દૃઢ કરઈ છઈ, દૃષ્ટાંતે કરીને વિસ્તાર નથી. પાલિ૦

જતાં સ્વકીય વિશુદ્ધ આત્મતત્ત્વ ઉપર પોતાની દૃષ્ટિને રુચિપૂર્વક સ્થાપિત કરી સાધક ઝડપથી પરમ મધ્યસ્થદશાને સંપ્રાપ્ત કરી શકે છે. તેનાથી સિદ્ધસુખ ખૂબ જ નજીક આવે. **શાસ્ત્રવાર્ત્તાસમુચ્ચય**માં તથા **ઉપમિતિભવપ્રપંચા કથા**માં નિર્મલકેવલીની દેશનામાં સિદ્ધસુખને દર્શાવતા એમ કહેલ છે કે 'સિદ્ધોને જન્મ (=પ્રથમસમયવર્તી તે-તે દેહનો સંયોગ) હોતો નથી. જન્મ એ જ ઘડપણનું અને મરણનું કારણ છે. જન્મસ્વરૂપ કારણ ન હોવાથી સિદ્ધોને જરા-મરણ હોતા નથી. તે ન હોવાથી સદૈવ તમામ દુઃખનો અભાવ જ સિદ્ધોને હોય છે. તથા એક પણ દુઃખ ન હોય તો તેમને શાશ્વત પરમાનંદદશા જ હોય ને ! આ રીતે સર્વ પીડાના અભાવથી સમ્યક્ પ્રકારે સિદ્ધ થયેલું એવું સિદ્ધોનું સુખ માન્ય છે.' (૨/૧૨)

"પર્યાયદલ માટઈં ગુણનઈં શક્તિરૂપ" કહઈ છઈં તેહનઈં દૂષણ દિયઈં છઇ -

**જો ગુણ, દલ ♦પર્યવનું હોવઈ, તો દ્રવ્યઈં સ્યૂં કીજઈ ? રે;**
**ગુણ-પરિણામપટંતર✡ કેવલ, ગુણપર્યાય કહીજઈં રે ॥૨/૧૩॥ (૨૨) જિન.**

**જો ગુણ, પર્યાયનું દલ** કહિતાં ઉપાદાનકારણ **હોયઈ, તો** ▸તદ્ગત પર્યાય તે ગુણપર્યાય કહીયેં તો◂ **દ્રવ્યઈ સ્યૂં કીજઈ ?** ▸દ્રવ્યનો સ્યો અર્થ ?◂ દ્રવ્યનું કામ ગુણઈં જ કીધઉં. તિ વારઈં ગુણ (૧), પર્યાય (૨) જ પદાર્થ કહો. *બિઉં જ હોઈ* પણિ ત્રીજો ન હોઈ.

**✤एकस्मादेवोभयपर्यायनिष्पत्तिसम्भवात् पर्यायदलत्वेन गुणो वाऽऽद्रियतां द्रव्यं वा, किमुभयसमवायिकारणकल्पनया। न च द्रव्य(पर्यायत्व)-गुणपर्यायत्वस्वकार्यतावच्छेदकभेदात् तदवच्छिन्नकारणभेदसिद्धिः, कारणभेदविशेषिततद्भेदाश्रयणे अन्योऽन्याऽऽश्रयात्, कार्यगतजातिभेदस्य चानुभवाऽसिद्धत्वात्, अन्यथा पर्यायजपर्यायस्वीकर्तुरपि मुखं न वक्रीभवेदिति न किञ्चिदेतत्।✤**

કોઈ કહસ્યઇં "દ્રવ્યપર્યાય-ગુણપર્યાય રૂપ કારય ભિન્ન છઈં. તે માટઈં દ્રવ્ય (૧), ગુણ (૨) રૂપ બે♦ કારણ ભિન્ન કલ્પિઈં" - તે જૂઠું, જે માટઈં કાર્યમાંહઈં કારણશબ્દનો પ્રવેશ છઇ તેણઈં કારણભેદઈં કાર્યભેદ સિદ્ધ થાઈ, અનઈં કાર્યભેદ સિદ્ધ થયો હોઈ તો કારણભેદ સિદ્ધ થાઈ. એહ અન્યોઽન્યાશ્રય નામઈં દૂષણ ઊપજઇ. તે માટઈં✵ કેવલ **ગુણપર્યાય** જે **કહિયઈ**, તે **ગુણ પરિણામ**નો જે **પટંતર** = ભેદકલ્પનારૂપ, તેહથી જ **કેવલ** સંભવઈ, પણિ પરમાર્થઈં નહીં.

અનઈં એ ૩ નામ કહયઇ છઈં, તે પણિ ભેદોપચારઈં★ જ; ઈમ જાણવું."

▸તત્-તદ્ગુણપરિણત દ્રવ્યપરિણામરૂપે તે છેં. પણિ 'ગુણ જુદો પદાર્થ, તેહનો પર્યાય તે ગુણપર્યાય' એ મત સર્વથા ખોટો જાણવો.◂ ॥૨/૧૩॥

---

♦ આ.(૧)માં 'પરજયનું' પાઠ.

✡ પટંતર = ભેદ. જુઓ - **મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ** (પૃ.૨૯૫) + **નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ** + **વિક્રમચરિત્ર રાસ** + **સિંહાસન બત્રીસી** (શામળભટ્ટકૃત).

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)+સિ.+કો.(૯)માં છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. લા.(૨)માં છે.

✤...✤ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯)+સિ.માં છે.

♦ પુસ્તકોમાં 'બે' નથી. કો.(૭)માં છે.

✵ પુસ્તકોમાં 'કેવલ' પાઠ નથી. સિ.+કો.(૯)+આ.(૧)માં 'કેવલ ગુણપરિણામ જે કહિઈ છેં તે ગુણપરિણામપટંતર છે' પાઠ.

★ પુસ્તકોમાં 'ચારાઈ' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે.

परामर्शः

**द्रव्येणाऽलं गुणस्यैव पर्यायदलताऽस्ति चेत्?।**
**गुणनामविशेषाद्धि गुणपर्यायसम्भवः।।२/१३।।**

### ❖ પર્યાયકારણ ગુણ નથી : શ્વેતાંબર ❖

**શ્લોકાર્થ** :- જો ગુણ જ પર્યાયનું ઉપાદાનકારણ હોય તો દ્રવ્યથી સર્યું. ગુણના પરિણામની વિશેષ કલ્પનાથી જ ગુણના પર્યાય સંભવે. (અર્થાત્ પર્યાયનું ઉપાદાનકારણ દ્રવ્ય જ છે.) (૨/૧૩)

### ❁ અધઃપતનમાં જવાબદારી આપણી ❁

**આધ્યાત્મિક ઉપનય** :- 'તમામ પર્યાયનું ઉપાદાનકારણ ગુણ નથી, પરંતુ દ્રવ્ય જ છે' - આ વાત આધ્યાત્મિક જગતમાં અત્યંત ઉપયોગી છે. આપણા રાગ-દ્વેષ આદિ કે નરક, તિર્યંચ આદિ પર્યાયોનું કારણ આપણે પોતે જ છીએ. બીજી કોઈ વ્યક્તિને, કાળને, કર્મને, ક્ષેત્રને કે અન્ય કોઈ અદૃશ્ય શક્તિને ઉપાદાનકારણ તરીકે તેમાં જવાબદાર ગણાવી ન શકાય. મતલબ કે આપણા અધઃપતનમાં ફક્ત આપણે જ જવાબદાર છીએ. તેમજ ઝળહળતો વૈરાગ્ય, પ્રકૃષ્ટ ઉપશમભાવ, નિર્મળ જ્ઞાનદશા, ઉજ્જવળ અધ્યવસાયો, શુભલેશ્યા આદિ પ્રશસ્ત પર્યાયો પણ આપણા જ આત્મદ્રવ્યમાંથી પ્રગટ થવાના છે. બહિર્મુખ આત્મદ્રવ્ય મલિન પર્યાયનું ઉપાદાનકારણ છે. તથા અંતર્મુખ શુદ્ધ આત્મદ્રવ્ય એ ઉજ્જવળ પર્યાયનું ઉપાદાનકારણ છે. માટે સિદ્ધત્વદશા સ્વરૂપ સર્વોત્કૃષ્ટ શુદ્ધ પર્યાયને પ્રગટ કરવાની કામનાવાળા આત્માર્થી જીવે પોતાના આત્મદ્રવ્યને સમજણપૂર્વક અંતર્મુખ બનાવી શુદ્ધ કરવા સતત પ્રયત્નશીલ રહેવું.

### ❋ નિરાશાવાદમાંથી બહાર નીકળીએ ❋

પરંતુ (૧) કાળ વિષમ છે. (૨) નિમિત્તો વિચિત્ર છે. (૩) સંઘયણ નબળું છે. (૪) યાદદાસ્ત કમજોર છે. (૫) સહાય કરનારા કોઈ મળતા નથી. (૬) કેવળજ્ઞાનીનો અને યુગપ્રધાનોનો વિરહ છે. (૭) દેવોનું સાન્નિધ્ય દુર્લભ છે. (૮) મંત્રનું ફળ પ્રત્યક્ષપણે મળતું નથી. (૯) ભવિતવ્યતા વિચિત્ર છે. (૧૦) મારું નસીબ વાંકું છે. (૧૧) કુસંસ્કારોનું મારા ઉપર જબરું વર્ચસ્વ છે - આવા નિરાશાવાદના વમળમાં ફસાવાને બદલે મોક્ષલક્ષિતા કેળવી, આરાધનાની શક્તિ છુપાવ્યા વિના સ્વભૂમિકાયોગ્ય પંચાચાર પાલનના માધ્યમે આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિને રુચિપૂર્વક સ્થિર કરવામાં આવે તો નિર્મળ રત્નત્રયના પર્યાયો અચિરકાળમાં પ્રગટ થયા વિના રહે નહિ. તેનાથી **વિવેકમંજરી**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ તાત્કાલિક પ્રગટે. ત્યાં **આસડ કવિ**એ જણાવેલ છે કે 'સિદ્ધ ભગવંતનું સ્વરૂપ અનંતજ્ઞાન-અનંતદર્શન-અનંતશક્તિ -અનંતસુખમય છે.' (૨/૧૩)

**એક-અનેકરૂપથી ઇણિ પરિ, ભેદ઼ પરસ્પર ભાવો રે;**
**આધારાધેયાદિકભાવિં♦, ઈમ જ ભેદ મનિ✡ લ્યાવો♦ રે ॥૨/૧૪॥ (૨૩) જિન.**

❖**ઇણિ પરિં** દ્રવ્ય **એક**, ગુણ-પર્યાય **અનેક**. એહ **રૂપઈં** ▸શક્તિ વ્યક્તિ ભિન્ન ભિન્ન વિવક્ષા પ્રકારેં◂ **પરસ્પર** કહતાં માંહોમાંહિં **ભેદ ભાવો** = વિચારો.

**ઈમ જ આધાર-આધેય** (**આદિક**=) પ્રમુખ **ભાવ** કહઈતા સ્વભાવ, તેણઈં કરી ▸પણિ ભેદ જાણીનઈં◂ (**મનિ**=) મનમાંહિં **લ્યાવો**. જે માટઈં પરસ્પરઅવૃત્તિ ધર્મ પરસ્પરમાંહઈં ભેદ જણાવઈ.□ ॥૨/૧૪॥

**एकानेकस्वभावैर्हि मिथो भेदं विभावय।**
**आधाराधेयभावेन भेदमित्थं विभावय।।२/१४।।**

### ❋ દ્રવ્યથી ગુણ-પર્યાયમાં ભેદની વિચારણા ❋

**શ્લોકાર્થ** :- દ્રવ્ય અને ગુણ-પર્યાયમાં એક-અનેક સ્વભાવથી પરસ્પર ભેદ રહેલો છે, તેની વિચારણા કરવી. આ જ રીતે આધાર-આધેયભાવથી તેમાં પરસ્પર ભેદની વિચારણા કરવી. (૨/૧૪)

### ❁ નિર્મળ ગુણ-પર્યાય પ્રયત્નસાધ્ય ❁

**આધ્યાત્મિક ઉપનય** :- આત્મદ્રવ્ય એક હોવા છતાં કેવલજ્ઞાન-દર્શન આદિ અનેક ગુણોને અને સંયતત્વ, સિદ્ધત્વ આદિ અનેક પર્યાયોને ઉત્પન્ન કરવાની શક્તિ ધરાવે છે. આ શક્તિના આધારે એક જ આત્મદ્રવ્યમાંથી પણ ઉપરોક્ત અનેક નિર્મળ ગુણ-પર્યાયોની અભિવ્યક્તિ થાય છે અને અભિવ્યક્ત વિશુદ્ધ ગુણ-પર્યાયોનો આધાર બનનાર આત્મદ્રવ્ય સ્વરૂપથી એક જ છે. આ રીતે આત્મદ્રવ્યમાં અને ગુણ-પર્યાયમાં ક્રમશઃ રહેલ એક-અનેકસ્વભાવ, આધાર-આધેયભાવ, શક્તિ-વ્યક્તિપરિણામ, હેતુ -હેતુમદ્ભાવ આ ચાર પ્રકારના વિલક્ષણ સ્વભાવોને ધ્યાનમાં રાખી નિર્મળ ગુણ-પર્યાયના પ્રવાહને અભિવ્યક્ત કરવા સાધકે કટિબદ્ધ બનવું. કારણ કે આત્મદ્રવ્ય કરતાં તેના નિર્મળ ગુણ-પર્યાયો કથંચિત્ ભિન્ન હોવાના કારણે આત્મદ્રવ્ય હાજર હોવા છતાં તે હાજર થઈ નથી જતા. તેથી ઉપરોક્ત વિશુદ્ધ ગુણ-પર્યાય પ્રવાહને અભિવ્યક્ત કરવા પ્રયત્ન કરવો જરૂરી છે. તેનાથી **શ્રીચન્દ્રરાજચરિત્ર**માં **અજિતસાગરસૂરિજી**એ વર્ણવેલ સિદ્ધિસુખ નજીક આવે છે. ત્યાં જણાવેલ છે કે 'સિદ્ધિગામી ચિદાનંદી સિદ્ધો મોક્ષમાં શોભે છે. જરા-જન્મશૂન્ય મોક્ષમાં જઈને સિદ્ધો પાછા ફરતા નથી.' (૨/૧૪)

---

઼ મો.(૨)માં 'ભેદ પરભેદ' અશુદ્ધ પાઠ.
♦ આ.(૧)માં '...ભાવિં દીસૈં' પાઠ.
✡ કો.(૩+૧૧)માં 'મન' પાઠ.
♦ કો.(૬)માં 'લ્યાવ્યો' પાઠ.
❖ પુસ્તકોમાં 'એણિ' પાઠ. લા.(૨)+કો.(૧૦) નો પાઠ લીધો છે.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)+કો.(૭)+સિ.માં છે.
□ છેલ્લે गुण-पर्याया एकानेकरूपाः આ પાઠ આ.(૧)માં છે. અન્ય હસ્તપ્રતોમાં કે મુદ્રિત પુસ્તકોમાં આ પાઠ નથી.

તેહિ જ વિવરીનઈં દેખાડઈં છઈં -

**દ્રવ્ય આધાર ઘટાદિક દીસઈ, ગુણ-પર્યાય આધેયો રે;**

**રૂપાદિક એકેંદ્રિયગોચર, દોહિં ઘટાદિક વેઓ રે ॥૨/૧૫॥ (૨૪) જિન.**

દ્રવ્ય **ઘટાદિક આધાર દીસઈ** છઈ; જે માટઈં "એહ ઘટઈં રૂપાદિક" ઈમ-જાણીયઈ છઈ. **ગુણ-પર્યાય** રૂપ-રસાદિક, નીલ-પીતાદિક **આધેય** = દ્રવ્ય ઊપરિ રહિયાં. ઈમ આધારાધેયભાવઈં દ્રવ્યથી ગુણ-પર્યાયનઈં ભેદ છઈ. તથા **રૂપાદિક** ▸= રૂપ-રસ-સ્પર્શપ્રમુખ◂ ગુણ-પર્યાય એક **-એક ઈંદ્રિયનઈં♦ ગોચર** કહિતાં વિષય છઈ. જિમ રૂપ ચક્ષુરિંદ્રિયઈં જ જણાઈં, રસ તે રસનેન્દ્રિયૈ✡ જ ઈત્યાદિક. અનઈં તદાધાર **ઘટાદિક** દ્રવ્ય છઈં, તે **દોહિં** = ચક્ષુરિન્દ્રિય અનઈં સ્પર્શનેન્દ્રિય એ ૨ ઇંદ્રિયઈં કરીનઈં (**વેઓ=**) જાણો છો. *દ્રવ્યગ્રાહક બે અને પર્યાયગ્રાહક એક ઈન્દ્રિય - એમ ભેદ જાણવો. ચક્ષુ-ત્વગિન્દ્રિય બે જ દ્રવ્યગ્રાહક. બીજી બાહ્યેન્દ્રિય દ્રવ્યાઽગ્રાહક* એ ***નઈયાયિક***મત અનુસરીનઇં કહિયઉં.

*જે માટઈં જિમ રૂપ-સ્પર્શપર્યાયાધાર દ્રવ્ય પ્રત્યક્ષ છેં. તિમ રસ-ગંધાધાર પણિ પ્રત્યક્ષ છે. પર્યાયપ્રત્યક્ષઈં દ્રવ્યાનુમાનવચન ઉભયત્ર તુલ્ય છિં.*

સ્વમતઈં ગંધાદિક પર્યાય દ્વારઇં ઘ્રાણેંદ્રિયાદિકઈં પણિ દ્રવ્ય પ્રત્યક્ષ છઈ, નહીં તો 'કુસુમ ગંધું છું' ઈત્યાદિક જ્ઞાનનઈં ભ્રાંતપણું થાઈ - તે જાણવું.

*દ્રવ્યગ્રહે સંખ્યાદિ ગ્રહ થાઈ- એ પણિ નિયમ નથી. તિહાં બહુ-બહુવિધાદિ ક્ષયોપશમ નિયામક છિં તે પ્રીછવું.*

ઈમ એક-અનેક ઇંદ્રિય ગ્રાહ્યપણઇં દ્રવ્યથી ગુણ-પર્યાયનો❖ ભેદ જાણવો. ગુણ-પર્યાયનઇં માંહોમાંહઈં ભેદ, તે સહભાવી-ક્રમભાવી એહ કલ્પનાથી જ ✠ભાવવું ★**इति चतुर्विंशतिगाथार्थः**★ ॥૨/૧૫॥

પરામર્શઃ

**घटादि द्रव्यमाधार आधेयौ गुण-पर्ययौ।**

**रूपाद्येकाक्षतो ज्ञेयं द्वाभ्यां वेद्यं घटादिकम्॥२/१५॥**

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)+કો.(૭)+સિ.માં છે.

♦ પુસ્તકોમાં 'ઇન્દ્રિય' પાઠ. કો.(૭+૧૦ +૧૧) + લા.(૨)નો પાઠ લીધો છે.

✡ પુસ્તકોમાં 'રસનેન્દ્રિયના જ' પાઠ. કો.(૧૦+૧૧)નો પાઠ લીધો છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)+કો.(૯)+સિ.માં છે.

❖ કો.(૭)+લા.(૨)માં 'પર્યાયનઈં' પાઠ.

✠ ફક્ત પાલિ.માં 'ભાવવું' પાઠ.

★...★ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૧)માં છે.

### ❀ દ્રવ્ય-ગુણાદિગ્રાહક ઈન્દ્રિયમાં ભેદ ❀

**શ્લોકાર્થ** :- ઘટાદિ દ્રવ્ય આધાર છે. તથા ગુણ-પર્યાય આધેય છે. રૂપાદિ એક ઈન્દ્રિયથી જાણી શકાય છે. તથા ઘટાદિ દ્રવ્ય બે ઈન્દ્રિયો દ્વારા જાણી શકાય છે. (૨/૧૫)

### ❀ ચિત્તવૃત્તિને આત્માભિમુખ કરીએ ❀

**આધ્યાત્મિક ઉપનય** :- 'દ્રવ્ય આધાર છે અને ગુણ-પર્યાય આધેય છે' - આ વાતની મૂલવણી અધ્યાત્મ જગતમાં એ રીતે થઈ શકે કે સમ્યગ્દર્શન આદિ ક્ષાયોપશમિક ગુણોનો, કેવલજ્ઞાનાદિ ક્ષાયિક ગુણોનો તેમ જ સંયતત્વ આદિ ક્ષાયોપશમિક પર્યાયોનો, સિદ્ધત્વ આદિ ક્ષાયિક પર્યાયોનો આધાર બનવા માટે આત્મદ્રવ્ય પ્રતિસમય તૈયાર જ છે. આત્મામાં તેવા પ્રકારની યોગ્યતા રહેલી જ છે. તેમ છતાં આત્મા જ્યાં સુધી પોતાની બહિર્મુખદશા છોડે નહિ ત્યાં સુધી તે તે વિશુદ્ધ ગુણ-પર્યાયો પ્રગટ થતાં નથી. બહિરાત્મદશા છૂટે તો જ નિર્મલ ગુણાદિ પ્રગટે. તેથી જરૂર છે ફક્ત ચિત્તવૃત્તિને આત્મદ્રવ્યની સન્મુખ કરી શુદ્ધ ગુણ-પર્યાયોને પ્રાપ્ત કરવાની ઝંખનાની અને સત્ પુરુષાર્થની. જેમ ભૂતલ ઘટનો આધાર બનવા સદા સજ્જ છે, જરૂર છે ફક્ત ઘટને ભૂતલ સન્મુખ કરી ત્યાં સુધી પહોંચાડવાનો પુરુષાર્થ કરવાની. તેમ ઉપરોક્ત બાબતને સમજવી. તે રીતે ચિત્તવૃત્તિને આત્માભિમુખ કરવાથી, **શ્રીકોડિન્નાદિકેવલિચરિત્ર**માં **શ્રીશુભવર્ધનગણી**એ વર્ણવેલું, આત્માના નિત્ય ઐશ્વર્યોના ધામસ્વરૂપ શિવપદ -સિદ્ધપદ ઝડપથી પ્રાપ્ત થાય. (૨/૧૫)

**સંજ્ઞા-સંખ્યા લક્ષણથી પણિ, ભેદ ♦એહોનો જાણી રે;**
**સુ-જસ-કારિણી શુભ મતિ ધારો, દુરમતિવેલીકૃપાણી રે ॥૨/૧૬॥ (૨૫) જિન.**

તથા **સંજ્ઞા** કહિતાં નામ તેહથી ભેદ. "દ્રવ્ય" નામ ૧, "ગુણ" નામ ૨, "પર્યાય" નામ ૩. ▸એ ૩ નામભેદે પણિ ભેદ છેં.◂ **સંખ્યા** = ગણના, તેહથી ભેદ. દ્રવ્ય ૬, ગુણ અનેક, પર્યાય ✿અનેક.⧗

▸એમ પણિ ભેદ જાણવા.◂ **લક્ષણથી** ભેદ - દ્રવન = અનેકપર્યાયગમન દ્રવ્યલક્ષણ. ▸**द्रवति = गच्छति ताँस्तान् पर्यायानिति द्रव्यम् १. गुण्यते = पृथक् क्रियते द्रव्यं द्रव्याद् यैस्ते गुणाः २.**◂ ગુણન = એકથી અન્યનઈં ભિન્નકરણ તે ગુણલક્ષણ. પરિગમન = સર્વતોવ્યાપ્તિ તે પર્યાયલક્ષણ. ▸**परियन्ति = समन्तादायन्ति ते पर्यायाः।**

એ ૩ ❖ભેદથી પૂર્ણપણિ◂ ઈમ **એહોનો** = દ્રવ્ય-ગુણ-પર્યાયનો, માંહોમાંહિં **ભેદ જાણીનઈં,** ▸**સુજસ =**◂ ઉત્તમ **યશ**ની (**કારિણી**=) કરણહાર ▸**શુભ**◂ = ભલી **મતિ ધારો**. 'તે કહવી છઈ ?' જે **દુરમતિ** કહિયઈ જે ◻દ્રવ્યાદ્વૈતપક્ષની માઠી મતિ, તેહ રૂપિણી જેહ **વેલી**, તેહનઈં વિષઈ **કૃપાણી** = ✻કુહાડી છઈ. ★એ ઢાલઈ દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ ✵દેખાડ્યો.★☆॥૨/૧૬॥

પરામર્શઃ

**सञ्ज्ञा-सङ्ख्यादिभिश्चापि भेदमेषां विचिन्तय।**
**सुयशःकारिणीं प्रज्ञां धारय ध्यान्ध्यहारिणीं।।२/१६।।**

**❋ દ્રવ્ય-ગુણાદિમાં સંજ્ઞા, સંખ્યાદિથી ભેદસિદ્ધિ ❋**

**શ્લોકાર્થ** :- સંજ્ઞા, સંખ્યા વગેરેથી પણ દ્રવ્યાદિ ત્રણનો ભેદ વિચારો તથા મતિઅન્ધતાને દૂર કરનારી અને સુયશને કરનારી પ્રજ્ઞાને ધારણ કરો. (૨/૧૬)

**આધ્યાત્મિક ઉપનય** :- "દ્રવ્યાદિ ત્રણમાં ભેદ છે" - આ બાબત અધ્યાત્મ જગતમાં એ રીતે ઉપયોગી છે કે આત્મદ્રવ્ય ધ્રુવ હોવાથી સદા સંનિહિત જ છે. પરંતુ શુદ્ધ ગુણ અને પર્યાયો તેનાથી ભિન્ન હોવાથી તેને પ્રગટ કરવા માટે અંતરંગ પ્રબળ પુરુષાર્થની આવશ્યકતા રહે છે. જેમ મકાન ટકાઉ સામગ્રી અને સુંદર સજાવટથી શોભે છે, શરીર દાગીનાથી શોભે છે, સંસાર પુણ્યથી શોભે છે, તેમ આત્મદ્રવ્ય પૂર્ણ ગુણો અને શુદ્ધ પર્યાયથી શોભે છે. તેના લીધે **શાંતસુધારસવૃત્તિ**માં વર્ણવેલા, રાગાદિ દોષના સમૂહથી શૂન્ય એવા મોક્ષને સાધક ઝડપથી મેળવે છે. (૨/૧૬)

**⁂ દ્વિતીય શાખા સમાપ્ત ⁂**

♦ કો.(૩)માં 'એહનો' પાઠ. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)+કો.(૯)+સિ.માં છે. ✿ સિ.+કો.(૯)+આ.(૧)માં 'અનંતા' પાઠ. ⧗ મો.(૨)માં 'એક તે એક દ્રવ્યને માને પણ ગુણ-પર્યાય ન માને તે દ્રવ્યાદ્વૈતવાદી કહીઈ' - અધિક પાઠ. ❖ કો.(૯)માં 'એ લક્ષણભેદથી પણિ ભેદ જાણવો' પાઠ. ◻ એકાંત એક દ્રવ્યનેં માંનઈ, પણિ-ગુણ-પર્યાય ન માનઈ, તે દ્રવ્યાદ્વૈતવાદી કહિઈ **ગ્ર.ટિ.ભા.** ✻ આ.(૧)માં 'કાતર' પાઠ. લી.(૧) + લા.(૨)માં 'કુદાળી' પાઠ. ★....★ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ધ.માં નથી. ✵ લા.(૨)માં 'વખાણ્યો' પાઠ. ☆ કો.(૧૨)માં 'દ્રવ્ય ગુણ ગુણી પુદ્ગલદ્રવ્ય એ વ્યવસ્થા શાસ્ત્રપ્રસિદ્ધ છે' પાઠ અધિક છે.

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ભાગ-૩




## द्रव्यानुयोगपरामर्शः शाखा-३

द्रव्य-गुण-पर्यायाऽभेदसिद्धिः

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ
## ઢાળ-૩

## द्रव्यानुयोगपरामर्शः शाखा-३

द्रव्य-गुण-पर्यायाऽभेदसिद्धिः

## ❃ ટૂંકસાર ❃

: શાખા - ૩ :

અહીં દ્રવ્ય, ગુણ અને પર્યાય વચ્ચે અભેદની સિદ્ધિ કરવામાં આવે છે.

દ્રવ્ય, ગુણ અને પર્યાય સર્વથા ભિન્ન નથી. જીવદ્રવ્ય અને ચૈતન્યગુણ વચ્ચે સર્વથા ભેદ નથી. જ્ઞાનને જીવથી સર્વથા ભિન્ન માનવામાં જીવ અજ્ઞાની બનવાની આપત્તિ આવે. ઘડો રક્તસ્વરૂપે અને આત્મા ચૈતન્યસ્વરૂપે પ્રત્યક્ષસિદ્ધ છે. માટે તેમાં અભેદ સિદ્ધ થાય છે. (૩/૧-૨)

'આ ઘડો લાલ થયો' - આ વાક્ય લાલ રંગ અને ઘડા વચ્ચે અભિન્નતાને જણાવે છે.(૩/૩)

માટીમાંથી ઘડો બને છે. માટી અને ઘડો એક જ = અભિન્ન છે. માટે માટીના જેટલું વજન ઘડામાં જણાય છે. જો બે અલગ હોય તો ઘડામાં ઘડાનું + માટીનું એમ બમણું વજન મળે.(૩/૪)

આ અભેદ સમૂહકૃત એકત્વસ્વરૂપે હોય. જેમ કે સેના અને સૈનિકો વચ્ચે અભેદ. દ્રવ્યપરિણામકૃત એકત્વસ્વરૂપે પણ અભેદ હોય. જેમ કે મકાન અને ઈંટ-સિમેન્ટ વગેરે વચ્ચે અભેદ.(૩/૫)

દ્રવ્ય પોતાના ગુણથી અને પર્યાયથી અભિન્ન છે. જેમ કે સોનું પીળા રંગ સ્વરૂપ ગુણથી અને હારસ્વરૂપ પર્યાયથી અભિન્ન છે. માટે પીળા હાર વગેરેને જોઈને 'આ સોનું છે' - એવું બોલાય છે. તથા 'જે સોનું છે તે જ હાર છે અને પીળું પણ તે જ છે' - એવું પણ બોલાય છે.(૩/૬)

આ અભેદ ન માનો તો ઉપાદાનકારણભૂત સુવર્ણમાંથી હાર સંભવી ન શકે. તથા ઉપાદાનકારણભૂત આત્મામાં કેવળજ્ઞાન વગેરે ક્ષાયિક પર્યાયો પ્રગટ થઈ ન શકે. (૩/૭)

સામે ન દેખાતા ગુણો અને પર્યાયો દ્રવ્યમાં સુષુપ્ત રીતે રહેલા હોય છે. તેને દ્રવ્યની 'તિરોભાવ શક્તિ' કહેવાય. તથા દ્રવ્યમાં પ્રગટ થયેલા જે ગુણો અને પર્યાયો છે તેને દ્રવ્યની 'આવિર્ભાવ શક્તિ' કહેવાય. તેથી સિદ્ધમાં સિદ્ધત્વની આવિર્ભાવશક્તિ જાણવી. છદ્મસ્થમાં સિદ્ધત્વની તિરોભાવ શક્તિ જાણવી. (૩/૮)

નૈયાયિક અસત્કાર્યવાદી છે. તેના મતે 'માટીમાંથી ઘડો બને તે ઘડો માટીમાં પૂર્વે કદાપિ હાજર ન હોય.' પણ આ વાત સંગત નથી થતી. કારણ કે ઘડો ઘડાસ્વરૂપે હાજર ન હોય તે સમયે પણ માટી સ્વરૂપે હાજર હોય જ છે. આથી યોગાચાર નામના બૌદ્ધને યાદ કરાવતો નૈયાયિકનો અસત્કાર્યવાદ યોગ્ય નથી. (૩/૯-૧૦-૧૧)

'આ માટીમાંથી ઘડો બનાવીશ' - આવું કુંભારનું વાક્ય માટીમાં ઘડાના અસ્તિત્વને સૂચવે છે. તે જ રીતે પાપી વ્યક્તિને વિશે પણ 'આ સિદ્ધ થશે' - એમ વિચારી જીવમૈત્રીને વિકસાવવી.(૩/૧૨)

ઘડો માટીમાં યોગ્યતા સ્વરૂપે ન હોય અને છતાં ઘડો બને તો અસત્ ઘડાની જેમ અસત્ શશશૃંગ પણ તેમાંથી બને તેવું માનવું પડે. તથા કુંભાર માટીમાંથી ઘડાને પ્રગટ કરે તેમ કોઈક આપણામાં દોષોને જણાવે ત્યારે ખેલદિલીથી તેને સ્વીકારીને સુધારણા કરવી. (૩/૧૩)

જે અસત્ હોય તેનું જ્ઞાન કે ઉત્પત્તિ અશક્ય છે. તેથી આપણામાં ક્ષાયિક જ્ઞાન, વીતરાગદશા વગેરે ક્ષાયિક ગુણો કેવલીઓએ જોયા છે. તેથી તેને પ્રગટાવવાના પ્રામાણિક પ્રયત્ન કરવા. (૩/૧૪)

વાસ્તવમાં દ્રવ્ય, ગુણ અને પર્યાય વચ્ચે ભેદાભેદ ઉભય છે. માટે ભેદને લક્ષમાં રાખી પ્રાપ્ત ગુણને ટકાવવા તથા જે ગુણો મળેલ નથી તેને મેળવી અભિન્નરૂપે પરિણમાવવા પ્રયત્નશીલ બનવું. (૩/૧૫)

## ઢાળ - ૩

(♦પ્રથમ ગોવાલણ તણઈ જી. એ દેશી. રાગ - જયંતસિરી.)

હિવઇં ત્રીજઈ ઢાલઈં એકાંતિ જે ભેદ માનઈ છઈ, તેહનઈં અભેદપક્ષ અનુસરીને દૂષણ દિઈ છઈ.[₴]

**✡એકાંતઈં જો ભાખિઇ જી, દ્રવ્યાદિકનો રે ભેદ;**
**તો પરદ્રવ્ય પરિં ♦હુઈ જી, ગુણ-ગુણિભાવ ઉચ્છેદ રે ॥૩/૧॥ (૨૬)**
**ભવિકા ! ધારો ગુરુઉપદેશ. (આંકણી)**

**દ્રવ્યાદિકનો** = દ્રવ્ય-ગુણ-પર્યાયનો **જો એકાંતઈં ભેદ ભાખિઈં**, ▸અભેદ ન ⊠જાણીઇં◂ **તો પરદ્રવ્યનઈં પરિં** સ્વદ્રવ્યનઇં વિષે પણિ *સ્વગુણ-સ્વપર્યાયસ્યૂં* ★શાસ્ત્રપ્રસિદ્ધ★ **ગુણ-ગુણિભાવનો** *પર્યાય-પર્યાયિભાવનો* **ઉચ્છેદ (હુઈ=)** થઇ જાઇ. જીવદ્રવ્યના ગુણ જ્ઞાનાદિક, તેહનો ગુણી જીવ દ્રવ્ય. પુદ્‌ગલ દ્રવ્યના ગુણ રૂપાદિક, ગુણી પુદ્‌ગલ દ્રવ્ય - એ વ્યવસ્થા છઈ શાસ્ત્રપ્રસિદ્ધ.

ભેદ માનતાં તે લોપાઈ. ❖જીવદ્રવ્યનઇં પુદ્‌ગલગુણસ્યું જિમ ભેદ છઈ, તિમ નિજ★ ગુણસ્યું પણિ ભેદ છઈ તો "એહનો એહ ગુણી, એહના એહ ગુણ*, એહનો એ પર્યાય*" એ વ્યવહારનો વિલોપ થઈ આવઈ; ▸ષષ્ઠીઈં જ ભેદ થાસ્યેં ઈમ ન કહેવું. '**तैलस्य धारा**', '**राहोः शिरः**', '**घटस्य स्वरूपमि'तिवदुपपत्तेः।**◂ તે માટઇં દ્રવ્ય-ગુણ-પર્યાયનો અભેદ જ સંભવઈ.

એહવો અભેદનયનો **ગુરુનો ઉપદેશ** ⌘લહીનઇં તુમે ભવ્ય પ્રાણી ! **ધારો**. *જિમ ભાવાર્થ જાણો* ☐**ભવિક** જન !☐ ॥૩/૧॥

---

♦ કો.(૧૧+૧૨)માં 'હરિઆ દેજે મારગ સાર- એ દેશી' પાઠ.
₴ કો.(૧૩)માં 'પાછિલી ઢાળ મધ્યે ભેદ કહ્યો. હવે અભેદ કહે છે' પાઠ.
✡ પુસ્તકોમાં 'એકાંતિં' પાઠ. કો.(૪)માં 'એકાંતેં' પાઠ. કો.(૩)નો પાઠ લીધો છે.
♦ આ.(૧)માં 'હોવૈ' પાઠ.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯)+સિ.માં છે.
⊠. કો.(૧૩)માં 'માનીઈં' પાઠ છે.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.
★...★ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૨)માં છે.
❖ કો.(૯+૧૩)+આ.(૧)માં 'જિમ ઘટગુણને પટસ્યૂં ભેદે (ગુણગુણી) સંબંધ નથી તિમ ઘટસ્યૂં પણિ કિમ હોઈ' પાઠ.
★ ધ.માં 'નિજ' પાઠ નથી. ⌘ પુસ્તકોમાં 'ભણીનઈં-ભવ્ય...' પાઠ છે. પા.નો પાઠ અહીં લીધેલ છે.
☐...☐ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. લા.(૨)માં છે.

परामर्शः

• द्रव्यानुयोगपरामर्शः •

शाखा - ३

**द्रव्यादीनां मिथो भेदो यद्येकान्तेन भाष्यते।**
**तर्ह्यन्यद्रव्यवत्स्वीये गुण-गुणिदशाक्षयः।।३/१।।**
**भो ! भव्या ! इदमित्थं रे, धारयत गुरूदितम्।। ध्रुवपदम्।।**

• અધ્યાત્મ અનુયોગ •

## ❖ દ્રવ્ય-ગુણાદિનો એકાંતે ભેદ અમાન્ય ❖

**શ્લોકાર્થ** :- જો દ્રવ્યાદિમાં પરસ્પર સર્વથા ભેદ કહેવામાં આવે તો પરદ્રવ્યની જેમ સ્વદ્રવ્યમાં પણ ગુણ-ગુણીદશાનો ઉચ્છેદ થશે. (માટે દ્રવ્ય અને ગુણાદિ વચ્ચે અભેદ માનવો.) (૩/૧)

હે ભવ્યાત્માઓ ! આ રીતે ગુરુભગવંતે જણાવેલ આ તત્ત્વને હૃદયમાં ધારણ કરો. (**ધ્રુવપદ**)

## ❁ આત્મહત્યા નિવારો ❁

**આધ્યાત્મિક ઉપનય** :- 'આત્મા અને તેના ગુણ-પર્યાયો વચ્ચે અભેદ છે' - આ સિદ્ધાન્તને મનમાં રાખીને આધ્યાત્મિક દૃષ્ટિકોણથી એ રીતે વિચારવું કે કે જો પોતાના શુદ્ધ ગુણો અને નિર્મળ પર્યાયોનો પ્રમાદવશ નાશ થાય તો તે સ્વરૂપે પોતાનો પણ નાશ થઈ જાય. અર્થાત્ પોતાના શુદ્ધ ગુણોનો અને વિમળ પર્યાયોનો ઉચ્છેદ કરવો એ પરમાર્થથી આત્મહત્યા છે. આપઘાત બહુ મોટું પાપ છે. માટે આવી આધ્યાત્મિક આત્મહત્યાથી બચવાના અભિપ્રાયથી સંપ્રાપ્ત થયેલા સદ્ગુણોને અને શુદ્ધ પર્યાયોને ટકાવવા માટે તથા નવા સદ્ગુણોને અને પાવન પર્યાયોને પ્રગટાવવા માટે સતત પ્રયત્નશીલ રહેવું. આમ કરવા દ્વારા આત્માને પરિપુષ્ટ બનાવવો. આત્મપુષ્ટિ અને આત્મશુદ્ધિ આ રીતે જ શક્ય છે. પુષ્ટિ અને શુદ્ધિ - બન્નેનો પ્રકર્ષ થતાં **પ્રશમરતિ**માં **ઉમાસ્વાતિવાચકે** દર્શાવેલ મુક્ત આત્માનું સ્વરૂપ પ્રગટે છે. ત્યાં જણાવેલ છે કે 'સાદિ-અનંતકાલીન, અનુપમ, પીડારહિત, ઉત્તમ સુખને પ્રાપ્ત કરનાર તથા કેવલ સમ્યક્ત્વ, કેવલજ્ઞાન, કેવલદર્શનસ્વરૂપ આત્મા મુક્ત કહેવાય છે.' (૩/૧)

વલી, અભેદ ઊપરિ યુક્તિ કહઇ છઇ -

**દ્રવ્યઈ ગુણ-પર્યાયનો જી, છઈ અભેદ સંબંધ;**
**ભિન્ન તેહ જો કલ્પિઈ જી, તો ♦અનવસ્થાબંધ☆ રે ॥૩/૨॥ (૨૭) ભવિકા.**

**દ્રવ્યઈ** કહતાં દ્રવ્યનઈ વિષઇ, **ગુણ-પર્યાયનો♦ અભેદ જ● સંબંધ છઇ.** ▸અતિરિક્ત સમવાયસંબંધત્વ કલ્પિઈ તેહથી ક્લૃપ્ત સ્વરૂપદ્વયનિં અભેદત્વઇં સંબંધપણું કલ્પિઈ. ઈમ જ ઉચિત છઈ.

'ઘટ⧗ વર્ત્તઈ તિહાં તાઈં રક્તાદિપરિણામ નથી વર્તતા, તેહનેં અભેદ કિમ હુઈ ?' એ શંકા ન કરવી. જે માટઈ સ્વકાલિં અભેદ તિહાં પણિ સંભવઈ. કાલગર્ભવિશેષણતા-આધારતાદિક પરપરિણામનેં છઈ.◂

**જો☆ (તેહ)** દ્રવ્યનઈ વિષઇ ગુણ-પર્યાયનો સમવાય નામઇં **ભિન્ન** સંબંધ **કલ્પિઈ, તો** *તેહને પણિ સંબંધાંતર ગવેષણા કરતાં* **અનવસ્થાદોષનું❖** બંધન થાઇ. જે માટઇ ગુણ-ગુણીથી અલગો સમવાય સંબંધ કહિયઇં તો તે સમવાયનઈ પણિ અનેરો સંબંધ જોઈઈ, તેહનઇં પણિ અનેરો. ઈમ કરતાં કિહાંઇ ✠ઠહરાવ ન થાઈ.

અનઈ જો સમવાયનો સ્વરૂપસંબંધ જ અભિન્ન■ માનો તો ગુણ-ગુણીનઇં સ્વરૂપસંબંધ માનતાં સ્યૂં વિઘટઈ છઈ ? જે ફોક જ□ નવો સંબંધ માનો છો. *તે માટઈ અભેદ* જ સંબંધ કહવો.* ॥૩/૨॥

---

♦ કો.(૨)માં 'અવસ્થા' અશુદ્ધ પાઠ.

☆ લા.(૨)માં '...ધારા' પાઠ.

♦ આ.(૧)માં 'ઉચિત ઘટવર્તી તિહાં તાઈ રક્તાદિક પરિણામ નથી.' પાઠ અધિક છે.

● પુસ્તકોમાં 'જ' નથી. કો.(૧૦+૧૨+૧૩)માં છે.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+કો.(૯)માં છે.

⧗ કો.(૧૩)માં 'ઉચિત ઘટવર્તી તિહાં તાઈ રક્તાદિ પરિણામ નથી. ગુણ-ગુણીપ્રમુખને જો ભિન્ન સમવાયરૂપ સંબંધ કહીઈ તો તેહને પિણ સંબંધાંતર ગવેષણા કરતા અનવસ્થા પાસનો બંધ થાઈ' પાઠ છે.

☆ આ.(૧)માં 'ગુણ-ગુણી પ્રમુખનઈ...' પાઠ.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯+૧૨)+ આ.(૧)માં છે.

❖ આ.(૧)માં '...પાશનો બંધ' પાઠ.

✠ પુસ્તકોમાં 'ઠઈરાવ' પાઠ. કો.(૧૨)+આ.(૧)નો પાઠ લીધો છે.

■ B(2) માં 'ભિન્ન' પાઠ.

□ પુસ્તકોમાં 'જ' નથી. લા.(૨)માં છે. કો.(૧૦)માં 'ફોકટ' પાઠ.

★ કો.(૯)+સિ.માં '...અભેદ તિહાં પણિ સંભવઈ. કાલગર્ભ વિશેષણતાઆધારતા' પાઠ.

परामर्शः

द्रव्येऽस्ति गुण-पर्यायाऽभेदसंसर्ग ईक्षितः।
विभेदकल्पने तत्राऽनवस्था हि प्रसज्यते।।३/२।।

**❋ દ્રવ્યાદિના ભેદપક્ષમાં અનવસ્થા ❋**

**શ્લોકાર્થ** :- દ્રવ્યમાં ગુણ-પર્યાયનો અભેદ સંબંધ દષ્ટ છે. તેમાં ભેદની કલ્પના કરવામાં આવે તો અનવસ્થા દોષ લાગુ પડશે જ. (૩/૨)

**❋ અભેદસંબંધમાં વિલંબનો અભાવ ❋**

**આધ્યાત્મિક ઉપનય** :- 'દ્રવ્યમાં ગુણ-પર્યાયનો અભેદ સંબંધ છે' - આ વાત આધ્યાત્મિક દૃષ્ટિએ એ રીતે ઉપયોગી છે કે ધ્રુવ આત્મદ્રવ્ય તો હાજર જ છે તથા શુદ્ધ ગુણ-પર્યાયનું તાદાત્મ્ય પણ તેમાં વિદ્યમાન છે. ફક્ત વિશેષતા એટલી જ છે કે શુદ્ધ ગુણપર્યાય પ્રગટ થવા જોઈએ. જે સમયે આંતરિક મોક્ષપુરુષાર્થ કરીને પોતાના શુદ્ધ ગુણ-પર્યાયને સાધક પ્રગટાવે છે, તે જ સમયે સાધકનો આત્મા શુદ્ધ ગુણ-પર્યાયરૂપે પરિણમી જાય છે. શુદ્ધ ગુણ-પર્યાય પ્રગટ થયા પછી તેને રહેવા માટે અતિરિક્ત સંબંધને શોધવાની આવશ્યકતા ન હોવાથી શુદ્ધ ગુણ-પર્યાય પ્રગટ થવાના સમયે જ આત્મા તન્મય બની જાય છે. જેમ બટનને શર્ટમાં કે પેન્ટમાં જોડાઈ જવા માટે અતિરિક્ત દોરાની આવશ્યકતા હોવાથી, દોરાની પ્રાપ્તિમાં વિલંબ થવાથી બટનને શર્ટમાં કે પેન્ટમાં જોડાઈ જવાની ક્રિયામાં વિલંબ થાય છે. આવા પ્રકારનો કાળક્ષેપ પ્રગટ થયેલા શુદ્ધ ગુણ-પર્યાયને આત્મામાં રહેવા માટે થતો નથી. આવું જાણીને આત્માર્થી જીવે શુદ્ધ ગુણ વગેરેને પ્રગટ કરવા સતત પ્રયત્ન કરવો જોઈએ. તેનાથી 'જે નિર્વિકારી, આહારશૂન્ય, સર્વસંગરહિત, પરમાનંદયુક્ત છે, તે શુદ્ધ ચૈતન્યનું લક્ષણ છે' - આ મુજબ **પરમાનંદપંચવિંશતિકા**માં દર્શાવેલ શુદ્ધચૈતન્યસ્વરૂપ સંપૂર્ણતયા પ્રગટ થાય છે. (૩/૨)

♦વલી, અભેદ ન માનઈ, તેહનઈં બાધક કહઈ છઈ –

**"સ્વર્ણ કુંડલાદિક ✡હુઉં જી", "ઘટ રક્તાદિક ભાવ";**
**એ વ્યવહાર ન સંભવઈ જી, જો ન ♦અભેદસ્વભાવ રે ॥૩/૩॥ (૨૮) ભવિકા.**

"▸સ્વર્ણ કહતાં◂ સોનું તેહ જ કુંડલ ▸આદિક◂ (હુઉં=) થયું; ઘડો પહેલાં શ્યામ ●હતો, તેહ ❖જ (રક્તાદિક ભાવ=) વર્ણઈં રાતો થયો" - ✠એહવો સર્વલોકાનુભવસિદ્ધ વ્યવહાર ન (સંભવઈ=) ઘટઈં, જો અભેદસ્વભાવ ✽દ્રવ્યાદિક ૩ નઈ ન હુવઈ તો.★

*'स्वर्णं कुंडलीभूतमि'त्यादौ च्विप्रत्ययार्थः पूर्वकालः, भेदः अभावश्च, भवतेः परिणामित्वम्, क्तप्रत्ययस्य चाऽऽश्रयोऽर्थः इति 'स्वर्णं प्राक्काले कुण्डलभिन्नत्वे सति कुण्डलाऽभेदपरिणामित्वाश्रय' इति वाक्यार्थः।

अतः 'स्वर्णं द्रव्यीभूतम्' इत्यादेः न प्रयोगः। कथं तर्हि 'मनुष्यो देवीभूत' इति? मनुष्यत्वोपलक्षितस्य धर्मितानयेन, अन्यथा तु न कथञ्चित्।

'द्रव्यं कुण्डलीभूतम्' इत्याद्यप्रयोगस्य इत्थमेव उपपाद्यत्वात्।* ॥૩/૩॥

---

परामर्शः

**'काञ्चनं कुण्डलीभूतम्', 'रक्तीभूतो घटो ह्ययम्'।**
**इत्यादिर्व्यवहारो न, स्यादभेदानुपस्थितौ।।३/३।।**

---

### 卐 લોકવ્યવહારથી દ્રવ્ય-ગુણાદિનો અભેદ 卐

**ભાવાર્થ** :- જો દ્રવ્યાદિમાં પરસ્પર અભેદ હાજર ન હોય તો 'સુવર્ણ કુંડલસ્વરૂપ થઈ ગયું', 'આ ઘટ લાલ થઈ ગયો' - ઈત્યાદિ વ્યવહાર થઈ ન શકે. (૩/૩)

---

♦ કો.(૯)+આ.(૧)માં 'અથ હવિ અનુભવથી પણિ અભેદ સાધિ છે' પાઠ.

✡ કો.(૪)માં 'લહિઉંજી' પાઠ. કો.(૧૦)માં 'કહિઉ' પાઠ.

♦ કો.(૨)માં 'નય ભેદ' અશુદ્ધ પાઠ.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯+૧૨)+ આ.(૧)માં છે.

● પુસ્તકોમાં 'હુતો' પાઠ. કો.(૧૧)નો પાઠ લીધો છે.

❖ પુસ્તકોમાં 'રાતો વર્ણઈ' પાઠ. કો.(૧૦) + કો.(૧૨) + આ.(૧)નો પાઠક્રમ લીધો છે.

✠ કો.(૧૩)માં 'સુવર્ણ તે કુંડલાદિક હુઓ. ઘટ તે રક્તાદિક હુઓ- એ વ્યવહાર ન સંભવે, જો ગુણ-ગુણ્યાદિકને અભેદસ્વભાવ ન માનઈ' પાઠ.

✽ કો.(૯)+આ.(૧)માં 'ગુણગુણ્યાદિકનઈ' પાઠ.

★ લા.(૨)માં 'હઉઈ તઉઈ ત્તિ' પાઠ.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+કો.(૯)માં છે.

## ❈ અભેદનયનું ઉચિત આલંબન ❈

**આધ્યાત્મિક ઉપનય :-** 'ગુણ-પર્યાય દ્રવ્યથી અભિન્ન છે' - આ વાત આધ્યાત્મિક દૃષ્ટિએ એ રીતે ઉપયોગી છે કે જેમ માણસ પોતાનો (= આત્મદ્રવ્યનો) નાશ ન થાય તેની કાળજી રાખે છે તેમ દયા, ઈન્દ્રિયદમન, દાન આદિ પોતાના નિર્મળ ગુણો અને શિષ્ટજનત્વ, સદાચારિત્વ, ધર્મિષ્ઠતા આદિ નિર્મળ પર્યાયો નાશ ન પામી જાય તેની પ્રાથમિક તબક્કાથી જ જાગૃતિ રાખવી જોઈએ. તથા આગળ વધતાં સમ્યગ્દર્શન આદિ શુદ્ધ ગુણો તથા દેશવિરતત્વ, સંયતત્વ આદિ પોતાના નિર્મળ પર્યાયની હાનિ ન થાય તે માટે સાવધાની રાખવી જોઈએ. કારણ કે આત્મા પોતાના ગુણ-પર્યાયથી અભિન્ન હોવાથી શુભ કે શુદ્ધ ગુણ-પર્યાયનો નાશ થતાં તે સ્વરૂપે પોતાનો પણ નાશ થાય છે. તેથી ખાસ ખ્યાલમાં રાખવું કે આત્માના શુદ્ધગુણ અને શુદ્ધપર્યાય પ્રકર્ષ પામે ત્યારે જ **પંચાસ્તિકાય**માં દર્શાવેલ મોક્ષસુખ સુલભ થાય. ત્યાં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'કર્મમલથી વિપ્રમુક્ત બનેલ, લોકના ઊર્ધ્વ છેડાને પામીને સર્વજ્ઞ-સર્વદર્શી તે સિદ્ધાત્મા અતીન્દ્રિય અનન્ત સુખને મેળવે છે.' (૩/૩)

વલી, ▸એકાંત ભેદેં◂ બીજું✠ બાધક *વચન કહઈ છઈ -

**ખંધ-દેશ ભેદઈ હુઈ જી, ♦બિમણી ગુરુતા રે ખંધિ⊡;**

**પ્રદેશગુરુતા પરિણમઈ જી, ખંધ અભેદહ ✱બંધ રે ॥૩/૪॥ (૨૯) ભવિકા.**

✱ગુણ-ગુણીને ભેદ માનીઈં તિવારિ અવયવાવયવીને પણિ ભેદ જ માનવો હુઈ.✱ □ખંધ કહિયઈ અવયવી, દેશ કહિયઈ અવયવ; એહોનઈ (ભેદઈ=) જો ભેદ માનિયઈ તો બિમણો ભાર (=બિમણી ગુરુતા) ખંધમાંહિ (હૂઈ=) થયો જોઈયઇ. જે માટઈં શતતંતુના પટમાંહિ શતતંતુનો✡ જેટલો ભાર, તેટલો પટમાંહિં પણિ જોઈયઈ.

■અનઈં જે કોઈ ***નવા નૈયાયિક*** ઈમ કહઈ છઈ જે "અવયવના ભારથી અવયવીનો ભાર અત્યંત હીન છઈ", તે માટઈં તેહનઈં મતઈં "દ્વિપ્રદેશાદિક ખંધમાંહઈં કિહાંઈં ઉત્કૃષ્ટ ગુરુતા ન થઈ જોઈઈ. જે માટઈં દ્વિપ્રદેશાદિક ખંધઈ એકપ્રદેશાદિકની અપેક્ષાઈં અવયવી છઈ.

અનઈં પરમાણુમાંહઈં જ ઉત્કૃષ્ટ ગુરુત્વ માનિયઈં તો રૂપાદિક વિશેષ પણિ ✦પરમાણુમાંહઈં માન્યાં જોઈઇં, દ્વિપ્રદેશાદિકમાંહઈં ન માંન્યાં જોઈઇં."■

☆"**गुरुत्वमतीन्द्रियमिति तत्र द्विगुणत्वादिप्रत्यक्षस्यापादकाभाव ▼एव।**

**अवनतिविशेषस्तु अवयविनि नौकादिलग्नतृणवदत्यन्तापकृष्टगुरुत्वस्वीकारादेवानापाद्यः"**

**- इत्युक्तिस्तु अत्यन्तापकृष्टगुरुत्व एव गुरुत्वस्याऽसमवायिकारणत्वे शोभते। तथा च अवस्थितगुरुत्वं परमाणुविश्रान्तमेव स्यात्।**

**तादृशस्य च तस्य सम्बन्धविशेषेण अवयविनिष्ठाऽवनत्यादिकारित्वे रूपादिकमपि परमाणुविश्रान्तमेव स्यात्, सम्बन्धविशेषेण अवयविनिष्ठकार्यकारितायाः अदुर्वचत्वादिति न किञ्चिदेतत् ।**☆

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯+૧૨)+ આ.(૧)માં છે.

✠ કો.(૧૩)માં 'દૂષણાંતર' પાઠ.

* પુસ્તકોમાં 'વચન' નથી. કો.(૧૧)માં છે.

♦ બિમણી = બમણી, દ્વિગુણી, Double (આધારગ્રંથ **કાદંબરી**- પૂર્વભાગ)

⊡ લી.(૧+૨)માં 'ખંધ' પાઠ. ✱ **પાઠાં૦** સંબંધિ. **ભા૦** કો.(૬)માં 'સંબંધ' પાઠ.

✱...✱ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧) + કો. (૯+૧૩) +સિ.માં છે.

□ કો.(૧૩)માં 'તિવારે ખંધ-દેશભેદે બિમણો ભાર થયો જોઈઈ' પાઠ.

✡ કો.(૧૦+૧૧)+લા.(૨)માં 'તંતુમાં' પાઠ.

■...■ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ આ.(૧) + સિ.+કો.(૯)માં નથી.

✦ ધ.માં 'પરમાંહે' પાઠ.

☆...☆ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+લી.(૪)+કો.(૩)માં છે.

▼ સિ. + કો.(૩)માં 'एवाचनेति' इत्यशुद्धः पाठः। લી.(૪)નો પાઠ લીધો છે.

**અભેદનયનો બંધ** માનઈં તો **(પ્રદેશગુરુતા=)** પ્રદેશનો ભાર તેહ જ **ખંધભાર**પણઈં **પરિણમઈ**, જિમ તંતુરૂપ પટરૂપપણઈં. તિવારઈં ગુરુતા વૃદ્ધિનો✿ દોષ કહિઓ, તે ન લાગઈ. ॥૩/૪॥

પરામર્શઃ **स्कन्ध-देशविभेदे स्यात् स्कन्धे द्विगुणगौरवम्।**
**तयोरभेदसम्बन्धे प्रदेशगुरुतानतिः।।३/४।।**

### ❀ બમણા ભારની નૈયાયિકને સમસ્યા ❀

**શ્લોકાર્થ** :- સ્કન્ધનો (= અવયવીનો) અને દેશનો (= અવયવનો) અત્યન્ત ભેદ માનવામાં આવે તો સ્કંધમાં બમણી ગુરુતા (= ભારેપણું) આવશે. જો તે બન્નેનો અભેદ માનવામાં આવે તો પ્રદેશનું ગુરુત્વ સ્કન્ધના ગુરુત્વરૂપે પરિણમે. (૩/૪)

### ❀ અભેદનય સંયમસાધક ❀

**આધ્યાત્મિક ઉપનય** :- તપ્ત અયોગોલક ન્યાયથી આપણો આત્મા વર્તમાનકાળમાં શરીર આદિ રૂપે પરિણમેલો છે. અર્થાત્ શરીરથી કથંચિત્ અભિન્નપણું આત્મા ધરાવે છે. તેથી આત્માને શરીરના ભારનો સામાન્યથી અનુભવ થતો નથી. પોતાનો ભાર પોતાને ક્યાંથી લાગે ? ૫૦ કિલો વજનવાળા શરીરને કાયમ ઊંચકીને ફરનારો જીવ થાકનો અનુભવ કરતો નથી. પરંતુ પાંચ કિલો વજનવાળા ઘડાને કે શાકની થેલીને ઊંચકતાં માણસ થાકી જાય છે. કારણ કે ઘડાથી અને શાકની થેલીથી આત્મા સ્પષ્ટરૂપે જુદો છે. વળી, ઉણોદરી તપ સચવાય તે રીતે ભોજન-પાણી લેનારને ભોજન બાદ ભારનો અનુભવ થતો નથી. કારણ કે તે શરીરરૂપે પરિણમી જવાનું કામ શરૂ થઈ જાય છે. તથા શરીરથી તો દેહધારી આત્મા કથંચિત્ અભિન્ન જ છે. પરંતુ over eating કે over drinking કરનાર કે over weight ધરાવનારને વધુ પડતા ભારનો અનુભવ અવશ્ય થાય છે. કારણ કે તથાવિધ તાદાત્મ્ય આત્માને અતિરિક્ત ભોજન-પાણી-ચરબી આદિ સાથે નથી. માટે અતિભારના ત્રાસથી બચવા અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ વગેરે તપમાં પ્રયત્ન કરવો. તેના દ્વારા અન્ન-પાન, શરીર આદિ ઉપર નિયંત્રણ રાખવાની સૂચના પ્રસ્તુત શ્લોક દ્વારા મેળવી શકાય છે. આ બાબતમાં "અહીં સંસારમાં પેદા થનારા કામવાસનાસંતાપસ્વરૂપ જ્વર (= તાવ) વગેરે જે દોષો છે, તે જે સ્થાનમાં સર્વથા નથી જ હોતા તે પરમપદ = મોક્ષસ્થાન છે" - આ પ્રમાણે **મોક્ષોપદેશ પંચાશક**માં શ્રી**મુનિચન્દ્રસૂરિજી**એ જે કહેલ છે, તેને સતત સ્મૃતિપટમાં અંકિત કરવું. તે સ્મરણના લીધે વર્તમાનમાં કથંચિત્ ભિન્ન એવું પણ કામવિકારાદિદોષશૂન્ય પરમપદ અભિન્નસ્વરૂપે આપણા ચિત્તમાં સ્થાપિત થાય. તેમજ તેના પ્રભાવે આપણા કામવાસના વગેરે દોષો હણાશે. આ બાબત ધ્યાનમાં લેવી. (૩/૪)

✿ કો.(૧૩)માં 'બિમણાઈ નાવે' પાઠ.

♦દ્રવ્યાદિકનઈં અભેદ □ન માંનઈ છઈ, તેહનઈં ઉપાલંભ દિયઈં છઈ -

**ભિન્ન દ્રવ્ય-પર્યાયનઈં જી, ભવનાદિકનઈં રે એક;**
**ભાખિઈ, કિમ દાખઈ નહીં જી, એક દ્રવ્યમાં વિવેક રે ? ॥૩/૫॥ (૩૦) ભવિકા.**

▸હે ભેદવાદી ! જો◂ **ભિન્ન દ્રવ્ય** જે મૃત્ પાષાણ, કાષ્ઠ, ¤પૃથિવી, જલાદિક તેહનો **પર્યાય** જે **ભવનાદિક** = ઘરપ્રમુખ, તેહનઈં તૂં **"એક"** (**ભાખિઈ**=) કહઈ છઈ "એક ઘર એ" ઈત્યાદિક લોકવ્યવહાર માટઈં ? તો **એક દ્રવ્યમાં**✡ દ્રવ્ય-ગુણ-પર્યાયનઈં અભેદ હોઈ, એહવો **વિવેક** કાં નથી કહિતો ? જે માટઈં 'આત્મદ્રવ્ય, તેહ જ આત્મગુણ તેહ જ આત્મપર્યાય' એહવો વ્યવહાર અનાદિસિદ્ધ છઈ.

*જો તું મૃત્-પાષાણ-કાષ્ઠાદિ ભિન્નદ્રવ્ય સંયોગ નિષ્પન્ન ભવનાદિ પર્યાયનેં એક કહે છેં, તો એક દ્રવ્યદલેં નિષ્પન્ન જે ભાવ તેહમાં એકપણું કાં **ન દેખાવઈ** (?**દાખવઈ**) ?

**द्रव्यैकत्वमेव स्वगतपर्यायव्यपदेशहेतुः, अन्यत्र अनेकत्वोद्भवादिति परमार्थः** * ॥૩/૫॥

परामर्शः　**विभिन्नद्रव्यपर्याये भवनादिक एकताम्।**
**भाषसे, नेक्षसे कस्मादेकद्रव्ये गुणैकताम्।।३/५।।**

**❖ અનેકદ્રવ્યનિષ્પન્ન એક પર્યાયનો વિચાર ❖**

[illegible] :- હે નૈયાયિક ! વિભિન્ન દ્રવ્યના પર્યાય સ્વરૂપ ઘર વગેરેમાં તું એકત્વનું કથન કરે છે. તો પછી એક દ્રવ્યમાં ગુણૈક્યને કેમ જોતો નથી ? (અર્થાત્ દ્રવ્યને ગુણાદિમય માનવું.) (૩/૫)

**✵ નિશ્ચય-વ્યવહારનું યથોચિત જોડાણ ✵**

[illegible] :- પ્રમાદ આદિને વશ બની અન્ય જીવો પોતાના નિર્મળ ગુણ-પર્યાયનો નાશ કરી રહેલા હોય તેવા સમયે તેઓને જોઈને તેઓના પ્રત્યે ઊભા થતા અણગમાને અટકાવવા માટે નિશ્ચયનયનું આલંબન લઈને તેના અખંડ અણિશુદ્ધ ગુણ-પર્યાયમય આત્મદ્રવ્યને અહોભાવથી જોવાની કોશિશ કરવી. તથા પોતાના ગુણોની ન્યૂનતા અને પર્યાયની મલિનતા જોઈને, વ્યવહારનયનું આલંબન લઈને જણાતું પોતાનું સખંડ, મલિન અને ત્રુટિપૂર્ણ આત્મદ્રવ્ય કઈ રીતે અખંડ, નિર્મળ અને પરિપૂર્ણ

♦ કો.(૯+૧૩)+આ.(૧)માં 'ભિન્ન પ્રદેસ ગુરુત્વઈ એક અવયવી ગુરુત્વવ્યપદેશ કિમ હોય ? તે દૃષ્ટાંતઈ સાધઈ છે' પાઠ અવતરણિકારૂપે છે.

□ મો.(૨)માં 'ન' નથી.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯)+સિ.+આ.(૧)માં છે.

¤ કો.(૧૩)માં 'કોષ્ઠાદિ ભિન્નદ્રવ્યસંયોગનિષ્પન્ન ભવનાદિક પર્યાયને એક કહઈ છે તો એક દ્રવ્યદલે નિષ્પન્ન જે ભાવ તેહમાં એકપણો કાં ન દેખાવે ?' પાઠ.

✡ આ.(૧)માં 'તો એકદ્રવ્યનિષ્પન્ન દલઈ નિષ્પન્નભાવ જે તેહમાં એકપણો કાં ન દેખાવઈ ? એ પરમાર્થ' પાઠ.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. લી.(૪) + કો.(૩+૧૫)માં છે.

બને ? તે આશયથી અંતરંગ જ્ઞાનપુરુષાર્થ અને બહિરંગ ક્રિયાપુરુષાર્થનો યથોચિત અભ્યાસ કરવો. તથા ક્લિષ્ટ કર્મોદયની વિષમતાના લીધે, તેમાં સફળતા ન મળતાં હતાશાની ખીણમાં ગબડવાનું થાય ત્યારે લઘુતાગ્રંથિ (inferiority complex) માંથી બચવા માટે શુદ્ધનિશ્ચયનયમાન્ય અખંડ, પરિપૂર્ણ, વિશુદ્ધ આત્મદ્રવ્ય ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવું. તથા પ્રગટ થયેલ નિર્મળ ગુણ-પર્યાયનો મોહવશ અહંકાર કરી, પુણ્યોદયના નશામાં ગળાડૂબ બની, અતિઆત્મવિશ્વાસ (over confidence) માં આત્મા અટવાઈ જાય ત્યારે વ્યવહારનય સંમત વર્તમાનકાલીન પોતાના સખંડ, મલિન અને અપૂર્ણ આત્મદ્રવ્યને લક્ષ્યગત કરવું. આ રીતે અહંકારથી અને મદથી પોતાના આત્માની સતત સુરક્ષા કરવી જોઈએ. આ રીતે કરવામાં આવે તો જ **વિંશિકાપ્રકરણ**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી આત્મસાત્ થાય. ત્યાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'બધા ય સિદ્ધ ભગવંતો સર્વજ્ઞ છે. બધા ય સિદ્ધો સર્વદર્શી છે. બધાય સિદ્ધો નિરુપમ સુખને પ્રાપ્ત કરી ચૂકેલ છે તથા જન્મ-જરા-મરણાદિથી રહિત છે.' આવું સિદ્ધસ્વરૂપ ઝડપથી આત્મસાત્ કરવા જેવું છે. તથા તે જ આપણું પરમપ્રયોજન છે. તે ભૂલાવું ન જોઈએ. આવી હિતશિક્ષા અહીં પ્રાપ્ત થાય છે. (૩/૫)

▸ચૈતન્યગુણેં અભિન્ન તે ચેતનદ્રવ્ય કહિઈં. અચૈતન્યગુણેં અભિન્ન તે અચેતન દ્રવ્ય કહિઈં - એમ ગુણ-પર્યાયનૈ અભેદેં દ્રવ્યનો નિયત કહતાં યથાવસ્થિતરૂપૈં વિવહાર થાય તો અનેક ગુણ-પર્યાયાભેદે એક દ્રવ્યમાંહિ અનેકપણું કિમ નાવેં ? તે ઉપરેં કહે છેં◂

**ગુણ-પર્યાય અભેદથી જી, દ્રવ્ય નિયત વ્યવહાર;**
**પરિણતિ જે છઈ એકતા જી, તેણિં તે એક પ્રકાર રે ॥૩/૬॥ (૩૧) ભવિકા.**

'*જીવદ્રવ્ય, અજીવદ્રવ્ય' ઈત્યાદિક જે **નિયત** કહતાં વ્યવસ્થાસહિત (**દ્રવ્ય**) **વ્યવહાર** થાઈ છઈ, તે **ગુણ-પર્યાય**ના **અભેદથી.** જ્ઞાનાદિક ગુણ-પર્યાયથી અભિન્ન દ્રવ્ય, તે જીવદ્રવ્ય. રૂપાદિક ગુણ-પર્યાયથી અભિન્ન, તે અજીવદ્રવ્ય. નહીં તો દ્રવ્યસામાન્યથી વિશેષસંજ્ઞા ન થાઈ.

દ્રવ્ય, ગુણ, પર્યાય એહ ૩ નામ છઈ, પણિ સ્વજાતિં ૩ નઈં (**જે એકતા**=) એકત્વ (**પરિણતિ**=) પરિણામ **છઈ.** (**તેણિં**=) તેહ માટઈં **તે** ૩ **એક પ્રકાર** કહયઈ. જિમ આત્મદ્રવ્ય, જ્ઞાનાદિક ગુણ, તત્પર્યાય એ સર્વ એક જ કહિઈં.

જિમ રત્ન (૧), કાંતિ (૨), જ્વરાપહારશક્તિ (૩) પર્યાયનઈં એ ૩ નઈં એકત્વ✡ પરિણામ છઈ; તિમ દ્રવ્ય, ગુણ, પર્યાયનઈં ઈમ જાણવું.*

☆તદ્વ્યક્તિ♦ જે એકતા પરિણામ છે. તેણિં કરી તે એક પ્રકાર કહીઈં. **अत एव** દ્રવ્યસંખ્યાની ઉદ્ભૂતત્વ વિવક્ષાઈં '**अयं घटः**', પર્યાયસંખ્યાની ઉદ્ભૂતત્વવિવક્ષાઈં '**एते रूपादिगुण-पर्यायाः**', ઉભયોદ્ભૂતત્વવિવક્ષાઈં '**रूपादयो घटस्य गुणाः**' ઈત્યાદિ વ્યવહાર ***મલયગિરિ***પ્રમુખે કહ્યો છેં.☆ ॥૩/૬॥

---

*परामर्शः*

**गुणाद्यभेदतो द्रव्यभेदव्यवहृतिर्भवेत्।**
**स्वजात्या परिणामैक्यात् त्रयाणामेकरूपता।।३/६।।**

---

**❈ અભેદપક્ષમાં નિયત દ્રવ્યવ્યવહાર સંભવ ❈**

**શ્લોકાર્થ** :- ગુણ-પર્યાયનો અભેદ હોવાથી દ્રવ્યમાં વિશેષ = નિયત વ્યવહાર સંભવે. દ્રવ્ય-ગુણ-પર્યાયનો પોતાની જાતિસ્વરૂપે એકત્વ પરિણામ છે. (અર્થાત્ પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયમય છે.) (૩/૬)

---

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯+૧૩)+સિ.+આ.(૧)માં છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૯)+ આ.(૧)+સિ.માં નથી.

✡ પુસ્તકોમાં 'એક જ' પાઠ. લા.(૨)નો લીધો છે.

☆...☆ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯)માં છે.

♦ આ.(૧)+કો.(૧૩)માં 'તદ્વ્યક્તેં જે એકતા પરિણામ છિ. તિણિ કરીનેં એક પ્રકાર કહિઈં એતલઈ દ્રવ્ય સંખ્યાને ઉપજવેં '**अयं घटः**', પર્યાય સંખ્યાનેં ઉપજાવેં '**एते रूपादिपर्याया**' અને વિવક્ષાઈ '**रूपादयो घटस्य गुणा**' ઈત્યાદિ વિવહાર શ્રીમલયગિરિ કરિ છેં કહે છઈ' પાઠ છે.

## અખંડ સ્વરૂપરમણતા મેળવીએ

**આધ્યાત્મિક ઉપનય** :- 'પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયમય છે' - આ વાત આધ્યાત્મિક દૃષ્ટિએ એ રીતે ઉપયોગી છે કે શુદ્ધ આત્મદ્રવ્ય, કેવલજ્ઞાનાદિ શુદ્ધ ગુણો તથા સિદ્ધત્વ આદિ શુદ્ધ પર્યાયોનું મુખ્ય કાર્ય - પ્રયોજન એક જ છે. તે છે અખંડ સ્વરૂપરમણતા. આત્મદ્રવ્ય શુદ્ધ બને તો પણ સ્વરૂપરમણતા પ્રાપ્ત થાય. જ્ઞાનાદિ ગુણો શુદ્ધ બને તો પણ સ્વરૂપરમણતા અખંડ બને. સ્વપર્યાયો શુદ્ધ બને તો પણ સ્વરૂપરમણતા નિરંતર પ્રવર્તે. વ્યવહારનય કહે છે કે સૌ પ્રથમ તમારા પર્યાયોને શુદ્ધ કરો. સંયમપર્યાયને પ્રગટાવો. પછી આત્મગુણો શુદ્ધ બનતા જશે. છેવટે આત્મદ્રવ્ય પણ શુદ્ધ બની જશે.

## સાધકની અંગત જવાબદારી

જ્યારે નિશ્ચયનય એમ કહે છે કે 'સૌ પ્રથમ શુદ્ધ, અખંડ, પરિપૂર્ણ, નિરાવરણ, ધ્રુવ, અચલ આત્મદ્રવ્ય ઉપર અહોભાવપૂર્વક રુચિને સ્થાપિત કરી આત્મદ્રવ્યને શુદ્ધ કરો. જેમ જેમ આત્મદ્રવ્ય શુદ્ધ થતું જશે તેમ તેમ આત્મગુણ અને આત્મપર્યાય પણ શુદ્ધ થતા જશે.' આત્મદ્રવ્ય-આત્મગુણ -આત્મપર્યાય જ્યારે પરિપૂર્ણપણે શુદ્ધ બને ત્યારે અનાયાસે નિરંતર અખંડ સ્વરૂપરમણતાનો પ્રવાહ (= નિરાવરણ પર્યાયપ્રવાહ) વહેવા લાગશે. સાધકની અંગત જવાબદારી એ છે કે પોતાની વર્તમાન ભૂમિકાને પ્રામાણિકપણે ઓળખીને, તદનુસાર ઉપરોક્ત વ્યવહાર-નિશ્ચયનયનું આલંબન લેવું. તથા તે રીતે મોક્ષમાર્ગે સ્વરસપૂર્વક, સામે ચાલીને, ઝડપથી આગેકૂચ આત્માર્થી જીવે કરવી જોઈએ. તેનાથી **ઉપદેશરહસ્ય**માં દર્શાવેલ પરમપદ ઝડપથી મળે છે. ત્યાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે દર્શાવેલ છે કે 'નિત્ય, અકલંક, જ્ઞાન-દર્શનથી સમૃદ્ધ એવું આત્મસ્વરૂપ જે શુદ્ધ શાશ્વત પરમપદ છે, તે નિયમા ઉપાદેય છે.' (૩/૬)

♦વલી અભેદ ન§ માનઈં, તેહનઈં દોષ દેખાડઈ છઈ -

**જો અભેદ નહીં ✡એહનો જી, તો કારય✦ કિમ હોઈ ?;**
**અછતી વસ્તુ ન નીપજઈ જી, ●શશવિષાણ પરિ જોઈ રે ॥૩/૭॥ (૩૨)**
**ભવિકા.**

❖**જો એહનઈં** = દ્રવ્ય-ગુણ-પર્યાયનઈં❒ **અભેદ નથી, તો** કારણ-કાર્યનઈં પણિ અભેદ ન હોયઈ. તિવારઈં મૃત્તિકાદિક કારણથી ઘટાદિ **કાર્ય કિમ (હોઈ =)** નીપજઈ ? કારણમાંહિં કાર્યની *સત્તા હોઈ તો જ કાર્ય નીપજઈં. કારણમાંહઈં **અછતી** કાર્ય**વસ્તુ**ની પરિણતિ **ન નીપજઈ** જ. **(પરિ=)** જિમ **શશવિષાણ (જોઈ)**.

જો કારણમાંહિં કાર્યની સત્તા માનિયઈં, તિવારઈં અભેદ સહજઈ ▼જ આવ્યો ✠જોઈએ. ▸**तस्मादसतः कर्तुमशक्यत्वादिना कारणकालेऽपि कार्यस्य सत्त्वात् तदभेदो ध्रुव इति प्रतिपत्तव्यम्। तदुक्तम् - 'असदकरणादुपादानग्रहणात् सर्वसम्भवाऽभावात्। शक्तस्य शक्यकरणात् कारणभावाच्च सत् कार्यम्।।' (सा.का.९) इत्यादि।**◂ ॥૩/૭॥

---

પરામર્શઃ **यद्यभेदस्त्रयाणां न तर्हि कार्यं कथं दलात् ?।**
**दलेऽसद् वस्तु नोदेति शशशृङ्गसमं क्वचित्।।३/७।।**

---

### ❋ અસત્ કાર્યની ઉત્પત્તિ અસંભવ ❋

**શ્લોકાર્થ** :- જો દ્રવ્ય-ગુણ-પર્યાયનો અભેદ માનવામાં ન આવે તો ઉપાદાનકારણમાંથી કાર્ય કઈ રીતે થઈ શકે ? કેમ કે ઉપાદાનકારણમાં શશશૃંગસમાન અસત્ વસ્તુ ક્યારેય ઉત્પન્ન થતી નથી. (૩/૭)

---

♦ કો.(૯)માં 'વલી અભેદ વ્યતિરેકાનુપપત્તિ દેઢૈ છઈ.' અવતરણિકા.

§ મો.(૨)માં 'ન' નથી.

✡ મ.માં 'એહોનો' પાઠ. આ.(૧)+કો.(૨) નો પાઠ લીધો છે.

✦ કો.(૪)માં 'કારજ' પાઠ.

● શશવિષાણ = સસલાનું શિંગડુ.

❖ આ.(૧)માં પાઠ 'જો એહનો = ગુણ-ગુણ્યાદિક અવયવાવયવ્યાદિકનો અભેદ નથી તો કાર્ય કિમ નીપજે ? મૃત્તિકામાંહિં ઘટ હુતો તો જ દંડાદિવ્યાપારિં આવિર્ભૂત થયો તે નીપનો કહીઈં. પણિ અછતી વસ્તુ નવિ નીપજૈ. યથા દૃષ્ટાંતેન દઢયતિ-શશલાના સિંગની પરિ અછતિની છતિ ન થાય.' કો.(૧૩)માં પણ આવા પ્રકારનો જ પાઠ છે.

❒ મો.(૨)માં '....પર્યાયથી' પાઠ.

* પુસ્તકમાં 'શક્તિ' પાઠા૦ ભા૦ + કો.(૧૨) + આ.(૧) + લી.(૨+૩) + લા.(૨) + પા૦નો પાઠ લીધો છે.

✠ પુસ્તકોમાં 'જોઈએ' પાઠ નથી. કો.(૧૧)માં છે.

▼ લી(૩)માં 'ન' અશુદ્ધ પાઠ. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯)માં છે.

## સત્કાર્યવાદનું આધ્યાત્મિક પ્રયોજન

**આધ્યાત્મિક ઉપનય** :- 'ઉપાદાનકારણમાં અવિદ્યમાન વસ્તુ ક્યારેય ઉત્પન્ન ન થાય' - આ મુજબ સાંખ્યસંમત સત્કાર્યવાદની માન્યતાનો સાધનામાર્ગમાં એ રીતે ઉપયોગ થઈ શકે કે આત્મદ્રવ્યમાં કેવલજ્ઞાન આદિ ગુણો અને સિદ્ધત્વ આદિ નિર્મળ પર્યાય વિદ્યમાન જ છે. સદ્ગુરુ, કલ્યાણમિત્ર વગેરેના ઉપદેશ, પ્રેરણા, માર્ગદર્શન આદિના માધ્યમથી સદ્ગુરુસમર્પિત સાધકમાં કેવલજ્ઞાન આદિ ગુણો અને સંયતત્વ, સિદ્ધત્વ આદિ નિર્મળ પર્યાયો પ્રગટ થાય છે. જેમ શિલ્પીના ટાંકણા ખાવાની તૈયારી પથ્થર હંમેશા રાખે (અર્થાત્ પથ્થર તૂટી ન જાય) તો પથ્થરમાં છુપાયેલ પ્રતિમાનો શિલ્પી દ્વારા આવિર્ભાવ થઈ શકે. તેમ સદ્ગુરુ વગેરેની પ્રેરણા, અનુશાસન, કડકાઈ આદિને સ્વીકારવાની તૈયારી શિષ્ય રાખે (અર્થાત્ માનસિક રીતે પડી ન ભાંગે, ગુરુ પ્રત્યે જરાય અણગમો ન કરે.) તો શિષ્યમાં છુપાયેલ કેવલજ્ઞાન આદિ ગુણનો અને સિદ્ધત્વ આદિ નિર્મળ પર્યાયનો પ્રાદુર્ભાવ સદ્ગુરુના માધ્યમથી થઈ શકે. આપણા નિર્મળ ગુણ-પર્યાયોના અભિવ્યંજક સદ્ગુરુ પ્રત્યે વિનય, ભક્તિ, બહુમાન, સમર્પણ અને શરણાગતિ વગેરે ભાવોને જીવનભર ટકાવી રાખવાની પાવન પ્રેરણા સત્કાર્યવાદના માધ્યમથી લેવા જેવી છે. તે પ્રેરણાને અનુસરવાથી **દ્વાત્રિંશિકાપ્રકરણ**માં જણાવેલ મોક્ષ સુલભ થાય. ત્યાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી**એ જણાવેલ છે કે 'સર્વ કર્મનો ક્ષય એટલે મોક્ષ. તે ભોગના સંક્લેશથી રહિત છે.' (૩/૭)

"♦કારણમાંહિ કાર્ય ઉપના પહિલાઈં જો કાર્યની સત્તા છઈ તો કાર્યદર્શન કાં નથી થાતું ?" એ શંકા ઊપરિ કહઈ છઈ -

**દ્રવ્યરૂપ ✡છઈ કાર્યની જી, તિરોભાવની રે શક્તિ;**
**આવિર્ભાવઈ નીપજઈ જી, ગુણ-પર્યાયની વ્યક્તિ રે ॥૩/૮॥ (૩૩) ભવિકા.**

કાર્ય નથી ઉપનું, તિવારઈં કારણમાંહઈં **કાર્યની દ્રવ્યરૂપઈં તિરોભાવની શક્તિ છઈ.** તેણઈ કરી છઈ, પણિ કાર્ય જણાતું નથી. સામગ્રી મિલઈ, તિવારઈ **ગુણ-પર્યાયની વ્યક્તિથી (આવિર્ભાવઈ=)** આવિર્ભાવ થાઈ છઈ, તેણઈ કરી કાર્ય **(નીપજઈ** અને**)** દીસઈ છઈ.

□આવિર્ભાવ-તિરોભાવ પણિ દર્શન-અદર્શનનિયામક કાર્યના પર્યાયવિશેષ જ જાણવા.

તેણઈં કરી આવિર્ભાવનઈં સત્-અસત્ વિકલ્પઈં દૂષણ ન હોઈ,

જે માટઈં અનુભવનઈં અનુસારઈં પર્યાય કલ્પિઈં. ▸કારણ પહિલાં કાર્યની દ્રવ્યરૂપઈં સત્તા છેં. તે રૂપઈં પ્રત્યક્ષ થાયે છેં. ઘટત્વાદિરૂપે સત્તા નથી. તે રૂપે પ્રત્યક્ષ નથી થાતું.

એમ અનેકાંત આશ્રયણેં તિરોભાવ-આવિર્ભાવ ઘટેં. વ્યવહાર પણિ ઉપપન્ન થાઈં.

તે માટઈં કથંચિત્ અભેદઈં જ કાર્યોત્પત્તિ થાઈં. ઈમ સિદ્ધ થયું.◂ *ભવિક જીવો ! તુમ્હેં ઈણિ પરઈં દ્રવ્ય-ગુણ-પર્યાય લીજીઈં.* ॥૩/૮॥

---

પરામર્શઃ

**प्राक् कार्यस्य तिरोभावशक्तिर्द्रव्यतया सतः।**
**गुण-पर्याययोर्व्यक्त्याऽऽविर्भावे तद्धि दृश्यते।।३/८।।**

---

### ✻ તિરોભાવ શક્તિના લીધે કાર્યનું અદર્શન ✻

**શ્લોકાર્થ** :- પૂર્વે દ્રવ્યરૂપે રહેલા કાર્યની તિરોભાવ શક્તિ વર્તે છે. ગુણની અને પર્યાયની અભિવ્યક્તિ દ્વારા કાર્યનો આવિર્ભાવ થતાં જ કાર્ય દેખાય છે. (૩/૮)

### 卐 તિરોહિત પરમાત્માનો આવિર્ભાવ = સાધના 卐

**આધ્યાત્મિક ઉપનય** :- દ્રવ્યમાં તિરોભાવ શક્તિ અને આવિર્ભાવ શક્તિ - આ બન્ને શક્તિ બતાવવાની પાછળ આધ્યાત્મિક દષ્ટિએ તાત્પર્ય એ છે કે સંસારી અવસ્થામાં પ્રત્યેક આત્મામાં તિરોભાવ

---

♦ કો.(૧૩)+આ.(૧)માં 'તથા માટીને વિષે ઘટની સત્તા છે તો પ્રગટ કિમ ન દિસ્યૈ ? તે સમાધાન કરે છે' પાઠ. કો.(૯)માં 'જો કુંભકારાદિ વ્યાપાર પહિલા મૃદ્દ્રવ્યનઈં વિષિ ઘટસત્તા છેં. તો પ્રત્યક્ષ કાં નથી દીસતો ? એ શંકાનું સમાધાન કરિ છેં' પાઠ.

✡ મ.+ધ.માં 'છતી' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે.

□ શાં.માં 'આવિર્ભાવ' નથી. મ.માં વ્યુત્ક્રમથી પાઠ છે. લી.(૧+૨)ના આધારે પાઠ લીધેલ છે.

▸....◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯+૧૩)માં છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. લા.(૨)માં છે.

શક્તિ સ્વરૂપે પરમાત્મા રહેલા છે. જ્યારે પરિપૂર્ણ ગુણની અને પરિશુદ્ધ પર્યાયની અભિવ્યક્તિ થાય ત્યારે પ્રત્યેક ભવ્ય આત્મામાં પરમાત્મતત્ત્વનો આવિર્ભાવ થાય છે. તિરોભાવ શક્તિરૂપે રહેલા પરમાત્માને આવિર્ભાવ શક્તિરૂપે પરિણમાવવા તેનું નામ તાત્ત્વિક સાધના છે, અંતરંગ મોક્ષમાર્ગગોચર પુરુષાર્થ છે. જડનો રાગ અને જીવનો દ્વેષ આ સાધનામાં અવરોધક બને છે. 'હું તો પૂર્ણાનંદનો નાથ છું. પરમાનંદ સ્વરૂપ છું. ચિદાનંદસ્વરૂપી ઘન આત્મા છું. પરમાનન્દમય એવા મારે (૧) ટી.વી., (૨) ટેલીફોન, (૩) રેડિયો, (૪) વિડિયો, (૫) ચેનલ, (૬) ઓડિઓ, (૭) ફ્રીઝ, (૮) એ.સી. વગેરે જડ પદાર્થની પાસે સુખની ભીખ માંગવાની જરૂર શી ? જડ એવા ભૌતિક અને તુચ્છ સાધનોથી સર્યું' - આ રીતે પોતાનામાં છુપાયેલાં પરમાત્મતત્ત્વ તરફ રુચિપૂર્વક દૃષ્ટિને સ્થિર કરવાથી જડનો રાગ છૂટી જાય છે.

### સર્વ જીવોમાં પરમાત્મસ્વરૂપદર્શન દ્વારા દ્વેષવિલય

તથા આ જ રીતે અન્ય જીવોમાં તિરોહિત સ્વરૂપે રહેલા પરમાત્મતત્ત્વ પ્રત્યે રુચિપૂર્વક પોતાની દૃષ્ટિને સ્થાપિત કરવાથી, અન્ય જીવો પ્રત્યેનો દ્વેષ ઓગળી જાય છે. 'અત્યારે કર્માધીન બની મારી સાથે અસભ્ય કે અન્યાયી વ્યવહાર કરનારા જીવો તથાભવ્યત્વનો પરિપાક થતાં ભવિતવ્યતાના સહકારથી સાધનાસાગરમાં ડૂબકી લગાવી શુદ્ધ ગુણ-પર્યાયસ્વરૂપ અમૂલ્ય રત્નોને મેળવી પોતાના પરમાત્મસ્વરૂપને **દૃઢપ્રહારી**ની જેમ ટૂંક સમયમાં પ્રગટાવી દેશે. તો પછી મારે શા માટે તેવા તિરોહિત શક્તિ સ્વરૂપે રહેલા પરમાત્મતત્ત્વો પ્રત્યે દ્વેષ ભાવ રાખવો ?' - આ રીતે અન્ય સર્વ જીવોમાં તિરોહિત પરમાત્માના દર્શન કરવા તરફ આ શ્લોક મંગલ સૂચન કરે છે. આવું થાય તો જ **અષ્ટકપ્રકરણ**માં દર્શાવેલ મોક્ષસુખ ઝડપથી પ્રગટ થાય. ત્યાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'અપરાધીન, ઉત્સુકતારહિત, પ્રતિકાર વગરનું, ભયશૂન્ય, સ્વાભાવિક નિત્ય સુખ ત્યાં મોક્ષમાં હોય છે.' (૩/૮)

**નૈયાયિક♦ ભાખઈ ઈસ્યું જી, "જિમ અછતાનું રે જ્ઞાન;**
**હોવઈ વિષય અતીતનું જી, તિમ કાર્ય સહિ નાણ રે" ॥૩/૯॥ (૩૪) ભવિકા.**

ઈહાં વલી✡ **નૈયાયિકશાસ્ત્રી**♦ ▸= *નૈયાયિક*મતભાષક◂ (**ઈસ્યું**=) એહવું **ભાખઈ** છઈ ▸= ઈમ કહઈ છઈ જે◂ "**જિમ અતીત** ☐અનાગત **વિષય** જે ઘટાદિક⧖, **અછતા** છઈ, તેહનું જિમ **જ્ઞાન હોયઈ**, ❖**તિમ** ઘટાદિક **કાર્ય** (**સહિ**=) અછતાં જ, મૃત્તિકાદિક દલ થકી સામગ્રી મિલ્યઈ નીપજસ્યઈ (-ઈમ **નાણ** = જાણ). અછતાંની જ્ઞપ્તિ હોઈ, તો અછતાંની ઉત્પત્તિ કિમ ન હોઈ ?

***विद्यमानप्रागभाव-ध्वंसप्रतियोगिनो ज्ञप्तिरिव विद्यमानप्रागभावप्रतियोगिन उत्पत्तिः सम्भवतीति 'उत्पत्तिः विद्यमानत्वस्वरूपसत्ताव्याप्ये'ति वचनमपहस्तयतीति भावः। तत्र तत्सत्त्वञ्च न तत्र तत्कार्योत्पत्तिनियामकम्, प्रागभावादेरेव देशनियामकत्वात्।**

**कार्यजननशक्तिमत्त्वादिना च न कारणे कार्यानुप्रवेशः, पटभिन्नत्वादिना घटे पटाऽनुप्रवेश-प्रसङ्गात्।**

**वस्तुतो दण्डत्वादिरूपैव कारणता, तस्या घटसम्बन्धित्वज्ञाने च किञ्चिल्लक्षणमपेक्षणीयमिति न कारणकुक्षौ कार्यप्रवेशः इति स्मर्तव्यम्।***

ઘટનું કારણ દંડાદિક અમ્હે કહું છું, તિહાં લાઘવ છઈ.

તુમ્હારઈ મતઈ ઘટાભિવ્યક્તિનું દંડાદિક કારણ કહવું, તિહાં ગૌરવ હોઈ.

બીજું, અભિવ્યક્તિનું કારણ ચક્ષુ પ્રમુખ છઈ, પણિ દંડાદિક નથી. દ્રવ્યઘટાભિવ્યક્તિનું કારણ દંડ ભાવઘટાભિવ્યક્તિનું કારણ ચક્ષુ. તિહાં ગૌરવ છઈ, તે ન ઘટઈ.

તે માટઈ ✠ભેદપક્ષ જ ★ઘટઈ★. *અભેદપક્ષ ન ઘટઈ.* ॥૩/૯॥

---

♦ મ.+પ.માં 'નઈયા..' પાઠ. કો.(૨)નો પાઠ લીધો છે.

✡ પુસ્તકોમાં 'વલી' નથી. ફક્ત લા.(૨)માં છે.

♦ પુસ્તકોમાં 'શાસ્ત્રી' શબ્દ નથી. આ.(૧)માં છે.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. લા.(૨)માં છે.

☐ પુસ્તકોમાં 'અનાગત' શબ્દ નથી. આ.(૧)માં છે.

⧖ કો.(૧૩)માં 'ઘટાદિક પદાર્થનું' પાઠ.

❖ આ.(૧)માં ફક્ત 'તિમ અછતું જ કાર્ય કારણ વ્યાપારઈ ઉપજઈ - એમ માનતાં સ્યો દૂષણ છેં ?' આટલો પાઠ છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯)+સિ.માં છે.

✠ 'અભેદપક્ષ જ (.. ...) ઘટઈ' ભા. + P(૨+૩+૪) + મો.(૨) + લી.(૨+૩) + પા.માં પાઠ છે.

★...★ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. લી.(૧+૩) + લા.(૨)માં છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૦)માં છે.

પરામર્શઃ

नैयायिकाः प्रभाषन्तेऽसत्त्वेऽप्यतीतगोचरः।
यथैव ज्ञायतेऽत्रैवं कार्यमसद्धि जायताम्।।३/९।।

### 卐 અસત્‌ની જ્ઞપ્તિ - ઉત્પત્તિનો સંભવ : નૈયાયિક 卐

**શ્લોકાર્થ** :- નૈયાયિકો કહે છે કે 'જેમ અતીત વિષય વર્તમાનમાં અસત્ હોવા છતાં પણ જણાય છે તેમ પ્રસ્તુતમાં અસત્ જ કાર્ય ઉત્પન્ન થશે.' (અર્થાત્ અસદ્ વસ્તુની જ્ઞપ્તિ-ઉત્પત્તિ થઈ શકે.) (૩/૯)

### 卐 દ્વિવિધ અસદ્‌વાદનું આધ્યાત્મિક મૂલ્યાંકન 卐

**આધ્યાત્મિક ઉપનય** :- અસત્ વસ્તુની જ્ઞપ્તિના અને ઉત્પત્તિના વિચારને આલંબન બનાવી એમ વિચારવું કે 'મારા ભૂતકાળની પાપ પ્રવૃત્તિઓ અને દોષો વર્તમાનમાં અસત્ હોવા છતાં સર્વજ્ઞ ભગવંતો તો તેને જાણે જ છે. તેથી તેની આલોચના, નિંદા, ગર્હા કરી, પ્રાયશ્ચિત્ત વહન કરી, અનાગત (= અનુત્પન્ન હોવાથી વર્તમાનમાં અસત્) કેવલજ્ઞાનાદિ ગુણોને અને સંયતત્વ, સિદ્ધત્વ આદિ પર્યાયોને વહેલી તકે ઉત્પન્ન કરું. કારણ કે અસત્‌કાર્યવાદના સિદ્ધાન્ત મુજબ, અતીત અને અનાગત વસ્તુ અસત્ હોવા છતાં તેની જાણકારી અને ઉત્પત્તિ થઈ શકે છે.' આ રીતે અસત્‌જ્ઞપ્તિવાદને અને અસત્‌કાર્યવાદને આધ્યાત્મિક દૃષ્ટિએ ઉપયોગી બનાવી, એના માધ્યમે આત્મવિશુદ્ધિ મેળવીને કલ્યાણકારી, અચલ, રોગરહિત, અક્ષય, અનન્ત, અવ્યાબાધ (=પીડાશૂન્ય) સિદ્ધિગતિ નામના લોકાગ્રપદને આત્માર્થી સાધક પ્રાપ્ત કરે છે. **શ્રીપાર્શ્વનાથચરિત્ર**માં **શ્રીઉદયવીરગણી**એ આવું લોકાગ્રપદ દર્શાવેલ છે. (૩/૯)

હિવઈ એ મત દૂષણ દેખાડઈ છઈ -

**તે મિથ્યા, નહીં સર્વથા જી, અછતો વિષય અતીત;**

**♦પર્યાયાર્થ તે નહીં જી, ✡દ્રવ્યાર્થે છઈ નીત♦ રે ॥૩/૧૦॥ (૩૫) ભવિકા.**

"અછતાની જ્ઞપ્તિની પરિં અછતાની ઉત્પત્તિ હોઈ" - ઈમ નૈયાયિક● કહિઉં, તેહ મત **મિથ્યા** = અલીક ❖છઈ. જેહ માટઈ **અતીત વિષય** ▸ઉપલક્ષણથી અનાગત વિષય◂ ઘટાદિક, ▸જ્ઞાનમાંહિં ભાસે છેં તે◂ **સર્વથા અછતો** ᳆નથી. તેહ **પર્યાયારથથી નથી; દ્રવ્યારથથી છઈ.**

□તે પ્રકાર કહે છઈ□ - (**નીત**=) નિત્ય = સદાઈ છઈ. નષ્ટ ઘટ પણિ મૃત્તિકારૂપઈં છઈ. સર્વથા ન હોઈ તો શશશૃંગ *= શશના વિષાણ* સરખો જ⊕ થાઈ.

☆**तथा च घटादिकं यदि सर्वथा असत् स्यात् नोत्पद्येत शशविषाणवदिति प्रसङ्गापादनमव्याहतमेव।**

**'असत्ख्यात्यभावेन उक्तदृष्टान्ताऽसिद्धिः' इत्युक्तावपि तेन रूपेण उत्पत्तौ तेन रूपेण असत्त्वस्य च प्रयोजकत्वे रूपान्तरेण सत्त्वम् अर्थात् सिध्यत्येवेति द्रष्टव्यम्।**☆ ॥૩/૧૦॥

परामर्शः

**तन्न, नैकान्ततोऽसत्त्वमतीतविषयस्य हि।**

**पर्यायार्थादसत्त्वेऽपि नित्यो द्रव्यार्थतः स तु।।३/१०।।**

### 卐 અતીત આદિ વિષય પર્યાયાર્થથી અસત્ 卐

**શ્લોકાર્થ** :- નવમા શ્લોકમાં નૈયાયિકે જણાવેલી વાત બરોબર નથી. કારણ કે અતીત વિષય પણ એકાંતે અસત્ નથી. પર્યાયાર્થથી અસત્ હોવા છતાં પણ દ્રવ્યાર્થથી તે નિત્ય જ છે. (૩/૧૦)

### 卐 ઉચિત વ્યવહાર અને દુર્ભાવત્યાગ : નયદ્વયપ્રયોજન 卐

**આધ્યાત્મિક ઉપનય** :- 'અતીત-અનાગત પદાર્થ પર્યાયાર્થિક નયથી વર્તમાનકાળમાં અસત્ છે'

♦ પુસ્તકોમાં 'પર્યાયારથ' પાઠ.કો.(૨)નો પાઠ લીધો છે.

✡ મ.+શાં.માં 'દ્રવ્યારથ' પાઠ. કો.(૨)નો પાઠ લીધો છે.

♦ પુસ્તકોમાં 'નિત્ય' પાઠ. કો.(૧૨)+લા.(૨)નો પાઠ લીધો છે. કો.(૫+૮)માં 'નિત' પાઠ.

● પુસ્તકોમાં 'નૈયાયિક' પદ નથી. કો.(૯) + સિ. + આ.(૧)માં છે.

❖ પુસ્તકોમાં 'અલીક છઈ' પાઠ નથી. આ.(૧)માં છે.

▸...◂ ચિહ્નદ્વય-મધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯+૧૩) + સિ. + આ.(૧)માં છે.

᳆ શાં.માં 'નમી' અશુદ્ધ પાઠ.

□...□ ચિહ્નદ્વય-મધ્યવર્તી પાઠ ફક્ત B(૨)માં છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ માત્ર લા.(૨)માં છે.

⊕ ફક્ત લા.(૨)માં 'જ' છે.

☆...☆ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯)+સિ.માં છે.

- આ વાતની આધ્યાત્મિક દૃષ્ટિએ ખતવણી એ રીતે કરી શકાય કે કોઈએ આપણું અપમાન, વિશ્વાસઘાત કે અન્યવિધ અસભ્ય વ્યવહાર ભૂતકાળમાં કરેલ હોય અથવા ભવિષ્યકાળમાં તથાવિધ અનુચિત વ્યવહાર કે વલણ આપણા પ્રત્યે સામેની વ્યક્તિ રાખશે તેવા સમાચાર મળે ત્યારે અતીત-અનાગત તથાવિધ વ્યવહારને અસત્ = અવિદ્યમાન માનીને સામેની વ્યક્તિ સાથે મૈત્રી આદિ ભાવોથી યુક્ત સૌહાર્દપૂર્ણ ઉચિત વ્યવહાર રાખવો, તેવું સૂચન પર્યાયાર્થિકનયની સમજણથી પ્રાપ્ત થાય છે. તથા અયોગ્ય વ્યવહાર કરનાર વ્યક્તિ મળે ત્યારે પણ 'અનાગત કેવલજ્ઞાનાદિ ગુણ અને સિદ્ધત્વ આદિ નિર્મળ પર્યાય વર્તમાનકાળમાં પણ આગળ (૫/૧૦) જણાવવામાં આવશે તે દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ આત્મદ્રવ્યસ્વરૂપે વિદ્યમાન છે' - એવું સ્વીકારીને મનમાં પણ તે વ્યક્તિ પ્રત્યે લેશ પણ દ્વેષ કે અણગમો થઈ ન જાય, તેની પૂરેપૂરી કાળજી રાખવી. આ રીતે જ **ષોડશકપ્રકરણ**માં પ્રકાશિત પરમતત્ત્વ પ્રગટ થાય. ત્યાં **શ્રીહરિભદ્રસૂરિ**જીએ જણાવેલ છે કે 'નિત્ય, કર્મપ્રકૃતિરહિત, લોકાલોકપ્રકાશક, નિસ્તરંગસમુદ્રસમાન, વર્ણ-સ્પર્શશૂન્ય, અગુરુલઘુ પરમતત્ત્વ છે.' તેનું સ્વરૂપ અમે **કલ્યાણકંદલી** નામની તેની વ્યાખ્યામાં વિસ્તારથી જણાવેલ છે. જિજ્ઞાસુ ત્યાં દૃષ્ટિપાત કરી શકે છે. (૩/૧૦)

"સર્વથા અછતો અર્થ જ્ઞાનમાંહઈં ભાસઈ છઈ" એહવું કહઇ છઈ,તેહનઇ બાધક દેખાડઇ છઈ :-

**અછતૂં ભાસઈ ગ્યાનનઈં જી, જો સ્વભાવિ• સંસાર;**
**કહતો જ્ઞાનાકાર તો જી, ‡જીપઈ યોગાચાર રે ॥૩/૧૧॥ (૩૬) ભવિકા.**

▸તથા જ્ઞાનમાંહિ અછતો અર્થ ન ભાસેં.◂ જો **"ગ્યાનનઈં સ્વભાવઇ, અછતો** ▸= બાહ્ય અસત્ ભાવ =◂ અતીત અર્થ ઘટ પ્રમુખ **ભાસઈ"** - એહવું માનિઇં, *તો જ્ઞાનમાંહિ બાહ્ય અસત્ ભાવના જ ઘટ-પટાદ્યાકાર માનો.* **તો** "સારો ☆= સઘલોઈ☆ **સંસાર જ્ઞાનાકાર** જ છઇ. બાહ્ય આકાર અનાદિ અવિદ્યાવાસનાઇં અછતા જ ભાસઈ છઈ, જિમ સ્વપ્નમાંહઈં અછતા પદાર્થ ભાસઈ છઈ. બાહ્યાકારરહિત શુદ્ધ જ્ઞાન, તે બુદ્ધનઇં જ હોઈ" - ઈમ **કહતો** ▸બાહ્યઅર્થઅભાવવાદી◂ **યોગાચાર** નામઈં ત્રીજો ♦*બૌદ્ધ* જ □**જીપઈ**; તેહ માટઈ અછતાનું જ્ઞાન ન હોઈ.

"▸બાહ્ય અર્થ ન હોઈ તો અછતાનું જ્ઞાન કિમ હોઈ ? જ્ઞાન તો ઘટાદિકનું પ્રત્યક્ષ છેં. તે માટઈ બાહ્ય અર્થ છતા છેં." ✡એહ જ યુક્તિ તે પ્રતિં કહીઈ છેં. અછતાનું જ્ઞાન માન્યેં તે યુક્તિ ન કહવાઈ. માટઈ✡ અછતાનું જ્ઞાન ન કહેંવાય. તે માટઈ 'અતીતાદિ વિષય પણ પર્યાયથી અસત્, દ્રવ્યથી સત્' - એમ જ માનવો.◂ ॥૩/૧૧॥

---

परामर्शः **'ज्ञानस्वभावतोऽसद्धि भासते' यदि मन्यसे।**
**ज्ञानाकारं भवं जल्पन् योगाचारो हि त्वां जयेत्।।३/११।।**

---

### 卐 નૈયાયિક દ્વારા યોગાચાર અજેય : જૈન 卐

**શ્લોકાર્થ** :- હે નૈયાયિક ! 'અસત્ વસ્તુ જ્ઞાનના સ્વભાવથી જ ભાસે છે' - આવું જો તું માને તો સંસારને જ્ઞાનાકારરૂપે બોલતો યોગાચાર જ તને જીતી જશે. (૩/૧૧)

---

• કો.(૪)માં 'સ્વભાવેં' પાઠ.

‡ જીપવું = જીતવું (ભગવદ્ગોમંડલ- પૃષ્ઠ-૩૫૫૮ + નંદબત્રીસી + સત્તરમા શતકના પ્રાચીન ગુર્જર કાવ્યો + પ્રાચીન ફાગુસંગ્રહ + પ્રાચીન ગુર્જર કાવ્યસંચય + વસંતવિલાસ ફાગુ)

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)+સિ.+કો.(૯+૧૩)માં છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯) + સિ.માં છે.

☆....☆ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

♦ લા.(૩)માં 'બોદ્ધમતી' પાઠ. 'બૌદ્ધમતવાળો' અર્થ કરવો.

□ જીપઈ = જીતે. આધારગ્રંથ - અંબડવિદ્યાધર રાસ, આરામશોભા રાસમાળા, ઉક્તિરત્નાકર, ષડાવશ્યક બાલાવબોધ, ઉપદેશમાલા બાલાવબોધ, ઉષાહરણ, ઋષિદત્તા રાસ, ઐતિહાસિક જૈનકાવ્યસંગ્રહ, ચાર ફાગુકાવ્યો.

✡...✡ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ આ.(૧)માં નથી.

## ॥ યોગાચાર મતનું આધ્યાત્મિક મૂલ્યાંકન ॥

**આધ્યાત્મિક ઉપનય** :- મોક્ષે જવા માટે કેવલજ્ઞાન જોઈએ. કેવલજ્ઞાન મેળવવા ક્ષપકશ્રેણિ માંડવી જોઈએ. ક્ષપકશ્રેણિ માટે શુક્લધ્યાન જોઈએ. તે માટે ધર્મધ્યાનમાં કુશળ બનવું જોઈએ. તે માટે જ્ઞાન પરિપક્વ-પરિશુદ્ધ બનાવવું પડે. 'જ્ઞાન આત્માનું સ્વરૂપ છે. જ્ઞાન વિના હું અધૂરો છું. જ્ઞાન વિના મારું અસ્તિત્વ જોખમાશે. જ્ઞાન સિવાય બીજું બધું અસાર છે' - આ પ્રમાણે જ્ઞાનનો મહિમા જ્યાં સુધી હૃદયાંકિત ન થાય ત્યાં સુધી જ્ઞાન (૧) પરિપક્વ, (૨) પ્રબળ, (૩) પરિશુદ્ધ, (૪) પરિપૂર્ણ બનતું નથી. આ બાબતને હૃદયમાં રાખીને, તેમજ 'અક્ષય, પીડાશૂન્ય, પુનરાગમનરહિત સ્થાન જ ઉપાદેય છે' - આ પ્રમાણે **બૃહત્કલ્પભાષ્યવૃત્તિ**માં જે જણાવેલ છે, તેની વિભાવના કરવા દ્વારા દઢપણે મોક્ષલક્ષિતાને મનોગત કરી, જ્ઞાનમહિમાથી ભાવિત બની, જ્ઞાનમય ચૈતન્યસ્વરૂપ વિજ્ઞાનઘન આત્મસ્વભાવમાં કાયમ સ્થિર થવાના નિર્મળ આશયથી જ્ઞાનાદ્વૈતવાદી યોગાચાર નામના બૌદ્ધના મતનો, અનેકાંતવાદની ઉચિત મર્યાદામાં રહીને, સ્વીકાર કરવામાં આવે તો આધ્યાત્મિક સાધનાના માર્ગે હરણફાળ ભરીને જીવ આગળ વધી શકે - આવા અભિપ્રાયથી યોગાચારમતનું ઉચિત મૂલ્યાંકન કરવું. "**ગૌતમબુદ્ધે** 'વિજ્ઞાનમાત્ર જ પારમાર્થિક વસ્તુ છે. જ્ઞાનભિન્ન પ્રતીયમાન બધું જ મિથ્યા છે' - આવી જ્ઞાનાદ્વૈતવાદદેશના બાહ્ય ધન-ધાન્ય-પત્ની-પરિવારાદિ વસ્તુની આસક્તિને દૂર કરવા માટે જ્ઞાનનયગ્રહણયોગ્ય એવા કેટલાક નિપુણ શિષ્યોને આશ્રયીને ફરમાવી છે " - આ મુજબ **શાસ્ત્રવાર્ત્તાસમુચ્ચય**ની કારિકાને અનુસરીને પણ જ્ઞાનાદ્વૈતવાદના પ્રયોજનની વિશેષ પ્રકારે ભાવના કરવી. (૩/૧૧)

"જો અછતાનું જ્ઞાન ન હોઈ, તો 'હવણાં મઇં અતીત ઘટ જાણ્યો' - ઈમ કિમ કહઈવાઈ છઈ ?" તે ઊપરિ કહઇ છઇ-

**"♦હવડાં✿ જાણ્યો અરથ તે જી", - ઈમ અતીત જે જણાઈ;**
**વર્તમાન પર્યાયથી જી, વર્ત્તમાનતા થાઈ રે ॥૩/૧૨॥ (૩૭) ભવિકા.**

"તે અતીત (**અરથ**=) ઘટ મઇં [1]**હવણાં જાણ્યો**" - **ઈમ** જેહ (**અતીત**) **જણાઈ** છઈ ♦તિહાં તદ્ઘટત્વાવચ્છિન્ન જ્ઞેયાકાર ▸તદ્દ્રવ્યનિરૂપિત દ્રવ્યાર્થથી સત્ માનીઈ તો જ યુક્તિસંગત થાઈ. જો ઈમ ન માનીઈ તો વિષયસ્વરૂપ જે વર્તમાન જ્ઞાનવિષયતા તે કિમ સંભવે ?◂ દ્રવ્યથી છતા અતીત ઘટનઇ વિષઈ, **વર્તમાન**જ્ઞેયાકારરૂપ **પર્યાયથી** "હવણાં" અતીત ઘટ જાણ્યો જાઈ છઈ.

અથવા નૈગમનયથી અતીતનઇં વિષઇં **વર્તમાનતા**નો આરોપ (**થાઈ**=) ⧗કીજઈ છઇ, પણિ સર્વથા અછતી વસ્તુનું જ્ઞાન ન થાઈ. *ભવિકજન ! મનુષ્યો ! એમ અતીત ઘટતાનું સ્વરૂપ જાણવઉ* ☆ઈતિ સાડત્રીસમી ગાથાર્થ જાણવો.☆ ॥૩/૧૨॥

---

પરામર્શઃ

**'इदानीं स मया ज्ञात' इत्यतीतः प्रमीयते।**
**साम्प्रतपर्ययेणैव, सत्त्वं तस्य ततो ध्रुवम्॥३/१२॥**

---

### 卐 અતીત પદાર્થ પણ વર્તમાન પર્યાયથી સત્ 卐

**શ્લોકાર્થ** :- 'હમણાં તે પદાર્થ મારા વડે જણાયો' - આ પ્રમાણે અતીત પદાર્થની વર્તમાન પર્યાયથી જ સત્યબુદ્ધિ લોકોને થાય છે. તેથી અતીત પદાર્થની સત્તા ચોક્કસ સિદ્ધ થાય છે. (૩/૧૨)

---

♦ હવડાં (હિવડા) = હમણાં. આધારગ્રંથ- **આરામશોભા રાસમાળા, ઉક્તિરત્નાકર, કાદંબરી પૂર્વભાગ** (ભાલણકૃત), **નલદવદંતીરાસ, નલાખ્યાન, પ્રદ્યુમ્નકુમાર ચઉપઈ, પ્રેમાનંદજી કાવ્યકૃતિઓ, મદનમોહના, ષડાવશ્યક બાલાવબોધ.**

✿ કો.(૪+૭)માં 'હવણાં' પાઠ.

1. हवणां = हमणां જુઓ '**આનંદઘનબાવીસી**' ઉપર જ્ઞાનવિમલસૂરિકૃત સ્તબક સંપા.કુમારપાળ દેસાઈ, પ્રકા. કૌશલપ્રકાશન અમદાવાદ. જુઓ '**પંચદંડની વાર્તા**' પ્રકાશક- મહારાજા સયાજીરાવ ગાયકવાડ વિશ્વવિદ્યાલય- વડોદરા. **મધ્યકાલીનગુજરાતીશબ્દકોશ** પૃ.૫૫૪- જુઓ '**આરામશોભારાસમાળા**' + **ઉક્તિરત્નાકર** (સાધુસુંદરગણીરચિત) + કવિભાલણકૃત **કાદંબરી** + મહીરાજકૃત **નલદવદંતીરાસ** + ભાલણકૃત **નલાખ્યાન** + વાચક કમલશેખરકૃત **પ્રદ્યુમ્નકુમાર ચોપાઈ** + **પ્રેમાનંદકાવ્યકૃતિઓ** ભાગ ૧-૨ + શામળભટ્ટકૃત **મદનમોહના** + તરુણપ્રભાચાર્યકૃત **ષડાવશ્યક બાલાવબોધ.**

♦ આ.(૧)માં 'તિહાં અનેક ઈતિ સુગમાર્થ સંક્ષેપતઃ તે વર્ત્તમાન પર્યાયઈં વર્ત્તમાન રૂપ દ્રવ્ય થાય. માટીઈ વર્ત્તમાને તે ઘટ જે આકાર તે દ્રવ્યનિરૂપિત માનીઈ ઈતિ ભાવાર્થ' પાઠ.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯) + સિ.માં છે.

⧗ પાઠા. ૧. કથી જઈ.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. લા.(૨)માં છે.

☆...☆ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૨)માં છે.

### ꖦ પરનિંદા - સ્વપ્રશંસા ટાળીએ : નૈગમનય ꖦ

**આધ્યાત્મિક ઉપનય** :- 'ભૂતકાલીન પદાર્થ વર્તમાનમાં પણ સત્ છે' - આ હકીકત આધ્યાત્મિક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. તે આ રીતે - (૧) કોઈ વ્યક્તિ માસક્ષમણ કર્યા બાદ રાત્રિભોજન કરે, (૨) નમસ્કારમહામંત્ર વગેરે સૂત્રનો અધિકાર મેળવવા માટે ઉપધાન કર્યા બાદ હોટલમાં જમે, (૩) છ'રી પાલિત તીર્થયાત્રા કર્યા બાદ મદ્યપાન કરે, (૪) વર્ષીતપ કર્યા બાદ સાસુ વહુને ત્રાસ આપે, (૫) વીસ-પચીસ વર્ષ સારી રીતે દીક્ષા પાળ્યા બાદ કોઈ સાધુ સંયમજીવનને છોડે વગેરે પ્રસંગો જ્યારે જાણવામાં આવે ત્યારે પૂર્વે આરાધના કરનાર અને પાછળથી વિરાધના કરનાર કર્માધીન બનેલી તેવી વ્યક્તિ પ્રત્યે દ્વેષ, દુર્ભાવ જાગી ન જાય કે તેની નિંદા કરવાના વમળમાં ફસાઈ ન જવાય તે માટે 'તેની ભૂતકાલીન નિર્મળ આરાધના વર્તમાનમાં પણ કોઈકને કોઈક સ્વરૂપે હાજર છે' - તેવું હૃદયથી સ્વીકારવા આપણે કટિબદ્ધ બનવું જોઈએ. તથા 'આપણે ભૂતકાળમાં કરેલી ભૂલો પણ કોઈકને કોઈક સ્વરૂપે (= કર્મસ્વરૂપે, સ્મરણસ્વરૂપે... યાવત્ સંસ્કાર સ્વરૂપે) વર્તમાનમાં વિદ્યમાન છે' - તેવું વિચારી તેની આલોચના-પ્રાયશ્ચિત્ત વગેરે કરવા દ્વારા આત્મશુદ્ધિ વહેલી તકે કરી લેવી. આવી બીજી સૂચના પણ પ્રસ્તુત શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે. આ રીતે જ ક્રમસર મોક્ષમાર્ગે આગળ વધતાં **યોગબિંદુ**માં દર્શાવેલ મોક્ષસુખ સુલભ થાય. ત્યાં શ્રી**હરિભદ્રસૂરિજી**એ દર્શાવેલ છે કે 'સર્વથા સંક્લેશનો ક્ષય કરનાર, કૃતકૃત્ય, પીડારહિત એવો આત્મા ત્યારે મોક્ષમાં સદા આનંદમય રહે છે.' (૩/૧૨)

**ધર્મી, અછતઈ ધર્મ જો[‡] જી, અછતઈ કાલિં સુહાઈ;**
**સર્વ કાલિં નિર્ભયપણઈ જી, તો શશશૃંગ જણાઈ રે ॥૩/૧૩॥ (૩૮) ભવિકા.**

"♦**ધર્મી** = ☆અતીત ઘટ, **અછતઈ ધર્મ** = ઘટત્વઈં, (**જો**) **અછતઈ કાલિં** = ઘટનઈં અભાવ કાલઈં ભાસઈ છઈં. અથવા **ધર્મી** = અતીત ઘટ, **અછતઈ ધર્મ** = જ્ઞેયાકાર, **અછતઈ કાલઈ** *= ઘટકાલભિન્નકાલેં જ્ઞાનસ્વભાવ મહિમાઈ* □ભાસઈ છઈં" - ઈમ જો ♥ઘટ તુઝનઈં ચિત્તમાંહિ **સુહાઈ તો સર્વ** = અતીત-અનાગત-વર્તમાન **કાલઈં નિર્ભયપણઈ** = અદષ્ટશંકારહિતપણઈં★ **શશશૃંગ** = ☆શશવિષાણ પણિ☆ (**જણાઈ** = ) જણાવું જોઈઈ.

▸તિવારિ 'અલીકવાસનાસામર્થ્યથી અખંડ શશશૃંગ જણાઈ છેં' ઈમ કહતો ***અસત્ખ્યાતિવાદી*** કિમ નિરાકરીઈં ?◂ ॥૩/૧૩॥

**धर्मी ह्यसति धर्मे चेत् कालेऽसति विभासते।**
**ते सर्वदैव निःशङ्कं शशशृङ्गं विभासताम्।।३/१३।।**

### ✡ અસત્નું ભાન માનવામાં આપત્તિ ✡

**શ્લોકાર્થ** :- ધર્મ અસત્ હોય છતાં તેનો ધર્મી અસત્કાળમાં જણાય તો નિઃશંકપણે સર્વથા તમને શશશૃંગનું ભાન થવું જોઈએ. (મતલબ કે ધર્મ-ધર્મી વિદ્યમાન હોય તો જ જણાય.) (૩/૧૩)

### ❋ ભૂલ સ્વીકારો અથવા નિંદક પ્રત્યે મધ્યસ્થ બનો ❋

**આધ્યાત્મિક ઉપનય** :- (૧) 'ધર્મી કે ધર્મ હાજર ન હોય તો તેનું ભાન ન થઈ શકે' - આ વાત આધ્યાત્મિક દૃષ્ટિએ એ રીતે ઉપયોગી થાય છે કે'કોઈ આપણી નિંદા કરે તો આપણામાં કોઈક ત્રુટિ હોય તો જ તે પ્રમાણે તે બોલે ને ! એક હાથે તાળી ન જ વાગે ને !' - આવું વિચારીને આપણી ખામીને શોધી તેનું પરિમાર્જન કરવા પ્રામાણિક પુરુષાર્થ કરવો, ભૂલ બદલ ક્ષમાયાચના કરવી, ફરી ભૂલ ન થાય તેવો સંકલ્પ કરી, સાવધાની રાખવી. (૨) તટસ્થપણે આત્મનિરીક્ષણ કર્યા છતાં આપણી કોઈ ભૂલ ન જણાય તો અસત્ખ્યાતિવાદનો આશ્રય લઈ 'મિથ્યાસંસ્કારવશ સામેની વ્યક્તિને મારામાં અસત્ દોષદર્શન થાય છે' - આવું વિચારી સામેની વ્યક્તિની ઉપેક્ષા કરી તેના પ્રત્યે માધ્યસ્થ્યભાવ કેળવવો. આ બે વિચારમૌક્તિક પ્રસ્તુત શ્લોક દ્વારા ગ્રહણ કરવા જેવા જણાય છે. તેના લીધે **અંજનાસુંદરીચરિત્ર**માં બતાવેલ શાશ્વતપદ ઝડપથી મળી શકે. ત્યાં પંન્યાસ શ્રી**મુક્તિવિમલગણી**એ કહેલ છે કે 'રાગ-દ્વેષાદિ દ્વન્દ્વોથી રહિત સર્વોત્તમ શાશ્વતપદ = સિદ્ધપદ છે.' (૩/૧૩)

‡ M(૧)માં 'ધર્મનો જી' પાઠ. તથા P(૨)માં 'માનો' પાઠ. ♦ આ.(૧)માં 'અને જો ન માનીયે તો તદ્વિષયસ્વરૂપ જે વર્તમાન જ્ઞાનવિષયતા તે કિમ સંભવે ?' પાઠ. ☆. અનિત્યઘટ. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯+૧૩)+સિ.+આ.(૧)માં છે. □ શાં. માં 'ભાસઈ' નથી. ♥ પુસ્તકોમાં 'ઘટ' નથી. કો.(૧૦ +૧૨) માં છે.
★ પણઈ ધારવું ઈમ નહીં તો. ☆...☆ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. લા.(૨)માં છે.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯) + સિ.માં છે.

**તેં માટઈં અછતા તણો જી, બોધ ન, જનમ ન હોઈ;**

**કારય-કારણનઈં સહી જી, છઈ અભેદ ઈમ જોઇ રે♦ ॥૩/૧૪॥ (૩૯) ભવિકા.**

ઈમ નથી *જિમ કહે છઈં*, તે માટઈં અછતા અર્થ(તણો=)નો બોધ ન હોઈ ✡અને જનમ✦ પણિ ન હોઈ. ઈમ નિર્ધાર કાર્ય-કારણનો અભેદ છઈ; ▸તે વિચારી (જોઈ=) જોવું.◂

તેહ દૃષ્ટાંતઈં દ્રવ્ય-ગુણ-પર્યાયનો પણિ અભેદ છઇ, ઈમ (સહી = સદ્દહી = સદ્દહઈ =) સદ્દહવું.

▸બીજું, ઘટાદિકનેં સદ્વ્યવહારથી જ સત્કાર્યપક્ષ આવેં. જે માટઈં કાલત્રયસંબંધ જ દ્રવ્યાર્થનયઈં સત્તા છેં. **तदुक्तम्** –

**"आदावन्ते च यन्नास्ति मध्येऽपि हि न तत्तथा ।**

**वितथैः सदृशाः सन्तोऽवितथा इव लक्षिताः ।।"** (माण्डूक्योपनिषत्कारिका १/६)◂

*ભવિક નર ! ઈમ ઇણ ન્યાઈં જણાવ્યું.* ॥૩/૧૪॥

---

परामर्शः **ततश्चैवाऽसतो ज्ञप्तिः, जन्म वाऽपि न सम्भवेत्।**
**कार्य-कारणयोरेवं, तादात्म्यमेव निश्चिनु।।३/१४।।**

---

**❖ અસત્ની જ્ઞપ્તિ-ઉત્પત્તિનો અસંભવ ❖**

**શ્લોકાર્થ** :- તેથી અસત્ વિષયનું જ્ઞાન કે ઉત્પત્તિ પણ સંભવિત નથી. આમ કાર્ય-કારણના તાદાત્મ્યનો નિશ્ચય કરવો. (મતલબ કે ત્રિકાળવ્યાપી વસ્તુ જ પરમાર્થથી સત્ છે.) (૩/૧૪)

**❋ ત્રિકાળ ધ્રુવ આત્મતત્ત્વમાં સ્થિર થઈએ ❋**

**આધ્યાત્મિક ઉપનય** :- 'ત્રૈકાલિક અસ્તિત્વને ધરાવનાર પદાર્થ જ પરમાર્થથી સત્ છે' - આ વાત આધ્યાત્મિક દૃષ્ટિએ એ રીતે ઉપયોગી છે કે અતીતકાળમાં નિગોદ આદિ અવસ્થામાં આપણા આત્માનું અસ્તિત્વ હતું. વર્તમાનકાળમાં મનુષ્ય-અપુનર્બંધક-સમકિતી આદિ સ્વરૂપે આપણા આત્માનું અસ્તિત્વ છે. તથા ભવિષ્યકાળમાં સંયત-સિદ્ધ આદિ સ્વરૂપે આપણા આત્માનું અસ્તિત્વ રહેવાનું છે. આમ ત્રણેય કાળમાં આત્માનું અસ્તિત્વ વ્યાપીને રહ્યું છે. તેથી આત્મા જ પરમાર્થથી સત્ છે. તે સિવાય (૧)

---

♦ કો(૩)માં આ ગાથા નથી.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત B(૨)માં છે.

✡ 'અનેં' પુસ્તકોમાં નથી. કો.(૯) + સિ.માં છે.

✦ આ.(૧)માં 'જન જેમનષ્યું નૈગમ નૈ ન થાય' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ. + કો.(૯)માં છે.

★....★ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

ગાડી-મોટર-બંગલા-કાયા-કંચન-કામિની-કુટુંબ-કીર્તિ આદિ નોકર્મ, (૨) જ્ઞાનાવરણ-દર્શનાવરણ આદિ દ્રવ્યકર્મ તથા (૩) રાગ-દ્વેષ-વાસના-લાલસા-તૃષ્ણા આદિ ભાવકર્મનું અસ્તિત્વ ત્રિકાળ ધ્રુવ નથી. તેથી તે તુચ્છ, અસાર, નિર્મૂલ્ય અને નિર્માલ્ય છે. આધ્યાત્મિક દૃષ્ટિએ તેનું કશુંય મહત્ત્વ નથી. તેથી જ તે પરમાર્થ- સત્ નથી પણ મિથ્યા (= અસાર) છે. તેથી નોકર્મ, દ્રવ્યકર્મ અને ભાવકર્મ દ્વારા થતી સંયોગ-વિયોગાદિસ્વરૂપ ઉથલ-પાથલના નિમિત્તે આઘાત-પ્રત્યાઘાતના વમળમાં ફસાવાના બદલે ત્રિકાળધ્રુવ, પરમાર્થસત્ ચૈતન્યસ્વરૂપ પોતાના આત્મતત્ત્વ પ્રત્યે રુચિપૂર્વક દૃષ્ટિને સ્થાપિત કરી પ્રબળ-સાનુબંધ-સકામ કર્મનિર્જરામય આંતરિક મોક્ષમાર્ગે આગેકૂચ કરવી તે જ તત્ત્વતઃ પરમ શ્રેયસ્કર છે. તેનાથી **હિતોપદેશમાલાવૃત્તિ**માં શ્રી**પરમાનંદસૂરિજી**એ દર્શાવેલ સકલ કર્મના ક્ષય સ્વરૂપ મોક્ષ ખૂબ જ નજીક આવે છે. (૩/૧૪)

એ ભેદના ઢાલ ઉપરિ અભેદનો ઢાલ કહિયો, જે માટઈં ભેદનયપક્ષનો અભિમાન અભેદનય ટાલઈં. હવઈં એ બિહુ નયના સ્વામી દેખાડીનઈં, સ્થિતપક્ષ કહઈં છઈં -

**ભેદ ભણઈં નૈયાયિકો♦ જી, સાંખ્ય અભેદ પ્રકાશ;**

**✡જઈન ઉભય વિસ્તારતો જી, પામઈં સુજસ વિલાસ રે ॥૩/૧૫॥ (૪૦) ભવિકા.**

♦ભેદનૈ **નૈયાયિક** ❖**ભણિં** = ભાષઈ, જે માટઈં તે ***અસત્કાર્યવાદી*** છઈ. **સાંખ્ય** તે **અભેદ**નય ✵**પ્રકાશઈ** છઈ.

**જઈન** તે ▸ભેદ-અભેદ, એકાનેક, નિત્યાનિત્યાદિ◂ (**ઉભય**=) બેહુનય સ્યાદ્વાદઈં કરીનઈં **વિસ્તારતો** ભલા **યશ**નો **વિલાસ પામઈ**. જે માટઈં પક્ષપાતી બેહુ નય માંહોમાંહિ ઘસાતાં, સ્થિતપક્ષ અપક્ષપાતી□ સ્યાદ્વાદીનો જ દીપઈ.

उक्तं च – अन्योऽन्यपक्षप्रतिपक्षभावाद् यथा परे मत्सरिणः प्रवादाः।
नयानशेषानविशेषमिच्छन् न पक्षपाती समयस्तथा ते।।
(अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिका-३०)

तथा –

य एव दोषाः किल नित्यवादे, विनाशवादेऽपि समास्त एव ।
परस्परध्वंसिषु कण्टकेषु, जयत्यधृष्यं जिन ! शासनं ते ।।
(अन्ययोगव्यवछेदकद्वात्रिंशिका-२६) ॥૩/૧૫॥

परामर्शः

**नैयायिको भणेद् भेदं साङ्ख्योऽभेदं तु केवलम्।**
**उभयं प्रथयन् जैनो यशोविलासमश्नुते।।३/१५।।**

**✵ ભેદ-અભેદ ઉભયને માનીએ ✵**

**શ્લોકાર્થ** :- નૈયાયિક એકાંતભેદને જણાવે છે. તથા સાંખ્ય તો એકાંતઅભેદને કહે છે. (દ્રવ્ય-ગુણ-પર્યાયમાં કથંચિત્) ભેદ-અભેદ ઉભયને પ્રગટ કરનાર જૈનો સુયશના વિલાસને પ્રાપ્ત કરે છે. (૩/૧૫)

♦ મ.+શા.માં 'નઈયા...' પાઠ. કો.(૩+૧૦+૧૧)નો પાઠ લીધેલ છે.
✡ કો.(૨+૧૨)માં 'જૈન' પાઠ.
♦ પુસ્તકોમાં 'ભેદઃ તે' પાઠ. કો.(૧૩)માં 'ભેદપક્ષ' પાઠ. આ.(૧)નો પાઠ અહીં લીધો છે.
❖ પુસ્તકોમાં 'ભણિં' નથી. કો.(૯)માં છે.
✵ 'પ્રકાશક' ભા૦ + પા૦ માં પાઠ છે.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.
□ લી.(૩)માં 'અપક્ષપાતી'ના બદલે 'રૂપનો' પાઠ.

**❋ સ્વ પ્રત્યે કઠોર અને પર પ્રત્યે કોમળ બનો ❋**

**આધ્યાત્મિક ઉપનય** :- "દ્રવ્ય-ગુણ-પર્યાયમાં કથંચિત્ ભેદાભેદ છે" - આ વાત આધ્યાત્મિક દૃષ્ટિએ એ રીતે ઉપયોગી બની શકે કે પ્રગટ થયેલા આપણા નિર્મળ ગુણ-પર્યાયો આત્માથી જુદા હોવાના કારણે જો સાવધાની રાખવામાં ન આવે અને માન, મતાગ્રહ, મહત્ત્વાકાંક્ષા કે મમતાને આધીન થઈ જઈએ તો તેને રવાના થતાં વાર ન લાગે. તેથી સતત જ્ઞાનગર્ભિતવૈરાગ્યભાવનાથી આપણે ભાવિત રહેવું. તથા બીજા જીવો પ્રમાદવશ બની પ્રગટ થયેલા નિર્મળ ગુણ-પર્યાયને ગુમાવી બેસે ત્યારે "દ્રવ્ય અને ગુણાદિનો કથંચિત્ અભેદ હોવાથી તથા આત્મદ્રવ્ય ધ્રુવ હોવાથી કાળનો પરિપાક થતાં ભવિતવ્યતા આદિના સહકારથી તે ગુણ-પર્યાયો અવશ્ય ફરીથી પ્રગટ થશે" - આવું વિચારી બીજા જીવોના ઉજ્જવળ ભવિષ્યને મનોગત કરી તેના પ્રત્યે અણગમો કે અરુચિ ન થવા દેતાં મૈત્રી વગેરે ભાવોથી ભાવિત બની નિરંતર મોક્ષમાર્ગે આગળ વધતાં રહેવું. પછી સિદ્ધશિલામાં પરંબ્રહ્મસ્વરૂપ પ્રગટ થાય છે. **શ્રીપદ્મવિજયગણિવરે જયાનંદકેવલીચરિત્ર**માં જણાવેલ છે કે 'અનંત આનંદ-શક્તિ-દર્શનથી સમૃદ્ધ તે પરમાત્મા સિદ્ધ, બુદ્ધ અને પરંબ્રહ્મ કહેવાયેલ છે.' (૩/૧૫)

**❖ તૃતીય શાખા સમાપ્ત ❖**



- બુદ્ધિ બહુ બહુ તો વાણીને અને
  વર્તનને સુધારીને સંતુષ્ટ થાય છે.
  શ્રદ્ધા પોતાની જાતને સુધાર્યા
  વિના સંતુષ્ટ થતી નથી.

- બુદ્ધિ ઉકરડાની ઈયળ તુલ્ય છે.
  શ્રદ્ધા તો સદ્‌ગુણથી મહેંકતા
  ઉપવનનું મનોહર ગુલાબ છે.

- બુદ્ધિ પોતાના સુખને
  કેન્દ્રસ્થાને ગોઠવે છે.
  શ્રદ્ધા બીજાનાં સુખને
  કેન્દ્રસ્થાને રાખે છે.

- બુદ્ધિ અણુ તોડીને
  ઉર્જા પેદા કરી શકે છે.
  શ્રદ્ધા નિગોદના જીવને
  નિર્વાણ સુધી જોડનારી
  ચેતનવંતી ઉષ્માનું
  નિર્માણ કરે છે.

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ભાગ-૪




## द्रव्यानुयोगपरामर्शः शाखा-४

द्रव्य-गुण-पर्यायभेदाऽभेदसिद्धिः
सप्तभङ्गीस्थापनञ्च

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૪

# द्रव्यानुयोगपरामर्शः शाखा-४

द्रव्य-गुण-पयार्यभेदाऽभेदसिद्धिः
सप्तभङ्गीस्थापनञ्च

## ❊ ટૂંકસાર ❊

: શાખા - ૪ :

અહીં એકીસાથે રહેલ ભેદાભેદની વિચારણા કરવામાં આવી છે.

જેમ દિવસ અને રાત સાથે ન રહી શકે તેમ એક જ દ્રવ્યમાં ભેદ અને અભેદ શું એક સાથે રહી શકે ? (૪/૧) આ પ્રશ્નનો ઉત્તર નીચે મુજબ સમજવો.

સ્યાદ્વાદદૃષ્ટિથી જોઈએ તો ઘડો માટીસ્વરૂપ છે. તેથી ઘડામાં માટીનો અભેદ છે. વળી, ઘડામાં વસ્ત્રનો ભેદ છે. આ રીતે અપેક્ષાભેદે ઘડામાં ભેદ અને અભેદ બન્ને મળે છે. એ જ રીતે આત્મામાં રહેલ દોષોથી આત્મા ભિન્ન છે. માટે આપણામાં રહેલા દોષોને છોડીએ. તેમજ આત્મામાં ગુણોનો અવ્યક્તરૂપથી અભેદ પણ છે. માટે તે ગુણોને પ્રગટ કરવા પ્રયત્ન કરવો. (૪/૨)

જેમ રૂપ, રસ વગેરે એકીસાથે એક ઘટ વગેરેમાં મળે છે, તેમ ભેદ અને અભેદ બન્ને એકી સાથે દરેક દ્રવ્યમાં મળી શકે છે. કાચા શ્યામ ઘટમાં જ્યારે રક્તરૂપનો ભેદ હોય ત્યારે શ્યામ રંગનો અભેદ હોય છે. આ રીતે એક જ ઘડામાં એક જ સમયે ભેદાભેદ મળી શકે છે. તેમ આત્મામાં દોષનો ભેદ અને ગુણનો અભેદ - બન્નેનો એકીસાથે અનુભવ કરવાનું લક્ષ્ય રાખવું. (૪/૩-૪)

તે જ રીતે મનુષ્યમાં બાળકપણું વગેરે પર્યાયનો ભેદાભેદ સમજવો. (૪/૫)

ગુણ-પર્યાય રવાના થતાં તેનો આધાર પણ રવાના થાય છે. ગુણ-ગુણીની આ અભેદદૃષ્ટિથી, તપ પૂર્ણ થતાં તપસ્વીરૂપે આપણું અસ્તિત્વ પણ નષ્ટ થાય છે. તેથી ક્યારેય 'હું ઉગ્ર તપસ્વી છું' - એમ તપસ્વી તરીકેનો મદ ન કરવો.(૪/૬)

જડ અને ચેતન બન્નેમાં પરસ્પર ભેદાભેદ રહે છે. કારણ કે પ્રમેયત્વ, સત્ત્વ વગેરે ગુણો બન્નેમાં છે. તે અપેક્ષાએ બન્નેમાં અભેદ છે. તેમ જ જડમાં જડત્વ છે જે ચેતનમાં નથી. ચેતનમાં ચેતનત્વ છે જે જડમાં નથી. તેથી પરસ્પર બન્નેમાં ભેદ પણ મળશે. તેથી આપણે દેહપીડામાં ભેદજ્ઞાન વિચારવું. તેમ જ પરકીય શરીર અને જીવો વચ્ચે અભેદની વિચારણા દ્વારા બીજા કોઈને ક્યારેય પીડા ન આપવી. (૪/૭)

વસ્તુમાં ભેદ અને અભેદ અલગ અલગ નયથી મળે. આ નયના પણ અસંખ્ય પ્રકારો બતાવેલા છે. આમાંથી યથાયોગ્ય નયને પકડી સંવર, સમાધિ અને સમ્યક્ જ્ઞાનમાં જીવવા પ્રયત્નશીલ બનવું. (૪/૮)

આ નયોને આશ્રયીને સપ્તભંગી બતાવવામાં આવી છે. તે મુજબ જીવ સ્વરૂપથી સત્ છે. તેમ જ પરરૂપથી અસત્ છે. માટે પરસ્વરૂપને ભૂલી સ્વસ્વરૂપને પ્રગટાવવા પ્રયત્ન કરવો. (૪/૯)

દ્રવ્યાર્થિકનય અભેદને દેખાડે છે. પણ પર્યાયાર્થિકનય ભેદને બતાવે છે. આત્માના શુદ્ધ પર્યાયો આત્માથી ભિન્ન હોવા છતાં તેનો પક્ષપાત કેળવી આપણે આત્માને શુદ્ધ કરતા રહેવું. (૪/૧૦)

આગળના શ્લોકોમાં સપ્તભંગીના અન્ય ભાંગાઓ જણાવેલ છે. (૪/૧૧-૧૨-૧૩)

આમ પ્રમાણસપ્તભંગી, નયસપ્તભંગી, સકલાદેશ, વિકલાદેશ, કાળ વગેરે આઠ તત્ત્વો, સુનય, દુર્નય, મૂળ નયની એકવીસ સપ્તભંગી વગેરેના જ્ઞાન દ્વારા શુદ્ધ આત્મસ્વરૂપનો નિર્ણય કરવો. (૪/૧૪)

## ઢાળ - ૪

(✠નંદનકું ♦ત્રિશલા ✡હું લાલ હુલરાવે - એ દેશી.)

★હવઇ ચઉથી ઢાલમાંહઈં *ભેદાભેદ વ્યવસ્થાપવાનેં* ભેદાભેદનો વિરોધ આશંકીનઈં ટાલઈં છઈં.★

પરવાદી♦ કહઈં છઈં -

**"ભેદ-અભેદ ઉભય કિમ માનો ? જિહાં ⁑વિરોધ નિરધારો રે;**
**એક ઠામિ કહો કિમ કરિ રહવઈ આતપ નઈં અંધારો રે ?" ॥૪/૧॥ (૪૧)**
**શ્રુતધર્મઈં મન દૃઢ કરિ રાખો, જિમ શિવસુખફલ ચાખો રે. (એ આંકણી.)**

"દ્રવ્યાદિકનઈં ▸એક વસ્તુમાંહિ◂ ભેદ-અભેદ (ઉભય=) બેહુ ધર્મ ▸તુમ્હે◂ **કિમ માનો** છો ? **જિહાં વિરોધ નિર્ધાર** છઈ. ભેદ હોઈ, તિહાં અભેદ ન હોઈ; અભેદ હોઇ, તિહાં ભેદ ન હોઇ. એ બેહુ ભાવાભાવરૂપઇં વિરોધી છઈ. વિરોધી બેહુ એક ઠામઈં ન રહઈ. ▸**કહોં** નેં - **એક ઠામઈં આતપ** કહતાં તડકો **નઈં અંધારો** કહતાં છાયા ૨ **કિમ (કરિ**=કરિને) **રહેં** ?◂ જિમ આતપ હોઈ, તિહાં અંધારો ન રહઈ. અંધારો હોઈ, તિહાં આતપ ન રહઈ, તિમ ભેદાભેદ એકત્ર ન હોઇ.

❒**एतेन सप्तदश दूषणानि सूचितानि। तथाहि –**

**यदि भेदस्तर्हि अभेदः कथम् ? अभेदश्चेद् ? भेदः कथम् ? इति *विरोधः* ।।१।।**

**भेदस्य अधिकरणं चेत् ? कथमभेदस्य? अभेदस्य चेत् ? कथं भेदस्येति *वैयधिकरण्यम्* ।।२।।**

**मिथोभिन्नाश्रयवृत्तित्वव्याप्तिः = विरोधः, परस्पराश्रये भेदव्याप्तिः = वैयधिकरण्यमिति भेदः। येन रूपेण भेदः तेनाऽभेदोऽपि स्यादिति *व्यतिकरः,* "परस्परविषयगमनं = व्यतिकरः" (षड्दर्शनसमुच्चयबृहद्वृत्तिः श्लोक ५७, उद्धृतः पाठः) इति वचनात् ।।३।।**

---

✠ પાઠા૦ ૧. ગામ નગર આગઈ કરી કંદર. ભા૦ પા૦

♦ કો.(૧૦ + ૧૨)માં 'રાગ-આશાઉરી, ધન ધન સંપ્રતિ સાચો રાજા- એ દેશી.' પાઠ.

✡ પુસ્તકોમાં 'હું લાલ' નથી. કો.(૪)માં છે.

★...★ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ધ.માં નથી.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯) + સિ.માં છે.

♦ 'પરવાદીનો મત તેને દૂષણરૂપ કહઈ.' પાઠ કો.(૯)માં છે.

⁑ ધ.માં 'અવરોધ' પાઠ.

▸....◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯) + સિ.માં છે.

❒....❒ ચિહ્નદ્વયમધ્યવર્તી સંસ્કૃતભાષાનિબદ્ધ વિસ્તૃત પાઠ પુસ્તકોમાં નથી. કો.(૩) + લી.(૪) + સિ.માં છે.

येन रूपेण भेदः तेन अभेदोऽपि स्यादिति *सङ्करः*। "सर्वेषां युगपत् प्राप्तिः सङ्करः" (षड्दर्शनसमुच्चय-श्लोक.५७ बृहद्वृत्तौ उद्धरणम्) इति वचनात् ॥४॥

एकज्ञाने अपरज्ञानाऽऽपत्तिः व्यतिकरः उभयज्ञानाऽऽपत्तिश्च सङ्करः इति विवेकः। भेदाऽभेदौ अपि प्रत्येकं भेदाभेदात्मकौ स्याताम्। तत्राऽपि भेदाऽभेदात्मकत्वपरिकल्पनायाम् *अनवस्था* ॥५॥

'केन रूपेण भेदः? केन वाऽभेदः?' इति *संशयः*॥६॥

भेदरूपमभेदरूपं वा दृष्टं नाऽभ्युपगम्यते अदृष्टञ्च भेदाऽभेदात्मकमभ्युपगम्यत इति *दृष्टहान्यदृष्ट-कल्पने*॥७-८॥

तथा च कल्पितस्याऽभाव एव स्यात्।

किञ्च, किं नानावस्तुधर्माऽपेक्षया सर्वमनेकान्तात्मकम् उत तन्निरपेक्षतया प्रत्येकम् सर्वं वस्तु इति ? प्रथमपक्षे *सिद्धसाध्यता*, द्वितीयेऽपि पक्षे *विरोधादिदोषः*।

किञ्च, किं क्रमेण सर्वमनेकान्तात्मकम् उत यौगपद्येन ? आद्ये *सिद्धसाध्यता*, द्वितीये तु स एव दोषः॥९॥

किञ्च, अनेकधर्मान् वस्तु किमेकेन स्वभावेन नानास्वभावैः वा व्याप्नुयात् ? आद्ये तेषामेकत्वं वस्तुनो वा नानात्वं स्यात् । द्वितीये तानपि नानास्वभावान् किमेकेन स्वभावेन किं वा नानास्वभावैः व्याप्नुयात् ? इत्यादिचर्चायामे*कत्वापत्त्यनवस्थे* ॥१०-११॥

किञ्च, सर्वस्यानेकान्तात्मकत्वे जलादेरनलत्वाद्यापत्तौ जलानलाद्यर्थिनो *नियतप्रवृत्त्यनुपपत्तिः*। को हि नाम विवक्षितार्थेऽविवक्षितक्रियाकारिरूपमुपलभमानो निःशङ्कं प्रवर्तेत ?॥१२॥

किञ्च, सर्वस्य अनेकान्तात्मकत्वे प्रमाणमप्रमाणम्, अप्रमाणं वा प्रमाणं भवेत्। तथा च सर्वजनसिद्ध*व्यवहारविलोपो* भवेत् ॥१३॥

किञ्च, सर्वज्ञोऽप्यसर्वज्ञः स्यात् ॥१४॥

किञ्च, सिद्धोऽप्यसिद्धः स्यात् ॥१५॥

अपि च, येन प्रमाणेन सर्वस्य अनेकान्तरूपता साध्यते तस्य कुतोऽनेकान्तरूपतासिद्धिः ? यदि स्वतः, तर्हि सर्वस्यापि तथा भविष्यति, किं प्रमाणकल्पनया ? अथ परतस्तदा*ऽनवस्था*॥१६॥

*बाधक*मप्यस्ति अनेकान्ते - भेदाभेदादिधर्मौ नैकाधिकरणौ, परस्परविरुद्धधर्मिद्वयधर्मत्वात् शीतोष्णस्पर्शवदिति॥१७॥"□

ઈહાં **શ્રુતધર્મઈ** = •સ્યાદ્વાદપ્રવચનમાહઈં **મન**♣ દઢ = વિશ્વાસવંત **કરી રાખો. જિમ**

---

□....□ ચિહ્નદ્વયમધ્યવર્તી સંસ્કૃતભાષાનિબદ્ધ વિસ્તૃત પાઠ પુસ્તકોમાં નથી. કો.(૩) + લી.(૪) + સિ.માં છે.

• આ.(૧)માં 'સ્યાદ્વાદ પ્રવચનમાહિં' ના બદલે 'સિદ્ધાન્તાનુસારી માર્ગે' પાઠ છે. ♣ મો.(૨)માં 'મત દષ્ટિ' પાઠ.

શાસન-શ્રદ્ધાદૃઢપણઇ (**શિવ=**) મોક્ષરૂપ કલ્પવૃક્ષનાં ❖**સુખરૂપ ફલ ચાખો.** શ્રુતધર્મ વિના ચારિત્રધર્મ ફલવંત ન હોઇ, જે માટઈં શંકાસહિત ચારિત્રીઓ પણિ ✠સમાધિ ન પામઇ.

**उक्तं च – [1]"वितिगिच्छासमावन्नेणं अप्पाणेणं णो लभति समाहिं" (आचा.५.५.४२) इति** *श्रीआचाराङ्गसूत्रे* બોલ્યઉં છઇં. ॥૪/૧॥

---

परामर्शः

• द्रव्यानुयोगपरामर्शः •

**शाखा - ४**

**भेदाभेदोभयं मान्यं कथम् ? यत्र विरुद्धता।**
**एकत्रैव कथं स्यातामातप-तमसी खलु।।४/१।।**
**श्रुते कुरु मनोदार्ढ्यम्, स्वादय शिवशर्म रे।। ध्रुवपदम्।।**

---

• અધ્યાત્મ અનુયોગ •

### ❖ અનેકાંતવાદમાં આક્ષેપ ❖

**શ્લોકાર્થ** :- જે ભેદ અને અભેદ વચ્ચે પરસ્પર વિરોધ વર્તે છે તેવા ભેદ અને અભેદ ઉભય એક વસ્તુમાં કઈ રીતે માન્ય થાય ? પરસ્પરવિરોધી પ્રકાશ અને અંધકાર એક સ્થાને કઈ રીતે રહે ? (૪/૧) હે ભવ્ય આત્મા ! શ્રુતધર્મમાં મનને દૃઢ કરો, જેથી મોક્ષસુખનો આસ્વાદ થાય. (**ધ્રુવપદ**)

### ❈ શ્રદ્ધા મોક્ષમાર્ગપ્રાપક ❈

**આધ્યાત્મિક ઉપનય** :- મોક્ષ અતીન્દ્રિય છે. તેથી કેવળ આત્માની અનુભૂતિના સ્તરનો મોક્ષમાર્ગ પણ અતીન્દ્રિય છે. તેમ છતાં ભવ્યાત્માઓ ઉપર ઉપકાર કરવાના પવિત્ર આશયથી મોક્ષમાર્ગ તરફ અંગુલિનિર્દેશ કરવાનો, શબ્દ દ્વારા યથાશક્ય સ્પષ્ટપણે મોક્ષમાર્ગને સમજાવવાનો પ્રયત્ન તીર્થંકર ભગવંત, ગણધર ભગવંત વગેરેએ કરેલ છે. પરંતુ જ્ઞાનાવરણ કર્મના કે મોહનીય કર્મના ઉદયથી જીવને જિનવચનમાં સંશય પડે તો તાત્ત્વિક મોક્ષમાર્ગે ઝડપથી આગળ વધવાની યોગ્યતા રવાના થાય છે અથવા ઘટી જાય છે. શંકા કરનારો જીવ બોધિથી = સમકિતથી ભ્રષ્ટ થાય છે. માટે સ્વાનુભૂતિની દુનિયામાં પ્રવેશ કરવા ઈચ્છતા સાધકે શ્રુતજ્ઞાનનો કે જિનવચનનો કે ગુરુવચનનો અનાદર કે અવિશ્વાસ કરવાની ગંભીર ભૂલ ક્યારેય ન કરવી. શ્રુતજ્ઞાન, જિનવચન અને ગુરુવચન પ્રત્યે ઝળહળતો અહોભાવ અને અતૂટ વિશ્વાસ આવે તો જ રત્નત્રયીની યોગ-ક્ષેમ-શુદ્ધિ-વૃદ્ધિ દ્વારા આત્માર્થી સાધક **પન્નવણાસૂત્ર**માં (= **પ્રજ્ઞાપનાસૂત્ર**માં) જણાવેલ સિદ્ધસ્વરૂપને મેળવે. ત્યાં **શ્યામાચાર્ય**જીએ સિદ્ધસ્વરૂપને વર્ણવતા જણાવેલ છે કે 'શરીરશૂન્ય, નક્કરજીવપ્રદેશમય આત્મસ્વરૂપના ધારક, દર્શન-જ્ઞાનમાં ઉપયુક્ત, કૃતાર્થ, કર્મરજશૂન્ય, નિશ્ચલ, અંધકારશૂન્ય (= અજ્ઞાન-રહિત), વિશુદ્ધ બનેલા સિદ્ધાત્માઓ અનંત ભવિષ્યકાળ સુધી લોકાગ્રભાગે વસનારા છે.' (૪/૧)

---

❖ કો.(૧૨)માં 'સુખના' પાઠ. ✠ પાઠાO સમાધિવંતપણું. પાO

1. विचिकित्सासमापपन्नेन आत्मना न लभते समाधिम्।

**ઈસી શિષ્યની શંકા ♦જાણીનઈ, પરમારથ ગુરુ બોલઈ રે;**
**'અવિરોધઈ સવિ ઠામઈ દીસઈ, દોઇ ધર્મ એક તોલઈ રે' ॥૪/૨॥ (૪૨) શ્રુત૦**

(ઈસી=) એહવી ▸એ સપ્તદશ દોષ પ્રસંગની◂ **શિષ્યની શંકા** ✡**જાણીનેં**, **ગુરુ** = સ્યાદ્વાદી, **પરમાર્થ બોલઈ** છઇ. *એ સર્વ દોષ વિરોધમૂલ છે અને તે તો ઇહાં અનુભવબલે જ નથી.*

જે ઘટ-ઘટાભાવાદિકનઇં યદ્યપિ વિરોધ છઇં, તો પણિ ભેદાભેદનઇં વિરોધ નથી. જે માટઇં **સર્વ ઠામઈ**, **દોઇ ધર્મ** ભેદ-અભેદ **અવિરોધઈ** = એકાશ્રયવૃત્તિપણઈં જ **દીસઈ** છઇ, ♦**એક તોલઈ** પણિ ▸= તુલ્યરૂપેં. **'घटस्य नीलं रूपम्, नीलो घटः' इत्याद्यनुभवस्य सार्वजनीनत्वात्।**◂

★"અભેદ સ્વાભાવિક સાચો, ભેદ ❖તેહ ઔપાધિક જૂઠો" - ઇમ કોઈ કહઈ છઇ; તે અનુભવતા નથી વ્યવહારઈં પરાપેક્ષા ⁸બેહુનઈ, "ગુણાદિકનો ભેદ, ગુણાદિકનો અભેદ" એ વચનથી.★

▸**अभेदांशः सत्यो विधिरूपत्वाद्, भेदांशस्तु मिथ्या तुच्छत्वादिति मतम्; भेदांशः सत्यो मिथो-विलक्षण-स्वलक्षणात्मकत्वाद्; अभेदांशस्तु मिथ्या, तदभावरूपत्वादिति च मतं तुल्यरूपमनुभवोक्त्यैव निरसनीयम्।**◂

□ઈહાં શ્રુતધર્મનઈં વિષઈ મન દૃઢતા કરી થાઓ.□॥૪/૨॥

---

परामर्शः

**शिष्यशङ्कामिति ज्ञात्वा, तत्त्वं गुरुः प्रभाषते।**
**'सर्वत्रैवाऽविरोधित्वं दृश्यतेऽभेद-भेदयोः'।।४/२।।**

---

### ❀ એકત્ર ભેદાભેદમાં અવિરોધ ❀

**શ્લોકાર્થ** :- આ પ્રમાણે શિષ્યની શંકાને જાણીને ગુરુ તત્ત્વને પ્રકાશે છે કે - "ભેદ અને અભેદ વચ્ચે સર્વત્ર અવિરોધ જ દેખાય છે." (૪/૨)

---

♦ પુસ્તકોમાં 'જાણી' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.
▸....◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.કો.(૯) + સિ.માં છે.
✡ પુસ્તકોમાં 'જાણી કરી' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.
*...* ચિહ્નદ્વયવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯) + સિ. + આ.(૧)માં છે.
♦ મ.માં 'ઇક' પઇ. કો.(૭)નો પાઠ લીધો છે.
★...★ ચિહ્નદ્વયવર્તી પાઠ આ.(૧)માં નથી.
❖ પુસ્તકોમાં 'તેહ' નથી. ફક્ત કો.(૧૧)માં છે.
⁸ ધ.માં 'બેહુનઈ' પાઠ નથી.
□...□ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨) + લી.(૧)માં છે.

## ❧ ભેદાભેદના સ્વીકારનું આધ્યાત્મિક પ્રયોજન ❧

**આધ્યાત્મિક ઉપનય** :- એકત્ર ભેદ અને અભેદ વચ્ચે અવિરોધ બતાવવાની પાછળ આધ્યાત્મિક દૃષ્ટિ એ રહેલી છે કે કોઈ વ્યક્તિમાં હિંસકત્વ, અસત્યવાદિત્વ આદિ અશુદ્ધ પર્યાયો જોવા મળે ત્યારે 'તે મલિન પર્યાયો કરતાં તેનો આત્મા ભિન્ન છે' - તેવું વિચારી તેના પ્રત્યે મૈત્રી વગેરે ભાવો આપણામાં જગાડી શકાય. તથા સામેની વ્યક્તિ 'હું હિંસક છું, અસત્યવાદી છું. તેથી મને ધિક્કાર થાઓ' - આ રીતે આત્મનિંદાગર્ભિત દ્રવ્ય-પર્યાય સંબંધી અભેદની વિચારણા કરવા દ્વારા આત્મશુદ્ધિના માર્ગે આગળ વધી શકે.

આનાથી ઊલટું આપણામાં જ્યારે દોષદર્શન થાય ત્યારે તે મલિન પર્યાયથી આપણો અભેદ વિચારી, આત્મનિંદા, દોષગર્હા દ્વારા આત્મશુદ્ધિના માર્ગે આગળ વધવું. પરંતુ 'હું તો કામી છું, ક્રોધી છું, રસલંપટ છું, મારો સ્વભાવ ખરાબ જ છે. મારો દુષ્ટ સ્વભાવ ક્યારેય વિલીન = રવાના થવાનો નથી. હું તો ક્યારેય સુધરવાનો જ નથી. હું સાધના કરું કે ન કરું, મારામાં કોઈ ફરક પડવાનો જ નથી' - આ રીતે હતાશાની અને નિરાશાની ખાઈમાં આપણે ગબડી પડવાનું નથી. કદાચ કર્મવશ તેવી હતાશાની ખીણમાં આપણે ગબડી પડીએ ત્યારે લઘુતાગ્રંથિ (= inferiority complex)માંથી બહાર આવવા માટે તથા સત્ત્વને સ્ફુરાયમાન કરવા માટે 'હું મલિન પર્યાયો કરતાં તદ્દન જુદો છું. સ્વયં નાશ પામવાના સ્વભાવવાળા તે અશુદ્ધ પર્યાયો મારું શું બગાડવાના ? કેમ કે હું તો અતીન્દ્રિય, અલિપ્ત, અસંગ, ધ્રુવ આત્મા છું' - આ રીતે દ્રવ્ય-પર્યાયનો ભેદ વિચારી શુદ્ધ આત્મદ્રવ્ય ઉપર પોતાની દૃષ્ટિને સ્થિર કરવી. આ રીતે જ મોક્ષમાર્ગે ક્રમસર આગળ વધતાં **અષ્ટકપ્રકરણ**માં દર્શાવેલ શુદ્ધાત્મા પ્રગટ થાય. ત્યાં શ્રી**હરિભદ્રસૂરિ**જીએ શુદ્ધાત્માને ઉદ્દેશીને જણાવેલ છે કે 'જે વીતરાગ, સર્વજ્ઞ, શાશ્વત સુખના સ્વામી, ક્લિષ્ટ કર્મોના અંશોથી રહિત તથા સર્વથા નિષ્કલ-નિરંજન છે.' (૪/૨)

▸ननु प्रतियोगि-तदभावयोः विरोधादेव भेदाभेदयोर्न (एकत्र) समावेशः इत्याशङ्कायामाह -◂

**એક ઠામિ ♦સર્વ જનની સાખિં, પ્રત્યક્ષઈં જે લહિયઈં રે;**

**રૂપ-રસાદિકની પરિ તેહનો, કહો વિરોધ કિમ કહિયઈં રે ॥૪/૩॥ (૪૩) શ્રુત૦**

**એક ઠામિ** = ઘટાદિક દ્રવ્યનઇં વિષઈં, **સર્વ** ▸અભ્રાન્ત **જનની** =◂ લોકની **સાખિં પ્રત્યક્ષ** પ્રમાણઇં, ▸જો ભેદાભેદાદિક◂ ✡**જે લહિયઈં** છઈં, ▸તો **રૂપ-રસાદિકની પરિ**◂ **તેહનો વિરોધ કહો કિમ કહિઈં ?** ▸न हि दृष्टेऽनुपपन्नं नाम◂ (लघीयस्त्रयवृत्ति १/२७ पृ.९)।

જિમ રૂપ-રસાદિકનો એકાશ્રયવૃત્તિત્વાનુભવથી વિરોધ ન કહિયઈં, તિમ ભેદાભેદનો પણિ જાણવો. उक्तं च – 'न हि प्रत्यक्षदृष्टेऽर्थे विरोधो नाम' ( )।

તથા પ્રત્યક્ષદૃષ્ટ અર્થઇં દૃષ્ટાન્તનું પણિ કાર્ય નથી.

उक्तं च –क्वेदमन्यत्र दृष्टत्वम् ? अहो ! निपुणता तव ।
दृष्टान्तं याचसे यत्त्वं प्रत्यक्षेऽप्यनुमानवत् ।। ( )

□साम्प्रतं पूर्वोक्तसप्तदशदूषणनिराकरणाय प्रयतामहे। तथाहि – यच्चोक्तं रसादिकं स्वाभावाऽसमानाधिकरणमेव दृष्टमिति तथैव कल्प्यते। भेदाऽभेदादिकं तु स्वाऽभावसमानाधिकरणमेव दृश्यते चेत् ?

संयोग-विभागादिवत् तथाकल्पनेऽपि को दोषः ?

प्रतियोगित्वस्य एकस्य अनुगतत्वेन प्रतियोगि-तदभावयोः विरोधस्यापि विशिष्य विश्रान्तत्वात्, गुण-गुण्यादिभेदाभेदाद्यविरोधकल्पनायामेव लाघवात् ।

अत एव गुञ्जायां कृष्णत्व-रक्तत्वयोरिव नाऽनयोः दृष्टः तत्र समावेशः किन्तु दाडिमे स्निग्धोष्णत्वयोरिवाऽविभागवृत्त्येति *प्राञ्चः* ।

नृसिंहदृष्टान्तेन अवच्छेदकभेदेनैवाऽनयोरविरोध इति *नव्याः*।

एकप्रदेशत्वमभेदः अतद्भावश्च भेद इत्येवाविरोध इति *दिगम्बरानुसारिणः*।

एकस्मिन् पदार्थे प्रतीयमानत्वाच्चानयोरविरोधः। न चेयं धीः भ्रान्ता, बाधकाऽभावात्। न च विरोधो बाधकः अन्योऽन्याश्रयात्; अस्या भ्रान्तत्वे विरोधसिद्धिः, तत्सिद्धौ चाऽस्या भ्रान्तत्वसिद्धेः। न च सर्वथा भावानां विरोधो वक्तुमपि शक्यः । कथञ्चिद् विरोधस्तु पर(?रस)-रूपादीनां सर्वभावेषु तुल्यत्वान्न बाधक इति यत्किञ्चिदेतत् ।।१।।

▸....◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.કો.(૯) + સિ.માં છે.

♦ ધ.+મ.માં 'સવિ' પાઠ. કો.(૩)નો પાઠ લીધો છે.

✡ પુસ્તકોમાં 'રક્તત્વાદિક ગુણ-પર્યાયનો ભેદાભેદ જે..' પાઠ.

□....□ ચિહ્નદ્વયમધ્યવર્તી વિસ્તૃત પાઠ પુસ્તકોમાં નથી.કો.(૩) + લી.(૪) + સિ.માં છે.

*एतेन* वैयधिकरण्यमपि *निरस्तम्,* निर्बाधकप्रत्यक्षबुद्धौ भेदाऽभेदयोः रूप-रसयोरिव ऐकाधिकरण्यप्रतीतेः ॥२॥

अत एव न सङ्कर-व्यतिकरावपि, भेदाऽभेदयोरेकस्मिन् पदार्थे प्रतिनियतरूपेण प्रतीयमानत्वात् ॥३-४॥

यच्चोक्तम् 'अनवस्था स्यादि'ति तदप्यनुपपन्नम्, वस्तुन एव भेदाऽभेदात्मकत्वाऽभ्युपगमात्, धर्मत्वेन तयोः पार्थक्येऽपि सम्बन्धत्वेनाऽपार्थक्यात्, कारणत्वादीनां पदार्थान्तरत्वं वदतां तत्सम्बन्धाऽव्यतिरेकचिन्तायामनवस्थानिराकरणेऽन्यगत्यभावात् ॥५॥

संशयोऽपि न युक्तः, निमित्तभेदेन तदुभयनिर्णयस्य मूलाग्रयोः संयोग-तदभावयोरिव सम्भृतोपायत्वात्॥६॥

तथा दृष्टहानिः अदृष्टकल्पना च न स्यात्, गुड-शुण्ठीन्यायेन जात्यन्तरस्य भेदाऽभेदस्य प्रत्यक्षादिप्रमाणबुद्धौ प्रतीयमानत्वात् ॥७-८॥

तत एवाऽभावोऽपि न युक्तः; परिकल्पितस्य वेदान्तिन्यायेनाऽनिर्वचनीयस्य हि रज्जावहेरिवाऽभावो युक्तः, न तु प्रमाणप्रसिद्धस्येति।

नानावस्तुधर्माऽपेक्षया एकस्य अनेकान्तत्वाऽनभ्युपगमाच्च न सिद्धसाधनम्, एकस्यैव स्वधर्मापेक्षयाऽनेकान्ते च यथा न विरोधस्तथोक्तमेव।

यथोक्तं 'क्रमेण' (४/१) इत्यादि तदपि न युक्तम्, क्रमभाविधर्मापेक्षया क्रमेण अक्रमभाविधर्मापेक्षया चाऽक्रमेण अनेकान्ताभ्युपगमात्, कालभेदेन तदतत्कारित्ववद् निमित्तभेदेन तदतत्स्वभावत्वस्थापनमेवाऽनेकान्तार्थ इति॥९॥

यथोक्तं 'किं चानेकधर्मान् वस्तु' इत्यादि तत्रैकेन स्वभावेन नानास्वभावैः वा भिन्नवस्तु भिन्नस्वभावान् व्याप्नुयादिति जैनस्य नाऽभ्युपगमः किन्तु स्वकारणकलापादेकाऽनेकस्वभावात्मकमेव तदुत्पन्नमित्यभ्युपगम इति न दोषः ॥१०-११॥

यच्चोक्तं 'जलादेरप्यनलादिरूपता स्यादि'ति तदपि न, साजात्यस्येव अनेकान्तात्मकत्वस्य प्रतिरूपं व्यवस्थितस्य अनतिप्रसञ्जकत्वात्। यथाहि प्रमेयत्वादिनाऽनलसजातीयं जलं न तत्कार्यकारि तथा कथञ्चिदनलानेकान्तात्मकमपीति ॥१२॥

यथोक्तं 'प्रमाणमप्यप्रमाणं स्यादि'त्यादि तदपीष्टमेव, प्रमाणस्य स्वरूपापेक्षया प्रमाणरूपतायाः पररूपापेक्षया त्वप्रमाणरूपतायाः स्याद्वादिनामभीष्टत्वात्। विशेषभेदाऽपेक्षयाऽप्यात्राऽनेकान्तोऽदुष्टः, परोक्षस्याऽपरोक्षरूपेण अपरोक्षस्य च प्रमाणस्य परोक्षरूपेणाऽप्रमाणत्वात्।

अनेनैवाऽभिप्रायेण गतिपरिणतस्य गतिरूपतैकान्तः *सम्मतौ* दूषितः । तथाहि [1]"गईपरिणयं

1. गतिपरिणतं गतिः एव केऽपि द्रव्यं वदन्ति एकान्तात्। तदपि च ऊर्ध्वगतिकं तथा गतिः अन्यथा अगतिः इति॥

गइ चेव केई दवियं वयंति एगंता। तं पि य उड्ढगईअं तहा गई अण्णहा अगइत्ति ।।" (स.त.३/२९)

न चाऽप्रमाणपदं व्युत्पत्तिविशेषात् प्रमाणसामान्यभेदस्यैव बोधकमिति नेयमुपपत्तिः, व्युत्पत्तेः तात्पर्यमुखनिरीक्षकत्वेन सामान्यशब्दस्य विशेषपरत्वे दोषाभावात् ।।१३।।

*एतेन* 'सर्वज्ञोऽप्यसर्वज्ञः स्यात्, सिद्धोऽप्यसिद्धः स्यादि'ति दूषणद्वयमपि *प्रत्युक्तम्*, स्वरूप -पररूपाभ्यां तदनेकान्तस्याऽपीष्टत्वात्। प्रथमाऽप्रथमसर्वज्ञ-सिद्धादिभेदोऽपि सिद्धान्तसिद्ध एवेति का नामाऽनिष्टापत्तिः ?

किञ्च, सर्वज्ञत्वं सिद्धत्वञ्च सामान्यप्रत्यासत्त्यादिना यत्किञ्चित्कर्मक्षयेण चाऽस्मदादीनामप्यस्त्येवेति धर्मिविशेषे तन्नियमो रूपविशेषेण वाच्यः ।

तथा च रूपान्तरेण तदभावोऽवर्जनीय एवेत्यकामेनाऽप्येतदनेकान्तः परेण श्रद्धेयः।

रूपविशेषविशिष्टस्य विधि-नियमौ धर्मिणः शुद्धस्य वा रूपविशेषेण वाच्यावित्यत्र रुचिभेद एव प्रमाणम्। तृतीयान्तोल्लिख्यमानधर्मावच्छिन्नता निषेधस्येव विधेरपि युक्तैवेति तु अनुभवावलम्बि अस्मदीयं मतम् ।।१४-१५।।

यच्चोक्तं 'येन प्रमाणेन सर्वस्याऽनेकान्तरूपता प्रसाध्यते तस्य कुतोऽनेकान्तरूपतासिद्धिः स्यात् ?' इत्यादि, तत्रोच्यते - प्रमेयं द्विधा चेतनमचेतनञ्च। तत्राऽचेतनं स्व-पराध्यवसायविकलं न स्वस्य एकान्तरूपताम् अनेकान्तरूपतां (वा) परिच्छेत्तुमलम् । चेतनन्तु अर्थस्यानेकान्ततां परिच्छिन्दत् स्वस्याऽप्यनेकान्तरूपतां परिच्छिनत्ति। 'सर्वमनेकान्तात्मकं सत्त्वादि'त्यत्र स्वस्याऽपि सर्वमध्ये निक्षेपात् स्व-परव्यवसायिना प्रमाणेन परस्येव स्वस्याऽपि चित्ररूपताया अनुभवादिति क्व ग्राहकानवस्था ?

*यदपि* "अनेकान्तेऽप्यनेकान्तः तत्राऽप्यनेकान्तः इत्यादि ग्राह्यानवस्थायामेव तात्पर्यम्" ( ) इत्यादि *पशुपालेन* प्रेर्यते, *तदपि* तुच्छम्, अनेकान्ते अनेकान्तस्य समयाऽविराधनयैव आश्रयणात्। तदुक्तं *सम्मतौ* [1]"भयणा वि हु भइयव्वा जह भयणा भयइ सव्वदव्वाइं । एवं भयणा णियमो वि होइ ♦समयाविरोहेण।।" (स.त.३/२७)

सा च अनेकान्त एकान्त एव तत्र चाऽनेकान्तः प्रथमोक्त एवेति परेषामभावाभावतदभावादिरीत्या ग्राह्यानवस्थाया अप्यप्रसरात्।

किञ्च, [2]नेयमुत्पत्तिविरोधिनी, वस्तुधर्मस्य अनेकान्तस्य उत्पत्तेः अनधिकृतत्वात्। नाऽपि

1. भजना अपि हु भजनीया यथा भजना भजति सर्वद्रव्याणि। एवं भजनाऽनियमोऽपि भवति समयाऽविरोधेन।।

♦ કો.(૩) + લી.(૪) + સિ.માં 'समयाविराहणयत्ति' પાઠ. મુદ્રિતसम्मतितर्कમાં 'समयाविरोहेण' પાઠ.

2. सि. + ली.(४) मां 'नेय...' इति शुद्धः पाठः। को.(३) मां 'येय...' इत्यशुद्धः पाठः।

ज्ञप्तिविरोधिनी, अवच्छेदक-तदवच्छेदकादेरिव ज्ञप्तेर्यथाजिज्ञासं व्यवस्थितत्वादिति उत्पत्ति-ज्ञप्त्यन्यतराऽविरोधाददूषणमेवेत्यादि (अने.व्य.पृ.८३) व्युत्पादितम् *अनेकान्तव्यवस्थायाम्* अस्माभिः।।१६।।

यदप्युक्तं 'बाधकमप्यस्ति अनेकान्ते भेदाभेदादिधर्मौ नैकाधिकरणौ' इत्यादि तदप्यनुपपन्नम्, भेदाऽभेदयोरेकाधिकरणतया प्रत्यक्षबुद्धौ प्रतिभासमानत्वेन 'अनुष्णोऽग्निः द्रवत्वाद् जलवदि'तिवदस्य हेत्वाभासत्वादिति दिक्।।१७।।

उद्धरन्त्यनया रीत्या ये सप्तदश दूषणाः। ते सप्तदशभेदस्य चारित्रस्याऽपि पारगाः।।१।।

सम्यक्त्व-मौनयोः सूत्रे मिथो व्याप्त्या यदीक्ष्यते। उक्तं रहस्यं तेनेदं यशोविजयवाचकैः ।।२।।□
।।४/३।।

परामर्शः

**साक्षिणि सर्वलोके यत्, प्रत्यक्षेणोपलभ्यते।**
**एकत्र रस-रूपादिवत् तद्बोधः कथं भवेत् ?।।४/३।।**

### ❀ ભેદ-અભેદમાં અવિરોધ પ્રત્યક્ષસિદ્ધ ❀

**શ્લોકાર્થ** :- સર્વ લોકો સાક્ષી છે કે એકત્ર રૂપ-રસાદિની જેમ ભેદાભેદઉભય પણ પ્રત્યક્ષ પ્રમાણથી જણાય છે. તેથી ભેદ-અભેદમાં વિરોધ કઈ રીતે આવે ? (આમ સમકિત શુદ્ધ કરવું.) (૪/૩)

### ✡ ચારિત્રનું ચાલકબળ : સમ્યક્ત્વ ✡

**આધ્યાત્મિક ઉપનય** :- "જેને તું સમકિત તરીકે જુએ છે, તેને મુનિપણું જાણ. જેને તું મુનિપણા સ્વરૂપે જુએ છે, તેને તું સમકિત સ્વરૂપે જો" - આ પ્રમાણે **આચારાંગસૂત્ર**માં સમ્યક્ત્વ અને મૌન વચ્ચે જે સમવ્યાપ્તિ જણાવેલ છે, તેનું આધ્યાત્મિક રહસ્ય એવું જણાય છે કે સમ્યક્ત્વની પ્રાપ્તિ દ્વારા ચારિત્ર એ ભાવચારિત્ર બને છે, સમ્યક્ ચારિત્રસ્વરૂપ બને છે. સમકિતના યોગ-ક્ષેમથી ભાવચારિત્રનો યોગ-ક્ષેમ થાય છે. સમ્યક્ત્વની શુદ્ધિ-વૃદ્ધિ દ્વારા ચારિત્રની શુદ્ધિ-વૃદ્ધિ થાય છે. પ્રાપ્ત થયેલ ચારિત્રનું બળ સમ્યકત્વનું બળ વધવાથી વધે છે. તથા પ્રાપ્ત થયેલ ચારિત્રનો પાર પામવા માટે સમ્યક્ત્વનો પાર પામવો જરૂરી છે. સમ્યક્ત્વની શુદ્ધિ કે વૃદ્ધિ વિના ચારિત્રની શુદ્ધિ કે વૃદ્ધિ શક્ય નથી. યદ્યપિ ચારિત્રાચારના પાલન દ્વારા ચારિત્રની શુદ્ધિ થાય છે પરંતુ તે શુદ્ધિ બહિરંગ છે. ચારિત્રની અંતરંગ શુદ્ધિ તો સમ્યક્ત્વની શુદ્ધિ વિના શક્ય જ નથી. તેથી ચારિત્રસંબંધી યોગ, ક્ષેમ, શુદ્ધિ, વૃદ્ધિ અને પરિપૂર્ણતાને ઈચ્છતા આત્માર્થી જીવે બાહ્ય ચારિત્રાચારના ચુસ્ત પાલનની સાથે સમ્યગ્દર્શનસંબંધી યોગ, ક્ષેમ, શુદ્ધિ, વૃદ્ધિ અને પરિપૂર્ણતા માટે સતત પ્રયત્નશીલ રહેવું આવશ્યક છે. એવું થાય તો જ આચારાંગજીમાં બતાવેલ સપ્તમગુણસ્થાનકવર્તી નૈશ્ચયિક સમ્યગ્દર્શન મળે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા સંપન્ન થાય. તેથી નૈશ્ચયિક સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અર્થે દ્રવ્યાનુયોગનો માર્મિક અભ્યાસ કરવો પણ તેટલો જ આવશ્યક છે. તેનાથી **સંબોધપ્રકરણ**માં દર્શાવેલ પીડારહિત મોક્ષસુખ નજીક આવે છે. (૪/૩)

□....□ ચિહ્નદ્વયમધ્યવર્તી વિસ્તૃત પાઠ પુસ્તકોમાં નથી.કો.(૩) + લી.(૪) + સિ.માં છે.

ભેદાભેદનો પ્રત્યક્ષનો અભિલાપ પુદ્ગલ દ્રવ્યઈં દેખાડઈ છઇં -

**શ્યામભાવ જે ઘટ છઈં પહિલાં, પછઇ ભિન્ન તે રાતો રે;**
**ઘટભાવઈં નવિ ભિન્ન જણાઇ, સી વિરોધની વાતો રે ? ॥૪/૪॥ (૪૪) શ્રુત૦**

**જે ઘટ પહિલાં શ્યામભાવ છઈં, તે પછઈ રાતો ભિન્ન** જ✡ જણાઇં છઇં, અનઇં બિહું કાલઇં **ઘટભાવઈં (નવિ ભિન્ન=)** અભિન્ન જ **જણાઈ** છઇં. શ્યામ રક્ત અવસ્થાભેદઈં ઘટ એક જ છઈં તો ઈહાં **વિરોધની વાત સી** કહવી? ॥૪/૪॥

परामर्शः **यो घटः श्याम आसीत् प्राक्, पश्चाद् रक्ततयेतरः।**
**घटत्वाऽनुगतो ज्ञातो विरोधस्य तु का कथा ?॥४/४॥**

### ❈ પુદ્ગલમાં ગુણનો ભેદાભેદ ❈

**શ્લોકાર્થ** :- જે ઘટ પૂર્વે શ્યામ હતો તે જ ઘટ પાછળથી રક્ત થવાથી ભિન્ન જણાય છે તેમ છતાં ઘટત્વરૂપે તે પૂર્વાપર અવસ્થામાં અનુગત = એક જણાય છે. તેથી ભેદાભેદમાં વિરોધની વાત કેમ કહેવાય ? અર્થાત્ ન જ કહેવાય. (૪/૪)

### ❈ જ્ઞાનીના બહુમાનથી જ્ઞાનનું બહુમાન : અભેદ નય ❈

**આધ્યાત્મિક ઉપનય** :- ગુણ-ગુણીનો ભેદાભેદ આધ્યાત્મિક દૃષ્ટિએ ઘણો ઉપયોગી છે. તે આ રીતે - ગુણ-ગુણીમાં અભેદ હોવાથી જ જ્ઞાન ગુણનું બહુમાન કરવા આપણે જ્ઞાનીનું બહુમાન કરીએ છીએ. જો જ્ઞાન અને જ્ઞાની પરસ્પર અત્યંત ભિન્ન હોય તો જ્ઞાનીનું બહુમાન કરવાથી જ્ઞાનના બહુમાનનો લાભ કઈ રીતે મળી શકે ? જ્ઞાન અને જ્ઞાની અત્યંત ભિન્ન હોવા છતાં જો જ્ઞાનીના બહુમાનથી જ્ઞાનના બહુમાનનો લાભ મળી શકતો હોય તો અજ્ઞાનીના બહુમાનથી પણ જ્ઞાનના બહુમાનનો લાભ મળવો જોઈએ. કેમ કે જ્ઞાન તો જ્ઞાની અને અજ્ઞાની બન્નેથી, ભેદવાદીના મત મુજબ, ભિન્ન જ છે. પરંતુ તેવું તો કોઈને જ માન્ય નથી. માટે ગુણ-ગુણીનો અભેદ માનવો આધ્યાત્મિક લાભમાં સહાયક છે.

### ● ભેદનય અભિમાન છોડાવે ●

તથા આપણા ગુણો આપણને અભિમાન ન કરાવે તે માટે ગુણ-ગુણીનો ભેદ વિચારવો લાભદાયી બને છે. તેમ જ આપણે ઉગ્રવિહારી હોઈએ કે ઘોર તપશ્ચર્યા કરનાર હોઈએ કે શાસ્ત્રમાં પારંગત હોઈએ અને 'જોયા મોટા ઉગ્રવિહારી ! ભણેલા તો કશું નથી. જોયા મોટા તપસ્વી ! ક્રોધ તો ભયંકર છે. જોયા મોટા પોથીપંડિત ! તપ તો કરતા નથી' - ઈત્યાદિરૂપે આપણા ગુણગણને ઉદ્દેશીને ઈર્ષ્યાથી આપણી કોઈ આશાતના કે અવહેલના કરે ત્યારે પ્રગટ થયેલા ગુણોથી પોતાનું ન્યારું અસ્તિત્વ નજર સામે રાખવાથી, સામી વ્યક્તિને શ્રાપ આપવાની ગંભીર ભૂલ આપણે કરી ન બેસીએ તથા તેવા અવસરે અસંયમી કે અજ્ઞાની કે અતપસ્વી વ્યક્તિને જેમ તથાવિધ તીવ્ર માન કષાય ન નડે તેમ આપણને પણ ત્યારે તથાવિધ માન કષાય ન નડે. આ રીતે વિચારેલો ગુણ-ગુણીનો ભેદ ગુણની શુદ્ધિ

✡ પુસ્તકોમાં 'જ' નથી. કો.(૧૧) + લા.(૨)માં છે.

-વૃદ્ધિ વગેરે કરવા દ્વારા આધ્યાત્મિક વિકાસ સાધવામાં ઉપયોગી છે, સહાયક છે. આ રીતે શરીર અને આત્મા વચ્ચે અભેદબુદ્ધિનો પરિત્યાગ કરીને દેહાત્મગોચર ભેદબુદ્ધિના પરિપાકથી **જ્ઞાનાર્ણવ**માં દિગંબર **શુભચંદ્ર**જીએ દર્શાવેલ શુદ્ધાત્મા પ્રગટ થાય છે. ત્યાં જણાવેલ છે કે "શુદ્ધાત્મા નિષ્કલ, ઈન્દ્રિયાતીત, નિર્વિકલ્પ, નિરંજન, અનંતશક્તિયુક્ત તથા નિત્ય આનંદથી પરિવરેલો છે." (૪/૪)



હવઇ આત્મદ્રવ્યમાંહિં ભેદાભેદનો અનુભવ દેખાડઇં છઇં -

**બાલભાવ જે પ્રાણી દીસઈં, તરુણ ભાવ તે ન્યારો રે;**
**દેવદત્તભાવઈં તે એક જ, ◆અવિરોધ નિરધારો રે ॥૪/૫॥ (૪૫) શ્રુત૦**

**બાલભાવઈં** = ✡બાલકપણઇં, **જે પ્રાણી દીસઈં** છઇં, **તે તરુણ ભાવઈં ન્યારો** કહતાં ભિન્ન છઇં. અનઇં **દેવદત્તભાવઈં તે** = મનુષ્યપણાનઇં પર્યાયઇં તે **એક જ** છઇં. તો✦ એકનઇં વિષઇં બાલ-તરુણભાવઇં ભેદ, દેવદત્તભાવઇં અભેદ એ **અવિરોધ નિર્ધારો.**

उक्तं च - [1]**पुरिसम्मि पुरिससद्दो, जम्माईमरणकालपज्जंतो ।**
**तस्स उ बालाईया, पज्जवभेया(?जोया) बहुवियप्पा** ।। (१.३२) ***सम्मतौ*** ॥૪/૫॥

परामर्शः **यो हि बालतया दृष्टः स तरुणतयेतरः।**
**देवदत्ततयैको ह्यविरोधमेव निश्चिनु।।४/५।।**

### ✡ આત્મામાં પર્યાયનો ભેદાભેદ ✡

**શ્લોકાર્થ** :- જે માણસ બાળકરૂપે પૂર્વે દેખાયેલ તે તરુણપણે જુદો છે. તેમ છતાં દેવદત્તસ્વરૂપે તે બાલ અને તરુણ એક જ છે. આ પ્રમાણે પર્યાય-પર્યાયીમાં ભેદાભેદનો નિશ્ચય કરવો. (૪/૫)

### ✤ ક્ષમા આદિ ગુણોને મેળવવા ભેદનય ઉપકારક ✤

**આધ્યાત્મિક ઉપનય** :- આપણા ઉપર અન્યાય કે અનુચિત વ્યવહાર કરનાર વ્યક્તિ જ્યારે બીજી વાર આપણને મળે ત્યારે પર્યાય અને પર્યાયી વચ્ચે ભેદ વિચારી 'આ વ્યક્તિએ મારી સાથે બિલકુલ અસભ્ય વ્યવહાર કરેલ નથી' - તેવો હાર્દિક સ્વીકાર કરી તેના પ્રત્યે મૈત્રી આદિ ભાવોથી સભર એવો વ્યવહાર આપણે કરવો જોઈએ. તથા સદ્ગુરુ, કલ્યાણમિત્ર આદિના ઉપદેશ વગેરેના માધ્યમથી તેને સદ્બુદ્ધિ મળવાથી તે કદાચ ક્યાંક આપણી પાસે માફી માંગવા આવે તો તેને ક્ષમા પ્રદાન કરવામાં ઉપાયભૂત એવી ઉદારતાને કેળવવા માટે પણ પર્યાય-પર્યાયીનો ભેદ વિચારવો જોઈએ. તે આ રીતે કે 'અન્યાય કે ક્રોધ કરનારની આંખ તો લાલ હતી. જ્યારે માફી માંગનારની આંખ તો ઉજ્જવળ છે, શીતળ છે, પ્રશાંત છે. આની આંખમાં તો પશ્ચાત્તાપથી પ્રયુક્ત અશ્રુધારા છે, પશ્ચાત્તાપ છે. ક્રોધ કરનારની વાણીમાં તો ઉગ્રતા હતી. આની વાણીમાં તો દીનતા છે. તેથી પૂર્વકાલીન અને ઉત્તરકાલીન વ્યક્તિ જુદી છે' - આવું વિચારી 'સામેની વ્યક્તિએ મારી માફી માંગવાની જરૂર જ નથી' - આવો ભાવ આપણા હૃદયમાં જગાડવો જોઈએ. આમ પર્યાય-પર્યાયીનો ભેદ અધ્યાત્મમાર્ગે આગળ વધવામાં સહાયકતાને ધારણ કરે છે. તેના બળથી **શાંતસુધારસવૃત્તિ**માં દર્શાવેલી સિદ્ધિસામ્રાજ્યલક્ષ્મી = એકછત્રી મોક્ષરાજ્યસ્વરૂપ આત્મઋદ્ધિ નજીક આવે. (૪/૫)

◆ મ. + શાં.માં 'અવિરોધઇં' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે.

✡ મ. + ધ.માં 'બાલકપણે' પાઠ. કો.(૭)નો પાઠ લીધો છે. ✦ આ.(૧)માં 'તે' પાઠ છે.

1. पुरुषे पुरुषशब्दः जन्मादिमरणकालपर्यन्तः। तस्य तु बालादयः पर्याययोगाः बहुविकल्पाः।।

"ભેદ હોઈ, તિહાં અભેદ ન હોઈ જ; ભેદ વ્યાપ્યવૃત્તિ છઈ, તે માટઈં" - એહવી *પ્રાચીન નૈયાયિક*ની શંકા ટાલઈ છઈ -

**ધર્મભેદ જો અનુભવિ ભાસઈ, ધર્મિભેદ નવિ કહિઈ રે;**
**ભિન્ન ધર્મનો એક જ ધર્મી, જડ-ચેતનપણિ લહિઈ રે ॥૪/૬॥ (૪૬) શ્રુત.**

"**श्यामो न रक्तः** - ઈહાં ♦શ્યામત્વ-રક્તત્વ **ધર્મનો ભેદ (અનુભવિ) ભાસઈ** છઈ, પણિ **ધર્મિ** ઘટનો, ભેદ (**નવિ**=) ન ભાસઈ" ઈમ **જો** ✦**કહિયઈ** તો જડ-ચેતનનો ભેદ ભાસઈ છઈ, તિહાં (**ભિન્ન**=) જડત્વ-ચેતનત્વ **ધર્મ**નો જ ભેદ, પણિ જડ-ચેતન દ્રવ્યનો ભેદ નહીં. (**એક જ ધર્મી જડ-ચેતનપણિ લહિઈ**) ઈમ અવ્યવસ્થા થાઇ.

ધર્મીનો □પ્રતિયોગિપણઈં ઉલ્લેખ તો બિહુ ઠામે સરખો છઈ. અનઈં ✡પ્રત્યક્ષસિદ્ધ અર્થઈં બાધક તો અવતરઈ જ નહીં. ▸**इति तत्त्वम्**◂ ॥૪/૬॥

---

परामर्शः **धर्मभेदस्य भाने चेद् धर्मिभेदो न कथ्यते।**
**तर्ह्येक एव धर्मी स्यात् चैतन्याऽचेतनत्वयोः।।४/६।।**

---

### ❖ ધર્મભેદે ધર્મીનો ભેદ : જૈન ❖

**શ્લોકાર્થ** :- 'ધર્મભેદના ભાનમાં ધર્મીનો ભેદ નથી ભાસતો' - તેમ કહેવામાં આવે તો ચેતનત્વ અને અચેતનત્વ બન્નેનો આધાર એક જ વસ્તુ બની જશે. (મતલબ કે ધર્મનાશ થતાં ધર્મીનાશ થાય - આવું માનવું જરૂરી છે.) (૪/૬)

### ❀ અહંનો ભાર ઉતારવા અભેદનય ઉપયોગી ❀

**આધ્યાત્મિક ઉપનય** :- 'ગુણ-પર્યાય રવાના થતાં તેનો આધાર પણ રવાના થાય છે' - આ વાત આધ્યાત્મિક દૃષ્ટિએ એ રીતે ઉપયોગી બને છે કે આપણે ભૂતકાળમાં માસક્ષમણ આદિ ઉગ્ર તપશ્ચર્યા, ઉપધાન, નવ્વાણુ યાત્રા, છ'રી પાલિત સંઘ આદિ ઉગ્ર આરાધના કરેલી હોય તો તેનો અહંકાર આપણને ન હોવો જોઈએ કે 'હું ઉગ્રતપસ્વી છું.' ઉગ્ર તપશ્ચર્યા પૂર્ણ થઈ ગઈ એટલે તપસ્વી તરીકેનું આપણું અસ્તિત્વ પણ અભેદનયની અપેક્ષાએ રવાના થઈ ગયું. આમ અતીત કાળમાં કરેલી ઉગ્ર આરાધનાનો ભાર ઉતારી, અહંકારના બોજામાંથી મુક્ત બની, હળવા ફૂલ થઈને અવિરતપણે વિનમ્રભાવે અંતરંગ મોક્ષપુરુષાર્થ સાધવામાં પરાયણ રહેવું - એ જ આપણું મુખ્ય, અંતરંગ અને અંગત કર્તવ્ય છે. આ રીતે જ સંસારસ્વરૂપ રોગનો ઉચ્છેદ થવાથી શુદ્ધાત્માના આનંદનો યોગ સુલભ બને. મુક્તાત્માને ઉદ્દેશીને **શ્રીહરિભદ્રસૂરિજી**એ **યોગદૃષ્ટિસમુચ્ચય**માં 'લોકમાં રોગમુક્ત પુરુષ જેવો હોય તેવો મુક્તાત્મા સ્વસ્થ હોય છે' - આ મુજબ જે જણાવેલ છે, તેનું પણ પ્રસ્તુતમાં અનુસંધાન કરવું. (૪/૬)

---

♦ 'શ્યામત્વ-રક્તત્વ' શબ્દ ગુણવાચક છે. 'શ્યામ-રક્ત' શબ્દ ગુણિવાચક = દ્રવ્યવાચી છે.

✦ પુસ્તકોમાં 'કહિઈ' પાઠ. કો.(૭)નો પાઠ લીધો છે. □ કો.(૯)+સિ.+લા.(૨)માં 'ધર્મીનઈં પ્રતિયોગઈં' પાઠ.

✡ કો.(૯) + સિ.માં 'અધ્યક્ષસિદ્ધ' પાઠ. ▸....◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં છે.

**ભેદાભેદ તિહાં પણિ કહતાં, વિજય જૈન✡ મત પાવઈ રે;**
**ભિન્નરૂપમાં ♦રૂપાંતરથી, જગિ અભેદ પણિ આવઈ રે ॥૪/૭॥ (૪૭) શ્રુત૦**

**તિહાં** જડ-ચેતનમાંહઈ **પણિ ભેદાભેદ કહતાં જૈનનું મત** ❖તે **વિજય પામઈ.** જે માટઈ **ભિન્નરૂપ** જે જીવાજીવાદિક તેહ**માં, રૂપાંતર** = દ્રવ્યત્વ-પદાર્થત્વાદિક, તેહ**થી (જગિ=)** જગમાંહઈ **અભેદ પણિ આવઈ.**

▸એટલઈ ભેદાભેદનઈ સર્વત્ર વ્યાપકપણું ✲કહિયઉં.◂ ॥૪/૭॥

परामर्श:

**तत्राऽप्यभेद-भेदोक्तौ जयेत् जैनमतं ननु।**
**भिन्ने द्रव्येऽन्यरूपेणाऽभेदोऽपीह सुलभ्यते।।४/७।।**

**❀ જડ-ચેતનનો ભેદાભેદ ❀**

**શ્લોકાર્થ** :- ખરેખર, જડ-ચેતનમાં પણ ભેદાભેદ કહેવામાં જૈન મત જીતી જશે. કેમ કે ભિન્ન દ્રવ્યમાં અન્ય સ્વરૂપે અભેદ પણ અહીં સુલભ છે. (૪/૭)

**❈ ભેદાભેદના આલંબને ચિત્તવૃત્તિને ઊંચકીએ ❈**

**આધ્યાત્મિક ઉપનય** : જડ અને ચેતનનો ભેદાભેદ સ્વીકારવાની વાત અધ્યાત્મ માર્ગમાં એક મહત્ત્વપૂર્ણ ઘટના છે. તે આ રીતે - આપણા શરીરને કોઈ છેદે, ભેદે કે બાળે ત્યારે **ખંધકમુનિ, મેતાર્ય મુનિ, ગજસુકુમાલ મુનિ**ની જેમ શરીર અને આત્માનો ભેદ વિચારી 'શરીરને તકલીફ થવાથી મને કાંઈ જ નુકસાન નથી. કારણ કે હું તો જડ શરીરથી તદ્દન નિરાળો એવો ચેતનવંતો આત્મા છું' - આવી ભાવનામાં ઊંડા ઉતરી સામેની વ્યક્તિ પ્રત્યે મધ્યસ્થતા કેળવવા પ્રામાણિકપણે પ્રયત્ન કરવો જોઈએ. તે જ રીતે શરીર અને આત્માનો કથંચિદ્ અભેદ વિચારી બીજાનાં શરીરને તકલીફ આપવા દ્વારા તે વ્યક્તિને પીડિત કરવાની પ્રવૃત્તિ કદાપિ કરવી ન જ જોઈએ. સર્વત્ર પરકીયદેહપીડાપ્રદાનથી સતત દૂર રહેવા માટે પ્રામાણિકપણે આપણે પ્રયત્ન કરવો જોઈએ. આપણને મોક્ષમાર્ગે આગળ વધવામાં જે રીતે સહાયક બને તે રીતે શરીર અને આત્માનો ભેદ અને અભેદ વિચારી સ્વભૂમિકા યોગ્ય વર્તન અને વલણ કેળવવાની આપણે જાગૃતિ અને તત્પરતા રાખવી જોઈએ. આ રીતે મોક્ષમાર્ગે આગળ વધતાં **શ્રાવકપ્રજ્ઞપ્તિ**માં દર્શાવેલ નિરુપમસુખસ્વરૂપ મોક્ષ સુલભ થાય. (૪/૭)

---

✡ પુસ્તકોમાં 'જઈન' પાઠ. આ.(૧)+કો.(૨)નો પાઠ લીધેલ છે.
♦ લા.(૧) + લા.(૨) + મ. + શાં.માં 'રૂપંત...' પાઠ. કો.(૪+૭)નો પાઠ લીધો છે.
❖ પુસ્તકોમાં 'તે' નથી.. લા.(૨)માં છે.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૯) + સિ.માં નથી.
✲ કો.(૭)માં 'કહ્યું' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે.

હિવઇં એહ જ વિવરીનઇં દેખાડઇં છઇં -

**જેહનો ભેદ ♦અભેદ જ તેહનો, ✡રૂપાંતરસંયુતનો રે;**

**રૂપાંતરથી ભેદ જ ✦તેહનો, મૂલ હેતુ નય શતનો રે ॥૪/૮॥ (૪૮) શ્રુત૦**

**જેહનો ભેદ, તેહનો જ રૂપાંતરસહિતનો અભેદ** હોઇ. જિમ સ્થાસ, કોશ, કુશૂલ, ઘટાદિકનો ભેદ છઇ, અનઇં તેહજ ❖મૃદ્દ્રવ્યત્વવિશિષ્ટ અનર્પિત-સ્વપર્યાયનો અભેદ છઇ. તેહનો જ **રૂપાંતરથી** ☐ભેદ હોઇ. જિમ સ્થાસ-કોશ-કુશૂલાદિકપર્યાય✱વિશિષ્ટ મૃદ્દ્રવ્યપણઇં **તેહનો જ ભેદ** હોયઇ.

એ ભેદ નઇં અભેદ છઇં, તે (**નય શતનો**=) સઇગમે* નયનો **મૂલ હેતુ** છઇ. સાત નયના જે સાતસઇં ભેદ છઇ, તે એ રીતેં દ્રવ્ય-પર્યાયની અર્પણા-અનર્પણાઇં થાઇ. તે વિસ્તાર✤ ***शतारनयचक्राध्ययन*** માંહઇં પૂર્વિ હુંતા. હવણાં ***द्वादशारनयचक्र*** માંહઇં **विधिः, विधि-विधिः (द्वा.न.च.१/१)** ઈત્યાદિ રીતિં એકેક નયમાંહિ ૧૨-૧૨ ભેદ ⊠કુમતના ઊપજતાં કહિયા છઇ. ▸ઈતિ ગાથા ૮મીનો અર્થ.◂ ॥૪/૮॥

---

परामर्शः

**यथोर्भेदस्तयो रूपान्ययुतयोरभिन्नता।**

**अन्यरूपेण तद्भेदः ततो नयशतोदयः।।४/८।।**

---

**❀ ભેદના આશ્રયમાં અભેદની સિદ્ધિ ❀**

**શ્લોકાર્થ** :- જે સ્વરૂપે જે બે પદાર્થોમાં ભેદ છે તેનાથી અન્ય સ્વરૂપે તે જ બે પદાર્થોમાં અભેદ છે. તથા તેમાં જ અન્ય સ્વરૂપે ભેદ હોય છે. તેથી જ સેંકડો નયોનો પ્રાદુર્ભાવ થાય છે. (૪/૮)

**❀ સમતા ટકાવવા વિવિધ દૃષ્ટિકોણ સ્વીકાર્ય ❀**

**આધ્યાત્મિક ઉપનય** :- નયના બે, પાંચ, સાત અને સાતસો ભેદો એવું સૂચવે છે કે કોઈ પણ પદાર્થને, વિચારને, વ્યક્તિને, પરિસ્થિતિને, વસ્તુને કે ઘટનાને-પ્રસંગને ફક્ત એક જ દૃષ્ટિકોણથી ખતવી

---

♦ આ.(૧)માં 'અભેદ ભેદ' પાઠ.

✡ લા.(૧)+લા.(૨)+મ.+ધ.માં 'રૂપંત...' પાઠ આ.(૧)+કો.(૭)નો પાઠ લીધો છે.

✦ આ.(૧)માં 'તેહનો ભિન્ન ભિન્ન' પાઠ.

❖ કો.(૯)+સિ.માં 'મૃદ્દ્રવ્યવિશિષ્ટ' પાઠ.

☐ 'જ ભેદ' પાઠાંતર

✱ મ.+શાં.માં 'પર્યાય' નથી. સિ. + P(૨+૩+૪) + કો.(૭+૯+૧૨+૧૩)માં છે.

* સઇગમ = સેંકડો યુક્તિ, સેંકડો માર્ગ. (આધારગ્રંથ- ઉષાહરણ-વીરસિંહકૃત) કો.(૭)માં 'શયગમે' પાઠ. અર્થ સમાન છે.

✤ પુસ્તકોમાં 'વિસ્તાર' પદ નથી. આ.(૧)માં છે. આ.(૧)માં 'શતાર' નથી. ⊠ ફક્ત લી.(૩)માં 'કુમતના' પાઠ છે.

▸....◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં છે.

ન શકાય. તથા એક જ દૃષ્ટિકોણથી (= નયથી) પદાર્થાદિને જોવામાં પદાર્થનો સંપૂર્ણપણે બોધ થઈ શકતો નથી. એક જ દૃષ્ટિકોણથી જોવામાં સામેની વ્યક્તિને ન્યાય પણ આપી શકાતો નથી. તથા એક જ દૃષ્ટિકોણથી સામેની ઘટનાને ખતવવામાં આપણી સમતા ટકાવવી પણ મુશ્કેલ બની જાય છે. તેથી વ્યક્તિ, વિચાર, વસ્તુ કે ઘટના વગેરેની પૂરેપૂરી જાણકારી મેળવવા, તેને યોગ્ય ન્યાય આપવા તથા આપણી સમતાને ટકાવવા, માત્ર આપણા જ દૃષ્ટિકોણ ઉપર ભાર આપવાના બદલે સામેની વ્યક્તિના દૃષ્ટિકોણને પણ સમજવાની તથા અન્ય શિષ્ટ પુરુષોના વિચારબિંદુઓને અપનાવવાની ઉદારતા કેળવવી એ માત્ર ઈચ્છનીય જ નહિ, પરંતુ આવશ્યક તથા આદરણીય પણ બની જાય છે. આ વાતને આત્માર્થી મુમુક્ષુએ કદાપિ વિસરવી ન જોઈએ. આ રીતે મોક્ષમાર્ગે આગળ વધતાં **યાત્રાસ્તવ**માં જણાવેલ મોક્ષ સુલભ થાય. ત્યાં શ્રી**જિનેશ્વરસૂરિ**એ જણાવેલ છે કે 'મોક્ષમાં ઘડપણ નથી, જન્મ નથી, મોત નથી, બંધન નથી, દેહ નથી, સ્નેહ નથી, આંશિક પણ કર્મ નથી.' (૪/૮)

**ક્ષેત્ર-કાલ-ભાવાદિક યોગઈં, થાઇ ભંગની કોડી રે;**
**સંખેપઈં ♦એક ઠામિં કહિઈં, સપ્તભંગની✡ ⁑જોડી રે ॥૪/૯॥ (૪૯) શ્રુત૦**

દ્રવ્યાદિક ♦વિશેષણપણઈં ભંગ થાઈં, તિમ ક્ષેત્રાદિક (= **ક્ષેત્ર-કાલ-ભાવાદિક**) વિશેષણઈં (=**યોગઈં**) પણિ (**ભંગની કોડી**=) અનેક ભંગ **થાયઈ**.

તથા દ્રવ્યઘટ સ્વ કરી વિવક્ષિઈં, તિવારઈં ક્ષેત્રાદિક ઘટ પર થાઈ. ઈમ પ્રત્યેકઈં સપ્તભંગી પણિ કોડીગમઈ નીપજઈ.

▸**स्यादस्त्येव घटः १, स्यान्नास्त्येव २, स्यादवाच्यः एव ३, स्यादस्त्येव नास्त्येव च ४, स्यादस्त्येव स्याद-वक्तव्य एव ५, स्यान्नास्त्येव स्यादवक्तव्य एव ६, स्यादस्त्येव स्यान्नास्त्येव स्यादवक्तव्य एव चेति ७ प्रयोगः।**◂

તથાપિ (**સંખેપઈં**) લોકપ્રસિદ્ધ જે કંબુગ્રીવાદિપર્યાયોપેત ઘટ છઇ, તેહનઈં જ (= **એક ઠામિં**) ❖સ્વત્રેવડીનઇં સ્વરૂપઈં અસ્તિત્વ, પરરૂપઈં નાસ્તિત્વ - ઈમ લેઇ **સપ્તભંગી** (**કહિઈં**=) દેખાડિઈં છઈ. તથાહિ—

સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવાપેક્ષાઈં ઘટ છઇ જ ૧.

પરદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવાપેક્ષાઈં જ❊ ઘટ★ નથી જ ૨.

એક વારઈં ઉભય વિવક્ષાઈં અવક્તવ્ય જ, બે પર્યાય એક શબ્દઈ મુખ્યરૂપઇ ન કહવાઈ જ ૩.

એક અંશ સ્વરૂપઈં, એક અંશ પરરૂપઇ વિવક્ષીઈં, તિવારઈં "છઇ *અનઇં નથી" ૪.

એક અંશ સ્વરૂપઈં, એક અંશ યુગપત્ ઉભયરૂપઈં વિવક્ષીઈં, તિવારઇ "છઈ *અનઇં અવાચ્ય" ૫.

એક અંશ પરરૂપઈં, એક અંશ યુગપત્ ઉભયરૂપઈં વિવક્ષીઈં, તિવારઇ "નથી *અનઇં

---

♦ મ.માં 'એ' પાઠ. ભા.+M(૧)+કો.(૪+૫+૧૨+૧૩)માં 'એક' પાઠ.

✡ કો.(૪)માં 'ભંગતા' પાઠ.

⁑ મો.(૧)માં 'કોડી' પાઠ.

♦ સિ.+કો.(૯)+ પુસ્તકોમાં 'વિશેષણઈં' પાઠ છે. અહીં પા.નો પાઠ લીધેલ છે.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. P(૩+૪) + કો.(૭+૧૨)માં છે.

❖ સ્વત્રેવડીનઇં = પોતાનું ત્રણ વાર પુનરાવર્તન કરીને. ભગવદ્ગોમંડલમાં (પૃષ્ઠ-૪૨૫૨) 'ત્રેવડવું = ત્રણ-ત્રણ વખત વિચારી જોવું, ત્રણગણું કરવું.'

❊ પુસ્તકોમાં 'જ' નથી. કો.(૯) + સિ.માં છે.

★ પુસ્તકોમાં 'ઘટ' પદ નથી. કો.(૭)માં છે.

* કો.(૭)માં 'અને' પાઠ છે. મ.માં 'નઈં' પાઠ. કો.(૧૨)નો પાઠ લીધો છે.

અવાચ્ય" ૬.

એક અંશ સ્વરૂપઈં, એક અંશ પરરૂપઈં, એક અંશ યુગપત્■ ઉભય રૂપઇં વિવક્ષીઇં,□ તિવારઈં "છઇં, નથી *અનઇં અવાચ્ય" ૭. ✤ગાથા ૯મીનો અર્થ.✤ ॥૪/૯॥

परामर्शः

क्षेत्र-कालादियोगेन भवन्ति भङ्गकोटयः।
इहोच्यते समासेन सप्तभङ्गी सुयोगतः।।४/९।।

**⊛ દ્રવ્ય-ક્ષેત્રાદિસંબંધથી ભેદાભેદની વિચારણા ⊛**

**શ્લોકાર્થ** :- ક્ષેત્ર, કાળ વગેરેના યોગથી નયના કરોડો ભેદ થાય છે. આ ગ્રંથમાં તો સંક્ષેપથી યોગ્ય અપેક્ષાથી (સ્વરૂપથી અસ્તિત્વ અને પરરૂપથી નાસ્તિત્વ સંબંધી) સપ્તભંગી કહેવાય છે. (૪/૯)

**❋ વિરાધક તરીકેનું અસ્તિત્વ છોડીએ ❋**

**આધ્યાત્મિક ઉપનય** :- 'સ્વરૂપથી અસ્તિત્વ અને પરરૂપથી નાસ્તિત્વ- આ બન્ને વસ્તુ અલગ છે તથા બન્ને એકીસાથે હોવા જરૂરી છે' - આ બાબત આધ્યાત્મિક દૃષ્ટિએ એ રીતે ઉપયોગી છે કે આપણું જ્યારે સાધકસ્વરૂપે અસ્તિત્વ હોય ત્યારે વિરાધકરૂપે નાસ્તિત્વ હોવું પણ એટલું જ અગત્યનું છે. જો વિરાધક તરીકે આપણું નાસ્તિત્વ (= અસત્ત્વ) ન હોય તો સાધક તરીકેનું આપણું અસ્તિત્વ અતાત્ત્વિક બની જાય. વિરાધક તરીકે આપણું અસ્તિત્વ હોય અને આરાધક તરીકે પણ આપણું અસ્તિત્વ હોય તેવું નિશ્ચયથી શક્ય નથી. તેથી સાધકરૂપે આપણા અસ્તિત્વને પ્રગટાવવા માટે જેટલો પ્રયત્ન કરવાની જરૂર છે, તેટલો જ પ્રયત્ન વિરાધક તરીકેનું આપણું અસ્તિત્વ નાબૂદ કરવા માટે આવશ્યક છે. સાચા, સારા, સમજુ અને પાકા આત્માર્થી આરાધક જીવો વિરાધક તરીકેનું પોતાનું અસ્તિત્વ પૂર્ણતયા રવાના કરવા સતત પ્રયત્નશીલ હોય જ - એ બાબતમાં કોઈ પણ વિદ્વાન શંકા કરતા નથી. તથા આ રીતે જ **પ્રકૃતિવિચ્છેદપ્રકરણ**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટે છે. ત્યાં આગમિક આચાર્ય **જયતિલકસૂરિજી**એ જણાવેલ છે કે 'સદા કેવલજ્ઞાનાદિઅનંતચતુષ્ટયયુક્ત, ત્રણ જગતથી પૂજ્ય સિદ્ધ ભગવંત શાશ્વત હોય છે.' (૪/૯)

* કો.(૭)માં 'અને' પાઠ છે. મ.માં 'નઈં' પાઠ. કો.(૧૨)નો પાઠ લીધો છે.

■ ધ.માં 'યુગપત્' પાઠ નથી.

□ કો.(૧૩)માં 'વિવક્ષાઈં' પાઠ.

✤....✤ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં જ છે.

§હવઈ એ સપ્તભંગી ભેદાભેદમાં જોડીઇ છઇ -

**◆પર્યાયાર્થ ભિન્ન વસ્તુ છઈ, ✿દ્રવ્યાર્થઈં અભિન્નો રે;**
**ક્રમઈં ઉભય નય જો અર્પીજઇ, તો ભિન્ન નઈં અભિન્નો રે ॥૪/૧૦॥ (૫૦) શ્રુત૦**

**પર્યાયાર્થ**નયથી સર્વ **વસ્તુ** દ્રવ્ય-ગુણ-પર્યાય લક્ષણઈં કથંચિત્ **ભિન્ન** જ **છઈ** (૧).

**દ્રવ્યાર્થ**નયથી કથંચિત્ **અભિન્ન** જ છઇ. જે♦ માટઈં ગુણ-પર્યાય દ્રવ્યના જ આવિર્ભાવ -તિરોભાવ છઇ (૨).

અનુ**ક્રમઈ જો** ૨ (= **ઉભય**) **નય** દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક **અર્પીયઈ**, **તો** કથંચિત્ **ભિન્ન** (**નઈં** = અને) કથંચિત્ **અભિન્ન** કહિયઈં (૩). ॥૪/૧૦॥

---

પરામર્શઃ **पर्यायार्थमते भिन्नं सर्वं द्रव्यार्थतोऽपृथक्।**
**क्रमार्पितोभयं तर्हि भिन्नाऽभिन्नं तदुच्यते॥४/१०॥**

---

**❋ ભેદાભેદમાં સપ્તભંગીની યોજના ❋**

**શ્લોકાર્થ** :- દરેક વસ્તુ પર્યાયાર્થિકનયના મતથી ભિન્ન છે, દ્રવ્યાર્થિકનયથી અભિન્ન છે. પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિક નયની ક્રમશઃ અર્પણા કરવામાં આવે તો સર્વ વસ્તુ ભિન્નાભિન્ન કહેવાય છે. (૪/૧૦)

**❋ નયનો કેવી રીતે ઉપયોગ કરવો ? તે શીખીએ ❋**

**આધ્યાત્મિક ઉપનય** :- પર્યાયાર્થિકનયના અભિપ્રાયને કેન્દ્રસ્થાને ગોઠવી, 'આપણા શુદ્ધ ગુણ અને નિર્મળ પર્યાયો આપણાથી ભિન્ન છે' - આમ વિચારી ઉત્પન્ન થયેલા શુદ્ધ ગુણ-પર્યાય નાશ ન પામે તથા અનુત્પન્ન નિર્મળ ગુણ-પર્યાય ઉત્પન્ન થાય તે માટે સાવધાન બની સત્ પુરુષાર્થ આચરવો. તથા પ્રમાદ-ગફલતના લીધે સામેની વ્યક્તિ પોતાના ગુણાદિને ગુમાવી બેસે તેવું જોવા મળે ત્યારે દ્રવ્યાર્થિકનયના અભિપ્રાયને કેન્દ્રસ્થાને સ્થાપિત કરી 'તેના ધ્રુવ આત્માથી અભિન્નપણે તેના શુદ્ધગુણ-પર્યાયો તિરોભાવે ત્યાં હાજર જ છે' - એવું હૃદયથી સ્વીકારી તેના પ્રત્યે દ્વેષ-દુર્ભાવ થતો અટકાવી, સદ્ભાવ-મૈત્રી વગેરે ભાવોને ટકાવી રાખવા. આ રીતે આપણા ભાવપ્રાણને ટકાવી રાખવા પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિક નયનો સમુચિત ઉપયોગ કરવો હિતકારી છે. તેનાથી **શાંતસુધારસવ્યાખ્યા**માં દર્શાવેલ મોક્ષસુખ સુલભ બને. ત્યાં કહેલ છે કે 'મોક્ષસુખ એ (૧) અનાહત-અવ્યાહત, (૨) અખંડ, (૩) સનાતન, (૪) સિદ્ધ (= પ્રસિદ્ધ કે નિષ્પન્ન), (૫) સ્વાભાવિક અને (૬) હિતસ્વરૂપ છે.' (૪/૧૦)

---

§ પ્રસ્તુત ગાથાની અવતરણિકા + ટબો ધ.માં નથી.

◆ મ.માં 'પર્યાયારથ' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે.

✿ મ.+શાં.+લા.(૨)માં 'દ્રવ્યારથઈં' પાઠ કો.(૨)નો પાઠ લીધો છે.

♦ આ.(૧)માં 'તે માટેં' પાઠ.

**જો એકદા ઉભય નય ગહિઈં, તો ♦અવાચ્ય તે લહિઈં રે;**
**એકઈં જ✡ શબ્દઈં એકઈં જ✡ વારઈં, દોઇ અર્થ નવિ કહિઈં રે ॥૪/૧૧॥**
**(૫૧) શ્રુત૦**

**જો** (**એકદા**=) એક વાર (**ઉભય**=) બઈં **નય**ના અર્થ (**ગહિઈં**=) ✝વિવક્ષિયઈં, **તો તેહ અવાચ્ય લહિઈં.**❒ અણકહિવા યોગ્ય તે અવાચ્ય કહિઈં. જે માટઈં **એકઈં જ✡ શબ્દઈં એકઈં** (જ) **વારઈં** (**દોઈ**=) ૨ **અર્થ ન કહિયા** જોઇ.

સંકેતિત શબ્દ પણિ એક જ સંકેતિત રૂપ કહઇ, પણિ ૨ રૂપ સ્પષ્ટ ન કહી સકઈં.

**પુષ્પદંતાદિક** શબ્દ પણિ એકોક્તિં ચંદ્ર-સૂર્ય કહઈં, પણિ ભિન્નોક્તિ ન કહી સકઈં.

અનઈં ૨ નયના અર્થ મુખ્યપણઈં તો ભિન્નોક્તિં જ કહિવા ઘટઈં. ઇત્યાદિક યુક્તિ શાસ્ત્રાન્તરથી જાણવી. ॥૪/૧૧॥

---

परामर्शः

**अवाच्यतां लभेतैव युगपदुभयार्पणे।**
**युगपदेकशब्दान्न पदार्थद्वयमुच्यते।।४/११।।**

---

**● અવક્તવ્યત્વ વિશે વક્તવ્ય ●**

**શ્લોકાર્થ** :- એકીસાથે બન્ને નયની અર્પણા કરવામાં આવે તો વસ્તુ અવાચ્યતાને પ્રાપ્ત કરે છે. કારણ કે એક શબ્દથી એકીસાથે બે પદાર્થ (મુખ્યતયા સ્પષ્ટપણે) કહી શકાતા નથી. (૪/૧૧)

**❁ સ્વાનુભૂતિગમ્ય સ્વાત્મા અકથ્ય ❁**

**આધ્યાત્મિક ઉપનય** :- 'બે નયના વિષય એકીસાથે પ્રવર્તતા હોય ત્યારે તેને એકીસાથે મુખ્યતયા સ્પષ્ટપણે કહેવા શક્ય નથી' - આ નિયમ દ્વારા એવું સિદ્ધ થાય છે કે સાધક જ્યારે સ્વાનુભૂતિમાં ડૂબી જાય છે ત્યારે તેનો વિષય શબ્દથી અવાચ્ય બની જાય છે. કારણ કે સ્વાનુભૂતિનો વિષય એ એકાદ નયનો વિષય નહિ પણ સર્વ નયોનો એકીસાથે વિષય બને છે. સર્વ નયો તેને વિષે પ્રવર્તે છે. સ્વાનુભૂતિગમ્ય પદાર્થ સર્વ નયોનો વિષય છે. માટે જ તે પ્રમાણનો વિષય છે. કેવળ અનુભવથી સમજી શકાય તેવા પદાર્થને સ્પષ્ટપણે અસંદિગ્ધપણે ચોક્કસ સ્વરૂપે દર્શાવવા માટે શબ્દો માયકાંગલા છે. તે શબ્દની શક્તિનો વિષય નથી. તેથી જ સ્વાનુભૂતિવિષયીભૂત શુદ્ધ આત્મા, શુદ્ધ આત્મસ્વરૂપ, આત્મગુણવૈભવ વગેરે વસ્તુ પરમાર્થથી શબ્દ દ્વારા અવાચ્ય છે, અકથ્ય છે. શબ્દ દ્વારા તેનું વર્ણન કરવામાં આવે તો તેના એકાદ અંશનું જ કથન થઈ શકે છે, અનુભૂયમાન અખિલ અંશોનું નહિ.

---

♦ આ.(૧)માં 'વાચિ' પાઠ.

✡ કો.(૧૨)માં 'જ' છે. પુસ્તકોમાં નથી.

✝ **પાઠા૦** ૧ વિચારઇ; તો હૈ પણિ અર્થ વિચારણાઈં વિવક્ષા ભેદ જાણવાં.

❒ 'અણકહિવા યોગ્ય તે અવાચ્ય કહિઈં, એક શબ્દૈ' આ પાઠ પા.+B(૨)માં છે.

અપરોક્ષપણે અનુભૂયમાન, અનંતગુણમય, સમગ્ર ચૈતન્યપિંડાત્મક, આનંદઘનસ્વરૂપી, ધ્રુવ, શુદ્ધ, અસંગ એવા આત્માના સર્વ અંશોને એકીસાથે મુખ્યરૂપે અત્યંત સ્પષ્ટપણે શબ્દ દ્વારા વર્ણવવા માટે કેવલજ્ઞાની પણ અસમર્થ છે. તેથી જ **આચારાંગસૂત્ર**માં 'सव्वे सरा नियट्टंति' ઈત્યાદિ કહેવા દ્વારા જણાવેલ છે કે સ્વાનુભવૈકગમ્ય શુદ્ધ અખંડ આત્માનું વર્ણન કરવામાં અસમર્થ પુરવાર થયેલા સર્વે સ્વરો-વ્યંજનો -શબ્દો-તર્કો પાછા ફરે છે, બુદ્ધિ પણ પાંગળી બની જાય છે. શુદ્ધ આત્માને સમજવામાં મતિ મૂઢ બની જાય છે.

### ✡ શબ્દભોગ નહિ, શબ્દયોગ પકડીએ ✡

આથી સ્વાનુભૂતિરસિક મુમુક્ષુજને શબ્દના બાહ્ય સ્વરૂપમાં અટવાયા વિના, શબ્દગમ્ય આત્મસ્વરૂપમાં રોકાયા વિના, શબ્દભોગને છોડી, શબ્દયોગનું આલંબન લઈને મોક્ષમાર્ગે આગળ વધવાનું છે. તેમજ શબ્દબ્રહ્મમાં પણ લેપાયા વિના, અવાચ્ય-અકથ્ય એવા અનુપમ પરબ્રહ્મતત્ત્વને અપરોક્ષપણે પ્રગટ કરવા સદા કટિબદ્ધ બનવું જોઈએ. તેનાથી **પ્રજ્ઞાપનાસૂત્ર**માં વર્ણવેલ સિદ્ધસ્વરૂપ ખૂબ નજીક આવે. ત્યાં બીજા પદમાં **શ્યામાચાર્યજી**એ જણાવેલ છે કે 'સિદ્ધ ભગવંતો સાદિ-અનંતકાલીન અસ્તિત્વને ધરાવે છે. અનેક પ્રકારના જન્મ, ઘડપણ, મરણ, ૮૪ લાખ યોનિમાં સંચાર (= રખડપટ્ટી), અશુચિદશા, પુનર્જન્મ, ગર્ભાવાસમાં વસવાટ વગેરે પ્રપંચને તેઓ સદા માટે ઓળંગીને અનંત ભવિષ્ય કાળ સુધી તેઓ પોતાના સ્વરૂપમાં રહેલા છે.' (૪/૧૧)

**પર્યાયારથ કલ્પન, ઉત્તર-ઉભય વિવક્ષા સંધિ❖ રે;**
**ભિન્ન અવાચ્ય વસ્તુ તે કહિયઈ◆, સ્યાત્કારનઈ બંધિ❀ રે ॥૪/૧૨॥ (૫૨) શ્રુત૦**

પ્રથમ **પર્યાયાર્થ કલ્પના**, (**ઉત્તર** =) પછઇ✡ એકદા **ઉભય** (**વિવક્ષા** =) નયાર્પણા (**સંધિ** = સંધઈ = જોડઈ =) કરિયઇ, તિવારઇ (**સ્યાત્કારનઈ બંધિ** = સંબંધઈ =) ♦કથંચિત્ **ભિન્ન** ▸= તે જુદો◂ (**અવાચ્ય**=) અવકતવ્ય કથંચિત્ (**તે વસ્તુ**) ઇમ ◆**કહિયઈ. इति गाथार्थः** ॥૪/૧૨॥

પરામર્શઃ **पर्यायार्थमतोल्लेखात् समं नयद्वयार्पणात्।**
**वस्तु भिन्नमवाच्यं तत् कथ्यते स्यात्पदाङ्कितम्॥४/१२॥**

**❯ સપ્તભંગીનો પાંચમો ભાંગો ❯**

**શ્લોકાર્થ** :- પર્યાયાર્થિકનયના અભિપ્રાયના ઉલ્લેખ પછી એકીસાથે બે નયની વિવક્ષા કરવાથી તે વસ્તુ સ્યાત્ = કથંચિત્ ભિન્ન અને અવાચ્ય કહેવાય છે. (૪/૧૨)

**✧ ભેદવિજ્ઞાનને દૃઢ કરીએ ✧**

**આધ્યાત્મિક ઉપનય** :- સર્વ નયોના અભિપ્રાય યુગપત્ પ્રવર્તમાન હોય ત્યારે સ્વાનુભૂતિગમ્ય આત્માના નિર્મળતમ ગુણ-પર્યાયો અકથ્ય બની જતા હોવા છતાં પણ તે અનુભવનો વિષય તો બની જ શકે છે. 'અનુભૂયમાન તે સર્વ ગુણ-પર્યાયો કરતાં પોતાનું સ્વરૂપ જુદું છે. સ્વાત્મા તેનાથી ન્યારો છે' - આવી પર્યાયાર્થિકનયની દૃષ્ટિને આત્મસાત્ કરી ભેદવિજ્ઞાનને દૃઢ કરવા સાધકે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ રીતે પ્રયત્ન કરવાથી જ **નમસ્કારમાહાત્મ્ય**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટ થાય છે. ત્યાં શ્રી**સિદ્ધસેનસૂરિ**જીએ જણાવેલ છે કે 'જ્યાં સિદ્ધ ભગવંતો પ્રતિષ્ઠિત થાય છે, ત્યાં ક્યારેય જન્મ નથી, મરણ નથી, ભય નથી, પરાભવ નથી તથા ક્લેશનો લેશ પણ નથી.' (૪/૧૨)

---

❖ કો.(૧૩)માં 'સંધે' પાઠ.

◆ મ.+ધ.માં 'કહિઈ' પાઠ. કો.(૭+૧૧)નો પાઠ લીધો છે.

❀ કો.(૧૩)માં 'બંધે' પાઠ. કો.(૧૨)માં 'બંધઈ' પાઠ.

✡ પુસ્તકોમાં અહીં 'દ્રવ્યાર્થ કલ્પના વિચારતાં ઈમ વિવક્ષાઈ' આટલો અધિક પાઠ છે. પણ આ પાઠ કો.(૯)+સિ.+આ.(૧)+લા.(૨)માં નથી. તથા આવશ્યક પણ નથી.'

♦ પુસ્તકોમાં 'કથંચિત્' નથી. ફક્ત કો.(૧૨)માં છે.

▸....◂ વચ્ચેનો પાઠ પા. + B(૨)માં છે.

**દ્રવ્યારથ નઈં ઉભય ગ્રહિયાથી, અભિન્ન⌛ તેહ અવાચ્યો રે;**

**ક્રમ ♦યુગપન્નય ઉભય ગ્રહિયાથી, ભિન્ન-અભિન્ન-અવાચ્યો રે ॥૪/૧૩॥ (૫૩) શ્રુત૦**

પ્રથમ ■**દ્રવ્યાર્થ** કલ્પના, (**નઈં**=) પછઇ એકદા ઉભયનયાર્પણા કરિઈં, તિવારઈં (=**ગ્રહિયાથી**) 'કથંચિત્ **અભિન્ન (અવાચ્યો=) અવક્તવ્ય**' ઈમ ✡કહિયઈં (૬). **અનુક્રમઈ** ૨ નયની પ્રથમ અર્પણા પછઈ (**ઉભય** =) ૨ **નયની** (**યુગપદ્** =) એક વાર (**ગ્રહિયાથી**=) અર્પણા કરિયઈં, તિવારઈં કથંચિત્ **ભિન્ન-અભિન્ન-(અવાચ્યો=)**અવક્તવ્ય ઈમ ✡કહિયઈં'(૭). એ✻ ભેદાભેદ પર્યાયમાંહઇ સપ્તભંગી જોડી. ઈમ સર્વત્ર જોડવી.

☆શિષ્ય પુછઈ છઈં - "જિહાં ૨ જ નયના વિષયની વિચારણા હોઇ, તિહાં એક એક ગૌણ-મુખ્યભાવઇં ▸સપ્તભંગી થાઓ, પણિ જિહાં પ્રદેશ-પ્રસ્થકાદિ વિચારઈં સાત-છ-પાંચ પ્રમુખ નયના ભિન્ન ભિન્ન વિચાર હોઇ, તિહાં અધિક ભંગ થાઇ, તિવારઈં◂ સપ્તભંગીનો નિયમ કિમ રહઇ ?"

ગુરુ કહઈ છઇ "તિહાં પણિ એક નયાર્થનો મુખ્યપણઈં વિધિ, બીજા સર્વનો નિષેધ, ઈમ લેઇ પ્રત્યેકિં ✠અનેક સપ્તભંગી કીજઇ."

અમ્હે તો ઈમ જાણું છું - "**सकलनयार्थप्रतिपादक♦तापर्या❖प्त्यधिकरणवाक्यं प्रमाणवाक्यम्**" એહ લક્ષણ લેઇનઈં, તેહવે ઠામે સ્યાત્કારલાંછિત સકલનયાર્થસમૂહાલંબન એક ભંગઇ પણિ નિષેધ નથી. જે માટઈં વ્યંજનપર્યાયનઈં ઠામિં ૨ ભંગઈં પણિ અર્થસિદ્ધિ ***सम्मति*** નઈં વિષઈં દેખાડી છઇ.

**तथा च तद्गाथा** - [1]**एवं सत्तविअप्पो, वयणपहो होइ अत्थपज्जाए ।**

**वंजणपज्जाए पुण, सविअप्पो णिव्विअप्पो य ।। (स.त.१/४१)**

એહનો અર્થ - **એવં** = પૂર્વોક્ત પ્રકારઈં, **સપ્ત વિકલ્પ** = સપ્ત પ્રકાર **વચનપંથ** = સપ્તભંગીરૂપ વચનમાર્ગ તે **અર્થપર્યાય** = અસ્તિત્વ-નાસ્તિત્વાદિકનઈં વિષઇ હોઈ. **વ્યંજનપર્યાય** જે ઘટ-કુંભાદિકશબ્દવાચ્યતા□, તેહનઈં વિષઈં **સવિકલ્પ** = વિધિરૂપ **નિર્વિકલ્પ** = નિષેધરૂપ એ બે(૨) જ ભાંગા હોઇ. પણિ અવક્તવ્યાદિ ભંગ ન હોઈ, જે માટઈં **અવક્તવ્ય**⊠ શબ્દવિષય કહિયઈં તો વિરોધ થાઇ.

---

⌛ લી.(૪)માં 'ભિન્ન' અશુદ્ધ પાઠ. ♦ મ.માં 'યુગપતઃ ન' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે. ■ કો.(૧૨)માં 'દ્રવ્યાર્થિક' પાઠ. ✡ મ.+ધ.માં 'કહિઈં' પાઠ. કો.(૭+૧૧)નો પાઠ લીધો છે. ✻ કો.(૧૩)માં 'એક' પાઠ. ☆...☆ ચિહ્નદ્વયમધ્યવર્તી વિસ્તૃત પાઠ કો.(૧૩)માં નથી. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ સિ.+કો.(૯)માં નથી. ✠ આ.(૧)માં 'એકેક' પાઠ. ♦ આ.(૧)માં '..**पादकतापर्यायाधि**....' પાઠ. ❖ પુસ્તકોમાં '...**तात्पर्यादधि**...' પાઠ છે. લી.(૧)માં '....**कतापर्यायस्याधि**...' પાઠ. પા.માં '...**पादकतात्पर्यार्थादि**....' પાઠ. પ્રસ્તુત '**तापर्याप्त्यधि**' પાઠ કો.(૧૨)માંથી લીધેલ છે.

1. एवं सप्तविकल्पः वचनपथः भवति अर्थपर्याये। व्यञ्जनपर्याये पुनः सविकल्पः निर्विकल्पः च।।

□ કો.(૧૨)માં 'વાચકતા' પાઠ. ⊠ મો.(૨)માં 'અવક્તવ્યને વિશે હોય વ્યંજન પર્યાય...' પાઠ.

અથવા **સવિકલ્પ** શબ્દ-સમભિરૂઢ નયમતઈં અનઈં **નિર્વિકલ્પ** એવંભૂતનયને મતઈં ઈમ બે (૨) ભંગ જાણવા. અર્થનય પ્રથમ ચાર (૪) તો વ્યંજનપર્યાય માનઈં નહીં. તે માટઈં તે નયની ઈહાં પ્રવૃત્તિ નથી. અધિકું ***અનેકાન્તવ્યવસ્થા***થી જાણવું.

***तदेवमेकत्र विषये§ प्रतिस्वमनेकनयविप्रतिपत्तिस्थले स्यात्कारलाञ्छिततावन्नयार्थप्रकारक-समूहालम्बनबोधजनक एक एव भङ्ग एष्टव्यः, व्यञ्जनपर्यायस्थले भङ्गद्वयवत्।**

**यदि च सर्वत्र सप्तभङ्गीनियम एव आश्वासः, तदा चालनीयन्यायेन तावन्नयार्थनिषेधबोधको* द्वितीयोऽपि भङ्गः, तन्मूलकाश्चान्येऽपि तावत्कोटिकाः पञ्च भङ्गाश्च कल्पनीयाः। इत्थमेव निराकाङ्क्ष-सकलभङ्ग□प्रतिपत्तिनिर्वाहाद् इति युक्तं पश्यामः।***

એ વિચાર સ્યાદ્વાદપંડિતઈં સૂક્ષ્મ બુદ્ધિ ચિત્તમાંહઈં ધારવો.☆ ॥૪/૧૩॥

परामर्शः **द्रव्यार्थाद् युगपद् युग्मादभिन्नं तदवाच्यकम्।**
**क्रमाऽक्रमोभयग्राहे भिन्नाऽभिन्नमवाच्यकम्।।४/१३।।**

### ❀ સપ્તભંગીના છેલ્લા બે ભાંગાનું નિરૂપણ ❀

**શ્લોકાર્થ** :- દ્રવ્યાર્થિકનય પછી યુગપત્ દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નયની વિવક્ષાથી દ્રવ્યાદિ અભિન્ન અને અવાચ્ય છે. તથા પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિક નયની ક્રમિક વિવક્ષાથી તથા અક્રમિક વિવક્ષાથી દ્રવ્ય-ગુણાદિ વસ્તુ ભિન્ન, અભિન્ન અને અવાચ્ય છે. (૪/૧૩)

### ❀ વિચારણાની દિશાઓને ખુલ્લી રાખીએ ❀

**આધ્યાત્મિક ઉપનય** :- પ્રસ્થક આદિ ઉદાહરણમાં તર્ક દ્વારા એક જ ભંગની વાત પોતાને જચતી હોવા છતાં આગમિક પરંપરાનુસાર સપ્તભંગીનું પણ સમર્થન સ્વોપજ્ઞ સ્તબકમાં મહોપાધ્યાયજી મહારાજે કરેલ છે. આ ઘટના આધ્યાત્મિક જગતમાં એ રીતે ઉપયોગી છે કે આપણી બુદ્ધિમાં તર્કશક્તિથી કોઈ પદાર્થ જે રીતે ભાસે છે તે રીતે જ તે પદાર્થ આગમમાન્ય છે કે બીજી રીતે ? પોતાને બીજી પદ્ધતિથી એક વાત બંધ બેસતી જણાય તો પણ તેવા સ્થળે 'આગમ આ બાબતમાં શું જણાવે છે ? આગમિક બાબતનું સમર્થન અન્ય કોઈ રીતે થઈ શકે તેમ છે કે નહિ ?' આ પ્રમાણે વિચારવાની દિશાને આપણે ખુલ્લી રાખવી જોઈએ. તેમજ તે વિચારોને જાહેર કરવાની ખેલદિલી-નિખાલસતા ચૂકવી ન જોઈએ. આવું બને તો જ સમ્યગ્ વિચારકતા અને મધ્યસ્થતા = પ્રામાણિકતા આત્મસાત્ થઈ શકે. ત્યાર બાદ **યોગપ્રદીપ** ગ્રંથમાં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ દૂર રહેતું નથી. ત્યાં જણાવેલ છે કે 'સિદ્ધ પરમાત્મા સર્વકર્મકલાશૂન્ય છે. નિષ્કલ હોવા છતાં પણ જ્ઞાનાદિકલાયુક્ત છે. તે શ્રેષ્ઠ જ્ઞાનજ્યોતિસ્વરૂપ છે. તે પરબ્રહ્મ છે. ઉત્તમ તત્ત્વોથી પણ તે ઉત્તમ - સર્વશ્રેષ્ઠ છે.' (૪/૧૩)

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ આ.(૧)માં નથી. § કો.(૧૨)માં 'विषये प्रतिपत्तिस्थले' પાઠ.

* પા.માં 'निषेधको' પાઠ છે. □ શાં.માં 'भङ्ग-निर्वा०' પાઠ છે. પા૦ ૨+કો.(૯)+સિ.નો પાઠ લીધો છે.

☆...☆ ચિહ્નદ્વયમધ્યવર્તી વિસ્તૃત પાઠ કો.(૧૩)માં નથી.

ફલિતાર્થ કહઈ છઈ -

**સપ્તભંગ એ દૃઢ અભ્યાસી♦ જે પરમારથ દેખઈ રે;**

**જસ કીરતિ ✡જગિ તેહની ♦વાધઈ, જૈન❖ભાવ તસ લેખઈ રે ॥૪/૧૪॥ (૫૪)**

**શ્રુતધર્મઈ મન દૃઢ કરી રાખો, જિમ શિવસુખફલ ચાખો રે.**

**એ** = કહિયા જે **સપ્તભંગ**, તે **દૃઢ અભ્યાસ** = સકલાદેશ, વિકલાદેશ, નયસપ્તભંગ, પ્રમાણસપ્તભંગ ઇત્યાદિ ભેદઈ ઘણો અભ્યાસ કરી, **જે પરમાર્થ દેખઇ** = જીવાજીવાદિ પરમાર્થ = રહસ્ય સમજઈ, **તેહની યશ કીર્તિ** શોભા✻ (**જગિ** = જગતમાં) **વાધઈ**. જેહ માટઈ સ્યાદ્વાદપરિજ્ઞાનઈં જ જૈનનઈં તર્કવાદનો યશ છઇ. અનઈં **જૈનભાવ** પણિ (**તસ**=) તેહનો જ **લેખઈ**; જે માટઈં નિશ્ચયથી સમ્યક્ત્વ સ્યાદ્વાદપરિજ્ઞાને જ★ છઈ. **उक्तं च *सम्मतौ*** -

[1]**चरण-करणप्पहाणा, ससमय-परसमयमुक्कवावारा।**

**चरण-करणस्स सारं, णिच्छयसुद्धं ण याणंति।।** (स.त.३.६७)

▸એ ગાથા પૂર્વે પ્રથમ ઢાલેં છેં.◂

એ ચોથઈં ઢાલઈં ભેદાભેદ દેખાડ્યો અનઈં ☐સપ્તભંગીનું સ્થાપન કરિઉં. ॥૪/૧૪॥

પરામર્શઃ **सप्तभङ्ग्या दृढाभ्यासाद् यः तत्त्वं विपश्यति।**

**यशोवृद्धिरिहैतस्य लेख्या तस्यैव जैनता।।४/१४।।**

### ❀ સપ્તભંગીના અભ્યાસથી આત્મતત્ત્વદર્શન ❀

**શ્લોકાર્થ** :- જે વ્યક્તિ સપ્તભંગીનો દૃઢ અભ્યાસ કરીને આત્માદિ તત્ત્વને વિશેષ પ્રકારે જુએ છે, તેના યશની અહીં વૃદ્ધિ થાય છે તથા તેનું જ જૈનત્વ લેખવા (= ગણવા) લાયક છે. (૪/૧૪)

### 卐 સપ્તભંગીના અભ્યાસનું પ્રયોજન 卐

**આધ્યાત્મિક ઉપનય** :- સપ્તભંગીનો અભ્યાસ વિદ્વાન થવા માટે નહિ પણ પારમાર્થિક તત્ત્વને

♦ કો.(૧૨)માં 'દૃઢ કરી રાખો' પાઠ.

✡ કો.(૪)માં 'જગ' પાઠ.

♦ પુસ્તકોમાં 'વાધઈ તેહની' પાઠ. લા.(૧)+ આ.(૧)નો ક્રમ લીધો છે.

❖ મ.+કો.(૧૨)માં 'जइन' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

✻ લી.(૧) + લા.(૨)માં 'શોભા' છે. પુસ્તકોમાં નથી.

★ કો.(૭+૧૨) + આ.(૧) + કો.(૯+૧૧) + સિ. + લા.(૨) પા૦માં '...પરિજ્ઞાન જ' પાઠ.

1. चरण-करणप्रधानाः स्वसमय-परसमयमुक्तव्यापाराः। चरण-करणयोः सारं निश्चयशुद्धं न जानन्ति।।

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. ફક્ત આ.(૧)માં છે.

☐ મો.(૨)માં 'નયસપ્ત...' પાઠ.

જોવા માટે, જાણવા માટે, અનુભવવા માટે કરવાનો છે. આ વાત ફક્ત સપ્તભંગીના અભ્યાસમાં જ નહિ પણ તમામ શાસ્ત્રોના અભ્યાસમાં લાગુ પાડવાની છે. સર્વ શાસ્ત્રો ભણીને પણ શુદ્ધ આત્માનો જ સાક્ષાત્કાર કરવાનો છે. પારમાર્થિક તત્ત્વ તો શુદ્ધ આત્મા, સંવર, નિર્જરા વગેરે જ છે. સપ્તભંગી વગેરેના અભ્યાસથી મનની એકાગ્રતા, બુદ્ધિની સૂક્ષ્મતા, સમ્યગ્ જ્ઞાનનો ઉઘાડ, તીર્થંકર ભગવંતોની સર્વજ્ઞતા ઉપર શ્રદ્ધા, અંતર્મુખતા, દેહાધ્યાસમુક્તતા વગેરે સદ્ગુણો પ્રાપ્ત થવાથી, દઢ થવાથી આત્મા વગેરે ઉપાદેય તત્ત્વની પારમાર્થિક જાણકારી મળે છે, તેની રુચિ જન્મે છે. તેથી આશ્રવ-બંધની રુચિ તૂટે છે. પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા અને આત્મતત્ત્વને પ્રગટ કરવાની ઝંખના તીવ્ર બનવાથી શુદ્ધ આત્મતત્ત્વનું દર્શન = સ્વાનુભૂતિ પણ પ્રાપ્ત થાય છે. આવા લક્ષ્ય સાથે, તેવી કોઈક આંતરિક પ્રક્રિયા શરૂ થાય તેવા પ્રણિધાન સાથે દ્રવ્યાનુયોગનો પ્રસ્તુત અભ્યાસ કરવામાં આવે તો અધ્યાત્મજગતના આધ્યાત્મિક રોહણાચલના નવા-નવા શિખરો ઉપર આત્માર્થી જીવ આરૂઢ થવા માંડે છે. આ બાબતમાં કોઈ સંશય કરવા યોગ્ય નથી પણ શ્રદ્ધા કરવા યોગ્ય છે. તેના લીધે મહામુનિ **ધર્મસંગ્રહણિ**માં દર્શાવેલ મોક્ષને ઝડપથી મેળવે છે. ત્યાં શ્રી**હરિભદ્રસૂરિ**જીએ શાશ્વતસુખવાળા મોક્ષને ધ્રુવ (= સાદિ-નિત્ય) બતાવેલ છે. (૪/૧૪)

**❀ ચોથી શાખા સમાપ્ત ❀**


નય-પ્રમાણસાપેક્ષ
ભેદાભેદસિદ્ધિ +
દ્રવ્યાર્થિક નય
નિરૂપણ.
નય-પ્રમાણસાપેક્ષ ભેદાભેદસિદ્ધિ
+ દ્રવ્યાર્થિક નય નિરૂપણ.
द्रव्यानुयोगपरामर्शः शाखा-५
नय-प्रमाणाऽपेक्षभेदाभेदसिद्धि
-द्रव्यार्थिकनयनिरूपण

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૫

## द्रव्यानुयोगपरामर्शः शाखा-५

*नय-प्रमाणाऽपेक्षभेदाभेदसिद्धि*

*-द्रव्यार्थिकनयनिरूपणम्*

## ❋ ટૂંકસાર ❋

: શાખા - ૫ :

અહીં નય અને પ્રમાણ વચ્ચે તફાવત બતાવી પદાર્થના સ્વરૂપનો વિચાર કરવાનો છે.

પ્રમાણદૃષ્ટિએ મુખ્યવૃત્તિથી સર્વ પદાર્થ ત્રયાત્મક છે. નયવાદીઓ મુખ્યવૃત્તિથી અને ઉપચારવૃત્તિથી પ્રત્યેક પદાર્થમાં એકીસાથે દ્રવ્યાદિત્રયાત્મકતા જણાવે છે. શાબ્દબોધ અને આર્થબોધ - એમ બે બોધ દ્વારા મોક્ષમાર્ગમાં પ્રેરક અર્થ તારવી આગળ વધવું. (૫/૧)

દ્રવ્યાર્થિકનયથી અપકારી જીવનો પોતાનાથી અભેદ વિચારી તેના પ્રત્યે દ્વેષ ટાળવો. પોતાના સદ્ગુણોની અને સુકૃતોની પ્રશંસા સાંભળી પર્યાયાર્થિકનયમાન્ય ભેદજ્ઞાનથી નમ્રતાદિ ગુણો કેળવવા. (૫/૨-૩)

'આત્મા = શાશ્વત ચૈતન્યતત્ત્વ' - આ અર્થ મુખ્ય કરી રોગાદિ ગૌણ પર્યાયની ઉપેક્ષા કરવી. (૫/૪)

બીજા નયોની ઉપેક્ષા કરનાર નય દુર્નય છે. તેમ પરસ્પરની સહાયથી જીવનારા આપણે અન્ય પ્રત્યે કૃતજ્ઞતા, સહાયકતા ન કેળવીએ તો આ નિરપેક્ષતા દુર્નયસ્વરૂપ અને દુર્ગુણસ્વરૂપ સમજવી. (૫/૫)

માટે નય, સુનય અને દુર્નયને વિચારી વૈચારિક ઉદારતા, સહિષ્ણુતા, મધ્યસ્થતા કેળવવી. (૫/૬)

દિગંબરમાં તર્કના આધારે નવ નય અને અધ્યાત્મના આધારે ત્રણ ઉપનય બતાવેલ છે. તર્ક પદાર્થના સ્વરૂપને સ્પષ્ટ કરે છે અને અધ્યાત્મ આત્મસ્વરૂપને સ્પષ્ટ કરે છે. તેથી તે પણ સ્વીકાર્ય છે. (૫/૭-૮)

કર્મોપાધિશૂન્ય શુદ્ધદ્રવ્યાર્થિકનય નિરુપાધિક આત્મસ્વરૂપને પ્રગટાવવામાં મદદરૂપ છે.(૫/૯)

આ નય સંસારી જીવને શુદ્ધરૂપે જણાવે છે. તેથી આપણું શુદ્ધ સ્વરૂપ પ્રગટાવવા માટે પ્રેરે છે. (૫/૧૦)

બીજો શુદ્ધદ્રવ્યાર્થિકનય સત્તાને મુખ્ય બનાવી ઉત્પાદ-વ્યયને ગૌણ કરે છે. માટે તે પુદ્ગલમમત્વ, જીવદ્વેષ વગેરે દોષથી છોડાવી સ્વસ્થતા, જીવમૈત્રી, નીડરતા વગેરે ગુણોને અપાવે છે. (૫/૧૧)

ત્રીજો શુદ્ધદ્રવ્યાર્થિકનય દ્રવ્યને ગુણ-પર્યાયથી અભિન્ન માને છે. તે જીવને સવિકલ્પ દશાથી છોડાવી નિર્વિકલ્પ દશા તરફ આગળ વધારે છે અને કેવળજ્ઞાન સુધી પહોંચાડે છે. (૫/૧૨)

ચોથો અશુદ્ધ દ્રવ્યાર્થિકનય કર્મભાવથી પરિણમેલ જીવસ્વરૂપને જણાવે છે. તે જીવને પોતાના ક્રોધાદિ દોષના સ્વીકાર માટે અને ક્ષમાપના વગેરે ગુણો માટે સજ્જ કરે છે. (૫/૧૩)

પાંચમો અશુદ્ધ દ્રવ્યાર્થિકનય ઉત્પાદ-વ્યયને સાપેક્ષ રહીને મુખ્યપણે સત્તાને સ્વીકારે છે. તેથી રોગ, પુણ્ય, પાપને ગૌણ કરી આત્મલક્ષી સાધનામાં પ્રેરક બને છે. (૫/૧૪)

ભેદકલ્પનાસાપેક્ષ છઠ્ઠો અશુદ્ધ દ્રવ્યાર્થિકનય પોતાના ગુણ-પર્યાયોને નિર્મળ કરવા પ્રેરે છે.(૫/૧૫)

સાતમો અન્વયકારક દ્રવ્યાર્થિકનય ગુણમાં અને પર્યાયમાં દ્રવ્યનો અન્વય કરે છે. 'દ્રવ્ય ગુણ-પર્યાયનો સ્વભાવ છે' - આવું તે માને છે. તે પ્રત્યેક ગુણ-પર્યાયમાં આત્મસ્વભાવ વણવા પ્રેરે છે. (૫/૧૬)

આઠમો દ્રવ્યાર્થિકનય 'ઘટ સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ સત્ છે' - એવું માને છે. તે સંપત્તિ, દુકાન વગેરેના નાશમાં વિભાવદશાથી છૂટવાની વાત કરે છે. (૫/૧૭)

નવમો દ્રવ્યાર્થિકનય 'પરદ્રવ્યાદિની અપેક્ષાએ પદાર્થ સત્ નથી કહેવાતો' - તેમ માને છે. તે પારકી સત્તા, સંપત્તિ, સ્વાસ્થ્યને સાચવવાની મથામણ કરતા જીવને પાપબંધથી બચાવે છે. (૫/૧૮)

દસમો દ્રવ્યાર્થિકનય જ્ઞાનસ્વરૂપ આત્માને શુદ્ધ ચૈતન્ય તરફ વધવા પ્રેરે છે. (૫/૧૯)

## ઢાળ - ૫

(□આદિ જિણંદ મયા કરો - **એ દેશી.**)

♦હિવઈં પાંચમઇં ઢાલઈં **નય-પ્રમાણ** વિવેક કરઇ છઈં -

**એક અરથ ત્રયરૂપ છઈં, દેખુ✡ ભલઈં પ્રમાણઈં રે;**
**મુખ્યવૃત્તિ-ઉપચારથી, નયવાદી પણિ જાણઈં રે ॥૫/૧॥ (૫૫)**
**ગ્યાનદૃષ્ટિં જગ દેખિઈં. આંકણી.**

**એક અર્થ** ઘટ-પટાદિક જીવ-અજીવાદિક **ત્રયરૂપ** કહતાં દ્રવ્ય♦-ગુણ-પર્યાયરૂપ **છઈં**. જે માટઇં ઘટાદિક મૃત્તિકાદિરૂપઈં દ્રવ્ય, ઘટાદિરૂપઈં સજાતીયદ્રવ્યપર્યાય, રૂપ-રસાદ્યાત્મકપણઈં ગુણ. ઈમ ✠જીવાજીવાદિકમાં જાણવું. એહવું **(ભલઈં) પ્રમાણઈં** = સ્યાદ્વાદવચનઈં **દેખુ**. જે માટઇં તે❖ **પ્રમાણઈં** = સપ્તભંગાત્મકઇં ત્રયરૂપપણું મુખ્યરીતિં જાણિઈં.

**નયવાદી** જે ■એકાંશવાદી, તે **પણિ મુખ્યવૃત્તિ** અનઈં **ઉપચારઈં** એક અર્થ નઇં વિષઇં ત્રયરૂપપણું **જાણઈં.**

યદ્યપિ નયવાદીનઇં એકાંશવચનઈં શક્તિં એક જ અર્થ કહિઇં તો પણિ લક્ષણારૂપ ઉપચારઈં બીજા બે અર્થ પણિ જાણિઇં.

"એકદા વૃત્તિદ્વય ન હોઇ" એ પણિ તંત✲ નથી;

"**गङ्गायां मत्स्य-घोषौ**" ઈત્યાદિ ▸સ્થાનિં★ જે માટઇં ૨ વૃત્તિં પણિ માની છઇ.

ઈહાં પણિ◂ મુખ્ય ✱અમુખ્યપણઇં અનંતધર્માત્મક વસ્તુ જણાવવાનઇં પ્રયોજનઇં એક નય શબ્દની ૨ વૃત્તિ માનતાં વિરોધ નથી.

---

□ કો.(૧૩)માં 'પ્રથમ શ્રેષ્ઠ યુગલાધર્મનિવારક આદિદેવ પ્રથમ તીર્થંકર' પાઠ.

♦ હિવઇ = હવે. આધારગ્રંથ- જ્ઞાનવિમલસૂરિકૃત **આનંદઘનબાવીસીસ્તબક,** જિનરાજસૂરિકૃત **કુસુમાંજલિ**, લાવણ્યસમયકૃત **નેમિરંગરત્નાકરછંદ.**

✡ શાં.+મ.માં 'દેખ્યો, દેખ્યુ' પાઠ. કો.(૪)માં 'દેખો' પાઠ. કો.(૭)નો પાઠ લીધો છે.

♦ લા.(૨)માં 'દ્રવ્યરૂપ પર્યાય છઈ' પાઠ.

✠ પુસ્તકોમાં ફક્ત 'જીવાદિકમાં' પાઠ. કો.(૧૩)માં 'ઘણા જીવાદિકમાં' પાઠ.

❖ પુસ્તકોમાં 'તે' નથી. કો.(૭)માં છે.

■ કો.(૧૨)માં 'એકાંતવાદી' પાઠ.

✲ તંત = ખાસ સિદ્ધાન્ત. જુઓ - **ભગવદ્ગોમંડલ** - ભાગ-૪/પૃ.૪૦૪૯.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ લા.(૨)માં નથી.

★ કો.(૧૨+૧૩)માં 'સ્થલિં' પાઠ.

✱ કો.(૭)માં 'અમુખ્ય' પદ નથી.

અથવા નયાત્મક શાસ્ત્રઈં ક્રમિકવાક્યદ્વયઈં પણિ એ અર્થ જણાવિયઈં.⊠

અથવા "✿एकबोधः शाब्दः☆, एकबोध आर्थः" - ઈમ અનેક ભંગ જાણવા.

ઈમ ગ્યાનદૃષ્ટિં જગના ભાવ દેખિયઈં. *ઈતિ ૫૫ ગાથાનો અર્થ કહિઓ.* ॥૫/૧॥

---

• द्रव्यानुयोगपरामर्शः •

परामर्शः

शाखा - ५

त्रयात्मकोऽर्थ एको हि मुख्यवृत्त्या प्रमाणतः।
मुख्योपचारवृत्तिभ्यां ज्ञायते नयवादिना॥५/१॥
जगज्जिनोक्तरीत्या रे, ज्ञानदृष्ट्या विलोक्यताम्॥ ध्रुवपदम्॥

---

• અધ્યાત્મ અનુયોગ •

### ✱ પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક છે ✱

**શ્લોકાર્થ** :- 'એક અર્થ ત્રણ સ્વરૂપે છે' - આ પ્રમાણે પ્રમાણને આશ્રયીને મુખ્યવૃત્તિથી જણાય છે. જ્યારે નયવાદી દ્વારા મુખ્યવૃત્તિથી અને ઉપચારવૃત્તિથી એક પદાર્થમાં ત્રયાત્મકતા જણાય છે.(૫/૧)

આમ ભગવાને બતાવેલી રીતે જ્ઞાનદૃષ્ટિથી જગતને જુઓ.(ધ્રુવપદ)

### ✡ નિશ્ચય-વ્યવહારનો ગૌણ-મુખ્યભાવ સમજીએ ✡

**આધ્યાત્મિક ઉપનય** :- 'નય મુખ્યવૃત્તિથી પોતાના અભિપ્રાયને જણાવે અને ઉપચારવૃત્તિથી = ગૌણવૃત્તિથી અન્ય નયના અભિપ્રાયને જણાવે' - આ સિદ્ધાન્તને મનમાં રાખીને આધ્યાત્મિક પ્રયોજન મુજબ, પોતાની ભૂમિકાને ઉચિત બને તે રીતે નયોનું અવલંબન કરવું. જેમ કે (૧) કોઈ વ્યક્તિને નિશ્ચયનયનું અજીર્ણ થયું હોય, અહંકાર-ઉદ્ધતાઈ-સ્વપ્રશંસા-ઉચ્છૃંખલતા વગેરે અંદરમાં છવાયેલ હોય તો તેણે નિશ્ચયનયને ગૌણ કરીને વ્યવહારનયની મુખ્યતાથી વિભાવના કરવી કે 'હું સિંહ (જેવો શૂરવીર) છું પણ કર્મના પાંજરામાં હાલ પૂરાયેલો છું.' આનાથી અહંકાર વગેરે દોષો ઝડપથી દૂર થાય છે. તથા (૨) દીનતા, હીનતા, હતાશા, ઉદ્વિગ્નતા વગેરેથી આત્મા ઘેરાઈ ગયો હોય તેવી અવસ્થામાં વ્યવહારનયને ગૌણ કરી, નિશ્ચયનયની મુખ્યતાનું આલંબન લઈને વિચારવું કે 'કર્મના પાંજરામાં પૂરાયેલ હોવા છતાં પણ હું સિંહ (જેવો મહાપરાક્રમી) છું.' આ રીતે નયોનું ગૌણ-મુખ્યભાવે આલંબન લઈને મોક્ષમાર્ગે આગળ વધવું.

### ❁ નય-પ્રમાણદૃષ્ટિનો આધ્યાત્મિક ઉપયોગ ❁

'પ્રત્યેક પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક છે' - આ જૈન સિદ્ધાન્તનો આધ્યાત્મિક દૃષ્ટિએ એવી રીતે પણ ઉપયોગ થઈ શકે છે કે કોઈ વસ્તુના ગુણ-પર્યાય રાગ-દ્વેષોત્પાદક બનતા હોય ત્યારે આપણી

---

⊠ કો.(૧૨)માં 'જાણવો' પાઠ.

✿ पा० मां 'एकबोधशब्दे एकबोध अर्थ' પાઠ પુસ્તકોમાં 'एकबोधशाब्दे' પાઠ.

☆ કો.(૧૨)માં 'એક બોધઈ શબ્દ એક બોધઈ અર્થ' પાઠ.

*..* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

નજરને ગુણ-પર્યાય ઉપરથી ખસેડીને વસ્તુની દ્રવ્યાત્મકતા ઉપર સ્થિર કરવી. આ દ્રવ્યદૃષ્ટિ સમતાને લાવનાર બને છે. મોક્ષબીજભૂત પરમ માધ્યસ્થ્યને લાવનાર પણ આ દ્રવ્યકેન્દ્રિત દૃષ્ટિ જ બને છે. તથા જ્યારે કોઈ ગુણીયલ આરાધક વ્યક્તિ પ્રત્યે દ્વેષ થતો હોય, તારક સ્થાનની આશાતના કરવાના પરિણામમાં જીવ અટવાઈ જતો હોય ત્યારે સામેની ગુણીયલ વ્યક્તિમાં રહેલ શુદ્ધગુણાત્મકતા તથા પવિત્ર શ્રામણ્યાદિપર્યાયાત્મકતા ઉપર આપણી દૃષ્ટિને કેન્દ્રિત કરી તેના પ્રત્યે ગુણાનુરાગ-સદ્ભાવ જગાડવા માટે પ્રામાણિકપણે આંતરિક પુરુષાર્થ કરવો જોઈએ. આ રીતે આપણી આધ્યાત્મિક ઉન્નતિમાં નિમિત્ત બને તે રીતે દરેક વસ્તુમાં રહેલ દ્રવ્યાત્મકતા, ગુણાત્મકતા અને પર્યાયાત્મકતા ઉપર ગૌણ-મુખ્યભાવે આપણી નયદૃષ્ટિને સ્થાપિત કરવી. તથા ક્ષપકશ્રેણિ ઉપર ઝડપથી આરૂઢ થવા માટે પ્રત્યેક વસ્તુમાં રહેલ ધ્રુવદ્રવ્યાત્મકતાને, નિરુપાધિક ગુણાત્મકતાને અને શુદ્ધ સિદ્ધાદિપર્યાયાત્મકતાને અસંગ સાક્ષીભાવે અહર્નિશ મુખ્યપણે (= એકસરખું મહત્ત્વ આપીને) જોવી. આ રીતે જોનારી પ્રમાણદૃષ્ટિથી સત્‌માં = શુદ્ધાત્મામાં પોતાના ઉપયોગને સર્વદા લીન કરવો એ જ પરમશ્રેયસ્કર છે.

### ❖ ભવિતવ્યતાને પરિપક્વ કરીએ ❖

આ રીતે નયદૃષ્ટિનું અને પ્રમાણદૃષ્ટિનું અવલંબન કરવાથી ભવિતવ્યતાનો અત્યંત ઝડપથી પરિપાક થાય છે. તેનાથી 'જે આરાધ્ય છે, જે સાધ્ય છે, જે ધ્યાતવ્ય છે અને જે દુર્લભ છે, તે ચિદાનંદમય પરમ પદ સિદ્ધ ભગવંતોએ સંપ્રાપ્ત કરેલ છે' - આ પ્રમાણે **ગુણસ્થાનક ક્રમારોહ** ગ્રંથમાં શ્રી**રત્નશેખરસૂરિ**જીએ દર્શાવેલ પરમપદ દૂરવર્તી રહેતું નથી - તેવું અમને પ્રતીત થાય છે. **(૫/૧)**

કહિઓ અર્થ તેહ જ સ્પષ્ટપણઈં જણાવઈ છઈ -

**મુખ્યવૃત્તિ દ્રવ્યારથો, તાસ ♦અભેદ વખાણઈં રે;**

**ભેદ પરસ્પર એહનો, તે □ઉપચારઈં *જાણઈં રે ॥૫/૨॥ (૫૬) ગ્યાન.**

**મુખ્ય વૃત્તિ** કહતાં શક્તિ શબ્દાર્થ કહતો જે **દ્રવ્યાર્થ**નય તે **તાસ** કહતાં દ્રવ્ય-ગુણ-પર્યાયનઈં **અભેદ વખાણઈં**; જે માટઈં ગુણપર્યાયાભિન્ન મૃદ્દ્રવ્યાદિકનઈં વિષઈં♦ ✡ઘટાદિપદની શક્તિ છઈં **એહનો પરસ્પર** કહતાં માંહોમાહિં **ભેદ** છઈ, **તે ઉપચારઈં** કહિતાં લક્ષણાઈં **જાણઈં**; જે માટઈં દ્રવ્યભિન્નકંબુગ્રીવાદિપર્યાયનઈં વિષઈં તે ઘટાદિપદની લક્ષણા માનઈં.

મુખ્યાર્થબાધઈં મુખ્યાર્થસંબંધઈં તથાવિધવ્યવહારપ્રયોજન અનુસરી તિહાં લક્ષણાપ્રવૃત્તિ દુર્ઘટ નથી. *ઈતિ ૫૬ ગાથાનઉ અર્થ.* ॥૫/૨॥

**द्रव्यार्थनयतो मुख्यवृत्त्योक्तोऽभेद एव भोः।**
**द्रव्यादीनां मिथो भेद उपचारेण कथ्यते।।५/२।।**

### 卐 દ્રવ્યાદિમાં મુખ્યવૃત્તિથી અભેદ : દ્રવ્યાર્થિકનય 卐

**શ્લોકાર્થ** :- હે ભાગ્યશાળી ! દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ મુખ્ય વૃત્તિથી અભેદ જ કહેવાયેલ છે. દ્રવ્ય વગેરેમાં પરસ્પર ભેદ તો ઉપચારથી કહેવાય છે. (૫/૨)

**આધ્યાત્મિક ઉપનય** :- દ્રવ્ય-ગુણ-પર્યાયમાં મુખ્યવૃત્તિથી અભેદને અને ગૌણવૃત્તિથી ભેદને દર્શાવનાર દ્રવ્યાર્થિકનયનો અભિપ્રાય આધ્યાત્મિક જગતમાં એ રીતે ઉપયોગી બને છે કે - કોઈ આપણી પ્રશંસા કરે કે પરનિંદા કરે ત્યારે ગુણ-પર્યાયથી ભિન્ન શુદ્ધ આત્મદ્રવ્ય ઉપર આપણી દૃષ્ટિને કેન્દ્રિત કરી મધ્યસ્થ બનવા પ્રયત્ન કરવો. આ રીતે મધ્યસ્થ બનવાથી જ **અધ્યાત્મતત્ત્વાલોક**માં દર્શાવેલ મોક્ષસુખ નજીક આવે. ત્યાં **ન્યાયવિજયજી**એ મોક્ષસુખને દર્શાવતા કહેલ છે કે 'સમગ્ર કર્મો રવાના થવાથી અનન્તજ્ઞાનયુક્ત સિદ્ધસુખ અદ્વિતીય છે. તે મુક્તિસુખ પાસે ત્રણ લોકનું સુખ બિંદુ જેટલું જ થાય છે.'

તથા કોઈ વ્યક્તિમાં આપણને ગુણદર્શન થતા ન હોય ત્યારે શુદ્ધ અખંડ પરિપૂર્ણ આત્મદ્રવ્યથી અભિન્નપણે પૂર્ણ-નિર્મળ ગુણ-પર્યાયોની ભાવના કરવા દ્વારા સામેની વ્યક્તિ પ્રત્યે ઉભા થતા દ્વેષ-દુર્ભાવ -દુર્બુદ્ધિને અટકાવવા સતત પ્રયત્નશીલ રહેવું. **ખંધકમુનિ, ગજસુકુમાલ મુનિ** વિગેરેને ઘોર ઉપસર્ગો થયા ત્યારે તેમણે પર્યાયાર્થિકનયના આલંબનથી શરીર અને આત્મામાં ભેદ જોઈને શુભ-શુદ્ધ ભાવોને ટકાવી રાખ્યા તેમજ રાજસેવક કે સસરાને વિશે પર્યાયાર્થિકનયથી દ્વેષ આવે તે પૂર્વે જ ઉપરોક્ત રીતે દ્રવ્યાર્થિકનયના આલંબનથી દ્વેષને ખતમ કરી નાખ્યો. આ રીતે આધ્યાત્મિક લાભ થાય તે મુજબ, દ્રવ્ય-ગુણ વગેરેમાં દ્રવ્યાર્થિકનયમાન્ય ગૌણ ભેદનો અને મુખ્ય અભેદનો ઉપયોગ કરવો. (૫/૨)

♦ કો.(૨)માં 'ભેદ' પાઠ. □ કો.(૧૨)માં 'ઉપચાર' પાઠ. * કો.(૧૩)માં 'તે ઉપચારે અનુભવ લહ્યો રે' પાઠ.
♦ પુસ્તકોમાં 'વિષયઈં' પાઠ. भा. માં 'વિષયઘટા' પાઠ. ✡ શાં.માં 'ઘટાદિપની' ત્રુટક પાઠ. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

**મુખ્ય વૃત્તિ સર્વ♦ લેખવઈ, પર્યાયારથ ભેદઈ રે;**
**ઉપચારઈ ✡અનુભવનેં બલઈ, માનઈ ✠તે અભેદઈ રે ॥૫/૩॥ (૫૭) ગ્યાન.**

ઈમ □**પર્યાયાર્થ** નય **મુખ્ય વૃત્તિ** થકો✦ **સર્વ** = દ્રવ્ય-ગુણ-પર્યાય **ભેદઈ લેખવઈ**, જે માટઈં એ નયનઈં મતઈં મૃદાદિપદનો દ્રવ્ય અર્થ, રૂપાદિપદનો ગુણ જ, ઘટાદિપદનો કંબુગ્રીવાદિ પર્યાય જ.

તથા **ઉપચારઈ** લક્ષણાઈં કરી **અનુભવનઈં બલઈં તેહ અભેદઈ માનઈ.**

"ઘટાદિક મૃદ્દ્રવ્યાદ્યભિન્ન જ છઈ" - એહ પ્રતીતિ ઘટાદિપદની મૃદાદિદ્રવ્યનઈં વિષઈં લક્ષણા **માનિઈં**; એ પરમાર્થ *જાણવઉ ઈતિ ૫૭મી ગાથાનો અર્થ.* ॥૫/૩॥

**पर्यायार्थनयेनोक्तो भेदो वृत्त्या हि मुख्यया।**
**लक्षणयाऽनुभूतेश्चाऽभेदस्तेषां बलादिति।।५/३।।**

### ❀ દ્રવ્યાદિમાં મુખ્યવૃત્તિથી ભેદ : પર્યાયાર્થિકનય ❀

**શ્લોકાર્થ** :- પર્યાયાર્થિકનય મુખ્યવૃત્તિથી દ્રવ્યાદિનો ભેદ કહે છે. તથા અનુભવના બળથી લક્ષણા દ્વારા તે દ્રવ્યાદિનો અભેદ કહે છે. (૫/૩)

### ⁂ આત્મદ્રવ્યને અલગ તારવી લો ⁂

**આધ્યાત્મિક ઉપનય** :- દ્રવ્યાદિમાં મુખ્યવૃત્તિથી ભેદનું અને ગૌણવૃત્તિથી અભેદનું પ્રતિપાદન કરનાર પર્યાયાર્થિકનયનો ઉપયોગ સ્વપ્રશંસા સાંભળતી વખતે કરવાનો છે. 'મારા જે નિર્મળ ગુણ-પર્યાયની પ્રશંસા થાય છે તેનાથી હું જુદો છું. હું શુદ્ધ આત્મદ્રવ્ય છું. સર્વ જીવો શુદ્ધ આત્મસ્વરૂપ છે. તો મારે અભિમાન કરવાની જરૂર શી છે ? બીજા કરતાં મારામાં વિશેષતા શું છે ?' આ રીતે ત્યારે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ભેદનું ભાન કરવાનું છે.

### ✧ નિર્મળ ગુણ-પર્યાયમાં આપણું અસ્તિત્વ ✧

તથા પોતાના સુકૃતની મનોમન અનુમોદના કરતી વખતે પોતાના નિર્મળ ગુણ-પર્યાયોથી પોતાની જાતને (= સ્વાત્મદ્રવ્યને) અલગ તારવી લેવાનો પ્રયત્ન કરવો. જેથી સ્વાભિમાન ન થાય. વૉલિબોલ, ફૂટબોલ, હોકી, બાસ્કેટબોલ, ક્રિકેટ, ટેબલ ટેનીસ, ચેસ વગેરે રમતગમતમાં મશગૂલ બની, પ્રમાદવશ બનેલો સાધક

---

♦ પુસ્તકોમાં 'સવિ' પાઠ.કો.(૧૩)નો પાઠ લીધો છે.

✡ મ.+શાં.માં 'અનુભવબલ..' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

✠ મ.માં 'તેહ' પાઠ આ.(૧)નો પાઠ લીધો છે.

□ લી.(૩)માં 'દ્રવ્યપર્યાયાર્થ' અશુદ્ધ પાઠ.

✦ કો.(૭+૧૨)માં 'થકા' પાઠ છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

પ્રગટ થયેલા નિર્મળ ગુણ-પર્યાયોને ગુમાવતો હોય ત્યારે 'મારું અસ્તિત્વ તો નિર્મળ ગુણ-પર્યાયમાં જ છે. તે રવાના થશે તો મારું અસ્તિત્વ જોખમાઈ જશે' - આ પ્રમાણે દ્રવ્ય-ગુણાદિગત ગૌણ અભેદને દર્શાવનાર પર્યાયાર્થિકની સમજણ આત્માર્થીએ મેળવવી જોઈએ. તથા તેના દ્વારા અપ્રમત્ત બનવા સાધકે તત્પર રહેવું જોઈએ. દ્રવ્યાર્થિકના મતે દ્રવ્ય અને ગુણ-પર્યાય વચ્ચે અભેદ માન્ય હોવા છતાં ગુણ-પર્યાયનો તિરોભાવ કે નાશ થતાં પરમાર્થથી દ્રવ્યનાશ તેને માન્ય નથી. જ્યારે પર્યાયાર્થિકનયના મતે ગુણ-પર્યાયનો નાશ થતાં તે સ્વરૂપે દ્રવ્યનો નાશ માન્ય છે. તેથી અહીં જે દ્રવ્ય-ગુણાદિ વચ્ચે અભેદ બતાવેલ છે તે દ્રવ્યાર્થિકનયનો નહિ પણ પર્યાયાર્થિકનયનો વિષય છે. તથા તે અભેદ ગૌણ છે, મુખ્ય નથી. તેમજ તે અભેદ જ પ્રસ્તુતમાં ઉપયોગી છે. આ વાત ખ્યાલમાં રાખવી. તે અભેદનું આલંબન કરવાથી **શાંતસુધારસવૃત્તિ**માં દર્શાવેલ મુક્તિસુખ ખૂબ નજીક થાય છે. ત્યાં **ગંભીરવિજયજી**એ જણાવેલ છે કે 'મુક્તિમાં રહેલું સુખ સહજ છે, પાંચ ઈન્દ્રિયોની વૃત્તિથી રહિત છે.' (૫/૩)

**દોઈ ♦ધર્મ નય જે ગ્રહઈ, મુખ્ય-અમુખ્ય પ્રકારો રે;**
**તે અનુસારઈ કલ્પિઈ, તાસ વૃત્તિ ઉપચારો રે ॥૫/૪॥ (૫૮) ગ્યાન.**

(**દોઈ**=) બેહુ **ધર્મ** = ભેદ-અભેદ પ્રમુખ, **જે નય** દ્રવ્યાર્થિક અથવા પર્યાયાર્થિક **ગ્રહઈ** = ઊહાખ્યપ્રમાણઈં ધારઈં, **મુખ્ય-અમુખ્ય પ્રકારઈ** = સાક્ષાત્ સંકેતઈં તથા વ્યવહિત સંકેતઈં ▸**તે અનુસારઈ**◂ (**તાસ**=) તે નયની **વૃત્તિ**, અનઈં તે નયનો **ઉપચાર કલ્પિયઈ**.

જિમ ગંગાપદનો સાક્ષાત્ સંકેત પ્રવાહરૂપ અર્થનઈં વિષયઈં છઈં. તે માટઈં પ્રવાહઈં શક્તિ.

તથા ગંગાતીરઈં ગંગાસંકેત તે વ્યવહિત સંકેત છઈં. તે માટઈં ઉપચાર. તિમ દ્રવ્યાર્થિકનયનો સાક્ષાત્ સંકેત અભેદઈં છઈં. તે માટઈં તિહાં✡ શક્તિ. ભેદઈં વ્યવહિત સંકેત છઈં. તે માટઈં ઉપચાર. ઈમ પર્યાયાર્થિકનયની પણિ શક્તિ-ઉપચાર ભેદ-અભેદનઈં વિષયઈં જોડવા.॥૫/૪॥

પરામર્શઃ

**भेदाभेदौ नयो यो हि मुख्याऽमुख्यतयाऽऽददत्।**
**कल्प्ये तदनुसारेण तन्नयशक्ति-लक्षणे।।५/४।।**

### ❋ શક્તિ-લક્ષણાનિયામક મુખ્ય-ગૌણ સંકેત ❋

**શ્લોકાર્થ** :- જે નય ભેદને અને અભેદને મુખ્યરૂપે કે ગૌણરૂપે ગ્રહણ કરતો હોય તે અનુસારે તે નયને સંમત શક્તિની અને લક્ષણાની કલ્પના કરાય છે. (૫/૪)

### ✡ સાધકની દૃષ્ટિમાં પર્યાયો ગૌણ બને ✡

**આધ્યાત્મિક ઉપનય** :- 'જે શબ્દનો જે અર્થમાં મુખ્ય = સાક્ષાત્ સંકેત હોય તે અર્થમાં તે શબ્દની શક્તિ અને વ્યવહિત સંકેતિત અર્થમાં લક્ષણા' - આ મુજબ ટબામાં દર્શાવેલ નિયમ અધ્યાત્મજગતમાં એ રીતે ઉપયોગી બને છે કે 'આત્મા' શબ્દનો મુખ્યતયા આત્મદ્રવ્યમાં સંકેત કરવામાં આવતો હોવાથી ધ્રુવ શુદ્ધ અખંડ આત્મદ્રવ્ય તો જ્ઞાનમય, શાંત અને સ્થિર હોવાથી પોતાને આત્મા તરીકે જાણતો સાધક પર્યાયોની ઉત્પત્તિ-ઉચ્છિત્તિ કે ઉથલ-પાથલના નિમિત્તે આઘાત-પ્રત્યાઘાતનો અનુભવ કરતો નથી. કારણ કે તે પર્યાયો તો સાધકની દૃષ્ટિમાં અત્યંત ગૌણ છે. સાધકની દૃષ્ટિમાં રોગ, ઘડપણ વગેરે સ્વતઃ વિનશ્વર આત્મપર્યાયો 'આત્મા' શબ્દનો મુખ્યાર્થ નથી. તેથી "તેની ઉથલ-પાથલના નિમિત્તે પોતાને લેશ પણ લાભ-નુકસાન નથી" - આવી ઠરેલ સમજણ આધ્યાત્મિક સંકેતથી સાધકમાં પ્રગટેલી હોવાથી સાધક રોગ-ઘડપણ-મરણ વગેરે અવસ્થામાં અત્યંત સ્વસ્થ રહે છે. આ રીતે જ **યોગપ્રદીપ**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ સુલભ થાય. ત્યાં જણાવેલ છે કે 'સિદ્ધાત્મા એ (૧) અનંત, (૨) કેવલ, (૩) નિત્ય, (૪) આકાશની જેમ વ્યાપક-નિર્લેપ, (૫) સનાતન, (૬) દેવાધિદેવ, (૭) વિશ્વાત્મા, (૮) વિશ્વવ્યાપી અને (૯) પુરાતન છે.' (૫/૪)

♦ કો.(૪)માં 'ધર્મ' નથી. ▸...◂ ચિહ્નદ્વયવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)+કો.(૯)+સિ.+લી.(૨+૩)+P(૨)+કો.(૧૨+૧૩)+પા.+મો.(૨) માં છે. ✡ આ.(૧)માં 'ઈહાં' પાઠ તથા કો.(૧૩)માં 'તિહાં' નથી.

‡કોઈક કહઈ છઈ, જે "એક નય એક જ વિષય ગ્રહઈ, બીજા નયનો વિષય ન ગ્રહઈ" તે ♦દૂષઈ છઈ –

**ભિન્ન વિષય નયગ્યાનમાં, જો સર્વથા ન✡ ભાસઈ રે;**
**તો ♦સ્વતંત્ર ●ભાવઈ રહઈ, મિથ્યાદૃષ્ટિ પાસઈ રે ॥૫/૫॥ (૫૯) ગ્યાન.**

**જો નયજ્ઞાનમાંહિં, ભિન્ન વિષય** કહતાં નયાંતરનો મુખ્યાર્થ, **સર્વથા** કહતાં અમુખ્યપણઈ પણિ **ન ભાસઈ; તો સ્વતંત્ર ભાવઈ** = સર્વથા નયાંતરવિમુખપણઈં, **મિથ્યાદૃષ્ટિ પાસઈ રહઈ.** એટલઈ દુર્નય થાઈ, પણિ સુનય ન થાઈં; ઈમ જાણવું. ॥**૫/૫**॥

**विषयोऽन्यो नयज्ञाने सर्वथा चेन्न भासते।**
**तर्हि स्वतन्त्रभावेन मिथ्यादृष्टेः स दुर्नयः।। ५/५।।**

### ✵ મિથ્યાદૃષ્ટિ પાસે દુર્નય ✵

**શ્લોકાર્થ** :- 'એક નયના જ્ઞાનમાં બીજો વિષય જરા પણ ભાસે નહિ' - એવું જો હોય તો મિથ્યાદષ્ટિનો તે નય સ્વતંત્રપણે = નિરપેક્ષપણે રહેવાથી દુર્નય બની જશે. (૫/૫)

### ✿ અન્ય વ્યક્તિના અભિપ્રાયને સમજવો જરૂરી ✿

**આધ્યાત્મિક ઉપનય** :- કોઈ પણ સિદ્ધાન્ત કે અભિપ્રાય એક પ્રકારનો નય છે. એક સિદ્ધાન્ત કે માન્યતા જો અન્ય સિદ્ધાન્તથી કે માન્યતાથી તદ્દન નિરપેક્ષ - વિમુખ - સ્વતંત્ર બની જાય તો તે સિદ્ધાન્ત ખરેખર અપસિદ્ધાન્ત કે દુર્નય બની જાય. આવું આપણી માન્યતામાં કે અવધારણામાં આવી ન જાય તે માટે સામેની વ્યક્તિના અભિપ્રાયનો પણ યોગ્ય રીતે, યોગ્ય સમયે, સ્વીકાર કરવાની તૈયારી આપણે રાખવી. કોઈ આપણી સાથે અન્યાય કે અનુચિત વ્યવહાર કરે ત્યારે સામેની વ્યક્તિના ગલત પુરુષાર્થ ઉપર ભાર આપવાના બદલે આપણા કર્મના વૈષમ્ય = વિચિત્રતા ઉપર ભાર આપવો. તથા તપશ્ચર્યા, શાસનપ્રભાવના વગેરે સત્કાર્ય આપણા દ્વારા થાય ત્યારે પુરુષાર્થના સિદ્ધાન્તને વળગવાના બદલે પ્રભુકૃપા, નિયતિ, કાળપરિપાક વગેરે પરિબળોને પ્રાધાન્ય આપવું. 'મેં કરેલા સારા કામમાં માત્ર મારી આવડત-હોંશિયારી જ કારણભૂત છે' - આવો અભિગમ તો દુર્નય સ્વરૂપ બની જાય. આવું આપણામાં ન બને તેનો સંકલ્પ કરવો. તેનાથી **દર્શનરત્નરત્નાકરવૃત્તિ**માં બતાવેલ જન્મ-જરા-મરણરહિત મોક્ષસુખ ઝડપથી મળે છે. (૫/૫)

‡ મો.(૨)માં પાંચથી આઠ ગાથા તથા તેનો ટબો નથી. તે પાનું ખૂટે છે.
♦ આ.(૧)માં 'દોષ છે' પાઠ.
✡ કો.(૪)માં 'નવિ' પાઠ.
♦ કો.(૪)માં 'સ્વયં તંત્ર' પાઠ.
● શાં.માં 'ભવઈ' પાઠ. મ.+કો.(૭)+આ.(૧)નો પાઠ લીધો છે.

**એહ વિશેષાવશ્યકઈં સમ્મતિમાં પણિ ધારો રે;**

**ઈમ નયથી સવિ સંભવઈ, ભેદ-અભેદઉપચારો રે ॥૫/૬॥ (૬૦) ગ્યાન.**

એહ અર્થ **વિશેષાવશ્યકઈં** તથા **સમ્મતિમાં** (પણિ) હઈ છઈ - ઈમ **ધારો. गाथा** -

[1]**दोहि वि णयेहि णीअं, सत्थमुलूएण तह वि मिच्छत्तं।**

**जं सविसयप्पहाणत्तणेण अण्णुण्णनिरवेक्खा।।** (स.त.३/४९, वि.आ.भा.२१९५)

**स्वार्थग्राही इतरांशाप्रतिक्षेपी सुनयः इति सुनयलक्षणम् ।**

**स्वार्थग्राही इतरांशप्रतिक्षेपी दुर्नयः इति दुर्नयलक्षणम् ।**

**ઈમ નયથી** = નયવિચારથી (**સવિ**) **ભેદ-અભેદ**ગ્રાહ્ય વ્યવહાર **સંભવઈ.** ▸તથા નયસંકેતવિશેષથી ગ્રાહકવૃત્તિવિશેષરૂપ **ઉપચાર** પણિ સંભવઇ.◂

તે માટઈં ભેદ-અભેદ તે મુખ્યપણઈં પ્રત્યેકનયવિશેષવિષય✡ ♦મુખ્યામુખ્યપણઈં ઉભય-નયવિષય. ઉપચાર તે મુખ્યવૃત્તિની પરિં ⁑નયપરિકર, પણિં વિષય નહીં.

એ સમો માર્ગ શ્વેતામ્બરપ્રમાણશાસ્ત્રસિદ્ધ જાણવો. *ગ્યાનદૃષ્ટિ કરીનઈં જોવઉં.* ॥૫/૬॥

**विशेषावश्यके ह्येवं प्रोक्तमपि च सम्मतौ।**

**इति नयेन सर्वं स्याद् भेदाभेदादिलक्षणम्।।५/६।।**

**❋ ભેદ-અભેદસમાવેશ નયસાધ્ય ❋**

**શ્લોકાર્થ** :- આ પ્રમાણે જ વિશેષાવશ્યકભાષ્ય તથા સમ્મતિતર્ક ગ્રંથમાં પણ જણાવેલ છે. આમ નયથી ભેદ-અભેદ વગેરે સ્વરૂપ બધું સંભવી શકે છે. (૫/૬)

*** પાંચ પ્રકારે દુર્નયની સંભાવના ***

**આધ્યાત્મિક ઉપનય** :- અન્ય નયના વિષયનો ગૌણરૂપે પણ સ્વીકાર ન કરવો તે તેનો અપલાપ જ છે. આ પ્રમાણે ટબામાં દર્શાવેલ વાત આધ્યાત્મિક જગતમાં આપણને સાવધાન બનાવે છે. (૧) કોઈ પણ વ્યક્તિની વાતને આપણે શાંતિથી સાંભળવા પણ તૈયાર ન હોઈએ, (૨) તેના આશયને સમજવાની વૈચારિક સહિષ્ણુતા કે ધીરતા પણ ન કેળવીએ, (૩) યોગ્ય દૃષ્ટિકોણથી તેનો સ્વીકાર કરવા પણ આપણે તૈયાર ન થઈએ, (૪) માત્ર આપણી જ માન્યતા અને પૂર્વધારણાઓ સામેની વ્યક્તિ

1. द्वाभ्यामपि नयाभ्यां नीतं शास्त्रमुलूकेन तथापि मिथ्यात्वम्। यत् स्वविषयप्रधानत्वेन अन्योऽन्यनिरपेक्षौ।।

▸....◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૩)માં નથી.

✡ પુસ્તકોમાં 'વિશેષ' પદ નથી. કો.(૯) + સિ.માં છે.

♦ પુસ્તકોમાં 'મુખ્યમુખ્યપણઈં' પાઠ. લી.(૧+૨+૩) + કો.(૧૨+૧૩) + P(૩+૪) + આ.(૧)નો પાઠ લીધો છે.

⁑ મો.(૧)માં 'નય પરિ પરિકર' પાઠ.

*....* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

ઉપર ઠોકી બેસાડવાની મથામણ કરે રાખીએ, **(૫)** આપણા સમીકરણ અને સિદ્ધાન્ત મુજબ જ તેની પાસે પ્રવૃત્તિ કરાવવાનો આગ્રહ રાખીએ તો આપણે પણ દુર્નયવાદી બની જઈએ. કારણ કે દરેક વ્યક્તિનો વિચાર-ઉચ્ચાર એ એક પ્રકારનો નય જ છે. આવું આપણામાં ન બની જાય તે માટે આપણે વૈચારિક સહિષ્ણુતા-ઉદારતા-મધ્યસ્થતા-અપ્રતિબદ્ધતા કેળવવી જ રહી. જે રીતે અત્યંત તપી ગયેલા પત્થર ઉપર પડેલ પાણી ઝડપથી શોષાય જાય, એ જ રીતે ઉપરોક્ત ગુણવૈભવથી કુકર્મો-કુસંસ્કારો શોષાઈ જવાથી પરમતત્ત્વ પ્રકાશે. પરમતત્ત્વને દર્શાવતાં **ષોડશકપ્રકરણ**માં **શ્રીહરિભદ્રસૂરિજી**એ કહેલ છે કે 'સર્વપીડારહિત, પરમાનંદસુખથી યુક્ત, અસંગ, સર્વકર્માંશશૂન્ય, સદાશિવાદિશબ્દથી વાચ્ય એવું પરમતત્ત્વ છે.' (૫/૬)

**છાંડી મારગ એ સમો, ઉપનય ♦મુખ જે કલ્પઈ રે;**

**✡તેહ પ્રપંચ પણિ જાણવા, ✵કહિઈ તે જિમ† જલ્પઈ રે ॥૫/૭॥ (૬૧) ગ્યાન.**

**એ સમો માર્ગ** છાંડી કરીનઈં, **જે** = *દિગંબર* બાલ ઉપચારાદિક ગ્રહવાનઈં કાજિ **ઉપનય પ્રમુખ કલ્પઈ** છઈં, **તેહ પ્રપંચ** = શિષ્યબુદ્ધિ☐અંધનમાત્ર ❖છે. **પણિ** સમાનતંત્ર સિદ્ધાંત છઈ, તે માટઈં **જાણવાનઈં** કાજિં કહિઈં; **જિમ તે જલ્પઈ** છઈ = સ્વપ્રક્રિયાઈં બોલઈ છઈ. તિમ કહીઈ છેં.● ॥૫/૭॥

परामर्शः **त्यक्त्वेमं दिक्पटोपज्ञा नयोपनयकल्पना।**
**सा वञ्चनाऽपि बोधायोच्यते यथाऽऽह दिक्पटः॥५/७॥**

**❦ દિગંબરમતનિરૂપણની ભૂમિકા ❦**

**શ્લોકાર્થ** :- શ્વેતાંબરકથિત આ માર્ગને છોડીને દિગંબરે રચેલી નય-ઉપનય બન્નેની કલ્પના વંચના જ છે. છતાં જે પ્રમાણે દિગંબર કહે છે, તે પ્રમાણે શ્રોતાના બોધ માટે કહેવાય છે. (૫/૭)

**❁ ... તો સજ્જનતા ટકે ❁**

**આધ્યાત્મિક ઉપનય** :- 'સામેની વ્યક્તિની = દિગંબર દેવસેનની વાત ગેરમાર્ગે દોરનાર હોવાથી વંચના સ્વરૂપ છે' – તેવું જાણવા છતાં શ્રોતાની જાણકારી માટે તેને યથાવત્ બતાવવાની ઉદારતા અહીં ગ્રંથકારશ્રીએ કરેલ છે. તેનાથી આપણને નવી વાત એ શીખવા મળે છે કે કોઈ વ્યક્તિની વાત આપણને યોગ્ય ન જણાતી હોવા છતાં પણ અન્ય વ્યક્તિની પાસે તે વાતની રજૂઆત આપણે કરીએ ત્યારે તેમાં મીઠું-મરચું ભભરાવવાની કે ફેરફાર કરીને વક્ર રીતે રજૂઆત કરવાની ભૂલ આપણે કદાપિ ન કરવી. આવી રીતે વર્તવામાં આવે તો જ સજ્જનની સજ્જનતા ટકી રહે. તેવી સજ્જનતાનો પ્રકર્ષ થાય તો મહામુનિ **મહાનિશીથ**માં જણાવેલ અક્ષય, અનન્ત અને અનુપમ એવા સુખસ્વરૂપ મોક્ષને મેળવે છે. (૫/૭)

---

♦ કો.(૨+૫+૬+૮)માં 'મુખ્ય' પાઠ.
✡ લા.(૧)માં 'તેહ વક્ર' પાઠ.
✵ મ.માં 'કહઈ' પાઠ. કો.(૭)નો પાઠ લીધો છે.
† કો.(૧)માં 'જિમ મુખ જલ્પે' પાઠ.
☐ પુસ્તકોમાં '..બુદ્ધિધંધન...' પાઠ.
❖ પુસ્તકોમાં 'છે' પદ નથી. કો(૯) + સિ. + આ(૧)માં છે.
● પુસ્તકોમાં 'તિમ કહીઈ છેં' પાઠ નથી. આ.(૧)માં છે.

**નવ નય, ઉપનય તીન છઈં, તર્કશાસ્ત્ર અનુસારો રે;**
**✠અધ્યાત્મવાચઈં વલી, નિશ્ચય ♦નઈં વ્યવહારો રે ॥૫/૮॥ (૬૨) ગ્યાન.**

તેહનઈં મતઈં **તર્કશાસ્ત્રનઈં અનુસારઈં નવ નય** અનઈં ✡ત્રણિ ઉપનય છઈં.

(વલી=) તથા ✠**અધ્યાત્મવાચઈં** = અધ્યાત્મશૈલીઈં **નિશ્ચયનય વ્યવહારનય** ઈમ ૨ જ નય કહિઈં. ▸દ્રવ્યાર્થિકનય ૧, પર્યાયાર્થિક નય ૨, નૈગમાદિ ૭ નય એવં ૯ નય જાણવા.◂ *ઈમ ૬૨ ગાથાનો અર્થ.* ॥૫/૮॥

**नव नयाः त्रयश्चोपनयाः तर्कानुसारतः।**
**निश्चय-व्यवहारौ तु कथ्येतेऽध्यात्मरीतितः।।५/८।।**

### ❋ નય નવ, ઉપનય ત્રણ : દિગંબરમત ❋

**શ્લોકાર્થ** :- તર્કશાસ્ત્ર અનુસારે નવ નય અને ત્રણ ઉપનય છે. અધ્યાત્મશૈલીથી તો નિશ્ચય અને વ્યવહાર બે જ નય કહેવાય છે. (૫/૮)

### ❋ તાર્કિક પદ્ધતિ અને આધ્યાત્મિક પદ્ધતિનો સમન્વય સાધો ❋

**આધ્યાત્મિક ઉપનય** :- દેવસેનજીએ તર્કને અને અધ્યાત્મને કેન્દ્ર સ્થાનમાં ગોઠવી નયના વિભિન્ન વિભાગ બનાવ્યા છે. આનાથી આપણે એટલો બોધપાઠ લેવા જેવો છે કે કોઈ પણ વસ્તુને તાર્કિક શૈલીથી વિચાર્યા બાદ આધ્યાત્મિક પદ્ધતિએ પણ આપણે વિચારવી જોઈએ. વસ્તુલક્ષી વિચારધારા જીવને તર્કવાદની દિશામાં આગળ ધપાવે છે. જ્યારે આત્મલક્ષી વિચારણા જીવને અધ્યાત્મવાદના માર્ગે આગેકૂચ કરાવે છે. પદાર્થના સ્વરૂપની સ્પષ્ટતા તર્કવાદના માધ્યમથી થાય છે. જ્યારે પરમાત્મસ્વરૂપની સ્પષ્ટતા અધ્યાત્મવાદના આલંબને જ થાય છે. આથી આત્મહિત જોખમાય નહીં તે રીતે યથોચિતપણે તર્કવાદનો ટેકો લઈ મોક્ષસાધક પદાર્થનો સમ્યક્ નિર્ણય કરી, આગળ જતાં તાર્કિક દૃષ્ટિનો અને આધ્યાત્મિક દૃષ્ટિનો સમન્વય કરવા દ્વારા અધ્યાત્મવાદસમુદ્રમાં ઊંડા ઉતરી શાશ્વત આત્માનંદ, કેવલજ્ઞાન વગેરે ગુણરત્નોને પ્રાપ્ત કરી લેવા એ જ આપણું-આત્માર્થીઓનું પરમ કર્તવ્ય છે. કારણ કે શાશ્વત આત્માનંદ વગેરે પ્રાપ્ત થયા પછી ક્યારેય પણ દુઃખ-પીડા ઉત્પન્ન થવાની શક્યતા રહેતી નથી. આ અંગે **પ્રજ્ઞાપનાસૂત્ર**નો સંદર્ભ મનમાં સ્થિર કરવા યોગ્ય છે. ત્યાં **શ્યામાચાર્યજી**એ જણાવેલ છે કે ‘સર્વ દુઃખોનો પાર પામેલા, જન્મ-જરા-મરણસ્વરૂપ બંધનમાંથી કાયમ મુક્ત થયેલા સુખી એવા સિદ્ધ ભગવંતો પીડાશૂન્ય શાશ્વત સુખને પામેલા છે.’ (૫/૮)

✠ કો.(૧૨)માં ‘અધ્યાત્મ’ પાઠ.

♦ કો.(૨)માં ‘નય’ પાઠ. મ.નો પાઠ લીધો છે.

✡ કો.(૧૩)+આ.(૧)માં ‘ત્રિણ’ પાઠ.

▸...◂ ચિહ્નદ્વયવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૧)માં છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

**પહિલો દ્રવ્યારથ નયો, દસ પ્રકાર તસ જાણો રે;**
**શુદ્ધ અકર્મોપાધિથી, દ્રવ્યાર્થિક ધુરિ આણો રે ॥૫/૯॥ (૬૩) ગ્યાન.**

દ્રવ્યાર્થનય ૧, પર્યાયાર્થનય ૨, નૈગમનય ૩, સંગ્રહનય ૪, વ્યવહારનય ૫, ઋજુસૂત્રનય ૬, શબ્દનય ૭, સમભિરૂઢનય ૮, એવંભૂતનય ૯ - એ નવ નયના નામ.

તિહાં **પહિલો દ્રવ્યાર્થિકનય.** (**તસ**=) તેહના **દસ પ્રકાર જાણવા.**

તે દ્રવ્યાર્થિકનયના દસભેદમાંહિ **ધુરિ** કહતાં પહિલાં **અકર્મોપાધિથી શુદ્ધ દ્રવ્યાર્થિક** મનમાંહિ **આણો.** "**कर्मोपाधिरहितः शुद्धद्रव्यार्थिकः**" એ પ્રથમ ભેદ ♦જાણવો. ॥૫/૯॥

પરામર્શ :

**द्रव्यार्थनय आद्यो हि दशधा स विभिद्यते।**
**अकर्मोपाधिना शुद्ध आद्यो द्रव्यार्थ उच्यते।।५/९।।**

### ❈ પ્રથમ દ્રવ્યાર્થિકનયને સમજીએ ❈

**શ્લોકાર્થ** :- પ્રથમ નય દ્રવ્યાર્થનય છે. તેના દશ પ્રકારે ભેદ પડે છે. અકર્મઉપાધિથી પ્રથમ શુદ્ધ દ્રવ્યાર્થિકનય કહેવાય છે. (૫/૯)

### ❈ નિરુપાધિક આત્મસ્વરૂપને પ્રગટાવીએ ❈

**આધ્યાત્મિક ઉપનય** :- કર્મ જીવને સંસારમાં રખડાવનાર હોવાથી ઉપાધિસ્વરૂપ છે. જીવના મૂળભૂત ચૈતન્ય સ્વરૂપમાં કર્મનો પ્રવેશ શાસ્ત્રકાર પરમર્ષિઓને માન્ય નથી. જીવને વળગેલા કર્મો આગંતુક હોવાથી તે ઉપાધિરૂપે ઓળખાય છે. આગંતુક ઉપાધિ સ્વરૂપ કર્મોની સમ્યક્ પ્રકારે ઉપેક્ષા કરીને કર્મથી રહિત જીવના સ્વરૂપને ઓળખાવનાર શુદ્ધ દ્રવ્યાર્થિકનયના માધ્યમથી નિરુપાધિક આત્મસ્વરૂપની ઉપલબ્ધિ થાય છે. "સિદ્ધ ભગવંતો સર્વદ્વન્દ્વરહિત, સર્વપીડાશૂન્ય, સર્વથા કૃતાર્થ છે. તેઓના સુખનું તો શું વર્ણન કરવું ?" - આ પ્રમાણે **શાસ્ત્રવાર્તાસમુચ્ચય**માં તથા **ઉપમિતિભવપ્રપંચા કથા**માં સર્વોત્કૃષ્ટ આનંદથી વર્ણાયેલ સિદ્ધસ્વરૂપ = નિરુપાધિક આત્મસ્વરૂપ દર્શાવેલ છે. તે લોકાગ્ર ભાગે અભિવ્યક્ત થાય છે. તેને પ્રાપ્ત કરવાની સૂચના, હિતશિક્ષા અહીં મળે છે. (૫/૯)

♦ પુસ્તકોમાં 'જાણવો' પાઠ નથી. ફક્ત કો.(૧૩) + લા.(૨)માં છે.

એહનો વિષય દેખાડઇ છઇ -

**જિમ - સંસારી પ્રાણિયા♦, સિદ્ધસમોવડિ ગણિઈ રે;**

**સહજભાવ આગલિં કરી, ભવપર્યાય ન□ ગણિઈ રે ।।૫/૧૦।। (૬૪) ગ્યાન.**

**જિમ સંસારી** ▸જીવ જે◂ **પ્રાણિયા** સર્વ (**સિદ્ધસમોવડી**=) સિદ્ધસમાન **ગણિઈ. સહજ**✡ભાવ જે શુદ્ધાત્મસ્વરૂપ, તેહ **આગલિં**✦ **કરીનઇં**. તિહાં **ભવપર્યાય** = જે સંસારના ભાવ, તે **ન ગણિઈ** = તેહની વિવક્ષા ન કરીઈ. એ અભિપ્રાયઈ ***દ્રવ્યસંગ્રહ***ઈ કહિઉં છઈ -

**[1]मग्गण-गुणठाणेहिं य चउदसहिं हवंति तह असुद्धणया ।**

**विण्णेया संसारी, सव्वे ※सुद्धा हु सुद्धणया ।।** (बृ.द्र.स.१३) **।।૫/૧૦।।**

परामर्शः **यथा संसारिणः सर्वे गण्यन्ते सिद्धतुल्यकाः।**

**सहजभावमादृत्य भवभावानपेक्षणात्।।५/१०।।**

**※ પ્રથમ દ્રવ્યાર્થિકનયનો વિષય ※**

**શ્લોકાર્થ** :- જેમ કે સર્વ સંસારી જીવો સાંસારિક ભાવની અપેક્ષા કર્યા વિના સહજ ભાવને આગળ કરીને સિદ્ધસમાન ગણાય છે. (૫/૧૦)

**❖ શુદ્ધ દ્રવ્યાર્થિકનયનું પ્રયોજન અપનાવીએ ❖**

**આધ્યાત્મિક ઉપનય** :- જેમ બીજનો ચંદ્ર દેખાડવા માટે ઝાડની શાખાનો સહારો લેવામાં આવે છે. પરંતુ મહત્ત્વ શાખાદર્શનનું નથી, ચંદ્રદર્શનનું છે. તેમ સંસારી જીવોના શરીર દેખાય ત્યારે તેના માધ્યમે તેમના સહજસ્વભાવનો આશ્રય કરીને સિદ્ધસ્વરૂપના દર્શન કરવાના છે. શુદ્ધ આત્મદ્રવ્યનું દર્શન કરાવનારી શુદ્ધ દ્રવ્યાર્થિકદષ્ટિથી સર્વ જીવોને સિદ્ધસ્વરૂપી જોવાથી સંસારી જીવો પ્રત્યે રાગ-દ્વેષ આદિ મલિન પરિણામો જાગવાની સંભાવના રવાના થાય છે. સર્વ જીવોમાં સમત્વ ભાવ, મધ્યસ્થ ભાવ પ્રગટે છે. આપણી દષ્ટિ સહજતઃ પરિપૂર્ણ શુદ્ધ આત્મદ્રવ્યની ગ્રાહક બનવાથી આપણી દષ્ટિમાં પરિપૂર્ણતા અને શુદ્ધિ પ્રગટે છે. તેથી જ પરિપૂર્ણ અને પરિશુદ્ધ આત્મદ્રવ્યને પ્રગટ કરવાની એક માત્ર ભાવના અંતઃકરણમાં છવાઈ જાય છે. આ રીતે શુદ્ધ આત્મદ્રવ્યની પ્રતીતિ કરીને સાધક **મહાનિશીથ**માં વર્ણવેલ સર્વદુઃખશૂન્ય મોક્ષને ઝડપથી મેળવે છે.(૫/૧૦)

---

♦ ધ.માં 'પ્રણિઆ' પાઠ. કો.(૧૩)નો પાઠ લીધો છે.

□ લી.(૩)માં 'વિગણીઈ' પાઠ.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

✡ કો.(૧૨)માં 'સહજસ્વભાવ' પાઠ.

✦ કો.(૧૩)માં 'આગલ' પાઠ.

※ કો.(૧૩)માં 'સિદ્ધા' પાઠ.

1. मार्गणा-गुणस्थानैः चतुर्दशभिः भवन्ति तथा अशुद्धनयात्। विज्ञेयाः संसारिणः सर्वे शुद्धाः खलु शुद्धनयात्।।

**ઉત્પાદ-વ્યયગૌણતા, સત્તામુખ્ય જ બીજઈ રે;**
**ભેદ શુદ્ધ-દ્રવ્યાર્થિ♦, દ્રવ્ય નિત્ય જિમ લીજઈ રે ॥૫/૧૧॥ (૬૫) ગ્યાન.**

ઉત્પાદ (૧) નઈ વ્યય (૨)ની ગૌણતાઈ, અનઈ **સત્તામુખ્યતાઈ બીજો ભેદ શુદ્ધદ્રવ્યાર્થનો** જાણવો. "**उत्पाद-व्ययगौणत्वेन सत्ताग्राहकः शुद्धद्रव्यार्थिकः**" એહ બીજો ભેદ.

**(જિમ)** એહનઈં મતિં **દ્રવ્ય નિત્ય લીજઈ**, નિત્ય તે ત્રિકાલઈં અવિચલિતરૂપ સત્તા મુખ્ય લેતાં એ ભાવ સંભવઈ. પર્યાય પ્રતિક્ષણ પરિણામી છઇ, તો પણિ જીવ-પુદ્ગલાદિદ્રવ્યસત્તા કદાપિ ચલતી નથી. *ઈતિ ભાવાર્થ. જ્ઞાનદષ્ટિં કરી તુમ્હે દેખઓ જોવઉં.* ॥૫/૧૧॥

---

**उत्पाद-व्ययगौणत्वम्, द्वितीये सत्त्वमुख्यता।**
**द्रव्यार्थिकनये शुद्धे, नित्यं द्रव्यं यथा ननु।।५/११।।**

---

**❋ દ્રવ્યાર્થિકનયનો બીજો ભેદ સમજીએ ❋**

**શ્લોકાર્થ** :- બીજા શુદ્ધ દ્રવ્યાર્થિકનયમાં ઉત્પાદ-વ્યય ગૌણ હોય છે અને સત્તાની મુખ્યતા હોય છે. જેમ કે (તમામ) દ્રવ્ય નિત્ય છે. (૫/૧૧)

**❯ સત્તાગ્રાહક દ્રવ્યાર્થિકનયનું પ્રયોજન ❯**

**આધ્યાત્મિક ઉપનય** :- નોકર દ્વારા કાચનો ગ્લાસ કે કાચનું વાસણ તૂટી જાય ત્યારે પુદ્ગલત્વરૂપે ગ્લાસની નિત્યતા-વિચારી-સ્વીકારી નોકર ઉપર થતા ગુસ્સાને અટકાવવો. જેમ આગળ વધતા બાણનો ક્રમશઃ ક્ષીણ થતો વેગ જ્યારે સંપૂર્ણપણે ખલાસ થાય ત્યારે બાણ પડી જાય છે, તેમ આયુષ્ય ખલાસ થાય ત્યારે દેહ પડી જાય છે. તે અવસરે મોતનો ડર લાગે તો '[1]एगो मे सासओ अप्पा' આ પ્રમાણે **આતુર-પ્રત્યાખ્યાન પ્રકીર્ણક (= પયન્ના), મહાપ્રત્યાખ્યાન પ્રકીર્ણક, ચન્દ્રકવેધ્યક પ્રકીર્ણક, આરાધનાપ્રકરણ,** (શ્રીઅભયદેવસૂરિરચિત) ગ્રંથના વચનને યાદ કરીને, અસ્તિત્વગ્રાહી શુદ્ધ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ આત્મત્વરૂપે આત્માની નિત્યતાને મનોગત કરીને, નિર્ભય અને સ્વસ્થ બનવું. આ રીતે સર્વત્ર જ્ઞાનદૃષ્ટિથી જોવું.

**❋ સર્વત્ર ઉદ્વેગને ટાળીએ ❋**

ધરતીકંપ વગેરેથી મકાન પડી જાય કે છરી વગેરેથી કપડું ફાટી જાય ત્યારે મકાનત્વ-વસ્ત્રત્વ વગેરે પર્યાય તરફ ઉદાસીન રહી પુદ્ગલત્વરૂપે તેની નિત્યતાને વિચારીને ઉદ્વેગને આવતો અટકાવવો. આ રીતે સત્તાગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિકનય સ્વસ્થતા, નીડરતા વગેરે ગુણોને કેળવવા માટે ખૂબ ઉપયોગી બને છે. આ જ રીતે મોક્ષમાર્ગે ક્રમશઃ આગળ વધતાં **નવતત્ત્વસંવેદન**માં જણાવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટે છે. ત્યાં શ્રાદ્ધવર્ય **અંબપ્રસાદજી**એ કહેલ છે કે 'સિદ્ધસ્વરૂપ શબ્દ-વર્ણ-રસ-સ્પર્શ-ગન્ધાદિનો અવિષય છે, માયાશૂન્ય છે, નિરંજનજ્યોતિ છે, પારમાર્થિક છે, પરમ અક્ષર = શાશ્વત છે.'(૫/૧૧)

---

♦ લા.(૧) + મ.માં '...દ્રવ્યારથિ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

1. एको मे शाश्वत आत्मा।

**ત્રીજો શુદ્ધ દ્રવ્યારથો, ભેદકલ્પનાહીનો રે;**
**જિમ નિજગુણ-પર્યાયથી, ♦કહિઈં દ્રવ્ય અભિન્નો✡ રે ॥૫/૧૨॥ (૬૬) ગ્યાન.**

ત્રીજો ભેદ ભેદકલ્પનાઈં હીન શુદ્ધદ્રવ્યાર્થ. "♰भेदकल्पनारहितः शुद्धद्रव्यार्थिकः" इति तृतीयो भेदः *એહ ઈમ જાણવું*. **જિમ** એક જીવ-પુદ્ગલાદિક **દ્રવ્ય નિજગુણ-પર્યાયથી અભિન્ન કહિઈં**. ભેદ છઈં, પણિ તેહની અર્પણા ન કરી, અભેદની અર્પણા કરી; તે માટઇં અભિન્ન. એ ત્રીજો ભેદ શુદ્ધ⊕.॥૫/૧૨॥

**भेदप्रकल्पनाशून्यः शुद्धो द्रव्यार्थिको नयः।**
**तृतीयः स्याद् यथा द्रव्यं स्वगुण-पर्ययाऽपृथक्॥५/१२॥**

### ❋ ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિક : તૃતીય ભેદ ❋

**શ્લોકાર્થ** :- ભેદકલ્પનાશૂન્ય શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો ત્રીજો ભેદ છે. જેમ કે દ્રવ્ય સ્વગુણ-પર્યાયથી અભિન્ન છે. (૫/૧૨)

### ❋ નિર્વિકલ્પદશા મેળવવા ત્રીજો દ્રવ્યાર્થિક ઉપયોગી ❋

**આધ્યાત્મિક ઉપનય** :- દ્રવ્ય અને ગુણ-પર્યાય વચ્ચે ભેદની કલ્પના જીવને સવિકલ્પદશામાં રાખીને નિર્વિકલ્પદશામાં આરૂઢ થવા દેતી નથી. ખેતરમાં ધાન્યની સાથે પાંદડા, ઘાસ વગેરે હોય પણ ધાન્યાર્થી (ધનાર્થી) જેમ પાંદડા વગેરેને છોડી અનાજને ગ્રહણ કરે છે, તેમ જે સાધકે નિર્વિકલ્પદશામાં અત્યંત ઝડપથી આરૂઢ થવું હોય તે સાધકે ગુણ-ગુણી, પર્યાય-પર્યાયી વગેરેમાં ઉભા થતા ભેદના વિકલ્પોને છોડી, ભેદના વિકલ્પોથી નિરપેક્ષ બનીને શુદ્ધ, અખંડ, પરિપૂર્ણ આત્મદ્રવ્ય ઉપર પોતાની દૃષ્ટિને રુચિપૂર્વક પ્રતિદિન દીર્ઘ સમય સુધી સ્થાપિત કરવી જોઈએ, અખંડ આત્માને ગ્રહણ કરવો જોઈએ. આ રીતે ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનયના દૃષ્ટિકોણને આત્મસાત્ કરી નિર્વિકલ્પદશા, અપ્રમત્તતા, અપૂર્વકરણ વગેરેને મેળવી ઝડપથી કેવલજ્ઞાન, સિદ્ધસુખ વગેરેને પ્રગટ કરવાનું છે. સિદ્ધ ભગવંતના સુખને **ભગવતી આરાધના** ગ્રંથમાં દિગંબર **શિવાર્યજી** આ રીતે વર્ણવે છે કે '(૧) અનુપમ, (૨) અમાપ, (૩) અક્ષય, (૪) અમલ, (૫) અજર, (૬) રોગરહિત, (૭) ભયશૂન્ય, (૮) સંસારાતીત, (૯) ઐકાન્તિક, (૧૦) આત્યન્તિક, (૧૧) પીડારહિત, (૧૨) કોઈના દ્વારા જીતી ન શકાય તેવું સિદ્ધોનું સુખ હોય છે.' તેથી તેને પ્રગટ કરાવનાર, પ્રાપ્ત કરાવનાર પ્રસ્તુત આંતરિક મોક્ષમાર્ગને આત્માર્થી સાધકે ચૂકવો જોઈએ નહિ - તેવા પ્રકારનો ઉપદેશ અહીં ધ્વનિત થાય છે. (૫/૧૨)

♦ કો.(૨)માં 'કહિયેં' પાઠ છે.

✡ કો.(૧૩)માં 'ભિન્નઅભિન્નો' પાઠ.

♰ કો.(૧૩)માં '**भेदकक...**' પાઠ.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

⊕ કો.(૧૩)માં 'શુદ્ધ' નથી.

**અશુદ્ધ કર્મોપાધિથી, ચોથો એહનો ભેદો રે;**
**કર્મભાવમય આતમા, જિમ ક્રોધાદિક વેદો રે ॥૫/૧૩॥ (૬૭) ગ્યાન.**

**ચોથો એહનો** = દ્રવ્યાર્થિકનો ભેદ **કર્મોપાધિથી અશુદ્ધ** કહવો. "**कर्मोपाधिसापेक्षोऽशुद्धद्रव्यार्थिकः" इति चतुर्थो भेदः** જાણવો.♦

**જિમ ક્રોધાદિક કર્મ-ભાવમય આતમા વેદો** છો = જાણો છો. *તે ચોથો જાણવો.* જિવારઈં જે દ્રવ્ય, જે ભાવઈં પરિણમઈ, તિવારઈં તે દ્રવ્ય તન્મય કરિ જાણવું. જિમ લોહ અગ્નિપણઈં પરિણમિઉં✿, તે કાલિ લોહ અગ્નિરૂપ કરી જાણવું. ઈમ ક્રોધમોહનીયાદિકર્મોદયનઈં અવસરઈં ક્રોધાદિભાવપરિણત આત્મા ક્રોધાદિરૂપ કરી જાણવો. **अत एव** ❊આત્માના આઠ ભેદ❒ સિદ્ધાંતમાંહિ પ્રસિદ્ધ છઈ. ॥૫/૧૩॥

---

**द्रव्यार्थिकनयोऽशुद्धः चतुर्थः कर्मतो भवेत्।**
**क्रोधादिकर्मभावेन जीवः परिणतो यथा।।५/१३।।**

---

### દ્રવ્યાર્થિકનયના ચોથા ભેદને સમજીએ

**શ્લોકાર્થ** :- કર્મની અપેક્ષાએ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય ચોથો ભેદ બને છે. જેમ કે 'ક્રોધાદિ કર્મભાવથી જીવ પરિણમેલ છે' - આવું વચન. (૫/૧૩)

### ચોથા દ્રવ્યાર્થિકનું પ્રયોજન

**આધ્યાત્મિક ઉપનય** :- ઘણી વાર માણસ કહેતો હોય છે કે 'હું શું કરું ? મારો સ્વભાવ જ ખરાબ છે. મારો સ્વભાવ ક્રોધનો છે. મારો સ્વભાવ ચીડિયો છે. એમાં હું શું કરું ? આમાં મારો શું વાંક છે ? મારો સ્વભાવ અહીં ગુનેગાર છે, હું નહિ. મારા સ્વભાવનો વાંક છે, મારો નહિ.' આ રીતે પોતાના સ્વભાવથી પોતાની જાતને જુદી દર્શાવીને પોતે નિરપરાધી હોવાનો દેખાવ કરે છે.

પરંતુ આવું વલણ વ્યાજબી નથી. વાસ્તવમાં તો આવા સ્થળે આ પ્રકારનો બચાવ કરવાના બદલે કર્મોપાધિસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનયના અભિપ્રાયને અનુસરીને પોતાના સ્વભાવથી પોતાને અલગ માન્યા વિના 'માફ કરો, હું ક્રોધી છું, મેં ગુસ્સો કર્યો એ મારો ગુનો છે' - આ પ્રમાણે પોતાનો અપરાધ સ્વીકારીને વિનમ્રભાવે ક્ષમાયાચના કરવી જોઈએ. આ પ્રમાણેનો ઉપદેશ ચોથા દ્રવ્યાર્થિકનય દ્વારા પ્રાપ્ત થાય છે.

આ જ રીતે કર્મબીજ બળવાના લીધે **દેવેન્દ્રસ્તવ પ્રકીર્ણક**માં, **આવશ્યકનિર્યુક્તિ**માં, **તીર્થોદ્ગાલિક પ્રકીર્ણક**માં, **ઔપપાતિકસૂત્ર**માં, **પ્રજ્ઞાપનાસૂત્ર**માં જણાવેલ, **આત્મપ્રબોધ**માં **શ્રીજિનલાભસૂરિ**એ સૂચવેલ, **સમરાઈચ્ચકહા**માં કહેલ, **વિચારસાર પ્રકરણ**માં **શ્રીપ્રદ્યુમ્નસૂરિ**એ દર્શાવેલ અને **કુમારપાલપ્રબોધપ્રબંધ**માં ઉદ્ધૃત ગાથામાં જણાવેલ સિદ્ધસુખ સુલભ બને. ત્યાં જણાવેલ છે કે 'મનુષ્યોની પાસે તે સુખ નથી તથા સર્વ દેવો પાસે પણ તે સુખ નથી, જે સુખ અવ્યાબાધાને પામેલા સિદ્ધો પાસે હોય છે.'(૫/૧૩)

---

♦ પુસ્તકોમાં 'જાણવો' નથી. ફક્ત લા.(૨)માં છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.
✿ સિ.+કો.(૯)માં 'પરિણમતું' પાઠ. ❊ પુસ્તકોમાં 'આતમાના' પાઠ છે. કો.(૧૨)નો પાઠ લીધો છે.
❒ મ.માં 'આઠ' નથી. કો.(૧૩)માં 'ભેદ'ના બદલે 'ભાવ' પાઠ.

**તે અશુદ્ધ વલી પાંચમો, વ્યય-ઉત્પત્તિસાપેખો રે;**
**ઉત્પાદ-વ્યય-ધ્રુવ એકઈ, સમયઈ♦ દ્રવ્ય જિમ પેખો રે ।।૫/૧૪।। (૬૮) ગ્યાન.**

(વલી) તે (અશુદ્ધ) દ્રવ્યાર્થિક ભેદ **પાંચમો વ્યય-ઉત્પત્તિસાપેક્ષ** જાણવો. "**उत्पाद-व्ययसापेक्षसत्ताग्राहकोऽशुद्धद्रव्यार्थिकः पञ्चमः**" । **જિમ એક સમયઈ દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય રૂપ (પેખો)** કહિઇં. જે કટકાદ્યુત્પાદ✡સમય, તેહ ☩જ કેયૂરાદિવિનાશસમય; અનઈં કનકસત્તા તો અવર્જનીય જ છઈં.

'एवं सति ❖त्रैलक्षण्यग्राहकत्वेनेदं प्रमाणवचनमेव स्यात्, न तु नयवचनम्' इति चेत्?

**न, मुख्य-गौणभावेनैवानेन नयेन त्रैलक्षण्यग्रहणात्, मुख्यतया स्व-स्वार्थग्रहणे नयानां सप्तभङ्गीमुखेनैव व्यापाराद्** *इति भावार्थः*" ।।૫/૧૪।।

---

**द्रव्यार्थिकनयोऽशुद्धः पञ्चमो व्यय-जन्मतः।**
**यथैकसमये द्रव्य उत्पाद-व्यय-नित्यता।।५/१४।।**

---

### ❁ દ્રવ્યાર્થિકનયના પાંચમા ભેદને સમજીએ ❁

**શ્લોકાર્થ** :- ઉત્પાદ-વ્યયની અપેક્ષાએ પાંચમો અશુદ્ધ દ્રવ્યાર્થિકનય જાણવો. જેમ કે 'એક સમયે દ્રવ્યમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય રહે છે' - આ પ્રમાણેનું વચન (૫/૧૪)

### ❁ ધ્રૌવ્યને મુખ્ય કરવાનું આધ્યાત્મિક પ્રયોજન ❁

**આધ્યાત્મિક ઉપનય** :- ઉત્પાદ-વ્યયને ગૌણરૂપે સ્વીકારી ધ્રૌવ્યને મુખ્ય કરવાનો પાંચમાં દ્રવ્યાર્થિકનો દૃષ્ટિકોણ આધ્યાત્મિક દૃષ્ટિએ એ રીતે ઉપયોગી છે કે 'રોગ આવે અને જાય, માન-અપમાન ભલે આવા-ગમન કરે, પુણ્ય અને પાપનો ઉદય ભલે પરિવર્તન પામે, અનુકૂલ-પ્રતિકૂલ સંયોગો છો ને પલટાય. તેનાથી આત્માના મૂળભૂત ધ્રુવસ્વરૂપમાં કશી હાનિ થતી નથી. આત્મા તો પોતાના મૂળભૂત ચૈતન્યસ્વભાવમાં સર્વદા સર્વત્ર સ્થિર જ રહે છે' - આ પ્રમાણેની વિચારધારાથી ભાવિત થઈને શારીરિક-ભૌતિક-કૌટુંબિક-આર્થિક-ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિ પલટાવા છતાં પણ તેની સારી-માઠી અસરથી મુક્ત રહી અસંગ, અલિપ્ત, અખંડ, અમલ આત્મદ્રવ્ય ઉપર પોતાની દૃષ્ટિને સ્થિર કરી, રત્નત્રયીના પર્યાયોને વિમલ બનાવી, આંતરિક મોક્ષમાર્ગે આગેકૂચ કરવી એ જ સાધક માટે પરમ હિતકારી છે.

---

♦ કો.(૯) + સિ.માં 'સમિ' પાઠ. કો.(૪)માં 'સમયેં' પાઠ. સં.(૧)માં 'સમઈં' પાઠ. અહીં કો.(૨)નો પાઠ લીધો છે.
✡ કો.(૧૨)માં '...દવ્યયસમય' અશુદ્ધ પાઠ.
☩ કો.(૧૩)માં 'તેહ જ' પાઠ નથી.
❖ કો.(૧૩)માં '**लक्षण्याग्रा...**' ઈત્યાદિ અશુદ્ધ પાઠ.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

## ❋ મોક્ષની આગવી ઓળખ ❋

આ રીતે જ **ઔપપાતિકસૂત્ર**માં, **તીર્થોદ્ગાલિ પ્રકીર્ણક**માં, **દેવેન્દ્રસ્તવપયન્ના**માં ભદ્રબાહુસ્વામિરચિત **આવશ્યકનિર્યુક્તિ**માં, શ્યામાચાર્યકૃત **પ્રજ્ઞાપનાસૂત્ર**માં, જિનલાભસૂરિએ સંગૃહીત **આત્મપ્રબોધ**માં, શ્રીહેમચન્દ્રસૂરિકૃત **પુષ્પમાલા**માં દર્શાવેલ તથા **કુમારપાલપ્રબોધપ્રબંધ**માં ઉદ્ધૃત કરેલ ગાથામાં જણાવેલ સિદ્ધસુખ ઝડપથી પ્રાપ્ત થાય. ત્યાં જણાવેલ છે કે 'સર્વ દુઃખોના પારને પામેલ, જન્મ-જરા-મરણરૂપી બંધનમાંથી પૂર્ણતયા મુક્ત થયેલા સિદ્ધ ભગવંતો શાશ્વત કાળ સુધી પીડારહિત સુખને અનુભવે છે.' (૫/૧૪)

**◆ગ્રહતો ભેદની કલ્પના, છટ્ઠો તેહ અશુદ્ધો રે;**
**જિમ આતમના બોલિઈં, જ્ઞાનાદિક ગુણ શુદ્ધો રે ॥૫/૧૫॥ (૬૯) ગ્યાન.**

**ભેદની કલ્પના ગ્રહતો (તેહ) છટ્ઠો અશુદ્ધ** દ્રવ્યાર્થિક જાણવો. **જિમ જ્ઞાનાદિક શુદ્ધ ગુણ આત્માના બોલિઈ.** ઇહાં ષષ્ઠી વિભક્તિ ભેદ કહિઈં છઇ, "**भिक्षोः पात्रम्**" **इतिवत्**। અનઇં ભેદ તો ગુણ-ગુણિનઇં છઈ નહીં. "**भेदकल्पनासापेक्षोऽशुद्धद्रव्यार्थिकः षष्ठः *ज्ञातव्यः***" ॥૫/૧૫॥

---

**भेदप्रकल्पनाऽऽदाने षष्ठोऽशुद्धः स इष्यते।**
**यथा ज्ञानादिकः शुद्धो गुण आत्मन उच्यते।।५/१५।।**

---

**❀ દ્રવ્યાર્થિક નયનો છટ્ઠો ભેદ જાણીએ ❀**

**શ્લોકાર્થ** :- ભેદકલ્પના ગ્રહણ કરવામાં આવે તો તે અશુદ્ધ દ્રવ્યાર્થિકનય છટ્ઠા ભેદરૂપે માન્ય બને છે. જેમ કે આ નય દ્વારા જ્ઞાનાદિક આત્માના શુદ્ધ ગુણ કહેવાય છે. (૫/૧૫)

**✻ છટ્ઠો દ્રવ્યાર્થિક મોક્ષપુરુષાર્થમાં પ્રેરક ✻**

**આધ્યાત્મિક ઉપનય** :- ભેદકલ્પનાસાપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ આત્મા અને તેના નિર્મળ ગુણ-પર્યાયો વચ્ચે ભેદ હોવાથી નિર્મળ ગુણ-પર્યાયને પ્રગટ કરવાનો પુરુષાર્થ કરવાની અત્યંત આવશ્યકતા રહેલી છે. આમ છટ્ઠો દ્રવ્યાર્થિકનય નિર્મળ ગુણ-પર્યાયની પ્રાપ્તિ માટે પ્રેરક બને છે. જો આત્માથી તેના ગુણ-પર્યાયો સર્વથા અભિન્ન હોય તો ગુણ-પર્યાયની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવાની કશી જ આવશ્યકતા રહેશે નહિ. કારણ કે આત્મા તો ધ્રુવ હોવાથી સદા પ્રાપ્ત જ છે. તેથી આત્માથી અભિન્ન ગુણો પણ પ્રાપ્ત જ થશે. તેની પ્રાપ્તિ માટે કોઈ ઉદ્યમ કરવાની આવશ્યકતા રહેશે નહિ. પરંતુ આવું માન્ય નથી. તેથી મોક્ષપુરુષાર્થનો ઉચ્છેદ ન થઈ જાય તે માટે ભેદકલ્પનાસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય અત્યન્ત ઉપયોગી બને છે. તેમજ તેના ઉપયોગથી **યોગશતક**માં દર્શાવેલ સિદ્ધિ અત્યંત ઝડપથી પ્રગટ થાય છે. ત્યાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'જન્મ-જરા-મરણાદિ દોષથી રહિત, પારમાર્થિક અને એકાન્તે વિશુદ્ધિ સ્વરૂપ એવી સિદ્ધિ = મુક્તિ છે.' (૫/૧૫)

---

◆ પુસ્તકોમાં 'ગહત' પાઠ. કો.(૪)નો પાઠ લીધો છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. લા.(૨)માં છે.

**અન્વયદ્રવ્યાર્થિક કહિઓ, સપ્તમ એક ♦સ્વભાવો રે;**

**દ્રવ્ય એક જિમ ભાખિઈં, ગુણ-પર્યાયસ્વભાવો રે ॥૫/૧૬॥ (૭૦) ગ્યાન.**

**સાતમો અન્વયદ્રવ્યાર્થિક કહિઓ**, જે **એક સ્વભાવ** બોલઇ. **જિમ એક** જ **દ્રવ્ય ગુણ-પર્યાયસ્વભાવ** (ભાખીઈ=) કહિઇં. ગુણ-પર્યાયનઈં વિષયઈં ♦દ્રવ્યનો અન્વય છઇ.

**अत एव** દ્રવ્ય જાણિયેં✡, દ્રવ્યાર્થાદેશઇં "તદનુગત❖ સર્વ ગુણ-પર્યાય જાણ્યા" કહિઇં.

જિમ સામાન્ય પ્રત્યાસત્તિં❈ **પરવાદી** "સર્વ વ્યક્તિ જાણી" કહઈ, તિમ ઈહાં જાણવું.

"अन्वयद्रव्यार्थिकः सप्तमः" ॥૫/૧૬॥

**अन्वयकारकः प्रोक्त एकस्वभावदर्शकः।**
**एकं द्रव्यं हि पर्याय-गुणस्वभाव उच्यते।।५/१६।।**

**❋ સાતમા દ્રવ્યાર્થિકનું પ્રતિપાદન ❋**

***શ્લોકાર્થ*** :- એકસ્વભાવનો પ્રતિપાદક અન્વયકારક દ્રવ્યાર્થિકનય (સાતમો) દ્રવ્યાર્થિક કહેવાય છે. જેમ કે એક જ દ્રવ્ય ગુણ-પર્યાયનો સ્વભાવ કહેવાય છે. (૫/૧૬)

**આધ્યાત્મિક ઉપનય** : - 'દ્રવ્ય જ ગુણ-પર્યાયનો સ્વભાવ છે' - આવી અન્વયદ્રવ્યાર્થિકનયની વાત જાણીને આપણા પ્રત્યેક ગુણ-પર્યાયમાં આત્મદ્રવ્ય વણાયેલ હોય તેવી પ્રતીતિ કરવા આપણે કટિબદ્ધ બનવું. આપણા ગુણોની પ્રકૃતિ રાજસપ્રકૃતિસ્વરૂપ (દા.ત. પત્ની એક સાડી માંગે ત્યારે પાંચ કિંમતી સાડી આપવા સ્વરૂપ રાજસ પ્રકૃતિવાળી ઉદારતા) કે તામસપ્રકૃતિસ્વરૂપ (દા.ત. સ્વેચ્છાપૂર્વક અનિષ્ટ તત્ત્વને પ્રોત્સાહન આપવા માટે ગુંડાઓને પુષ્કળ પૈસા આપવા સ્વરૂપ તામસપ્રકૃતિવાળી ઉદારતા) ન બને; પરંતુ તેમાં સાત્ત્વિક પ્રકૃતિ, આધ્યાત્મિક વલણ, આત્મદ્રવ્ય વણાયેલ જોવા મળે તે રીતે આપણે પ્રયત્ન કરવો જોઈએ. તે જ સ્વરૂપે આપણા ગુણનો અનુભવ આપણે કરવો જોઈએ. તેમ જ મનુષ્ય, તિર્યંચ, મિથ્યાદૃષ્ટિ, કામી, ક્રોધી વગેરે કાર્મિક પર્યાયોની (= કર્મોદયજન્ય, પ્રાયઃ કર્મબંધજનક, નિકૃષ્ટ પરિણામોની) ઉપેક્ષા કરીને તેના બદલે જેમાં ચેતનદ્રવ્ય છવાયેલ હોય તેવા સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ, સર્વવિરતિ, ક્ષપક, કેવલી વગેરે નિર્મળ પર્યાયોનો અનુભવ કરવાનું પ્રણિધાન દૃઢ કરવું જોઈએ. તો જ પારમાર્થિક રીતે 'આત્મદ્રવ્ય સ્વકીયગુણ-પર્યાયનો સ્વભાવ છે' - આવો અબાધિત અનુભવ કરવાનું સૌભાગ્ય ઝડપથી સંપ્રાપ્ત થઈ શકે. ત્યાર બાદ **આરાધનાપતાકા**માં વર્ણવેલ પીડારહિત સિદ્ધસ્વરૂપ પ્રગટ થાય. ત્યાં દર્શાવેલ છે કે 'સિદ્ધાત્મામાં (૧) ઘડપણ નથી, (૨) મૃત્યુ નથી, (૩) વ્યાધિ નથી, (૪) પરાભવ પામવાપણું કે કરવાપણું નથી, (૫) ભય નથી, (૬) તૃષ્ણા-તરસ નથી, (૭) ભૂખ નથી, (૮) પરવશતા નથી, (૯) દુર્ભાગ્ય નથી, (૧૦) દીનતા નથી, (૧૧) શોક નથી, (૧૨) પ્રિયવિયોગ નથી, (૧૩) અનિષ્ટ સંયોગ નથી, (૧૪) ઠંડી નથી, (૧૫) ગરમી નથી, (૧૬) સંતાપ નથી, (૧૭) દરિદ્રતા નથી.' (૫/૧૬)

♦ કો.(૪)માં 'એકત્વભાવો' પાઠ. ♦ કો.(૧૩)માં 'ષડ્દ્રવ્યનો' પાઠ. ✡ પુસ્તકોમાં 'જાણિં' પાઠ. કો.(૯)નો પાઠ લીધો છે.

❖ કો.(૧૨)માં 'તદનુગતિ' પાઠ. ❈ કો.(૧૩)માં '....સત્તેં' પાઠ.

**સ્વદ્રવ્યાદિકગ્રાહકો, ભેદ આઠમો ♦ભાખિઓ રે;**

**સ્વદ્રવ્યાદિક ચ્યારથી, છતો અરથ જિમ દાખિઓ રે ॥૫/૧૭॥ (૭૧) ગ્યાન.**

**સ્વદ્રવ્યાદિગ્રાહક** દ્રવ્યાર્થિક એહ **આઠમો ભેદ ભાખિઓ. જિમ અરથ** = ઘટાદિક✡ (**સ્વદ્રવ્યાદિક**=) સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ, સ્વભાવ - એ **ચારથી છતો (દાખીઓ=)** કહિઓ. સ્વદ્રવ્યથી = મૃત્તિકાદિકઈ♦, સ્વક્ષેત્રથી = પાટલિપુત્રાદિકઈ, સ્વકાલથી = વિવક્ષિત કાલઈ, સ્વભાવથી* = રક્તતાદિક ભાવઈ જ ઘટાદિકની સત્તા પ્રમાણસિદ્ધ છઈ. "**स्वद्रव्यादिकग्राहको द्रव्यार्थिकः अष्टमः**" *इति ૭૧મી ગાથાર્થ.* ॥૫/૧૭॥

**स्वद्रव्यादिग्रहादेव द्रव्यार्थिकनयोऽष्टमः ।**
**स्वद्रव्यादिचतुष्काद्धि सन् पदार्थो यथेक्ष्यते ॥५/१७॥**

### ❈ સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિક : આઠમો ભેદ ❈

**શ્લોકાર્થ** :- સ્વદ્રવ્યાદિનું ગ્રહણ કરવાથી આઠમો દ્રવ્યાર્થિકનય કહેવાયો છે. જેમ કે 'સ્વદ્રવ્ય વગેરે ચતુષ્ટયની અપેક્ષાએ પદાર્થ સત્ રૂપે દેખાય છે' - આવું વચન. (૫/૧૭)

### ❀ આઠમો દ્રવ્યાર્થિક સમાધિ ટકાવવા ઉપયોગી ❀

**આધ્યાત્મિક ઉપનય** :- સ્વદ્રવ્યાદિ ચારની અપેક્ષાએ જ પ્રત્યેક પદાર્થનું અસ્તિત્વ હોય છે. આનો અર્થ એ થયો કે કોઈ આપણા પૈસા-મકાન-દુકાન પડાવી લે તો તેનાથી આપણું અસ્તિત્વ જોખમાતું નથી. કારણ કે રૂપિયા પરદ્રવ્ય છે, આત્મદ્રવ્ય નથી. તથા જગ્યા, મકાન કે દુકાન એ પરક્ષેત્ર છે, આત્મક્ષેત્ર નથી. નિશ્ચયથી તો આત્મપ્રદેશો જ સ્વક્ષેત્ર છે. રૂપિયા કે મકાન ઉત્પન્ન થયા ન હતા ત્યારે પણ આત્માનું અસ્તિત્વ હતું. રૂપિયાનો અને મકાનનો નાશ થયા પછી પણ આત્માનું અસ્તિત્વ ટકે છે. આત્માનું અસ્તિત્વ રૂપિયા, જમીન, મકાન, દુકાન વગેરેને આધીન નથી કે જેના લીધે રૂપિયા વગેરેના વિયોગમાં આપણે શોક કરવો પડે. ગૌણ અને મુખ્ય વસ્તુમાં મુખ્યને સંભાળવી - આ ન્યાયથી રુચિપૂર્વક નિજ આત્મદ્રવ્યના અસ્તિત્વને સંભાળવું. તેથી પરદ્રવ્ય-ક્ષેત્રાદિના વિનાશ નિમિત્તે શોક કે ઉદ્વેગ કરવો નહિ. તથા સ્વભાવના આધારે પોતાનું અસ્તિત્વ ટકે છે આ વાતને લક્ષમાં રાખી વિભાવદશામાં કે દોષોમાં અટવાઈને પોતાનું અસ્તિત્વ સ્વાનુભૂતિની દૃષ્ટિએ જોખમાઈ ન જાય તે માટે સાધકે સતત સાવધ રહેવું. તેના લીધે **કુવલયમાળા**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટે. ત્યાં પાંચ અંતગડકેવલીની આરાધનાનું વર્ણન કરવાના અવસરે શ્રી**ઉદ્યોતનસૂરિજી**એ જણાવેલ છે કે "તે સિદ્ધ ભગવંતોનું અનંત જ્ઞાન ખરેખર દર્શન-ચારિત્ર-શક્તિથી યુક્ત હોય છે. તે પરમસિદ્ધાત્માઓ સૂક્ષ્મ, નિરંજન અને શાશ્વતસુખયુક્ત હોય છે." (૫/૧૭)

♦ મ.માં 'ભાખ્યો' પાઠ. કો.(૨)નો પાઠ લીધો છે. ✡ કો.(૯)માં 'ઘટાદિક ભાવે ઘટાદિકની' પાઠ.

♦ પુસ્તકોમાં 'મૃત્તિકાંઈ' પાઠ. કો.(૧૨)નો પાઠ લીધો છે. * કો.(૧૨)માં '...ભાવ થકી' પાઠ.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

**પરદ્રવ્યાદિકગ્રાહકો, ♦નવમો ભેદ✡ તેમાંહી રે;**
**પરદ્રવ્યાદિક ચ્યારથી, અર્થ છતો જિમ⁑ નાંહી રે ॥૫/૧૮॥ (૭૨) ગ્યાન.**

**તેમાંહિં** = દ્રવ્યાર્થિકમાંહિ, **પરદ્રવ્યાદિગ્રાહક નવમો ભેદ** કહિઓ છઈ. **જિમ અર્થ** ઘટાદિક, **પર દ્રવ્યાદિક ૪ થી છતો નહીં.** પર દ્રવ્ય = તંતુપ્રમુખ, તેહથી ઘટ અસત્ કહીઈ, પર ક્ષેત્ર ●જે કાશીપ્રમુખ તેહથી■, પર કાલ = ✱જે અતીત-અનાગત કાલ; તેહથી♦, પર ભાવથી = □કાલાદિક ભાવઈં વિવક્ષિત વિષયઈં અછતા પર્યાય તેહથી. "**परद्रव्यादिग्राहको द्रव्यार्थिको नवमः भेदः**★"। *इति ૭૨મી ગાથાર્થ.* ॥૫/૧૮॥

**परद्रव्यादिकग्राही द्रव्यार्थो नवमो नयः।**
**परद्रव्यादितः सन्न पदार्थो हि यथोच्यते।।५/१८।।**

### ❋ પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિક : નવમો ભેદ ❋

**શ્લોકાર્થ** :- પરદ્રવ્ય વગેરેને ગ્રહણ કરનાર નવમો દ્રવ્યાર્થિકનય છે. જેમ કે 'પરદ્રવ્યાદિની અપેક્ષાએ પદાર્થ સત્ નથી કહેવાતો' - આવું વચન. (૫/૧૮)

### ❖ વિભાવદશાથી અટકો ❖

**આધ્યાત્મિક ઉપનય** :- નવમા દ્રવ્યાર્થિકનયના અભિપ્રાયથી 'પરદ્રવ્ય-ક્ષેત્રાદિની અપેક્ષાએ કોઈ પણ વસ્તુનું અસ્તિત્વ નથી હોતું' - આ પ્રમાણે જાણતો આત્માર્થી સાધક રોટી-કપડા-મકાન-સત્તા-સંપત્તિ-સ્વાસ્થ્ય-સૌંદર્ય વગેરે પરદ્રવ્ય-ક્ષેત્રાદિના વિયોગમાં વિહ્વળ ન બને. તેને સાચવવાની કાયમ મથામણ કરવામાં સ્વભાવને-સ્વગુણને ગુમાવવાની ભૂલ ન કરે. તેના પ્રત્યે મમત્વભાવને કરવા દ્વારા પાપકર્મબંધ કરી ન બેસે. આ સાવધાની રાખવાની સૂચના આ શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે. તેનાથી **આત્માનુશાસન**માં જણાવેલ પીડારહિત સિદ્ધસ્વરૂપ પ્રગટ થાય. ત્યાં **પાર્શ્વનાગગણી**એ જણાવેલ છે કે 'એ સિદ્ધગતિમાં ઘડપણ, મોત, સંસાર, પરાભવ અને ક્લેશ નથી.' (૫/૧૮)

---

♦ મ.માં 'નવમ' પાઠ. કો.(૩+૪)નો પાઠ લીધો છે.
✡ કો.(૧)માં 'નવ ગુણ પર્યાય છતઈ તે માંહિ રે' પાઠ છે.
⁑ B(૨)માં 'કિમ' પાઠ.
● પુસ્તકોમાં 'જે' નથી. કો.(૯) + લા.(૨)માં છે.
■ મો.(૧)માં 'તેરથી પર, પરકાલ' પાઠ.
✱ પુસ્તકમાં 'જે' નથી. કો.(૧૨+૧૩)માં છે.
♦ આ.(૧)માં 'ભેદથી' પાઠ.
□ કો.(૧૩)માં 'કાલિક' પાઠ.
★ પુસ્તકોમાં 'भेदः' પાઠ નથી. ફક્ત કો.(૧૩)માં છે.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત કો.(૧૩) + લા.(૨)માં છે.

▸હિવઈં આત્મ જ્ઞાનસ્વરૂપ કહઈ છઈં◂-

**પરમભાવગ્રાહક કહિઓ, દસમો જસ અનુસારો રે;**

**♦જ્ઞાનસ્વરૂપી આતમા, ગ્યાન સર્વમાં સારો રે ॥૫/૧૯॥ (૭૩) ગ્યાન.**

**દસમો** દ્રવ્યાર્થિક **પરમભાવગ્રાહક કહિઓ**, (જસ) જેહ નયનઈં **અનુસારઈં આત્મા જ્ઞાનસ્વરૂપ** કહિઈં છઇ. દર્શન, ચારિત્ર, વીર્ય, લેશ્યાદિક આત્માના અનંતગુણ છઈં, પણિ **સર્વમાં જ્ઞાન સાર** = ઉત્કૃષ્ટ છઇ.

અન્ય દ્રવ્યથી આત્માનઈં ભેદ જ્ઞાનગુણઈં દેખાડિઇં છઈં, તે માટઇં શીઘ્રોપસ્થિતિકપણઇં આત્માનો જ્ઞાન તે પરમભાવ છઈં.

ઈમ બીજાઇં દ્રવ્યના પરમભાવ અસાધારણ ગુણ લેવા. "**परमभावग्राहको द्रव्यार्थिकः दशमः** *ज्ञातव्यः" । इति ૭૩મી ગાથાનો અર્થ જાણવો.* ॥૫/૧૯॥

પરામર્શઃ

**अन्त्यो द्रव्यार्थ उक्तो हि, परमभावगोचरः।**
**ज्ञानस्वरूप आत्मोक्तो ज्ञानस्य गुणसारता।।५/१९।।**

**❋ પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિક : દશમો ભેદ ❋**

**શ્લોકાર્થ** :- છેલ્લો દ્રવ્યાર્થિકનય પરમભાવવિષયક કહેવાય છે. તે મુજબ આત્મા જ્ઞાનસ્વરૂપ કહેવાય છે. કારણ કે જ્ઞાન = શુદ્ધ ચૈતન્ય એ આત્માના સર્વ ગુણમાં શ્રેષ્ઠ છે. (૫/૧૯)

**卐 ચૈતન્યસ્વરૂપની રુચિ કેળવીએ 卐**

**આધ્યાત્મિક ઉપનય** :- શુદ્ધ ચૈતન્ય જીવનો પરમ ભાવ છે. તેથી તેની ઉપલબ્ધિ એ જ જીવનું પરમ ધ્યેય છે. શુદ્ધ, સહજ, અનાવૃત ચૈતન્ય સ્વરૂપની દઢ રુચિ કેળવી તે પ્રાપ્ત થાય તે રીતે સ્વભૂમિકા-યોગ્ય શુદ્ધ આચરણમાં લાગી જવું તે જ મોક્ષાર્થી જીવનું કર્તવ્ય છે. આ બાબતનું પ્રણિધાન દરેક આત્માર્થી જીવે દઢતાપૂર્વક કરવું જોઈએ. તે પ્રણિધાનનો પ્રકર્ષ થતાં, મહામુનિ **મહાનિશીથસૂત્ર**માં વર્ણવેલ મોક્ષને મેળવે છે. ત્યાં મોક્ષનું સ્વરૂપ આ પ્રમાણે જણાવેલ છે કે 'જ્યાં (૧) ઘડપણ નથી, (૨) મૃત્યુ નથી, (૩) વ્યાધિઓ નથી, (૪) અપયશ નથી, (૫) દોષારોપણ નથી, (૬) સંતાપ નથી, (૭) ઉદ્વેગ નથી, (૮) કલિ-યુદ્ધ-સંઘર્ષ નથી, (૯) કલહ નથી, (૧૦) દરિદ્રતા નથી, (૧૧) રતિ-અરતિ વગેરે દ્વન્દ્વો નથી, (૧૨) પરિક્લેશ-સંક્લેશ નથી, (૧૩) ઈષ્ટવિયોગ નથી.વધારે શું કહીએ ? એકાન્તે (૧૪) અક્ષય, (૧૫) ધ્રુવ, (૧૬) શાશ્વત, (૧૭) નિરુપમ અને (૧૮) અનન્ત સુખ મોક્ષમાં છે.' આવો મોક્ષ ઝડપથી મેળવવા જેવો છે. (૫/૧૯)

**❋ પાંચમી શાખા સમાપ્ત ❋**

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૨)માં છે. ♦ પુસ્તકોમાં 'ગ્યાન' પાઠ. કો.(૫)નો પાઠ લીધો છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

# દિગંબરસંમત નયનું નિરૂપણ



દિગંબરસંમત નયનું નિરૂપણ

द्रव्यानुयोगपरामर्शः शाखा-८

दिगम्बरसम्मतनयनिरूपणम्

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૬

## द्रव्यानुयोगपरामर्शः शाखा-६

दिगम्बरसम्मतनयनिरूपणम्

## ❀ ટૂંકસાર ❀

: શાખા - ૬ :

અહીં પર્યાયાર્થિકનયનું નિરૂપણ કરેલ છે.

પહેલો પર્યાયાર્થિકનય 'અનાદિનિત્ય' સ્વરૂપે વસ્તુને સ્વીકારે છે. આત્મત્વ પર્યાય અનાદિનિત્ય છે. તેથી મનુષ્યત્વ, શ્રીમન્તત્વ વગેરેથી આપણને બહાર કાઢવાનું તે કામ કરે છે. (૬/૧-૨)

બીજો પર્યાયાર્થિકનય સિદ્ધત્વ સ્વરૂપ સાદિ-નિત્ય-શુદ્ધ પર્યાયને સ્વીકારે છે. તે નય ભવસાગરમાં દીવાદાંડી સમાન છે. ત્રીજો પર્યાયાર્થિકનય સત્તાને ગૌણ કરી ઉત્પાદ-વ્યયને મુખ્યરૂપે ગ્રહણ કરે છે. તે જીવને પુણ્યોદય, ક્ષાયોપશમિક જ્ઞાન વગેરેમાં મુસ્તાક ન બનવા ચેતવણી આપે છે. (૬/૩)

ચોથો પર્યાયાર્થિકનય વસ્તુના ધ્રુવસ્વરૂપને ગ્રહણ કરે છે. 'સત્તા દ્રવ્યનું શુદ્ધ સ્વરૂપ છે, નહિ કે પર્યાયો'- આ તેનું મન્તવ્ય છે. તે પર્યાયવિરક્તિની અને સ્વરૂપરતિની દિશા બતાવે છે. (૬/૪)

પાંચમો શુદ્ધ નિત્ય પર્યાયાર્થિકનય કર્મોપાધિથી નિરપેક્ષ છે. તે સંસારી જીવમાં સિદ્ધપર્યાયને દેખાડે છે અને દુર્ગુણીના દોષોને જોઈ તેનો તિરસ્કાર કરતા બચાવે છે. (૬/૫)

છઠ્ઠો કર્મોપાધિસાપેક્ષ અનિત્ય-અશુદ્ધ પર્યાયાર્થિકનય સંસારી જીવના જન્મ, વ્યાધિ, મરણ વગેરે પર્યાયોને સ્વીકારે છે. તે અશુદ્ધ પર્યાયોથી છૂટવાની પ્રેરણા આપે છે. (૬/૬)

મૂલ નવ નયમાં ત્રીજો નૈગમનય ત્રણ પ્રકારે છે. તેમાં પહેલો નૈગમ ભૂતકાળને વર્તમાનસ્વરૂપે જણાવે છે. તેનાથી સુકૃતોની અનુમોદના વગેરેની પ્રેરણા મળે છે.(૬/૭-૮)

બીજો નૈગમનય ભવિષ્યકાળને વર્તમાનરૂપે જણાવે છે. આ નય હતાશા છોડાવે છે. (૬/૯)

ત્રીજો નૈગમનય ચાલુ ક્રિયામાં પૂર્ણક્રિયાનો ઉપચાર કરે છે. આ નય આધ્યાત્મિક સાધનાની સફળતા માટે અભ્રાન્ત વિશ્વાસ પ્રગટાવે છે. (૬/૧૦)

સંગ્રહનય વિવિધ વસ્તુને સમાનસ્વરૂપે સ્વીકારે છે. મનુષ્ય, પશુ, પંખી વગેરેમાં જીવત્વરૂપે સમાનતાને તે જુવે છે. તે જીવમાત્ર પ્રત્યે વાત્સલ્ય અને જડમાત્રનો વૈરાગ્ય રાખવાનું કહે છે.(૬/૧૧)

વ્યવહારનય દરેક જીવ અને જડ પદાર્થને તેના નામથી અને રૂપથી ઓળખે છે. તે દોષોનું અને ગુણોનું વિભાજન કરીને દોષમુક્ત બનવાની દિશા દેખાડે છે. (૬/૧૨)

વર્તમાન કાળમાં પોતાની પાસે જે હોય તેને જ વાસ્તવિક માનતો ઋજુસૂત્રનય 'હું કાલે ધર્મ કરીશ' - આવા વિચારો દ્વારા જીવને આત્મવંચના કરતો અટકાવે છે. (૬/૧૩)

શબ્દનય પર્યાયવાચી શબ્દોને સ્વીકારે છે. સમભિરૂઢનય દરેક શબ્દના અર્થ જુદા માને છે. જે મૌન હોય તે મુનિ. જે ઈન્દ્રિયોને કાબુમાં રાખે તે સંયમી. આથી આપણને મળતા બિરૂદો કેટલા સંગત છે ? તે આ નયથી વિચારવું. (૬/૧૪)

એવંભૂતનય વિદ્યમાન ક્રિયાને સાપેક્ષ રહી વસ્તુને વાચ્યાર્થરૂપે સ્વીકારે છે. માટે જ્યારે ધર્મના પરિણામ અને ધર્મની પ્રવૃત્તિ હોય ત્યારે આપણે ધર્મી છીએ - આવું તે જણાવે છે. (૬/૧૫)

આ રીતે નવ નયની વાત પૂર્ણ થાય છે. ત્રણ ઉપનય આગળ કહેવાશે. (૬/૧૬)

## ઢાળ - ૬

(તુંગિયા ગિરિ સિહર સોહે - **એ દેશી.**♦)

હવેં આગલિ ઢાલ - છ ભેદ જે પર્યાયાર્થિકના, તે દેખાડઇ છઈ -

**ષટ્ ભેદ નય પર્યાયઅર્થો✡, ❐પહિલો અનાદિક નિત્ય રે;**
**પુદ્ગલતણો♦ પર્યાય કહિઈં, જિમ મેરુગિરિમુખ નિત્ય રે ॥૬/૧॥ (૭૪)**
**બહુભાંતિ ●ફઈલી ❖જૈન શઈલી, સાચલૂં મનિ ધારિ✠ રે;**
**■ખોટડૂં જે કાંઈ જાણઈં, તિહાં ચિત્ત નિવારિ રે ॥૬/૨॥ (૭૫) બહુ. (યુગ્મ)**

**પર્યાયાર્થનય છ ભેદ** જાણવો. તિહાં ⌘**પહિલો અનાદિ નિત્ય** શુદ્ધપર્યાયાર્થિક **કહિઈં. જિમ પુદ્ગલનો પર્યાય મેરુ(ગિરિ)પ્રમુખ**, પ્રવાહથી અનાદિ, નઇં **નિત્ય** છઈ.
અસંખ્યાત કાલઈં અન્યાન્યપુદ્ગલ સંક્રમઈં પણિ સંસ્થાન તેહ જ છઈ.
ઈમ રત્નપ્રભાદિક પૃથ્વીપર્યાય પણિ જાણવા. ॥૬/૧॥

ઘણઈં પ્રકારઈં (= **બહુભાંતિ**) **જૈનશૈલી ફઈલી** છઇ. દિગમ્બરમત પણિ જૈનદર્શન નામ ✻ધરાવી, એહવી નયની અનેક શૈલી પ્રવર્તાવઇ છઈ. તેહમાંહિ વિચારતાં જે **સાચું** હોઈ, તેહિ **મનમાંહિં ધારિઇ.**

**તિહાં જેહ કાંઈ ખોટડું**★ **જાણઈં, તેહિ**✿ જ **ચિત્તમાંહિં (નિવારી=)** ન ધરઇ. પણિ શબ્દફેરમાત્રઈં દ્વેષ ન કરવો, અર્થ જ પ્રમાણ છઈ⊠. ॥૬/૨॥

---

♦ 'એકવાર દર્શન આપી ગુરુજી. એ **દેશી' પાલિ૦** માં પાઠ.
✡. મ.માં 'અરથો' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.
❐ પુસ્તકોમાં 'પહલો' પાઠ. કો.(૧૩)નો પાઠ લીધો છે.
♦ મ.માં 'તણા' પાઠ. કો.(૬+૭+૮+૯+૧૨+૧૩) + આ.(૧) + સિ.નો પાઠ લીધો છે.
● (ફેલી) ફઈલી = ફેલાઈ. આધારગ્રંથ- **નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ.** પ્રકા. સાહિત્યસંશોધન પ્રકાશન, અમદાવાદ.
❖ મ.માં '**जइन**' પાઠ. આ.(૧)+ કો.(૨+૧૨)નો પાઠ અહીં લીધો છે.
✠ કો.(૫)માં 'ધાર... નિવાર' પાઠ.
■ ધ.માં 'ખોડટૂં' અશુદ્ધ પાઠ.
⌘ પુસ્તકોમાં 'પહલો' પાઠ. કો.(૧૩)નો પાઠ લીધો છે.
✻ કો.(૭)માં 'ધરાવે છેં' પાઠ.
★ પુસ્તકોમાં 'ખોટું' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે.
✿ પુસ્તકોમાં 'તે' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે.
⊠ કો.(૧૩)માં 'છઈ' ના બદલે 'જાણવઓ' પાઠ.

• द्रव्यानुयोगपरामर्शः •

शाखा - ६

पर्यायार्थो हि षड्भेद आदिमोऽनादिनित्यगः।
यथा पुद्गलपर्यायः मेरुरनादिनित्यकः।।६/१।।
जैनी गीर्बहुधा व्याप्ता, सत्यं मनसि धार्यताम्।
ज्ञायते यत्तु मिथ्यैव, ततश्चित्तं निवार्यताम्।।६/२।। (युग्मम्)

---

• અધ્યાત્મ અનુયોગ •

### ❀ પ્રથમ પર્યાયાર્થિકનયનું નિરૂપણ ❀

**શ્લોકાર્થ** :- પર્યાયાર્થિકનય છ પ્રકારનો છે. પહેલો પર્યાયાર્થિક અનાદિનિત્યગ્રાહક છે. જેમ કે 'પુદ્ગલપર્યાયસ્વરૂપ મેરુ અનાદિ નિત્ય છે' - આ પ્રમાણેનું વચન. (૬/૧)

આ પ્રમાણે જૈન વાણી અનેક પ્રકારે ફેલાયેલી છે. તેમાંથી સાચું હોય તે મનમાં ધારવું. જે કાંઈ ખોટું જ જણાય, તેનાથી આપણા ચિત્તને દૂર કરવું. (૬/૨) (યુગ્મ)

### ❖ નિત્ય પર્યાયને નિહાળીએ ❖

**આધ્યાત્મિક ઉપનય** :- આત્મત્વ વગેરે પર્યાય પણ અનાદિ-અનંત છે. મનુષ્યત્વ, શ્રીમંતત્વ વગેરે પર્યાયો ક્યારેક તો નાશ પામવાના જ છે. તેથી વિનશ્વર પર્યાયોની પ્રીતિ છોડીને આત્મત્વ, ચૈતન્ય, શુદ્ધ સત્ત્વ આદિ અવિનાશી પર્યાયો ઉપર દૃષ્ટિને રુચિપૂર્વક સ્થાપિત કરવાની પ્રેરણા આ નય કરે છે. તેના બળથી **પ્રવચનસારોદ્ધારવૃત્તિ**માં દર્શાવેલ પરમાનંદરૂપ નિર્વાણને આત્માર્થી મેળવે છે. (૬/૧)

### ❋ સાંપ્રદાયિક ઝનૂનને દેશવટો આપીએ ❋

'સાચું હોય તે મનમાં ધારવું' - આ કથનનું તાત્પર્ય ત્યાં સુધી સમજવું કે તીર્થંકર ભગવાનને માન્ય એવી જે બાબત અન્યદર્શનકારો કહે તો પણ તેનો આદરથી સ્વીકાર કરવો એ જ કલ્યાણકર છે, તેનો તિરસ્કાર નહિ. વગર વિચાર્યે દૃષ્ટિરાગથી કે દૃષ્ટિદ્વેષથી આડેધડ ખંડન કરવાની પ્રવૃત્તિ તારક તીર્થંકર પરમાત્માને માન્ય નથી. 'અમે કહેલ છે તે જ સત્ય, બીજાએ કહેલ છે તે મિથ્યા'; 'મારી વાડીમાં ઉગે તે જ ગુલાબ, બીજાની વાડીમાં ઉગે તે ધતૂરો'- આવી નાદીરશાહી તો મતાગ્રહને, કદાગ્રહને અને હઠાગ્રહને સૂચવે છે. આવું વલણ તારક તીર્થંકર ભગવંતની આશાતનામાં પરિણમીને જીવને અનંત કાળ સુધી સંસારમાં રખડાવે છે. આવું જાણીને આત્માર્થી સાધકે સાંપ્રદાયિક ઝનૂન, અભિનિવેશ વગેરેથી સદા દૂર રહી, જ્યાં જ્યાં તીર્થંકરસંમત જે જે બાબત જોવા મળે તેનો આદર કરી તેને યથોચિત ન્યાય આપવાની અને તેનો સમન્વય કરવાની ઉદારતા કેળવવી જ રહી. તેનાથી ઉદાર એવું સિદ્ધસુખ પ્રગટે. **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર**માં સિદ્ધસુખને જણાવતા કહેલ છે કે 'સિદ્ધગતિમાં મહાઆનંદયુક્ત અવિનાશી અનુપમ સુખ છે. તથા શાશ્વતજ્યોતિસ્વરૂપ કેવલજ્ઞાનસ્વરૂપ સૂર્ય ત્યાં ઝળહળે છે.' (૬/૨)

**સાદિ-નિત્ય♦ ❒પર્યાયઅરથો, જિમ સિદ્ધનો પર્યાય✿ રે;**

**ગહઈ શુદ્ધ અનિત્ય સત્તા, ગૌણ વ્યય-ઉપ્પાય♦ રે ॥૬/૩॥ (૭૬) બહુ.**

**સાદિ નિત્ય** શુદ્ધ**પર્યાયાર્થ**નય બીજો ભેદ ૨, **જિમ સિદ્ધનો પર્યાય**. તેહની આદિ છઇ, સર્વ કર્મક્ષય● થયો તિવારઇં સિદ્ધપર્યાય ઉપનો, તે વતી. પણિ તેહનો અંત નથી, જે માટઇં સિદ્ધભાવ સદા કાલ છઈ.

એ રાજપર્યાય❖ સરખો સિદ્ધ દ્રવ્યપર્યાય ભાવવો.

**સત્તાગૌણત્વઈં** ઉત્પાદ-વ્યય(ગહઈ=)ગ્રાહક **અનિત્ય શુદ્ધ**પર્યાયાર્થિક કહિયઇં. ॥૬/૩॥

परामर्शः

**सादिर्नित्यो द्वितीये सन् पर्यायः सिद्धता यथा।**

**गृह्णाति सदनित्योऽस्तिगौणत्वेनोदय-व्ययौ।।६/३।।**

**❀ પર્યાયાર્થિકનયનો દ્વિતીય ભેદ જાણીએ ❀**

**શ્લોકાર્થ** :- બીજા પર્યાયાર્થિકનયમાં સાદિ નિત્ય શુદ્ધ પર્યાય વિષય બને છે. જેમ કે સિદ્ધ પર્યાય. સદ્અનિત્ય પર્યાયાર્થિકનય અસ્તિત્વને ગૌણ કરી ઉત્પાદ-વ્યયને ગ્રહણ કરે છે. (૬/૩)

**❀ અવિનશ્વર પર્યાયને પ્રગટાવીએ ❀**

**આધ્યાત્મિક ઉપનય** :- સિદ્ધપર્યાય સાદિ-અનંત છે. માટે તેને ઉત્પન્ન કરવા માટે બાહ્ય-આંતરિક સમ્યક્ પુરુષાર્થ કરવાની અત્યંત આવશ્યકતા રહે છે. જે આવે પછી કદાપિ નાશ ન પામે કે ન જાય તે જ વસ્તુ મેળવવા યોગ્ય કહેવાય. સિદ્ધ ભગવંતનું સુખ પણ સાદિ-અનન્ત અને બધા સુખ કરતાં ચઢિયાતું છે. આ અંગે દિગંબરીય **શિવાર્ય**કૃત **ભગવતી આરાધના** તથા શ્વેતાંબરીય **વીરભદ્રસૂરિ**કૃત **આરાધનાપતાકા** અને **જિનચંદ્રસૂરિ**કૃત **સંવેગરંગશાલા** ગ્રંથ જણાવે છે કે "પરમ ઋદ્ધિઓને પ્રાપ્ત કરનારા મનુષ્યો પાસે દુનિયામાં જે સુખ નથી તેવું પીડારહિત અનુપમ પરમસુખ તે સિદ્ધ ભગવંતને હોય છે." તેથી સિદ્ધત્વપર્યાયનું પ્રગટીકરણ એ જ આપણું પરમ પ્રયોજન બને. આ લક્ષ્ય કદાપિ ચૂકાવું ન જોઈએ. (૬/૩)

---

♦ પુસ્તકોમાં 'નિતિ' પાઠ. કો.(૪+૧૩)માં 'નિત્ય' પાઠ.

❒ B(૧)માં 'સત્તા પર્યાય' પાઠ.

✿ મ.+શાં.માં 'પજ્જાઉ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

♦ મ.+શાં.માં 'ઉપ્પાઉ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

● કો.(૯)માં 'કર્મક્ષય સર્વથા' પાઠ.

❖ લા.(૨)માં 'રાજપર્યાય'ના બદલે 'પર્યાય' પાઠ.

**જિમ ⌗સમયમઈં પર્યાય નાશી, છતિં ગહત અનિત્ય■ અશુદ્ધ રે;**
**એક ♦સમયઈં યથા પર્યાય, ત્રિતયરૂપઈં રુદ્ધ✿ રે ॥૬/૪॥ (૭૭) બહુ.**

**જિમ** એક (**સમયમઈં**=) સમયમધ્યે **પર્યાય વિનાશી** છઈ, ઈમ કહિયઈં.ઈહાં **નાશ** કહતાં ઉત્પાદઈ આવ્યો, પણિ ધ્રુવતા તે ગૌણ કરી, દેખાડીઈં નહીં.

**છતિં** કહતાં સત્તા, તે **ગ્રહતો** ☐**નિત્ય**✠**અશુદ્ધ**પર્યાયાર્થિક કહિયઈં. જિમ (=**યથા**) **એક** (**સમયઈં**=) સમયમધ્યે **પર્યાય ત્રિતયરૂપઈં** = ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય લક્ષણઈં ♦**રુદ્ધ** છઈં, એહવું બોલિયઈં*.

પર્યાયનું શુદ્ધ રૂપ, તે જે સત્તા ન દેખાડવી. ઈહાં સત્તા દેખાવી તે માટઈં અશુદ્ધ ભેદ થયો. ॥૬/૪॥

---

सारांशः

समये पर्ययध्वंसोऽनित्योऽशुद्धोऽस्तिबोधतः।
एकदा त्रितयाऽऽक्रान्तः स्वपर्यायो यथोच्यते।।६/४।।

---

### ❃ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સમકાલીન ❃

**શ્લોકાર્થ** :- એક સમયમાં પર્યાયનો ધ્વંસ થાય છે. સત્તાને ગ્રહણ કરવાથી અનિત્ય અશુદ્ધપર્યાયાર્થિક જાણવો. જેમ કે 'એકીસાથે સ્વપર્યાય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી વ્યાપ્ત હોય છે' આવું કથન. (૬/૪)

### ❁ તૃતીય-ચતુર્થ પર્યાયાર્થિકનય વૈરાગ્યજનક ❁

**આધ્યાત્મિક ઉપનય** :- પર્યાયની ક્ષણભંગુરતાને દેખાડનાર ત્રીજા પર્યાયાર્થિકનયને લક્ષમાં રાખીને પોતાના ક્ષાયોપશમિક જ્ઞાન, પુણ્યોદય, આરોગ્ય વગેરેના ભરોસે મુસ્તાક બનીને ફરવું ન જોઈએ. તથા રોગ, દુર્ભાગ્ય, અપયશ, અપકીર્ત્તિ વગેરેની ક્ષણભંગુરતા વિચારી તેવા કાળમાં અત્યંત ઉદ્વિગ્ન ન થવું. ત્રણેય કાળના સાંસારિક સુખપર્યાયો વર્તમાન એક સિદ્ધસુખક્ષણ કરતાં અતિનિમ્ન છે. તેથી સાંસારિક સુખની તૃષ્ણા ત્યાજ્ય છે. આ જ અભિપ્રાયથી **ભગવતી આરાધના** ગ્રંથમાં જણાવેલ છે કે "મનુષ્ય,તિર્યંચ અને દેવો - આ ત્રણેયના ત્રણેય કાળમાં જેટલા સુખો છે તે સર્વને ભેગા કરીએ તો પણ સિદ્ધ ભગવંતના માત્ર એક ક્ષણના સુખની તુલનાને ત્રૈકાલિક સાંસારિક સુખો કરી શકતા નથી." વળી, ઈષ્ટસંયોગની ક્ષણિકતાનો વિચાર વૈરાગ્યપ્રેરક બને છે. અનિષ્ટસંયોગની ક્ષણિકતાનો વિચાર સમાધિપ્રેરક બને છે. આ રીતે રાગ-દ્વેષના તોફાનમાંથી બચવા માટે ત્રીજો પર્યાયાર્થિકનય સહાયક બને છે.

'હાય ! મારું જ્ઞાન નાશ પામશે તો મારું શું થશે ?' આ રીતે હતાશાના વમળમાં ફસાતા જીવને ગૌણરૂપે ધ્રૌવ્યદર્શક ચોથો પર્યાયાર્થિકનય બચાવે છે. (૬/૪)

---

⌗ M(૧)માં 'સમયનઈં' પાઠ. ■ પ્રસ્તુતમાં પુસ્તકોમાં તથા અનેક હસ્તપ્રતોમાં 'નિત્ય' પાઠ. ફક્ત મો.(૧) + પાલ.માં 'અનિત્ય' પાઠ. ♦ પુસ્તકોમાં 'સમઈં' પાઠ. કો.(૧૩)નો પાઠ લીધો છે. ✿ કો.(૧)માં 'વિરુદ્ધ' પાઠ. ☐ પ્રસ્તુતમાં 'અનિત્ય' પાઠ જોઈએ. ✠ લા.(૨)માં 'નિત્યશુદ્ધ' પાઠ. ♦ મ.માં 'રૂદ્ધે' પાઠ. કો.(૭) + કો.(૯) + સિ.+આ.(૧)નો પાઠ લીધો છે. * મ.માં 'બોલિઈં' પાઠ. કો.(૧૩)નો પાઠ લીધો છે

**♦પર્યાયઅર્થો નિત્ય શુદ્ધો રહિત કર્મોપાધિ રે;**

**જિમ સિદ્ધના પર્યાય સરખા✡, ભવજંતુના નિરુપાધિ♦ રે ॥૬/૫॥ (૭૮) બહુ.**

**કર્મોપાધિરહિત નિત્યશુદ્ધપર્યાયાર્થિક** પાંચમો ભેદ.

**જિમ ભવજંતુના** = સંસારીજીવના **પર્યાય** તે **સિદ્ધ** જીવના **સરખા** કહિઈં. (**નિરુપાધિ=**) કર્મોપાધિભાવ⁑ છતા છઈ તેહની વિવક્ષા ન કરી●, જ્ઞાન-દર્શન-ચારિત્ર શુદ્ધપર્યાયની જ વિવક્ષા કરી❖. ॥૬/૫॥

પરામર્શ

**कर्मोपाध्यनपेक्षे तु सन्नित्यः पर्ययार्थिकः।**
**यथा संसारिपर्याये सिद्धपर्यायतुल्यता।।६/५।।**

### ❋ પર્યાયાર્થિકનો પાંચમો ભેદ ઓળખીએ ❋

**શ્લોકાર્થ** :- કર્મોપાધિથી નિરપેક્ષ હોય તે પર્યાયાર્થિક શુદ્ધ નિત્ય જાણવો. જેમ કે 'સંસારી પર્યાયમાં સિદ્ધપર્યાયતુલ્યતા છે' - આવું વચન. (૬/૫)

### ⁂ કર્મજન્ય પર્યાય પ્રત્યે મધ્યસ્થતા કેળવીએ ⁂

**આધ્યાત્મિક ઉપનય** :- 'સંસારી પર્યાય સિદ્ધપર્યાય સમાન છે' - પાંચમા પર્યાયાર્થિકનયની આ વાત હૃદયગત કરીને કોઈ પણ વ્યક્તિના કર્મજન્ય નબળા પર્યાય જોવા મળે ત્યારે તેને ગૌણ કરી, તેની ઉપેક્ષા કરી, આત્મગત શુદ્ધ આવૃત પર્યાયોને પ્રસ્તુત નયદૃષ્ટિથી નિહાળી તે વ્યક્તિ પ્રત્યે મનમાં ઊભા થતા ધિક્કાર-તિરસ્કાર આદિ ભાવોને અટકાવવા. આમ કરવાથી ઈન્દ્રિયજન્ય સુખો કરતાં ચઢિયાતું પોતાની સિદ્ધદશાનું સુખ પ્રગટ થાય છે. સિદ્ધ ભગવંતના સુખને **ભગવતી આરાધના** ગ્રંથ આ રીતે જણાવે છે કે 'લોકાગ્ર ભાગમાં રહેલા સિદ્ધ ભગવંતો જે અવ્યાબાધ સુખને અનુભવે છે તેનો અનંતમો ભાગ ઈન્દ્રિયજન્ય સુખ બને.' આ સિદ્ધસુખને પ્રગટ કરવાની હિતશિક્ષા અહીં મળે છે. (૬/૫)

---

♦ લા.(૨)+મ.માં 'અરથો' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

✡ લા.(૨)+મ.માં 'સરિખા' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

♦ કો.(૩)માં 'પર્યાય રે' પાઠ.

⁑ લી.(૩)માં 'ભાવ જીવ છતા' પાઠ.

● કો.(૧૨)માં 'કરવી' પાઠ.

❖ કો.(૭)માં 'કરવી' પાઠ.

**પર્યાયઅર્થો♦ ✽અનિત્ય✿અશુદ્ધો, સાપેક્ષ કર્મોપાધિ રે;**

**સંસારવાસી જીવનઈ જિમ, જનમ-મરણહ-વ્યાધિ રે ॥૬/૬॥ (૭૯) બહુ.**

**કર્મોપાધિસાપેક્ષ અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક** એહ છઠો ભેદ ✻જાણવો. **જિમ "સંસારવાસી જીવનઈ જનમ-મરણ-વ્યાધિ છઈ"** - ઈમ કહિયઈ. ઈહાં જન્માદિક પર્યાય જીવના કર્મસંયોગજનિત અનિત્ય♦ અશુદ્ધ છઈ, તે કહિયા. તે જન્માદિક પર્યાય છઈ, તો તેહના નાશનઈ અર્થઈ મોક્ષાર્થઈ જીવ પ્રવર્ત્તઈ છઈ.

*ઈત્યાદિક ઈમ એ ભાવાર્થ જાણવો. ઈતિ ૭૯ ગાથાનો અર્થ પૂર્ણ.* ॥૬/૬॥

**अनित्याऽशुद्धपर्यायनय उपाध्यपेक्षकः।**
**संसारिणो यथा जन्म-मरण-व्याधिपर्ययाः।।६/६।।**

**❀ પર્યાયાર્થિકના છઠ્ઠા ભેદનું વિવરણ ❀**

**શ્લોકાર્થ** :- કર્મોપાધિસાપેક્ષ અનિત્યઅશુદ્ધ પર્યાયાર્થિકનય કહેવાય છે. જેમ કે 'સંસારી જીવના જન્મ-મરણ-વ્યાધિ વગેરે પર્યાયો હોય છે' - આવું વાક્ય. (૬/૬)

**❀ ...તો અજન્મા થવાની સાધના પ્રાણવંતી બને ❀**

**આધ્યાત્મિક ઉપનય** :- (૧) 'જન્મ-મરણ-રોગ-ઉપદ્રવો વગેરે પર્યાયો વિનાશી છે' - આ સ્વીકાર હતાશાના વમળમાં ફસાતા સાધકને બચાવે છે. (૨) તેમજ કલ્પનાના લાડુ ખાવામાં મશગૂલ શેખચલ્લીની જેમ પોતાના જન્મદિનની ઊજવણી (Birthday Party) વગેરેમાં ગળાડૂબ જીવને તેમાંથી અટકાવવાનું કામ પણ આ સ્વીકાર કરે છે. (૩) તે ઔપાધિક પર્યાયોનું કારણ કર્મ છે. તેથી કર્મને હટાવવા દ્વારા જ જન્મ-મરણ વગેરે પર્યાયોને હટાવી શકાય. અન્યથા તેનાથી આત્માનો છૂટકારો = મોક્ષ થઈ ન શકે. આ વાત ઔપાધિક જન્મ-મરણાદિ પર્યાયને ઉત્પન્ન કરનારા કર્મોનો નાશ કરનારી સાધના કરવા માટે ઉત્સાહ પ્રગટાવે છે. આ માટે સૌપ્રથમ અજન્મા આત્મા માટે જન્મ એ કલંક છે - આવી પ્રતીતિ થવી જોઈએ. 'હવે એક પણ નવો જન્મ લેવો મને પોષાય તેમ નથી' - આવો સૂર અંતરમાંથી પ્રગટે તો અજન્મા થવાની, અજર-અમર આત્મસ્વરૂપને પ્રગટ કરવાની સાધના સારી રીતે વેગવંતી અને સંવેગવાળી બને. આવો ઉપદેશ છઠ્ઠા પર્યાયાર્થિકનય દ્વારા મેળવવા જેવો છે. તેનાથી **પરમાત્મપંચવિંશતિકા**માં વર્ણવેલ સિદ્ધસ્વરૂપ પ્રગટે છે. ત્યાં જણાવેલ છે કે 'જે જે જન્મ, ઘડપણ વગેરે ઉપાધિજન્ય ભાવો છે તે તમામનો નિષેધ કરવાથી પરમાત્માનું સ્વરૂપ પ્રસિદ્ધ બને છે.' (૬/૬)

♦ મ.માં 'અર્થ' પાઠ. શાં.માં 'અરથો' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ✽ મો.(૧)માં 'નિત્ય' અશુદ્ધ પાઠ.

✿ પુસ્તકોમાં 'અનિતિ' પાઠ. કો.(૧૩)નો પાઠ લીધો છે.

✻ પુસ્તકોમાં 'જાણવો' પાઠ નથી. કો.(૧૩)માં છે.

♦ પુસ્તકોમાં 'અનિત્ય' પાઠ નથી. કો.(૭+૧૩)+ લી.(૨+૩)માં છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

**બહુમાનગ્રાહી નઈ□ કહિઓ નઈગમ, ભેદ ♦તસ છઈ તીન રે;**
**વર્તમાનારોપ કરવા, ભૂત અર્થઈ લીન રે ॥૬/૭॥ (૮૦) બહુ.**

**બહુમાનગ્રાહી**✡ કહેતાં ઘણાં પ્રમાણ સામાન્ય-વિશેષજ્ઞાનરૂપ તેહનો ગ્રાહી **નૈગમનય** કહિઈં.

♦**"नैकैर्मानैर्मिनोति इति नैकगमः, ककारलोपात् नैगमः इति व्युत्पत्तिः"।**

(**તસ**=) તે● નૈગમ નયના ૩ ભેદ છઈ. પ્રથમ નૈગમ **ભૂતાર્થઈ વર્તમાનનો આરોપ કરવાનઈ લીન** કહતાં તત્પર સાવધાનપણિ❖ છઈ. ॥૬/૭॥

---

**नानामानग्रहादुक्तो नैगमस्तद्विधास्त्रयः।**
**भूतार्थे साम्प्रताऽऽरोपकरणे लीन आदिमः॥६/७॥**

---

### ❁ નૈગમનયનું નિરૂપણ ❁

**શ્લોકાર્થ** :- અનેક પ્રમાણને ગ્રહણ કરવાથી નૈગમનય કહેવાય છે. તેના ત્રણ ભેદ છે. ભૂતકાલીન અર્થમાં વર્તમાનકાલીનતાનો આરોપ કરવામાં લીન નય એ નૈગમનયનો પ્રથમ પ્રકાર છે. (૬/૭)

### ✡ ...તો સમન્વયદૃષ્ટિ અને સમત્વદૃષ્ટિ પ્રગટે ✡

**આધ્યાત્મિક ઉપનય** :- કોઈ પણ વસ્તુને, વ્યક્તિને, સિદ્ધાન્તને કે વાતને ફક્ત એક જ રીતે, ફક્ત એક જ માધ્યમથી, ફક્ત એક જ દૃષ્ટિકોણથી જોવાના બદલે વિવિધ પદ્ધતિ, અનેક માધ્યમ અને વિભિન્ન દૃષ્ટિકોણથી વિચારવાથી વસ્તુ-વ્યક્તિ-સિદ્ધાન્ત વગેરેના બહુમુખી સ્વરૂપનો પરિચય થવાથી મધ્યસ્થભાવ જાગે છે. તથા સર્વ વસ્તુ-વ્યક્તિ-સિદ્ધાન્તને યથાયોગ્ય રીતે ન્યાય આપવાની ઉદારતા આવે છે. વસ્તુ, વ્યક્તિ કે સિદ્ધાન્તના વિવિધ પાસાનો પરિચય થવાથી મનની સંકુચિતતા અને કૂપમંડૂકવૃત્તિ રવાના થાય છે. અન્ય વ્યક્તિના વિચારોને સમજવાથી અને સ્વીકારવાથી વૈચારિક સહિષ્ણુતા પ્રગટે છે. આના માધ્યમથી સમન્વયદૃષ્ટિનો અને સમત્વદૃષ્ટિનો પ્રાદુર્ભાવ થાય છે. આ રીતે નૈગમનયના સહારે જીવ પ્રાથમિક તબક્કામાં મોક્ષમાર્ગે આગળ વધે છે. તથા તેનો પ્રકર્ષ થતાં **પરમાનંદપંચવિંશતિ**માં જણાવેલ નિજપરમાત્મતત્ત્વ વિના વિલંબે પ્રગટ થાય છે. ત્યાં જણાવેલ છે કે 'સદા આનંદમય, શુદ્ધ, નિરાકાર, રોગરહિત, અનંતસુખયુક્ત સર્વસંગશૂન્ય પરમાત્મતત્ત્વ હોય છે.' (૬/૭)

---

□ પુસ્તકોમાં 'નઈ' (=નય) પાઠ નથી. કો.(૧૩)માં છે.
♦ લી.(૨) + લા.(૨)માં 'તસ'ના બદલે 'વસઈ' પાઠ.
✡ પુસ્તકોમાં 'ગ્રાહી' પદ નથી. કો.(૯)+સિ.માં છે.
♦ શાં.માં 'નૈકર્મૌનૈ' અશુદ્ધ પાઠ. મ.+કો.(૭)નો પાઠ લીધો છે.
● પુસ્તકોમાં 'તે' નથી. કો.(૧૨+૧૩)માં છે.
❖ પુસ્તકોમાં 'સાવધાનપણિ' નથી. ફક્ત લા.(૨)માં છે.

તે પ્રથમ ભેદનું ઉદાહરણ દેખાડઈ છઈ -

**ભૂત નઈગમ ♦કહિઉ પહિલો, દીવાલી દિન આજ રે;**
**યથા સ્વામી વીરજિનવર, ✡લહિઆ શિવપુરરાજ રે ॥૬/૮॥ (૮૧) બહુ.**

(**ભૂત નઈગમ પહિલો કહિઉ, યથા=**) જિમ કહિઈ - "**આજ દીવાલી દિનનઈ** વિષઈ **શ્રીમહાવીર (જિનવર) શિવપુરનું રાજ્ય (લહિઆ=)** પામ્યા." ઈહાં અતીત દીવાલી દિનનઈ વિષયઈ વર્તમાન દીવાલી દિનનો આરોપ કરિઈં છઈં.

વર્તમાન દિનનઈં વિષયઈં ભૂતદિનનો આરોપ કરિઈં, દેવાગમનાદિ-મહાકલ્યાણભાજનત્વ-પ્રતીતિ પ્રયોજનનઈં અર્થિં. જિમ "**गङ्गायां घोषः.**" ઈહાં ગંગાતટનઈં વિષયઈં ગંગાનો આરોપ કરિઈ♦ છઈં, શૈત્ય-પાવનત્વાદિપ્રત્યાયન પ્રયોજન ભણી.

તો ઈ ઘટમાન છઈં, જો વીરસિદ્ધિગમનનો અન્વય ભક્તિ ભણી પ્રાતીતિક માનિઈં. એ અલંકારના જાણ પંડિત હોઈ□, તે વિચારજો. *બહુશ્રુતો શાસ્ત્રોના જાણ સમજ્યો.* ॥૬/૮॥

---

**भूतनैगम आज्ञप्तो दीपावलिदिनेऽद्य रे।**
**यथा वीरजिनेशो हि श्रीशिवराज्यमाप रे।।६/८।।**

---

**❖ પ્રથમ નૈગમનયની ઓળખાણ ❖**

**શ્લોકાર્થ** :- જેમ કે 'આજે દીવાળીના દિવસે શ્રીવીર જિનેશ્વર શિવપુરનું રાજ્ય પામ્યા' આવું વચન ભૂતનૈગમ = નૈગમનો પહેલો ભેદ કહેવાયેલ છે. (૬/૮)

**❖ ભૂત નૈગમનયનો ઉપયોગ ❖**

**આધ્યાત્મિક ઉપનય** :- કલ્યાણકપર્વની આરાધના દ્વારા ભૂતનૈગમ આત્માને પ્રભુભક્તિમય બનાવે છે. દીક્ષાના ૧૦ વર્ષ પછી પણ 'આજે મારો દીક્ષાદિવસ છે' - આવો વ્યવહાર દીક્ષાતિથિના દિવસે થતો જોવા મળે છે. આ ઉપચારથી મહાત્મા પોતાનો ભૂતકાલીન દીક્ષાદિવસ યાદ કરીને ઉપવાસ, વૈયાવચ્ચ આદિ આરાધના કરવા માટે ઉલ્લસિત થતા હોય છે. આ રીતે આપણા કે મહાપુરુષોના જીવનના ભૂતકાલીન સારા પ્રસંગોને તે તે તિથિના દિવસે યાદ કરી, વર્તમાન વિશિષ્ટ તિથિઓમાં જૂની સુંદર ઘટનાવાળા દિવસનો અભેદ ઉપચાર કરી વર્તમાન કાળે પણ વિશિષ્ટ આરાધનાના માર્ગે ઉલ્લાસથી આગેકૂચ કરીએ - આ મુજબ ભૂતનૈગમનો ઉપયોગ કરવો. તેનાથી **કુમારપાળપ્રબોધપ્રબંધમાં** દર્શાવેલ નિરંજન, નિરાકાર, પરમાનંદથી પ્રમુદિત સિદ્ધસ્વરૂપ ઝડપથી મળે. (૬/૮)

---

♦ કો.(૨)માં 'કહિયો' પાઠ. ✡ કો.(૪)માં 'લહ્યા' પાઠ.

♦ પુસ્તકોમાં 'કીજઈ' પાઠ. કો.(૯)નો પાઠ લીધો છે.

□ કો.(૧૩)માં 'તો' પાઠ.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

**ભૂતવત કહઈ ભાવિ નૈગમ, ભાવિ જિમ જિન સિદ્ધ રે;**
**સિદ્ધવત્ છઈ વર્તમાનઈ કાંઇ સિદ્ધ અસિદ્ધ રે ॥૬/૯॥ (૮૨) બહુ.**

(**ભાવિ ભૂતવત કહઈ=**) **भाविनि भूतवदुपचारः** એ બીજો (=**ભાવિ**) **નૈગમ**. **જિમ** (**ભાવિ સિદ્ધ**) **જિનનઈ સિદ્ધ** કહિઈં, કેવલીનઈં **સિદ્ધપણું** અવશ્યંભાવી છઇ તે માટઇં.

**કાંઇ સિદ્ધ**, અનઈં **કાંઇ અસિદ્ધનઈં વર્તમાન**(**ઈં સિદ્ધવત્**) **કહઈં** (**છઈં**) તેહનઈં વર્તમાનનૈગમ ભાખિઈં.

*બહુશ્રુત ઈમ વિચારીનઈં તુમ્હે જોયઉ.* ॥૬/૯॥

**भाव्ये भूतोपचारोक्तेः द्वितीयः सिद्धवज्जिनः।**
**सिद्धाऽसिद्धेऽस्त्युपारोपे साम्प्रतो नैगमः स्मृतः ।।६/९।।**

### ❖ નૈગમનયના બીજા ભેદને સમજીએ ❖

**શ્લોકાર્થ** :- ભવિષ્યકાલીન પદાર્થને વિશે સદ્ભૂતપણાનો આરોપ કરનાર વાણીની અપેક્ષાએ બીજો નૈગમ સમજવો. જેમ કે "જિનેશ્વર ભગવંતને 'સિદ્ધ' તરીકે જણાવનાર વચન." નિષ્પન્ન અને અનિષ્પન્નમાં વિદ્યમાનતાનો આરોપ કરવામાં આવે તો ત્રીજો = સાંપ્રત નૈગમ કહેવાય છે. (૬/૯)

### ☫ ભાવિનૈગમ હતાશાને દૂર કરે ☫

**આધ્યાત્મિક ઉપનય** :- હતાશાના કે નિરાશાના વમળમાં અટવાયેલા સાધકને તેમાંથી ઉગારવા માટે નજીકના ભવિષ્યમાં પ્રગટ થનારા સમ્યગ્દષ્ટિ, દેશવિરતિ, સર્વવિરતિ, ક્ષપકશ્રેણિ, કેવલીપણું, સિદ્ધત્વ વગેરે પર્યાય ઉપર ભાવિનૈગમનય સાધકની દૃષ્ટિ સ્થિર કરાવે છે. આસન્નકાલીન મુક્તિ વગેરે ઉપર નજર પહોંચવાથી સાધકને સાધનામાં પ્રાણ પૂરનારો ઉત્સાહ પ્રગટ થાય છે, સાધના ઘાલમેલ વિનાની થાય છે. નજીકના સમયમાં થનારી પોતાની સર્વદોષમુક્ત, સર્વગુણયુક્ત ક્ષાયિકદશાને અહોભાવથી નિહાળતો સાધક કઈ રીતે દંભ-બનાવટ-લુચ્ચાઈ વગેરેના વમળમાં ફસાઈ શકે ? આ રીતે ભાવિનૈગમનયની સહાયથી નિઃશલ્ય, નિરતિચાર સાધનામાર્ગે ઉત્સાહપૂર્વક આગળ વધીને આત્માર્થી ઝડપથી સંપૂર્ણ આત્મસ્વરૂપની પ્રાપ્તિ સ્વરૂપ મોક્ષને મેળવે છે. **અકલંકસ્વામીએ સિદ્ધિવિનિશ્ચયમાં** જણાવેલ છે કે 'આંતરિક દોષોના સંપૂર્ણ ઉચ્છેદથી આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય તેને શાસ્ત્રકારો મોક્ષ સમજે છે.' (૬/૯)

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

**ભાખિઈં જિમ "ભક્ત ♦પચિઈં" વર્તમાનારોપ રે;**
**કરઈં કિરિયા ભૂત લેઈ, ભૂતવચન વિલોપ રે ॥૬/૧૦॥ (૮૩) બહુ.**

**જિમ (ભાખિઈં=)** કહિયઇં **"ભક્ત (પચિઈં=)** ✿રાંધિયઇં છઇં." ઈહાં ભક્તના કેતલાઈક અવયવ સિદ્ધ થયા છઇં, અનઇં કેતલાઈક સાધ્યમાન છઇં, પણિ પૂર્વાપરીભૂતાવયવક્રિયાસંતાન એક બુદ્ધિ આરોપીનઇં તેહનઇં વર્તમાન કહિયઇં (= **વર્તમાનારોપ કરઈં**) છઇં.

એ આરોપસામગ્રી મહિમાઇં કોઈ ♦અવયવની **ભૂતક્રિયા લેઈ**, **"पचति"** એ ઠામઇં **(ભૂતવચન=)** **"अपाक्षीत्"** એ પ્રયોગ **(વિલોપ કરઈં=)** નથી કરતા.

જે ***નૈયાયિકાદિક*** ઇમ કહઇ છઇ "ચરમક્રિયાધ્વંસ અતીતપ્રત્યયવિષય",

તેહનઈં **"किञ्चित्पक्वम्, किञ्चित्पच्यते"** એ પ્રયોગ ન થયો જોઇઈ. તે માટઇં એ વર્તમાનારોપનૈગમ ભેદ જ ભલો જાણવો **इत्यर्थः**✻ ॥૬/૧૦॥

**प्रयोगः 'पचति व्रीहीन्' साम्प्रताऽऽरोपतो यथा।**
**क्रियते भूतकार्याद्धि भूतोक्तिस्तु विलीयते।।६/१०।।**

### ✧ નૈગમનયના ત્રીજા ભેદનું ઉદાહરણ ✧

**શ્લોકાર્થ** :- જેમ કે વર્તમાનતાના આરોપથી 'તે ચોખાઓને પકાવે છે' - આવો શબ્દપ્રયોગ કરવામાં આવે છે. (તે સાંપ્રત નૈગમનય છે. તેના અભિપ્રાયથી) અતીત ક્રિયાથી ભૂતકાળના પ્રત્યયથી ઘટિત વચન વિલીન થાય છે. (૬/૧૦)

### ❁ વર્તમાનનૈગમ સાધનાને પ્રાણવંતી બનાવે ❁

**આધ્યાત્મિક ઉપનય** :- કેટલાક અંશમાં નિષ્પન્ન અને કેટલાક અંશમાં અનિષ્પન્ન વસ્તુને સમગ્રતયા નિષ્પદ્યમાન તરીકે જણાવનાર વર્તમાનગ્રાહી નૈગમનયનો અભિપ્રાય આધ્યાત્મિક જગતમાં એ રીતે ઉપયોગી છે કે તપ-ત્યાગ-તિતિક્ષામય સાધનામાર્ગના આલંબને અમુક ક્લિષ્ટ કર્મોની નિર્જરા થવાથી સાધકને 'મારો મોક્ષ સમગ્રતયા થઈ રહ્યો છે' - આવા પ્રકારનો આંતરિક સૂર ઉઠવાથી સાધનામાર્ગે હરણફાળ ભરવામાં ઉલ્લાસ અને ઉમંગ પ્રગટે છે. નિર્જરા એટલે આંશિક મોક્ષ. તેથી જેટલા અંશમાં નિર્જરા થઈ હોય તેટલા અંશમાં સાધકને કર્મમુક્તિ મળી કહેવાય. તેથી વર્તમાનતાનો આરોપ કરનાર ત્રીજા નૈગમનયના અભિપ્રાયથી તેવા સમયે 'સમગ્રતયા મારો મોક્ષ થઈ રહ્યો છે'- આવી પ્રતીતિ થવામાં શાસ્ત્રીય દૃષ્ટિએ કોઈ બાધ નથી.

---

♦ કો.(૧૨+૧૩)માં 'પચઈ' પાઠ.
✿ પુસ્તકોમાં 'રાંધિઈં' પાઠ. કો.(૧૩)માં પાઠ. કો.(૮)નો પાઠ લીધો છે.
♦ કો.(૧૩)માં 'અવયવીની' પાઠ.
✻ 'ઈત્યર્થઃ' પાઠ ફક્ત કો.(૧૩)માં છે.

### ✡ સાધનાસાફલ્યનો સુનિશ્ચય ✡

આ રીતે નયસાપેક્ષ શાસ્ત્રઅબાધિત પ્રતીતિના માધ્યમથી સાધકને સાધનાની સાર્થકતાનો સમ્યક્ નિશ્ચય થાય છે. આમ આધ્યાત્મિક સાધનાની સફળતા અંગે અભ્રાન્ત આત્મવિશ્વાસ પ્રગટાવવા દ્વારા ત્રીજો નૈગમનય સાધક ઉપર મહાન ઉપકાર કરે છે. તેના લીધે **જ્ઞાનાર્ણવ**માં દેખાડેલ પરમાત્મસ્વરૂપને મહામુનિ શીઘ્રતાથી સંપ્રાપ્ત કરે છે. ત્યાં **શ્રીશુભચંદ્રાચાર્યજી**એ જણાવેલ છે કે 'જેમના કેવળજ્ઞાનના અનંતમા ભાગ માત્રમાં પણ અનંત દ્રવ્ય-પર્યાયથી પરિપૂર્ણ એવો સમગ્ર લોક અને અલોક વ્યવસ્થિત છે, પ્રતિબિંબિત છે, તે પરમાત્મા જ ત્રણ લોકના ગુરુ છે.' **(૬/૧૦)**

**સંગ્રહઈ નય સંગ્રહો, તે દ્વિવિધ - ઓઘ વિસેસ રે;**
**"દ્રવ્ય ♦સર્વ અવિરોધિયાં" જિમ, તથા "જીવ અસેસ રે" ॥૬/૧૧॥ (૮૪)**

**બહુ.**

જે **સંગ્રહઈ,તે સંગ્રહનય** કહિયઇં.

તેહના બે ભેદ (**=દ્વિવિધ**) **ઓઘ-વિશેષથી**. ઓઘ કહિઈં સામાન્ય. એતલઈં એક સામાન્ય સંગ્રહ, એક વિશેષ સંગ્રહ - એવં ૨ ભેદ જાણવા.✡ (**જિમ**) "**द्रव्याणि सर्वाणि अविरोधीनि**" એ પ્રથમ ભેદનું ઉદાહરણ.

**તથા** "जीवाः सर्वेऽविरोधिनः" એ દ્વિતીય ભેદનું ઉદાહરણ. *બહુશ્રુત ઈમ વિચારીનઈં તુમ્હે જોયો.* ॥૬/૧૧॥

**सङ्गृह्णन् सङ्ग्रहः प्रोक्त ओघ-विशेषतो द्विधा।**
**द्रव्याणि ह्यविरोधीनि यथा जीवास्तथा समाः॥६/११॥**

**❋ સંગ્રહનયની સમજણ ❋**

**શ્લોકાર્થ** :- બધી વસ્તુનો સંગ્રહ કરનાર સંગ્રહનય બે પ્રકારનો કહેવાય છે. (૧) સામાન્યરૂપે અને (૨) વિશેષરૂપે. જેમ કે (૧) 'દ્રવ્યો પરસ્પર અવિરોધી છે.' તથા (૨) 'જીવો પરસ્પર સમાન (= અવિરોધી) છે.' (૬/૧૧)

**● સંગ્રહનય સમત્વભાવને પ્રગટાવે ●**

**આધ્યાત્મિક ઉપનય** :- સર્વ દ્રવ્યોમાં અને સર્વ જીવોમાં અવિરોધનું, એકરૂપતાનું ભાન કરાવનાર સંગ્રહનય ભેદભાવના સંકુચિત સીમાડામાંથી આપણને બહાર કાઢી, 'વસુધૈવ કુટુમ્બકમ્' આવી અમૃત ભાવનાનું રસપાન કરાવે છે. મારા-તમારાપણાનો વિકલ્પ, પારકાપણાનો વિકલ્પ, મિત્ર-શત્રુ તરીકેની બુદ્ધિ, ઉચ્ચ-નીચપણાની બુદ્ધિ, ગમા-અણગમાના વમળ, રતિ-અરતિના દ્વન્દ્વને ઉત્પન્ન કરનાર અનુકૂળતા-પ્રતિકૂળતાનો વ્યામોહ વગેરે ક્યારેય પણ શુદ્ધસંગ્રહનયના અભિપ્રાયને આત્મસાત્ કરનાર વ્યક્તિને નડતા નથી. આ રીતે શુદ્ધ સંગ્રહનય ભેદભાવની બુદ્ધિને દૂર કરવા દ્વારા તથા અભેદબુદ્ધિનું આધાન કરવા દ્વારા સાધકને સમત્વ ભાવના શિખર સુધી પહોંચાડે છે. તે મુજબ કરવાથી સકલ આવરણનો ઉચ્છેદ થાય છે. તેનાથી સંગ્રહનયસંમત, **દ્વાત્રિંશિકાપ્રકરણ**માં નિર્દિષ્ટ, તેની **નયલતા** વ્યાખ્યામાં વર્ણિત એવું જન્મ-જરા-મરણ-રોગ વગેરે પીડાઓથી રહિત મુક્તિસ્વરૂપ સર્વોત્કૃષ્ટ સિદ્ધસુખ પ્રગટ થાય છે. સિદ્ધસુખનું વર્ણન **ભગવતી આરાધના** ગ્રંથ આ મુજબ કરે છે કે 'અપ્સરાઓની સાથે સર્વ દેવોનો સમૂહ જે સુખને માણે છે, તેના કરતાં એક સિદ્ધ ભગવંતનું સુખ અનંતગુણ ચઢિયાતું છે તથા તમામ પીડાઓથી રહિત છે.' (૬/૧૧)

♦ કો.(૪)માં 'સવિ' પાઠ મ.માં 'સબ' પાઠ. કો.(૨) + કો(૭)નો પાઠ લીધો છે. ✡ શાં.માં 'જાણવા' પાઠ નથી. મ.+લી.(૨)+કો.(૨+૭+૯)+સિ.માં છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

**♦વ્યવહાર સંગ્રહવિષયભેદક, તિમજ દ્વિવિધ પ્રસિદ્ધ રે;**
**દ્રવ્ય જીવાજીવ ભાખઈ, જીવ ભવિયા સિદ્ધ રે ॥૬/૧૨॥ (૮૫) બહુ.**

**સંગ્રહ**નયનો જે **વિષય** તેહના ભેદનો દેખાડણહાર (=**ભેદક**) તે **વ્યવહાર**નય (**ભાખઈ**=) કહિઈં.

તે **તિમજ** = સંગ્રહનયની પરિં **દ્વિવિધ** (**પ્રસિદ્ધ**) કહિઈં. એક સામાન્યસંગ્રહભેદક વ્યવહાર ૧, એક વિશેષસંગ્રહભેદક વ્યવહાર ૨. એવં ૨ ભેદ જાણવા. "**द्रव्यं जीवाजीवौ**" એ સામાન્યસંગ્રહભેદક વ્યવહાર.

"**जीवाः संसारिणः (= भविकाः = भविनः) सिद्धाश्च**" એ વિશેષસંગ્રહભેદક વ્યવહાર (**ભાખઈ**). ઈમ ઉત્તરોત્તરવિવક્ષાઇં સામાન્ય-વિશેષપણું ભાવવું. ॥૬/૧૨॥

**सङ्ग्रहार्थविभेदी च व्यवहारो द्विधा भवेत्।**
**जीवाऽजीवौ यथा द्रव्यं जीवाः संसारिणः शिवाः॥६/१२॥**

### ❈ વ્યવહાર નયની વ્યાખ્યા ❈

**શ્લોકાર્થ** :- સંગ્રહનયના વિષયનું વિભાજન કરનાર વ્યવહારનય બે પ્રકારે છે. જેમ કે (૧) જીવ અને અજીવ દ્રવ્ય છે. (૨) સંસારી અને મુક્ત - આ રીતે જીવો બે પ્રકારના છે. (૬/૧૨)

### ❈ સ્પષ્ટ વક્તા બનો ❈

**આધ્યાત્મિક ઉપનય** :- વ્યવહારનય પ્રસિદ્ધ લોકવ્યવહારના સમર્થન માટે જીવદ્રવ્ય વગેરેના વિભાગ દર્શાવે છે. આ બાબત આધ્યાત્મિક જગતમાં એ રીતે ઉપયોગી છે કે આપણે પણ સામેની વ્યક્તિ આપણી વાતને સ્પષ્ટપણે સમજી શકે તે રીતે વિષયવિભાગપૂર્વક વ્યવહારમાં પ્રતિપાદન કરવું જોઈએ. સામેની વ્યક્તિને સમજાય નહિ તે પ્રમાણે ગોળ-ગોળ રીતે અસ્પષ્ટપણે, મોઘમ કહેવું ઉચિત ન કહેવાય. કારણ કે તેનાથી સામેની વ્યક્તિને સમજણ ન પડવાથી સંક્લેશ થાય છે. દા.ત. 'તમે બધા જમશો કે નહિ ?' આ પ્રશ્નના ઉત્તરમાં 'અમે જમીએ તો જમીએ, બાકી નક્કી નહિ' - આમ બોલવાથી સામેની વ્યક્તિને વ્યામોહ-સંક્લેશાદિ થાય. તથા વ્યવસ્થિત રીતે કામ ન થઈ શકવાથી આપણને પણ સંક્લેશ થાય છે. તેથી જ્યારે જ્યાં જેટલું જે સ્પષ્ટપણે કહેવું જરૂરી હોય ત્યારે, ત્યાં, તેટલું તે કથન સ્પષ્ટપણે કરવું જોઈએ. આ રીતે વ્યવહારનયનો ઉપદેશ છે. તેને અનુસરવાથી સ્વ-પરને સંક્લેશ થતો નથી. તેના લીધે વ્યવહારનયસંમત મોક્ષ ઝડપથી મળે. વ્યવહારનયમતે પ્રયત્નસાધ્ય સર્વકર્મક્ષય એ જ મોક્ષ છે. આ વાત **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **દ્વાત્રિંશિકાપ્રકરણ**માં કરેલ છે. તથા તેની **નયલતા** વ્યાખ્યામાં અમે તેનું વિવેચન પણ કરેલ છે. (૬/૧૨)

♦ આ ગાથા અને તેનો ટબો કો.(૧૩)માં નથી.

**વર્તતો ઋજુસૂત્ર ભાખઈ, અર્થ નિજઅનુકૂલ રે;**

**♦ક્ષણિક ✡પર્યાય કહઈ સૂક્ષ્મ♦, મનુષ્યાદિક થૂલ રે ॥૬/૧૩॥ (૮૬) બહુ.**

**ઋજુસૂત્રનય વર્તતો અર્થ ભાખઈ**, પણિ અતીત અનાગત અર્થ ન માનઈં. વર્તમાન પણિ **નિજ અનુકૂલ❋** = આપણા કામનો અર્થ માનઈં, પણિ પરકીય ન માનઈં.

તેહ ઋજુસૂત્રનય દ્વિભેદ કહવો - એક સૂક્ષ્મ, બીજો સ્થૂલ. **સૂક્ષ્મ** તેહ **ક્ષણિક પર્યાય** માનઈં (+**કહઈ**). **સ્થૂલ** તે **મનુષ્યાદિ** પર્યાય માનઈં (+**કહઈ**). પણિ કાલત્રયવર્તી પર્યાય ન માનઈં. વ્યવહારનય ☐તે ત્રિકાલ પર્યાય માનઈં. તે માટઈં સ્થૂલ ઋજુસૂત્ર, વ્યવહારનયનઈં ⁑સંકર ન જાણવો.॥૬/૧૩॥

---

**साम्प्रतं स्वानुकूलञ्चर्जुसूत्रस्तु प्रभाषते।**
**क्षणिकपर्ययं सूक्ष्मः, स्थूलश्च मनुजादिकम्।।६/१३।।**

---

### ❋ ઋજુસૂત્રનયની ઓળખાણ ❋

**શ્લોકાર્થ** :- ઋજુસૂત્રનય તો વર્તમાનકાલીન અને પોતાને અનુકૂલ એવા વિષયને કહે છે. સૂક્ષ્મ ઋજુસૂત્રનય ક્ષણિક પર્યાયને કહે છે. તથા સ્થૂલ ઋજુસૂત્રનય મનુષ્ય વગેરે પર્યાયને કહે છે.(૬/૧૩)

### ❋ ઋજુસૂત્રનયનો આધ્યાત્મિક ઉપયોગ ❋

**આધ્યાત્મિક ઉપનય** :- 'વર્તમાનકાલીન સ્વકીય વસ્તુ જ કાયદેસર રીતે પોતાનું કાર્ય કરવાથી વાસ્તવિક છે' - આવી ઋજુસૂત્રનયની વાત આધ્યાત્મિક દૃષ્ટિએ એ રીતે વિચારવી કે વર્તમાનકાળમાં તપ-ત્યાગ -સ્વાધ્યાય-સેવા કરવાની પુષ્કળ શક્તિ હોવા છતાં ઉત્સાહપૂર્વક સાધના કરવાના બદલે કેવળ પોતાની ભૂતકાળની સાધનાની બડાઈ હાંકવામાં આવે અથવા 'આવતા ભવમાં દીક્ષા લઈશ' - તેવી લુખી ભાવના વ્યક્ત કરવામાં આવે કે બીજાની આરાધનાની ફક્ત હોઠથી પ્રશંસા કરવામાં આવે તો તેનાથી આત્માની આધ્યાત્મિક દરિદ્રતા રવાના થઈ શકતી નથી. કેમ કે અતીત, અનાગત અને પરકીય સાધના વર્તમાનકાળે આપણું કામ ન કરવાથી અસત્ છે. અસત્ એવી અતીત-અનાગત-પરકીય સાધનાથી આપણો મોક્ષ કેવી રીતે થઈ શકે ? અન્યથા અતીત સાધનાથી, અનાગત સાધનાથી કે તીર્થંકર ભગવંતોની (=પરકીય) સાધનાથી પણ હમણાં જ આપણો મોક્ષ થઈ જાય. તેથી ભૂતકાળમાં કે ભવિષ્યકાળમાં ખોવાઈ જવાને બદલે વર્તમાનકાળમાં શક્તિ છૂપાવ્યા વિના સ્વભૂમિકાને યોગ્ય સાધનામાં ગળાડૂબ રહેવું. તથા પરલક્ષી વિચારધારાને ખસેડી આત્મલક્ષી વિચારધારાને અપનાવવી. આ જ વસ્તુ પરમાર્થ સત્ છે. ઋજુસૂત્રનયનો આ ઉપદેશ આદરવા લાયક અને અપનાવવા લાયક છે. તેનાથી ઋજુસૂત્રનયસંમત મુક્તિ નજીક આવે. ઋજુસૂત્રનયમતે વિશુદ્ધ જ્ઞાન-સુખ વગેરે પર્યાયોની પરંપરા = પ્રવાહ એ જ મોક્ષ છે. આ વાત **દ્વાત્રિંશિકાપ્રકરણ**માં **મહોપાધ્યાયજી**એ દર્શાવેલ છે. તથા તેની **નયલતા** વ્યાખ્યામાં અમે તેનું વિવેચન પણ કરેલ છે. (૬/૧૩)

---

♦ લા.(૨)+મ.માં 'ષ્યણિક... સૂષિમઃ' પાઠ. કો.(૨+૪+૧૨)નો પાઠ લીધો છે. ✡ પુસ્તકોમાં 'પર્યય' પાઠ. કો.(૯)નો પાઠ લીધો છે. ♦ મ.મો 'સૂષિમ' પાઠ છે. કો.(૧)+(૭)નો પાઠ લીધો છે. ❋ પુસ્તકોમાં 'અનુકુલ' પાઠ અશુદ્ધ. કો.(૧૩)નો પાઠ લીધો છે. ☐ કો.(૧૩)માં 'તો' પાઠ. ⁑ B(૨)માં 'સંકેત' પાઠ.

**શબ્દ પ્રકૃતિ-♦પ્રત્યયાદિકસિદ્ધ માનઈ શબ્દ રે;**
**સમભિરૂઢ વિભિન્ન અર્થક, કહઈ ભિન્ન જ શબ્દ રે ॥૬/૧૪॥ (૮૭) બહુ.**

શબ્દનય તે **પ્રકૃતિ-પ્રત્યયાદિક** વ્યાકરણવ્યુત્પત્તિ **સિદ્ધ શબ્દ માનઈ**. પણિ લિંગ-વચનાદિભેદઈ અર્થનો ભેદ માનઈ. જિમ "**तटः, तटी, तटम्**" એ ૩ લિંગભેદઈ અર્થભેદ, તથા "**आपः, जलम्**" ઈહાં એકવચન-બહુવચનભેદઈ અર્થભેદ.

ઋજુસૂત્રનયનઈં એ ઈમ કહઇ જે "કાલભેદઈ અર્થભેદ તું માનઈ છઈ, તો લિંગાદિભેદઈ ભેદ કાં ન માનઈ ?"

**સમભિરૂઢ**નય ઈમ **કહઈ** જે "**ભિન્ન શબ્દ ભિન્નાર્થક જ** હોઈ."

✡શબ્દનયનઈં એ ઈમ કહઈ, જે- "જો તું ⌘લિંગાદિભેદઈ અર્થભેદ માનઈ છઈ, તો શબ્દ-ભેદઈ અર્થભેદ કાં ન માનઈ ?" તે માટઈ ઘટશબ્દાર્થ ભિન્ન કુંભશબ્દાર્થ ભિન્ન ઈમ એ માનઈ.

એકાર્થપણું પ્રસિદ્ધ છઈ, તે ♦શબ્દાદિનયની વાસના થકી.॥૬/૧૪॥

---

પરામર્શ

**प्रकृत्यवयवैस्सिद्धं शब्दं शब्दो हि मन्यते।**
**शब्दभेदेऽर्थभेदं तु समभिरूढसंज्ञकः।।६/१४।।**

---

### ❋ શબ્દ-સમભિરૂઢ નયનું પ્રતિપાદન ❋

***શ્લોકાર્થ*** :- પ્રકૃતિના અવયવોથી સિદ્ધ થયેલા શબ્દને શબ્દનય માને છે. સમભિરૂઢ નામનો નય તો શબ્દભેદે અર્થભેદ માને છે. (૬/૧૪)

### ❋ સમભિરૂઢનયનો આધ્યાત્મિક ઉપદેશ ❋

**આધ્યાત્મિક ઉપનય** :- 'હું જિનવાણી સાંભળું છું. માટે શ્રાવક છું. તથા શ્રાવક હોવાથી જ હું દેશવિરતિધર, શ્રમણોપાસક, પંચમગુણસ્થાનવર્તી થઈ ગયો' - આવું માનવાની કદાપિ ભૂલ ન કરવી. આવો બોધપાઠ સમભિરૂઢનય આપે છે. જિનવાણી સાંભળે તેને શ્રાવક કહેવાય. શ્રાવકના અણુવ્રત આદિ સ્વીકારે તેને દેશવિરતિધર કહેવાય. સાધુ ભગવંતોની ઉપાસના કરે તે શ્રમણોપાસક કહેવાય. આમ જ્ઞાનગર્ભિત સાધના કરતાં કરતાં અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો ક્ષયોપશમ થતાં પાંચમા ગુણસ્થાનકે પહોંચે તેને પંચમગુણસ્થાનકવર્તી કહેવાય. તેથી માત્ર જિનવાણી સાંભળીને અટકી ન જવું. પણ દેશવિરતિધર વગેરે શબ્દના વાચ્યાર્થરૂપે પરિણમવા માટે પણ સક્રિય રહેવું જોઈએ.

આ જ રીતે સાધુ ભગવંતોએ પણ સમજી લેવું કે 'મેં દીક્ષા લીધી. માટે હું દીક્ષિત થયો. પરંતુ

---

♦ શાં.+મ.માં 'પ્રત્યાદિક' ત્રુટક પાઠ. લી.(૧+૨+૩+૪) + કો.(૧+૧૩) + P(૩)નો પાઠ લીધો છે.

✡ આ.(૧)માં 'સમભિરૂઢ નૈગમને' પાઠ.

⌘ લી.(૧)માં 'પુંલિ...' પાઠ.

♦ શબ્દનયની. પા૦ + સિ. + કો.(૯)માં પાઠ.

એટલા માત્રથી જ હું ક્ષમાશ્રમણ, મુનિ, દાંત, યતિ, મહાત્મા, યોગી, નિર્ગ્રન્થ, અણગાર, વાચંયમ, સંયત, ષષ્ઠ-સપ્તમગુણસ્થાનવર્તી બની નથી ગયો. ક્ષમાશ્રમણ વગેરે શબ્દના વાચ્યાર્થસ્વરૂપે પરિણમવા માટે મારે ક્ષમા, મૌન, ઈન્દ્રિયદમન વગેરે ગુણોને આત્મસાત્ કરવાનો દૃઢ પ્રયત્ન કરવો જરૂરી છે' - આવો સમભિરૂઢનયનો ઉપદેશ જે ગ્રહણ કરે, તે ઝડપથી મોક્ષે પહોંચે. **ષોડશકપ્રકરણ**માં **શ્રીહરિભદ્રસૂરિજી**એ મોક્ષના સ્વરૂપને જણાવતાં કહેલ છે કે 'તે મુક્તાત્મસ્વરૂપ શરીર-ઈન્દ્રિયાદિરહિત, અચિંત્યગુણસમુદાયાત્મક, સૂક્ષ્મ, ત્રૈલોક્યમસ્તકભાગવર્તી જન્માદિસંક્લેશશૂન્ય હોય છે.' (૬/૧૪)

**ક્રિયાપરિણત અર્થ જ◆ માનઈં સર્વ એવંભૂત રે;**
**નવઈં નયના ભેદ ઈણિ પરિ, અઠાવીસ પ્રભૂત રે ॥૬/૧૫॥ (૮૮) બહુ.**

**એવંભૂતનય સર્વ અર્થ, ક્રિયાપરિણત** (જ) ક્રિયાવેલાઈં **માનઈં**, અનઈં❖ અન્યદા ન માનઈં. જિમ રાજઈં = છત્ર-ચામરાદિકઈં શોભઈં, તે રાજા. ✿તે પર્ષદામાંહિં બઈઠાં ચામર ✠ઢલાઈં, તિવારઈં.

સ્નાનાદિક વેલાઈં તે અર્થ વિના રાજા ન કહિયઈં.

▸દ્રવ્યાર્થિક-૧૦, પર્યાયાર્થિક-૬, નિગમ-૩, સંગ્રહ-૨, વ્યવહાર-૨, ઋજુસૂત્ર-૨, શબ્દ-૧, સમભિરૂઢ-૧, એવંભૂત-૧◂ (**ઈણિ પરિ**=) ઈમ **નવઈં નયના અઠાવીસ ભેદ પ્રભૂત** કહતાં ઘણા થયા. *ઈતિ ભાવાર્થ. ઈમ બહુશ્રુતવંત હઉયઈ તે સમજી લેવો.* ॥૬/૧૫॥

परामर्शः

**शब्दवाच्यक्रियायुक्तमेवम्भूतोऽखिलं नयः।**
**नव नयप्रकारा हि प्रभूता गजनेत्रगाः॥६/१५॥**

### ❋ એવંભૂતનયનું પ્રતિપાદન ❋

**શ્લોકાર્થ** :- એવંભૂતનય તમામ વસ્તુને શબ્દથી પ્રતિપાદ્ય એવી ક્રિયાથી યુક્ત માને છે. આ રીતે નવ નયના (અવાન્તર) ઘણાં = અઠ્ઠાવીસ ભેદ થાય છે. (૬/૧૫)

### ❋ એવંભૂતનયનો આધ્યાત્મિક ઉપદેશ ❋

**આધ્યાત્મિક ઉપનય** : એવંભૂતનય શબ્દપ્રતિપાદ્ય ક્રિયાથી યુક્ત વસ્તુને જ તે શબ્દના વાચ્યાર્થરૂપે સત્ માને છે. આ બાબત એ રીતે ઉપયોગી છે કે વિરાધનાથી અને વિરાધકભાવથી અટકવાની પરિણતિથી પરિણત હોઈએ ત્યારે જ આપણે વિરતિધર છીએ. મોક્ષમાર્ગને સાધી રહ્યા હોઈએ ત્યારે જ આપણે આપણને સાધક કે સાધુ માનવા. સાધુજીવનમાં અંતરંગ પરિણામના સ્તરે પુદ્ગલોને વિશે ઉદાસીનતા - મૌન આવે તો જ આપણે મુનિ સાચા. દુર્ગતિ તરફ જતી આપણી જાતને અટકાવી સદ્ગતિના માર્ગે આત્માને આગળ ધપાવી રહ્યા હોઈએ તો જ આપણે ધર્માત્મા કહેવાઈએ. તેવી ક્રિયાથી કે પરિણામથી પરિણત થયા ન હોઈએ ત્યારે આપણને વિરતિધર-સાધક-સાધુ-મુનિ-ધર્માત્મા માનવાની ભૂલ ન કરવી. આ પ્રમાણે એવંભૂતનયનો ઉપદેશ રજોહરણાદિધારકે ગ્રહણ કરવા યોગ્ય છે. તેવા ઉપદેશને અનુસરવાથી **બ્રહ્મસિદ્ધાંત સમુચ્ચય**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ નજીક આવે છે. ત્યાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે "(૧) સર્વથા કૃતકૃત્ય, (૨) સૂક્ષ્મ, (૩) અવ્યક્ત, (૪) નિરંજન, (૫) સર્વ કર્મના ફળથી રહિત થવાના લીધે સારી રીતે જે સિદ્ધ થયા હોય, સંસારમાંથી સીઝી ગયા હોય તે સિદ્ધ કહેવાય છે." (૬/૧૫)

◆ પુસ્તકોમાં 'જ' નથી. કો.(૧૩) + આ.(૧)માં છે. ❖ ફક્ત કો.(૧૩)માં 'અનઈં' પાઠ છે.
✿ મ.માં 'તિં' પાઠ. અહીં સિ.+ કો.(૭+૯) + આ.(૧)નો પાઠ લીધો છે. ✠ કો.(૧૩)માં 'ઢાલઈં' પાઠ.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લી.(૧)માં છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

**નવઈ નય ઈમ કહિયા, ઉપનય તીન કહિઈ સાર☒ રે;**

**સાચલો શ્રુત ♦અર્થ પરખી, લહો ❖જસ ⊠વિસ્તાર રે ॥૬/૧૬॥ (૮૯) બહુ.**

ઈમ *ઈણી પરઈ* ⊞**નવઈ નય કહિયા.** હિવઈ ૩ **ઉપનય (સાર) કહઈ** છઈ.તિહાં પણિ દિગંબર પ્રક્રિયાઈં કહિઈં છઈ. *નવ નયના ✡અઠ્ઠાવીસ ભેદ પ્રભૂત કહઈતા.* એહમાંહિં **સાચો શ્રુતનો અર્થ તે પરખી**✤ *સમ્યગ્ પણ* કરીઈનઈં, બહુશ્રુતપણાના **યશનો વિસ્તાર** *તિહ પ્રતઈ* ♦પામો (= લહો). ▸હિવે ૩ ઉપનય દિગંબરપ્રક્રિયાઈ લખિઈ છઈ.◂ "□**नयानां समीपे उपनयाः**" ॥૬/૧૬॥

**પરામર્શ:** **प्रोक्ता नव नया वक्ष्येऽधुना ह्युपनयत्रिकम्।**
**सुश्रुतार्थं परीक्ष्याऽत्र यशःश्रीविस्तरं नय।।६/१६।।**

**શ્લોકાર્થ** :- નવ નયો કહ્યા. હવે ત્રણ ઉપનયને કહીશ. સુંદર આગમિક પદાર્થની અહીં પરીક્ષા કરીને યશોલક્ષ્મીના વિસ્તારને લઈ જાવ (=પામો). (૬/૧૬)

**આધ્યાત્મિક ઉપનય** :- શ્વેતાંબરસંપ્રદાય મુજબ મૂલ નય સાત છે. દિગંબરસંપ્રદાય મુજબ મૂલ નય નવ છે. દિગંબરમતાનુસાર નવ નયનું નિરૂપણ કરતાં-કરતાં જ્યાં શ્વેતાંબર શાસ્ત્રો અને યુક્તિ દ્વારા તેનું સમર્થન થઈ શકે તેમ હોય ત્યાં તે પ્રમાણે તેનું સમર્થન પણ ગ્રંથકારશ્રીએ ટબામાં કરેલ છે. આના ઉપરથી એટલો બોધપાઠ લેવા જેવો છે કે (૧) બીજાની વાતને જણાવતી વખતે તેનું યોગ્ય રીતે સમર્થન થઈ શકે તેમ હોય તો તે રીતે તેનું સમર્થન કરવાની ઉદારતા આપણે દાખવવી જોઈએ. (૨) 'મારી જ વાત સાચી. બીજાની વાત ખોટી જ' - આવો સંકુચિત અને કદાગ્રહી અભિપ્રાય કદાપિ અપનાવવા જેવો નથી. (૩) કોઈ પણ પ્રકારનો પૂર્વગ્રહ બાંધ્યા વિના જ સામેની વ્યક્તિની વાતને આપણે સાંભળવી જોઈએ. તો જ સામેની વ્યક્તિને આપણે સાચો ન્યાય આપી શકીએ. (૪) બીજાની વાત સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારવી જોઈએ. તો જ તેની યોગ્ય પરીક્ષા કરી શકાય. (૫) મધ્યસ્થવૃત્તિ, પરીક્ષકવૃત્તિ અને સમન્વયવૃત્તિ - આ ત્રણ પ્રકારની વૃત્તિને આત્મસાત્ કરવાથી **તત્ત્વાર્થસૂત્ર**માં દર્શાવેલ સંપૂર્ણકર્મક્ષયસ્વરૂપ મોક્ષ ઝડપથી ઉપસ્થિત થાય.(૬/૧૬)

**✱ છઠ્ઠી શાખા સમાપ્ત ✱**

☒ કો.(૧૩)માં 'સંસાર' પાઠ. ♦ મ.માં 'અરથ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

❖ કો.(૧૩)માં '**सुजस**' પાઠ. ⊠ લી.(૨)માં 'નિસ્તાર' પાઠ.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

⊞ દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક, નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, એવંભૂત.

✡ પાઠા૦- કો.(૭)માં દ્રવ્યાર્થિક ૧૦, પર્યાયાર્થિક ૬, નૈગમ ૩, સંગ્રહ ૨, વ્યવહાર ૨, ઋજુસૂત્ર ૨, શબ્દ ૧, સમભિરૂઢ ૧, એવંભૂત ૧. **ગ્રં૦ ટિપ્પણી.** ✤ કો.(૧૩)માં 'પરખ્યા' પાઠ.

♦ આ.(૧)માં 'પામ્યો' પાઠ. કો.(૭)માં 'પામ્યો' પાઠ.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.



દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ
ભાગ-૭
ઉપનય પરામર્શ
ઉપનય પરામર્શ
द्रव्यानुयोगपरामर्शः शाखा-७
उपनयपरामर्शः
ઉપનય પરામર્શ ઉપનય પરામર્શ ઉપનય પરામર્શ

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૭

# द्रव्यानुयोगपरामर्शः शाखा-७

उपनयपरामर्शः

## ❈ ટૂંકસાર ❈

: શાખા - ૭ :

અહીં ઉપનયની વિચારણા કરેલ છે. ઉપનય ત્રણ છે. પ્રથમ સદ્ભૂત વ્યવહાર ઉપનય ધર્મ અને ધર્મી વચ્ચે ભેદ માને છે. શુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનય અને અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનય અશુદ્ધ ગુણોને શુદ્ધ ગુણમાં રૂપાંતર કરવાની પ્રેરણા કરે છે. (૭/૧-૨-૩-૪)

બીજો અસદ્ભૂત વ્યવહાર ઉપનય દ્રવ્ય-ગુણ-પર્યાયનો એકબીજામાં ઉપચાર કરે છે. આધ્યાત્મિક દૃષ્ટિએ ઉપકારી એવા ઉપચારો શાસ્ત્રકારોને પણ માન્ય છે. તે આના પરથી જણાય છે. (૭/૫)

સૌ પ્રથમ દ્રવ્યનો દ્રવ્યમાં (= જીવનો પુદ્ગલમાં) ઉપચાર કરીને 'જીવ જ શરીર છે' - એમ જણાવેલ છે. આ દૃષ્ટિ પ્રાણીહિંસા વગેરેથી અટકવામાં સહાયક છે. (૭/૬)

ગુણમાં ગુણનો ઉપચાર (ભાવલેશ્યામાં કૃષ્ણ, નીલ વગેરે પુદ્ગલોના વર્ણનો ઉપચાર) કરીને ભાવલેશ્યાને કૃષ્ણલેશ્યા વગેરે કહેલ છે. જીવ કષાય કરે ત્યારે કાષાયિક ભાવોથી ભાવિત થાય છે. (૭/૭)

અશ્વપર્યાયમાં સ્કંધપર્યાયનો ઉપચાર કરી 'ઘોડો સ્કંધ છે' - આમ બોલવું તે ત્રીજો ઉપચાર. (૭/૮)

'હું ગોરો છું' - અહીં દ્રવ્યમાં ગુણનો ઉપચાર છે. તેમજ 'હું શરીર છું' - અહીં દ્રવ્યમાં પર્યાયનો આરોપ છે. અહીં શુદ્ધાત્માને લક્ષમાં રાખવા જણાવેલ છે. (૭/૯)

'ગોરો હું છું' - અહીં ગુણમાં દ્રવ્યનો ઉપચાર છે. 'શરીર એ હું છું' - અહીં પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર છે. આ ઔપચારિક ભાષા બોલતી વખતે 'સિદ્ધ એ જ હું છું' - આ વાસ્તવિકતાને લક્ષમાં રાખવી. (૭/૧૦)

'મતિજ્ઞાન શરીર છે' - આ બુદ્ધિ ગુણમાં પર્યાયના આરોપથી થાય. 'શરીર જ મતિજ્ઞાન છે' - આ બુદ્ધિ પર્યાયમાં ગુણના આરોપથી થાય. આવો વ્યવહાર કરતી વખતે ભેદજ્ઞાનને ટકાવવું. (૭/૧૧)

આમ નવ પ્રકારે અસદ્ભૂત વ્યવહાર ઉપનય છે. બીજી રીતે તેના ત્રણ પ્રકાર છે. (૭/૧૨)

સ્વજાતિ અસદ્ભૂત વ્યવહાર ઉપનય નિરંશ પરમાણુને બહુપ્રદેશી જણાવે છે. આ ઉપનય પાપ કરતી વખતે 'હું પશુતુલ્ય છું' - આવી દૃષ્ટિ આપી પાપત્યાગનું બળ આપે છે તથા પાપી વ્યક્તિમાં 'તે સિદ્ધ છે' - એવા વિચાર દ્વારા દ્વેષત્યાગનું બળ આપે છે. (૭/૧૩)

વિજાતીય અસદ્ભૂત વ્યવહાર ઉપનયના મતે 'રૂપી દ્રવ્યથી ઉત્પન્ન મતિજ્ઞાન રૂપી છે.' (૭/૧૪)

સ્વ-પરજાતિની અપેક્ષાવાળો ત્રીજો અસદ્ભૂત વ્યવહાર ઉપનય જ્ઞાનને જીવ-અજીવસ્વરૂપ માને છે. આનાથી 'જેવું જ્ઞાન તેવો જીવ' - આ વાત સિદ્ધ થાય છે અને પોતાના જ્ઞાનને નિર્મળ કરવાનું સૂચન મળે છે. (૭/૧૫)

ઉપનયનો ત્રીજો ભેદ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર એક ઉપચારમાં બીજો ઉપચાર કરે છે. (૭/૧૬)

તેના ત્રણ પ્રકાર છે. સ્વજાતિથી, પરજાતિથી અને ઉભયજાતિથી. સ્વજાતિથી ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનય બોલે છે કે 'હું પુત્ર છું, પુત્ર વગેરે મારા છે' - અહીં એક ઉપચારમાં (= પુત્રત્વમાં) બીજો ઉપચાર (= હુંપણું કે મારાપણું) જણાવેલ છે. મુમુક્ષુએ આવા ઉપચારોના વમળોમાં ફસાઈ ન જવું. (૭/૧૭)

'આ મારાં વસ્ત્ર' - આવું વાક્ય વિજાતિથી ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય બોલે છે. 'કિલ્લો, દેશ વગેરે મારા છે' - આ વાક્ય સ્વજાતિ-વિજાતિથી ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય બોલે છે. આમ અનેક ઉપચારવાળા જીવનવ્યવહાર મહામિથ્યાત્વમાં ખેંચી ન જાય તેનું લક્ષ રાખવું. (૭/૧૮)

આ રીતે નવ નય પછી ત્રણ ઉપનયની વાત પૂરી થાય છે. (૭/૧૯)

## ઢાળ - ૭

(રાગ - ગોડી♦ ▸એણી પરિ રાજિ કરત - **એ દેશી**◂)

હિવઇં - સદ્ભૂતપ્રમુખભેદ વર્ણન દ્વારે કરીનેં વર્ણવઈ છઈ –

**સદ્ભૂત ✡વ્યવહાર ⁸રે, ભેદ પ્રથમ તિહાં;**
**ધર્મ-ધર્મિના ભેદથી એ ॥૭/૧॥ (૯૦)**

▸*દિગંબર* પ્રક્રિયાઈં લખીઈં છે.◂ *'**नयसमीपे उपनयाः**।'*

**તિહાં - સદ્ભૂત વ્યવહાર પ્રથમ** ઉપનયનો ભેદ ♦જાણવો. તે **ધર્મ** અનઈં **ધર્મી** તેહના **ભેદ** દેખાડવાથી હોઈ. ॥૭/૧॥

• द्रव्यानुयोगपरामर्शः •

**शाखा - ७**

**उपनयास्त्रयस्तत्र, धर्म-धर्मिविभेदतः।**
**सद्भूतव्यवहारो हि, प्रथमो भेद उच्यते।।७/१।।**

• અધ્યાત્મ અનુયોગ •

**❋ ઉપનયમીમાંસા ❋**

**શ્લોકાર્થ** :- ઉપનય ત્રણ છે. તેમાં પ્રથમ ભેદ સદ્ભૂત વ્યવહાર કહેવાય છે. ધર્મ-ધર્મી વચ્ચે ભેદને ગ્રહણ કરવાની અપેક્ષાએ આ સદ્ભૂત વ્યવહાર સમજવો. (૭/૧)

**❋ નિવેદનમાં પ્રામાણિકતા રાખીએ ❋**

**આધ્યાત્મિક ઉપનય** :- શ્વેતાંબર પરંપરામાં 'ઉપનય'ની વિચારણા ન હોવા છતાં દિગંબર સંપ્રદાયમાં તે ઉપલબ્ધ થાય છે. તેથી તે મુજબ તેની વિચારણા ગ્રંથકારશ્રી **મહોપાધ્યાયજી** મહારાજ અહીં કરી રહ્યા છે. તેનાથી એટલો બોધપાઠ લેવા જેવો છે કે (૧) બીજાની વાત તેના શબ્દોમાં યથાવત્ રીતે રજૂ કરવાની પ્રામાણિકતા આપણે રાખવી જોઈએ. (૨) બીજાના વિચારો આપણા નામથી કોઈની પાસે રજૂ કરવા ન જોઈએ પરંતુ તેના નામથી જ રજૂ કરવા જોઈએ. અન્યથા જ્ઞાનની ચોરીનો દોષ લાગુ પડે. (૩) કોણે ક્યારે કયા ગ્રંથમાં કઈ વાત કહી છે ? તેની તપાસ કરવાની મહેનત આપણે કરવી જોઈએ. જેથી બીજાને તે-તે બાબતમાં સાચી માહિતી મળી શકે. આ રીતે પ્રામાણિકતા રાખવાથી **યોગબિંદુ**માં જણાવેલ મોક્ષ સુલભ બને. ત્યાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'સર્વ કર્મનો ક્ષય થવાથી જે મુક્તિ થાય છે, તે ભોગના સંક્લેશથી રહિત હોય છે. (૭/૧)

♦ ચક ઉપન્યું સાર રે - **એ દેશી** પાલિ૦ + કો.(૧૨)માં પાઠ. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં છે.

✡ આ.(૧) 'વિવહાર રે' પાઠ. ⁸ ફક્ત કો.(૧૨)માં 'રે' પાઠ છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯+૧૨)માં છે.

♦ ફક્ત લા.(૨)માં 'જાણવો' પાઠ છે.

**શુદ્ધ અશુદ્ધ દ્વિભેદ ⁕રે, શુદ્ધ-અશુદ્ધના;**
**❖તેહ ✠અર્થના ભેદથી એ ॥૭/૨॥ (૯૧)**

**તે** વલી (**દ્વિભેદ=**) **બે પ્રકારિ** હોઈ - ૧ **શુદ્ધ** અનઈ બીજો **અશુદ્ધ** ૨. **શુદ્ધ** (**અર્થના=**) ધર્મ-ધર્મિના **ભેદથી** શુદ્ધ સદ્ભૂત વ્યવહાર.

**અશુદ્ધ** (**અર્થના=**) ધર્મ-ધર્મિના **ભેદથી** અશુદ્ધસદ્ભૂતવ્યવહાર. સદ્ભૂત તે માટઇં ♦છે જે એક✡ જ દ્રવ્ય છઇ, ભિન્નદ્રવ્યસંયોગાપેક્ષા નથી. વ્યવહાર તે માટઇં જે ભેદ ❐દેખાડિઈં છઇ.॥૭/૨॥

**शुद्धाऽशुद्धद्विभेदः स विशुद्धधर्म-धर्मिणोः।**
**भेदाच्छुद्धः स विज्ञेयोऽशुद्ध इतरतः खलु।।७/२।।**

### ❖ સદ્ભૂત વ્યવહારનું નિરૂપણ ❖

**શ્લોકાર્થ** :- પ્રથમ ઉપનય શુદ્ધ અને અશુદ્ધ - બે પ્રકારે છે. વિશુદ્ધ ધર્મ-ધર્મીમાં ભેદને ગ્રહણ કરવાથી શુદ્ધ સદ્ભૂત જાણવો. અશુદ્ધ ધર્મ-ધર્મીમાં ભેદને ગ્રહણ કરવાથી અશુદ્ધ સદ્ભૂત જાણવો. (૭/૨)

### ❁ સદ્ભૂત વ્યવહાર ઉપનયનું પ્રયોજન ❁

**આધ્યાત્મિક ઉપનય** :- પ્રસ્તુત સદ્ભૂતવ્યવહાર ઉપનય આધ્યાત્મિક ઉપાસનાના પ્રારંભમાં શરીર, સ્વજન, સંપત્તિ વગેરે વિશે રહેલા અસદ્ભૂત સ્વામિત્વને શિથિલ કરે છે. ત્યાર બાદ તે સાધકને પોતાના કેવલજ્ઞાન વગેરે ક્ષાયિકગુણવૈભવને વિશે સ્વામિત્વ = માલિકી દેખાડે છે. 'ક્ષાયિક ગુણવૈભવ એ જ પ્રગટ કરવા યોગ્ય છે. મારે તેને ઝડપથી પ્રગટ કરવો છે' - આવી રુચિ-શ્રદ્ધાને સદ્ભૂતવ્યવહાર ઉપનય જગાડે છે. ક્ષાયિકગુણવૈભવનો મહિમા પ્રગટાવે છે. તેમજ તેને પ્રગટ કરવા માટેની ઈચ્છા ઉભી કરે છે. તેથી પુણ્યોદયથી પ્રાપ્ય-પ્રાપ્ત એવી ભૌતિક ઋદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિ પ્રત્યેનો આદરભાવ અંદરથી તૂટે છે. તેમજ ક્ષાયિકગુણવૈભવના સ્વામી એવા અરિહંત પરમાત્મા, સિદ્ધ ભગવંત, કેવલી ભગવંત ઉપર પુષ્કળ ભક્તિ-બહુમાન-આદરભાવ સમ્યક્ રીતે પ્રકૃષ્ટપણે વધતો જાય છે. તદુપરાંત, ક્ષાયિક ગુણવૈભવને પ્રગટ કરવાના ઉપાયભૂત ક્ષાયોપશમિક અશુદ્ધ ગુણોને વિશે પણ સ્વકીય સદ્ભૂત માલિકીપણાનો ભાવ-બોધ સાધકમાં આ ઉપનય જગાડે છે. તથા ક્ષાયોપશમિક ગુણોની પ્રાપ્તિ-સુરક્ષા -શુદ્ધિ-વૃદ્ધિને વિશે પણ તે પ્રયત્ન કરાવે છે. તેનાથી આધ્યાત્મિક ઉપાસક મોક્ષમાર્ગે જ સારી રીતે પ્રવર્તે છે. આ જ પ્રસ્તુત સદ્ભૂત વ્યવહાર ઉપનયનું અહીં તાત્ત્વિક પ્રયોજન સમજવું.

### ❀ શુદ્ધ ગુણ-પર્યાયોનો પરિચય કરીએ ❀

વળી, કથનનો કે મનનનો વિષય શુદ્ધ હોય તો વચનશુદ્ધિ અને વિચારશુદ્ધિ પ્રગટે. તે અશુદ્ધ હોય તો વચન અને મન અશુદ્ધ બને. તેથી પારકી પંચાત, વિકથા વગેરેથી દૂર રહી, પોતાના શુદ્ધ ગુણ-પર્યાયોને જ આદરથી વાણીનો અને વિચારનો વિષય બનાવવા. તેના લીધે **જ્ઞાનમંજરીમાં** ઉપાધ્યાય **શ્રીદેવચન્દ્રજીએ** બતાવેલ નિરાવરણ આત્યંતિક ઐકાંતિક નિર્દ્વન્દ્વ નિરામય અવિનાશી સિદ્ધસ્વરૂપ નજીક આવે. (૭/૨)

⁕ ફક્ત કો.(૧૨)માં 'રે' છે. ❖ કો.(૧૩)માં 'તેહના' પાઠ. ✠ મ.માં 'અરથના' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.
♦ ફક્ત કો.(૧૩)માં 'છે' પાઠ છે. ✡ પુસ્તકોમાં 'એક દ્રવ્ય જ' પાઠ. કો.(૧૩)નો પાઠ લીધો છે. ❐ મ.માં 'દેષાડિ' પાઠ.

**જિમ જગિ કેવલજ્ઞાન◆, ✡આત્મદ્રવ્યનું;**
**✦મઈનાણાદિક તેહનું એ ॥૭/૩॥ (૯૨)**

જિમ (જગિ=) જગમાંહિ **"આત્મદ્રવ્યનું કેવલજ્ઞાન"** - ઈમ ષષ્ઠીઈં પ્રયોગ કીજઈ.

તથા **"મતિજ્ઞાનાદિક (તેહનું=) આત્મદ્રવ્યના ગુણ"** ઈમ બોલાવિયઈ, ▸ધર્મ-ધર્મીના ૨ ભેદથી(એ).◂ ॥૭/૩॥

**आत्मनः केवलज्ञानं भूतव्यवहृतिः सती।**
**मतिज्ञानादि तस्यैवाऽशुद्धा सा जगति स्मृता।।७/३।।**

### ❉ શુદ્ધ-અશુદ્ધ સદ્ભૂત વ્યવહારના ઉદાહરણ ❉

**શ્લોકાર્થ** :- જેમ કે આ જગતમાં 'આત્માનું કેવલજ્ઞાન' - આ વચન શુદ્ધ સદ્ભૂત વ્યવહાર તરીકે માન્ય છે. 'આત્માનું મતિજ્ઞાન વગેરે' - આ વચન અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર તરીકે માન્ય છે. (૭/૩)

### ❋ સદ્ભૂત વ્યવહાર ઉપનયનું પ્રયોજન ❋

**આધ્યાત્મિક ઉપનય** :- 'સંસાર, સાંસારિક પદાર્થો અનિત્ય છે, અસાર છે' - એવું જાણીને સાધક વિરક્ત બને છે. બિહામણા સંસારનો તેને ભય લાગે છે. 'વિરાટ સંસારમાં પરમાર્થથી પોતાનું કોઈ પણ નથી' - આ ખ્યાલથી તેને કર્મના બંધનમાંથી મુક્ત થવાની ઈચ્છા પ્રગટે છે. તે દશામાં મુમુક્ષુને શાશ્વત તત્ત્વની પરમાર્થથી ગરજ ઊભી થાય છે. શાશ્વત તત્ત્વની ખોજમાં ખોવાયેલો સાધક ગુરુગમથી પોતાના શાશ્વત અને શુદ્ધ એવા કેવલજ્ઞાનાદિ ગુણવૈભવને જાણે છે. 'શક્તિસ્વરૂપે પોતાના આત્મામાં રહેલા હોવાથી ક્ષાયિક ગુણો સદ્ભૂત છે, વાસ્તવિક છે. ફક્ત તેને પ્રગટ કરવાની જરૂર છે, આવરણને હટાવવાની આવશ્યકતા છે' - આ પ્રમાણે જાણીને શુદ્ધ આત્મગુણો પ્રગટ કરવા માટે તે સાધક મુમુક્ષુ આત્મનિરીક્ષણ-તત્ત્વપરીક્ષણ વગેરે શાસ્ત્રોક્ત અભ્યન્તર પ્રયોગોને વિશે ઝળહળતા સંવેગથી પ્રવર્તે છે. મતિજ્ઞાન વગેરે ક્ષાયોપશમિક ગુણો અશુદ્ધ હોવા છતાં પણ સદ્ભૂત છે, વાસ્તવિક છે. તેથી જ 'મતિજ્ઞાન આદિ સ્વરૂપ પોતાની ચેતના એ આત્મનિરીક્ષણ વગેરે પ્રયોગો કરવાની શાળા છે' - એવું જાણીને મુમુક્ષુ મતિજ્ઞાનાદિસ્વરૂપ ઉપયોગાત્મક પ્રયોગશાળામાં, વૈરાગી હોવાથી અંતર્મુખ બનીને, પોતાના ઉપયોગની અશુદ્ધિનો પૂર્ણતયા ક્ષય કરવા માટે તથા પ્રકૃષ્ટ શુદ્ધિની સમ્યક્ પ્રાપ્તિ માટે સર્વદા પ્રયાસ કરે છે. આ રીતે તે ગુણોને શુદ્ધ કરે છે.

◆ પુસ્તકોમાં 'ગ્યાન' પાઠ. કો.(૪)નો પાઠ લીધો છે.

✡ પુસ્તકોમાં 'આતમ' પાઠ. કો.(૯)+સિ.નો પાઠ લીધો છે.

✦ મ.+ધ.માં 'લઈ' પાઠ. કો.(૨+૧૨+૧૩)માં 'મઇ' પાઠ. મો.(૨)માં 'ઈમ' પાઠ. P(૨+૩) +કો.(૫+૬+૧૩) +B(૧+૨) +P(૧) નો પાઠ લીધો છે.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે..

## ❁ શુદ્ધ-અશુદ્ધ ગુણોમાં સાધ્ય-સાધનભાવ ❁

આત્માના શુદ્ધ ગુણોની ઉપલબ્ધિ એ જ ધર્મસાધનાનું મુખ્ય લક્ષ્ય છે. તેથી પ્રારંભમાં તેના સાધનરૂપે અશુદ્ધ આત્મગુણોની ઉપલબ્ધિ કરવી જોઈએ. મતલબ કે શુદ્ધ ગુણ સાધ્ય છે તથા અશુદ્ધ ગુણ સાધન છે. તથા શુદ્ધ કે અશુદ્ધ ગુણોની પ્રાપ્તિ, ઉદ્યમ વિના શક્ય નથી. કારણ કે તે ગુણો આત્માથી ભિન્ન છે. આવા પ્રકારનો આશય સદ્ભૂત વ્યવહાર ઉપનયનો છે. ગુણ-ગુણીના ભેદની દૃષ્ટિ આત્માર્થી સાધકને ગુણોને મેળવવા સાધનામાર્ગે આગળ વધવાની પ્રેરણા કરે છે. આ રીતે જ ક્રમશઃ મોક્ષમાર્ગે આગળ વધતાં મુક્તાત્મસ્વરૂપ પ્રગટ થાય છે. આ અંગે **શાસ્ત્રવાર્તાસમુચ્ચય**માં તથા **ઉપમિતિભવપ્રપંચા કથા**માં જણાવેલ છે કે "ત્રણ લોકની ઉપર રહેનારા તે મહાન આત્માઓ (= સિદ્ધ ભગવંતો) અમૂર્ત્ત છે, સર્વ ભાવોને જાણે છે, તેઓએ સર્વ સંગોને ક્ષય કરેલ છે. તેઓ સદા સુખેથી રહે છે.' (૭/૩)

**ગુણ-પર્યાય-સ્વભાવ-કારક તન્મયનો,**
**♦ભેદ અરથ છઈ ✡તેહનો એ ॥૭/૪॥(૯૩)**

**ગુણ**-ગુણીનો; **પર્યાય**-પર્યાયવંતનો; **સ્વભાવ**-સ્વભાવવંતનો; **કારક** અનઇં **તન્મય** કહતાં કારકી, તેહનો જે એક દ્રવ્યાનુગત **ભેદ** બોલાવિઇં, તે સર્વ **એ** (**તેહનો**=) ઉપનયનો **અર્થ** જાણવો (**છઈ**).

"**घटस्य रूपम्, घटस्य रक्तता, घटस्य स्वभावः, मृदा घटो निष्पादितः**" ઈત્યાદિ પ્રયોગ જાણવા. ॥૭/૪॥

परामर्शः

**द्रव्यस्य गुण-पर्याय-स्वभाव-कारकेषु हि।**
**तन्मयस्य विभेदः स्यादुपनयस्य गोचरः॥७/४॥**

**❋ સદ્ભૂત વ્યવહારના વિષયો ❋**

**શ્લોકાર્થ** :- ગુણ, પર્યાય, સ્વભાવ અને કારક વિશે તન્મય એવા દ્રવ્યનો વિશેષરૂપે ભેદ કરવો તે સદ્ભૂત વ્યવહાર ઉપનયનો વિષય થાય. (૭/૪)

**❋ સદ્ભૂત વ્યવહારનો ઉપયોગ ❋**

**આધ્યાત્મિક ઉપનય** :- 'ગુણ-પર્યાય-સ્વભાવ વગેરે પણ પોતાના આશ્રયથી ભિન્ન છે' - આવું કહેવા દ્વારા સદ્ભૂત વ્યવહાર ઉપનય એવું સૂચિત કરે છે કે નિર્મલ ગુણ-પર્યાય-સ્વભાવ વગેરે પણ આત્માથી ભિન્ન હોવાના લીધે તેના પ્રગટીકરણ માટે ભગીરથ પુરુષાર્થ કરવાની આવશ્યકતા છે. આત્મા હાજર હોવા માત્રથી તે પ્રગટ થઈ જાય તેમ નથી. આત્મા અને ગુણાદિ સર્વથા અભિન્ન હોય તો અત્યાર સુધીમાં આપણામાં તે ગુણાદિ, વગર ઉદ્યમે, પ્રગટ થઈ જ ગયા હોત. કારણ કે આત્મા તો ધ્રુવ હોવાથી સર્વદા હાજર જ છે, પાસે જ છે. આ રીતે શુદ્ધ-અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનય પ્રસ્તુતમાં આધ્યાત્મિક ઉદ્યમ કરવાની પ્રેરણા કરે છે.

**❋ સિદ્ધસ્વરૂપ પ્રયત્નસાધ્ય ❋**

તે ઉદ્યમના બળથી પરંપરાએ સિદ્ધસ્વરૂપ પ્રગટ થાય છે. **ઔપપાતિકસૂત્ર**માં, **પ્રજ્ઞાપનાસૂત્ર**માં, **તીર્થોદ્ગાલિપ્રકીર્ણક**માં, **દેવેન્દ્રસ્તવપ્રકીર્ણક**માં, **આવશ્યકનિર્યુક્તિ**માં, **સંગ્રહશતક**માં તેમજ **કુમારપાલ-પ્રબોધપ્રબંધ**માં ઉદ્ધૃત કરેલ ગાથામાં સિદ્ધસ્વરૂપને જણાવતા કહેલ છે કે '(૧) અશરીરી, (૨) ઘન = નક્કર જીવપ્રદેશાત્મક, (૩) દર્શનમાં અને જ્ઞાનમાં ઉપયોગવાળા સિદ્ધો હોય છે. તેઓ સાકાર અને અનાકાર ઉપયોગને ધારણ કરે છે. આ સિદ્ધોનું સ્વરૂપ છે.' (૭/૪)

♦ કો.(૮)માં 'અર્થભેદ' પાઠ.
✡ પુસ્તકોમાં 'એહનો' પાઠ. આ.(૧)+કો.(૯)નો પાઠ લીધો છે.

**અસદ્ભૂત ♦વ્યવહાર, પર પરિણતિ ભલ્યઈ●;**
**દ્રવ્યાદિક ઉપચારથી એ ॥૭/૫॥ (૯૪)**

❖પર દ્રવ્યની ♦પરિણતિ ભલ્યઈ, (એ=) જે **દ્રવ્યાદિક** નવવિધ **ઉપચારથી** કહિયઈ, તે **અસદ્ભૂત વ્યવહાર** જાણવો. ઈતિ ગાથાર્થ. ॥૭/૫॥

परामर्शः

**असद्भूतावहारस्त्वन्यपरिणतिमिश्रणे।**
**द्रव्यादेरुपचारेण नवधा भिद्यते परम्।।७/५।।**

### ❊ અસદ્ભૂત વ્યવહારનું પ્રતિપાદન ❊

**શ્લોકાર્થ** :- અન્ય પરિણામનું મિશ્રણ કરવામાં આવે તો અસદ્ભૂત વ્યવહાર બને છે. દ્રવ્ય વગેરેનો ઉપચાર કરવાથી તેના નવ પ્રકારે ભેદ પડે છે. (૭/૫)

### દ્રવ્ય-અસત્યત્વ પણ ભાવસત્યસાધક

**આધ્યાત્મિક ઉપનય** :- જે વસ્તુ જે સ્વરૂપે ન હોય તેને તે સ્વરૂપે બતાવવી તે સામાન્યથી અસત્ય કહેવાય. તેમ છતાં કોઈ શાસ્ત્રીય આધ્યાત્મિક ઉમદા પ્રયોજન હોય તો જે વસ્તુ જે સ્વરૂપે ન હોય તે વસ્તુને તે સ્વરૂપે બતાવવાનો વ્યવહાર 'અસદ્ભૂત વ્યવહાર ઉપનય' તરીકે શાસ્ત્રકારોને માન્ય છે. અહીં દ્રવ્યતઃ અસત્યપણું હોવા છતાં ભાવતઃ સત્યપણું હોવાથી આવી ભાષા પણ જીવને મોક્ષમાર્ગે આગળ વધવામાં સહાય કરે છે. તેથી ભાવ સત્યની ઉપલબ્ધિ માટે કવચિત્ દ્રવ્ય-અસત્યત્વ પણ 'असत्ये वर्त्मनि स्थित्वा ततः सत्यं समीहते' ન્યાયથી આદરણીય બને છે. પરંતુ આવા પ્રસંગે શાસ્ત્રસંમત આધ્યાત્મિક ઉમદા પ્રયોજનનું વિસ્મરણ ન થવું જોઈએ. આ વાત આત્માર્થી જીવે ખાસ ધ્યાનમાં રાખવી. તથા 'કન્યા ચંદ્રમુખી છે', 'કન્યાની બન્ને આંખો કમળ જેવી છે, અમૃતના સાર વડે ઘડેલી છે....' ઈત્યાદિ ઉપચારો-આરોપો તો છોડી જ દેવા. કારણ કે તે મહામોહને પેદા કરનારા છે. આ ક્રમથી મોક્ષમાર્ગે વધતાં અમર એવું સિદ્ધસ્વરૂપ પ્રગટ થાય છે. આ અંગે **ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર**માં **શ્રીહેમચન્દ્રસૂરિજી** મહારાજે જણાવેલ છે કે 'નરક, તિર્યંચ, મનુષ્ય, દેવોની જેમ સિદ્ધિગતિમાં ફરીથી ભવભ્રમણ કરાવનાર મરણ આવતું નથી.' (૭/૫)

---

♦ આ.(૧)માં 'વિવહાર રે' પાઠ.

● કો.(૭)માં 'ભલઈ' પાઠ.

❖ આ.(૧)માં 'પર દ્રવ્યનો ઉપચાર તે જેં પર પરિણતિ ભલેં છે' પાઠ.

♦ કો.(૧૩)માં 'પરદ્રવ્યનો ઉપચાર તે જે પરપરિણતિ ભલ્યેં તે સદ્ભૂત પરદ્રવ્યની પરિણતિ ભલેં ઉપચારથી કહિયઈ અસદ્ભૂત વ્યવહાર જાણવો' પાઠ.

**દ્રવ્યઈં દ્રવ્ય ઉપચાર, પુદ્ગલ જીવનઈં;**
**જિમ કહિઈં જિનઆગમઈં ♦એ ॥૭/૬॥ (૯૫)**

તિહાં પહેલો **દ્રવ્યઈં દ્રવ્યનો ઉપચાર. જિમ જિન આગમમાંહિં જીવનઈં પુદ્ગલ કહિયઈં.** ક્ષીર-નીર ન્યાયઈં પુદ્ગલસ્યું મિલ્યો છઈ, તે કારણઈં જીવ પુદ્ગલ કહિયઈં.

એ જીવ દ્રવ્યઈં પુદ્ગલ દ્રવ્યનો ઉપચાર ૧. ॥૭/૬॥

---

**द्रव्ये द्रव्योपचारस्तु पुद्गलश्लेषतो यथा।**
**पुद्गलत्वेन जीवो हि कथितः श्रीजिनागमे।।७/६।।**

---

### ♆ અસદ્ભૂત વ્યવહારનો પ્રથમ ભેદ ♆

**શ્લોકાર્થ** :- દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચાર પ્રથમ ભેદ છે. જેમ કે પુદ્ગલદ્રવ્યના સંયોગથી જીવમાં પુદ્ગલ તરીકેનો ઉપચાર (= અભેદઆરોપ) શ્રીજિનાગમમાં જણાવેલ છે. (૭/૬)

### ❀ કર્મને છોડી આત્માને પકડીએ ❀

**આધ્યાત્મિક ઉપનય** :- વિષય, કષાય, અજ્ઞાન વગેરેથી રંગાયેલી પરિણતિના લીધે સ્થૂલ અને અશુદ્ધ બનેલો ઉપયોગ પ્રસ્તુત અસદ્ભૂત વ્યવહારનયના દૃષ્ટિકોણથી અત્યંત કેળવાયેલો હોય છે. તથા તેના જ પરિશીલનથી તે પરિપુષ્ટ બનતો જાય છે. તેથી પ્રસ્તુત નયની વિચારણાઓને, અભિપ્રાયોને અને સંસ્કારોને સાધકે વધુને વધુ શિથિલ કરવા જોઈએ. તથા તેને શિથિલ કરીને ઉપરના સદ્ભૂત નયથી અને શુદ્ધનયથી ઉપયોગને કેળવવા માટે, શુદ્ધનયની પરિણતિના પરિકર્મ માટે મુમુક્ષુએ પ્રયાસ કરવો જોઈએ. તથા તે માટે 'જ્ઞાનસ્વરૂપી આત્માનું સ્વરૂપ દ્રવ્યકર્મમલથી મુક્ત છે, ભાવકર્મથી વિવર્જિત છે, નોકર્મથી (= શરીરાદિથી) પણ રહિત છે - આમ તું જાણ' - આ મુજબ **પરમાનંદપંચવિંશતિકા**ની કારિકાથી મુમુક્ષુએ પોતાના અન્તઃકરણને ભાવિત કરવું. માછલી અને તેના શરીરમાં કાંટા સાથે હોવા છતાં માંસાહારી માણસ કાંટાને છોડી માછલીના માંસને પકડે છે. તે ન્યાયથી = ઉદાહરણથી આત્મા અને દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ સાથે હોવા છતાં મુમુક્ષુ જીવ દ્રવ્યકર્મ વગેરેને છોડી, આત્માને પકડે છે- તેવી વિભાવના કરવી. તેમજ વિષય, કષાય વગેરે મળને ઉપયોગમાંથી ઉખેડવા માટે વ્યવહારનયમાન્ય ચાર શરણાનો સ્વીકાર, દુષ્કૃતગર્હા આદિ ઉપાયોનું નિત્યસેવન કરવું જોઈએ.

### ❀ અભેદ ઉપચારનું પ્રયોજન ❀

પ્રસ્તુતમાં દેહમાં જીવનો અભેદ ઉપચાર કરવાનું આધ્યાત્મિક પ્રયોજન એ છે કે :-

(૧) કોઈના શરીરને નુકસાન કરવા દ્વારા બીજા જીવને પીડા પહોંચાડવાનું પાપ આપણે કરી ન બેસીએ.

(૨) 'શરીર જીવ છે' - આવું સમજવાથી કોઈના શરીરમાં રોગ ઉત્પન્ન થાય તો તે શરીરધારી

---

♦ પુસ્તકોમાં 'રે' લી.(૩+૪) + M(૨) + આ.(૧)નો પાઠ લીધો છે.

રોગી જીવ પ્રત્યે સહાનુભૂતિ જન્મે. 'જીવ કરતાં શરીર જુદું છે' - તેવું જાણે તો જડ શરીરમાં રોગ થાય ત્યારે અન્ય દર્દી પ્રત્યે શું સહાનુભૂતિ જન્મે ?

(૩) 'શરીર જીવ છે' - એવું જાણી આપણા શરીર દ્વારા પ્રમાદ-હિંસા વગેરે પાપ થઈ જાય ત્યારે 'હાય ! મારાથી આ પ્રમાદ-હિંસા વગેરે પાપ થઈ ગયા !' આ રીતે પશ્ચાત્તાપની પાવક ધારા પ્રગટાવી શકાય. તેના લીધે સિદ્ધસુખ વિના વિલંબે પ્રગટે.

**ઔપપાતિકસૂત્ર**માં સિદ્ધસુખને દર્શાવતાં કહેલ છે કે "અનુત્તરવિમાન સુધીના તમામ દેવોનું જે સુખ છે તે ત્રણેય કાળનું ભેગું કરવામાં આવે અને તેને અનંતગુણ અધિક કરવામાં આવે તેમજ અનંત વર્ગ-વર્ગથી ગુણવામાં આવે તો પણ મુક્તિસુખની તુલનાને પ્રાપ્ત કરતું નથી." $૨^{૨}$ = ૪. $૪^{૨}$ = ૧૬. તેથી બેનો વર્ગ-વર્ગ સોળ થાય. આ ૧ વખત વર્ગ-વર્ગ કહેવાય. આવા અનંતા વર્ગ-વર્ગ ત્રૈકાલિક સમસ્ત દેવસુખના કરવામાં આવે તો પણ તે સિદ્ધસુખ સમાન બની ન શકે. તેવું પ્રત્યેક સિદ્ધાત્મા પાસે પ્રતિસમય સુખ હોય છે. આ સિદ્ધસુખને લક્ષમાં રાખી સાંસારિક સુખ પ્રત્યે ઉદાસીનતા કેળવવાની સૂચના આડકતરી રીતે અહીં થાય છે. (૭/૬)

**કાલી લેશ્યા ભાવ, શ્યામગુણઈં ભલી✡;**
**ગુણઉપચાર ગુણઈં કહો એ ॥૭/૭॥ (૯૬)**

□**ભાવલેશ્યા** આત્માનો અરૂપી ગુણ છઈ.

તેહનઇં જે (**કાલી=**) કૃષ્ણ-નીલાદિક કહિઇં છઇં, તે (**શ્યામગુણઈં ભલી=**) કૃષ્ણાદિ પુદ્ગલદ્રવ્ય ગુણનો ઉપચાર કીજઇ છઈ. એહ આત્મગુણઈં પુદ્ગલગુણનો ●**ઉપચાર (કહો)** જાણવો. **इति भावार्थः** २. ॥૭/૭॥

---

परामर्शः

**भावलेश्या तु कृष्णोक्ता, कृष्णगुणोपचारतः।**
**गुणे गुणोपचारस्तु, स कथितो मुनीश्वरैः।।७/७।।**

---

**✤ અસદ્ભૂત વ્યવહારનો બીજો ભેદ ✤**

**શ્લોકાર્થ** :- ‘કૃષ્ણ ગુણના ઉપચારથી ભાવલેશ્યા તો કૃષ્ણ કહેવાયેલી છે’ - આવું જે વચન છે તેને મુનીશ્વરોએ ગુણમાં ગુણનો ઉપચાર કહેલો છે. (૭/૭)

**卐 લેશ્યાનો વર્ણ દેખાડવાનું પ્રયોજન 卐**

**આધ્યાત્મિક ઉપનય** :- ‘આત્મા તો શુદ્ધ છે, નિરંજન-નિરાકાર છે, અસંગ અને અલિપ્ત છે’ - આવું હોઠથી બોલવાનું અને મનમાં અન્ય જીવો પ્રત્યે દ્વેષ-દુર્ભાવ-ધિક્કાર-તિરસ્કાર રાખવાનો - આવી આત્મવંચનામાંથી જીવને ઉગારવા માટે અસદ્ભૂત વ્યવહાર ઉપનયનો બીજો પ્રકાર આત્મગુણમાં પુદ્ગલદ્રવ્યગુણનો ઉપચાર કરીને કહે છે કે ‘‘બીજાને ભયંકર નુકસાન પહોંચાડવા તૈયાર થનારી કૃષ્ણ-લેશ્યાનો તું અત્યારે શા માટે શિકાર બની રહ્યો છે ? તારી ભાવપરિણતિસ્વરૂપ લેશ્યા કાળી છે. તેને તું છોડ. ‘હું નિરંજન છું’ - એવા અભિમાનને ધારણ ન કર.’’ આ રીતે અસદ્ભૂત વ્યવહારનો બીજો ભેદ સાધકની આંખ ખોલવાનું કામ કરે છે. ખરેખર ગર્વ-અભિમાન તો રાગ-દ્વેષાત્મક છે. તેનો સંપૂર્ણતયા ક્ષય થાય તો જ મોક્ષસુખ પ્રગટ થાય. આ અંગે **ઉત્તરાધ્યયનસૂત્ર**માં જણાવેલ છે કે ‘રાગ અને દ્વેષ પૂરેપૂરા ખપી જાય તો જીવ એકાંતસુખરૂપ મોક્ષને મેળવે છે.’ (૭/૭)

---

✡ શાં.માં ‘ભલા’ પાઠ.

□ લી.(૧)માં ‘જીવલેશ્યા’ પાઠ.

● પાઠા૦ પરિણામ કહઈ, તેહિ જ સ્વભાવ, તેહનો ઉપચાર.

**❖પર્યાયઈં પર્યાય ઉપચરિઈં વલી,**
**હય ગય ખંધ યથા કહિયા ❑એ. ॥૭/૮॥ (૯૭)**

(વલી,) **♦પર્યાયઈં હય ગય** પ્રમુખ આત્મદ્રવ્યના✱ અસમાન✡ જાતીય દ્રવ્ય પર્યાય, તેહનઈં (**યથા**) **ખંધ કહિઈં** છઈં. તે આત્મપર્યાય ઊપરિ પુદ્ગલ**પર્યાય** જે ✱ખંધ, તેહનો **ઉપચાર** ●કરીનઈં ૩. ॥૭/૮॥

**पर्यये पर्ययाऽऽरोपोऽन्यपर्यायव्यपेक्षया।**
**स्कन्धो हय-गजादिर्हि जीवभावेषु चर्यते।।७/८।।**

**❋ અસદ્ભૂત વ્યવહારનો ત્રીજો ભેદ ❋**

***શ્લોકાર્થ*** :- પરપર્યાયની અપેક્ષાએ પર્યાયમાં પર્યાયનો આરોપ થાય છે. જેમ કે 'ઘોડો-હાથી વગેરે સ્કંધ છે'- આ પ્રમાણે જીવના પર્યાયમાં ઉપચાર કરવામાં આવે છે. (૭/૮)

**❋ ઉન્માર્ગનિવારણનો આશય ❋**

**આધ્યાત્મિક ઉપનય** :- સદ્ભૂતનયની તથા શુદ્ધનયોની ભાવનાથી આત્માને ભાવિત કરવા, તેવા સુવાસિત અન્તઃકરણને મેળવવા પ્રસ્તુત અસદ્ભૂત વ્યવહાર ઉપનયની વાસનાને શ્રદ્ધામાંથી તિલાંજલી આપવી. તેની રુચિને મૂળમાંથી ઉખેડવાથી તેના નિમિત્તે થનારા નિષ્પ્રયોજન વચનપ્રયોગ, નિરર્થક માનસિક વિકલ્પો, તુચ્છ પ્રવૃત્તિઓ ઘટવા માંડે છે, રવાના થાય છે. તેથી આત્માર્થી સાધકે આ અસદ્ભૂત વ્યવહારને મૂળમાંથી ઉખેડવાનું લક્ષ્ય રાખીને જ્યાં સુધી તેનું ઉન્મૂલન ન થાય ત્યાં સુધી તેનો સદુપયોગ કરવો. તે આ રીતે - 'શુદ્ધનિશ્ચયથી ચેતન ચૈતન્યસ્વભાવમાં રમે છે. જડ દ્રવ્યના પર્યાયોની સાથે આત્માને કોઈ સંબધ નથી' - આવું જાણીને કોઈ જીવ કર્મવશ કે પ્રમાદાદિવશ ઉન્માર્ગગામી બની જાય, તો તેવા જીવને બોધપાઠ આપવા માટે અસદ્ભૂત વ્યવહાર ઉપનયનો ત્રીજો ભેદ જણાવે છે કે 'આ જીવ જ દુરાચાર-વ્યભિચાર-અનાચારને પરવશ બની હાથી, ઘોડા વગેરે પર્યાય સ્વરૂપે પરિણમીને જડપુદ્ગલસ્કંધસ્વરૂપ બની પોતાના કુકર્મોની સજાને ભોગવે છે.' આ પ્રમાણેનો ઉપદેશ ઝીલી જીવો દુરાચાર વગેરેથી ખસી, સદાચારસન્મુખ બની, રત્નત્રયના પરિણામોને પ્રગટાવી, **અધ્યાત્મસારવૃત્તિ**માં વર્ણવેલા સર્વ કર્મબંધનમાંથી છૂટકારા સ્વરૂપ મોક્ષને ઝડપથી મેળવી લે છે.(૭/૮)

❖ 'પરજાઈ વલી ઉપચાર પરજઈકો, જીઈ હુંડ સંસ્થાનિ નારકી એ' પાઠ કો.(૧)માં છે.
❑ પુસ્તકોમાં 'રે' પાઠ. લી.(૧)નો પાઠ લીધો છે.
♦ પાલિ.માં 'પર્યાયનઈં' પાઠ.
✱ કો.(૧૨)માં 'આત્મપર્યાયના' પાઠ.
✡ કો.(૧૩)માં 'સમાન' પાઠ છે.
✱ પુસ્તકોમાં 'સ્કંધ' પાઠ. કો.(૯)નો પાઠ લીધો છે.
● કો.(૧૩)માં 'કીજૈ' પાઠ.

**♦દ્રવ્યઈ ગુણ ઉપચારે, વલી પર્યાયનો;**
**"ગૌર" "દેહ" "હું"⧖ બોલતાં એ ॥૭/૯॥(૯૮)**

**द्रव्ये गुणोपचारः** "હું ગૌર" - (એ=) ઈમ **બોલતાં**. "હું" તે આત્મદ્રવ્ય, તિહાં "ગૌર" તે પુદ્ગલનો ઉજ્વલતાગુણ ઉપચરિઓ ૪.

(**વલી**) **द्रव्ये पर्यायोपचारः** જિમ "હું દેહ" - ઈમ **બોલિઈ**. "હું" તે આત્મદ્રવ્ય, તિહાં - "દેહ" તે પુદ્ગલદ્રવ્યનો અસમાન□ જાતીય દ્રવ્યપર્યાય ઉપચરિઉ **૫**. ॥૭/૯॥

---

**द्रव्ये गुणोपचारस्तु 'गौरोऽहमि'ति कथ्यते।**
**'देहोऽहमि'ति पर्यायारोपो द्रव्ये विधीयते।।७/९।।**

---

### ❊ અસદ્ભૂત વ્યવહારનો ચોથો-પાંચમો ભેદ ❊

**શ્લોકાર્થ** :- દ્રવ્યમાં ગુણનો ઉપચાર તો 'હું ગોરો છું' - આ પ્રમાણે કહેવાય છે. તથા 'હું શરીર છું' - આ પ્રમાણે દ્રવ્યમાં પર્યાયનો આરોપ કરવામાં આવે છે. (૭/૯)

### ❊ અસદ્ભૂત વ્યવહારમાં સાવધાની ❊

**આધ્યાત્મિક ઉપનય** :- પ્રસ્તુત અસદ્ભૂતવ્યવહાર ઉપનયની વાસનામાંથી પોતાની જાતને વહેલી તકે છોડાવી લેવા જેવી છે. કારણ કે આ ઉપનય વસ્તુના અસત્યાર્થને - મિથ્યા અંશને દેખાડવામાં તત્પર છે. મિથ્યા બાબત દેખાડવાના લીધે જ લોકવ્યવહારમાં વગર કારણે તેનો પ્રયોગ ન જ કરવો જોઈએ. તેમજ નવરા બેઠા-બેઠા અસદ્ભૂત વ્યવહારને અનુસરનારા માનસિક વિકલ્પો પણ ન કરવાની અહીં ચેતવણી મળે છે. આનું કારણ એ છે કે તેનાથી જીવ મૂઢ બને છે. આ જ અભિપ્રાયથી **પરમાત્મપ્રકાશ**માં **યોગીન્દ્રદેવે** જણાવેલ છે કે "ખરેખર (૧) 'હું ગોરો છું', (૨) 'હું કાળો છું', (૩) હું જ અનેકવર્ણવાળો છું', (૪) 'હું પાતળા દેહવાળો છું', (૫) 'હું સ્થૂલ છું' - આવા પ્રકારની ગેરસમજવાળા આત્માને તું મૂઢ માન." જો આંતરિક સાવધાની રાખવામાં ન આવે તો 'હું ગોરો છું. હું કાળો છું. હું શરીર છું....' ઈત્યાદિ પ્રસિદ્ધ વ્યવહાર રાગ-દ્વેષના તોફાનમાં, વ્યામોહમાં મૂઢ જીવને તાણી જાય છે. માટે દુનિયામાં તેવો વ્યવહાર કરતી વખતે મિથ્યાત્વાદિમય ભવાટવીમાં ભૂલા પડી ન જવાય તે માટે પોતાના શુદ્ધ અખંડ પરમાત્મદ્રવ્ય ઉપર રુચિપૂર્વક દૃષ્ટિને સ્થાપિત કરવાની જરૂર છે. અસદ્ભૂત વ્યવહારના ચોથા-પાંચમા પ્રકારનો લોકવ્યવહારમાં ઉપયોગ કરતી વખતે ઉપરોક્ત બાબત ભૂલાઈ ન જાય તેની કાળજી રાખવી. તેનાથી **આત્મપ્રબોધ**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટે છે. ત્યાં શ્રી**જિનલાભસૂરિ**જીએ કહેલ છે કે 'સિદ્ધો કર્મકવચથી મુક્ત, અજર, અમર અને અસંગ હોય છે.' (૭/૯)

---

♦ મો.(૧)માં 'દ્રવ્ય ગુણઉપચાર, પર્યવ દ્રવ્યનો, ગૌર દેહ જિમ આતમા એ.' પાઠ.

⧖ મો.(૨)માં 'હું બોલતાં' - ના બદલે 'જિમ આતમા' પાઠ.

□ કો.(૯+૧૨+૧૩) + લી.(૧+૨+૩) + P(૨+૩) + સિ. + લા.(૨)માં 'સમાન' પાઠ.

**ગુણઈં દ્રવ્ય ઉપચાર ♦રે, ✡પર્યાયે દ્રવ્યનો;**
**"ગૌર" "દેહ" જિમ "આતમા" ઓ॥૭/૧૦॥ (૯૯)**

▸**ગુણે દ્રવ્યોપચારઃ**◂ જિમ જે **"એ ગૌર દીસઈ છઇ તે આત્મા."** ઈમ ગૌર ♦ઉદ્દેશીનઇં આત્મવિધાન કીજઈં, એ ગૌરતારૂપ પુદ્‌ગલગુણ ઊપરિ આતમદ્રવ્યનો ઉપચાર ૬.

**"પર્યાયે દ્રવ્યોપચારઃ" જિમ** કહિયઇં **"દેહ તે આત્મા."** ઈહાં દેહરૂપપુદ્‌ગલપર્યાયનઈં વિષયઈં એ આત્મદ્રવ્યનો ઉપચાર કરિઓ ૭.❖॥૭/૧૦॥

परामर्शः **गुणे द्रव्योपचारो हि 'गौरोऽहमि'ति धीर्यथा।**
**द्रव्यारोपस्तु पर्याये देहे 'ऽहमि'ति या मतिः।।७/१०।।**

### ❈ અસદ્‌ભૂત વ્યવહારનો છઠ્ઠો-સાતમો ભેદ ❈

**શ્લોકાર્થ** :- ગુણમાં દ્રવ્યનો ઉપચાર છઠ્ઠો ભેદ જાણવો. જેમ કે 'ગોરો હું છું' - આવી બુદ્ધિ. શરીરમાં 'હું' આવી જે બુદ્ધિ થાય છે, તે પર્યાયમાં દ્રવ્યનો આરોપ સમજવો. (૭/૧૦)

### ✡ લોકવ્યવહારમાં સાવધાન બનો ✡

**આધ્યાત્મિક ઉપનય** :- 'ગોરો હું છું', 'શરીર હું છું' - ઈત્યાદિ વ્યવહારો કરવાના અવસરે આત્માર્થી જીવે પોતાના ચૈતન્યસ્વરૂપને વિશે જાગૃતિ રાખવી જોઈએ. જો સાવધાની ન રાખવામાં આવે તો તેવા વ્યવહારો દેહાધ્યાસને પુષ્ટ કરી જીવને મિથ્યાત્વના વમળમાં ડૂબાડી દે તેવા છે. તેથી જ **પૂજ્યપાદસ્વામીએ સમાધિતંત્ર**માં જણાવેલ છે કે "સંસારના દુઃખનું મૂળ દેહમાં આત્મબુદ્ધિ છે. તેથી આને છોડીને, બહારમાં ઈન્દ્રિયોની પ્રવૃત્તિને રોકીને આત્મામાં પ્રવેશ કરવો. 'હું ગોરો છું, જાડો છું, પાતળો છું' - આ રીતે શરીરની સાથે આત્માને એકરૂપ ન કરતાં સદા પોતાના આત્માને માત્ર જ્ઞાનાત્મક શરીરવાળો માનવો." તથા તે માટે **પરમાનંદપંચવિંશતિ**ની કારિકાની વિભાવના કરવી. ત્યાં ચિરંતનાચાર્યે જણાવેલ છે કે 'જેમ કમલિનીમાં પાણી સર્વદા ભિન્ન રહે છે, તેમ આ નિર્મળ આત્મા દેહમાં રહેવા છતાં સ્વભાવથી જ ભિન્ન રહે છે.' આ દુનિયામાં રહેતાં આમજનતા સાથે તેમની ભાષામાં વ્યવહાર કરતી વખતે, ઉપરોક્ત શબ્દપ્રયોગ કરતી વખતે અંતરમાં ખૂબ જાગૃતિ-સાવધાની રાખવાની આવશ્યકતા છે. તથાવિધ લોકવ્યવહારનો નિર્વાહ ઉપરોક્ત શબ્દપ્રયોગનું પ્રયોજન છે. પણ તેમાં રાગદશા-મોહદશા -મમત્વદશા-દેહદશા ઊભી થઈ ન જાય, મજબૂત થઈ ન જાય તેની સાવધાની રાખવી પણ ખૂબ જ જરૂરી છે. તે માટે **યોગીન્દ્રદેવરચિત પરમાત્મપ્રકાશ** ગ્રંથની એક ગાથાને યાદ કરવી. તેનો અર્થ એ છે કે 'શરીરમાં રહેવા છતાં જે નિયમા શરીરને સ્પર્શતો'ય નથી. તથા જે દેહ વડે સ્પર્શાતો પણ નથી. તેને જ પરમ આત્મા તરીકે તું જાણ.' તેવી સાવધાનીથી **ધર્મોપદેશમાલામાં શ્રીજયસિંહસૂરિએ** જણાવેલ, કાયમી ધોરણે શાશ્વતસુખવાળા મોક્ષને મુનિ મેળવે છે. (૭/૧૦)

♦ ફક્ત કો.(૧૨)માં 'રે' છે. ✡ મ.માં 'પર્યાય' પાઠ. શાં. + લી.(૧+૪) + આ.(૧)નો પાઠ લીધો છે.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૨)માં નથી. ♦. પુસ્તકોમાં 'ઉદ્દિ...' પાઠ. કો.(૧૨+૧૩)નો પાઠ અહીં લીધો છે.
❖ કો.(૧૩)માં 'કરી ભેદ' પાઠ.

**ગુણિ પર્યવ ઉપચાર ♦રે, ગુણનો ♦પજ્જવઈ;**
**જિમ મતિ તનુ, તનુ મતિ ગુણો એ ॥૭/૧૧॥ (૧૦૦)**

"**गुणे पर्यायोपचारः**" "**મતિજ્ઞાન** તે (**તનુ**=) શરીર જ", શરીરજન્ય❑ છઈં, તે માટઈં. ઈહાં મતિજ્ઞાનરૂપ આત્મગુણનઈં વિષયઈં શરીરરૂપ પુદ્ગલપર્યાયનો ઉપચાર કરિઉં.❖ ૮.

"**पर्याये गुणोपचारः**" **જિમ** પૂર્વપ્રયોગ જ અન્યથા કરિઈં "(**તનુ**=) **શરીર** તે **મતિજ્ઞાન**રૂપ ગુણ જ."

ઈહાં શરીરરૂપ પર્યાયનઈં વિષયઈં મતિજ્ઞાનરૂપ ગુણનો ઉપચાર કીજઈ છઈ.૯. ॥૭/૧૧॥

परामर्शः

**गुणे हि पर्ययारोपो 'मतिज्ञानं तनुः' यथा।**
**गुणारोपस्तु पर्याये 'तनुरेव मतिः' यथा।।७/११।।**

### ❖ અસદ્ભૂત વ્યવહારનો આઠમો-નવમો ભેદ ❖

**શ્લોકાર્થ** :- ગુણમાં પર્યાયનો આરોપ આઠમો ભેદ છે. જેમ કે 'મતિજ્ઞાન શરીર છે' - આવી બુદ્ધિ. પર્યાયમાં ગુણનો આરોપ નવમો ભેદ છે. જેમ કે 'શરીર જ મતિજ્ઞાન છે' - આ બુદ્ધિ.(૭/૧૧)

### ❈ ભેદવિજ્ઞાનને ભૂલીએ નહિ ❈

**આધ્યાત્મિક ઉપનય** :- શરીર અને આત્મા સંસારી અવસ્થામાં અત્યંત સાથે રહે છે. તેથી શરીરમાં આત્મગુણનો ઉપચાર કે આત્મગુણમાં શરીરનો ઉપચાર લોકવ્યવહારમાં જોવા મળે છે. પરંતુ આ વ્યવહાર વખતે આત્મા અને પુદ્ગલો વચ્ચેનો ભેદ સતત સ્મૃતિપટ ઉપર સ્થિર રહેવો જોઈએ. અન્યથા મિથ્યાત્વમોહનીયનો ઉદય થતાં વાર ન લાગે. પ્રસ્તુતમાં **સમાધિતન્ત્ર**ની કારિકા તથા **મોક્ષપ્રાભૃત**ની ગાથા યાદ કરવી. તે બન્નેનો ભાવાર્થ આ મુજબ છે કે 'જે યોગી વ્યવહારમાં સૂતેલા છે તે આત્માને વિશે, આત્મકાર્યને વિશે જાગે છે. જે વ્યવહારમાં જાગે છે, તે આત્માને વિશે સૂતેલા છે.' તેવી જાગૃતિથી **મહાનિશીથ**માં જણાવેલ સર્વોત્તમ મોક્ષસુખ નજીક આવે. (૭/૧૧)

---

♦ ફક્ત કો.(૧૨)માં 'રે' છે. પુસ્તકાદિમાં નથી.

♦ મ.માં 'પજ્જવ' પાઠ. આ.(૧)+કો.(૨)નો પાઠ લીધો છે.

❑ લી.(૧)માં 'જઘન્યસ્થિતિ' પાઠ.

❖ આ.(૧)માં 'કીધો' પાઠ. લા.(૨)માં 'કરયઉ' પાઠ.

**અસદ્ભૂતવ્યવહાર ♦રે, ઈમ ઉપચારથી;**
**એહ ત્રિવિધ હિવઈ સાંભલો એ ॥૭/૧૨॥(૧૦૧)**

**ઈમ ઉપચારથી અસદ્ભૂતવ્યવહાર** *એહ* ૯ પ્રકારનો કહિઉ. **હિવઈ** *વલી* **એહના** ૩ ભેદ (= **ત્રિવિધ**) કહિયઇં છઈ, તે *સમ્યગ્પણઈ ચિત્તસ્થિરતા કરીનઈ* **સાંભલો.** ॥૭/૧૨॥

પરામર્શઃ **व्यवहारस्त्वसद्भूतो नवधैवं विभिद्यते।**
**श्रुणु यथाऽधुना वक्ष्ये स एव भवति त्रिधा।।७/१२।।**

**● અસદ્ભૂત વ્યવહારના ત્રણ ભેદ ●**

**શ્લોકાર્થ** :- આ પ્રકારે અસદ્ભૂત વ્યવહાર ઉપનયના નવ ભેદ પડે છે. હવે તમે સાંભળો. તે જ અસદ્ભૂત વ્યવહાર જે રીતે ત્રણ પ્રકારે થાય છે તેમ હું કહું છું. (૭/૧૨)

**➤ અસદ્ભૂતપણું ખ્યાલમાં રાખીએ ➤**

**આધ્યાત્મિક ઉપનય** :- તે તે પ્રયોજનોને લક્ષમાં રાખીને થતા જુદા જુદા ઉપચાર વિસ્તૃત અને સંક્ષિપ્ત પદ્ધતિએ વિવિધ પ્રકારે બને છે. પરંતુ તે તે ઉપચાર લોકવ્યવહારમાં થતા હોય ત્યારે પણ તેમાં રહેલું અસદ્ભૂતપણું નજરની બહાર નીકળી ન જાય તેની કાળજી રાખવામાં આવે તો તે તે ઉપચારના નિમિત્તે હર્ષ-શોક, રાગ-દ્વેષ, ગમો-અણગમો, રતિ-અરતિ, આઘાત-પ્રત્યાઘાત, સંકલ્પ-વિકલ્પ વગેરે દ્વન્દ્વોના વમળમાં ફસાયા વગર સાધક મોક્ષમાર્ગે ઝડપથી પ્રગતિ સાધે છે. આ બાબત તે તે ઉપચાર-આરોપ કરનાર પ્રત્યેક સાધકે યાદ રાખવી. **પરમાત્મપ્રકાશ**ની એક ગાથા અહીં વિભાવના કરવા યોગ્ય છે. ત્યાં **યોગીન્દ્રદેવે** જણાવેલ છે કે 'તમામ સંસારી જીવોને જે શુદ્ધાત્મદશા રાતસ્વરૂપ લાગે છે, તેમાં યોગી જાગે છે. વળી, જે દેહાધ્યાસાદિમાં આખું જગત જાગે છે, તેને રાત માનીને યોગી તેમાં ઊંઘે છે.' **ભગવદ્ગીતા** તથા **યાજ્ઞવલ્ક્યોપનિષદ્**માં પણ આ જ પ્રકારનો શ્લોક આવે છે. તેની પણ વિભાવના કરવી. તેના લીધે **શ્રીવાસુપૂજ્યચરિત્ર**માં વર્ણવેલ પરમાત્મસ્વરૂપ પ્રગટ થાય છે. ત્યાં શ્રી**વર્ધમાનસૂરિજી**એ જણાવેલ છે કે '(૧) કર્મો, પ્રયોજનો અને કર્તવ્યો જેના સમાપ્ત થયેલા હોય, (૨) સંક્લેશની પરંપરા જેની રવાના થયેલી હોય, (૩) અનંત દર્શન-જ્ઞાન-શક્તિ-સુખ જેની પાસે હોય તે જગદ્ગુરુ પરમાત્મા છે.' (૭/૧૨)

♦ ફક્ત કો.(૧૨)માં 'રે' છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

**□અસદ્ભૂત નિજ જાતિં ✝રે, જિમ પરમાણુઓ;**
**બહુપ્રદેશી ભાખિઈ એ ॥૭/૧૩॥ (૧૦૨)**

એક (**નિજ=**) સ્વ **જાતિ અસદ્ભૂત**વ્યવહાર કહિયઇં. **જિમ 'પરમાણુ બહુપ્રદેશી'** (**ભાખિઈ=**) કહિઈં, ♦પરમાણુનઈં બહુપ્રદેશી થાવાની ✡જાતિ છઇ, તે માટઇં ❖કહીઈં ૧. *એ ગાથા ૧૦૨નો ભાવાર્થ.* ॥૭/૧૩॥

**तत्र ज्ञेयः स्वजातीयाऽसद्व्यवहार आदिमः।**
**निरंशत्वेऽप्यणुर्नानाप्रदेशो भाष्यते यथा।।७/१३।।**

**❋ અસદ્ભૂત વ્યવહારનો પ્રથમ ભેદ ❋**

**શ્લોકાર્થ** :- ત્રણ ભેદમાં સૌપ્રથમ સ્વજાતીય અસદ્ભૂત વ્યવહાર ઉપનય જાણવો. જેમ કે અણુ નિરંશ હોવા છતાં પણ અનેકપ્રદેશવાળો કહેવાય છે. (૭/૧૩)

**❋ અસદ્ભૂત વ્યવહારનું ઉમદા પ્રયોજન ❋**

**આધ્યાત્મિક ઉપનય** :- વર્તમાન કાળે જે દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વભાવસ્વરૂપે ન હોય પણ વિભાવ સ્વરૂપે હોય તેને તે સ્વરૂપે બતાવનાર પ્રસ્તુત સ્વજાતીય અસદ્ભૂત ઉપનયનો આધ્યાત્મિક ઉપયોગ એવો કરી શકાય કે (૧) પાપ કરતી વખતે તેના ફળરૂપે મળનાર તિર્યંચ, નરક વગેરે ગતિને લક્ષમાં રાખીને 'હું મૂઢ છું', 'હું અજ્ઞાની છું' - ઈત્યાદિ બુદ્ધિ ઉભી કરવા દ્વારા પાપને છોડવાનું બળ મેળવવું. (૨) સામાન્ય ધર્મસાધના કરતી વખતે પણ 'હું સાધક છું. હું સાધુ છું' - આવી બુદ્ધિ ઊભી કરવા દ્વારા વિધિવિશુદ્ધ રીતે ધર્મસાધના કરવાનું સામર્થ્ય સંપ્રાપ્ત કરવું. (૩) તે જ રીતે શત્રુંજયના દર્શન કરનાર કોઈ ભવ્યાત્મા કર્મવશ કે સંયોગવશ કે કાળવશ કે નિયતિવશ કે પ્રમાદાદિવશ પાપ કરી રહ્યો હોય ત્યારે પણ તેની મોક્ષે જવાની યોગ્યતાને લક્ષમાં રાખીને 'આ ભવ્ય છે, આસન્નમુક્તિગામી છે' - આવી બુદ્ધિ ઉભી કરવા દ્વારા તેના પ્રત્યે દ્વેષ, દુર્ભાવ વગેરે સ્વરૂપ અપ્રશસ્ત ચિત્તવૃત્તિપ્રવાહને તથા તમાચો મારવા વગેરે સ્વરૂપ અપ્રશસ્ત દેહવૃત્તિપ્રવાહને અટકાવવો. તથા તેના પ્રત્યે મૈત્રી વગેરે ભાવોને કેળવવા પ્રામાણિકપણે પ્રયત્ન કરવો - આવી પણ પ્રસ્તુતમાં સૂચના મળે છે. આ રીતે અપ્રશસ્ત દેહવૃત્તિ-ચિત્તવૃત્તિના પ્રવાહનો વિરામ થાય તો સિદ્ધસુખ સુલભ થાય. કારણ કે સિદ્ધસુખ તો પ્રશસ્ત -અપ્રશસ્ત તમામ વૃત્તિઓનો ઉચ્છેદ થયા વિના મળતું નથી. પ્રસ્તુતમાં **પ્રશમરતિ** પ્રકરણની એક કારિકાની પણ ઊંડાણથી વિભાવના કરવી. મોક્ષમાં સુખની સિદ્ધિ કરવા માટે ત્યાં **ઉમાસ્વાતિજી** મહારાજે જણાવેલ છે કે 'દેહવૃત્તિથી શારીરિક દુઃખ થાય છે તથા મનોવૃત્તિથી માનસિક દુઃખ ઉત્પન્ન થાય છે. સિદ્ધ ભગવંતને દેહવૃત્તિ અને મનોવૃત્તિ હોતી નથી. તેથી શારીરિક અને માનસિક દુઃખ હોતું નથી. તેથી સિદ્ધ ભગવંતને સિદ્ધિમાં = મુક્તિમાં સુખ સિદ્ધ થાય છે.' (૭/૧૩)

□ P(૧)માં 'અસદ્ભૂત વ્યવહાર' પાઠ ✝ ફક્ત કો.(૧૨)માં 'રે' છે. ♦ પુસ્તકોમાં 'પરમાણુનઈં' પદ નથી. આ.(૧) + કો.(૧૩)માં છે. ✡ આ.(૧) + કો.(૧૩)માં 'જાતિ'ના બદલે 'શક્તિ' પાઠ.
❖ પુસ્તકોમાં 'કહીઈં' નથી. ફક્ત કો.(૧૩)માં છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

**તેહ વિજાતિં જાણો, જિમ મૂરતિ♦ મતિ;**
**મૂરતિ♦ દ્રવ્યઈ□ ઊપની એ ॥૭/૧૪॥ (૧૦૩)**

**તેહ** અસદ્ભૂત **વિજાતિ જાણો જિમ** "**मूर्त्तं मतिज्ञानम्**" કહિઈં. **મૂર્ત (દ્રવ્યઈ)** તે જે વિષયાલોક-મનસ્કારાદિક✡ તેહથી **ઊપનો**.✝ તે માટઇં. ઈહાં મતિજ્ઞાન આત્મગુણ. તેહનઈં વિષઈં મૂર્ત્તત્વ પુદ્ગલગુણ ●ઉપચરિઓ, તે વિજાત્યસદ્ભૂતવ્યવહાર કહિયઈં. ૨. ॥૭/૧૪॥

परामर्शः **विजातीयोपचारादभूतव्यवहृतिः परा।**
**मूर्त्तोत्पन्नं मतिज्ञानं मूर्त्तं स्यादिति निश्चयः।।७/१४।।**

### ❀ અસદ્ભૂત વ્યવહારનો બીજો ભેદ ❀

**શ્લોકાર્થ** :- વિજાતીયનો ઉપચાર કરવાથી બીજો અસદ્ભૂત વ્યવહાર ઉપનય બને છે. જેમ કે મૂર્ત્ત દ્રવ્યથી ઉત્પન્ન થયેલ હોવાથી 'મતિજ્ઞાન મૂર્ત્ત છે' - આ નિશ્ચય.(૭/૧૪)

### ❋ મતિજ્ઞાન ઉપર મુસ્તાક ન બનો ❋

**આધ્યાત્મિક ઉપનય** :- મતિજ્ઞાનને મૂર્ત્ત કહીને 'આત્માનું પરિપૂર્ણ આધિપત્ય તેના ઉપર નથી' - તેવું સૂચિત કરેલ છે. દીવાલ વગેરે વ્યવધાન, અતિદૂરત્વ, અતિસાન્નિધ્ય, અતિસાદશ્ય વગેરે પરિબળોથી મતિજ્ઞાન સ્ખલના પણ પામે છે. માટે પોતાનું મતિજ્ઞાન ગમે તેટલું વ્યાપક, સૂક્ષ્મ અને બળવાન દેખાતું હોય તો પણ તેના ઉપર મદાર બાંધ્યા વિના, તેના ઉપર મુસ્તાક બન્યા વિના, કેવલજ્ઞાનની સંપ્રાપ્તિ માટે અંતરંગ પુરુષાર્થને પ્રબળ બનાવવા માટે, આત્મસાત્ કરવા માટે સતત ઉલ્લસિત રહેવું. અંતરંગ પુરુષાર્થને પ્રબળ બનાવ્યા બાદ આત્માર્થી સાધક જન્મ-મરણના બંધનને છેદીને જ્યાંથી સંસારમાં પુનરાવર્તન નથી થતું તેવી સિદ્ધિગતિને પ્રાપ્ત કરે છે. આ અંગે **દશવૈકાલિકસૂત્ર**માં જણાવેલ છે કે "જન્મ-મરણના બંધનને છેદીને ભિક્ષુ = સંયમી પુનરાગમનશૂન્ય એવી સિદ્ધિગતિને પ્રાપ્ત કરે છે." (૭/૧૪)

---

♦ પુસ્તકોમાં 'મૂરત' પાઠ. કો.(૨+૯+૧૨) + લી.(૧) + આ.(૧)+સિ.નો પાઠ લીધો છે.

□ કો.(૧૨)માં 'દ્રવ્ય ઈમ' પાઠ.

✡ ધ.માં 'મકરાકરાદિક (મકસ્કારાદિક!)' અશુદ્ધ પાઠ છે. મો.(૨)માં 'નમસ્કારાદિક' અશુદ્ધ પાઠ. આ.(૧)માં 'મસિકારા' પાઠ. કો.(૧૨+૧૩) + લી.(૧) નો પાઠ લીધો છે.

✝ પુસ્તકોમાં 'ઉપનું' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

● શાં.માં 'ઉદ્ધરિઓ' પાઠ.

**અસદ્ભૂત ❖દોઉ ભાંતિ રે, જીવ અજીવનઈં;**
**વિષયજ્ઞાન* જિમ ભાખિઈં એ ॥૭/૧૫॥(૧૦૪)**

દોઉ ભાંતિ સ્વજાતિ⁑ વિજાતિ **અસદ્ભૂતવ્યવહાર**✡ કહિયઇં. **જિમ જીવાજીવ વિષય જ્ઞાન** (ભાખિઈં=) કહિયઇં. ઈહાં જીવ જ્ઞાનની સ્વજાતિં છઈં, અનઈં અજીવ વિજાતિ છઈં. એ ૨ નો વિષય-વિષયિભાવ નામઇં ઉપચરિત સંબંધ છઈં, તે સ્વજાતિવિજાત્યં✦સદ્ભૂત કહિયઇં.૩.

"स्वजातीयांशे किं नायं सद्भूतः ? इति चेत् ?, न,♦ विजातीयांश इव विषयता-संबन्धस्योप❑चरितस्यैवानुभवाद्" इति गृहाण।" *इति १०४ गाथार्थः* ॥७/१५॥

**स्व-परजातिमाश्रित्य तृतीयः स्यादसद्भूतः।**
**जीवाजीवात्मकं ज्ञानं यथा बुद्धौ विभासते।।७/१५।।**

**❋ અસદ્ભૂત વ્યવહાર ઉપનયનો ત્રીજો ભેદ ❋**

**શ્લોકાર્થ** :- સ્વ-પરજાતિની અપેક્ષાએ ત્રીજો અસદ્ભૂત વ્યવહાર ઉપનય થાય છે. જેમ કે જીવ-અજીવ સ્વરૂપ જ્ઞાન બુદ્ધિમાં ભાસે છે. (૭/૧૫)

**❯ જ્ઞેય-જ્ઞાન-જ્ઞાતાનો સંબંધ સમજીએ ❯**

**આધ્યાત્મિક ઉપનય** :- જ્ઞાન-દર્શનસ્વરૂપ ઉપયોગ જે સમયે જે પદાર્થનું અવગાહન કરે છે તે સમયે તે ઉપયોગ તે સ્વરૂપે બની જાય છે. જેમ કે જીવનું જ્ઞાન થાય તો જ્ઞાન જીવસ્વરૂપ બને, વીતરાગનું જ્ઞાન થાય તો જ્ઞાન વીતરાગસ્વરૂપ બને, રાગીનું જ્ઞાન કરવામાં આવે તો જ્ઞાન રાગીસ્વરૂપ બને છે. તથા જે સ્વરૂપે જ્ઞાન પરિણમે છે, તે સ્વરૂપે જીવ પણ પરિણમે છે. પત્ની, પુત્ર વગેરેનો પ્રિયસ્વરૂપે પરિચય કરવામાં આવે તો તેના વિયોગમાં માનસિક આઘાત-પ્રત્યાઘાતાદિ પીડા નિશ્ચિત સમજવી. આ જ અભિપ્રાયથી **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર**માં **શ્રીહેમચન્દ્રસૂરિજી**એ શ્રીસુપાર્શ્વનાથ પ્રભુની દેશનાને જણાવવાના અવસરે કહેલ છે કે 'જીવ જેટલા પોતાના સંબંધોને પ્રિય કરે છે, તેટલા શોકના શૂળ તેના હૃદયમાં પેદા થાય છે.' તેથી પોતાના આત્માનું રાગ-દ્વેષાદિરૂપે પરિણમન કર્યા વિના સ્વયં વીતરાગસ્વરૂપે પરિણમી જવા માટે ઝંખનારા સાધકે કંચન-કામિની-કામવાસના-કીર્ત્તિ-કાયા વગેરે સંબંધી પ્રિયપણાની બુદ્ધિમાં ઊંડા ઉતરવાને બદલે પંચપરમેષ્ઠીની, દેવ-ગુરુ આદિ તત્ત્વત્રયની અને જ્ઞાનાદિરત્નત્રયની હાર્દિક જાણકારી મેળવવા માટે રાત-દિવસ અહોભાવપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ - તેવો હિતકારી ઉપદેશ અહીં ધ્વનિત થાય છે. તે ઉપદેશને અનુસરવાથી **અધ્યાત્મતત્ત્વાલોક** ગ્રંથમાં **ન્યાયવિજયજી**એ દર્શાવેલ કલ્યાણસ્વરૂપ પરમ મુક્તિ નજીક આવે. (૭/૧૫)

❖ કો.(૯)માં 'દોઈ' પાઠ. * પુસ્તકોમાં 'ગ્યાન' પાઠ. મો.(૨)માં 'વિષયપાન' પાઠ. કો.(૪)નો પાઠ લીધો છે.
⁑ કો.(૧૩)માં '**स्वजात्ये विजात्ये**' પાઠ. ✡ કો.(૧૩)માં '...હારસંબંધ' પાઠ.
✦ P(૨)માં '..જાતિસ..' પાઠ. કો.(૧૩)માં '...જાતિઅસ...' પાઠ. ♦ મો.(૨)માં 'ન' નથી.
❑ કો.(૧૩)માં '...**बन्धोप**...' પાઠ. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

**ઉપચરિતાસદ્ભૂત રે, કરિઈ ઉપચારો;**
**જેહ એક ઉપચારથી [ૐ]એ ॥૭/૧૬॥ (૧૦૫)**

જેહ **એક ઉપચારથી** બીજો **ઉપચાર** જે **કરિઓ**[□], તે **ઉપચરિતાસદ્ભૂત** વ્યવહાર[♦] કહિઈં *છઈ ઇતિ ભાવાર્થ ઇતિ ૧૦૫ ગાથાર્થ.* ॥૭/૧૬॥

---

परामर्शः **एकोपचारतो यत्र द्वितीयस्तु विधीयते।**
**स तूपचरिताऽभूत-व्यवहारः प्रकथ्यते।।७/१६।।**

---

**❋ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર : ત્રીજો ઉપનય ❋**

**શ્લોકાર્થ** :- જે ઉપનયમાં એક ઉપચાર કરીને બીજો ઉપચાર કરવામાં આવે છે, તે ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય કહેવાય છે. (૭/૧૬)

**❋ આરોપ પરંપરા ન વધારીએ ❋**

**આધ્યાત્મિક ઉપનય** :- એક જૂઠ સો જૂઠ બોલાવે. એક મમત્વ સેંકડો મમત્વભાવને પેદા કરે. તેમ સાવધાની રાખવામાં ન આવે તો એક આરોપ અનેક આરોપને કરાવે. આ વાતને ધ્યાનમાં રાખી કોઈ પણ વસ્તુનો ક્યાંય પણ આરોપ કરતી વખતે મમત્વભાવથી તે આરોપની પરંપરા વધી ન જાય તે પ્રકારની સાવધાની પ્રત્યેક સાધકે રાખવી જ રહી. આવો ઉપદેશ અહીં સૂચિત થાય છે. આ અંગે વિશેષ બાબત આગળ (૭/૧૭-૧૮) સમજાવવામાં આવશે. તમામ સમારોપનો ત્યાગ કરવામાં આવે તો નિમ્નોક્ત **ઉત્તરાધ્યયસૂત્ર**ની ગાથાનો વિષય બનવાનું સૌભાગ્ય આપણને પ્રાપ્ત થાય. તે ગાથાનો અર્થ આવો છે કે 'તે (૧) નિર્વાણ, (૨) અબાધ (પીડાશૂન્ય સ્થળ), (૩) સિદ્ધિ, (૪) લોકાગ્ર, (૫) ક્ષેમ અને (૬) શિવ સ્વરૂપ છે કે જ્યાં મહર્ષિઓ નિરાબાધપણે જાય છે.' (૭/૧૬)

---

ૐ પુસ્તકોમાં 'રે' પાઠ. લી.(૧)નો પાઠ લીધો છે.

□ કો.(૯)માં 'કર્યો' પાઠ.

♦ કો.(૧૩)માં '...હારથી' પાઠ.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

**♦તેહ સ્વજાતિં જાણો રે, હું પુત્રાદિક;**
**પુત્રાદિક ✡છઈ માહરા□ એ ॥૭/૧૭॥ (૧૦૬)**

**તે સ્વજાતિઈ** ■ઉપચરિતાસદ્ભૂત વ્યવહાર **જાણો**, જે **"હું પુત્રાદિક"**, *'**માહરા પુત્રાદિક(છઈ)**'* ઈમ કહિઈં. ઈહાં "●હું", "માહરા" એહિવું કહેવું પુત્રાદિકનઈં વિષયઈ, તે પુત્રાદિક ઉપચરિયા છઈં, તેહસ્યું આત્માનો ❖ભેદાભેદ સંબંધ ઉપચરિઈં છઈ.

★તેહસ્યું આત્માનો ભેદ **स्ववीर्यपरिणामत्वात्**, અભેદસંબંધ પરંપરાહેતુ ઉપચરિત છે.★

પુત્રાદિક તે શરીર⁑ આત્મપર્યાયરૂપઈં સ્વજાતિ છઈં, પણિ કલ્પિત છઈં, નહીં તો ▸સ્વશરીરસંબંધ જોડી સંબંધી જોડયા◂ સ્વશરીરજન્ય મત્કુણાદિકનઈં પુત્ર કાં ન કહિયઈં ? ॥૭/૧૭॥

---

**स्व-परोभयजात्याऽस्य त्रयो भेदा विकल्पिताः।**
**'अहं पुत्रो' 'मदीयाश्च पुत्राद्या' आदिमो भवेत्॥७/१७॥**

---

**❀ ત્રીજા ઉપનયના ત્રણ ભેદ ❀**

**શ્લોકાર્થ** :- સ્વજાતિ, પરજાતિ અને ઉભયજાતિ - આ ત્રણની અપેક્ષાએ ત્રીજા ઉપનયના ત્રણ પ્રકારો વિશેષરૂપે માન્ય કરાયેલા છે. 'પુત્ર હું છું' અને ' પુત્ર વગેરે મારા છે' - આવો વિકલ્પ પ્રથમ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનયસ્વરૂપ બને છે. (૭/૧૭)

**❖ રાગાદિ પરિણામોને તજીએ ❖**

**આધ્યાત્મિક ઉપનય** :- પિતા વગેરે વ્યક્તિમાં પણ પિતૃત્વ વગેરે પર્યાયો કાલ્પનિક છે. તેથી તેમાં સ્વત્વસંબંધ કે સ્વીયત્વ સંબંધ પણ કાલ્પનિક સિદ્ધ થાય છે. મતલબ કે પિતાના આત્મામાં રહેલું પિતૃત્વ જ જો કાલ્પનિક હોય તો તેમાં 'હું-મારા' પણાની આપણી બુદ્ધિ તો તદ્દન કાલ્પનિક જ કહેવાય ને ! તેથી

---

♦ કો.(૪)માં 'તેહ જ' પાઠ.
✡ કો.(૧)માં 'છિ માહરા હું એહનો એ' પાઠ.
□ કો.(૧૨)માં 'માહરો' પાઠ.
■ P(૧)માં 'ઉપચરિતસંબંધેન અસદ્ભૂત' પાઠ.
⧫ પાઠા૦ શાં.માં 'માહરા પુત્રાદિક' નથી.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯+૧૨)+ આ.(૧) + લી.(૨+૩) + સિ. + મો.(૨)માં છે.
● પુસ્તકોમાં 'હું' નથી. સિ. + આ.(૧) + મો.(૨) + કો.(૭+૯+૧૨)માં છે.
❖ આ.(૧)માં 'ભેદ' પાઠ.
★...★ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત B(૨)માં છે.
⁑ ફક્ત B(૨)માં 'શરીર' પાઠ.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત B(૨)માં છે. પુસ્તકાદિમાં નથી. કો.(૧૨)માં તે પાઠ 'કહિયઈં' પછી છે.

તે 'હું-મારા' પણાના સંબંધ ઉપર નભનારા સ્નેહરાગ, કામરાગ વગેરેથી મુમુક્ષુએ પોતાનો આત્મા વહેલી તકે છોડાવવો. તે માટે તત્ત્વદૃષ્ટિનું આલંબન લઈને પ્રસ્તુત સજાતીય ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનયની કલ્પનાઓની રચનાથી વિશ્રાન્ત થવું. 'હું તેનો પિતા છું, તેમનો દીકરો છું, તેનો કાકો છું, તેણીનો પતિ છું' - આ પ્રમાણેનો જે વ્યવહાર થાય છે, તેના વિષયભૂત પિતૃત્વ આદિ પર્યાયો વાસ્તવમાં આત્મામાં રહેતા નથી. પરંતુ લોકવ્યવહારના આધારે આત્મામાં તેની કલ્પના કરાય છે. "શરીરોમાં આત્મા તરીકેની (= 'હું'પણાની) બુદ્ધિના કારણે 'મારો પુત્ર, મારી પત્ની'- ઈત્યાદિ કલ્પનાઓ ઉત્પન્ન થાય છે. તે કલ્પનાઓથી જીવ (પુત્રાદિને) પોતાની સંપત્તિ માને છે. (તે તુચ્છ કલ્પનામાં જ સંપત્તિના દર્શન જીવ કરે છે.) હાય ! આ જગત આમ હણાયેલ છે" - આ **સમાધિતંત્ર**ની અને **સમાધિશતક**ની કારિકા અહીં યાદ કરવી.

### ❀ ધર્મમાં અંતરાય ન કરીએ ❀

ક્યારેક પુત્ર-પુત્રી વગેરેને દીક્ષા અપાવવામાં કે ધર્મ કરવામાં મા-બાપ અંતરાય કરતા હોય છે. વાસ્તવમાં આવા અવસરે ઉપચરિત અસદ્ભૂતવ્યવહાર ઉપનયને લક્ષમાં રાખીને મા-બાપે વિચારવું જોઈએ કે 'પુત્ર-પુત્રી મારા છે - આ વ્યવહાર ઉપચરિત છે, અસદ્ભૂત છે. વાસ્તવમાં તો જગતમાં એક પણ સગા-સ્નેહી મારા નથી' - આવી વિચારણાથી પોતાનો મોહ દૂર કરીને પુત્ર-પુત્રીનું સાચું હિત કરવું જોઈએ. આ રીતે પિતૃત્વ-માતૃત્વ વગેરે જે પર્યાયો વાસ્તવિક ન હોય પણ કાલ્પનિક હોય તેના વિચારવમળમાં સતત ખોવાયેલા રહીને આપણા આત્મામાં રાગ-દ્વેષાદિ મલિન પરિણામોનો પ્રવાહ ઉત્પન્ન ન થઈ જાય તેની કાળજી રાખવી. તેનાથી **આવશ્યકનિર્યુક્તિઅવચૂર્ણિ**માં **શ્રીજ્ઞાનસાગરસૂરિ**એ દર્શાવેલ આઠ કર્મમલનો સર્વથા વિયોગ થવા સ્વરૂપ મોક્ષ નજીક આવે. (૭/૧૭)



**વિજાતિથી તે જાણો રે, વસ્ત્રાદિક મુઝ;**
**ગઢ-દેશાદિક ઉભયથી એ ॥૭/૧૮॥ (૧૦૭)**

**વિજાત્યુપચરિતાસદ્ભૂત** વ્યવહાર **તે** (**જાણો**+) કહિઈં, જે "(**મુઝ**=) માહરાં **વસ્ત્રાદિક**" ઈમ કહિયઈં.

ઈહાં વસ્ત્રાદિક પુદ્ગલના♦ પર્યાય※ નામાદિ ભેદઈં* કલ્પિત છઈં, નહીં તો વલ્કલાદિક શરીરાચ્છાદક વસ્ત્ર કાં ન કહિયઈં ? તેહ✡ વિજાતિમાં સ્વસંબંધ✝ ઉપચરિત❐ છઈં.

"**માહરા ગઢ, દેશ** પ્રમુખ (=**આદિક**) છઈં" - ઈમ કહતાં (**ઉભયથી**=) સ્વજાતિ -વિજાત્યુપચરિતાસદ્ભૂત વ્યવહાર કહિઈં. જે માટઈં ગઢ = કોટ■, દેશાદિક જીવ-અજીવ ઉભય સમુદાયરૂપ છઈં.॥૭/૧૮॥ (૧૦૭)

---

પરામર્શઃ

**'वस्त्राणि मे' विजात्योपचरिताऽभूत इष्यते।**
**'वप्र-देशादिकं मे' स्यादुभयाऽऽरोपतस्तथा।।७/१८।।**

---

**શ્લોકાર્થ** :- 'મારા વસ્ત્ર'- આ પ્રમાણેનો વ્યવહાર વિજાતિથી ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર તરીકે માન્ય છે. તથા 'કિલ્લો, દેશ વગેરે મારા છે' - આ પ્રમાણેનો વ્યવહાર ઉભય આરોપથી માન્ય છે. (૭/૧૮)

**✻ 'મારું ગામ-નગર' - આવી બુદ્ધિ એ મૂઢતા ✻**

**આધ્યાત્મિક ઉપનય** :- નિશ્ચયનયની દૃષ્ટિથી તો કિલ્લો, દેશ, રાજ્ય વગેરે પદાર્થ આત્માના નથી. દેશ વગેરે ઉપર પરમાર્થથી આત્માની માલિકી નથી. કારણ કે દેશ વગેરે વસ્તુમાં અનાત્મધર્મો (= જડ વસ્તુના ગુણધર્મો) ઉપલબ્ધ થાય છે. તેથી 'મારો દેશ', 'મારું રાજ્ય', 'મારો ગઢ' વગેરે બોલવું તે નિશ્ચયનયની દૃષ્ટિથી તો કેવલ મૂઢતા જ છે. આવા જ અભિપ્રાયથી **કુંદકુંદસ્વામીએ સમયસાર** નામના ગ્રંથમાં જણાવેલ છે કે "જેમ કોઈક માણસ 'આ અમારું ગામ, નગર, રાષ્ટ્ર છે' - આ પ્રમાણે બોલે તો તે ગામ, નગર કે રાષ્ટ્ર તે માણસના બની જતા નથી. ફક્ત મૂઢતાને લીધે તે માણસ તે પ્રકારે બોલે છે."

---

♦ પુસ્તકોમાં 'પુદ્ગલ પર્યાય' પાઠ. કો.(૧૨)નો પાઠ લીધો છે.
※ કો.(૧૩)માં 'પર્યાયમાંહિ' પાઠ.
*. મ.માં 'ભેદ' પાઠ. કો.(૭)નો પાઠ લીધો છે.
✡ કો.(૧૩)માં 'તેહને' પાઠ.
✝ કો.(૧૩)માં 'સ્વસંબંધે' પાઠ.
❐ પુસ્તકોમાં 'ઉપચરિઈં' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે.
■ ફક્ત P(૨)માં જ 'કોટ' છે.

## ❄ શું માલિકીને ઓળખીએ છીએ ખરા ? ❄

આપણું શરીર પણ આપણી માલિકીમાં નથી. આપણા માથા ઉપર પણ આપણું આધિપત્ય નથી. ગમે ત્યારે માથું દુઃખે, ગમે તે રીતે પેટમાં શૂળ ઉપડે, ગમે ત્યારે મનસ્વીપણે હાથ-પગ તૂટે, ગમે ત્યાં હૃદય બંધ પડી જાય. જો આ રીતે આપણાં શરીર ઉપર પણ આપણું સ્વામિત્વ ન હોય તો ગઢ, નગર, રાજ્ય કે રાષ્ટ્ર ઉપર આપણું વર્ચસ્વ કઈ રીતે હોઈ શકે ?

## ❄ ફોતરા છોડો, ધાન્ય સ્વીકારો ❄

આ બાબતને બરોબર ખ્યાલમાં રાખીને વિશેષ પ્રકારનું પ્રયોજન હોય તો જ 'મારો દેશ, મારું રાજ્ય' વગેરે ઔપચારિક વ્યવહાર કરવો. તે પણ તુષ-વ્રીહિન્યાયથી અંતઃકરણને ભાવિત કરીને કરવો. જેમ ઘઉં અને ફોતરા મિશ્ર હોય ત્યારે ડાહ્યો માણસ ફોતરા છોડીને ઘઉંને અલગ તારવી લે છે. ફોતરાને છૂટા પાડીને ઘઉં લેવા શક્ય ન હોય ત્યારે ફોતરાથી મિશ્રિત ઘઉંને ડાહ્યો માણસ કદાચ સંયોગવિશેષમાં ખરીદે તો પણ ઘઉંની કિંમત જેટલી ફોતરાની કિંમત તેના મગજમાં હોતી નથી. તે કદાપિ ઘઉં તુલ્ય મૂલ્યાંકન ફોતરાનું કરતો નથી. ખરીદી પછી ઘઉંમાંથી ફોતરાને દૂર કરવાની ક્રિયામાં તે લાગી જાય છે. તેમ ફોતરા જેવા દેશ-રાજ્ય-શરીર સાથે ઘઉં તુલ્ય આત્માનો સંબંધ વિચારી આત્મજ્ઞાની અનિવાર્ય પરિસ્થિતિમાં ઉપરોક્ત વ્યવહાર સાવધાનીથી કરતા હોય છે. અન્યથા મમત્વના વમળમાં અટવાઈને, મિથ્યાત્વના ઘોર અંધકારમાં ફસાઈને દીર્ઘ ભવાટવીમાં ભૂલા પડતાં વાર લાગે નહિ. આ બાબતની આત્માર્થી જીવે કાળજી રાખવી. તેવા ઉપચારોનો રુચિપૂર્વક આશ્રય કરવામાં ન આવે તો **દીપોત્સવકલ્પ**માં દર્શાવેલ સિદ્ધોની ગુણસંપત્તિ સુલભ થાય. શ્રી**જિનપ્રભસૂરિ**જીએ રચેલ **દીપોત્સવકલ્પ**નું બીજું નામ **અપાપાબૃહત્કલ્પ** છે. ત્યાં જણાવેલ છે કે '(૧) અનંત જ્ઞાન, (૨) અનંત દર્શન, (૩) અનંત સમ્યક્ત્વ, (૪) અનંત આનંદ અને (૫) અનંત શક્તિ - આ પાંચેય સિદ્ધો પાસે અનંત હોય છે.' (૭/૧૮)

**□ઉપનય ભાખ્યા એમ રે, અધ્યાતમ ★નય;**
**કહી પરીક્ષા જસ લહો એ ॥૭/૧૯॥ (૧૦૮)**

**ઈમ ઉપનય (ભાખ્યા =)** કહિયા, હિવઇ આગિલી ઢાલમાંહિ, **અધ્યાત્મનય** ※કહીઈ છઇં, એહમાંહિં ગુણ-દોષ ✤**પરીક્ષા** કરી ભલો **યશ (લહો=)** પામો. ॥૭/૧૯॥

**त्रय उपनया उक्ताः, तेषां परीक्षया यशः।**
**लभतामधुनाऽध्यात्म-नयकथोच्यते मुदा।।७/१९।।**

**શ્લોકાર્થ :-** ત્રણ ઉપનયનું નિરૂપણ કર્યું. તેની પરીક્ષા દ્વારા યશને પ્રાપ્ત કરવો. હવે અધ્યાત્મનયની કથા આનંદથી કહેવાય છે. (૭/૧૯)

### ❁ પરીક્ષા કરવાની ત્રણ શરતને ઓળખીએ ❁

**આધ્યાત્મિક ઉપનય :-** દિગંબરકથિત નય - ઉપનયની પરીક્ષા (૧) મધ્યસ્થ દૃષ્ટિથી, (૨) આગમ અનુસારે તથા (૩) ગુણ-દોષની અપેક્ષાએ કરવી - આ પ્રમાણે જે વિધાન અહીં 'પરામર્શકર્ણિકા' નામની સંસ્કૃત વ્યાખ્યામાં કરવામાં આવેલ છે, તે ખૂબ માર્મિક વાત છે. આનાથી એવું ફલિત થાય છે કે (૧) કોઈ પણ વ્યક્તિની વાતની પરીક્ષા હીનદૃષ્ટિથી કે તિરસ્કારદૃષ્ટિથી કે પક્ષપાતથી કરવી યોગ્ય નથી. (૨) તથા પોતાની માન્યતા, અવધારણા કે સંકલન મુજબ કોઈ પણ વ્યક્તિની વાતની પરીક્ષા કરવી એ પણ વ્યાજબી નથી. (૩) તેમજ કોઈ પણ વ્યક્તિની વાતમાં રહેલા શબ્દો કે છંદ-અલંકાર-પ્રાસ-આરોહ-અવરોહ વગેરે બાબતો ઉપર બહુ ભાર આપવાના બદલે તેમાં રહેલ ગુણ-દોષ પ્રત્યે આપણી દૃષ્ટિને કેન્દ્રિત કરવી જોઈએ.

### ❖ ....તો યશ અને વિજય મળે ❖

આ ત્રણ નિયમનું પાલન કરીને પરીક્ષા કરવાની કુશળતા ધરાવનાર વ્યક્તિ જ વાસ્તવમાં સર્વદિગ્ગામી યશ અને વિજય મેળવવાનો અધિકારી છે. તેથી જિનશાસનની ખરી પ્રભાવના કરવાની કામનાવાળા આત્માર્થી સાધકોએ ઉપરોક્ત અધિકાર મેળવવા માટે પ્રયત્ન કરવો જોઈએ - એવું અહીં સૂચિત થાય છે. તેવા પ્રયત્નના પ્રભાવથી **ઉપદેશકલ્પવલ્લી**માં **શ્રીસુમતિવિજયગણિવરે** દર્શાવેલ સિદ્ધસ્વરૂપ નજીક આવે. ત્યાં જણાવેલ છે કે 'સિદ્ધ ભગવંતો જન્મ-જરા-મરણ-રોગ-શોક-ભય-પીડાથી છૂટી ગયેલા છે તથા વિશ્વના તમામ જીવોના સુખને ઓળંગી જાય તેવા સુખને તેઓએ પ્રાપ્ત કરેલ છે.' (૭/૧૯)

### ❖ સાતમી શાખા સમાપ્ત ❖

□ P(૧)માં 'ઉભય' પાઠ.
★ પા.માં 'નયૈ' પાઠ. પુસ્તકોમાં 'નય' પાઠ.
※ પુસ્તકોમાં 'કહી નઈ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.
✤ આ.(૧)માં 'પરીક્ષા કરી ભલો યશ..' પાઠ. પુસ્તકોમાં 'પરીક્ષાનો યશ' પાઠ.

- દેખતી આંખે બુદ્ધિ બેભાન છે, અંધ છે.
  અંધ લાગવા છતાં શ્રદ્ધા સભાન છે.

- બુદ્ધિ વિનાશી છે.
  અખંડ શ્રદ્ધા અવિનાશી
  રહેવાને સર્જાયેલ છે.

- બુદ્ધિ કૃતઘ્નતાની બહેન છે.
  શ્રદ્ધા કૃતજ્ઞતાની બહેન છે.

- બુદ્ધિની આધારશીલા
  પરિવર્તનશીલતા છે.
  શ્રદ્ધાનો નક્કર પાયો
  સ્થિરતા-ધીરતા છે.

- બુદ્ધિ તૂટવા તૈયાર છે,
  ઝૂકવા નહિ.
  અતૂટ શ્રદ્ધા
  ઝૂકવા રાજી છે.


દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ
આધ્યાત્મિક નયનિરૂપણ+દેવસેનમત સમીક્ષા
આધ્યાત્મિક નયનિરૂપણ+દેવસેનમત સમીક્ષા
આધ્યાત્મિક નયનિરૂપણ+દેવસેનમત સમીક્ષા
આધ્યાત્મિક નયનિરૂપણ+દેવસેનમત સમીક્ષા
द्रव्यानुयोगपरामर्शः शाखा-८
आध्यात्मिकनयनिरूपणं
देवसेनमतस्य च समीक्षा

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૮

## द्रव्यानुयोगपरामर्शः शाखा-८

आध्यात्मिकनयनिरूपणं
देवसेनमतस्य च समीक्षा

## ❊ ટૂંકસાર ❊

: શાખા - ૮ :

અહીં આધ્યાત્મિક નયને જણાવેલ છે.

અધ્યાત્મની દૃષ્ટિએ નયના બે પ્રકાર છે - નિશ્ચયનય અને વ્યવહારનય. (૮/૧)

નિશ્ચયનયના બે પ્રકાર છે. શુદ્ધ નિશ્ચયનય કેવળજ્ઞાનસ્વરૂપ જીવને માને છે અને અશુદ્ધ નિશ્ચયનય મતિજ્ઞાનાદિસ્વરૂપ જીવને માને છે. આમ નિશ્ચયનય મૌલિક ગુણો તરફ લક્ષ દોરે છે. (૮/૨)

વ્યવહારનયના સદ્ભૂત અને અસદ્ભૂત એ બે પ્રકાર છે. સદ્ભૂત વ્યવહારનયના આરોપ અને અનારોપ એ બે પ્રકાર છે. અસદ્ભૂત વ્યવહારના અસંશ્લેષિત અને સંશ્લેષિત એ બે પ્રકાર છે. જીવો વ્યવહારથી પોતાના કહેવાતા ઔપાધિક ગુણો, કીર્તિ-કરિયાણું-કસ્તૂરી-કિંકર-કૂવો-કૃષિ-કાંચન -કામિની-કન્યા-કુંવર-કુટુંબ-કુળ-કાયા વગેરેને છોડી, નિરુપાધિક ગુણોને પકડી મોક્ષમાર્ગે વિકાસ કરે છે. (૮/૩-૪-૫-૬-૭)

દિગંબરોની નયની પરિભાષામાં કંઈક ફરક પડે છે. શ્વેતાંબરો નયના સાત ભેદ માને છે તથા દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકને તેમાં સમાવે છે. જ્યારે દિગંબરો નયના સાત ભેદ + દ્રવ્યાસ્તિક નય + પર્યાયાસ્તિક નય એમ નવ પ્રકાર પાડે છે. આ પ્રરૂપણા આગમથી વિપરીત હોવાથી ગ્રંથકારને દિગંબરો પર દિલગીરી જાગે છે. કારણ કે તેમ તો નયમાં અર્પિતનય વગેરે અનેક પ્રકાર પાડવાની આપત્તિ આવે. જે દિગંબરોને પણ માન્ય નથી. (૮/૮-૯-૧૦-૧૧)

આગમિક મતે નૈગમાદિ સાત નયમાં પહેલા ચાર નય દ્રવ્યાસ્તિક છે અને છેલ્લા ત્રણ નય પર્યાયાસ્તિક છે. તાર્કિક મતે ઋજુસૂત્ર પર્યાયાસ્તિક છે. દિગંબરપ્રરૂપિત નવ નય શાસ્ત્રમાન્ય નથી. (૮/૧૨-૧૩-૧૪)

સંગ્રહ-વ્યવહારનયમાં નૈગમનય આવી જાય છતાં પ્રદેશાદિ દૃષ્ટાંતમાં તે અલગ તરી આવે છે. અહીં **અનુયોગદ્વાર**ના પ્રસ્થક-વસતિ-પ્રદેશ ત્રણ દૃષ્ટાંતનો વિચાર કરેલ છે. (૮/૧૫)

દિગંબરોની નવ નયની પ્રરૂપણામાં આગમનો વિરોધ આવે છે. (૮/૧૬-૧૭-૧૮)

દિગંબરોએ નવ નય ઉપરાંતમાં જે ત્રણ ઉપનય બતાવ્યા છે તે ત્રણ ઉપનયને વ્યવહારનયમાં ગોઠવવાનું જણાવેલ છે. કારણ કે ત્રણ ઉપનય સ્વતંત્ર નય નથી. (૮/૧૯)

દિગંબરો વ્યવહારનયમાં ઉપચારને સ્વીકારે છે, નિશ્ચયનયમાં નહિ. તે વ્યાજબી નથી. (૮/૨૦)

**વિશેષાવશ્યકભાષ્ય**માં જે સ્વરૂપે નિશ્ચયનય અને વ્યવહારનય બતાવેલ છે, તે જ સ્વરૂપે તેના લક્ષણ સ્વીકારી મોક્ષમાર્ગમાં આગળ વધવું. (૮/૨૧)

નિશ્ચયનય આત્માનું આંતરિક ગુણાત્મક સ્વરૂપ જણાવે છે. અનેક જીવોમાં શુદ્ધ ચૈતન્યને તે સમાન રૂપે જુવે છે. તથા વસ્તુના નિર્મળ પરિણામને તે જુએ છે. (૮/૨૨)

વ્યવહારનય અનેક લક્ષણોમાં જે વિશિષ્ટ લક્ષણ હોય તેને જાહેર કરે છે. આથી દરેક વ્યક્તિમાં દયા વગેરે જે ગુણ વિલક્ષણરૂપે દેખાય તેને પકડી મોક્ષમાર્ગે આગળ વધવા તે પ્રેરણા કરે છે.(૮/૨૩)

આમ નિશ્ચયનયનું અને વ્યવહારનયનું આગમસાપેક્ષ જ્ઞાન મેળવવા પ્રયત્ન કરવો. પરંતુ સ્વતંત્ર બુદ્ધિથી તેમાં તોડ-ફોડ ન કરવી. અંતે પારમાર્થિક સુયશને મેળવવો. (૮/૨૪-૨૫)

## ઢાળ - ૮

(♦કપૂર હુઇ અતિ ઉજલું રે - એ દેશી.❐)

**✡દોઇ મૂલનય ભાખિયા રે, નિશ્ચય નઈ વ્યવહાર;**
**નિશ્ચય દ્વિવિધ તિહાં કહિઓ⁜ રે, શુદ્ધ અશુદ્ધ પ્રકાર રે ||૮/૧|| (૧૦૯)**
**પ્રાણી પરખો આગમભાવ. (એ આંકણી)**

પ્રથમ અધ્યાત્મભાષાઈં ૨ બે (**મૂલ**) **નય** (**ભાખિયા**=) કહિયા. એક **નિશ્ચયનય**, બીજો **વ્યવહારનય.** ●**તિહાં નિશ્ચયનય દ્વિવિધ કહિઓ.** એક **શુદ્ધ** નિશ્ચયનય, બીજો (**પ્રકાર**) **અશુદ્ધ** નિશ્ચયનય. હે **પ્રાણી** ! **આગમ**ના **ભાવ** (**પરખો**,) પરખીનઈં ગ્રહો. *એ હિતોપદેશ શ્રદ્ધાવંતને જાણવો.* ||૮/૧|| (૧૦૯)

---

• द्रव्यानुयोगपरामर्शः •

**शाखा - ८**

**निश्चय-व्यवहारौ द्वौ नयावध्यात्मभाषया।**
**तत्राऽऽदिमो द्विधा ज्ञेयः शुद्धाऽशुद्धप्रकारतः।।८/१।।**
**भो प्राणिन् ! शास्त्रभावं रे, परीक्ष्याऽत्र स गृह्यताम्।। ध्रुवपदम्।।**

---

• અધ્યાત્મ અનુયોગ •

### ✽ આધ્યાત્મિક પરિભાષા મુજબ નયવિચાર ✽

**શ્લોકાર્થ** :- અધ્યાત્મની પરિભાષા મુજબ નિશ્ચય અને વ્યવહાર - આમ બે નયો છે. તેમાં પહેલો નય શુદ્ધ અને અશુદ્ધ પ્રકારની અપેક્ષાએ દ્વિવિધ છે. (૮/૧)

હે ભવ્ય પ્રાણી ! અહીં આગમભાવને પરખીને સ્વીકારવો. (**ધ્રુવપદ**)

### ❈ આત્મલક્ષી વિચારણા કરીએ ❈

**આધ્યાત્મિક ઉપનય** :- વસ્તુલક્ષી વિચારણાને બદલે આત્મલક્ષી પરિપુષ્ટ વિચારણા કરવા ઉપર આપણી દૃષ્ટિને કેન્દ્રિત કરી, તત્ત્વનિર્ણય કરવાની મૌલિક પ્રણાલિકા એટલે આધ્યાત્મિક પરિભાષા. તેથી આત્માના લાભ-નુકસાનને મુખ્યરૂપે નજરમાં રાખી કોઈ પણ ઘટનાનું કે પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવાની વિચારપદ્ધતિને અપનાવવા પ્રત્યેક આત્માર્થી સાધકે સદા તત્પર રહેવું જોઈએ - તેવી સૂચના અહીં પ્રાપ્ત થાય છે. કારણ કે આ રીતે જ તાત્ત્વિક આરાધકભાવ પ્રાપ્ત થાય છે. તથા ત્યાર બાદ **નમસ્કારમાહાત્મ્ય**માં જણાવેલ સકલદોષશૂન્યસ્વભાવતા ઝડપથી પ્રગટે છે. ત્યાં **શ્રીસિદ્ધસેનસૂરિજી**એ દર્શાવેલ છે કે "તમામ શુભ-અશુભ કર્મો સર્વથા ક્ષીણ થતાં સિદ્ધશિલામાં ફક્ત એકલા આત્માની ચિદ્રૂપતા = જ્ઞાનરૂપતા બચે છે. તે જ શૂન્યસ્વભાવતા છે." (૮/૧)

---

♦ કો.(૧૨)માં 'રે જાયા તુઝ વિણ ઘડી રે છ માસ- એ દેશી' પાઠ. ❐ કો.(૧૨)માં 'પૂતા તુજ વિણ- એ દેશી' પાઠ. ✡ પુસ્તકોમાં 'દોઉ' પાઠ. અહીં કો.(૫+૮+૧૨+૧૩) નો પાઠ લીધો છે. ⁜ કો.(૨+૯)માં 'કહ્યો' પાઠ. ● કો.(૯) + સિ.માં 'તત્ર' પાઠ. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

**જીવ કેવલાદિક યથા[§] રે, શુદ્ધવિષય નિરુપાધિ;**
**મઈનાણાદિક આતમા રે, અશુદ્ધ તે સોપાધિ રે ॥૮/૨॥ (૧૧૦) પ્રાણી.**

(**યથા**) **જીવ** તે **કેવલજ્ઞાનાદિરૂપ** છઇ - ઈમ જે **નિરુપાધિ** કહિઈં કર્મોપાધિરહિત કેવલજ્ઞાનાદિક **શુદ્ધ** ❖ગુણ **વિષય** લેઇ, આત્માનઈં અભેદ દેખાડિઈં ⁕છઈં તેહ શુદ્ધ નિશ્ચયનય જાણવઉં◆. **મતિજ્ઞાનાદિક** અશુદ્ધ ગુણનઈં **આત્મા** કહિઈં, **તે અશુદ્ધ** નિશ્ચયનય, **સોપાધિકત્વાત્**⁎ ॥૮/૨॥ (૧૧૦.)

**केवलज्ञानभावो हि जीवोऽनुपाधिको यथा।**
**शुद्धगोचर आद्यस्तु मति-श्रुतादयोऽन्यथा॥८/२॥**

**⁂ આધ્યાત્મિક નિશ્ચયના બે ભેદ ⁂**

**શ્લોકાર્થ** :- નિરુપાધિક શુદ્ધવિષયક પ્રથમ નિશ્ચયનય છે. જેમ કે 'કેવલજ્ઞાનસ્વરૂપ ભાવ એ જીવ છે' - આ કથન. 'મતિ-શ્રુત વગેરે જીવ છે' - આ કથન તો અશુદ્ધ નિશ્ચયનય છે. (૮/૨)

**❁ કૈવલ્યજ્યોતિસ્વરૂપ આત્માને ઓળખીએ ❁**

**આધ્યાત્મિક ઉપનય** :- પ્રામાણિકપણે દીર્ઘ કાળ સુધી નિરંતર અહોભાવપૂર્વક શક્તિ છૂપાવ્યા વિના સાધનામાર્ગે પુષ્કળ-પ્રચંડ પુરુષાર્થ કરવા છતાં કર્મની વિષમતાથી, નિયતિની વિચિત્રતાથી, કાળબળની પ્રતિકૂળતાથી કે વિષમ પરિસ્થિતિની પરવશતાથી જાણ્યે-અજાણ્યે અનેક વખત નાના, મોટા દોષોનો શિકાર બની જનારો સાધક જ્યારે હતાશાની ઊંડી ખાઈમાં ગરકાવ થઈ જાય છે, સાધનામાર્ગે સફળતાને મેળવવાના ઉલ્લાસના શિખરથી ગબડી પડે છે, ત્યારે હતોત્સાહ બનેલા તેવા આત્માર્થી સાધકને નિશ્ચયનય ગુણ-ગુણીનો અભેદ દર્શાવી એવું સૂચિત કરે છે કે 'આત્મામાં રહેલ અનાદિશુદ્ધ કૈવલ્ય જ્યોતિ અને અનંત શક્તિ એ જ તું છે. પરમાર્થથી ત્યાં જ તારું અસ્તિત્વ છે. તું તેનાથી જુદો નથી. તથા આત્મસ્વરૂપ કેવલજ્ઞાન કાંઈ ખોવાઈ ગયેલું નથી. તેથી ઉઠ, ઉભો થા. કૈવલ્ય જ્યોતિ ઉપર તારી નજરને ઉપાદેયપણે સ્થિર કર. કુકર્મ, કુકાળ, કુનિયતિ, કુનિમિત્ત આપમેળે ઝડપથી રવાના થઈ જશે.' આવો નિશ્ચયનયનો ઉપદેશ સાંભળી, સ્વીકારી સાધકના ઉલ્લાસ-ઉમંગમાં પ્રાણ પૂરાય છે. તથા તેની સાધના વેગવંતી અને ચૈતન્યવંતી બની તેને ઝડપથી **કૃષ્ણગીતામાં શ્રીબુદ્ધિસાગરસૂરિજી**એ વર્ણવેલ જ્ઞાન-આનંદમય મોક્ષમાં પહોંચાડે છે. (૮/૨)

§ મો.(૨)માં 'થયો' પાઠ.
❖ 'ગુણ' પદ પુસ્તકોમાં નથી. કો.(૭) + કો.(૯+૧૨+૧૩) + લી.(૨+૩) + મો.(૨) + આ.(૧)માં છે.
⁕ પુસ્તકોમાં 'છઈં' નથી. કો.(૯)માં છે.
◆ પુસ્તકોમાં 'જાણવઉં' પદ નથી. ફક્ત કો.(૧૨)માં છે.
⁎ પુસ્તકોમાં 'સોપાધિકત્વાત્' નથી. કો.(૧૩) + આ.(૧)માં છે.

નિશ્ચયનય તે અભેદ દેખાડઈ. વ્યવહારનય તે ભેદ દેખાડઈ છઈ -

**દોઈ ભેદ વ્યવહારના રે♦, સદ્ભૂતાસદ્ભૂત;**
**એક વિષય સદ્ભૂત છઈ રે✡, પરવિષયાસદ્ભૂત રે ॥૮/૩॥ (૧૧૧) પ્રાણી.**

વ્યવહારનયના ૨ ભેદ કહ્યાં છઇ. એક **સદ્ભૂત** વ્યવહાર ⁺જાણવો. બીજો વલી **અસદ્ભૂત** વ્યવહાર છે.

▸**એક વિષય** કહતાં એકદ્રવ્યાશ્રિત, તે **સદ્ભૂત** વ્યવહાર.

**પરવિષય** તે **અસદ્ભૂતવ્યવહાર**◂ *કહીઈ.

અહો પ્રાણી ! એહવા ભાવ જાણવઉ. આગમના પરખઉ. એ ૧૧૧મી ગાથાનો અર્થ સંપૂર્ણ.* ॥૮/૩॥

---

પરામર્શઃ

**द्विभेदो व्यवहारः सद्भूताऽसद्भूतभेदतः।**
**एकद्रव्याश्रितो ह्याद्यः परद्रव्याश्रितोऽपरः॥८/३॥**

---

**※ આધ્યાત્મિક વ્યવહારનયના બે ભેદનું પ્રતિપાદન ※**

**શ્લોકાર્થ** :- સદ્ભૂત અને અસદ્ભૂત - આ મુજબના ભેદથી વ્યવહારના બે ભેદ છે. સદ્ભૂત વ્યવહાર એક દ્રવ્યને આશ્રયીને રહેલો છે. અસદ્ભૂત વ્યવહાર ભિન્ન દ્રવ્યને આશ્રયીને રહેલો છે. (૮/૩)

**❁ ગુણ-ગુણીમાં ભેદદર્શનનું પ્રયોજન ❁**

**આધ્યાત્મિક ઉપનય** :- શુદ્ધ-અશુદ્ધ નિશ્ચયનયની વિચારણામાં ઊંડા ઉતરવાની પોતાની ક્ષમતા કે સ્થિરતા ન જણાતી હોય તો સ્વાત્મદ્રવ્યની વિચારણા મુખ્ય બને તે રીતે સદ્ભૂત વ્યવહારનયનો ઉપયોગ કરી આત્મામાં ઠરવા માટે પ્રયત્ન કરવો. સદ્ભૂત વ્યવહારથી ગુણ-ગુણી વગેરેમાં ભેદનું દર્શન કરવા દ્વારા સ્વભિન્ન ગુણ વગેરેને પ્રગટ કરવા માટે વ્યવહારુ આત્માર્થી જીવને ઉત્સાહ પ્રગટે છે. આ રીતે તે જીવ મોક્ષમાર્ગમાં આગળ ધપે છે. ત્યાર બાદ 'મોક્ષમાં આકારશૂન્ય, શુદ્ધ, નિજસ્વરૂપમાં વ્યવસ્થિત, આઠ ગુણથી યુક્ત, નિર્વિકાર, વ્યાધિમુક્ત ચૈતન્ય હોય છે' - આ પ્રમાણે **પરમાનંદપંચવિંશતિ**માં સારી રીતે દર્શાવેલ સિદ્ધસ્વરૂપ દુર્લભ રહેતું નથી. (૮/૩)

---

♦ પુસ્તકોમાં 'જી' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.
✡ પુસ્તકોમાં 'જી' પાઠ. કો.(૯)નો પાઠ લીધો છે.
⁺ 'જાણવો' પાઠ ફક્ત કો.(૧૩) + આ.(૧)માં છે.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ સિ.+કો.(૯)માં નથી.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

**ઉપચરિતાનુપચરિતથી♦ રે, પહિલો દોઇ પ્રકાર;**
**સોપાધિક ગુણ-ગુણિં☒ ભેદઈ રે, ✡જિઅની મતિ ઉપચાર રે ॥૮/૪॥ (૧૧૨) પ્રાણી.**

♦પહિલો જે સદ્ભૂતવ્યવહાર તે **બે પ્રકારિં** છઈ, એક **ઉપચરિત** સદ્ભૂત વ્યવહાર *જાણવો.* બીજો **અનુપચરિત** સદ્ભૂત વ્યવહાર.

**સોપાધિકગુણ-ગુણિભેદ** દેખાડિઇં. તિહાં પ્રથમ ભેદ. જિમ - "**जीवस्य मतिज्ञानं *ज्ञेयम्.***" ઉપાધિ તેહ જ ઈહાં **ઉપચાર** *કહીઈ. ઈતિ પદાર્થ.

હે પ્રાણી ! એહવા શાસ્ત્રના ભાવ છઈ.* ॥૮/૪॥

---

પરામર્શ: **सद्भूतोऽपि द्विधाऽऽरोपाऽनारोपभेदतः खलु।**
**'जीवस्य हि मतिज्ञानं' सोपाधिगुणभेदतः।।८/४।।**

---

**⁂ સદ્ભૂત વ્યવહારના પ્રથમ ભેદનું નિરૂપણ ⁂**

**શ્લોકાર્થ** :- સદ્ભૂત વ્યવહારનય પણ આરોપ અને અનારોપ - આવા ભેદથી બે પ્રકારે જ થાય છે. સોપાધિક ગુણમાં ગુણીના ભેદની અપેક્ષાએ 'જીવનું મતિજ્ઞાન' - આ પ્રમાણે ઉપચાર કરવો તે પ્રથમ સદ્ભૂત વ્યવહાર છે. (૮/૪)

**✡ સોપાધિક ગુણ ઉપર મદાર ન બાંધવો ✡**

**આધ્યાત્મિક ઉપનય** :- ગુણ-ગુણીમાં ભેદનું દર્શન કરીને ગુણની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કર્યા બાદ 'પ્રાપ્ત થયેલા મતિજ્ઞાનાદિ ગુણો પણ સોપાધિક હોવાથી વિનશ્વર છે' - આ હકીકતને મનોગત કરીને આત્માર્થી સાધકે પ્રાપ્ત થયેલા ક્ષાયોપશમિક-અશુદ્ધ-સોપાધિક મતિજ્ઞાનાદિ ગુણો ઉપર મદાર બાંધવાને બદલે, પ્રાપ્ત થયેલ નાશવંત શક્તિઓ ઉપર મુસ્તાક રહેવાને બદલે, નિર્મલ મતિજ્ઞાનાદિને પ્રાપ્ત કરાવનાર ભગવદ્ભક્તિ, ગુરુવિનય, સાધુસેવા વગેરે ઉપાસનામાં નિર્ભર રહેવું જોઈએ. તેના લીધે **ઉત્તરાધ્યયનસૂત્રવૃત્તિ**માં **કમલસંયમ ઉપાધ્યાયજી**એ દર્શાવેલ કર્મક્ષયસ્વરૂપ મોક્ષ સુલભ બને. (૮/૪)

---

♦ કો.(૪)માં '...રિતાર્થ' પાઠ. લા.(૨)માં '...પચારથી' પાઠ.

☒ મો.(૨)માં 'ગુણિં' પાઠ નથી.

✡ જિઅની = જીવની.

♦ સિ. + કો.(૯)માં 'પ્રથમ' પાઠ.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨) + લી.(૧)માં છે.

**નિરુપાધિક ગુણ-ગુણિભેદઈ રે, અનુપચરિત સદ્ભૂત;**
**કેવલજ્ઞાનાદિક ગુણા રે, આતમના ⁑અદ્ભુત રે ॥૮/૫॥ (૧૧૩) પ્રાણી.**

**નિરુપાધિક ગુણ-ગુણિભેદઈ** બીજો ભેદ ▸તે **અનુપચરિત સદ્ભૂત** વ્યવહાર કહીઈં.◂ *ઈમ બુધજનઈ કહીયઉ.* યથા (**આતમના કેવલજ્ઞાનાદિક અદ્ભુત ગુણા.**) "**जीवस्य केवलज्ञानम्**●" ઈહાં ઉપાધિરહિતપણું તેહ જ નિરુપચારપણું જાણવું. *ઈતિ ૧૧૩મી ગાથાનો અર્થ પૂર્ણ.* ॥૮/૫॥

**अनुपचरितो भूतो निरुपाधिकभेदतः।**
**'जीवस्य केवलज्ञानं' निरुपाधितया यथा।।८/५।।**

**❖ સદ્ભૂત વ્યવહારના બીજા ભેદનું પ્રતિપાદન ❖**

**શ્લોકાર્થ** :- નિરુપાધિક ભેદની અપેક્ષાએ અનુપચરિત સદ્ભૂત વ્યવહારનય બને છે. જેમ કે 'નિરુપાધિક હોવાથી જીવનું કેવલજ્ઞાન' - આવો વ્યવહાર. (૮/૫)

**● ક્ષાયોપશમિક ગુણનો ભરોસો ન કરવો ●**

**આધ્યાત્મિક ઉપનય** :- અનુપચરિત સદ્ભૂત વ્યવહારનયની દૃષ્ટિમાં સોપાધિક, ક્ષાયોપશમિક ગુણો નાશવંત હોવાથી અને અપૂર્ણ હોવાથી નિર્મૂલ્ય અને નિર્માલ્ય છે. ખરેખર આત્મભિન્ન, વિનશ્વર અને અધૂરા ગુણોને મેળવી સદા માટે સાધક નિર્ભય અને નિશ્ચિંત કઈ રીતે બની શકે ? તેથી પરમાર્થથી = શુદ્ધનિશ્ચયનયથી પોતાનાથી અભિન્ન એવા ક્ષાયિક અને પૂર્ણ ગુણોની ઉપલબ્ધિ માટે સાધકે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. તેના માધ્યમથી જ સાધક સર્વદા સર્વત્ર નિશ્ચલ, નિશ્ચિંત અને નિર્ભય બની શકે. આમ સોપાધિક ગુણોની ઉપેક્ષા કરીને પોતાના ક્ષાયિક-નિરુપાધિક-પરિપૂર્ણ એવા ગુણવૈભવને પ્રાપ્ત કરવાનો ઉદ્યમ કરવાની પાવન પ્રેરણા અહીં પ્રસ્તુત અનુપચરિત સદ્ભૂત વ્યવહારનય દ્વારા મેળવવા જેવી છે.

**❋ સમ્યક્ ઉદ્યમથી મોક્ષપ્રાપ્તિ ❋**

તથાવિધ સમ્યક્ ઉદ્યમના બળથી જ **ઉત્તરાધ્યયનસૂત્ર**માં જણાવેલ સિદ્ધસુખ ઝડપથી પ્રગટ થાય છે. ત્યાં સિદ્ધસુખનું વર્ણન કરતાં જણાવેલ છે કે 'સિદ્ધાત્મા તે જન્મ-મરણાદિ તમામ દુઃખમાંથી મુક્ત થયા છે, જે દુઃખ આ જીવને સતત પીડિત કરે છે. દીર્ઘકાલીન કર્મના રોગમાંથી તે પૂર્ણતયા મુક્ત થયા છે. તેથી જ પ્રશંસાપાત્ર છે. તે સિદ્ધાત્મા અત્યંત સુખી અને કૃતાર્થ છે.' (૮/૫)

⁑ લી.(૧)માં 'અસદ્ભૂત' અશુદ્ધ પાઠ.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૧૩) + આ.(૧)માં છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

● લી.(૧) + લા.(૨)માં '...ज्ञानं प्राप्यते क्रमेण' ઈતિ અધિક પાઠ.

**અસદ્ભૂતવ્યવહારના જી, ઈમ જ ભેદ છઈ દોઈ[ﾖ];**

**પ્રથમ અસંશ્લેષિતયોગઈ રે[♦], દેવદત્ત ધન જોઈ રે ॥૮/૬॥ (૧૧૪) પ્રાણી.**

**અસદ્ભૂત વ્યવહારના ઈમ જ બે ભેદ[✡] છઈ**, એક ઉપચરિતાસદ્ભૂત વ્યવહાર. બીજો અનુપચરિતાસદ્ભૂત વ્યવહાર.

**પહેલો ભેદ અસંશ્લેષિતયોગઈ (જોઈ=)** કલ્પિત સંબંધઈ હોયઇ. જિમ **"દેવદત્તનું ધન"** - ઈહાં ધન દેવદત્તનઈં સંબંધ સ્વ-સ્વામિભાવરૂપ કલ્પિત છઇ. તે માટઈં ઉપચાર. દેવદત્ત નઇં ધન એક દ્રવ્ય નહીં. તે માટઇં અસદ્ભૂત - એમ ભાવના કરવી. ***इति भावार्थः*** ॥૮/૬॥

**अभूतव्यवहारस्य द्वौ भेदावादिमो यथा।**
**स्वमिदं देवदत्तस्य' ह्यसंश्लेषितयोगतः।।८/६।।**

**❯ અસદ્ભૂત વ્યવહારના પ્રથમ ભેદનું પ્રકાશન ❯**

**શ્લોકાર્થ** :- અસદ્ભૂત વ્યવહારના બે ભેદ છે. પ્રથમ અસદ્ભૂત વ્યવહાર અસંશ્લેષિત યોગથી થાય છે. જેમ કે 'દેવદત્તનું ધન' - આવો વ્યવહાર. (૮/૬)

**卐 લોકવ્યવહારમાં ગળાડૂબ ન બનીએ 卐**

**આધ્યાત્મિક ઉપનય** :- આ વ્યવહારનય ઔપચારિક છે, ઉપચારપ્રધાન છે. તેનાથી એવું જણાય છે કે નિશ્ચયનયથી એક દ્રવ્યનું બીજા દ્રવ્ય ઉપર સ્વામિત્વ હોતું નથી. નિશ્ચયથી એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કોઈ કાર્ય પણ કરતું નથી. આ તાત્ત્વિક બાબતને લક્ષમાં રાખીને ફક્ત લોકવ્યવહારના નિર્વાહ માટે 'મોન્ટુનું ઘર', 'પિન્ટુનું ધન', ઈત્યાદિ બોલવામાં આવે તો મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયથી જીવ કલંકિત ન બને. તેથી જ શ્રીસીમંધરસ્વામીના **સવાસો ગાથાના સ્તવનમાં મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે :-

**"નિશ્ચય દષ્ટિ હૃદય ધરી જી, પાળે જે વ્યવહાર,**
**પુણ્યવંત તે પામશે જી, ભવસમુદ્રનો પાર."** (પાંચમી ઢાળ, ચોથી ગાથા)

ઉપરોક્ત તાત્ત્વિક હકીકતને ભૂલીને તથાવિધ લોકવ્યવહારમાં ગળાડૂબ બનેલો રાંક જીવ આત્મભાન ભૂલીને મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થાય છે. આ વાત આત્માર્થી સાધકે કદાપિ ભૂલવી ન જોઈએ. આ રીતે જ આપણું શિવસ્વરૂપ = સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટે. શિવસ્વરૂપને જણાવતાં મલધારી **શ્રીરાજશેખરસૂરિજીએ ષડ્દર્શનસમુચ્ચયમાં** જણાવેલ છે કે 'કર્મોનો ઉચ્છેદ થવાથી જીવ પોતાના સ્વરૂપમાં રહે તે જ શિવ = સિદ્ધિ = મુક્તિ છે.' (૮/૬)

ﾖ મો.(૧)માં 'હોઈ' નથી.

♦ પુસ્તકોમાં 'જી' પાઠ. કો.(૯)નો પાઠ લીધો છે.

✡ 'ભેદ' પદ પુસ્તકોમાં નથી. કો.(૧૩) + આ.(૧)માં છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

**સંશ્લેષિતયોગઈં બીજો રે, જિમ આતમનો દેહ;**
**નય ઉપનય *નયચક્રમાં રે, કહિયા મૂલનય એહ• રે ॥૮/૭॥ (૧૧૫) પ્રાણી.**

**બીજો** ભેદ **સંશ્લેષિતયોગઈં** કર્મજ સંબંધઈં જાણવો. **જિમ "આત્માનું** શરીર (=દેહ)". આત્મ-દેહનો સંબંધ. ધન સંબંધની પરિં કલ્પિત નથી. વિપરીત ભાવનાઈં નિવર્ત્તઈં નહીં, યાવજ્જીવ રહઇ. તે માટઇં એ અનુપચરિત. અનઈં ભિન્નવિષય. માટઇં અસદ્ભૂત જાણવો.

એ **નય ઉપનય** દિગંબર *દેવસેન*કૃત **નયચક્ર**માંહિ **કહિયા** છઇં, ૨ **મૂલનય** સહિત.

***इति भावार्थः**। ઈતિ ૧૧૫મી ગાથાનો અર્થ. પ્રાણી ! તુમ્હેં ઈમ આગમના ભાવ સમજ્યો.* ॥૮/૭॥

---

**स्यात् संश्लेषितयोगेन द्वितीयो 'देह आत्मनः'।**
**यथोक्तौ नयचक्रे हि मूलनयान्विताविमौ।।८/७।।**

---

**❋ અસદ્ભૂત વ્યવહારના બીજા ભેદને સમજીએ ❋**

**શ્લોકાર્થ** :- સંશ્લેષિત યોગથી બીજો = અનુપચરિત અસદ્ભૂત વ્યવહાર બને છે. જેમ કે 'જીવનું શરીર' - આવો વ્યવહાર. નયચક્ર ગ્રંથમાં મૂળનયથી યુક્ત આ નય અને ઉપનય કહેલા છે. (૮/૭)

**❁ દેહસંશ્લેષ ન છૂટે તો પણ દેહાધ્યાસને તો છોડીએ જ ❁**

**આધ્યાત્મિક ઉપનય** :- આત્મા અને કાર્મણ શરીર, તૈજસ શરીર, ઔદારિક શરીર વગેરે ક્ષીર -નીરની જેમ એકમેક થઈને રહેલા હોવાથી શરીરમાં મમત્વ ભાવ અને 'હું'પણાનો ભાવ = દેહાધ્યાસ જીવને અનાદિ કાળથી રહેલ છે. શરીર અને આત્માનો સંશ્લેષ આપણાથી કદાચ વર્તમાનમાં દૂર ન થઈ શકે, તો પણ તેવો દેહાધ્યાસ છોડવા માટે 'આ શરીર મારું છે' - આવી અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી ઉત્પન્ન થતી બુદ્ધિને તો હંસક્ષીરન્યાયથી આપણે જરૂર અટકાવવી જોઈએ. જેમ પાણી અને દૂધ એકમેક થયા હોવા છતાં હંસ પાણીને છોડી દૂધ પકડે છે, તેમ શરીર-આત્મા મિશ્રિત થયા હોવા છતાં આત્માર્થી સાધક શરીરમાં અહં-મમબુદ્ધિને છોડી આત્મામાં અહંબુદ્ધિને પકડે છે. બાકી અજ્ઞાનગ્રસ્તતા દુર્લભ બનતી નથી. તેથી જ તો **સમયસાર**માં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે "અજ્ઞાનથી મોહિતમતિવાળો જીવ 'આ (શરીરાદિ) પુદ્ગલ દ્રવ્ય મારું છે' - આમ બોલે છે." 'આ મુજબ જે અવિનાશી આત્માને દેહથી ભિન્નસ્વરૂપે જાણતો નથી, તે ઘોર તપશ્ચર્યા કરવા છતાં મોક્ષને મેળવતો નથી' - આવું **પૂજ્યપાદસ્વામી**એ **સમાધિતન્ત્ર**માં જે કહેલ છે, તે પણ અહીં યાદ કરવા યોગ્ય છે. અનિવાર્યપણે અને આવશ્યકપણે ક્વચિત્ 'આ મારું શરીર છે' - એવો વ્યવહાર કરવાના અવસરે પણ તથાવિધ આત્મજાગૃતિ ટકાવી રાખવી. તેનાથી **શ્રાવકપ્રજ્ઞપ્તિ**માં જણાવેલ શાશ્વતસુખમય ધ્રુવ મોક્ષ સુલભ થાય. (૮/૭)

---

• કો.(૯)+સિ.માં 'નયચક્રથી' પાઠ. • કો.(૧૩) + આ.(૧)માં 'દોય' પાઠ.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

**વિષયભેદ યદ્યપિ નહીં રે, ઈહાં અમ્હારઈ થૂલ;**⁑
**ઉલટી પરિભાષા ઈસી રે, ♦તો પણિ દાઝઈ મૂલ રે ॥૮/૮॥ (૧૧૬) પ્રાણી.**

**ઈહાં યદ્યપિ અમ્હારઈ** = શ્વેતાંબરનઈં, **થૂલ** કહતાં મોટો, **વિષયભેદ** કહતાં અર્થનો ફેર **નથી. તો પણિ મૂલ** કહતાં ☐પ્રથમથી, (**ઈસી** = આવી) **ઉલટી** = વિપરીત, **પરિભાષા** = શૈલી કરી, તે ✲દાઝઈ છઈ = ખેદ કરઈ છઈ. "**यद्यपि न भवति हानिः परकीयां चरति रासभे द्राक्षाम्। असमञ्जसं तु दृष्ट्वा, तथापि परिखिद्यते चेतः ।।**" (भ.सु.स.६७२, सु.र.भा.प्रक. ५/पृ.२४१, सू.मु.श्लो.१३७) **इति वचनात्** *ઇતિ ૧૧૬મી ગાથાનો અર્થ સંપૂર્ણ.* ॥૮/૮॥

પરામર્શઃ **नाऽस्ति बह्वर्थभिन्नत्वं यद्यप्यस्मत्तथापि हि।**
**मूलतः परिभाषाया वैपरीत्यं दुनोति नः।।८/८।।**

### ❀ દિગંબરમત સમાલોચના ❀

**શ્લોકાર્થ** :- જો કે અમારા કરતાં દિગંબરમતમાં બહુ મોટો અર્થભેદ નથી, તો પણ પહેલેથી જ પરિભાષામાં આવેલો વિપર્યાસ અમને ખિન્ન કરે છે. (૮/૮)

### ✻ દોષદર્શન કરાવવાનું તાત્પર્ય સમજીએ ✻

**આધ્યાત્મિક ઉપનય** :- બીજાના વિચારમાં, વાણીમાં કે વર્તનમાં કોઈક સ્ખલના કે અનૌચિત્ય જોવા મળે, ત્યારે સજ્જનના હૃદયમાં તેના પ્રત્યે તિરસ્કારના બદલે કરુણાબુદ્ધિ જન્મે છે. તથા આ કરુણાથી જ સજ્જનના મનમાં સંતાપ = ખેદ થાય છે. તેથી નિઃસ્વાર્થ કરુણાથી પ્રેરાઈને સજ્જન વ્યક્તિ સામેના માણસને સુધારવાના આશયથી તથા સૈદ્ધાન્તિક પરમાર્થોનો ઉચ્છેદ વગેરે કરનારી તેની ભૂલને સુધારવાના આશયથી યોગ્ય શબ્દોમાં યોગ્ય રીતે તેને તેની ભૂલ દેખાડે છે. **યોગશાસ્ત્ર**ના દ્વિતીય પ્રકાશની **વ્યાખ્યા**માં આંતરશ્લોકમાં **શ્રીહેમચન્દ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'ધર્મનો નાશ થાય, ક્રિયાનો લોપ થાય કે સાચા સિદ્ધાન્તોના પરમાર્થનો ઉચ્છેદ (કે આડખીલી) થાય તો તેનો નિષેધ કરવા માટે શક્તિશાળીએ વગર પૂછે પણ બોલવું જોઈએ.' આ શાસ્ત્રવચનને લક્ષમાં રાખીને સજ્જન સામેની વ્યક્તિને સામે ચાલીને પણ સમજાવવા માટે પ્રયત્ન કરે છે. તે માટે ક્વચિત્ કડવા-આકરા વેણ સજ્જન બોલે તો પણ દોષદર્શન કરાવવાની પાછળ સામેના માણસને ઉતારી પાડવાનો, બદનામ કરવાનો કે જાહેરમાં હલકા ચિતરવાનો ભાવ સજ્જનના હૃદયમાં હોતો નથી. તથા સામેનો માણસ પોતાની ભૂલને સુધારે તો તે જોઈને સજ્જનનું હૃદય આનંદવિભોર બને છે. આવી સજ્જનતાના બળથી '**જંબૂચરિયં**'માં **શ્રીગુણપાલે** કહેલ, સાદિ-અનંત ઉત્તમ નિરુપમસુખ = મોક્ષસુખ નજીક આવે. (૮/૮)

---

⁑ મ.માં 'થલ' અશુદ્ધ પાઠ. ♦ કો.(૫)માં 'તો ય' પાઠ. ☐ કો.(૧૩)માં 'પ્રથમની' પાઠ.
✲ દાઝ = દુઃખ, ગુસ્સો. આધારગ્રંથ- **પ્રેમપચીસી** વિશ્વનાથજાની રચિત. પ્રકા. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.
*....* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

તે *બોટિક*ની ઉલટી પરિભાષા દેખાડિઈં છઈ -

**☆તત્ત્વાર્થિ નય સાત છઈં જી, આદેશાંતર પંચ;**

**♦અંતર્ભાવિત ઉદ્ધરી રે, નવનો કિસ્યો એ પ્રપંચ રે ? ॥૮/૯॥ (૧૧૭) પ્રાણી.**

**તત્ત્વાર્થસૂત્રઈં ૭ નય** કહિયા છઈ. અનઈં **આદેશાંતર** કહતાં મતાંતર તેહથી **૫ નય** કહિયા છઈં. "**सप्त मूलनयाः, पञ्च – इत्यादेशान्तरम्**" એ સૂત્રઈં. સાંપ્રત, સમભિરૂઢ, એવંભૂત એ ત્રણ્યનઈં શબ્દ એક નામઈં સંગ્રહિઈં, તિવારઈં પ્રથમ ચાર સાથિ પાંચ ◆કહિઈં. **अत एव** ઈકેકના ૧૦૦ (શત) ભેદ હુઈ છઈં, તિહાં પણિ ૭૦૦ તથા ૫૦૦ ભેદ. ઈમ ૨ મત કહિયા છઈં. **यथोक्तम्** *आवश्यके* -

[1]"**इक्किक्को य सयविहो, सत्त सया णया हवंति एमेव।**

**अण्णो वि य आएसो, पंचेव सया णयाणं तु।।**" (आ.नि.७५९)

એહવી શાસ્ત્રરીતિ છોડી, **અંતર્ભાવિત** ●કહતાં સાતમાંહિ ભેલ્યા જે દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક તે **ઉદ્ધરી** = અલગા કાઢી, **નવ** નય કહિયા, **તે સ્યો પ્રપંચ ?** ચતુર મનુષ્ય વિચારી જોઓ. ॥૮/૯॥

परामर्शः

**तत्त्वार्थे हि नयाः सप्त मतान्तरेण पञ्च च।**

**अन्तर्भूतौ कुतो द्रव्य-पर्यायार्थौ पृथक्कृतौ ?।।८/९।।**

**શ્લોકાર્થ** :- તત્ત્વાર્થસૂત્રમાં સાત નય કહેલા છે અને મતાંતરથી પાંચ નય કહેલા છે. તેમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયનો સમાવેશ થઈ જાય છે. તો શા માટે તે બન્નેને (દેવસેને) અલગ કર્યા ? (૮/૯)

**❈ ખફા થવાના બદલે ખેદને વ્યક્ત કરીએ ❈**

**આધ્યાત્મિક ઉપનય** :- "નૈગમ વગેરે સાત નયમાં દ્રવ્યાર્થિકનયનો અને પર્યાયાર્થિકનયનો સમાવેશ થઈ જવાથી તે બન્ને નયને અલગ કરીને નવ નયનું નિરૂપણ કરવું વ્યાજબી જણાતું નથી" - આવું પોતાનું તાત્પર્ય ગ્રંથકારશ્રીએ જે શબ્દમાં રજૂ કરેલ છે, તેનાથી એક એવો બોધપાઠ આપણે શીખવા જેવો છે કે કોઈ પણ વ્યક્તિની વાત આપણને કોઈ પણ કારણસર ગમતી ન હોય, મંજૂર ન હોય, તે વાતનો સ્વીકાર કરવો વ્યાજબી જણાતો ન હોય તો પણ તે વ્યક્તિની સામે આપણા શબ્દો પથ્થર જેવા ભારેખમ ન હોવા જોઈએ પરંતુ હળવાફૂલ હોવા જોઈએ. આપણા શબ્દો સામેની વ્યક્તિ પ્રત્યે નારાજગી વ્યક્ત કરવાને બદલે દિલગીરી વ્યક્ત કરે તેવા જોઈએ, ખફા થવાને બદલે ખેદ વ્યક્ત કરે તેવા જોઈએ. ટૂંકમાં તાત્પર્ય એ છે કે અધિકારની ભાષામાં બોલવાને બદલે પ્રેમ-લાગણી-વાત્સલ્યની ભાષાનો, તેવા સમયે પણ, પ્રયોગ કરવો. તેના લીધે મહામુનિ **યોગસાર**માં દર્શાવેલ, સર્વ ક્લેશોથી રહિત પરમ પદને પ્રાપ્ત કરે છે. (૮/૯)

☆ મ.માં '**तत्त्वारथि**' પાઠ. અહીં કો.(૨)નો પાઠ લીધો છે. ♦ પુસ્તકોમાં 'અંતરભાવિ...' પાઠ. કો.(૧૩) + આ.(૧)માં પાઠ લીધો છે. ◆ શાં.માં 'કહિઈં' પાઠ નથી. લી.(૧+૨+૪)નો પાઠ લીધો છે. 1. एकैकश्च शतविधः सप्त शतानि नया भवन्ति एवमेव। अन्योऽपि चादेशः पञ्चैव शतानि नयानां तु।। ● પુસ્તકોમાં 'કહતાં' નથી. કો.(૯)+સિ.માં છે.

**પજ્જયત્થ દ્રવ્યારથો રે, જો તુમ્હે અલગા દિટ્ઠ;**

**¤અપ્પિયઅણપ્પિય ભેદથી રે, કિમ ઇગ્યાર ન ઇટ્ઠ રે ॥૮/૧૦॥ (૧૧૮) પ્રાણી.**

ઈમઈ કરતાં **પર્યાયાર્થ, દ્રવ્યાર્થ** નય જો તુમ્હે અલગા દીઠા, અનઈ *ઈમ એ* ૯ નય કહિયા. તો **અર્પિત, અનર્પિત** એહ ૨ નય (ભેદથી=) અલગા કરી નઈં, ઈમ **૧૧♦** નય✡ કિમ ન (ઇટ્ઠ=) વાંછ્યા? ***इति भावार्थः।**

इति ૧૧૮મી ગાથાનો અર્થ સંપૂર્ણ.* ॥૮/૧૦॥

**द्रव्यार्थ-पर्ययार्थौ चेत् तत्र दृष्टौ पृथक् त्वया।**
**अर्पिताऽनर्पितौ कस्माद् नेष्येते हि पृथक् त्वया ?॥८/१०॥**

**❁ દેવસેનમત દોષગ્રસ્ત ❁**

**શ્લોકાર્થ** :- જો નયચક્ર ગ્રંથમાં દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય તમે જુદા જુદા જોયેલા હોય તો શા માટે તમે (=દિગંબર દેવસેનજી) અર્પિત અને અનર્પિત નયને જુદા નથી માનતા ? (૮/૧૦)

**✽ પ્રમાણથી દૂર ન જઈએ ✽**

**આધ્યાત્મિક ઉપનય** :- પ્રમાણદૃષ્ટ અનન્તધર્માત્મક વસ્તુમાં અલગ અલગ ગુણધર્મોનો નિર્ણય નયના માધ્યમથી થાય છે. મતલબ કે નયનો ઉપયોગ પ્રમાણની નજીક જવા માટે, અભિમુખ થવા માટે છે. તેથી નયોનો વિભાગ એવો ન હોવો જોઈએ કે જેના લીધે પ્રમાણની નજીક જવાના બદલે વસ્તુસ્વરૂપના નિર્ણયના માર્ગમાં ગૂંચવણ ઉભી થાય. આ પ્રમાણે અહીં ગ્રંથકારશ્રીનું તાત્પર્ય છે. તેનાથી આધ્યાત્મિક બોધપાઠ એટલો લેવા જેવો છે કે કોઈ પણ આચાર-વિચાર કે ઉચ્ચારના પ્રારંભપૂર્વે આપણને એટલું તો સ્પષ્ટ ખ્યાલમાં હોવું જ જોઈએ કે આના દ્વારા આપણે શું કરવા માંગીએ છીએ ? આનું પરિણામ શું આવવાનું છે ? થોડોક લાભ મેળવવા જતાં વધુ નુકસાન તો નથી થવાનું ને ? આપણે જે મેળવવા માંગીએ છીએ તેનો આ યોગ્ય ઉપાય છે કે કેમ ? આનાથી વધુ સારો ઉપાય શું શક્ય છે ખરો? વધુ સારા ઉપાયને અજમાવવામાં વર્તમાનના સંયોગો સાધક છે કે બાધક છે ?... ઈત્યાદિ બાબતોનો વિચાર કરીને જ કોઈ પણ કાર્ય શરૂ કરવું જોઈએ, જેથી પાછળથી પસ્તાવાનો વારો ન આવે. તેવા પ્રકારની સમજણના સામર્થ્યથી મહામુનિ **તત્ત્વાર્થસૂત્રહારિભદ્રીવૃત્તિ**માં વર્ણવેલ (૧) અવ્યાબાધસુખ સ્વરૂપ, (૨) અનંત, (૩) અનુપમ, (૪) પરમાર્થ સ્વરૂપ મોક્ષને ઝડપથી મેળવે છે. (૮/૧૦)

¤ મ.માં 'અપ્પિયણપ્પિય' પાઠ. B(૨)નો પાઠ લીધેલ છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

♦ કો.(૯)માં 'એકાદશ' પાઠ.

✡ કો.(૧૩)માં 'નયમાંહિ અર્પિત' પાઠ.

**સંગ્રહ-વ્યવહારાદિકઈં રે, જો તુમ્હે ભેલો તેહ;**
**આદિ અંત નયથોકમાં જી, કિમ નવિ ભેલો એહ રે ॥૮/૧૧॥ (૧૧૯) પ્રાણી.**

હિવઇં, (જો તુમ્હે) ઈમ કહસ્યો જે "**अर्पितानर्पितसिद्धेः (त.सू.५/१३)**" ઈત્યાદિક ***તત્ત્વાર્થસૂત્રા***દિકમાંહિ, જે અર્પિત-અનર્પિતનય કહિયા છઈ; તે અર્પિત કહતાં વિશેષ કહિયઇં, અનર્પિત કહતાં સામાન્ય કહિઈં.

અનર્પિત **સંગ્રહમાંહિ** ♦ભિલઇં, અર્પિત **વ્યવહારાદિક** વિશેષનયમાંહિ **ભિલઇ**, તો **આદિ અંત** કહેતાં ✡પહિલા પાછિલા ❐**નયથોકમાંજી** = નયના થોકડાંમાંહિ **એહ** બે દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક નય **કિમ નથી ભેલતાં** ? જિમ ⁑સાત જ મૂલનય કહવાઇ છઇ, તે ♦શૈલી સુબદ્ધ● રહઈ. ॥૮/૧૧॥

परामर्शः **सङ्ग्रहे व्यवहारे चैतावन्तर्भावितौ यदि।**
**आद्यन्तनयवृन्दे न, तावन्तर्भावितौ कुतः?॥८/११॥**

**❈ દેવસેનમત સમીક્ષા ❈**

**શ્લોકાર્થ** :- જો સંગ્રહ અને વ્યવહાર નયમાં અર્પિત અને અનર્પિત નયનો અંતર્ભાવ કરતા હો તો પ્રાથમિક નયસમૂહમાં દ્રવ્યાર્થિકનો અને પાછલા નયસમૂહમાં પર્યાયાર્થિકનો અંતર્ભાવ કેમ નથી કરતા ? (૮/૧૧)

**❈ આગમિક પરંપરાનો લોપ ન કરીએ ❈**

**આધ્યાત્મિક ઉપનય** :- એક વાર આપણા દ્વારા અમુક બાબતનું પ્રતિપાદન થઈ જાય ત્યારે તેના સમર્થન માટે આપણે તેવી યુક્તિ કે દલીલ દર્શાવવી ન જોઈએ કે જેથી પ્રસિદ્ધ આગમપરંપરાનો લોપ થઈ જાય. આપણા પક્ષે થયેલી ભૂલને સમજીને સુધારી લેવી જોઈએ. માત્ર કદાગ્રહથી પ્રેરિત થઈને આપણા આગમનિરપેક્ષ કથનનું સમર્થન કરવા જતાં આભિનિવેશિક મિથ્યાત્વનો વળગાડ થવાથી અત્યંત દીર્ઘ કાળ સુધી દારુણ ભવાટવીભ્રમણ કરવાનું દુર્ભાગ્ય ઊભું થઈ જતાં વાર લાગતી નથી. કદાગ્રહ -કુતર્કાદિને છોડવાથી **બૃહદ્નયચક્ર**માં **માઈલ્લધવલજી**એ દેખાડેલ પરમસુખમય મોક્ષને મહામુનિ મેળવે છે. (૮/૧૧)

♦ સિ.+કો.(૯)માં 'ભલે' પાઠ.
✡ પુસ્તકોમાં 'પાહિલા' પાઠ. આ.(૧)+સિ.+કો.(૯)નો પાઠ લીધો છે.
❐ પુસ્તકોમાં 'નયથોકમાંજી' પદ નથી. ફક્ત કો.(૧૩)માં છે.
⁑ લી.(૩) + P(૨)માં 'ચાર' પાઠ.
♦ પુસ્તકોમાં 'વચન' પાઠ. લી.(૪) + આ.(૧) + કો.(૯) + સિ. + પા૦ હસ્તપ્રતમાં 'શૈલી' શબ્દ છે. મુદ્રિત પુસ્તકાદિમાં નથી.
● કો.(૧૩) + આ.(૧)માં 'સુવિધ' પાઠ.

૭ નય મધ્યે દ્રવ્યાર્થિકનય પર્યાયાર્થિક❖નય ✻ભલ્યાની આચાર્યમતઇ પ્રક્રિયા દેખાડઈ છઈ

**"પજ્જવનય ★તિય અંતિમા રે, પ્રથમ દ્રવ્યનય ચ્યાર;"**

**જિનભદ્રાદિક ભાખિઆ રે, મહાભાષ્ય સુવિચાર રે ॥૮/૧૨॥ (૧૨૦) પ્રાણી.**

**અંતિમા** કહતાં છેહલા, જે ૩ ભેદ❒ શબ્દ, સમભિરૂઢ, એવંભૂતનય રૂપ, તે **પર્યાયનય** કહિઇં. **પ્રથમ** (**ચ્યાર**=) ૪ નય નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્રલક્ષણ, તે **દ્રવ્યાર્થિકનય** કહિઇં. ઈમ **જિનભદ્રગણિ**- ક્ષમાશ્રમણ પ્રમુખ સિદ્ધાંતવાદી આચાર્ય (**ભાખિઆ**=) કહઇ છઈ. **મહાભાષ્ય** કહતાં ***વિશેષાવશ્યક***, તેહ મધ્યે ▸*જિનભદ્રગણિક્ષમાશ્રમણ*◂ (સુવિચાર) નિર્ધારઇં. ॥૮/૧૨॥

**पर्यायार्थनया अन्त्यास्त्रयो द्रव्यनयाः खलु।**

**चत्वार आदिमा उक्ता विशेषावश्यके स्फुटम्॥८/१२॥**

**❋ દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનો સાત નયમાં અંતર્ભાવ ❋**

**શ્લોકાર્થ** :- પાછલા ત્રણ નયો પર્યાયાર્થિકનય છે. તથા પ્રાથમિક ચાર નયો ચોક્કસ દ્રવ્યાર્થિક છે. આ પ્રમાણે **વિશેષાવશ્યકભાષ્યમાં** સ્પષ્ટપણે જણાવેલ છે. (૮/૧૨)

**❋ આંધળા તર્કથી આગમદૃષ્ટિનો પરાભવ ન થાય ❋**

**આધ્યાત્મિક ઉપનય** :- (यथा.) આડેધડ તર્ક વગેરે દ્વારા આર્ષપુરુષોના વચનનું ઉલ્લંઘન મોટા નુકસાનને કરે છે. તેથી જ **ભર્તૃહરિએ વાક્યપદીયમાં** જણાવેલ છે કે 'અનુભવ ન કરી શકાય તેવા અતીન્દ્રિય ભાવોને જે મહર્ષિઓ આર્ષ ચક્ષુથી = દિવ્યદૃષ્ટિથી જુએ છે, તેઓનું વચન અનુમાનથી બાધિત થતું નથી. હાથથી સ્પર્શ કરીને વિષમ (= ખાડા-ટેકરાવાળા) માર્ગમાં દોડતા આંધળા માણસનું પતન જેમ સુલભ છે, તેમ અનુમાનપ્રધાન = તર્કપ્રધાન માણસ વિષમ અધ્યાત્મમાર્ગમાં દોટ મૂકે તો તેનું પતન દુર્લભ નથી.' માટે નયવિભાગમાં આગમમાર્ગનું ઉલ્લંઘન દેવસેન માટે નુકસાનકારક થશે.

**❋ વ્યર્થ વિસ્તાર ટાળીએ ❋**

"દ્રવ્યાર્થિકનયનો નૈગમ આદિ ચાર નયમાં તથા પર્યાયાર્થિકનયનો શબ્દાદિ ત્રણ નયમાં સમાવેશ થવાથી તે બન્ને નયને મૂળનયના વિભાગમાં દર્શાવી મૂળનયના વિભાગનો વ્યર્થ વિસ્તાર જરૂરી નથી" - આ તાત્પર્ય જાણીને આપણે કોઈ પણ પ્રમેય કે પ્રમાણ વગેરે બાબતનો વ્યર્થ વિસ્તાર કરી શ્રોતાને મૂંઝવવાનો પ્રયત્ન ન કરવો. તથા પુનરુક્તિ દ્વારા પિષ્ટપેષણ જેવું કરીને શ્રોતાને કંટાળો જન્મે તેવું પણ ન કરવું. પરંતુ પરિમિત, પથ્ય અને પવિત્ર શબ્દનો પ્રયોગ કરવો. તેનાથી **બ્રહ્મસિદ્ધાન્તસમુચ્ચયમાં** વર્ણવેલ, ચૌદ મહા રાજલોકના મસ્તકના ભાગમાં રહેલ મુક્તિપદના સ્વામિત્વસ્વરૂપ સદાશિવપદ = સિદ્ધપદ સુલભ થાય. (૮/૧૨)

❖ પુસ્તકોમાં 'નય' પદ નથી. સિ.+આ.(૧)+કો.(૭+૯+૧૩)માં છે. ✻ કો.(૯)માં 'ભેલ્યાથી' પાઠ.

★ પુસ્તકોમાં 'તિઅ' પાઠ. અહીં કો.(૯)+સિ.નો પાઠ લીધો છે. ❒ આ.(૧)માં 'ભેદ'ના બદલે 'નય' પાઠ.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૨)માં છે.

**સિદ્ધસેન પ્રમુખ ઈમ કહઈ રે, પ્રથમ દ્રવ્યનય તીન;**
**તસ ઋજુસૂત્ર ન સંભવઈ રે, દ્રવ્યાવશ્યક લીન રે ॥૮/૧૩॥ (૧૨૧) પ્રાણી.**

હિવઈ **સિદ્ધસેનદિવાકર**, ***મલ્લવાદી*** **પ્રમુખ** ***તર્કવાદી*** આચાર્ય **ઈમ કહઈ** છઇ, જે **પ્રથમ** (**તીન**=) ૩ નય - (૧) નૈગમ, (૨) સંગ્રહ, (૩) વ્યવહાર લક્ષણ, તે **દ્રવ્યનય**♦ કહિયઇં. (૧) ઋજુસૂત્ર, (૨) શબ્દ, (૩) સમભિરૂઢ, (૪) એવંભૂત - એ ૪ નય પર્યાયાર્થિક કહિયઇં.

**द्रव्यार्थिकमते** – "सर्वे पर्यायाः खलु कल्पिताः ।
■सत्यं तेष्वन्वयि द्रव्यं कुण्डलादिषु हेमवत् ।।" (   )

**पर्यायार्थमते** – "द्रव्यं पर्यायेभ्योऽस्ति नो पृथक् ।
यत्तैरर्थक्रिया दृष्टा नित्यं कुत्रोपयुज्यते ?।।" ( )

इति द्रव्यार्थ-पर्यायार्थनयलक्षणाद् अतीतानागतपर्यायप्रतिक्षेपी ऋजुसूत्रः शुद्धमर्थपर्यायं मन्यमानः कथं द्रव्यार्थिकः स्याद् ? इत्येतेषामाशयः।

(**તસ**=) તે આચાર્યનઈં મતઈં **ઋજુસૂત્રનય દ્રવ્યાવશ્યકનઈં** વિષઈં **લીન ન સંભવઈ.**

तथा च – [1]"उज्जुसुअस्स एगो♯ अणुवउत्तो आगमओ एगं दव्वावस्सयं, पुहत्तं णेच्छइ" (अनु.सू.१५) इति *अनुयोगद्वारसूत्र*विरोधः।

(૧) વર્તમાનપર્યાયાધાર✡રૂપ દ્રવ્યાંશ, (૨) પૂર્વાપરપરિણામસાધારણઊર્ધ્વતાસામાન્ય દ્રવ્યાંશ, (૩) સાદશ્યાસ્તિત્વરૂપ-તિર્યક્સામાન્ય દ્રવ્યાંશ - એહમાં એકઈં પર્યાયનય♦ ન* માનઈં, તો ઋજુસૂત્ર પર્યાયનય કહેતાં, એ સૂત્ર કિમ મિલઈ ?

તે માટઈં "***ક્ષણિકદ્રવ્યવાદી*** સૂક્ષ્મ ઋજુસૂત્ર, તત્તદ્વર્ત્તમાનપર્યાયાપન્નદ્રવ્યવાદી સ્થૂલ ઋજુસૂત્ર ❖દ્રવ્યનય કહવો" - ઈમ સિદ્ધાન્તવાદી કહઈ છઇં.

"अनुपयोगद्रव्यांशमेव सूत्रपरिभाषितमादायोक्तसूत्रं तार्किकमतेनोपपादनीयम् इत्यस्मदेकपरिशीलितः पन्थाः" ॥८/१३॥

---

♦ મો.(૧)માં 'દ્રવ્યાર્થનય' પાઠ.

■ 'सत्यं' પદ પુસ્તકાદિમાં નથી. કો.(૯+૧૨+૧૩)+સિ.+પા૦ માં છે. પ.માં '(तेषु) तेष्व...' પાઠ છે. આ.(૧)માં 'तेष्वन्यदपि द्रव्यं' પાઠ.

1. ऋजुसूत्रस्यैकोऽनुपयुक्त एकं द्रव्यावश्यकम्, पृथक्त्वं नेच्छति।

♯ મુદ્રિત રાસ + હસ્તપ્રતોમાં 'एगे अणुवउत्ते एगं' પાઠ.

✡ મુદ્રિત પુસ્તકમાં '..ધારાંશદ્ર..' પાઠ છે. કો.(૧૨+૧૩)+પા. પ્રત મુજબ પાઠ અહીં લીધેલ છે.

♦ શાં.માં 'પર્યાયનતિર્યક્' અશુદ્ધ પાઠ.

* લી.(૩)માં 'ન' નથી.

❖ કો.(૧૨+૧૩) + લા.(૨)માં 'દ્રવ્યનય' પાઠ. પુસ્તકોમાં 'નય' પાઠ.

પરામર્શઃ

**सिद्धसेनादिसिद्धान्ते द्रव्यनयास्त्रयः पुनः।**
**न, द्रव्यावश्यकोच्छेदाद्, ऋजुसूत्रस्य तन्मते।।८/१३।।**

### ❀ તાર્કિકમત મીમાંસા ❀

**શ્લોકાર્થ** :- સિદ્ધસેન દિવાકરસૂરિ વગેરેના સિદ્ધાંત મુજબ પ્રથમ ત્રણ નય દ્રવ્યાર્થિકનય છે. પણ આ વાત બરાબર નથી. કારણ કે તેમના મતે ઋજુસૂત્રનયમાં (અનુપયોગવાળી ધાર્મિક ક્રિયા સ્વરૂપ) દ્રવ્યઆવશ્યકનો ઉચ્છેદ થવાની આપત્તિ આવશે. (૮/૧૩)

### ❀ ભાવ અનુષ્ઠાનના સાત પ્રાણને સમજીએ ❀

**આધ્યાત્મિક ઉપનય** :- 'અનુપયોગવાળી ધાર્મિક ક્રિયા દ્રવ્યઅનુષ્ઠાન છે' - આવું જાણીને આપણી પ્રત્યેક ક્રિયા (૧) 'આ અનુષ્ઠાનથી કર્મનિર્જરા થશે જ' - તેવી **શ્રદ્ધા**, (૨) 'આ અનુષ્ઠાન દ્વારા મારે ફક્ત આત્મવિશુદ્ધિ જ પ્રાપ્ત કરવી છે' - તેવી **આશયશુદ્ધિ**, (૩) 'અનંતા તીર્થંકર ભગવંતોની નિસ્વાર્થ કરુણાથી આ મોક્ષમાર્ગને આરાધવાની મને સુંદર તક સાંપડેલી છે' - આવો **અહોભાવ**, (૪) 'વિધિ, જયણા અને સૂત્ર-અર્થ-આલંબનમાં ઉપયોગપૂર્વક મારે તન્મયતા સાથે આરાધના કરવી છે' - આવી **જાગૃતિ, (૫) સંવેગ, (૬) નિર્વેદ** અને **(૭) અસંગભાવ** - આ સાત ભાવોથી યુક્ત હોવી જોઈએ. આમ આ સાત ભાવોને પ્રત્યેક અનુષ્ઠાનમાં વણીને આપણા તમામ અનુષ્ઠાનોને ભાવ અનુષ્ઠાનરૂપે પરિણમાવવા આપણે તત્પર રહેવું જોઈએ.

### ❀ સિદ્ધિસુખને સમજીને અનુભવીએ ❀

તેનાથી **છઠ્ઠા કર્મગ્રંથ**માં દર્શાવેલ સિદ્ધિસુખ ખૂબ જ નજીક આવે છે. છઠ્ઠા કર્મગ્રંથનું નામ **સપ્તતિકાપ્રકરણ** છે. ત્યાં શ્રી**ચન્દ્રર્ષિમહત્તરે** જણાવેલ છે કે 'કર્મક્ષય થયા બાદ (૧) એકાન્તે પવિત્ર, (૨) સંપૂર્ણ, (૩) જગતમાં શ્રેષ્ઠ, (૪) રોગરહિત, (૫) નિરુપમ, (૬) સ્વભાવભૂત, (૭) અનન્ત, (૮) અવ્યાબાધ, (૯) રત્નત્રયના સારભૂત એવા સિદ્ધિસુખને જીવો અનુભવે છે.' (૮/૧૩)

**ઈમ અંતર્ભાવિતતણો રે, કિમ અલગો ઉપદેશ;**
**પાંચ થકી જિમ સાતમાં♦ રે, વિષયભેદ નહીં લેશ રે ॥૮/૧૪॥ (૧૨૨) પ્રાણી.**

**ઈમ અંતર્ભાવિત** કહતાં ૭ માંહિ ભેલ્યા, જે દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક; (**તણો**=) તેહનો **અલગો ઉપદેશ કિમ** કરિઓ ?

જો ઈમ કહસ્યો "મતાંતરઈ **૫** નય કહિઇં છઈ, તેહમાં ૨ નય ભલ્યા; (**થકી**) તેહનો ૭ નય ✡કહતાં **જિમ** ♦અલગો ઉપદેશ છઇં, તિમ અમ્હારઈ દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિકનો અલગો ઉપદેશ હુસ્યઈ" - તો શબ્દ, સમભિરૂઢ, એવંભૂત નય● જિમ વિષયભેદ છઇ, તિમ દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનો ૭ નયથી ભિન્ન વિષય દેખાડો.

૩ નયનઇં એક સંજ્ઞાઈ સંગ્રહી ૫ નય કહિયા છઇં, પણિ બિં⧖ વિષય ભિન્ન છઈ❒. ઈહાં **વિષય** (**ભેદ**=) ભિન્ન **નથી** (**લેશ**).

જે દ્રવ્યાર્થિકના ૧૦ ભેદ દેખાડ્યા, તે સર્વ શુદ્ધાશુદ્ધ સંગ્રહાદિકમાંહિં આવઈ.

જે ૬ ભેદ પર્યાયાર્થિકના દેખાડ્યા, તે સર્વ ઉપચરિતાનુપચરિતવ્યવહાર, શુદ્ધાશુદ્ધ ઋજુસૂત્રાદિકમાંહિં આવઇં.

"**गो-बलिवर्द**" ન્યાયઇં વિષયભેદઇં ભિન્ન નય કહિયઇં, તો "**स्यादस्त्येव, स्यान्नास्त्येव**" ઈત્યાદિ સપ્તભંગી મધ્યે કોટિ પ્રકારઈ અર્પિતાનર્પિત સત્ત્વાસત્ત્વગ્રાહક ▸નય ભિન્ન ભિન્ન કરતાં ■સપ્તમૂલ◂ નય પ્રક્રિયા ભાંજઈ.

એ પંડિતઇં વિચારવું. *ઇતિ ૧૨૨મી ગાથાનો અર્થ સંપૂર્ણ.* ॥૮/૧૪॥

---

**अन्तर्भावितयोरेवं कस्मादुक्तिः पृथक् कृता ? ।**
**पञ्चभ्यः सप्तवन्नैव भेदलेशोऽपि वर्तते ।।८/१४।।**

---

♦ કો.(૪)માં 'સાતનો' પાઠ.
✡ પુસ્તકમાં 'કરતાં' પાઠ છે. કો.(૧૨)+પા. પ્રતનો પાઠ અહીં લીધો છે.
♦ સિ.માં 'અલગો' પદ નથી.
● પુસ્તકોમાં 'નઈ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.
⧖ ફક્ત લી.(૪)માં 'બિં' પાઠ છે.
❒ કો.(૧૩)માં 'છઈ નહી' પાઠ.
▸...◂ ચિહ્નદ્વયગત પાઠ પુસ્તકોમાં નથી. લી.(૨+૩+૪) + આ.(૧) + કો.(૭+૯+૧૩) + સિ. + પા૦ પ્રતમાંથી લીધેલ છે.
■ (૨+૩+૪)માં 'સપ્તમૂલ' પાઠ છે.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

## ❋ સાત નયથી દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક ભિન્ન નથી ❋

**શ્લોકાર્થ** :- આ રીતે અન્તર્ભાવ પામનાર દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયનું પૃથક્ કથન શા માટે કરેલ છે ? પાંચ નયો કરતાં સાત નયોમાં જેમ ભેદ રહેલો છે, તેમ સાત નયો કરતાં તો નવ નયોમાં લેશ પણ ભેદ રહેલો નથી. (૮/૧૪)

## ✡ દેશનાપદ્ધતિ અંગે કાંઈક સૂચન ✡

**આધ્યાત્મિક ઉપનય** :- આગમ અનુસારે તત્ત્વની વિચારણા કરવા ઉપર અહીં ભાર અપાયેલ છે. તથા જે પદાર્થનું પ્રસિદ્ધ આગમિક પરંપરા કરતાં જુદી પ્રણાલિકાથી નિરૂપણ કરવામાં કશી મહત્ત્વપૂર્ણ વિશેષતા ન હોય તો તેવા સ્થળે પૂર્વાચાર્યોની પ્રસિદ્ધ પ્રણાલિકાને અનુસરીને જ પદાર્થનું નિરૂપણ કરવું વ્યાજબી છે. આવું કરવામાં જ આપણી શાસ્ત્રનિષ્ઠા જળવાય છે અને આપણી દેશનાપદ્ધતિ પણ શ્રોતાને વ્યામોહજનક બનતી નથી. આ બાબતને દરેક આત્માર્થી વિચારકોએ અને ઉપદેશકોએ પોતાના ચિત્તમાં સારી રીતે ધ્યાનમાં રાખવી.

## ❋ સિદ્ધસ્વરૂપની નિકટ પહોંચીએ ❋

તેવી શાસ્ત્રનિષ્ઠાગર્ભિત ધર્મદેશનાથી **જૈનતત્ત્વસાર** ગ્રંથમાં જણાવેલ સિદ્ધસુખ ખૂબ નજીક આવે છે. ત્યાં મહોપાધ્યાય શ્રી**સુરચન્દ્રગણી**એ સિદ્ધ ભગવંતના સુખમય સ્વરૂપને દર્શાવતા કહેલ છે કે 'સિદ્ધાત્માઓ (૧) નિરંજન, (૨) નિષ્ક્રિય, (૩) સ્પૃહાશૂન્ય, (૪) સ્પર્ધારહિત, (૫) બંધન-સંધિવર્જિત, (૬) તાત્ત્વિક કેવલજ્ઞાનાત્મક નિધાનથી સુંદર તથા (૭) નિરંતર આનંદરૂપી અમૃતરસથી યુક્ત હોય છે.' (૮/૧૪)

"જો વિષયભેદઈ નયભેદ કહસ્યો, તો સામાન્યનૈગમ સંગ્રહમાંહિ, વિશેષનૈગમ વ્યવહારનયમાં ભેલતાં ૬ જ નય થઈ જાસ્યઇં." એહવી શિષ્યની ♦આશંકા ટાલવાનઇં અર્થિ કહેઈ છઈ -

**સંગ્રહ□ નઈ વ્યવહારથી રે, નૈગમ કિહાંઇક ભિન્ન;**

**♦તિણ તે અલગો ✡તેહથી રે, એ તો દોઈ અભિન્ન રે ॥૮/૧૫॥ (૧૨૩) પ્રાણી.**

યદ્યપિ **સંગ્રહનય-વ્યવહારનય**માંહિં જ સામાન્ય-વિશેષ ❈ચર્ચાઈ **નૈગમનય** ꘡ભલઇ છઈ, તો હિ પણિ **કિહાંઇક** પ્રદેશાદિ દૃષ્ટાંત સ્થાનઈં (**તેહથી**) **ભિન્ન** થાઈ છઇ.

उक्तं च - [1]**छण्हं तह पंचण्हं, पंचविहो तह य होइ भयणिज्जो ।**

**तम्मि य सो य पएसो, सो चेव ण चेव सत्तण्हं ।।** (   ) इत्यादि।

(**તિણ**=) તે માટઈ કિહાંઇક ભિન્ન વિષયપણાથી (**તે**=) નૈગમનય (**તેહથી**) ભિન્ન (=**અલગો**) કહિઓ.

**એ તો** (**દોઈ**=) ૨ નય દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક નૈગમાદિક નયથી **અભિન્ન**વિષય છઈ, તો તે અલગા કરિનઈં નવ ભેદ નયના કિમ કહિઈં ? **इति** ૧૨૩મી ગાથાર્થ ॥૮/૧૫॥

**सङ्ग्रह-व्यवहाराभ्यां नैगमो भिद्यते क्वचित्।**

**ततस्ताभ्यां विभिन्नः सोऽविभिन्नविषयाविमौ।।८/१५।।**

**શ્લોકાર્થ** :- સંગ્રહ અને વ્યવહાર નય કરતાં નૈગમનય ક્યાંક જુદો પડે છે. તેથી સંગ્રહ-વ્યવહાર કરતાં નૈગમ જુદો છે. પરંતુ દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક નયનો વિષય તો નૈગમાદિ સાત નયો કરતાં જુદો નથી. (તેથી નવનયવિભાગ યોગ્ય નથી.) (૮/૧૫)

### ❀ નિજઅકલ્યાણ કરીને પરકલ્યાણ કર્તવ્ય નથી ❀

**આધ્યાત્મિક ઉપનય** :- 'સંગ્રહાદિ કરતાં નૈગમનો વિષય ક્યાંક જુદો હોવાથી તેને સંગ્રહાદિ કરતાં જુદો બતાવવો વ્યાજબી છે પણ નૈગમાદિ સાત નય કરતાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયનો વિષય જુદો ન હોવાથી તે બન્નેને અલગ દર્શાવી નવવિધ નયવિભાગ દર્શાવવો વ્યાજબી નથી' - આ પ્રમાણે ગ્રંથકારશ્રીનું તાત્પર્ય એવો આધ્યાત્મિક બોધ આપે છે કે :-

♦ પુસ્તકોમાં 'શંકા' પાઠ. કો.(૧૨+૧૩)નો પાઠ લીધો છે.

□ મો.(૨)માં 'સંગ્રહથી ને' પાઠ.

♦ કો.(૯)માં 'તેણિ' પાઠ.

✡ આ.(૧)માં 'દોયથી' પાઠ.

❈ મો.(૨)માં 'ચર્ચાઈ'ના બદલે 'પર્યાય' પાઠ.

꘡ લી.(૧)માં 'ટલઈ' પાઠ.

1. षण्णां तथा पञ्चानां पञ्चविधः तथा च भवति भजनीयः। तस्मिन् च सः च प्रदेशः, सः चैव न चैव सप्तानाम्।।

(૧) પોતાની મતિકલ્પનાથી આગમનિરપેક્ષ રીતે તત્ત્વની પ્રરૂપણા આપણે કરવી ન જોઈએ.

(૨) કોઈ આગમબાહ્ય પ્રરૂપણા કરે તો, તેના પ્રત્યે દ્વેષભાવ રાખ્યા વિના, આગમના આધારે તે વ્યક્તિને પ્રેમથી સમજાવવાનો આપણે પ્રામાણિક પ્રયત્ન કરવો જોઈએ, જેથી બીજા લોકોને વ્યામોહ ન થાય.

(૩) સામેની વ્યક્તિને સમજાવવામાં સફળતા મળી જાય તો અભિમાનથી છકી જવું ન જોઈએ.

(૪) તે ન સમજે તો "માર્ગ ભૂલેલા જીવનપથિકને માર્ગ ચિંધવા ઉભો રહું, કરે ઉપેક્ષા એ મારગની તો યે સમતા ચિત્ત ધરું" - આવી મધ્યસ્થ ભાવનામાં આપણે સ્થિર થવું.

(૫) પરંતુ તેના પ્રત્યે ધિક્કાર-તિરસ્કારભાવ આપણામાં પ્રગટવો ન જોઈએ. સ્વનું બગાડીને બીજાને સુધારવા જવામાં લાભ કરતાં નુકસાન વધુ છે. આ જાગૃતિ આત્માર્થીએ ખાસ રાખવી.

### સિદ્ધસુખનો મહિમા પ્રગટાવીએ

તેવી જાગૃતિના લીધે **ધર્મસંગ્રહણિ**માં વર્ણવેલ નિરુપમ સિદ્ધસુખ અત્યંત નજીક આવે. ત્યાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ દર્શાવેલ છે કે 'ખરેખર ત્રણેય ભુવનમાં સિદ્ધસુખ સમાન બીજી કોઈ ચીજ નથી. આમ યોગ્ય ઉપમા ન હોવાથી સર્વજ્ઞ પણ સિદ્ધસુખને પૂરેપૂરું કહેવાને સમર્થ નથી.' (૮/૧૫)



**ઈમ કરતાં એ પામીઈ રે, સર્વ વિભક્ત[ꕥ] વિભાગ;**
**જીવાદિક પરિ કો નહીં રે, ઈહાં પ્રયોજન લાગ રે ॥૮/૧૬॥ (૧૨૪) પ્રાણી.**

**ઈમ કરતાં** = *કહતાં ઈમ કરતા થકાં* ૯[❒] નય દેખાડતાં, ***પામીઈ** છઈ (**સર્વ**) સઘલા* **વિભક્ત**નો **વિભાગ** થાઈ = વહિંચ્યાનું વહિંચવું થાઈ, *પિણ **જીવાજીવાદિકની પરે** (**ઈહાં**) **કોઈ** વિભાગ (**પ્રયોજન લાગ** = લાગે) **નહિ.*** તિવારઈ- "**जीवा द्विधा - संसारिणः सिद्धाः** (**च**), **संसारिणः पृथिवीकायिकादिषड्भेदाः, सिद्धाः पञ्चदशभेदाः।**" એ રીતિં *"**नयो द्विधा, द्रव्यार्थिकः पर्यायार्थिकश्च**[■] **। द्रव्यार्थिकस्त्रिधा नैगमादिभेदात्। ऋजुसूत्रादिभेदात् चतुर्धा पर्यायास्तिकः।**" ઈમ કહિઉં જોઈઈ.

પણિ "**नव नयाः**" - ઈમ એકવાક્યતાઈ વિભાગ કીધો, તે સર્વથા મિથ્યા જાણવો. નહીં તો "**जीवाः, संसारिणः, सिद्धाः**" - ઈત્યાદિ વિભાગવાક્ય પણિ થાવા પામઈ.

હિવઈ કોઈ કહસ્યઈ જે "**जीवाजीवौ तत्त्वम्** - ઈમ કહતાં અનેરાં તત્ત્વ આવ્યાં. તો પણિ ૭ તત્ત્વ, ૯ [✿]તત્ત્વ [✡]જિમ કહિઈ છઈ, તિમ '**द्रव्यार्थिक-पर्यायार्थिकौ नयौ**' ઈમ કહતાં અનેરા નય આવઈ છઈ, તોહિં અમ્હે સ્વપ્રક્રિયાઈ નવ નય કહિસ્યું."

તેહનઈં કહિઈં જે તિહાં પ્રયોજનભેદઈં ભિન્ન ભિન્ન તત્ત્વવ્યવહાર માત્ર સાધ્ય છઈ, તે તિમ જ સંભવઈ.

ઈહાં ઈતરવ્યાવૃત્તિ સાધ્ય છઈ.

તિહાં હેતુકોટિં અનપેક્ષિતભેદપ્રવેશઈં વૈયર્થ્ય દોષ હોઈ.

તત્ત્વપ્રક્રિયાઈં એ પ્રયોજન છઈ - જીવ, અજીવ એ ૨ મુખ્ય [♦]જ્ઞેય પદાર્થ ભણી કહવા. બંધ, મોક્ષ મુખ્ય હેય, ઉપાદેય છઈ તેહ ભણી. [●]બંધકારણ ભણી આશ્રવ[✲]. મોક્ષ મુખ્યપુરુષાર્થ[❖] છઈ, તે માટઈં તેહનાં ૨ કારણ - સંવર, નિર્જરા કહવાં. **એ ૭ તત્ત્વ** કહવાની **પ્રયોજન** પ્રક્રિયા.

ꕥ લી.(૧+૩)માં 'વિભક્તિ' પાઠ.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં છે. પુસ્તકાદિમાં નથી.
❒ લી.(૪)માં 'બિં' અશુદ્ધ પાઠ.
★ કો.(૧૨+૧૩)માં 'રીતે **नया**' પાઠ.
■ પુસ્તકોમાં '.....**र्थिकभेदात्**' પાઠ. કો.(૯)+સિ.નો પાઠ લીધો છે.
✿ શાં.માં 'ફક્ત સાત તત્ત્વ' પાઠ.
✡ 'જિમ' પદ પુસ્તકોમાં નથી. કો.(૭+૯+૧૨+૧૩) + સિ. + આ.(૧)માં છે.
♦ પુસ્તકોમાં 'જ્ઞેય' નથી. લી.(૪) + સિ.+કો.(૧૨+૧૩)+કો.(૯)+આ.(૧)માં છે.
● લા.(૨)માં 'સંબંધ' પાઠ.
✲ કો.(૧૩)માં 'આશ્રવ હેતુ' પાઠ.
❖ કો.(૯)+સિ.માં 'મુખ્યપદાર્થ' પાઠ.

પુણ્ય, પાપ રૂપ શુભાશુભબંધભેદ વિગતિં અલગા કરી, એહ જ પ્રક્રિયા ૯ તત્ત્વ કથનની જાણવી. ॥૮/૧૬॥

પરામર્શ:

**विभक्तयोः विभागः स्याद् नवनयोपदर्शने।**
**नाऽत्र प्रयोजनं किञ्चिज्जीवादिकविभक्तिवत्।।८/१६।।**

### ❖ દેવસેનમતમાં વિભક્તવિભાગ દોષ ❖

**શ્લોકાર્થ** :- નવ પ્રકારના મૂલ નયને જણાવવામાં તો વિભક્તનો વિભાગ થશે. જીવ વગેરે તત્ત્વના વિભાગની જેમ પ્રસ્તુતમાં કોઈ પણ આધ્યાત્મિક પ્રયોજન જણાતું નથી. (૮/૧૬)

### ✱ કઠોરતાને છોડીએ ✱

**આધ્યાત્મિક ઉપનય** :- આ શ્લોકની 'પરામર્શકર્ણિકા' વ્યાખ્યામાં 'નવ પ્રકારે મૂળ નયનો વિભાગ બતાવવામાં કોઈ પણ પ્રકારનું આધ્યાત્મિક પ્રયોજન રહેલું નથી' - આવું કહેવાના બદલે 'નવ પ્રકારે મૂળ નયનો વિભાગ બતાવવામાં કોઈ પણ પ્રકારનું આધ્યાત્મિક પ્રયોજન જણાતું નથી' - આ મુજબ 'દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા' વ્યાખ્યામાં જણાવેલ છે. આવું કહેવાની પાછળ વ્યાખ્યાકારનો આશય પોતાની કઠોરતાના પરિહારનો છે. 'તમારી વાતમાં કોઈ પ્રયોજન રહેલું નથી' - આ પ્રમાણે આક્ષેપાત્મક ભાષામાં કહેવામાં આપણો પરિણામ કઠોર થાય. 'તમારી વાતમાં અમને કોઈ પ્રયોજન જણાતું નથી' - આવું બોલવામાં આપણો પરિણામ કઠોર થતો નથી. કારણ કે તેવું બોલવામાં સામેની વ્યક્તિ ઉપર આપણે કોઈ આક્ષેપ નથી કરતાં. આના ઉપરથી આ બોધપાઠ લેવા જેવો છે કે સાચી વાત પણ આપણા પરિણામ કઠોર થાય તેવી ભાષામાં, આક્ષેપકારી ભાષામાં કદાપિ બોલવી ન જોઈએ. અન્યથા સત્યપ્રરૂપણા કરવાનો જે લાભ થાય તેના કરતાં પણ પરિણામની કઠોરતા, વૈરપરંપરાસર્જન વગેરે સ્વરૂપ આધ્યાત્મિક નુકસાન વધી જાય તેવી સંભાવના જણાય છે.

### ✱ સંસારસુખ બિંદુ, સિદ્ધસુખ સિંધુ ✱

તેવી અપ્રશસ્ત ભાષાને છોડવાથી **તત્ત્વાનુશાસન**માં વર્ણવેલ સિદ્ધસુખ નજીક આવે. ત્યાં **નાગસેન**જીએ જણાવેલ છે કે 'મનુષ્યલોકમાં ચક્રવર્તીઓને જે સુખ છે તથા સ્વર્ગમાં દેવોને જે સુખ છે, તે સિદ્ધ પરમાત્માઓના સુખના અંશની પણ તુલના નથી કરી શકતું.' મતલબ કે તમામ સાંસારિક સુખોના કહેવાતા મહાસાગરો સિદ્ધસુખના બિંદુ પાસે પણ વામણા છે, તુચ્છ છે, નગણ્ય છે. (૮/૧૬)

**ભિન્ન પ્રયોજન *વિણ કહિયા રે, સાત[ꕤ] મૂલનય સૂત્ર;**
***તિણિં અધિકું કિમ *કહિઉં રે, રાખિઈં નિજઘર સૂત્ર રે ॥૮/૧૭॥ (૧૨૫) પ્રાણી.**

ઈહાં દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિકઈં **ભિન્નોપદેશનું** કોઈ **પ્રયોજન નથી.** તે માટઈં [1]"**सत्त मूलणया पन्नत्ता**" (अनु.द्वा.सू.१५२) એહવું **સૂત્રઈં કહિઉં** છઈં, (**તિણિં**) તે ઉલ્લંઘી (**અધિકું**=) ૯ નય કહિઈં, તો (**નિજ**=) આપણાં **ઘરનું સૂત્ર કિમ** (**રાખિઈં**=) રહઈં?

તે માટઈં "**नव नयाः**" (आ.प.पृ.६) ❐એમ કહેતો ***દેવસેન બોટિક*** ઉત્સૂત્રભાષી જાણવો **इत्यर्थः**♦ ॥૮/૧૭॥

---

**भिन्नप्रयोजनाऽभावे सूत्रोक्तं नयसप्तकम्।**
**सूत्रं निजगृहे क्षिप्त्वाऽधिकं किमुच्यते त्वया॥८/१७॥**

---

### ❋ મૂળ નય સાત : અનુયોગદ્વાર ❋

**શ્લોકાર્થ** :- અનુયોગદ્વારસૂત્રમાં સાત નય બતાવેલા છે. અલગ પ્રયોજન ન હોવા છતાં પોતાના ઘરમાં આગમસૂત્રને રાખી મૂકીને તમે કેમ અધિક પ્રતિપાદન કરો છો ? (૮/૧૭)

### ❋ બોલતા પૂર્વે સાવધાની ❋

**આધ્યાત્મિક ઉપનય** :- વગર કારણે, વગર પ્રયોજને આપણી બુદ્ધિથી આગમ કરતાં અલગ રીતે કોઈ પણ પદાર્થનું પ્રતિપાદન કરવામાં ઉત્સૂત્રપ્રરૂપણા, આગમઆશાતના, દીર્ઘસંસારિત્વ વગેરે દોષો વળગી પડતાં વાર નથી લાગતી. તેથી કાંઈ પણ બોલતા પૂર્વે (૧) 'આ બાબતમાં આગમશાસ્ત્રો શું કહે છે? (૨) મારા બોલવાથી આગમની આશાતના તો નહિ થાય ને ? (૩) પૂર્વાચાર્યોથી વિમુખ થઈને તો હું નથી બોલી રહ્યો ને ?' ઈત્યાદિ બાબતની કાળજી રાખવી અનિવાર્ય છે. તેવી કાળજીના લીધે **જ્ઞાનાર્ણવમાં** દિગંબરાચાર્ય **શુભચંદ્રજીએ** વર્ણવેલ મોક્ષ નિકટ આવે. ત્યાં જણાવેલ છે કે 'જ્યાં (૧) અતીન્દ્રિય, (૨) વિષયાતીત, (૩) અનુપમ, (૪) સ્વભાવજન્ય - સ્વાધીન, (૫) અવિચ્છિન્ન-અખંડ-નિરંતર સુખ હોય તે મોક્ષ કહેવાય છે.' (૮/૧૭)

---

* પુસ્તકોમાં 'વિન' પાઠ. કો.(૯)નો પાઠ લીધો છે. લી.(૧)માં 'નવિ' પાઠ છે.

ꕤ મો.(૨)માં 'પૂલ...' અશુદ્ધ પાઠ.

* તિણિં = તિણઈં = તેણઈ = તેણે કરી = તે કારણે (આધારગ્રંથ- હરિવલ્લભ ભાયાણી સંપાદિત **તેરમા-ચૌદમા શતકના ત્રણ પ્રાચીન ગુજરાતી કાવ્યો, નેમિરંગરત્નાકર છંદ, કવિ લાવણ્ય સમયની લઘુકાવ્યકૃતિઓ, ધ વીસળદેવ રાસ,** પ્રકા. કેમ્બ્રિજ યુનિવર્સિટી પ્રેસ, કેમ્બ્રિજ, ૧૯૭૬, **ષડાવશ્યક બાલાવબોધ**)

* શાં.માં 'ભાષિઈં' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે.

**1** सप्त मूलनयाः प्रज्ञप्ताः।

❐ 'એમ' પદ પુસ્તકોમાં નથી. કો.(૯)+સિ.+આ.(૧)માં છે.

♦ ફક્ત કો.(૧૩)માં જ 'ઈત્યર્થઃ' પાઠ છે.

♦દશભેદાદિક પણિ ઇહાં રે, ■ઉપલક્ષણ કરી જાણી;
નહીં તો ✡કહો ♦અંતર્ભાવઈ રે, પ્રદેશાર્થ કુણ ઠાણિ રે ? ॥૮/૧૮॥ (૧૨૬) પ્રાણી.

ઈહાં = **નયચક્ર** ગ્રંથમાંહિં, દિગંબરઈ દ્રવ્યાર્થિકાદિ ૧૦ ભેદાદિક કહિયાં, તે **પણિ ઉપલક્ષણ કરી જાણો. નહીં તો પ્રદેશાર્થનય કુણ ઠાણિ** આવઈ ? તે વિચારયો.

**उक्तं च सूत्रे** – [1]**"दव्वट्ठयाए, पएसट्ठयाए, दव्वट्ठ-पएसट्ठयाए" इत्यादि।**

તથા કર્મોપાધિસાપેક્ષ❖જીવ⁑ભાવગ્રાહક દ્રવ્યાર્થિક જિમ કહિઓ, તિમ જીવસંયોગસાપેક્ષ✥પુદ્ગલ-ભાવગ્રાહક નય પણિ ભિન્ન કહિઓ જોઈઈ, ઈમ અનંત ભેદ થાઈ.

તથા પ્રસ્થકાદિ ❒દૃષ્ટાંતઈ નૈગમાદિકના અશુદ્ધ, અશુદ્ધતર, અશુદ્ધતમ, શુદ્ધ, શુદ્ધતર, શુદ્ધતમાદિ ભેદ (**કહો**) કિહાં (**અંતર્ભાવઈ=**) સંગ્રહિયા જાઇ ?

"ઉપચાર માટઈ તે ઉપનય કહિઈં" - તો અપસિદ્ધાંત થાઈ. ***અનુયોગદ્વારઈ*** તે નયભેદ દેખાડયા છઈ. ॥૮/૧૮॥

---

**दशभेदादिरप्यत्र ज्ञेयः कृत्वोपलक्षणम्।**
**अन्तर्भावोऽन्यथा ब्रूहि प्रदेशार्थस्य कुत्र नु ?॥८/१८॥**

---

### ❋ પ્રદેશાર્થનય વિચારણા ❋

**શ્લોકાર્થ** :- પ્રસ્તુતમાં દશભેદ વગેરે પણ ઉપલક્ષણ કરીને જાણવા. અન્યથા પ્રદેશાર્થનયનો અંતર્ભાવ ક્યાં થશે ? તે તમે જણાવો. (૮/૧૮)

### ❋ નિજસ્વભાવમાં વસવાટ કરીએ ❋

**આધ્યાત્મિક ઉપનય** :- દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા વ્યાખ્યામાં દર્શાવેલ 'વસતિ' દૃષ્ટાંતમાં શબ્દાદિ ત્રણ નયનો અભિપ્રાય જણાવેલ હતો કે 'દેવદત્ત આત્મસ્વરૂપમાં વસે છે' - તેના ઉપર ખાસ ધ્યાન આપવાની જરૂર છે. દરેક વસ્તુ પોતાના સ્વભાવમાં જ પરમાર્થથી રહે છે, અન્યત્ર નહિ. આ અંગે

---

♦ કો.(૧+૨)માં 'દેશ...' પાઠ.
■ મો.(૨)માં 'ઉજલ...' અશુદ્ધ પાઠ.
✡ કો.(૪)માં 'કિમ' પાઠ.
♦ કો.(૪+૫+૬ +૮)માં 'અંતર્ભવઈ' પાઠ. કો.(૯) + સિ.માં 'અંતર્ભવિ' પાઠ.
1. द्रव्यार्थतया, प्रदेशार्थतया, द्रव्यार्थ-प्रदेशार्थतया।
❖ કો.(૧૨)માં 'સાપેક્ષાજીવ' પાઠ.
⁑ લી.(૩)માં 'જીવાભાવ' અશુદ્ધ પાઠ છે.
✥ કો.(૧૨)માં 'સાપેક્ષાપુ..' પાઠ.
❒ P(૨)માં 'પ્રકારાદિ' પાઠ.

**વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'સત્ હોવાના લીધે દરેક વસ્તુ પોતાના સ્વભાવમાં વસે છે. જેમ ચેતના જીવમાં વસે છે તેમ દરેક વસ્તુમાં સમજવું.' જો આત્મા જડ પદાર્થમાં રહે તો આત્મસ્વભાવ ગુમાવી બેસે. આવું જાણીને સતત ઉપયોગને આત્મકેન્દ્રિત કરી, આત્મરુચિ દૃઢ કરી, નિજસ્વભાવમાં રમણતા કરવા દ્વારા, શબ્દાદિ ત્રણ નયની દૃષ્ટિએ, આત્મસ્વભાવમાં વસવાટ કરવો. પરદ્રવ્ય, પરગુણ, પરપર્યાય - આ ત્રણમાંથી ખસી સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયમાં વસે તે જ પરમાર્થથી આત્મા છે. અન્યથા આત્મા પણ અનાત્મા બની જાય.

### ❋ આત્મશુદ્ધિને અનુભવીએ ❋

આ હકીકતને ખ્યાલમાં રાખી 'નિજને નુકસાન કરનાર તમામ વૃત્તિ-પ્રવૃત્તિથી વિરામ પામી, આત્મકલ્યાણસાધક વૃત્તિ-પ્રવૃત્તિમાં રચ્યા-પચ્યા રહી, ઉપયોગને શુદ્ધ કરી, આત્મદ્રવ્યશુદ્ધિને અનુભવી, આપણે સ્વાત્મામાં વસવાટ કરનારા બનીએ' - તેવી પરમેશ્વરને પ્રાર્થના. આ પ્રાર્થના પ્રામાણિક હોય તો **ઉત્તરાધ્યયનસૂત્ર**માં દર્શાવેલ લોકાગ્ર સિદ્ધશિલા દૂર ન રહે. ત્યાં કહેલ છે કે 'જ્યાં ઘડપણ, મોત, રોગ તથા વેદના નથી તે લોકાગ્ર છે.' આશય એ છે કે પૂર્વે આત્મામાં પૂર્ણતયા વસવાટ કરવા સ્વરૂપ મોક્ષ મળે છે. તથા ત્યાર બાદ સ્થાનવિશેષની પ્રાપ્તિ સ્વરૂપ મુક્તિ મળે છે. આત્મસ્થિતિવિશેષપ્રાપ્તિરૂપ મુક્તિ વિના સ્થાનવિશેષપ્રાપ્તિરૂપ મુક્તિ શક્ય નથી. (૮/૧૮)

એહ જ દ્રઢઇ છઇ -

**ઉપનય પણિ અલગા નહીં રે, જે વ્યવહાર સમાય❖;**

**નહીં તો ભેદ પ્રમાણનો રે, ઉપપ્રમાણ પણિ થાય રે ॥૮/૧૯॥ (૧૨૭) પ્રાણી.**

**ઉપનય પણિ (જે)** કહ્યા, તે નય વ્યવહાર-નૈગમાદિકથી **અલગા (નહીં =)** નથી. (તે તેહમાં **સમાય.**) उक्तं च *तत्त्वार्थसूत्रे* – **"उपचारबहुलो विस्तृतार्थो लौकिकप्रायो व्यवहारः"** (त.सू.भा.१.३५) इति।

**(નહીં તો =)** ❀ઈમ કરતાં નયભેદનઈં જો ઉપનય કરી માનસ્યો તો, **"स्व-परव्यवसायि ज्ञानं प्रमाणम्"** (प्र.न.त.१/२) એ લક્ષણઈં લક્ષિત જ્ઞાનરૂપ **પ્રમાણનો (ભેદ=)** એકદેશ મતિજ્ઞાનાદિક અથવા તદ્દેશ અવગ્રહાદિક તેહનઈં **ઉપપ્રમાણ પણિ (થાય. તિમ)** કાં નથી કહતાં ?

**तस्मात्** – નય-ઉપનય એ પ્રક્રિયા ***બોટિકની*** શિષ્યબુદ્ધિઅંધ♦નમાત્ર જાણવી. ***इति १२७ गाथार्थः*** ॥૮/૧૯॥

---

परामर्शः

**भिन्ना नोपनया यस्माद् व्यवहारे पतन्ति ते।**
**अन्यथोपप्रमाणे स्यात् प्रमाणस्य प्रकारता॥८/१९॥**

---

**⊛ ઉપનય નયથી ભિન્ન નથી ⊛**

[redacted] :- ઉપનયો ભિન્ન (= નૈગમાદિ સાત નયથી સ્વતંત્ર) નથી. કારણ કે તે વ્યવહારમાં સમાવિષ્ટ થાય છે. અન્યથા ઉપપ્રમાણ પ્રમાણનો પ્રકાર થશે. (૮/૧૯)

**❋ બિનઅધિકૃત ચેષ્ટા છોડીએ ❋**

[redacted] :- સ્વતંત્રપણે બિનજરૂરી એક વસ્તુનો સ્વીકાર એ હકીકતમાં અનેક અનાવશ્યક અનર્થકારી વસ્તુના સ્વીકારમાં નિમિત્ત બની જાય છે. આવું જાણીને બિનજરૂરી બિનઅધિકૃત એક પણ ચેષ્ટા કે ચિંતન કે શબ્દોચ્ચારણ ન થઈ જાય તેની સતત સાવધાની રાખવાનો પવિત્ર આધ્યાત્મિક સંદેશ પ્રસ્તુત શ્લોક દ્વારા સંપ્રાપ્ત થાય છે. તેવા આધ્યાત્મિક સંદેશને અનુસરવાથી **સમયસાર** ગ્રંથમાં **શ્રીદેવાનંદસૂરિજી**એ વર્ણવેલ સિદ્ધસુખ પડખે આવી જાય. ત્યાં જણાવેલ છે કે 'દેવ, દાનવ, માનવના સર્વ કાળના ભેગા કરેલા સુખો સિદ્ધસુખના અનંતમાં ભાગની પણ તુલનામાં આવતા નથી.' (૮/૧૯)

---

❖ પુસ્તકોમાં 'સમાઈ.. થાઈ' પાઠ. અહીં કો.(૪+૯)+સિ.નો પાઠ લીધો છે.

❀ પુસ્તકોમાં 'ઈમઈ' પાઠ. કો.(૯)+સિ.નો પાઠ લીધો છે.

♦ કો.(૧૨)માં 'ધ્યંધન' પાઠ. પુસ્તકોમાં 'બુદ્ધિધંધન...' પાઠ.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

**વ્યવહારઈં નિશ્ચય થકી રે, સ્યો ઉપચાર વિશેષ ?;**
**મુખ્યવૃત્તિ જો એકની રે, તો ઉપચારી સેસ રે ॥૮/૨૦॥ (૧૨૮) પ્રાણી.**

♦વ્યવહારનયનઈં વિષેં ઉપચાર છઇ, નિશ્ચયમાંહિ **ઉપચાર** નથી, એ પણિ (**નિશ્ચય થકી**) **સ્યો વિશેષ** ? (**જો**) જિવારઇ **એકનયની મુખ્યવૃત્તિ** લેઈઈ, (**તો**) તિવારઈં (**સેસ**=) બીજા નયની **ઉપચાર**વૃત્તિ આવઇં.

**अत एव "स्यादस्त्येव"** એ □નયવાક્યઈં અસ્તિત્વગ્રાહક નિશ્ચયનયઈં અસ્તિત્વધર્મ મુખ્યવૃત્તિ લેતાં, કાલાદિક ૮ ઈં §અભેદવૃત્ત્યુપચારઇં અસ્તિત્વસંબદ્ધ સકલ ધર્મ લેતાં જ સકલાદેશરૂપ નયવાક્ય થાઇ; ઇમ ***આકર**** ગ્રંથઇ પ્રસિદ્ધ છઇ.

"સ્વ-સ્વાર્થઈં સત્યપણાનો અભિમાન તો સર્વનયનઇં માંહોમાહિં છઈ જ.

ફલથી સત્યપણું તો સમ્યગ્દર્શનયોગઈં જ છઇં." ***इति** ૧૨૮ ગાથાનો અર્થ પૂર્ણ.*॥૮/૨૦॥

---

परामर्शः

**निश्चयाद् व्यवहारे को भेदो येनोपचारता? ।**
**यदैकनयमुख्यत्वं तदाऽन्यनयगौणता।।८/२०।।**

---

[redacted] :- નિશ્ચયનય કરતાં વ્યવહારનયમાં એવી તે કઈ વિશેષતા છે કે વ્યવહારમાં જ ઉપચારનો સ્વીકાર તમે કરો છો ? જ્યારે એક નયને મુખ્ય કરવામાં આવે ત્યારે બીજો નય ગૌણ = ઉપચરિત બને છે જ. (૮/૨૦)

**卐 ગ્રંથિભેદનો માર્ગ અપનાવીએ 卐**

[redacted] :- નયવાદમાં સ્વરૂપતઃ અશુદ્ધિ હોવા છતાં સમ્યગ્ દર્શનના યોગે ફલતઃ શુદ્ધિ પ્રાપ્ત થાય છે. આવું ટબાના આધારે જાણીને દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરનાર આત્માર્થી સાધક ષડ્દર્શનની વિચારણામાં કે સપ્તનય, સપ્તભંગી, પ્રમાણચતુષ્ટય, નિક્ષેપચતુષ્ટય આદિની વિચારણામાં ઊંડા ઉતરે ત્યારે નૈશ્ચયિક સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું લક્ષ્ય ચૂકી ન જવાય તેની સાવધાની રાખે તે માત્ર ઈચ્છનીય જ નહિ, પરંતુ અનિવાર્ય, આવશ્યક અને આવકાર્ય પણ છે. (૧) વિષય-કષાયની મંદતા, (૨) જ્ઞાનગર્ભિત વૈરાગ્ય, (૩) નિષ્કામ ભગવદ્ભક્તિ, (૪) બિનશરતી ગુરુસમર્પણભાવ અને (૫) સ્વભૂમિકાયોગ્ય કર્તવ્યપાલનમાં તત્પરતા -આ પાંચ તત્ત્વનું સતત સંવેદનશીલ હૃદયથી સેવન કરવા દ્વારા 'પોતાના આત્મામાં ગ્રંથિભેદનું અમોઘ સામર્થ્ય ઉછાળી તાત્ત્વિક સમ્યગ્દર્શનને પ્રગટાવવાની તક ચૂકવી નહિ' - આ ઉપદેશ અહીં મળે છે. તેને અનુસરવાથી ઋજુસૂત્રાદિ નયોના મત મુજબ **અધ્યાત્મસાર**માં જણાવેલ કર્મોચ્છેદક રત્નત્રયસ્વરૂપ મોક્ષ ઝડપથી સુલભ થાય. (૮/૨૦)

---

♦ પુસ્તકોમાં 'વ્યવહાનઈં' પાઠ કો.(૧૨)નો પાઠ લીધો છે. □ કો.(૧૨)માં 'નયના વા...' પાઠ.
§ કો.(૧૩)માં 'ભેદવૃ..' પાઠ. ★ B(૨)માં 'આચાર' અશુદ્ધ પાઠ.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

**તિણઈં ભાષ્યઈં ભાખિઉં રે, આદરિઈં નિરધાર;**
**♦તત્ત્વારથ નિશ્ચય ગ્રહઈ રે, ☐જનઅભિમત વ્યવહાર રે ॥૮/૨૧॥ (૧૨૯) પ્રાણી.**

(તિણઈં = ) તે માટઇં નિશ્ચય-વ્યવહારનું લક્ષણ ભાષ્યઈં = ***વિશેષાવશ્યકઈં*** (ભાખિઉં =) કહિઉં છઈં, ✡તિમ **નિરધારો આદરિવાઈં**♦. "**तत्त्वार्थग्राही नयो निश्चयः, लोकाभिमतार्थग्राही व्यवहारः**" ।

તત્ત્વ અર્થ તે યુક્તિસિદ્ધ અર્થ જાણવો. **લોકાભિમત** તે વ્યવહારપ્રસિદ્ધ.

***યદ્યપિ*** પ્રમાણ ઈં તત્ત્વાર્થગ્રાહી છઈ ***તથાપિ*** પ્રમાણ = સકલતત્ત્વાર્થગ્રાહી, **નિશ્ચયનય** = એકદેશ- **તત્ત્વાર્થગ્રાહી** એ ભેદ જાણવો.

નિશ્ચયનયની વિષયતા⧖ અનઈં વ્યવહારનયની વિષયતા જ અનુભવસિદ્ધ ભિન્ન છઈ, ❖અંશ જ્ઞાન❀નિષ્ઠ. જિમ સવિકલ્પકજ્ઞાનનિષ્ઠ પ્રકારિતાદિક અન્યવાદી ભિન્ન માનઈં છઈ, ઈમ હૃદયમાંહિં વિચારવું. ॥૮/૨૧॥

---

परामर्शः

**विशेषावश्यकोक्ते ते आद्रियेतां ततः खलु।**
**गृह्णाति निश्चयः तत्त्वं व्यवहारो जनोदितम्॥८/२१॥**

---

**❀ નિશ્ચય-વ્યવહાર નયને ઓળખીએ ❀**

[redacted] :- તેથી વિશેષાવશ્યકભાષ્યમાં જણાવેલ નિશ્ચય-વ્યવહારના લક્ષણને જ આદરવા. નિશ્ચય તત્ત્વને ગ્રહણ કરે છે. વ્યવહાર લોકસંમત અર્થને ગ્રહણ કરે છે. (૮/૨૧)

**❀ મુમુક્ષુ બાહ્ય વ્યવહારમાં ઉદાસીન, નિશ્ચયમાં સુલીન ❀**

[redacted] :- મોક્ષરૂપી પરમ તત્ત્વને પોતાનામાં પ્રગટ કરવાની તીવ્ર ઝંખના (=મુમુક્ષા) ધરાવનાર મુમુક્ષુ પણ લોકોની વચ્ચે અને સમાજની વચ્ચે રહે છે. તેથી લોકવ્યવહારમાં પ્રસિદ્ધ એવી વસ્તુનો વ્યવહાર કરવો ઈચ્છનીય ન હોય તો પણ તેના માટે અનિવાર્ય બની જાય છે. 'મારું શરીર,

---

♦ પુસ્તકોમાં 'તત્ત્વઅર...' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

☐ P(૨)માં 'જિન' પાઠ.

✡ લા.(૨)માં 'એ પદનો અર્થ ભિન્ન લિખાણી છઈ તિમ નિરધારો.' પાઠ.

♦ પુસ્તકોમાં 'આદરિનઈં' પાઠ નથી. કો.(૧૨)માં છે.

⧖ ધ.માં 'વિશેષતા' પાઠ.

❖ આ.(૧)માં '**अत्र**' પાઠ. કો.(૭+૯+૧૦+૧૨)માં '**अत्राज्ञान न निष्ठप्रकार**' પાઠ. કો.(૫ + ૧૩ + ૨૧) + સં.(૩) + લી.(૧ + ૨ + ૩) '**अत्राऽज्ञान न निष्ठ**' પાઠ. કો.(૧૪) + મો.(૨)માં '**अत्राऽज्ञान निष्ठ**' પાઠ. B(૧)માં '**अंश ज्ञाने न निष्ठ**' પાઠ. કો.(૩ + ૪ + ૬ + ૧૫) + લી.(૪)નો પાઠ લીધો છે.

❀ અંશતા નનિષ્ઠ પાલિ. તથા ભા. + સં.(૨ + ૪) + પુસ્તકોમાં 'અંશજ્ઞાન ન નિષ્ઠ' પાઠ. 'અસતા નનિષ્ઠા.' તર્કણા.

ઘર, પરિવાર...' ઈત્યાદિ વ્યવહાર કરવામાં મુમુક્ષુને મુદ્દલે રસ હોતો નથી. તેમ છતાં તેવો લોકસંમત વ્યવહાર તેને અનિવાર્યપણે ક્યારેક કરવો પડતો હોય છે. આ પ્રકારના લૌકિક વ્યવહારમાં ગળાડૂબ બનીને મોક્ષતત્ત્વને, શુદ્ધ આત્મતત્ત્વને પ્રગટ કરવાનું લક્ષ્ય ચૂકી ન જવાય તે માટે, 'અહં-મમ' આવા ઘંટીના બે પડ વચ્ચે પીસાઈ ન જવાય તે માટે તત્ત્વગ્રાહી નિશ્ચયનય રૂપી ખીલાને તે વળગી રહે છે.

**❀ તીવ્ર મુમુક્ષા પ્રગટાવીએ ❀**

આમ ક્વચિત્ જનસમાજમાં કરવી પડતી પ્રવૃત્તિને વ્યવહારનયથી પ્રયોજનભૂત માની નિશ્ચયસંમત પરમ ઉપાદેય પરમાત્મતત્ત્વના પ્રગટીકરણનો પુરુષાર્થ અવિરતપણે તેના અંતઃકરણમાં પ્રવર્તતો હોય છે. આવું બને તો જ તીવ્ર મુમુક્ષા તાત્ત્વિક રીતે ગ્રંથિભેદ અને ઘાતિકર્મછેદ કરાવી તેને નિજ ધામમાં પહોંચાડે છે અને ત્યાં સદા સ્થિર કરે છે. **પુરુષાર્થસિદ્ધિઉપાય**માં જણાવેલ છે કે 'જે વ્યવહારનયને અને નિશ્ચયનયને વસ્તુસ્વરૂપ વડે યથાર્થપણે જાણીને નિશ્ચય-વ્યવહારનયના પક્ષપાતથી રહિત થાય છે, તે જ શિષ્ય ઉપદેશના સંપૂર્ણ ફળને પામે છે.' તેવી મધ્યસ્થતાના બળથી મુનિ **માર્ગપરિશુદ્ધિવ્યાખ્યા**માં **શ્રીકુલચંદ્રસૂરિજી**એ દર્શાવેલ, રાગ-દ્વેષાદિ સમસ્ત દ્વન્દ્વોથી શૂન્ય, અવ્યાબાધ એવા સિદ્ધ પરમાત્માના સુખને ઝડપથી મેળવે છે. (૮/૨૧)

**★અભ્યંતરતા બાહ્યનઈં રે, જે છે♦ બહુવિગતિ✡ અભેદ;**
**□નિર્મલ પરિણતિ દ્રવ્યની રે, એ સવિ નિશ્ચયભેદ રે ॥૮/૨૨॥ (૧૩૦) પ્રાણી.**

જે **બાહ્ય** અર્થનઈં ઉપચારઈં **અભ્યંતરપણું** કરિઈં (છે), તે નિશ્ચયનયનો અર્થ જાણવો.

**यथा – समाधिर्नन्दनं धैर्यं दम्भोलिः समता शची ।**
**ज्ञानं महाविमानं च वासवश्रीरियं मुनेः ।। (ज्ञा.सा.२०/२) इत्यादि ।**

**श्रीपुण्डरीकाध्ययनाद्यर्थोऽप्येवं भावनीयः।**

જે (બહુ=) ઘણી **વ્યક્તિનો અભેદ** દેખાડિઈં, તે પણિ નિશ્ચયનયાર્થ᳴ જાણવો.

જિમ [1]**"एगे♦ आया"** **(स्थानाङ्ग-१/१/२) इत्यादि सूत्रं *ज्ञेयं विबुधजनैः।***

વેદાંતદર્શન પણિ શુદ્ધસંગ્રહનયાદેશરૂપ શુદ્ધનિશ્ચયનયાર્થ ***सम्मति*** ગ્રંથઈં કહિઉં છઈ.

તથા **દ્રવ્યની** જે **નિર્મલ પરિણતિ** બાહ્યનિરપેક્ષ પરિણામ, તે પણિ નિશ્ચયનયનો અર્થ જાણવો. જિમ [2]**"आया (णे अज्जो !) सामाइए, आया (णे अज्जो !) सामाइअस्स अट्ठे" (भ.सू.१/९/२४)।**

ઈમ જે જે રીતિં લોકાતિક્રાંત અર્થ પામિઈં, **(એ સવિ)** તે તે **નિશ્ચયનયનો ભેદ** થાઈ. તેહથી લોકોત્તરાર્થભાવના આવઈ. ॥૮/૨૨॥

---

**परामर्शः** **बाह्यतोऽभ्यन्तरं रूपं विभिन्नव्यक्त्यभिन्नता।**
**निर्मलपरिणामश्च निश्चयविषया इमे।।८/२२।।**

---

### ☫ નિશ્ચય નયના ત્રણ વિષયનો પરિચય ☫

[redacted] :- (૧) બાહ્ય પદાર્થ દ્વારા અભ્યન્તર સ્વરૂપ ગ્રહણ કરવું, (૨) અનેક વ્યક્તિમાં અભેદ કરવો અને (૩) દ્રવ્યની નિર્મળ પરિણતિ - આ ત્રણ નિશ્ચયનયના વિષય છે. (૮/૨૨)

---

★ લી.(૪)માં 'અભ્યંતર' પાઠ.

♦ પુસ્તકોમાં 'છે' નથી. આ.(૧)માં છે.

✡ કો.(૪)માં 'વિગત' પાઠ.

□ પુસ્તકોમાં 'નિરમલ' પાઠ. કો.(૧૨)નો પાઠ લીધો છે.

᳴ લી.(૨)માં 'નવ્ય' પાઠ.

1. एक आत्मा।

♦ પુસ્તકોમાં **'णो आया'** પાઠ. કો.(૪+૭+૮+૯+૧૩) + સિ. + B(૨) + P(૨+૩+૪) + લી.(૧+૨) + આ.(૧)નો પાઠ લીધો છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી ફક્ત લા.(૨) + લી.(૧) માં છે.

2. आत्मा णे आर्य ! सामायिकः, आत्मा णे आर्य ! सामायिकस्य अर्थः।

### ❀ લૌકિક-લોકોત્તર ગુણસૌંદર્ય પ્રગટાવીએ ❀

[redacted] :- ઔદાર્ય, દાક્ષિણ્ય, દયા, દાન, વિનય, વૈરાગ્ય વગેરે લૌકિક ગુણવૈભવને પ્રાપ્ત કર્યા બાદ જ જિનશાસનને મેળવવાનો વાસ્તવિક અધિકાર મળે છે. કારણ કે લૌકિક ગુણો પ્રાપ્ત થાય પછી જ નિશ્ચયસંમત નિર્મળ પરિણતિ સ્વરૂપ લોકોત્તર ગુણો પ્રગટવાની સંભાવના છે. તથા જિનશાસન તો લોકોત્તર છે, લોકોત્તર ગુણનું પ્રાપક છે. લૌકિક ગુણસૌંદર્ય મેળવ્યા બાદ લોકોત્તર ગુણોનું સૌંદર્ય આત્મામાં પ્રગટાવવા માટે જ જિનશાસનની આવશ્યકતા છે. તથા લોકોત્તર ગુણસૌંદર્ય આત્મામાં પ્રગટે તો જ જિનશાસનની પ્રાપ્તિ પરમાર્થથી સફળ થાય.

### ❖ સ્વભૂમિકાયોગ્ય વ્યવહારને ન છોડીએ ❖

તે માટે પોતાની ભૂમિકાને યોગ્ય એવા વ્યવહારને આત્માર્થી આરાધકે કદાપિ છોડવો ન જોઈએ. તેથી જ તો **ભાવદેવસૂરિજીએ પાર્શ્વનાથચરિત્ર**માં જણાવેલ છે કે 'જેમ વૃક્ષને નહિ છેદનારો માણસ વૃક્ષના ફળને મેળવે છે. તેમ વ્યવહારનું (= વૃક્ષનું) ઉલ્લંઘન કર્યા વિના નિશ્ચયનું (ફળનું) ધ્યાન રાખવું. તત્ત્વપ્રધાન ભલે નિશ્ચય હોય. તો પણ વ્યવહારથી જ તે નિશ્ચયનો નિર્વાહ થાય છે. રાજા ભલે બધી બાબતે પરિપૂર્ણ (सकल) હોય. તો પણ તેવા રાજાની રક્ષા ચોકીદારો દ્વારા જ થાય છે.' મતલબ કે ચોકીદારતુલ્ય વ્યવહાર રાજાતુલ્ય નિશ્ચયને સંભાળે છે. તથા ચોકીદાર દ્વારા જ રાજા સુધી પહોંચાય છે. તેથી નિશ્ચયપ્રેમીએ સ્વભૂમિકાને યોગ્ય વ્યવહારને આત્મીયભાવે સ્વીકારી, વ્યવહારનયના પ્રાથમિક આચારોમાં સ્થિર થયા બાદ નિશ્ચયનયના લોકોત્તર વિષયોનો સંવેદનશીલ હૃદયે અભ્યાસ કરવામાં સતત તત્પર રહેવું જોઈએ.

### ❃ લોકોત્તર તાત્પર્યાર્થને ભાવીએ ❃

આવું બને તો જ તે અભ્યાસ શુદ્ધ અધ્યાત્મસ્વરૂપ બને અને તેના દ્વારા ઉત્સર્ગ-અપવાદમય જ્ઞાન-ક્રિયાત્મક શુદ્ધવ્યવહાર-નિશ્ચયસ્વરૂપ એવા ભાવસ્યાદ્વાદથી ગમ્ય લોકોત્તર તાત્પર્યાર્થની ભાવના આત્મામાં પ્રગટ થઈ શકે. તથા આ પાવન ભાવના આત્મસાત્ થવા દ્વારા પોતાની ભૂમિકાને યોગ્ય એવા સુંદર પંચાચારના માધુર્યની થયેલી અનુભૂતિથી સંપ્રાપ્ત થયેલ ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય - આ ત્રણ તત્ત્વના માધ્યમથી **યોગદીપિકા** નામની **ષોડશકવ્યાખ્યા**માં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે દર્શાવેલ, અખંડ શુદ્ધ જ્ઞાન-સુખ વગેરે સ્વરૂપે અન્વયી = વિદ્યમાન એવા આત્મદ્રવ્યસ્વરૂપ મુક્તિને મહામુનિ ઝડપથી મેળવે છે. (૮/૨૨)

**જેહ ભેદ છઈ વિગતિનો રે, □જે ઉત્કટ● પર્યાય;**
**કાર્યનિમિત્ત અભિન્નતા રે, એ વ્યવહાર ઉપાય રે ॥૮/૨૩॥ (૧૩૧) પ્રાણી.**

♦જેહ વ્યક્તિનો ભેદ દેખાડિઇ (છઈ) "**अनेकानि द्रव्याणि, अनेके जीवाः**" ઈત્યાદિ રીતિં, તે વ્યવહાર-નયનો અર્થ. તથા (જે) ઉત્કટ **પર્યાય** જાણીયઈ, તેહ પણિ વ્યવહારનયનો અર્થ. **अत एव** - [1]"**णिच्छयणएण पंचवण्णे*** **भमरे, ववहारणएण कालवण्णे**" ઈત્યાદિ સિદ્ધાંતઈ પ્રસિદ્ધ છઇ.

તથા **કાર્યનઈ નિમિત્ત** કહતાં કારણ. એહોનઇં **અભિન્નપણું** કહિયઇ, (એ=) તે પણિ **વ્યવહારનયનો ઉપાય** છઇ. જિમ "**आयुर्घृतम्**" ઈત્યાદિક કહિઈ. ઈમ - "**गिरिर्दह्यते, कुण्डिका स्रवति**" ઈત્યાદિક વ્યવહાર ભાષા અનેકરૂપ કહઇ છઈ. ॥૮/૨૩॥

---

**परामर्शः**

**व्यक्तीनां बहुतामाह यश्चैवोत्कटपर्ययम्।**
**कार्य-कारणयोरैक्यं व्यवहारः स उच्यते।।८/२३।।**

---

**❁ વ્યવહારનયના વિષયને ઓળખીએ ❁**

[redacted] :- જે નય (૧) વસ્તુમાં અનેકતાને જણાવે, (૨) ઉત્કટ પર્યાયને જણાવે અને (૩) કાર્ય-કારણની એકતાને જણાવે તે વ્યવહારનય કહેવાય છે. (૮/૨૩)

**❖ ઔપચારિક પ્રયોગોનો આધ્યાત્મિક ઉદ્દેશ ❖**

[redacted] :- (૧) ખાવા-પીવાનો કે ખરીદવાનો પ્રસંગ આવે ત્યારે 'આ દુનિયામાં માત્ર હું એક જ જીવ નથી. બીજા પણ અનેક જીવો રહેલા છે' - આ રીતે વ્યવહારનયના પ્રથમ વિષયને યાદ કરી નોકર-ચાકર, ગરીબ માણસ, ભિખારી વગેરે પ્રત્યે આપણા હૈયાને અનુકંપાથી વાસિત કરવું જોઈએ.

(૨) દયા, દાન, વિનય, વિવેક, નમ્રતા, નિર્દંભતા આદિ ઉત્કટ ગુણધર્મો જે વ્યક્તિમાં દેખાય, તે વ્યક્તિ પ્રત્યે મનમાં ગુણાનુરાગ, વચનમાં ગુણાનુવાદ, કાયામાં ગુણાનુકરણ આવે તે માટે પ્રયત્ન કરવો.

(૩) 'પુસ્તક જ્ઞાન છે', 'જિનપ્રતિમા સમ્યગ્દર્શન છે', 'રજોહરણ આદિ ઉપકરણો ચારિત્ર છે' - આ રીતે પુસ્તકાદિ નિમિત્તકારણ અને નૈમિત્તિક જ્ઞાનાદિ કાર્ય વચ્ચે અભેદનો ઉપચાર કરી જ્ઞાનાદિની જેમ જ્ઞાનાદિના ઉપકરણો પ્રત્યે પણ બહુમાન ભાવ જાળવી, તેની આશાતનાને ટાળવા માટે સતત પ્રયત્નશીલ રહેવું.

---

□ કો.(૪)માં 'એક' પાઠ લી.(૧) + લા.(૨)માં 'તે' પાઠ.
● આ.(૧)માં 'ઉત્કૃષ્ટિ' પાઠ.
♦ કો.(૧૩)માં 'જિહાં' પાઠ. કો.(૧૨)માં 'તિહાં' પાઠ.
* પુસ્તકોમાં '**वण्णो**' પાઠ. કો.(૭+૯)+સિ.નો પાઠ લીધો છે.
1. निश्चयनयेन पञ्चवर्णः भ्रमरः, व्यवहारनयेन कालवर्णः।

(૪) ક્યારેય પણ અન્ય નયથી નિરપેક્ષ બનીને કોઈ પણ એક નયના અભિપ્રાયમાં મુસ્તાક બનવું ન જોઈએ.

(૫) શુભપર્યાય રાગજનક છે તથા અશુભપર્યાય દ્વેષજનક છે. મોટા ભાગે આવું જ બનતું હોય છે. તેથી શુભ-અશુભ બન્ને પ્રકારના પર્યાયોને છોડીને શુદ્ધપર્યાય-સિદ્ધત્વપર્યાયનું નિરંતર અવલંબન કરવું જોઈએ. પર્યાયાશ્રિત વ્યવહારનયનો આ રીતે ઉપયોગ કરવો જોઈએ.

(૬) પારકી પંચાત છોડીને સર્વત્ર સર્વદા મુખ્યતયા પોતાના આત્માનું જ અવલંબન લેવું જોઈએ. પરાશ્રિત વ્યવહારના ઉપયોગમાં સાધકે સાવધ રહેવું.

(૭) સર્વ જીવોમાં અશુદ્ધસ્વરૂપની ઉપેક્ષા કરીને શુદ્ધ આત્મસ્વરૂપનું નિરીક્ષણ કરવું.

(૮) શક્તિ છુપાવ્યા વિના સ્વ-પરહિતમાં તત્પર બનવું.

### ✱ વિશુદ્ધ પુણ્યનો સંચય આદરણીય ✱

ટૂંકમાં, પરામર્શકર્ણિકા વ્યાખ્યામાં દર્શાવેલ વ્યવહારનયના આઠ વિષયોનો આ રીતે અન્વય-વ્યતિરેકમુખે આધ્યાત્મિક દૃષ્ટિથી ઉપયોગ કરવામાં આવે તો આત્માર્થી સાધક વિશુદ્ધ પુણ્યસંચય કરી ઝડપથી નિર્વિઘ્નપણે, **દેવચન્દ્રજી** ઉપાધ્યાયે **જ્ઞાનસારની જ્ઞાનમંજરી** ટીકામાં દેખાડેલ, નિર્વાણનગર તરફ આગળ વધે છે. ત્યાં નિર્વાણનગરનું વર્ણન કરતાં જણાવેલ છે કે '(૧) નિર્મળ આનંદથી વિશુદ્ધ, (૨) પીડારહિત, (૩) જ્યાંથી કોઈએ રવાના થવું ન પડે, (૪) દેવેન્દ્રાદિથી પૂજિત-વંદિત, (૫) અનન્ત જ્ઞાન-દર્શનથી પૂર્ણ, (૬) 'પરમ' જેનું નામ છે, (૭) અમૂર્ત્ત, (૮) અસંગ, (૯) નિરોગી અને (૧૦) નિરાબાધ-નિર્વ્યાઘાત એવું નિર્વાણનગર છે.' (૮/૨૩)

**ઈમ બહુ વિષય નિરાકરી રે, કરતાં તસ સંકોચ;**
**કેવલ બાલક બોધવા રે, દેવસેન આલોચ રે ॥૮/૨૪॥ (૧૩૨) પ્રાણી.**

એહવા નિશ્ચયનય, વ્યવહારનયના (**ઈમ બહુ**) ઘણા (**વિષય**=) અર્થ **નિરાકરી** કહેતા ટાલી (**તસ**=) તેહનો **સંકોચ કરતાં** = થોડો ભેદ દેખાડતાં, ***નયચક્ર*** ગ્રંથકર્તા જે **દેવસેન**, તેહનો **આલોચ** (**કેવલ**) આપસરિખા કેતલાઇક **બાલ બોધવા**નો જ દીસઈ છઈ. પણિ સર્વાર્થ[ક] નિર્ણયનો આલોચ નથી દીસતો.

શુદ્ધનયાર્થ તે શ્વેતામ્બર સંપ્રદાય શુદ્ધ નયગ્રંથનઈં અભ્યાસઈ જ જણાઇ. એ ભાવાર્થ. ॥૮/૨૪॥

परामर्शः

**इति बह्वर्थतां हित्वा तयोः सङ्कोचतो ननु।**
**केवलं बालबोधाय देवसेनविचारणा।।८/२४।।**

**❋ દેવસેનમત સંકોચદોષગ્રસ્ત ❋**

[redacted] :- આ પ્રમાણે નિશ્ચય અને વ્યવહાર નયના વિવિધ વિષયોને છોડી, તે બન્ને નયનો સંકોચ કરવાથી ખરેખર દેવસેનની વિચારણા કેવળ મુગ્ધ બાળકોને સમજાવવા માટે જ જાણવી. (૮/૨૪)

**❋ ...તો મૌન વધુ શ્રેયસ્કર ❋**

[redacted]:- દેવસેનજીને ગ્રંથકારશ્રીએ આપેલી હિતશિક્ષા દ્વારા આપણે એટલો આધ્યાત્મિક બોધપાઠ લેવા જેવો છે કે આગમિક પદાર્થોનું આપણી બુદ્ધિથી તોડ-ફોડ કરીને પ્રતિપાદન કરવા જતાં આપણે પંડિત કક્ષાએ પહોંચવાના બદલે બાળ કક્ષામાં જ અટવાઈ જઈએ. તેથી આગમિક પદાર્થોનું આગમિક શૈલી મુજબ જ પ્રતિપાદન કરવાની ટેક આપણે રાખવી જોઈએ. આગમિક શૈલીથી આગમિક પદાર્થોનું નિરૂપણ કરવાની શક્તિ ન હોય તો (૧) 'પંડિતોની સભામાં મૂર્ખાઓએ મૌન રહેવું', (૨) 'ન બોલવામાં નવ ગુણ', (૩) 'मौनं सर्वार्थसाधनं'.... ઈત્યાદિ ઉક્તિઓને લક્ષમાં રાખી મૌન રહેવું વધુ શ્રેયસ્કર છે.

**❋ બહુશ્રુતને આધીન રહીએ ❋**

નયવાદ અત્યંત ગહન હોવાથી સદૈવ બહુશ્રુતને આધીન રહેવું. આ ઉપદેશ અહીં ગ્રાહ્ય છે. **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે

**"અગમ અગોચર નયકથા, પાર કોથી ન લહીએ રે;**
**તેથી તુજ શાસન એમ કહે, બહુશ્રુતવચને રહીએ રે.**
**જયો જયો જગગુરુ જગધણી...**

આ રીતે જ **પ્રમાણમીમાંસા**માં **શ્રીહેમચન્દ્રસૂરિ**એ જણાવેલ, તમામ ઉપાધિના ધ્વંસસ્વરૂપ મોક્ષ સુલભ બને. (૮/૨૪)

ક લી.(૩)માં 'सर्वार्थसिद्ध' પાઠ.

**ઈમ બહુવિધ નય ભંગસ્યૂં રે, □એક ♦જ ત્રિવિધ પયત્થ;**
**પરખો ★હરખો ✡હિયડલઈ રે, સુજસ લહી પરમત્થ રે ॥૮/૨૫॥ (૧૩૩) પ્રાણી.**

**એ પ્રક્રિયામાંહિ** પણિ જે યુક્તિસિદ્ધ અર્થ છઇ, તે અશુદ્ધ ટાલીનઈ ઉપપાદિઉં છઇ. ▸તે માટઈ (**ઈમ**=) એહ●રીતેં (**બહુવિધ**=) બહુ પ્રકારઈ✽ ✠**નયભંગઈ એક** જ (**પયત્થ**=) અર્થ **ત્રિવિધ** કહઈતાં દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ **પરખો** = સ્વસમય - પરસમયનો અંતર જાણીનઈ **હૃદયનઈ** વિષઇ **હરખો, પરમાર્થ** (**સુજસ**=) જ્ઞાનયશ (**લહી**=) **પામી** ◂નઈ.

*ઈતિ ગાથા ૧૩૩નો જાણવો અર્થ. અહો ભવિ પ્રાણી ! ઈણી ઢાલઈ એહવઉ નય સમજવઉ.* ॥૮/૨૫॥

---

**परामर्शः**

**विविधनयभङ्गैर्हि त्रैविध्यमेकवस्तुनि।**
**विविच्य मोदतां चित्ते लभतां सुयशः परम्॥८/२५॥**

---

[illegible] :- અનેક નયોના પ્રકાર દ્વારા એક જ વસ્તુમાં ત્રિરૂપતાને પરખીને હૈયામાં હરખો. તથા પારમાર્થિક સુયશને પામો. (૮/૨૫)

### ❀ તામસિક આનંદ છોડીએ ❀

[illegible] :- દેવસેનજીની નયવિચારણાની સમાલોચના કરતાં લેશ પણ ઈર્ષ્યાભાવ ન સ્પર્શી જાય તેની જાગૃતિ રાખવાની વાત પરામર્શકર્ણિકામાં દર્શાવેલ છે, તે અહીં અત્યંત મહત્ત્વપૂર્ણ છે. કોઈ પણ વ્યક્તિની માન્યતાની સમીક્ષા કે પરીક્ષા કરતી વખતે તે વ્યક્તિ પ્રત્યે કે તેની માન્યતા પ્રત્યે આંધળો દ્વેષ કે ઈર્ષ્યા આપણામાં ન જન્મે તથા આપણા મત પ્રત્યે આંધળો રાગ પ્રવેશી ન જાય તો જ સમીક્ષા કે સમાલોચના કરવાનો અધિકાર પારમાર્થિક રીતે મળી શકે. આવી મધ્યસ્થદશા કેળવી, ઊહાપોહ દ્વારા તત્ત્વપરીક્ષા કરી, વિવેકદૃષ્ટિથી તત્ત્વનિર્ણય કરી જે આનંદ મળે તે જ આધ્યાત્મિક

---

□ કો.(૧૩)માં 'એકવિધ' પાઠ.
♦ પુસ્તકોમાં 'જ' નથી. કો.(૮)માં છે.
★ મો.(૨)માં 'હરખો' નથી.
✡ હિયડલઈ = હૃદયમાં **ગુર્જરરાસાવલી**, પ્રકા. ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યુટ બરોડા. આ.(૧)માં 'હેડલે' પાઠ.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૯)માં નથી.
● આ.(૧)નો પાઠ છે. શાં.+મ.+ધ.માં 'રીતિં' પાઠ છે.
✽ પુસ્તકોમાં 'પ્રકારનય...' પાઠ લા.(૨)નો પાઠ લીધો છે.
✠ કો.(૧૨)માં '...પ્રકારનયે ભંગે' પાઠ.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી ફક્ત લા.(૨)માં છે.

આનંદ સમજવો. સ્વમતનો આંધળો રાગ કે પરમતનો આંધળો દ્વેષ રાખી, ઈર્ષ્યાભાવથી બીજાને હલકા ચિતરી જે આનંદ મળે તે તામસિક આનંદ જાણવો.

આત્માર્થી જીવે આવા તામસિક આનંદથી સદા દૂર રહી, આધ્યાત્મિક આનંદ મેળવવા સતત પ્રયત્નશીલ રહેવું. આવો આધ્યાત્મિક ઉપદેશ આ શ્લોક દ્વારા મળે છે. આ રીતે જ વાદળરહિત શરદપૂનમના ચંદ્ર જેવું સિદ્ધસ્વરૂપ પ્રગટે. આ અંગે **દશવૈકાલિકસૂત્ર**માં જણાવેલ છે કે 'જેમ સંપૂર્ણ વાદળના પડલો રવાના થતાં ચંદ્ર શોભે, તેમ કર્મસ્વરૂપ વાદળા રવાના થતાં આત્મા શોભે છે.' (૮/૨૫)

**❈ આઠમી શાખા સમાપ્ત ❈**



દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

ઢાળ-૯

ઉત્પાદાદિવિચાર

ઉત્પાદાદિવિચાર
ઉત્પાદાદિવિચાર
ઉત્પાદાદિવિચાર
ઉત્પાદાદિવિચાર
ઉત્પાદાદિવિચાર
ઉત્પાદાદિવિચાર

द्रव्यानुयोगपरामर्शः शाखा-९

उत्पादादिविचारः

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૯

## द्रव्यानुयोगपरामर्शः शाखा-९

उत्पादादिविचारः

## ❋ ટૂંકસાર ❋

: શાખા - ૯ :

દરેક વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે. સર્વ દ્રવ્યમાં પ્રતિક્ષણ ઉત્પાદાદિ તાત્ત્વિક છે. તેથી આત્મામાં દોષનાશ, ક્ષાયિકગુણની ઉત્પત્તિ અને આત્મત્વરૂપ ધ્રુવતાને કેળવવા પ્રયત્ન કરવો. (૯/૧-૨)

ઉત્પાદાદિ ત્રણે એક સાથે રહી શકે છે. સોનાનો ઘટ નાશ પામે અને તે સોનાનો હાર બને ત્યારે સુવર્ણદ્રવ્ય તો ધ્રુવ જ છે. માત્ર કાર્યની અપેક્ષાએ ઉત્પાદાદિમાં ભેદ પડે છે. (૯/૩-૪)

પરંતુ ઈષ્ટપર્યાયનાશ દુઃખનું કારણ છે. માટે 'દ્રવ્ય જ સત્ છે, ઉત્પાદ-વ્યય મિથ્યા છે' આવી દ્રવ્યવાદીની વાત સાચી નથી. (૯/૫)

બૌદ્ધમતે કાર્યભેદનું કારણ સંસ્કારભેદ છે, ઉત્પાદાદિ નહિ. અહીં તેનું ખંડન કરેલ છે. (૯/૬)

આગળ જ્ઞાનાદ્વૈતવાદની સમીક્ષા કરેલ છે. (૯/૭-૮)

ગ્રંથકાર ઉત્પાદાદિની સિદ્ધિ દૂધ-દહીં-ગોરસના દૃષ્ટાંતથી કરે છે. અન્વય, વ્યતિરેક, પ્રમેયત્વ, જ્ઞેયત્વ વગેરેમાં પણ અનેકાંત છે. તેને સમજીને દૃઢ કરવાથી સમ્યક્ત્વની શુદ્ધિ થાય છે. (૯/૯)

હાજર એવા ઘટમાં પણ પ્રત્યેક સમયે ઉત્પાદાદિ ત્રણ દેખાય છે. આથી જ 'क्रियमाणं कृतम्' વાક્ય સંગત થાય છે. આ વાતને વ્યવહારનયથી અને નિશ્ચયનયથી સમજીને સામેની વ્યક્તિ જે રીતે જે નયને સ્વીકારે તે રીતે તેની સંગતિ કરવી. (૯/૧૦-૧૧-૧૨-૧૩)

કેવળજ્ઞાનાદિ ક્ષાયિક ગુણમાં તથા સિદ્ધ ભગવંતમાં પણ પ્રતિક્ષણ ઉત્પાદાદિ ત્રણ સિદ્ધ થાય છે. આપણો પણ સતત નાશ થઈ રહેલ છે તેમ જાણી આરાધનામાં લીનતા કેળવવી. (૯/૧૪-૧૫-૧૬-૧૭)

એક વસ્તુ બીજી અનેક વસ્તુની સાથે સંકળાયેલ છે. માટે પ્રત્યેક વસ્તુમાં અનેકવિધ ઉત્પાદાદિ સંભવે છે. માટે આપણી સાથે સંલગ્ન વસ્તુને નુકસાન ન થાય તેની તકેદારી રાખવી. (૯/૧૮)

ઉત્પત્તિના (૧) પ્રયોગજન્ય, (૨) વિસ્રસાજન્ય અને (૩) ઉભયજન્ય એમ - ત્રણ પ્રકાર છે. વિસ્રસાજન્ય ઉત્પત્તિ (અ) સમુદાયજન્ય અને (બ) ઐકત્વિક છે. પરમાણુઓ ભેગા થવાથી સમુદાયજન્ય ઉત્પત્તિ થાય. દ્વ્યણુક તૂટે તો ઐકત્વિક રૂપે અણુની ઉત્પત્તિ થાય. ધર્માસ્તિકાય વગેરેમાં પણ જીવસંયોગાદિ દ્વારા ઐકત્વિક ઉત્પત્તિ થાય. તે પરનિમિત્તક અને સ્વનિમિત્તિક છે. આમ 'જીવમાં રહેલ કેવળજ્ઞાન પ્રયત્નથી જન્ય = પ્રાપ્ય છે' - તેમ જાણી તે વિશે પ્રયત્ન કરવો. (૯/૧૯-૨૦-૨૧-૨૨-૨૩)

વિનાશ સમુદાયજન્ય અને અર્થાન્તરપ્રાપ્તિરૂપ છે. તે વિનાશના બે પ્રકાર છે. (૧) પ્રાયોગિક અને (૨) સ્વાભાવિક. પ્રાયોગિક વિનાશ માત્ર સમુદયજનિત હોય. સ્વાભાવિક વિનાશ (અ) સમુદયજનિત અને (બ) ઐકત્વિક એમ બે પ્રકારે હોય. તે બન્નેમાં પ્રાયોગિક અને સ્વાભાવિક એવા બન્ને સમુદયજનિત વિનાશ (A) સમુદયવિભાગ અને (B) અર્થાંતરગમન - એમ બે પ્રકારે છે. અંધકાર એ પ્રકાશનો રૂપાંતર પરિણામ છે. તથા એક અણુમાં બીજા અણુનો સંબંધ એ અર્થાન્તર પરિણામ જાણવો. સંયોગથી અણુનો નાશ થાય છે. કર્મસંયોગથી અને કર્મવિભાગથી બન્ને પ્રકારે આત્માનો નાશ થઈ શકે. તેમાંથી કર્મવિભાગથી આત્માના નાશ માટે પ્રયત્ન કરવો. (૯/૨૪-૨૫-૨૬)

ધ્રૌવ્યમાં બે પ્રકાર જાણવા. ઋજુસૂત્રનય સ્થૂલ ધ્રૌવ્યને માને છે. સંગ્રહનય સૂક્ષ્મ ધ્રૌવ્યને સ્વીકારે છે. આત્મગુણો સૂક્ષ્મધ્રૌવ્યમય સ્વરૂપે અનુભવાય તે માટે પ્રયત્ન કરવો. (૯/૨૭)

આત્માનું ઉત્પાદાદિમય તાત્ત્વિક સ્વરૂપ અનુભવી સુયશને પ્રગટાવવાનો છે. (૯/૨૮)

## ઢાળ - ૯

(♦મનમોહિઉં મેરે નંદના- દેશી. રાગ : સારંગ●)

**એક અર્થ તિહું લક્ષણે, જિમ સહિત ✻કહઈ જિનરાજ રે;**
**તિમ સદ્દહણા મનિ ધારતા, સીઝઈ સઘલા શુભકાજ રે ॥૯/૧॥ (૧૩૪)**
**જિનવાણી પ્રાણી ! સાંભલો.**

**એક જ અર્થ** = જીવ-પુદ્ગલાદિક, ઘટ-પટાદિક **જિમ** (**તિહું**=) ૩ **લક્ષણે** = ઉત્પાદ -વ્યય-ધ્રૌવ્યઈં કરીઈ નઈ **સહિત શ્રીજિનરાજ કહઈ** છઈં. [1]"**उप्पन्ने इ वा, ✡विगए इ वा, धुवे इ वा**" એ ત્રિપદીઈં કરીનઇં. **તિમ સદ્દહણા** (**મનિ**=) મનમાંહઈં **ધરતાં**, (**સઘલા** =) સર્વ (**શુભ કાજ**=) કાર્ય **સીઝઈ**.

એ ત્રિપદીનઈં સર્વ અર્થ વ્યાપકપણું ધારવું તે જિનશાસનાર્થ.

પણિ 'કેટલાઇક નિત્ય, કેટલાઇક અનિત્ય' ઈમ ***નૈયાયિકાદિક*** કહઇ છઈ, તે રીતિ નહીં.

નિત્યૈકાંત-અનિત્યૈકાંત પક્ષ⚘ તુ લોકયુક્તિ પણિ વિરુદ્ધ છઈં.

તે માટઈં દીપથી માંડી આકાશ તાંઈ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય લક્ષણ માનવું. તેહ જ પ્રમાણ.

**उक्तं च** ▸***श्रीहेमाचार्यैः***◂ –

**आदीपमाव्योम समस्वभावं स्याद्वादमुद्राऽनतिभेदि वस्तु।**
**'तन्नित्यमेवैकमनित्यमन्यदि'ति त्वदाज्ञाद्विषतां प्रलापाः।।** (अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिका-५)

*ભો ! ભવ્ય ! **પ્રાણિ ! જિનવાણી સાંભલો.*** ॥૯/૧॥

---

• द्रव्यानुयोगपरामर्शः •

**शाखा - ९**

**त्रिलक्षणत्वमेकत्र त्रिपद्याऽऽह यथा जिनः।**
**तथा श्रद्धानतः चित्ते सर्वं सत्कर्म सिध्यति।।९/१।।**
**प्राणिनः ! जिनवाणीं रे, श्रुणुताऽऽदरतो हृदि।। ध्रुवपदम्।।**

---

♦ વીંછીયાની દેશી. **મૂ૦** ઈમ પન્નો ધણ. **દેશી. પાલિ૦** ● આ.માં ( ) વાળો પાઠ છે.

✻ કો.(૬)માં 'કહો' પાઠ. **1**. उत्पन्न इति वा विगत इति वा ध्रुव इति वा।

✡ અનેક પ્રત-પુસ્તકોમાં '**विगमेइ वा**' પાઠ છે. તે અશુદ્ધ છે. આ.(૧)+કો.(૭+૯+૧૦)ના આધારે '**विगए इ वा**' પાઠ ગ્રહણ કરેલ છે.

⚘ પુસ્તકોમાં 'પક્ષમાં' પાઠ. કો.(૯)+સિ.નો પાઠ લીધો છે.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯+૧૦) + લી.(૧+૨+૩+૪) + આ.(૧)માં છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૦)માં છે.

• અધ્યાત્મ અનુયોગ •

## ❋ ત્રિપદી દ્વારા ત્રિલક્ષણ સમજીએ ❋

**શ્લોકાર્થ** :- એક જ વસ્તુમાં ત્રણ લક્ષણને ત્રિપદી દ્વારા જે રીતે જિનેશ્વર ભગવંત જણાવે છે, તે પ્રમાણે ચિત્તમાં તેની શ્રદ્ધા કરવાથી સર્વ સત્ કાર્યો સિદ્ધ થાય છે. (૯/૧)

હે પ્રાણીઓ ! હૃદયમાં આદર રાખીને જિનવાણીને સાંભળો. **(ધ્રુવપદ)**

## ❋ શ્રદ્ધાપૂર્વક ઊંડો અભ્યાસ જરૂરી ❋

**આધ્યાત્મિક ઉપનય** :- 'ભગવાને જે રીતે ત્રૈલક્ષણ્ય ત્રિપદી દ્વારા જણાવેલ છે, તે રીતે ચિત્તમાં શ્રદ્ધા કરવાથી સર્વ સત્ કાર્યો સિદ્ધ થાય છે' - આવું કહેવા દ્વારા ગ્રંથકારશ્રી સમ્યગ્ જ્ઞાન-દર્શન -ચારિત્ર સ્વરૂપ મોક્ષમાર્ગ ઉપર આપણને આગળ ધપાવવા માંગે છે. ભગવાને જે રીતે કહ્યું તે રીતે શ્રદ્ધા કરવા માટે ઊંડા અભ્યાસપૂર્વક તેની સાચી જાણકારી મેળવવી પડે. ઊંડો અભ્યાસ એટલે આગમ, યુક્તિ અને યોગસાધના દ્વારા જિનોક્ત તત્ત્વનું અન્વેષણ. આના માધ્યમથી સમ્યગ્ જ્ઞાન પ્રાપ્ત થાય. તે સ્વરૂપે શ્રદ્ધા કરવાથી સમ્યગ્ દર્શન પ્રાપ્ત થાય. તેમજ સમ્યગ્ જ્ઞાન-દર્શનપૂર્વક સર્વ સદ્અનુષ્ઠાન કરવાથી સમ્યક્ ચારિત્ર પ્રાપ્ત થાય. આ રીતે તાત્ત્વિક રત્નત્રયની પ્રાપ્તિ દ્વારા જીવ વહેલી તકે મોક્ષે પહોંચે છે. ત્યાં અનન્ત ગુણોના ઐશ્વર્યથી યુક્ત એવો આત્મા રહે છે. આ અંગે **કુમારપાળપ્રબોધપ્રબંધ** ગ્રંથમાં ઉદ્ધૃત કરેલી કારિકામાં જણાવેલ છે કે 'તે લોકાગ્રમંદિરમાં સ્થાન મેળવીને સ્વાભાવિક અનન્ત ગુણોના ઐશ્વર્યથી યુક્ત એવા સિદ્ધાત્મા રહે છે.' આ મુજબ આધ્યાત્મિક તાત્પર્યનું પ્રસ્તુતમાં અનુસંધાન કરવું. (૯/૧)

ꕤએહ જ ભાવ વિવરીનઈં કહઈ છઇ -

**ઉત્પાદ-વ્યય-ધ્રુવપણઈં, છઈં સમય-સમય પરિણામ રે;**
**ષટ્દ્રવ્યતણો પ્રત્યક્ષથી, ન વિરોધતણો એ ઠામ રે ॥૯/૨॥ જિન. (૧૩૫)**

ઉત્પાદ (૧) વ્યય (૨) ◆ધ્રૌવ્ય (૩) એ ત્રણ લક્ષણઈ✡ **ષટ્દ્રવ્યનો સમય સમય પરિણામ છઈ.**

કોઈ કહસ્યઈં જે "જિહાં ઉત્પાદ-વ્યય✝, તિહાં ધ્રુવપણું નહીં. જિહાં ધ્રુવપણું, તિહાં ઉત્પાદ -વ્યય નહીં; એહવો વિરોધ છઇ. તો ૩ લક્ષણ એક ઠામિ કિમ હોઈ ? ▶જિમ છાયાતપ એક ઠામિં ન હોઈ◀ તિમ ૩ લક્ષણ એક ઠામિ ન હુઆં જોઈઈ."

તેહનઈં કહિઈં જે શીત-ઉષ્ણ સ્પર્શ જલ - ●અનલનિ વિષઈં પરસ્પરઈં પરિહારઈં દીઠા છઈ, તેહનઈં એક ઠામઈં ઉપસંહારઇ વિરોધ કહિઈં. ઈહાં તો ૩ લક્ષણ સર્વત્ર એક ઠામ જ **પ્રત્યક્ષથી** દીસઈં છઇ. પરસ્પરપરિહારઈં કિહાંઈં પ્રત્યક્ષસિદ્ધ નથી. તો એ વિરોધનો ઠામ કિમ હોઈ ? **(એ વિરોધતણો ન ઠામ)**

અનાદિકાલીન એકાંતવાસનાઈં મોહિત જીવ ❖એહવો વિરોધ જાણઈં છઈં, પણિ પરમાર્થઈં વિચારી જોતાં વિરોધ નથી. સમનિયતતાઈં પ્રત્યય જ વિરોધભંજક છઈ. ઇતિ ગાથાર્થ. ॥૯/૨॥

**जन्म-व्यय-ध्रुवत्वैर्हि परिणामः प्रतिक्षणम् ।**
**मानाद् व्यलोकि षड्द्रव्ये, तत्र विरोधिता कुतः ?॥९/२॥**

### ❀ ષડ્દ્રવ્યમાં ઉત્પાદાદિસિદ્ધિ ❀

**શ્લોકાર્થ** :- ષડ્ દ્રવ્યમાં પ્રતિક્ષણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય દ્વારા પરિણમન થાય છે. તેવું પ્રમાણ દ્વારા જોવાયેલ છે. તેથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનો એકત્ર સ્વીકાર કરવામાં વિરોધ ક્યાંથી આવે ? (૯/૨)

### ❋ આત્મામાં વિશિષ્ટ ત્રૈલક્ષણ્યપરિણમનનો ઉપદેશ ❋

**આધ્યાત્મિક ઉપનય** :- 'પ્રત્યેક વસ્તુ પ્રતિક્ષણ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય સ્વરૂપે પરિણમે છે' - આ જાણીને સમ્યગ્દર્શની-સંયમી-કેવલજ્ઞાની-સિદ્ધસ્વરૂપે ઉત્પાદ અને મિથ્યાત્વી-અસંયમી-અજ્ઞાની-સંસારીસ્વરૂપે નાશ અને આત્મત્વસ્વરૂપે ધ્રૌવ્ય આ ત્રણ સ્વરૂપે આપણો આત્મા શીઘ્રતયા પરિણમી જાય તે માટે જિનાજ્ઞા મુજબ આપણે પ્રયત્ન કરવો જોઈએ. આવો આધ્યાત્મિક ઉપદેશ પ્રસ્તુત શ્લોક દ્વારા આપણને પ્રાપ્ત થાય છે. જો તેવું કરવામાં આવે તો તેનાથી **અષ્ટકપ્રકરણ**માં વર્ણવેલ મોક્ષ દુર્લભ નથી. ત્યાં મોક્ષના સ્વરૂપને દર્શાવતા **શ્રીહરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'જન્મ-મરણાદિશૂન્ય, સર્વપીડારહિત, એકાંતે સુખમય એવો મોક્ષ સર્વકર્મના ક્ષયથી મળે છે. (૯/૨)

ꕤ 'एतदेव विवर्णयति' પાઠ કો.(૧૦)માં છે. ◆ આ.(૧)માં આ પાઠ છે. ✡ મ.+શાં.માં 'લક્ષણો' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ✝ શાં.+મ.માં 'વ્યયપણું' પાઠ. અહીં આ.(૧)નો પાઠ લીધો છે. ▶...◀ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ મુદ્રિત પુસ્તકમાં નથી. પા. + સિ. + લી.(૧+૩+૪) + P(૨) + આ.(૧)માં તથા કો.(૭+૯+૧૦+૧૧)માં છે. ● શાં.+મ.માં 'અનલઃ નેઈં' પાઠ છે. અહીં આ.(૧)નો પાઠ લીધેલ છે. ❖ શાં.+મ.+ધ.માં 'એહોનો' પાઠ છે. આ.(૧)નો પાઠ અહીં લીધો છે.

તેહ જ દેખાડઇ છઇ -

**ઘટ મુકુટ સુવર્ણહ અર્થિઆ, વ્યય ઉત્પત્તિ થિતિ પેખંત રે;**

**નિજરૂપઈં હોવઈ હેમ તે♦, દુ:ખ-હર્ષ-ઉપેક્ષાવંત રે ॥૯/૩॥ (૧૩૬) જિન.**

એક જ હેમ દ્રવ્યનઈં વિષઇં *જોડીઈ તે* ઘટાકારઇં (**વ્યય**=) નાશ, મુકટાકારઇં **ઉત્પત્તિ** અનઈં હેમાકારઈં **સ્થિતિ** એ ૩ લક્ષણ (**પેખંત**=) પ્રકટ દીસઇં છઇં. જે માટઈં હેમઘટ ભાંજી હેમમુકુટ થાઈ છઈં, તિવારઈં હેમ**ઘટાર્થી દુખવંત** થાઈ. ▸તે માટઈં ઘટાકારઈં હેમવ્યય સત્ય છઈં. જે માટઈં ✦હેમ**મુકુટાર્થી હર્ષ**વંત થાઈ છઈં. તે માટઈં હેમ**ઉત્પત્તિ** મુકુટાકારઈં સત્ય છઈં. જે માટઈં હેમમાત્ર(= **સુવર્ણહ)અર્થી** તે કાલઈં (**ઉપેક્ષાવંત**=) ન સુખવંત, ન દુ:ખવંત થાઈ છઈ.◂ **નિજરૂપઈં** સ્થિતપરિણામઈં (**તે હેમ હોવઈં** =) રહઇ છઈં. તે માટઇં હેમસામાન્યસ્થિતિ સત્ય છઇ. ઈમ સર્વત્ર ઉત્પાદ-વ્યય-સ્થિતિ પર્યાય દ્રવ્યરૂપઈં જાણવા.

ઈહાં ઉત્પાદ-વ્યયભાગી ભિન્નદ્રવ્ય અનઈં સ્થિતિભાગી ભિન્નદ્રવ્ય કોઇ દીસતું નથી. જે માટઈં ઘટમુકુટાદ્યાકારાસ્પર્શી હેમ દ્રવ્ય છઈ નહીં, જે એક ધ્રુવ હોઈ.

ધ્રુવતાની પ્રતીતિ પણિ છઈં. તે માટઇં "**तद्भावाऽव्ययं नित्यम्**" (ત.સૂ.૫/૩૦) એ લક્ષણઈં પરિણામઈં ધ્રુવ અનઈં ઉત્પાદાદિ પરિણામઇ અધ્રુવ સર્વ ભાવવું.॥૯/૩॥

**घट-मौलि-सुवर्णार्थी व्ययोत्पादस्थितिष्वयम्।**
**दुःख-प्रमोद-माध्यस्थ्यं नरो याति सहेतुकम्।।९/३।।**

**શ્લોકાર્થ** :- ઘટ, મુગટ અને સુવર્ણનો અર્થી એવો પ્રસ્તુત મનુષ્ય નાશ, ઉત્પત્તિ અને સ્થિતિ થતાં શોક, આનંદ અને માધ્યસ્થ્ય પામે છે, તે સકારણ છે. (૯/૩)

### ❋ દ્રવ્યદૃષ્ટિ આદરણીય ❋

**આધ્યાત્મિક ઉપનય** :- ઈષ્ટ-અનિષ્ટ પર્યાયના ક્રમશઃ ઉત્પાદ-વ્યય રાગનિમિત્ત છે. અનિષ્ટ-ઈષ્ટ પર્યાયના ક્રમશઃ ઉત્પાદ-વ્યય દ્વેષનિમિત્ત છે. આમ રાગ-દ્વેષજનક હોવાથી પર્યાયદૃષ્ટિ ત્યાજ્ય છે. દ્રવ્યદૃષ્ટિ-ધ્રૌવ્યદૃષ્ટિ માધ્યસ્થ્યનિમિત્ત છે. તેથી માધ્યસ્થ્યજનક હોવા સ્વરૂપે દ્રવ્યદૃષ્ટિ ઉપાદેય છે. મધ્યસ્થતાના પાયા ઉપર જ સાધનામહેલ ઉભો છે. આથી પર્યાયની હારમાળા વિશે રુચિને સ્થાપિત કર્યા વિના શુદ્ધ આત્મદ્રવ્ય ઉપર જ આપણી દૃષ્ટિ રુચિપૂર્વક સ્થાપિત કરી, દૃઢ કરી, શુદ્ધ આત્મદ્રવ્યને પ્રગટાવવું એ જ આપણું પરમ કર્તવ્ય છે. આત્માર્થી જીવને શુદ્ધદ્રવ્યદૃષ્ટિ સમ્યક્પણે પકડાવવાના અભિપ્રાયથી અહીં આવો ઉપદેશ આપવામાં આવે છે. તેનાથી મોક્ષસુખ ઝડપથી પ્રગટે. **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર**માં શ્રીઅનન્તનાથ ભગવાનની દેશનામાં મોક્ષસુખને આ મુજબ જણાવેલ છે કે 'ત્રણ જગતમાં દેવેન્દ્ર-દાનવેન્દ્ર-નરેન્દ્રોને જે સુખ છે, તે મોક્ષસુખસંપદાનો અનન્તમો ભાગ પણ નથી.' (૯/૩)

♦ લા.(૧)+શાં.+ધ.+મ.માં 'હેમથી' પાઠ છે. કો.(૧)નો પાઠ ગ્રહણ કરેલ છે. *...* વચ્ચેનો પાઠ B(૨)માં છે.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૯)માં નથી. ✦ શાં.માં 'હેમુનકુટાર્થી' અશુદ્ધ પાઠ. ✯ શાં.માં 'મુકુટોઘાકા...' અશુદ્ધ પાઠ.

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનો અભેદસંબદ્ધ ભેદ દેખાડઈ છઈ -

**ઘટવ્યય તે ઉત્પત્તિ મુકુટની, ધ્રુવતા કંચનની તે એક રે;**
**દલ એકઈ વર્તઈ એકદા, નિજકારયશક્તિં અનેક રે ॥૯/૪॥ (૧૩૭) જિન.**

હેમ**ઘટવ્યય**, **તેહ** જ હેમ**મુકુટની ઉત્પત્તિ** એકકારણજન્ય છઇ.

તે માટઈ ✡વિસભાગપર્યાયોત્પત્તિસંતાન છઈ. તેહથી જ ઘટનાશવ્યવહાર સંભવઈ છઇ. તે માટઈ પણિ ઉત્તરપર્યાયોત્પત્તિ તે પૂર્વપર્યાયનો નાશ જાણવો.

**કંચનની ધ્રુવતા** પણિ (**તે એક**=) તેહ જ છઈ. જે✦ માટઈ પ્રતીત્ય-પર્યાયોત્પાદઈ એકસંતાનપણું તેહ જ દ્રવ્યલક્ષણ ધ્રૌવ્ય છઇ. એ ૩ લક્ષણ **એક દલઈ એકદા** વર્તઈ છઇ. ઈમ અભિન્ન પણઈ.

પણિં શોક-પ્રમોદ-માધ્યસ્થ્ય સ્વરૂપ અનેક કાર્ય દેખીનઈં (**નિજકારયશક્તિ=**) તત્કારણ-શક્તિરૂપઈ **અનેકપણઈ** = ભિન્નતા પણિ જાણવી.

'સામાન્યરૂપઈ ધ્રૌવ્ય અનઈં વિશેષરૂપઇં ઉત્પાદ-વ્યય' ઈમ માનતાં વિરોધ પણિ● નથી.

વ્યવહાર તો સર્વત્ર સ્યાદર્થાનુપ્રવેશઈ જ❖ હોઇ.

વિશેષપરતા પણિ વ્યુત્પત્તિવિશેષઈ જ હોઇ.

**अत एव "स्यादुत्पद्यते, स्यान्नश्यति, स्याद् ध्रुवम्"** ઈમ જ વાક્યપ્રયોગ કીજઈ.

**"*उप्पन्ने इ वा" इत्यादौ वाशब्दो व्यवस्थायाम्। स च स्याच्छब्दसमानार्थः।**

**अत एव "कृष्णः सर्पः"** એ લૌકિકવાક્યઈ પણિ સ્યાચ્છબ્દ લેઈઈ છઈ.

જે માટઈ સર્પનઇં પૃષ્ઠાવચ્છેદઈ શ્યામતા છઇ,□ પણિ ઉદરાવચ્છેદઇ નથી. તથા સર્પમાત્રઇં કૃષ્ણતા નથી. શેષનાગ શુક્લ કહેવાઈ છઈ.

તે માટઈ વિશેષણ-વિશેષ્યનિયમાર્થ જો સ્યાચ્છબ્દ પ્રયોગ છઈ,

તો ત્રિપદી મહાવાક્ય પણિ ♦સ્યાત્કારગર્ભ જ સંભવઈ ▸છઇ. ઈતિ ૧૩૭મી ગાથાર્થ સંપૂર્ણ.◂ ॥૯/૪॥

---

✡ 'વિભાગ' પાલિ૦ **તર્કણા૦** માં પાઠ શાં.માં 'વિસભાવિગ...' છે.

✦ કો.(૯)માં 'તે માટઈ' પાઠ.

● શાં.+ધ.માં 'વિરોધપતિ' અશુદ્ધ પાઠ.

❖ લા.(૨)માં 'પ્રદેશેન' પાઠ. લી.(૧)માં 'પ્રવેશઈ ન' અશુદ્ધ પાઠ.

* પુસ્તકોમાં **'उप्पन्ने'** પાઠ. કો.(૧૦)નો પાઠ લીધો છે.

□ પુસ્તકોમાં 'પણિ' નથી. આ.(૧)માં છે. કો.(૧૧)માં 'પિણ' પાઠ.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. લા.(૨)માં છે.

♦ (૨)માં 'સ્યાત્કારભાજી' પાઠ.

परामर्शः

**घटव्ययः किरीटस्य जन्मैव काञ्चनस्थितिः।**
**एकदैकदलस्थत्वात्, तद्भेदः कार्यशक्तितः।।९/४।।**

### ❁ ઉત્પાદ-નાશ-ધ્રૌવ્યમાં અભેદ ❁

**શ્લોકાર્થ** :- ઘટનો નાશ એ જ મુગટની ઉત્પત્તિ છે અને એ જ સુવર્ણધ્રૌવ્ય છે. કારણ કે તે ત્રણેય યુગપત્ એક જ ઉપાદાનકારણમાં રહેલ છે. તથા કાર્યશક્તિની અપેક્ષાએ ઉત્પાદાદિમાં ભેદ રહેલ છે. (૯/૪)

### ❁ પ્રગટ ગુણોમાં જ પરસ્પર અભેદ ❁

**આધ્યાત્મિક ઉપનય** :- 'એક ઉપાદાનકારણમાં રહેવાથી તથા સમકાલીન હોવાથી ઉત્પાદાદિ ત્રણ અભિન્ન છે અને વિભિન્નકાર્યજનનશક્તિની દૃષ્ટિએ ઉત્પાદાદિ ત્રણ ભિન્ન છે' - આ વાત આત્મગુણ, વગેરેમાં પણ લાગુ પડે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ આદિ ગુણો આત્મામાં રહેવાથી અભિન્ન છે. પરંતુ તે સમકાલીન હોવા જરૂરી છે. જ્ઞાન, દર્શન ગુણ ઉત્પન્ન થવા છતાં જો ચારિત્ર કે આનંદ ગુણ પ્રગટ થયેલ ન હોય તો જ્ઞાનાદિ ચારિત્રાદિથી અભિન્ન બની ન શકે. રત્નત્રય પ્રગટ થવા છતાં આત્માના આનંદનો અનુભવ ન થાય કે કેવલજ્ઞાનાદિ પ્રગટ ન થાય તો આનંદથી કે કેવલજ્ઞાનાદિથી રત્નત્રયનો અભેદ થઈ ન શકે. તથા સર્વ આત્મગુણોનો અભેદ ન થાય તો મોક્ષ થઈ ન શકે. તેથી પ્રત્યેક મુમુક્ષુએ, મુનિએ અપ્રગટ ગુણોને પ્રગટ કરી, પ્રાપ્ત તમામ ગુણો સાથે તેનો અભેદ કરી ઉપલી ભૂમિકાના સર્વ ગુણોને પ્રગટાવવા માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ. આવો આધ્યાત્મિક સંદેશ અહીં પ્રાપ્ત થાય છે. તથા બોધ, રુચિ વગેરે વિભિન્ન કાર્યને ઉત્પન્ન કરવાની શક્તિ ધરાવનાર હોવાથી જ્ઞાન, દર્શન આદિ પરસ્પર ભિન્ન પણ છે. તેથી એક ગુણ ટકે તો પણ પ્રમાદના લીધે અન્ય ગુણ નાશ પામે તેવી સંભાવના રવાના થતી નથી. તેથી 'પ્રાપ્ત ગુણોનો પરસ્પર અભેદ થઈ જવાથી એક પણ ગુણ ટકે તો મારા બધા જ ગુણો પ્રગટપણે ટકશે' - આવી ગેરસમજમાં સાધકે મુસ્તાક ન બનવું જોઈએ. આવો આધ્યાત્મિક સંદેશ પણ આ શ્લોક દ્વારા મેળવવા જેવો છે.

### ❁ અન્વય-વ્યતિરેકથી સિદ્ધસ્વરૂપને સમજીએ ❁

તે ઉપદેશને અનુસરવાથી જ **ઉપમિતિભવપ્રપંચા કથામાં શ્રીસિદ્ધર્ષિગણીએ** વર્ણવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી સંપન્ન થાય. ત્યાં જણાવેલ છે કે "નિવૃત્તિ નગરીમાં (૧) મૃત્યુ નથી, (૨) ઘડપણ નથી, (૩) પીડા નથી, (૪) શોક નથી, (૫) અરતિ નથી, (૬) ભય નથી, (૭) ભૂખ નથી, (૮) તરસ નથી, (૯) કોઈ પણ પ્રકારના ઉપદ્રવ નથી. ત્યાં (૧) સ્વાભાવિક, (૨) પીડારહિત, (૩) સ્વાધીન, (૪) નિરુપમ, (૫) અનંત, (૬) યોગિગમ્ય એવું માત્ર સુખ જ છે. જેમની તમામ ક્રિયાઓ (કાર્યો) પૂર્ણ થઈ ચૂકેલ છે એવા ધન્ય સિદ્ધ ભગવંત તે મુક્તિપુરીમાં સતત પ્રસન્ન રહે છે. તે સિદ્ધાત્મા (૧) અનંત આનંદ, (૨) અનંત તાત્ત્વિકશક્તિ, (૩) અનંત જ્ઞાન અને (૪) અનંત દર્શનથી પરિપૂર્ણ હોય છે." (૯/૪)

**બહુ◆કાર્ય કારણ એક જો, કહિઈં તે દ્રવ્યસ્વભાવ* રે;**
**તો કારણભેદાભાવથી, હુઈ ✡કાર્યભેદાભાવ રે ॥૯/૫॥ (૧૩૮) જિન.**

હવઈ **જો** ઈમ (**કહિઈં**=) ✦કહસ્યો "જે (**બહુકાર્યકારણ**) હેમદ્રવ્ય **એક** જ અવિકૃત (**તે દ્રવ્યસ્વભાવ**) છઈ, વિકાર તો મિથ્યા છઈ.

શોકાદિકાર્યત્રય●જનનૈકશક્તિસ્વભાવ તે છઈ, તે માટઈં તેહથી શોકાદિક કાર્યત્રય થાઇ છઈ❑ -

**તો** (**કારણભેદાભાવથી કાર્યભેદાભાવ હુઈ**.) કારણના ભેદ વિના કાર્યનો ભેદ કિમ થાઇ ? સ્વેષ્ટસાધન તે પ્રમોદજનક. સ્વાનિષ્ટસાધન તે શોકજનક. તદુભયભિન્ન તે માધ્યસ્થ્યજનક.

એ ત્રિવિધ કાર્ય એકરૂપથી કિમ હોઇ ?

શક્તિ પણિ ⁂દૃષ્ટાનુસારઈં કલ્પિઈં છઇ.

નહીં તો 'અગ્નિસમીપઈં જલ દાહજનનસ્વભાવ' ઈત્યાદિક કલ્પતાં પણિ કુણ ❖નિષેધ કરઇ છઈ ? **तस्मात्** શક્તિભેદે કારણભેદ કાર્યભેદાનુસારઇં અવશ્ય અનુસરવો.

અનેકજનનૈકશક્તિશબ્દ જ એકત્વાનેકત્વસ્યાદ્વાદ સૂચઈ છઈં. *ઇતિ ૧૩૮મી ગાથાર્થ પૂર્ણ.* ॥૯/૫॥

**विविधकार्यकार्येको द्रव्यस्वभाव एव चेत् ?।**
**तर्हि स्वहेत्वभेदात् स्यात् कार्यभेदो ह्यसङ्गतः ।।९/५।।**

**❈ કારણભેદ વિના કાર્યભેદ અસંગત ❈**

***શ્લોકાર્થ*** :- 'વિવિધ કાર્યને કરનારો દ્રવ્યસ્વભાવ એક જ છે' - આવું જો કહો તો સ્વહેતુઅભેદ હોવાથી (= કારણભેદ ન હોવાથી) કાર્યભેદ અસંગત થઈ જશે. (૯/૫)

**❀ આરાધના પછી વિરાધનામાં ભળી ન જઈએ ❀**

***આધ્યાત્મિક ઉપનય*** :- 'કારણભેદ વિના કાર્યભેદ અસંગત થાય' - આ ત્રિકાલઅબાધિત નિયમ

◆ પુસ્તકોમાં 'કારય' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.
* P(૨)માં 'વિભાવ' પદ.
✡ કો.(૧૩)માં 'કારય' અશુદ્ધ પાઠ.
✦ પુસ્તકોમાં 'કહિઈં' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.
● લા.(૨)માં 'ત્રયદ્રવ્યજન...' પાઠ.
❑ ફક્ત કો.(૧૧)માં અહીં 'ઈત્યાદિ અર્થ બુદ્ધિપરીક્ષાયૈ જાણવું' - આટલો અધિક પાઠ છે તથા તે બિનજરૂરી જણાય છે.
⁂ દૃષ્ટાન્તાનુસારે. પાલિ૦ તર્કણા૦
❖ પુસ્તકોમાં 'નિષેધક' પાઠ. કો.(૯)+સિ.નો પાઠ લીધો છે.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

આધ્યાત્મિક દૃષ્ટિકોણથી એ રીતે ઉપયોગી છે કે આપણે ક્યારેક સમતા રાખીએ અને ક્યારેક મમતામાં કે વિષમતામાં અટવાઈ જઈએ - આનો અર્થ એવો થાય કે સમતાપર્યાયને ઉત્પન્ન કરનાર આપણે મમતા-વિષમતા પર્યાયને ઉત્પન્ન કરતી વખતે બદલાઈ જઈએ છીએ. ગુણાનુવાદ-ગુણિપ્રશંસા-ઉપબૃંહણાદિ કરનાર આપણે નિંદા-પંચાત કરતી વખતે જુદા સ્વભાવને ધારણ કરીએ છીએ. તપ કર્યા બાદ મીઠાઈ, ફરસાણ, ફળ વગેરેમાં આસક્ત થવા દ્વારા તપસ્વીસ્વભાવને ગુમાવી દેતાં વાર લાગતી નથી. વૈયાવચ્ચ કર્યા બાદ નિષ્કારણ કોઈની સેવા અધિકારપૂર્વક લઈએ ત્યારે વૈયાવચ્ચીસ્વભાવ રવાના થઈ ગયો છે - આ વાત ભૂલાવી ન જોઈએ. સ્વાધ્યાય બાદ હોંશે-હોંશે ગપ્પા મારીએ, વિકથા કરીએ ત્યારે સ્વાધ્યાયરુચિસ્વભાવ ગેરહાજર છે - આ હકીકત પણ ધ્યાનમાં રહેવી જોઈએ.

**❋ શુભનું અશુભમાં સંક્રમણ ન કરીએ ❋**

ઉપરોક્ત હકીકત સત્ય હોવાથી જ 'પ્રભુભક્તિ-ગુણીસેવા-જીવદયા આદિ દ્વારા શાતાવેદનીય કર્મ બાંધ્યા બાદ જીવહિંસા વગેરેમાં જોડાઈને જીવ અશાતાવેદનીય કર્મને બાંધે છે તથા પૂર્વે બાંધેલ શાતા વેદનીય કર્મને પણ અશાતાવેદનીયરૂપે પરિણમાવે છે' - આ મુજબ **કર્મપ્રકૃતિ = કમ્મપયડી** શાસ્ત્રમાં બતાવેલો સિદ્ધાંત પણ સંગત થાય છે. કેમ કે સ્વભાવ બદલાયા વિના કાર્ય ન બદલાય. કાર્યભેદ સ્વભાવભેદનો સાધક છે. આ રીતે આત્મસ્પર્શી આધ્યાત્મિક જાણકારી અને શ્રદ્ધા સાધકને સાધનામાર્ગે અપ્રમત્ત બનાવે છે. તેના બળથી જ **ઉત્તરાધ્યયનસૂત્ર**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ સત્વરે પ્રગટ થાય. ત્યાં સિદ્ધસ્વરૂપને જણાવતા કહેલ છે કે "નિર્મમ, નિરહંકાર, વીતરાગ, આશ્રવશૂન્ય, કેવલજ્ઞાનને પ્રાપ્ત કરેલ સિદ્ધાત્મા શાશ્વત કાળ સુધી સર્વથા સ્વસ્થ બને છે." (૯/૫)

**"શોકાદિજનનઈ♦ વાસનાભેદઈ", કોઈ બોલઇ બુદ્ધ રે;**
**તસ ✡મનસ્કારની ભિન્નતા, વિણ નિમિત્તભેદ કિમ શુદ્ધ રે ? ॥૯/૬॥ (૧૩૯) જિન.**

*હવઈ વલી* (કોઈ) **બૌદ્ધ** ઈમ (**બોલઈ**=) કહઈ છઇ જે - "તુલાનમનોન્નમનની પરિં ઉત્પાદ-વ્યય જ એકદા છઇ, ક્ષણિકસ્વલક્ષણનઇં ધ્રૌવ્ય તો છઈ જ નહીં.

હેમથી શોકાદિક કાર્ય હોઇ છઈ, ♦તે ભિન્ન ભિન્ન લોકની ભિન્ન ભિન્ન વાસના છઈ, તે વતી. જિમ એક જ વસ્તુ (**શોકાદિજનનઈ**) **વાસનાભેદઇ** કોઈનઇ ઇષ્ટ, કોઈકનઈ અનિષ્ટ એ પ્રત્યક્ષ છઇ. સેલડીપ્રમુખ મનુષ્યનઇં ઈષ્ટ છઈ, કરભનઇં અનિષ્ટ છઈ. પણિ તિહાં વસ્તુભેદ નથી, તિમ ઈહાં પણિ જાણવું."

(**તસ**=) તે *બૌદ્ધ*નઇ **નિમિત્તભેદ વિના** વાસનારૂપ **મનસ્કારની ભિન્નતા કિમ શુદ્ધ** થાયઇ ?

તે માટઇં શોકાદિકનું ઉપાદાન જિમ ભિન્ન, તિમ નિમિત્ત પણિ અવશ્ય ભિન્ન માનવું.

એક વસ્તુની પ્રમાતૃભેદઈ ઇષ્ટાનિષ્ટતા છઇ, તિહાં પણિ એક દ્રવ્યના ઈષ્ટાનિષ્ટજ્ઞાનજનન● શક્તિ રૂપ પર્યાયભેદ કહવા જ. *ઈતિ ૧૩૯મી ગાથાનો અર્થ સંપૂર્ણ.* ॥૯/૬॥

---

**शोकादिहेतुसंस्कारभेदात् कार्यभिदा ननु।**
**बौद्ध ! ते वासनाभेदः हेतुभेदं विना कथम् ?।।९/६।।**

---

**❋ બૌદ્ધમત મીમાંસા ❋**

**શ્લોકાર્થ** :- 'શોક વગેરેના કારણીભૂત સંસ્કાર જુદા હોવાથી કાર્યભેદ થાય છે' - આવું જો હે બૌદ્ધ ! તમે કહો તો હેતુભેદ વિના તમારે પ્રબુદ્ધસંસ્કારભેદ કઈ રીતે સંગત થશે ? (૯/૬)

**❋ આપણા પતનમાં આપણો વિકૃતસ્વભાવ જવાબદાર ❋**

**આધ્યાત્મિક ઉપનય** :- પ્રબુદ્ધ વિવિધ સંસ્કાર વગેરે સ્વરૂપ અનેક કાર્યની ઉત્પત્તિ સૂચિત કરે છે કે ઉપાદાનકારણના સ્વભાવ અનેક છે. તથા નિમિત્તકારણના સ્વભાવ પણ અનેક છે. કાર્યની ઉત્પત્તિ તો ઉપાદાન અને નિમિત્ત - બન્નેના લીધે થાય છે. તેથી કોઈ આપણને કડવા-કર્કશ શબ્દ કહે કે અપમાન કરે અને આપણને તેના પ્રત્યે ગુસ્સો આવે તો આપણને થતા ગુસ્સામાં ફક્ત સામેની વ્યક્તિના બગડેલા શબ્દો જ કારણ છે - તેવું નથી. પરંતુ આપણો બગડેલો સ્વભાવ પણ તેમાં અવશ્ય જવાબદાર છે. આ સત્ય હકીકતનો સ્વીકાર કરવામાં આપણને બિલકુલ ખચકાટ થવો ન જોઈએ. સામેની વ્યક્તિના

---

♦ જનનઈ = લોકને.

✡ લા.(૧)+લા.(૨)મ.માં 'મનસકાર...' પાઠ. કો.(૨)માં 'નમસ્કારની' પાઠ.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

♦ પુસ્તકોમાં 'તે' નથી. કો.(૯)+સિ.માં છે.

● પુસ્તકોમાં 'જન' પાઠ. કો.(૭+૧૦+૧૧) નો પાઠ લીધો છે.

શબ્દો ગુસ્સાનું નિમિત્તકારણ છે તથા આપણો આત્મા ગુસ્સાનું ઉપાદાનકારણ છે. તેથી શબ્દનો બગડેલો સ્વભાવ અને આપણો બગડેલો સ્વભાવ - આ બન્ને ભેગા થવાથી ક્રોધાનલનો પ્રાદુર્ભાવ થાય છે.

### ✡ ખેલદિલીને ખીલવીએ ✡

જો આપણો સ્વભાવ બગડેલો ન હોય તો આપણા કાને પડતા બગડેલા શબ્દો કોપાનલનું નિર્માણ કરવા માટે અસમર્થ છે. ગોશાળાએ કડવા શબ્દોમાં ભગવાન મહાવીરસ્વામીજી પ્રત્યે ખોટા આક્ષેપો કર્યા, દોષારોપણ કર્યા તેમ છતાં પણ શ્રમણ ભગવાન મહાવીર મહારાજા તેના પ્રત્યે લેશ પણ ગુસ્સે થયા ન હતા. કારણ કે કડવા શબ્દ સ્વરૂપ નિમિત્તકારણ હાજર હોવા છતાં પણ ભગવાનનો સ્વભાવ બગડેલો ન હતો, ગુસ્સાનું ઉપાદાનકારણ ગેરહાજર હતું. તેથી ગુસ્સાનું નિમિત્તકારણ અકિંચિત્કર બની ગયું. આ જ રીતે રતિ-અરતિ, ગમા-અણગમા, રાગ-દ્વેષ, હર્ષ-શોક આદિ વિવિધ વિકૃતિઓના વમળમાં આપણે અટવાઈ જતા હોઈએ; ત્યારે કેવળ બાહ્ય વાતાવરણ, બાહ્ય નિમિત્ત, બાહ્ય શબ્દો, બાહ્ય પરિસ્થિતિ વગેરેના બગડેલા સ્વભાવને કારણ માનવાના બદલે આપણા વિકૃત સ્વભાવને પણ તેમાં જવાબદાર માનવાની આપણે મધ્યસ્થતાપૂર્વક ખેલદિલી રાખવી જોઈએ. તે મધ્યસ્થતા-ખેલદિલીનો પ્રકર્ષ થાય તો **ક્ષેત્રલોકપ્રકાશ**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ નજીક આવે. ત્યાં ઉપાધ્યાય શ્રી**વિનયવિજય**જીએ જણાવેલ છે કે 'લોકાગ્રભાગમાં વ્યાપીને રહેલા સિદ્ધાત્માઓ વેદશૂન્ય, વેદનારહિત, ચિદાનંદમય તથા કર્મનો તાપ જવાથી અત્યંત શીતલ છે.' (૯/૬)

**જો નિમિત્તભેદ□ વિન ગ્યાનથી, શક્તિ સંકલ્પ-વિકલ્પ રે;**
**તો બાહ્ય વસ્તુના લોપથી, ન ઘટઈ તુઝ ઘટ-પટ જલ્પ રે ॥૯/૭॥ (૧૪૦) જિન.**

**જો** ✿***યોગાચારમતવાદી*** બૌદ્ધ કહસ્યઈ જે "**નિમિત્ત**કારણના **ભેદ વિના** જ વાસના-વિશેષજનિત✦ (**ગ્યાનથી શક્તિ** = ગ્યાનશક્તિથી =) જ્ઞાનસ્વભાવથી શોક-પ્રમોદાદિક **સંકલ્પ -વિકલ્પ** હોઈ છઈ." **તો** "ઘટ-પટાદિનિમિત્ત વિના જ વાસનાવિશેષઇં ઘટ-પટાદ્યાકાર જ્ઞાન હોઇ."

(**તો** =) તિ વારઈ બાહ્ય વસ્તુ સર્વ લોપઇં, અનઈ (**બાહ્ય વસ્તુના લોપથી તુઝ**) નિષ્કારણ (**ઘટ-પટજલ્પ**) તત્તદાકાર જ્ઞાન પણિં ન (**ઘટઈ**=) સંભવઇ.❡

અંતર-બહિરાકાર વિરોધઇં બાહ્યાકાર મિથ્યા કહિઈં,

તો ચિત્રવસ્તુવિષય નીલપીતાદ્યાકારજ્ઞાન પણિ મિથ્યા હુઇ જાઇ.

તથા સુખાદ્યાકાર નીલાદ્યાકાર પણિ વિરુદ્ધ થાઇ, તિવારઈ સર્વશૂન્ય જ્ઞાનવાદી ***માધ્યમિક*** બૌદ્ધનું મત આવી જાઇં.

**उक्तं च** -

**"किं स्यात् सा चित्रतैकस्यां न ●स्यात्तस्यां मतावपि।**
**यदीदं स्वयमर्थानां रोचते तत्र के वयम् ?।।" (प्रमाणवार्त्तिक-२/२१०)**

શૂન્યવાદ પણિ પ્રમાણ સિદ્ધ્યસિદ્ધિં વ્યાહત છઇ.

તે માટઇં સર્વનયશુદ્ધ ❖સ્યાદ્વાદ જ વીતરાગપ્રણીત આદરવો.

***वीतरागप्रणीतमार्ग एव श्रेयः, नान्यथेति***. ▸ઈતિ ૧૪૦ ગાથાર્થ સંપૂર્ણમ્◂ ॥૯/૭॥

**हेतुभेदं विना ज्ञानशक्त्या शोको भवेद् यदि।**
**तर्हि बाह्यार्थलोपात्ते घटज्ञानं न सम्भवेत्।।९/७।।**

□ કો.(૪)માં 'ભેદે' પાઠ.

✿ પુસ્તકોમાં 'યોગાચારવાદી' પાઠ. કો.(૭+૯+૧૦+૧૧)નો પાઠ લીધો છે.

✦ પુસ્તકોમાં 'વાસનાજનિત' પાઠ. સિ. + કો.(૭+૯+૧૦+૧૧) + B(૨) + લા.(૨)નો પાઠ લીધો છે.

❡ ફક્ત લી.(૩)માં 'સંભવઈ, અંતઃબહિરાકાર જ્ઞાન' અધિક પાઠ.

● પુસ્તકોમાં '**स्यात्त्वस्यां**' પાઠ. કો.(૭)નો પાઠ લીધો છે.

❖ કો.(૧૩)માં 'શુદ્ધ સ્યાદ્વાદ જ' પાઠ નથી.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. પા.લિ.માં છે.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં જ છે.

### ❋ યોગાચારમત સમીક્ષા ❋

**શ્લોકાર્થ** :- જો કારણભેદ વિના જ જ્ઞાનશક્તિથી શોક થાય તો બાહ્ય વસ્તુનો ઉચ્છેદ થવાથી તમને (= જ્ઞાનાદ્વૈતવાદી યોગાચાર નામના બૌદ્ધને) ઘટજ્ઞાન થઈ નહિ શકે. (૯/૭)

### ❈ વિતંડાવાદને વિદાય આપીએ ❈

**આધ્યાત્મિક ઉપનય** :- 'જ્ઞાનાદ્વૈતવાદ કે શૂન્યવાદ અપ્રામાણિક હોવાથી તેનો સ્વીકાર થઈ શકે તેમ નથી. પરંતુ પ્રામાણિક એવો સ્યાદ્વાદ જ સ્વીકર્તવ્ય છે' - આવું જણાવવાની પાછળ આશય એ છે કે જે વસ્તુ નિષ્પ્રયોજન હોય, નિષ્પ્રમાણ હોય, નિરર્થક હોય તેનો સ્વીકાર કરવાની માથાકૂટમાં ઉતર્યા વિના જે વસ્તુ પ્રમાણયુક્ત, પ્રયોજનયુક્ત, પરમાર્થયુક્ત જણાય તેનો અત્યંત આદરપૂર્વક સ્વીકાર કરવો જોઈએ. નિર્મૂલ્ય અને નિર્માલ્ય એવા વાદ-વિવાદ કે વિતંડાવાદ, શુષ્કવાદ વગેરેમાં આપણી શક્તિનો દુર્વ્યય કર્યા વિના ભાવશુદ્ધ સ્યાદ્વાદના ઐદંપર્યાર્થને ભાવનાજ્ઞાનથી પરખી સ્વભૂમિકાયોગ્ય ઉદાત્ત આચરણમાં સદા લીન-વિલીન-લયલીન બની જવું, તેને આત્મસાત્ કરી લેવું - એ જ આપણું પરમ કર્તવ્ય છે.

### ❖ ભાવનાજ્ઞાનયુક્ત સદાચારનું ફળ મેળવીએ ❖

ભાવનાજ્ઞાનાનુવિદ્ધ ઉચિત સદાચારના બળથી જ **દેવેન્દ્રસ્તવપ્રકીર્ણક**માં વર્ણવેલ સિદ્ધસુખની સમૃદ્ધિ દુર્લભ ન રહે. ત્યાં જણાવેલ છે કે 'દેવતાઓના સમૂહની ત્રૈકાલિક ભેગી કરેલી તમામ સમૃદ્ધિને અનંતગુણ અધિક કરવામાં આવે અને ત્યાર બાદ તેને અનંત વર્ગ-વર્ગોથી ગુણવામાં આવે તો પણ તે જિનઋદ્ધિને -સિદ્ધઋદ્ધિને પ્રાપ્ત કરી ન શકે.' $૨^{૨} = ૪$. $૪^{૨} = ૧૬$. તેથી બેનો વર્ગ-વર્ગ સોળ થાય. $(૨^{૨})^{૨} = ૧૬$ આ રીતે ત્રૈકાલિક તમામ સુરસમૃદ્ધિને અનંતગુણ અધિક કરીને તેનો વર્ગ-વર્ગ અનંત વાર કરવામાં આવે તો પણ શુદ્ધાત્મસમૃદ્ધિની બરોબરી ન કરી શકે. તો સિદ્ધાત્માની સદ્ગુણસમૃદ્ધિ-સુખસમૃદ્ધિ કેટલી અને કેવી વિશાળ હશે !? તેનો જવાબ સુપરકોમ્પ્યુટર દ્વારા પણ મળવો દુર્લભ છે. (૯/૭)

**ઘટનાશ મુકુટ ઉત્પત્તિનો, ♦ઘટહેમ એક જ રૂપઈ હેત✡ રે;**
**♦એકાંતભેદની વાસના, ●નૈયાયિક પણિ કિમ દેત❐ રે ? ॥૯/૮॥ (૧૪૧) જિન.**

ઈમ શોકાદિકાર્યત્રયનઈ ભેદઈ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એ ૩ લક્ષણ વસ્તુમાંહિં સાધ્યાં, પણિ ❖તે અવિભક્તદ્રવ્યપણઇ અભિન્ન છઇ. **अत एव** હેમ**ઘટનાશ**ાઽભિન્ન હેમ**મુકુટોત્પત્તિનઈ** વિષઈ **હેમ**ઘટાવયવવિભાગાદિક **(એક જ રૂપઈ) હેતુ** છઈ.

**अत एव च** મહાપટનાશાભિન્નખંડપટોત્પત્તિ પ્રતિં એકાદિતંતુસંયોગાપગમ હેતુ છઇ.

'ખંડપટઈ મહાપટનાશનઈ હેતુતા કલ્પિયઈ તો મહાગૌરવ થાઈ'

ઈમ જાણતો ઈ લાઘવપ્રિય **(પણિ) નૈયાયિક** નાશોત્પત્તિમાં **એકાંતભેદની વાસના કિમ દેઈ** છઈ ? તેહનું મત છઈ જે -

**कल्पनागौरवं यत्र, तं पक्षं न सहामहे। कल्पनालाघवं यत्र तं पक्षं तु सहामहे ॥** ( ) ▸ઈતિ ૧૪૧મી ગાથાર્થ સંપૂર્ણમ્.◂ ॥૯/૮॥

---

**घटध्वंसाऽपृथग्मौलिजन्मन्येकैव हेतुता।**
**तथाप्येकान्तभिन्नौ तौ नैयायिकः कथं वदेत् ?॥९/८॥**

---

**❋ નૈયાયિકમત નિરાકરણ ❋**

**શ્લોકાર્થ** :- ઘટધ્વંસથી અભિન્ન મુગટઉત્પત્તિ પ્રત્યે એક જ કારણતા છે. તેમ છતાં 'ઘટધ્વંસ અને મુગટઉત્પાદ આ બન્ને એકાંતે ભિન્ન છે' - આ પ્રમાણે નૈયાયિક કઈ રીતે કહી શકે ? (૯/૮)

**✡ ગુણ આવે દોષ જાય, દોષ જાય ગુણ આવે ✡**

**આધ્યાત્મિક ઉપનય** :- 'એક ઉપાદાનકારણમાં એકી સાથે થતાં ઉત્પાદ-વ્યય આદિ પરસ્પર અભિન્ન છે' - આ મુજબ અહીં મૂળ શ્લોકમાં સૂચિત કરેલા સિદ્ધાંતનું આધ્યાત્મિક વિશ્લેષણ એ રીતે કરવું કે આપણા આત્મામાં થતો દુરાચારધ્વંસ અને સદાચારજન્મ, દોષનાશ અને ગુણોત્પાદ એકી સાથે થતાં હોવાથી અભિન્ન છે. તેથી નિશ્ચય દૃષ્ટિથી સદ્ગુણને અને સદાચારને લાવવાનો પ્રયત્ન કરવાથી તે જ સમયે દોષનો અને દુરાચારનો નાશ થાય છે. કારણ કે તે તેનાથી અભિન્ન છે. ક્ષમા આવે એટલે

---

♦ મ.માં 'ઘટ એક જ રૂપઈ હેત' પાઠ. ધ.+શાં.માં 'ઘટ હેમ એક જ હેતુ' પાઠ. સિ. + લી.(૧+૨+૩)નો પાઠ લીધો છે.
✡ શાં.માં 'હેતુ' પાઠ. મ.+કો.(૭)નો પાઠ લીધો છે.
♦ કો.(૯)માં 'એકાંતવાદની' પાઠ.
● શાં.+ધ.માં 'નઈયા...' પાઠ. આ.(૧) + કો.(૧)નો પાઠ લીધેલ છે.
❐ લી.(૧)માં 'વદન્ત' પાઠ.
❖ પુસ્તકોમાં 'તે' પાઠ નથી. કો.(૭+૧૧)માં છે.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં જ છે.

ક્રોધનો નાશ થઈ જાય. વિનમ્રતા આવે એટલે અહંકારનો નાશ થઈ જાય. સરળતા આવે એટલે કુટિલતાનો નાશ થઈ જાય. તે જ રીતે તપની પ્રવૃત્તિ આવે એટલે ગમે ત્યારે, ગમે ત્યાં, ગમે તે ખા-ખા કરવાની કુટેવ રવાના થાય. વિનય આવે એટલે ગુરુ ભગવંતોની સામે કે વડીલની સામે મનફાવે તેમ બકવાટ કરવાની પ્રવૃત્તિ તદ્દન છૂટી જાય. આ રીતે સાધકે મુખ્યતયા સદ્ગુણને અને સદાચારને લાવવા માટે વિશેષ પ્રકારે પ્રયત્ન કરવો જોઈએ. આવું બને તો અનાયાસે દોષમાંથી અને દુરાચારમાંથી સાધકને તાત્કાલિક મુક્તિ મળે. વ્યવહારનયની દૃષ્ટિએ દુરાચાર અને દુર્ગુણ જાય એટલે પછીની ક્ષણે સદાચાર અને સદ્ગુણ આવ્યા જ સમજો. સાધકે પોતાની ભૂમિકા નિશ્ચયયોગ્ય છે કે વ્યવહારયોગ્ય છે? તેનો યોગ્ય નિર્ણય ગુરુગમથી કરી તથાપ્રકારનું વલણ અને વર્તન કેળવવા સદા તત્પર રહેવું. તેના લીધે **'જંબૂચરિયં'**માં **શ્રીગુણપાલે** જણાવેલું (૧) કૃતકૃત્ય, (૨) તત્ત્વજ્ઞાની, (૩) નિરંજન, (૪) નિત્ય એવું પરમાત્મસ્વરૂપ ઝડપથી પ્રગટે છે. (૯/૮)

**દુગ્ધવ્રત દધિ ભુંજઈ નહીં, નવિ દૂધ દધિવ્રત ખાઈ રે;**
**નવિ ♦દોઈ અગોરસવ્રત જિમઈ, ✡તિણિ તિયલક્ષણ જગ થાઈ રે ॥૯/૯॥(૧૪૨) જિન.**

દધિદ્રવ્ય તે દુગ્ધદ્રવ્ય નહીં, જે માટઈં (**દુગ્ધવ્રત**=) જેહનઈં દૂધનું વ્રત છઇં "દૂધ જ જિમવું" એહવી પ્રતિજ્ઞારૂપ; તેહ **દહીં** (**ભૂંજઈ**=) જિમઈં **નહીં**. દુગ્ધપરિણામ જ દધિ-ઈમ જો અભેદ કહિઈં, તો દધિ જિમતાં દુગ્ધવ્રતભંગ ન થયો જોઇઇં❦. ઈમ દૂધ તે દધિદ્રવ્ય નહીં, પણ પરિણામી. માટઈં અભેદ ▸કહિઈં, તો દૂધ જિમતાં દધિવ્રતભંગ ન થયો જોઇઇં. **દધિવ્રત** તો **દૂધ નથી** (**ખાઈ**=) જિમતો.

તથા "અગોરસ જ ❖જિમવું" એહવા વ્રતવંત (=**અગોરસવ્રત**) દૂધ દહી ૨ (=**દોઈ**) **ન જિમઈ**. ઈમ ગોરસપણઇં ૨ નઇં અભેદ છઈ.

ઈહાં = દધિપણઈં ઉત્પત્તિ દુગ્ધપણઇં નાશ ગોરસપણઈં ધ્રુવપણું પ્રત્યક્ષસિદ્ધ છઇ. (**તિણિ**) એ દૃષ્ટાંતઈં (**જગ**=) સર્વજગદ્વર્ત્તિ ભાવનઇં (**તિયલક્ષણ**=) લક્ષણત્રયયુક્ત✳પણું (**થાઈ**=) કહેવું.

**શ્લોકઃ – "पयोव्रतो न दध्यत्ति, न पयोऽत्ति दधिव्रतः।**
**अगोरसव्रतो नोभे, तस्माद्वस्तु त्रयात्मकम्।।" (आप्तमीमांसा-६०)**

અન્વયિરૂપ અનઇ વ્યતિરેકિરૂપ દ્રવ્ય-પર્યાયથી સિદ્ધાંતાવિરોધઈં સર્વત્ર ⁑અવતારીનઇ ૩ લક્ષણ કહેવાં.

"કેતલાઈક ભાવ વ્યતિરેકી જ. કેતલાઈક ભાવ તો✱ અન્વયી જ" ઈમ જે અન્યદર્શની કહઈ છઈ, તિહાં અનેરાં ભાવ સ્યાદ્વાદવ્યુત્પત્તિં☆ દેખાડવા.

બીજું વસ્તુની સત્તા ત્રિલક્ષણરૂપ જ છઈ, "**उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सद्**" (**त.सू.५.२९**) **इति** ***तत्त्वार्थ*वचनात्** તો સત્તાપ્રત્યક્ષ તેહ જ ત્રિલક્ષણ સાક્ષી છઈ.

તથારૂપઇ સદ્વ્યવહાર સાધવા⁕ અનુમાનાદિક પ્રમાણ અનુસરયઈં❋ છઈ. ॥૯/૯॥

♦ કો.(૪)માં 'દોય' પાઠ. ✡ કો.(૪)માં 'તિણ' પાઠ.
❦ આ.(૧)માં 'જોઈએ' પાઠ.
▸ આ.(૧)માં 'કહિયેં' પાઠ.
❖ પુસ્તકોમાં 'જિમું' પાઠ. કો.(૯)+આ.(૧)+લા.(૨)નો પાઠ લીધો છે.
✳ લા.(૨)માં '....યુક્તપણઈ' પાઠ.
⁑ આ.(૧)માં 'અવધારીનઈ' પાઠ.
✱ પુસ્તકોમાં 'તો' નથી. લા.(૨)માં છે.
☆ કો.(૯)માં '...વ્યુત્પન્ને' પાઠ. સિ.+લા.(૨)માં 'વ્યુત્પત્તઈ' પાઠ.
⁕ સાધ્ય, **પાલિ૦**
❋ પુસ્તકોમાં 'અનુસરિંઈ' પાઠ છે. કો.(૧૧)નો પાઠ લીધો છે.

दृष्टान्तः

**पयोव्रतो न दध्यत्ति न पयोऽत्ति दधिव्रतः।**
**अगोरसव्रतो नोभे तस्मात् त्रिलक्षणं जगत्।।९/९।।**

### ❖ દૂધવ્રત વગેરે દૃષ્ટાંતથી ત્રૈલક્ષણ્યસિદ્ધિ ❖

**શ્લોકાર્થ** :- દૂધવ્રતવાળો દહીં ખાતો નથી. તથા દહીંવ્રતવાળો દૂધ પીતો નથી. અગોરસવ્રતવાળો દૂધ અને દહીં બન્નેને ખાતો નથી. તેથી જગત ત્રિલક્ષણાત્મક છે. (૯/૯)

### ❋ લોકોત્તર સિદ્ધાન્તને દૃઢ કરીએ ❋

**આધ્યાત્મિક ઉપનય** :- 'પ્રત્યેક પદાર્થ ત્રિલક્ષણાત્મક છે' - આ સિદ્ધાન્ત લોકોત્તર છે. ઘટ-મુગટ -સુવર્ણના વ્યય-ઉત્પાદ-ધ્રૌવ્યનું ઉદાહરણ લૌકિક છે. જ્યારે દૂધવ્રત, દહીંવ્રત વગેરેનું દૃષ્ટાંત લોકોત્તર દૃષ્ટાંત છે, શાસ્ત્રીય ઉદાહરણ છે. લોકોત્તર દૃષ્ટાંત દ્વારા લોકોત્તર સિદ્ધાન્તની સંગતિ કરવામાં આવે તો લોકોત્તર સિદ્ધાન્ત વધુ દૃઢ બને છે. તેથી 'લોકોત્તર સિદ્ધાન્તની સંગતિ લોકોત્તર ઉદાહરણ દ્વારા થઈ શકતી હોય તો તે રીતે તેની સંગતિ કરવી જોઈએ' - આવી સૂચના ઉપરોક્ત શ્લોક દ્વારા મળે છે. તેથી અન્યવિધ લોકોત્તર સિદ્ધાન્તનું સમર્થન કરનારા એવા લોકોત્તર દૃષ્ટાંતની શોધ કરવા તથા તેના દ્વારા લોકોત્તર સિદ્ધાન્તનું સમર્થન કરવા આપણે હંમેશા તત્પર રહેવું જોઈએ. આ રીતે લોકોત્તર સિદ્ધાન્તનું સ્પષ્ટીકરણ અને દૃઢીકરણ થવાથી સમ્યગ્દર્શનની શુદ્ધિ તથા સમ્યગ્જ્ઞાનની સૂક્ષ્મતા થવા દ્વારા મોક્ષમાર્ગાનુસારી ક્ષયોપશમ વધુ બળવાન બને છે. તેના લીધે આત્માર્થી સાધક **મહાનિશીથ**માં જણાવેલ સિદ્ધસુખને ઝડપથી મેળવે છે. ત્યાં જણાવેલ છે કે 'સિદ્ધનું સુખ (૧) ઐકાન્તિક (અવશ્યંભાવી), (૨) આત્યન્તિક (પ્રચુર-પુષ્કળ), (૩) ઉપદ્રવશૂન્ય, (૪) અચલ, (૫) અક્ષય, (૬) ધ્રુવ, (૭) પરમ શાશ્વત, (૮) નિરંતર અને (૯) સર્વોત્તમ છે.' (૯/૯)

યાવત્કાલ એક વસ્તુમાંહિ ત્રણિ ૩ લક્ષણ કિમ હોઇ ? તે નિર્દ્ધારીઈ છઇ -

**ઉત્પન્ન ઘટઈં નિજદ્રવ્યના, ઉત્પત્તિ-નાશ કિમ હોઈ રે ?;**
**સુણિ ♦ધ્રુવતામાંહિ પહિલા ભલ્યા✡, છઈ અનુગમશક્તિ દોઈ રે ॥૯/૧૦॥(૧૪૩) જિન.**

"ઉત્પત્તિ થઈ છઈ જેહનીં, એહવો જે ઘટ તેહનઇં વિષઈં (=**ઉત્પન્ન ઘટઈં**) દ્વિતીયાદિક્ષણઇં (**નિજદ્રવ્યના**=) સ્વદ્રવ્યસંબંધઈ **ઉત્પત્તિ-નાશ કિમ હોઇ** ? જે માટઇં પ્રથમક્ષણસંબંધ-રૂપોત્તરપર્યાયોત્પત્તિ તેહ જ પૂર્વપર્યાયનાશ તુમ્હે પૂર્વિ થાપ્યો છઇ" - એ શિષ્યે પ્રશ્ન ♦પૂછ્યું ગુરુ પ્રતિં.

ઈહાં ગુરુ ઉત્તર શિષ્ય પ્રતિં કહઇ છઈ, (**સુણિ**=) સાંભલઈ શિષ્ય ! **પહિલા** = પ્રથમક્ષણઈ થયા (**દોઈ**=) જે ઉત્પત્તિ-નાશ તે **ધ્રુવતામાંહિ ભલ્યા. અનુગમ** કહતાં એકતા, તે **શક્તિ** સદાઇ છઈ.

અછતઈ પણિ આદ્ય ક્ષણઇં ઉપલક્ષણ થઈનઇં આગલિં ક્ષણઈં, દ્રવ્યરૂપતત્સંબંધ કહિઈં, **"उत्पन्नो घटः, नष्टो घटः" इति सर्वप्रयोगात्।**

"**इदानीमुत्पन्नः, नष्टः**" ઈમ કહિઈં, તિવારઈં એતત્ક્ષણવિશિષ્ટતા ●ઉત્પત્તિ-નાશનઈં જાણિઈં, તે દ્વિતીયાદિં ક્ષણઇં નથી. તે માટઈં દ્વિતીયાદિક્ષણઇં "**इदानीमुत्पन्नः**" ઈત્યાદિ પ્રયોગ ન થાઈ.

"ઘટ" કહતાં ઈહાં - દ્રવ્યાર્થાદેશઇં મૃદ્દ્રવ્ય લેવું. જે માટઈં ઉત્પત્તિ-નાશાધારતા સામાન્યરૂપઇં કહિઈં, તત્પ્રતિયોગિતા તે વિશેષરૂપઈં કહિઈં. ॥૯/૧૦॥

પરામર્શઃ

**स्वद्रव्यस्य व्ययोत्पादौ प्रागुत्पन्ने घटे कथम् ?।**
**श्रुणु, तौ मीलितौ ध्रौव्येऽनुगमशक्तिरूपतः।।९/१०।।**

### ✰ ધ્રૌવ્યમાં ઉત્પાદ-વ્યય ભળી જાય ✰

**શ્લોકાર્થ** :- પૂર્વે ઉત્પન્ન થયેલા ઘટમાં સ્વદ્રવ્યના વ્યય અને ઉત્પાદ કઈ રીતે થાય ? આ પ્રશ્નનો જવાબ તમે સાંભળો. તે ઉત્પાદ અને વ્યય અનુગતશક્તિરૂપે ધ્રૌવ્યમાં મિલિત રહે છે. (૯/૧૦)

### ❋ દુષ્કૃતગર્હા - સુકૃત અનુમોદનાનું તાત્ત્વિક પ્રયોજન ❋

**આધ્યાત્મિક ઉપનય** :- 'ઉત્પાદ-વ્યય અનુગમશક્તિરૂપે ધ્રૌવ્યમાં ભળી જાય છે' - આ પ્રમાણે જે

---

♦ કો.(૫)માં 'દ્રવ્યતામાંહિ' પાઠ. મ.માં 'વતામાં' પાઠ. કો.(૧૦+૧૧)નો પાઠ લીધો છે.
✡ પુસ્તકોમાં 'ભલિયા' પાઠ. કો.(૪)નો પાઠ લીધો છે.
♦ કો.(૭)માં 'પૂછ્યઉં' પાઠ. લા.(૨)માં 'પૂછિઉ' પાઠ.
● નાશઈ ભા૦ કો.(૯)માં 'ઉત્પન્નનાશ.' પાઠ.

હકીકત જણાવી તેનાથી આધ્યાત્મિક સંદેશ આ પ્રમાણે ગ્રહણ કરી શકાય કે આપણે પૂર્વે જે કોઈ સુકૃત કે દુષ્કૃત કરેલા હોય તે અનુગમશક્તિરૂપે આપણા ધ્રુવ આત્મામાં વર્તમાનકાળે પણ વિદ્યમાન છે. સુકૃતની કે દુષ્કૃતની ક્રિયા સમાપ્ત થઈ જવા માત્રથી સુકૃતનો કે દુષ્કૃતનો સર્વથા નાશ થઈ જતો નથી. તેથી દુષ્કૃતના કટુ ફળથી બચવા માટે દુષ્કૃતની આત્મસાક્ષીએ નિંદા, ગુરુસાક્ષીએ ગર્હા, પ્રાયશ્ચિત્તવહન, પુનઃ અકરણનિયમ આદિમાં તત્પર રહેવું જોઈએ. તથા સુકૃતના મધુર ફળની સાનુબંધ અભિવૃદ્ધિ માટે થયેલા સુકૃતની અનુમોદના, પુનઃ પુનઃ સુકૃતકરણની અભિલાષા, નવા નવા સુકૃતોના સંકલ્પો કરવામાં તત્પર રહેવું જોઈએ. સ્વસુકૃતની અનુમોદનાના અવસરે સ્વપ્રશંસા, આપબડાઈ કે મહત્ત્વાકાંક્ષાના વિષમ વમળમાં અટવાઈ ન જવાય તેની પૂર્ણ તકેદારી રાખવી. તેથી સ્વસુકૃતની અનુમોદના બને ત્યાં સુધી મનમાં કરવી. અનુમોદના એટલે તૃપ્તિનો ઓડકાર. તથા સ્વપ્રશંસા કે મહત્ત્વાકાંક્ષા એટલે ખાટો ગચરકો. તેવી દુષ્કૃતગર્હા - સુકૃતાનુમોદનાથી **દ્વાત્રિંશિકા પ્રકરણ**માં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ સર્વકર્મક્ષયસ્વરૂપ મુક્તિ નજીક આવે. આ વાત ખ્યાલમાં રાખવી. (૯/૧૦)

**ઉત્પત્તિ-નાશનઈં અનુગમઈં, ભૂતાદિક પ્રત્યય ભાન♦ રે;**
**પર્યાયારથથી સવિ ઘટઈ, તે માનઈ સમયપ્રમાણ રે ॥૯/૧૧॥ (૧૪૪) જિન.**

(**ઉત્પત્તિ-નાશનઈં અનુગમઈં ભૂતાદિક પ્રત્યય ભાન.** તથાહિ -) નિશ્ચયનયથી [1]"**कयमाणे कडे**" એ વચન અનુસરીનઈં "**उत्पद्यमानम् उत्पन्नम्**" ઈમ કહિઈં.

પણિ વ્યવહારનયઈં '**उत्पद्यते, उत्पन्नम्, उत्पत्स्यते, नश्यति, नष्टम्, नङ्क्ष्यति**✡' એ વિભક્ત♦ કાલત્રયપ્રયોગ છઈં, તે પ્રતિક્ષણપર્યાયોત્પત્તિનાશવાદી જે ઋજુસૂત્રનય, તેણઈં અનુગૃહીત જે વ્યવહારનય, તે લેઈનઇ કહિયઈં.

(**પર્યાયારથથી સવિ ઘટઈ.**) જે માટઈં ઋજુસૂત્રનય **સમયપ્રમાણ** વસ્તુ **માનઈ** છઈ. તિહાં જે પર્યાયના ●વર્ત્તમાન ઉત્પત્તિ, નાશ વિવક્ષિઈં, તે લેઈનઇ "**उत्पद्यते, नश्यति**" કહિયઈં.

અતીત તે લેઈ "**उत्पन्नो, नष्टः**" ઇમ કહિઈં. અનાગત તે લેઇ "**उत्पत्स्यते ✡नङ्क्ष्यति**" ઈમ કહિય.

વ્યવસ્થા સર્વત્ર **स्यात्** શબ્દપ્રયોગઈં સંભવઈં. ▸ઇતિ ૧૪૪ ગાથાર્થ સંપૂર્ણમ્.◂ ॥૯/૧૧॥

---

**जन्म-नाशानुवृत्त्यैव भूतादिप्रत्ययप्रमा।**
**पर्यायार्थाद् भवेत् सर्वं क्षणिकं वस्तु तन्नये॥९/११॥**

---

## ✧ પર્યાયાર્થિક મત વિચાર ✧

**શ્લોકાર્થ** :- ઉત્પાદને અને વ્યયને અનુસરીને જ ભૂતકાળ આદિના સૂચક પ્રત્યયોથી પ્રમાજ્ઞાન ઉત્પન્ન થાય છે. પર્યાયાર્થિકનયથી સર્વ વસ્તુ સંભવે છે. કારણ કે પર્યાયાર્થિકનયના મતે સર્વ વસ્તુ ક્ષણિક છે. (૯/૧૧)

## ❖ નિશ્ચય-વ્યવહારના સિદ્ધાન્તને જીવનમાં વણવાની કળા ❖

**આધ્યાત્મિક ઉપનય** :- 'क्रियमाणं कृतं' આ મુજબ ટબામાં દર્શાવેલ નિશ્ચયનયનો સિદ્ધાંત ધ્યાનમાં રાખીને આપણે કોઈક વ્યક્તિને અટ્ઠમનું કે અટ્ઠાઈનું પચ્ચક્ખાણ લેતા જોઈએ ત્યારે 'આ તપસ્વી છે' - આમ વિચારવું. તથા કોઈકને પૂજાના કપડામાં દેરાસરે જતો જોઈને 'આ ભગવાનનો ભક્ત છે' - તેમ વિચારવું. કોઈકને શાસ્ત્રનો અભ્યાસ કરતા જોઈને 'આ જ્ઞાની છે' - તેમ વિચારવું. તથા કોઈક મુમુક્ષુને ઓઘો લઈને નાચતા જોઈને 'આ સંયમી છે' - તેવી બુદ્ધિ ઉભી કરવી.

---

♦ સિ.+કો.(૭+૯)માં 'ભાવ' પાઠ.

1. क्रियमाणं कृतम्।

✡ શાં.માં 'નઙ્ક્ષયતિ' અશુદ્ધ પાઠ.

♦ શાં.માં 'વિભક્તિ' પાઠ કો.(૭)નો લીધો છે.

● પુસ્તકમાં 'વર્ત્તમાન' પદ નથી. કો.(૭)+P(૪)+લી.(૩)+કો.(૧૨)+પા.માં છે.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

તથા 'क्रियमाणं न कृतं किन्तु कृतम् एव कृतं' - આવો વ્યવહારનયનો સિદ્ધાંત લક્ષમાં રાખીને આપણે ત્રણ કે આઠ ઉપવાસ પૂર્ણ થયા બાદ પછીના દિવસે 'મારે અઠ્ઠમનો કે અઠ્ઠાઈનો તપ પૂરો થયો છે' - તેમ માનવું. પરંતુ આપણે અઠ્ઠમનું પચ્ચક્ખાણ કર્યા બાદ 'મારે અઠ્ઠમ તપ પૂરો થઈ ગયો' - એમ વિચારી તે જ દિવસે પારણું કરી ન લેવું. જિનાલયમાં બે-ત્રણ કલાક દિલ દઈને ભગવદ્ભક્તિ કર્યા બાદ જ 'મારે આજે પ્રભુકૃપાથી સુંદર ભક્તિ થઈ' - તેમ વિચારવું.

### યથાર્થ આરાધકપણાની ઓળખ

૪૫ આગમ તથા સંમતિતર્ક આદિ ગ્રંથોનો માર્મિક અભ્યાસ કર્યા બાદ જ 'ગુરુકૃપાથી સારો શાસ્ત્રબોધ મને પ્રાપ્ત થયો' - આવું આપણે વિચારવું. તથા દીક્ષાગ્રહણ બાદ સારી રીતે વર્ષો સુધી પંચાચારનું ગુર્વાજ્ઞા મુજબ પાલન કર્યા બાદ જ 'દેવ-ગુરુકૃપાથી હું સંયમી બન્યો' - આવું નમ્રભાવે વિચારવું. આ રીતે બીજાના માટે નિશ્ચયનયનો સિદ્ધાંત અને સ્વ માટે વ્યવહારનયનો સિદ્ધાંત ઉપરોક્ત રીતે લાગુ પાડીને આપણે યથાર્થપણે આરાધક બનવું જોઈએ. તેના લીધે **ધર્મસંગ્રહણિ**માં દર્શાવેલ સિદ્ધસુખ ઝડપથી પ્રગટ થાય. ત્યાં શ્રી**હરિભદ્રસૂરિ**જીએ સિદ્ધોના સુખની સિદ્ધિ કરવા માટે જણાવેલ છે કે 'સિદ્ધોને જન્મ ન હોવાથી ઘડપણ નથી, મોત નથી, ભય નથી, ચોરાશી લાખ યોનિમાં રખડપટ્ટી વગેરે સ્વરૂપ સંસાર નથી. જન્મ વગેરે ન હોવાના લીધે સિદ્ધોને શ્રેષ્ઠ સુખ કેમ ન હોય ?' કારણ કે જન્મ-જરા -મરણ આદિ પોતે જ દુઃખાત્મક છે, દુઃખજનક છે. તેથી તેની ગેરહાજરીથી સર્વોત્તમ આનંદ સિદ્ધોમાં સિદ્ધ થાય છે.(૯/૧૧)

**જો તુઝ ઉત્પત્તિવિશિષ્ટનો, વ્યવહાર નાશનો ઈષ્ટ રે;**
**♦તો વ્યવહારિં ઉત્પત્તિ આદરો, ♦જે પહિલાં અછતિ વિશિષ્ટ રે ॥૯/૧૨॥**
**(૧૪૫) જિન.**

**જો** ઉત્પત્તિધારારૂપ નાશનઈં વિષઇં ભૂતાદિક પ્રત્યય ન કહિઈં,

અનઈં **નશ્** ધાતુનો અર્થ નાશ નઈં ઉત્પત્તિં એહ ૨ લેઇ, તદુત્પત્તિ કાલત્રયનો અન્વય સંભવતો કહિઈં. (ઈમ **ઉત્પત્તિવિશિષ્ટનો = નાશનો વ્યવહાર તુઝ ઈષ્ટ.**)

ઈમ કહતાં નશ્યત્સમયઈં "**नष्टः**" એ પ્રયોગ ન હોઇ; જે માટઈં તે કાલઈં □નાશોત્પત્તિનું અતીતત્વ નથી.

✡ઈમ સમર્થન નાશવ્યવહારનું જો કરો છો,

**તો વ્યવહારઈં (પહિલાં અછતિ વિશિષ્ટ) ⸸ઉત્પત્તિ** ક્ષણસંબંધમાત્ર♉ **(આદરો=)** કહો.

તિહાં પ્રાગભાવધ્વંસના કાલત્રયથી કાલત્રયનો ●અન્વય સમર્થન કરો.

અનઈં જો ઇમ વિચારસ્યો "ઘટનઈં વર્તમાનત્વાદિકઇં ***જિમ*** ❖પટવર્તમાનત્વાદિ વ્યવહાર ન *હોઈ, ઘટધર્મવર્ત્તમાનત્વાદિકઈં ⸭ઘટવર્ત્તમાનત્વાદિ વ્યવહાર ન હોઇ, ***તિમ*** નાશોત્પત્તિવર્તમાનત્વાદિકઇં* નાશવર્ત્તમાનત્વાદિકવ્યવહાર ન હોઈ."

તો ક્રિયા-નિષ્ઠાપરિણામરૂપ વર્ત્તમાનત્વ ❋અતીતત્વ લેઈ "**नश्यति, नष्टः; उत्पद्यते, उत्पन्नः**" એ વિભક્તવ્યવહારસમર્થન કરો.

**अत एव** ક્રિયાકાલ ★નિષ્ઠાકાલ યૌગપદ્યવિવક્ષાઈં "**उत्पद्यमानमुत्पन्नम्, विगच्छद् विगतम्**" એ ■સૈદ્ધાન્તિક પ્રયોગ સંભવઈં.

---

♦ શાં.માંથી 'તો', 'જે' પાઠ લીધેલ છે. અન્યત્ર 'વ્યવહારિં.... તો પહિલાં' - પાઠ.

□ કો.(૧૦)માં 'નાશ્યોત્પત્તિનું' પાઠ.

✡ કો.(૯)માં 'ઈમ' નથી. પરંતુ 'અનિં વર્તમાનઇં' પાઠ છે.

⸸ કો.(૧૩)માં 'ઉત્પત્તિકરણસંબંધ' પાઠ.

♉ કો.(૧૧)માં "ક્ષણસંબંધમાં 'स्वाधिकरणक्षणत्वव्यापकस्वाधिकरणक्षणध्वंसाधिकरणताकत्वम् अनुत्पन्नत्वमात्र' કહો" પાઠ.

● કો.(૯)માં 'અન્વય'ના બદલે 'અર્થ' પાઠ.

❖ B(૨)+લા.(૨)માં 'ઘટવર્ત..'

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૦+૧૧)માં નથી.

⸭ લા.(૨)માં 'નાશવર્ત..'

❋ કો.(૯)માં 'અતીતત્વ' પદ નથી.

★ કો.(૧૩)માં 'નિષ્ઠાકાલ' પાઠ નથી.

■ મ. + શાં.માં 'સૌદ્ધા....' અશુદ્ધ પાઠ સિ. + કો.(૭+૯+૧૦+૧૧) + આ.(૧)નો પાઠ લીધો છે.

પરમતઇં "इदानीं ध्वस्तो घटः" એ આદ્ય ક્ષણઇં વ્યવહાર સર્વથા ન ઘટઈ. અમ્હારઇં નયભેદઇં સંભવઇં. अत्र *सम्मति* ▸ગાથા છઇં◂ -

[1]उप्पज्जमाणकालं उप्पण्णं ति विगयं विगच्छंतं।

दवियं पण्णवयंतो, तिकालविसयं विसेसेइ।। (स.त.३.३७) ॥૯/૧૨॥

**यद्युत्पत्तिविशिष्टप्रध्वंसव्यवहृतिर्मता।**

**उत्पत्तिर्व्यवहाराद्ध्यसती पश्चात् सती युता।।९/१२।।**

**❊ નવ્યનૈયાયિકમત સમાલોચના ❊**

**શ્લોકાર્થ** :- (હે નવ્ય નૈયાયિકો !) જો ઉત્પત્તિવિશિષ્ટ નાશનો વ્યવહાર તમને માન્ય હોય તો વ્યવહારનયને આશ્રયીને ઉત્પત્તિ સ્વીકારો. વ્યવહારનયથી પૂર્વે અસત્ એવી ઉત્પત્તિ પાછળથી સત્ બને છે અને કાલત્રયયુક્ત બને છે. (૯/૧૨)

**❖ મધ્યસ્થભાવે યથોચિત નય સ્વીકાર્ય ❖**

**આધ્યાત્મિક ઉપનય** :- 'નિશ્ચયનયની ઉત્પત્તિ તમને માન્ય ન હોય તો વ્યવહારનયસંમત ઉત્પત્તિને સ્વીકારો'- આ પ્રમાણે નવ્યનૈયાયિક પ્રત્યે ગ્રંથકારશ્રીનું વચન એવું ધ્વનિત કરે છે કે અનેકાન્તવાદમાં અનેક નયો રહેલા છે. તેમાંથી 'બધા જ નયોને સામેની વ્યક્તિ માન્ય કરે' - તેવી આશા રાખવી વધુ પડતી છે. કારણ કે દરેક વ્યક્તિ પોતાની માન્યતા-સમજણ-સંસ્કાર-સમીકરણ-ક્ષમતા મુજબ જ મોટા ભાગે કામ કરે છે. તેથી 'અનેકાન્તવાદના દરેક અંશોનો - અનન્ત અંશોનો તે કેમ સ્વીકાર ન કરે ?' આ રીતે બીજાને સીધા કરવાનો આગ્રહ રાખવો નકામો છે. તેવી પ્રવૃત્તિમાં મોટા ભાગે શક્તિનો - સમયનો દુર્વ્યય થવાની સંભાવના વિકરાળ કળિકાળમાં વધારે છે. તેથી સામેની વ્યક્તિ અનેકાન્તવાદના અનેક નયોમાંથી કોઈ પણ એક નયનો પોતાની ભૂમિકા-ક્ષમતા મુજબ મધ્યસ્થપણે સ્વીકાર કરે તેવી કાળજી રાખીને સામેની વ્યક્તિને સમજાવવાનો પ્રયાસ આપણે સ્વાર્થશૂન્ય હૃદયથી કરવો જોઈએ.

તથા સામેની વ્યક્તિ જે નયનો કે નયમાન્ય વસ્તુનો સ્વીકાર નથી કરતી, તે નય પણ અપેક્ષાએ નિર્દોષ છે - આ બાબતનો હળવાશથી અણસાર પણ આપવો જોઈએ. પરંતુ આ બાબતમાં Soft Corner ને અપનાવવો જોઈએ, Hard Corner ને નહિ. આવો આધ્યાત્મિક સંદેશ આ શ્લોક દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય છે. તેના લીધે સ્વ-પરનો કદાગ્રહ છૂટી જવાથી ક્રમશઃ મોક્ષમાર્ગે આગળ વધતાં **જિનચંદ્રસૂરિ**એ **સંવેગરંગશાળા**માં તથા **વીરભદ્રસૂરિ**એ **આરાધનાપતાકા**માં જણાવેલ સિદ્ધસુખ નજીક આવે. ત્યાં જણાવેલ છે કે 'સિદ્ધાત્માનું સુખ (૧) અનુપમ, (૨) અમાપ, (૩) અક્ષય, (૪) નિર્મલ, (૫) નિરુપદ્રવ, (૬) અમર (મરણશૂન્ય), (૭) અજર, (૮) રોગરહિત, (૯) ભયરહિત, (૧૦) ધ્રુવ, (૧૧) ઐકાન્તિક (અવશ્યંભાવી), (૧૨) આત્યન્તિક (પ્રચુર), (૧૩) પીડારહિત હોય છે.' (૯/૧૨)

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

1. उत्पद्यमानकालम् उत्पन्नम् इति विगतं विगच्छत्। द्रव्यं प्रज्ञापयन्, त्रिकालविषयं विशेषयति।।

**ઉત્પત્તિ નહીં જો આગલિં, તો ♦અનુત્પન્ન તે થાઈ રે;**
**જિમ નાશ વિના અવિનષ્ટ છઈ, પહિલા તુઝ કિમ †ન સુહાઈ રે ?॥૯/૧૩॥**
**(૧૪૬) જિન.**

**જો આગલિં** = દ્વિતીયાદિક ક્ષણઇં **ઉત્પત્તિ** ‡**નહીં, તો** (તે=) ઘટાદિક દ્વિતીયાદિક ક્ષણઇં **અનુત્પન્ન થાઈ. જિમ**□ **પહિલાં** = ધ્વંસ થયા પહિલાં **નાશ વિના "अविनष्टः"** કહિઇં **છઈ.** એ તર્ક **તુઝનઇં કિમ સુહાતો નથી** ? તે માટઈ પ્રતિક્ષણોત્પાદ-વિનાશ પરિણામદ્વારઇં માનવા.

દ્રવ્યાર્થાદેશઇં દ્વિતીયાદિક્ષણઇં ઉત્પત્તિવ્યવહાર કહિઇં, તો નાશવ્યવહાર પણિ તથા હુઓ જોઈઈ. તથા ક્ષણાંતર્ભાવઇં દ્વિતીયાદિક્ષણઇં ઉત્પત્તિ પામી ✡જોઈઈ.

***स्वाधिकरणक्षणत्वव्यापकस्वाधिकरणक्षणध्वंसाधिकरणताकत्वम् = अनुत्पन्नत्वम्.*** એ ⁎કલ્પિત અનુત્પન્નતા● ન હોઈ, તો પણિ પ્રતિક્ષણ ઉત્પત્તિ વિના પરમાર્થથી અનુત્પન્નતા થવી જોઈઈ. ॥૯/૧૩॥

---

**यद्युत्पत्तिर्न पश्चात् स्यात्, घटोऽजातः तदा भवेत्।**
**ध्वंसात् पूर्वं विना नाशमनष्टवन्न किं भवेत् ?॥९/१३॥**

---

**શ્લોકાર્થ** :- જો પછીની ક્ષણોમાં ઉત્પત્તિ ન થાય તો ત્યારે ઘટ અનુત્પન્ન રહેશે. જેમ ધ્વંસની પૂર્વે નાશ ન હોવાથી ઘટ અનષ્ટ કહેવાય છે. તેમ ઉપરોક્ત બાબત કેમ ન બને ? (૯/૧૩)

## ❋ પ્રતિક્ષણ જાગૃતિ કેળવી શુદ્ધસ્વરૂપે પરિણમીએ ❋

**આધ્યાત્મિક ઉપનય** :- 'પ્રતિક્ષણ પદાર્થ પ્રાતિસ્વિકરૂપે ઉત્પન્ન થાય છે' - આ વાતની આધ્યાત્મિક મૂલવણી એ રીતે કરવી કે આપણો આત્મા પણ પ્રતિક્ષણ વિલક્ષણસ્વરૂપે ઉત્પન્ન થાય છે. જો આત્મવિશુદ્ધિનું પ્રણિધાન દૃઢપણે પ્રામાણિકતાથી કેળવવામાં આવે તો અસંગ સાક્ષીભાવના અભ્યાસથી આત્મા પ્રતિક્ષણ શુદ્ધ સ્વરૂપે પરિણમે. અન્યથા મલિન સ્વરૂપે, સંસારી સ્વરૂપે પ્રતિક્ષણ આત્મપરિણમન થતાં વાર ન લાગે. આ બાબતને નજર સામે રાખીને પ્રત્યેક આત્માર્થી સાધકે વિનય, વિવેક, વૈરાગ્ય, વિનમ્રતા, વિમલતા, દેહાત્મભેદવિજ્ઞાન, ઉપશમભાવ આદિથી નિરંતર ભાવિત થવું. તેના લીધે **પંચકલ્પભાષ્યચૂર્ણિ**માં દર્શાવેલ બહુસુખવાળા સાદિ-અનંતકાલીન નિર્વાણને મુનિ ઝડપથી મેળવે છે. (૯/૧૩)

---

♦ મ.માં 'અનુતપન્ન' પાઠ. કો.(૨)નો પાઠ લીધેલ છે. † જૈ. પુસ્તકમાં 'ન' નથી.
‡ લી.(૩)માં 'કહી' અશુદ્ધ પાઠ. □ કો.(૧૦)માં 'તિમ' અશુદ્ધ પાઠ. ✡ કો.(૭)માં 'જોઈયૈ' પાઠ.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯)+સિ.+P(૩)+ભા.+લી.(૪)+આ.(૧)માં છે. લા.(૨) આ પાઠ ૧૪૫મી ગાથાના ટબાર્થના છેડે છે. કો.(૧૧)માં આ પાઠ ૧૪૭મી ગાથાના ટબાર્થના છેડે છે.
⁎ પુસ્તકોમાં 'અકલ્પિત' પાઠ. સિ.+કો.(૯)+લી.(૪)+આ.(૧)નો પાઠ લીધો છે.
● P(૨+૩)+લા.(૨)માં 'અનુત્પન્ન જ્ઞાન હોઈ' પાઠ.

**એણઈં ભાવઈં ભાખિઉં, સમ્મતિમાંહિં એ ભાવ રે;**
**સંઘયણાદિક ભવભાવથી, સીઝંતાં કેવલ જાઈં રે ॥૯/૧૪॥ (૧૪૭) જિન.**
**તે સિદ્ધપણઈં વલી ઊપજઈં, કેવલભાવઈં છઈં તેહ રે;**
**વ્યય-ઉત્પત્તિં અનુગમથી§ સદા, શિવમાં તિય લક્ષણ એહ રે ॥૯/૧૫॥ (૧૪૮) જિન.**

ઇમ પરિણામથી સર્વ દ્રવ્યનઈં ત્રિલક્ષણયોગ સમર્થિઓ. **એણઈં જ** અભિપ્રાયઈં **સમ્મતિગ્રંથમાંહિં એ** ભાવઈં ભાખિઉં જે "જે **સંઘયણાદિક ભવભાવથી સીઝંતાં** મોક્ષસમયઈં **કેવલ**જ્ઞાન **જાઈં** = ભવસ્થકેવલજ્ઞાન પર્યાયઈં નાશ થાયઈ." એ અર્થ **તે (વલી)સિદ્ધપણઈં** = સિદ્ધકેવલજ્ઞાનપણઈં **ઊપજઈં**, ♦**તેહ** જ ✡**કેવલ**જ્ઞાન**ભાવેં છઈં** = ધ્રુવ છઈં. એ મોક્ષગમનસમયઈં જે **વ્યય-ઉત્પત્તિ** હુઆં, તત્પરિણતસિદ્ધદ્રવ્યા**નુગમથી (સદા) શિવમાં** = મોક્ષમાંહઈં **(તિય=)** ૩ **લક્ષણ (એહ)** હોઈ. **गाथे –**

[1]**जे संघयणाइया भवत्थकेवलिविसेसपज्जाया।**
**ते सिज्झमाणसमए ण होंति विगयं तओ होइ।।** (स.त.२.३५)
[2]**सिद्धत्तणेण य पुणो उप्पण्णो एस अत्थपज्जाओ।**
**केवलभावं तु पडुच्च केवलं दाइअं सुत्ते ।।** (स.त.२.३६)

એ ભાવ લેઈનઈં "[3]**केवलनाणे दुविहे पण्णत्ते, तं जहा - भवत्थकेवलनाणे य** ●**सिद्धकेवलनाणे य**" **(स्था.सू.२/१/७१)** ઈત્યાદિ સૂત્રિં ઉપદેશ છઈં. ॥૯/**૧૪-૧૫**॥ (युग्म)

---

**अनेनैवाऽऽशयेनोक्तम्, सम्मतौ भवभावतः।**
**सिध्यत्क्षणे हि कैवल्यम्, यातः संहननादि च।।९/१४।।**
**सिद्धत्वेन तदुत्पादः, केवलत्वेन संस्थितिः।**
**व्ययोत्पादानुवृत्त्यैव, शिवे त्रिलक्षणस्थितिः।।९/१५।। (युग्मम्)**

---

§ લી.(૧)માં 'અનુગમ' પાઠ.

♦ કો.(૧૧)માં 'ભેદ' પાઠ છે.

✡ મ.+શાં.માં 'કેવલજ્ઞાનભાવ' પાઠ.

1. ये संहननादयो भवस्थकेवलिविशेषपर्यायाः। ते सिध्यत्समये न भवन्ति, विगतं ततो भवति।।
2. सिद्धत्वेन च पुनः उत्पन्न एष अर्थपर्यायः। केवलभावं तु प्रतीत्य केवलं दर्शितं सूत्रे।।
3. केवलज्ञानं द्विविधं प्रज्ञप्तम्, तद् यथा - भवस्थकेवलज्ञानं चैव सिद्धकेवलज्ञानं चैव।

● મ.+શાં.માં '**सिद्धके...**' પાઠ. કો.(૭)માં '**सिद्धत्थके...**' પાઠ છે.

## ❀ ગુણમાં ઉત્પાદાદિ ત્રિલક્ષણનો વિચાર ❀

**શ્લોકાર્થ** :- આ જ આશયથી **સંમતિતર્ક**માં જણાવેલ છે કે 'સાંસારિક ભાવથી મુક્ત થવાના સમયે સંઘયણ વગેરે તથા સંઘયણાદિવિશિષ્ટ કેવલજ્ઞાન રવાના થાય છે. સિદ્ધત્વરૂપે કેવલજ્ઞાનની ઉત્પત્તિ થાય છે. તેમજ કેવલજ્ઞાનત્વરૂપે કેવલજ્ઞાન સ્થિર રહે છે. આમ ધ્વંસના અને ઉત્પાદના અનુગમથી મોક્ષમાં પણ ત્રિલક્ષણ અબાધિત રહે છે. (૯/૧૪-૧૫) (યુગ્મ)

## ❀ જિનેશ્વરની સર્વજ્ઞતા પરમવિશ્વસનીય ❀

**આધ્યાત્મિક ઉપનય** :- આત્માદિ દ્રવ્યની જેમ કેવલજ્ઞાનાદિ ગુણમાં અને મોક્ષપર્યાયમાં પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની સિદ્ધિ કરવા દ્વારા સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ઉત્પાદાદિ ત્રિલક્ષણની સિદ્ધિ થઈ જાય છે. આનાથી તારક તીર્થંકર ભગવંતમાં રહેલ સર્વજ્ઞતા આદિ સદ્‌ભૂત ગુણો પ્રત્યે આપણી શ્રદ્ધા-વિશ્વાસ આદિમાં ઉછાળો લાવવાનો છે. આ રીતે આપણા સમ્યગ્દર્શનની નિર્મળતા કરવા દ્વારા ક્ષાયિક ગુણવૈભવની પ્રાપ્તિની દિશામાં આપણે આગળ વધવાનું છે. આ જ તો દ્રવ્યાનુયોગના અભ્યાસનું મુખ્ય પ્રયોજન છે. તેના બળથી **આરાધનાપતાકા** પયન્નામાં **શ્રીવીરભદ્રસૂરિ**એ વર્ણવેલ સિદ્ધસ્વરૂપ અત્યંત નજીક આવી જાય. ત્યાં જણાવેલ છે કે 'ત્રૈલોક્યના મસ્તકભાગમાં રહેલા તે સિદ્ધ ભગવાન્ ત્રણેય કાળ સહિત તમામ દ્રવ્ય-પર્યાયોથી યુક્ત સંપૂર્ણ જગતને જાણે છે અને જુએ છે.' (૯/૧૪-૧૫) (યુગ્મ-વ્યાખ્યાર્થ)

'એ ત્રૈલક્ષણ્ય સ્થૂલવ્યવહારનયઈ❑ સિદ્ધનઈં આવ્યું, પણિ સૂક્ષ્મનયઈ નાવ્યું; જે માટઈં સૂક્ષ્મનય ઋજુસૂત્રાદિક તે સમય-સમય પ્રતિં ઉત્પાદ-વ્યય માંનઈં છઈં, તેહ લેઈનઈં; તથા દ્રવ્યાર્થાદિશનો અનુગમ લેઈનઈં જે સિદ્ધ-કેવલજ્ઞાનમાંહઈં ત્રૈલક્ષણ્ય કહિયઈં, તેહ જ સૂક્ષ્મ કહઈવાઈ' - ઈમ વિચારીનઈં પક્ષાંતર કહઈ છઈ -

**જે જ્ઞેયાકારઈં પરિણમઈં, જ્ઞાનાદિક નિજપર્યાય રે;**
**વ્યતિરેકઈં તેહથી સિદ્ધનઈં, તિયલક્ષણ ઈમ પણિ થાય✿ રે ॥૯/૧૬॥ (૧૪૯) જિન.**

✦**જે જ્ઞાનાદિક** = કેવલજ્ઞાન-કેવલદર્શન, **નિજપર્યાયઈં જ્ઞેયાકારઈં** = વર્તમાનાદિવિષયાકારઈં **પરિણમઈઈં. (તેહથી) વ્યતિરેકઈં** કહઈતાં પ્રતિક્ષણ ●અન્યાન્યપણઈં. **સિદ્ધનઈં ઈમ પણિ ત્રિલક્ષણ થાઈં.**

પ્રથમાદિસમયઈં વર્તમાનાકાર છઈં, તેહનો દ્વિતીયાદિક્ષણઈં નાશ અતીતાકારઈં ❖ઉત્પાદ, ✲આકારિભાવઈં = કેવલજ્ઞાન✻-કેવલદર્શનભાવઈં અથવા કેવલ માત્ર ભાવઈં ધ્રુવ; ઈમ ભાવના કરવી.

ઈમ જ્ઞેય-દશ્યાકારસંબંધઈં કેવલનઈં ત્રૈલક્ષણ્ય કહિવઉં. ▸ઈતિ ૧૪૯ ગાથાર્થ.◂ ॥૯/૧૬॥

---

**यो ज्ञानादिः स्वपर्यायः ज्ञेयाकारेण भावितः।**
**व्यतिरेके ततोऽपि स्यात्, त्रैलक्षण्यस्थितिः शिवे।।९/१६।।**

---

### ✱ મોક્ષમાં પણ ત્રૈલક્ષણ્યની સિદ્ધિ ✱

**શ્લોકાર્થ** :- જે જ્ઞાનાદિ સ્વપર્યાય જ્ઞેયાકારથી ભાવિત થાય છે. તથા અન્ય-અન્યરૂપે પરિણમે છે, તેનાથી પણ મોક્ષમાં ઉત્પાદાદિ ત્રૈલક્ષણ્યની સિદ્ધિ થાય છે. (૯/૧૬)

### ✡ અપ્રશસ્ત જ્ઞેય-દૃશ્યને છોડીએ ✡

**આધ્યાત્મિક ઉપનય** :- 'જ્ઞેયઆકારથી જ્ઞાનઉપયોગ ભાવિત થાય છે. દશ્ય પર્યાયથી દર્શન ઉપયોગ ભાવિત થાય છે' - આવું જાણીને વિષયતૃષ્ણા, કષાયાવેશ વગેરે પરિણામોને ઉત્પન્ન કરાવનાર અપ્રશસ્ત

---

❑ પુસ્તકોમાં 'હારઈ' પાઠ. કો.(૧૦+૧૧) + આ.(૧)નો પાઠ લીધો છે.

✿ પુસ્તકોમાં 'થાઈ' પાઠ. કો.(૯)+સિ.નો પાઠ લીધો છે.

✦ કો.(૧૨)માં 'તે' પાઠ.

● લા.(૨)માં 'અજ્ઞાનપણઈ' પાઠ. પુસ્તકોમાં 'અન્યોન્ય' પાઠ. કો.(૭+૧૦)નો પાઠ લીધો છે.

❖ કો.(૧૧)માં 'ઉત્પાદ-વ્યય' પાઠ.

✲ કો.(૯)માં 'આકારભાવઈ'. લા.(૨)માં 'આકારઈભાવઈ' પાઠ.

✻ કો.(૧૦)માં 'કેવલજ્ઞાન' પદ નથી.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

જ્ઞેય-દશ્ય પદાર્થથી સદા દૂર રહેવું. આપણા જ્ઞાન-દર્શન ઉપયોગને મલિન કરનારા અપ્રશસ્ત એવા જ્ઞેય-દશ્ય પદાર્થનો નિરંતર રુચિપૂર્વક પરિચય કરીએ તો જ્ઞાન-દર્શન મિથ્યા બનતા વાર ન લાગે. 'પ્રતિક્ષણ જ્ઞેયાદિ પદાર્થ મુજબ જ્ઞાનાદિ પરિણમે છે' - આવું જાણીને તો ક્ષણવાર પણ અપ્રશસ્ત જ્ઞેય -દશ્ય વસ્તુનો પડછાયો ન લેવાઈ જાય તેની વ્યવહારથી કાળજી રાખવી જોઈએ.

## ❀ અપ્રશસ્તનું આકર્ષણ છોડીએ ❀

તથા સંયોગવશ કે કર્મવશ લાચારીથી અપ્રશસ્ત જ્ઞેય-દશ્ય પદાર્થથી દૂર ન જ રહી શકાય તો તેમાં ઉદાસીનતા-ઉપેક્ષા-અસંગતા-અલિપ્તતા જાળવી રાખવાનો પ્રામાણિકપણે પ્રયત્ન કરવા સદા તત્પર રહેવું. તથા શક્તિ-સંયોગ-સાધનસામગ્રી અનુકૂલ થતાં અપ્રશસ્ત જ્ઞેયાદિ પદાર્થથી દૂર ખસી જવું. આવો આધ્યાત્મિક સંદેશ પ્રસ્તુત શ્લોક દ્વારા ગ્રહણ કરવા યોગ્ય છે. અપ્રશસ્ત જ્ઞેયપદાર્થોથી દૂર થતાં નિરુપમ સિદ્ધસુખ સુલભ બને. **ઔપપાતિકસૂત્ર, પ્રજ્ઞાપનાસૂત્ર, દેવેન્દ્રસ્તવપયન્ના** તથા **તીર્થોદ્ગાલિપયન્ના** નામના આગમમાં જણાવેલ છે કે 'આ પ્રમાણે સિદ્ધોનું સુખ અનુપમ હોય છે. તેની કોઈ ઉપમા નથી.' (૯/૧૬)



હવઈ નિરાકાર જે સમ્યક્ત્વ-વીર્યાદિક ભાવ, તેહનઈં તથા સિદ્ધાદિક શુદ્ધ દ્રવ્યનઈં કાલસંબંધથી ત્રૈલક્ષણ્ય દેખાડઈ છઈ -

**ઈમ જે પર્યાયઈં પરિણમઈ, ક્ષણસંબંધઈં પણિ ભાવ રે;**

**♦તેહથી તિયલક્ષણ✡ સંભવઈ, નહીં તો તે થાય અભાવ રે ॥૯/૧૭॥ (૧૫૦) જિન.**

**ઈમ જે ભાવ ક્ષણસંબંધઈં પણિ પર્યાયથી પરિણમઈ, તેહથી ૩ લક્ષણ સંભવઈ.** જિમ દ્વિતીયક્ષણઈં ભાવ આદ્યક્ષણઇં સંબંધ પરિણામઇં નાશ પામ્યો; દ્વિતીયક્ષણસંબંધપરિણામઇં ઊપનો; ક્ષણસંબંધમાત્રઈં ધ્રુવ છઈ; તે કાલસંબંધથી ત્રૈલક્ષણ્ય સંભવઈંઈ.

**નહીં તો તે** વસ્તુ **અભાવ (થાય=)** થઈ જાઈ. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયોગ જ ભાવલક્ષણસહિત♦ છઈ. તે રહિત શશવિષાણાદિક તે અભાવરૂપઈ છઈ. ▸ઈતિ ૧૫૦ ગાથાર્થ.◂ ॥૯/૧૭॥

**પરામર્શઃ** **इति यः पर्ययेणेतो भावो हि क्षणबन्धतः।**
**ततस्त्रिलक्षणः स स्यात् तस्यैवाऽभावताऽन्यथा।।९/१७।।**

### ❊ ક્ષણસંબંધથી સમકિતાદિમાં ત્રિલક્ષણનું પરિણમન ❊

**શ્લોકાર્થ** :- આ પ્રકારે જે ભાવ ક્ષણસંબંધની દૃષ્ટિએ પર્યાયથી પરિણત થાય, તે ક્ષણસંબંધથી જ તે ભાવ ત્રિલક્ષણવાળો થાય છે. જો આવું ન માનવામાં આવે તો તે ભાવનો ઉચ્છેદ થઈ જાય.(૯/૧૭)

### ❯ કાળ કોળિયો કરી જાય છે ❯

**આધ્યાત્મિક ઉપનય** :- કાળના માધ્યમથી પ્રત્યેક વસ્તુમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની સિદ્ધિ એવું દર્શાવે છે કે આપણે કશું કરીએ કે ના કરીએ પરંતુ પ્રતિસમય કાળ આપણો કોળિયો કરી રહેલ છે. જો કશુંક સારું કરીએ, શક્તિ છૂપાવ્યા વિના આજ્ઞાપાલન કરીએ તો સારા સ્વરૂપે, શુદ્ધ સ્વરૂપે આપણું પરિણમન કાળતત્ત્વ કરે. અન્યથા ખરાબ સ્વરૂપે, મલિન સ્વરૂપે આપણી ઉત્પત્તિ કાળતત્ત્વ કરે તો નવાઈ નહિ. આ બાબતને સતત નજર સામે રાખીને સ્વભૂમિકા મુજબ અહોભાવથી ઉપયોગપૂર્વક જિનાજ્ઞાપાલનમાં મસ્ત રહેવાનો આધ્યાત્મિક ઉપદેશ આ શ્લોક દ્વારા મેળવવા યોગ્ય છે. આ રીતે જ મોક્ષમાર્ગમાં આગળ વધવાથી **વિંશિકાપ્રકરણ**માં દર્શાવેલ સિદ્ધસુખ ખૂબ જ નજીક આવે. ત્યાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ અનંત સિદ્ધસુખને સિદ્ધ કરતાં જણાવેલ છે કે 'સર્વ શત્રુના ક્ષયથી, સર્વ રોગોના નાશથી, સર્વ અર્થનો સંયોગ થવાથી તથા સર્વ ઈચ્છાઓની પૂર્તિ થવાથી જીવને જે સુખ થાય, તે કરતાં અનંતગણું આ સિદ્ધોનું સુખ ભાવશત્રુના ક્ષય વગેરેથી હોય છે.' (૯/૧૭)

---

♦ કો.(૯)+સિ.માં 'તિણથી' પાઠ.

✡ આ.(૧)માં 'લક્ષણપણિ' પાઠ.

♦ પુસ્તકોમાં 'સહિત' નથી. આ.(૧)માં છે.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

**નિજ-પર♦પર્યાયઈ એકદા, બહુ સંબંધઈ બહુ રૂપ રે;**
**ઉત્પત્તિ-નાશ ઈમ સંભવઈ, નિયમઈ તિહાં ધ્રૌવ્ય સ્વરૂપ રે ॥૯/૧૮॥ (૧૫૧)**
**જિન.**

ઈમ **નિજપર્યાયઈ** જીવ-પુદ્ગલનઈ, તથા **પરપર્યાયઈ** આકાશ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય - એ ત્રણ દ્રવ્યનઈ, **(એકદા=)** એક કાલઈ **(બહુ=)** ❒ઘણઈ **સંબંધઈ બહુ (રૂપ=)**✡પ્રકારઈ **ઉત્પત્તિ-નાશ (ઈમ) સંભવઈ.** જેટલા ♦સ્વ-પરપર્યાય, તેટલા ઉત્પત્તિ-નાશ હોઈ. ⁑તે વતી **તિહાં ધ્રૌવ્ય સ્વરૂપ** તેટલાં **(નિયમઈ=)** નિરધાર છઇ. પૂર્વાપરપર્યાયાનુગત-આધારાંશ તાવન્માત્ર હોઈ, તે વતી । **अत्र *सम्मति*गाथा** –

**[1]एगसमयम्मि एगदवियस्स बहुया वि होंति उप्पाया।**
**उप्पायसमा विगमा, ठिईउ उस्सग्गओ णियमा ।।** (स.त.३.४१) ॥૯/૧૮॥

परामर्शः

**बहुसम्बन्धतो नाना, स्वान्यभावत एकदा।**
**उत्पत्ति-नाशसम्भूतिः ध्रौव्यं तत्र तथैव हि।।९/१८।।**

### ❋ સ્વ-પરપર્યાયથી અનેકવિધ ઉત્પાદાદિ ❋

***શ્લોકાર્થ*** :- સ્વ-પર પર્યાયથી એકીસાથે અનેક વસ્તુનો સંબંધ થવાથી અનેકવિધ ઉત્પાદ-વ્યય સંભવી શકે છે. તથા તે વસ્તુમાં ધ્રૌવ્ય પણ તે જ રીતે તેટલા પ્રકારે સંભવે છે. (૯/૧૮)

### દરેક દ્રવ્યની તમામ દ્રવ્ય ઉપર અસર

**આધ્યાત્મિક ઉપનય** :- 'દરેક દ્રવ્ય અન્ય તમામ દ્રવ્યની સાથે સાક્ષાત્ કે પરંપરાએ સંકળાયેલા છે' - આ હકીકતથી એવું ફલિત થાય છે કે દરેક દ્રવ્યમાં થતા ફેરફારની ઓછી-વત્તી અસર સ્વ-પર ઉપર પડતી હોય છે. મતલબ કે જગતના કોઈ પણ ખૂણામાં બનતી નાની-મોટી પ્રત્યેક ઘટના સર્વત્ર ઓછા-વત્તા અંશે સારા-નરસા પ્રત્યાઘાત પાડવાનું કામ કરે છે. આવું જાણીને આપણા નિમિત્તે કોઈને આંશિક પણ નુકસાન થઈ ન જાય તેની પહેલેથી જ કાળજી રાખીને, પરપીડાદિનો પરિહાર કરીને આપણે પ્રત્યેક પ્રવૃત્તિ-વૃત્તિમાં જોડાવું જોઈએ. આવો આધ્યાત્મિક ઉપદેશ અહીં ગ્રહણ કરવા યોગ્ય છે. પરપીડાપરિહારપરિણતિના પ્રભાવે 'સિદ્ધ પરમાત્મા ત્રિભુવનપૂજ્ય, કેવલજ્ઞાની, નિરંજન અને નિત્ય છે.' - આ મુજબ **પ્રાચીન દ્વિતીય કર્મગ્રન્થ**માં જણાવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટ થાય. (૯/૧૮)

♦ મ.માં 'નિજપર્યાયત્વઈ...' ત્રુટક પાઠ છે. કો.(૧+૪+૮+૧૦+૧૧)+P(૨)નો પાઠ લીધેલ છે.
❒ લી.(૩)માં 'પણિ' પાઠ.
✡ પુસ્તકોમાં 'પ્રકાર' પાઠ. કો.(૭)નો પાઠ લીધો છે.
♦ કો.(૧૦)માં 'પર' પાઠ નથી.
⁑ લી.(૧)માં 'તેવલી' પાઠ.
1. एकसमये एकद्रव्यस्य बहवः अपि भवन्ति उत्पादाः। उत्पादसमा विगमाः स्थितय उत्सर्गतो नियमात्।।

હવઈ ઉત્પાદના ભેદ કહઈ છઈ -

**દ્વિવિધ પ્રયોગજ વીસસા, ઉત્પાદ પ્રથમ અવિશુદ્ધ રે;**
**તે નિયમઈં સમુદયવાદનો, યતનઈં સંયોગજ સિદ્ધ રે ॥૯/૧૯॥ (૧૫૨) જિન.**

**દ્વિવિધ** = ઉત્પાદ ૨ પ્રકારઈં છઈં; એક **પ્રયોગજ**, બીજો **વીસસા** કહતાં સ્વભાવજનિત. **પહિલો ઉત્પાદ** તે વ્યવહારનો છઈ. તે માટઈં **અવિશુદ્ધ** કહિઈં.

તે (**નિયમઈં**=) નિર્દ્ધાર **સમુદયવાદનો** તથાયતનઈં કરી અવયવ**સંયોગઈ સિદ્ધ** કહિઇ.

अत्र *सम्मति*गाथा -

[1]उप्पाओ दुविअप्पो, पओगजणिओ अ वीससा चेव।
तत्थ य पओगजणिओ, समुदयवाओ अपरिसुद्धो ।। (स.त.३.३२)

▸इति १५२ ગાથાર્થ સંપૂર્ણમ્◂ ॥૯/૧૯॥

**प्रयोग-विस्रसाजन्यो द्विधोत्पादोऽविशुद्धता।**
**आद्ये, समूहवादत्वं यत्नात् संयोगजत्वतः।।९/१९।।**

### ✿ ઉત્પત્તિના બે ભેદને સમજીએ ✿

**શ્લોકાર્થ** :- ઉત્પત્તિના બે પ્રકાર છે. પ્રયોગજન્ય અને વિસ્રસાજન્ય = સ્વભાવજન્ય. પ્રયોગજન્ય ઉત્પત્તિમાં અશુદ્ધતા રહેલી છે. પ્રયત્નના નિમિત્તે સંયોગજન્ય હોવાથી પ્રથમ ઉત્પત્તિમાં સમૂહવાદત્વ રહેલ છે. (૯/૧૯)

### ✿ અંતરંગ-બહિરંગ સત્ પુરુષાર્થ ન ચૂકીએ ✿

**આધ્યાત્મિક ઉપનય** :- **સ્થાનાંગસૂત્ર**, **ભગવતીસૂત્ર** વગેરે મુજબ સામાન્યતયા ઉત્પત્તિ ભલે પ્રયોગજન્ય, વિસ્રસાજન્ય, ઉભયજન્ય - આમ ત્રણ પ્રકારે હોય. પરંતુ આપણી ક્ષપકશ્રેણિ, વીતરાગતા, કેવલજ્ઞાનાદિ વિભૂતિ વગેરેની ઉત્પત્તિ તો વિસ્રસાજન્ય નથી જ. તેથી જ તે માટે તો આપણે અંતરંગ જ્ઞાનપુરુષાર્થ અને બહિરંગ ચારિત્રપુરુષાર્થ કરવો જ રહ્યો. વિવેકપૂર્વક જિનાજ્ઞા મુજબ આ બન્ને ઉદ્યમમાં સંતુલન રાખીએ તો જ **બૃહદ્ નયચક્ર** (તેનું બીજું નામ છે **દ્રવ્યસ્વભાવપ્રકાશ**) ગ્રંથમાં દર્શાવેલ મોક્ષ સુલભ બને. ત્યાં **માઈલ્લધવલે** જણાવેલ છે કે “પોતાના સ્વભાવના લીધે જીવ સંચિત થયેલ મૂલ-ઉત્તર કર્મપ્રકૃતિને છોડે છે, તે મોક્ષ કહેવાય છે.” ચાલો, અંતરંગ-બહિરંગ સત્પુરુષાર્થને પ્રામાણિકપણે કેળવીને કૈવલ્યલક્ષ્મીને તથા મુક્તિને પ્રાપ્ત કરીએ. (૯/૧૯)

•

1. उत्पादो द्विविकल्पः प्रयोगजनितश्च विस्रसा चैव। तत्र तु प्रयोगजनितः समुदयवादोऽपरिशुद्धः।।

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

**સહજઈ થાઈ તે વીસસા, સમુદય એકત્વ પ્રકાર રે;**
**♦સમુદય અચેતન ખંધનો, વલી સચિત્ત મીસ નિરધાર રે ॥૯/૨૦॥ (૧૫૩) જિન.**

જે **સહજઈ** યતન વિના ઉત્પાદ **થાઈ**, **તે વિશ્રસા** ઉત્પાદ કહિઈઈં.

તે એક **સમુદયજનિત**, બીજો **(પ્રકાર) ઐકત્વિક.**✡

उक्तं च – [1]“साहविओ वि समुदयकओ व्व एगत्तिओव्व□ होज्जाहि।” (स.त.३.३३)

**સમુદયજનિત** વિશ્રસાઉત્પાદ, તે **અચેતનસ્કંધ**♦ અભ્રાદિકનો. **(વલી=)** તથા **સચિત્ત મિશ્ર** શરીર વર્ણાદિકનો **નિર્ધાર** જાણવો. ॥૯/૨૦॥

---

**अयत्नजो द्वितीयः, स समूहैकत्विकौ द्विधा।**
**जड-चेतन-मिश्राणां समुदयकृतो भवेत्॥९/२०॥**

---

**❀ વિસ્રસા ઉત્પત્તિનું લક્ષણ ❀**

**શ્લોકાર્થ** :- પ્રયત્ન વિના જે ઉત્પત્તિ થાય તે બીજી = વિસ્રસાજન્ય ઉત્પત્તિ છે. વૈસ્રસિક ઉત્પત્તિ બે પ્રકારે છે. (૧) સમુદાયજન્ય અને (૨) ઐકત્વિક. જડ, ચેતન અને મિશ્ર વસ્તુની વૈસ્રસિક ઉત્પત્તિ સમુદાયજનિત હોય છે. (૯/૨૦)

**❀ વૈસ્રસિક ઉત્પત્તિની સમજણ કર્મબંધથી બચાવે ❀**

**આધ્યાત્મિક ઉપનય** :- 'વાદળા, વીજળી વગેરેની સ્વાભાવિક ઉત્પત્તિ સમુદયકૃત છે' - આવું જાણીને ઉનાળામાં ભરબપોરે ખુલ્લા તડકામાં દેરાસર-ઉપાશ્રય જતી વેળાએ કે દૂરના ઘરોમાં ગોચરી જતી વખતે કે વિહારસમયે 'આકાશમાં વાદળા છવાઈ જાય તો સારું' - આવી ઈચ્છા ન કરવી. કેમ કે તેવી ઈચ્છા કરવાથી આકાશમાં વાદળા આવી જવાના નથી. તથાવિધ નૈસર્ગિક પૌદ્ગલિક પ્રક્રિયા થાય તો જ વાદળાની ઉત્પત્તિ થાય, અન્યથા ન થાય. તો આપણે તેવી ઈચ્છા કરીને શા માટે ઈષ્ટવિયોગનિમિત્તક આર્ત્તધ્યાન કરવું ? તે જ રીતે ઉનાળામાં 'ઠંડો પવન વાય તો સારું', ચોમાસામાં 'વરસાદ પડે તો સારું' અને શિયાળામાં 'તડકો નીકળે તો સારું' - આવી કામના કરીને આર્ત્તધ્યાન કરી કર્મબંધ ન થઈ જાય તેની સાવધાની રાખવી. કેમ કે આવા પ્રકારની ઉત્પત્તિ સમુદાયકૃત વૈસ્રસિક ઉત્પત્તિ છે. જીવના પ્રયત્નની તેમાં કશી જ આવશ્યકતા રહેતી નથી. વૈસ્રસિક ઉત્પત્તિ પ્રત્યે આપણી ઈચ્છા કે પ્રયત્ન અન્યથાસિદ્ધ છે, અકારણ છે. જેની કોઈ કિંમત ન હોય, જેની કોઈ આવશ્યકતા ન હોય, જેનું કોઈ પ્રયોજન ન હોય તેને લાવવાની મજૂરી ડાહ્યો માણસ શા માટે કરે ? આવો આધ્યાત્મિક સંદેશ અહીં મેળવવા યોગ્ય છે. આ રીતે આર્ત્તધ્યાન વગેરેનો ત્યાગ કરીને અસંગદશા પ્રાપ્ત થવાથી તમામ ઉપાધિઓથી (= દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી) રહિત (= વિશુદ્ધ) પોતાના ચૈતન્યસ્વરૂપની ઉપલબ્ધિ-સ્વરૂપ મોક્ષ સુલભ બને. મોક્ષનું આવું સ્વરૂપ **અનેકાન્તવ્યવસ્થા** પ્રકરણમાં જણાવેલ છે.(૯/૨૦)

---

♦ કો.(૯+૧૦+૧૧) + લા.(૨)માં 'સમુદાય' પાઠ. ✡ લી.(૧)માં 'એકકર્તૃક' પાઠ. 1. स्वाभाविकोऽपि समुदयकृतः वा ऐकत्विको वा भवेत्। □ પુસ્તકોમાં 'ऽत्थ' પાઠ. કો.(૯) + સિ. + લા.(૨) નો પાઠ લીધો છે.

♦ કો.(૯)માં 'અચેતનસ્કંધ વિભાગઈ' પાઠ.

**સંયોગ વિના એકત્વનો તે દ્રવ્યવિભાગઈં સિદ્ધ રે;**
**જિમ ખંધ વિભાગઈં અણુપણું, વલી કર્મવિભાગઈં સિદ્ધ રે ॥૯/૨૧॥ (૧૫૪)**
**જિન.**

**સંયોગ વિના** જે વિસ્રસાઉત્પાદ તે **ઐકત્વિક** જાણવો. **તે દ્રવ્યવિભાગઈં સિદ્ધ** કહતાં ઉત્પન્ન જાણવો. **જિમ** દ્વિપ્રદેશાદિક **સ્કંધ વિભાગઈં અણુપણું** કહતાં પરમાણુ દ્રવ્યનો ઉત્પાદ (**વલી=**) તથા ❒**કર્મવિભાગઈં સિદ્ધ**પર્યાયનો ઉત્પાદ.

"અવયવસંયોગઈં જ દ્રવ્યની ઉત્પત્તિ હોઈ, પણિ વિભાગઈં ન હોઈ" - એહવું જે **નૈયાયિકાદિક** કહઇ છઈ, તેહનઈં ♦એકતન્ત્વાદિવિભાગઈં ⌛ખંડપટોત્પત્તિ કિમ ઘટઈ ? ✡પ્રતિબંધકાભાવસહિત-અવસ્થિતાવયવસંયોગનઈં હેતુતા કલ્પતાં મહાગૌરવ હોઈ.

તે માટઈં ઈહાં♦ કિહાંઈક સંયોગ, કિહાંઈક વિભાગ દ્રવ્યોત્પાદક માનવો. તિવારઈં વિભાગજ પરમાણૂત્પાદ પણિ અર્થસિદ્ધ થયો. એ ***સમ્મતિ***માંહિ સૂચિઉં છઈ. **तदुक्तम्** -

**[1]दव्वंतरसंजोगाहि❖ केई दवियस्स बेंति उप्पायं।**
**उप्पायत्थाऽकुसला विभागजायं ण इच्छंति।।** (स.त.३.३८)
**[2]'अणु' दुअणुएहिं दव्वे आरद्धे 'तिअणुयं'ति ववएसो।**
**तत्तो य पुण विभत्तो 'अणु'त्ति जाओ अणू होइ।।** (स.त.३.३९) ॥૯/૨૧॥

---

परामर्शः **संयोगमृत एकत्वम्, द्रव्यविभागतो यथा।**
**स्कन्धविभागतोऽणुत्वम्, कर्मविभागतः शिवः।।९/२१।।**

---

### ❖ ઐકત્વિક વૈસ્રસિક ઉત્પત્તિની વ્યાખ્યા ❖

**શ્લોકાર્થ** :- સંયોગ વિના દ્રવ્યવિભાગથી થનાર વૈસ્રસિક ઉત્પત્તિને ઐકત્વિક જાણવી. જેમ કે સ્કંધવિભાગથી થનાર અણુપણું (= અણુજન્મ) તથા કર્મવિભાગજન્ય મોક્ષ. (૯/૨૧)

---

❒ આ.(૧)માં 'તથા-તથાકર્મ...' પાઠ.
♦ શાં.માં 'એકત્વતાદિ' અશુદ્ધ પાઠ.
⌛ લી.(૩)માં 'ખંડઘટો...' પાઠ.
✡ લી.(૨+૩) + કો.(૧૦+૧૧)માં 'પ્રતિબંધકાલભાવ' પાઠ.
♦ ફક્ત લા.(૨)માં 'ઈહાં' પાઠ.
❖ P(૧+૩)માં પાઠ **संजोगादि के वि.....**
1. द्रव्यान्तरसंयोगेभ्यः केचिद् द्रव्यस्य ब्रुवन्त्युत्पादम्। उत्पादार्थाऽकुशला विभागजातं नेच्छन्ति।।
2. 'अणुः' द्व्यणुकैर्द्रव्ये आरब्धे 'त्र्यणुकमि'ति व्यपदेशः। ततश्च पुनर्विभक्तोऽणुरिति जातोऽणुर्भवति।।

### ꖴ કર્મવિભાગ માટે સજ્જ થઈએ ꖴ

**આધ્યાત્મિક ઉપનય** :- ‘કર્મનો વિભાગ = વિયોગ થવાથી મોક્ષની ઉત્પત્તિ થાય છે’ - આવું શ્લોકના ઉત્તરાર્ધમાં જણાવેલ છે તેનાથી સૂચિત થાય છે કે જ્યાં સુધી નિરર્થક/અનર્થક પદાર્થોને આપણે સંઘરીને બેઠા છીએ ત્યાં સુધી સાર્થક-પરમાર્થભૂત નિર્મળ આત્મતત્ત્વની-મુક્તિની ઉપલબ્ધિ શક્ય નથી. નિરર્થક હટે નહિ ત્યાં સુધી સાર્થક પ્રગટે નહિ. ઉપાધિ ખસે નહિ ત્યાં સુધી નિરુપાધિક નિજસ્વરૂપની નિષ્પત્તિ થાય નહિ. નકામું નિરુપયોગી તત્ત્વ જાય નહિ ત્યાં સુધી કામનું ઉપયોગી આત્મતત્ત્વ પૂર્ણપણે પ્રગટ થાય નહિ. તેથી મુક્તિકામનાવાળા આત્માર્થી સાધકે કર્મસ્વરૂપ ઉપાધિને ભેગી કરવાના બદલે, વધારવાના બદલે તેના વિઘટન માટે સદા સજ્જ રહેવું જોઈએ. તેના લીધે **તત્ત્વાર્થસૂત્રવૃત્તિ**માં જણાવેલ મોક્ષ સુલભ થાય. ત્યાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે “જ્ઞાન-દર્શનઉપયોગસ્વરૂપ આત્મા સર્વ કર્મથી મુક્ત થઈને પોતાનામાં રહે તે મોક્ષ છે.’ (૯/૨૧)

**વિણ ખંધ ♦રે હેતુ સંયોગ જે, પરસંયોગઈ ઉત્પાદ રે;**
**વલી જે ખિણ ખિણ✡ પર્યાયથી, તે એકત્વજ અવિવાદ રે ॥૯/૨૨॥ (૧૫૫)**
**જિન.**

જિમ પરમાણુનો ઉત્પાદ એકત્વજ તિમ (**વિણ ખંધ હેતુ** =) જેણઈં સંયોગઈં સ્કંધ ન નીપજઈં, એહવો જે ધર્માસ્તિકાયાદિકનો જીવ-પુદ્ગલાદિક **સંયોગ** તદ્દ્વારઈં જે ♦સંયોગયુક્ત (=**પરસંયોગઈં**) **દ્રવ્યોત્પાદ** અસંયુક્તાવસ્થાવિનાશપૂર્વક.

તથા ઋજુસૂત્રનયાભિમત જે **ક્ષણિકપર્યાય** પ્રથમ-દ્વિતીયસ❐મયાદિદ્રવ્યવ્યવહારહેતુ, તદ્દ્વારઈં ઉત્પાદ **તે** સર્વ **એકત્વજ** જાણવો. ઈહાં કોઈ **વિવાદ નથી.** ॥૯/૨૨॥

**स्कन्धाऽहेतोः समुत्पादो धर्मादेः परयोगतः।**
**क्षणिकपर्ययाच्चैव ज्ञेय ऐकत्विको ध्रुवम्।।९/२२।।**

**❋ ધર્માસ્તિકાય વગેરેમાં ઉત્પત્તિ આદિની વિચારણા ❋**

***શ્લોકાર્થ*** :- સ્કંધનો હેતુ ન બને તેવા પરદ્રવ્યસંયોગથી તથા ક્ષણિકપર્યાયથી ધર્માસ્તિકાય વગેરેની જે ઉત્પત્તિ થાય છે, તેને નિયમા ઐકત્વિક વૈસ્રસિક ઉત્પત્તિ જાણવી. (૯/૨૨)

**❋ ધર્માસ્તિકાયથી પણ ઉપદેશ લઈએ ❋**

**આધ્યાત્મિક ઉપનય** :- ધર્માસ્તિકાય વગેરે દ્રવ્ય જેમ અલિપ્ત રહે છે તેમ અનિવાર્યપણે કરવા પડતા પાપ કરતી વખતે તથા સ્ત્રી વગેરેનો સંયોગ થવા છતાં સાધક તદ્દન અલિપ્ત રહે, નિરાળો રહે, ન્યારો રહે તો ઘણા પાપકર્મબંધનથી બચી શકે. તથા પુદ્ગલદ્રવ્યો જેમ એક-બીજામાં ભળે છે તેમ જીવ પાપપ્રવૃત્તિમાં અંદરથી ભળી જાય તો ઘણા પાપકર્મ બાંધે. આ બોધપાઠ અહીં લેવા યોગ્ય છે.

**❋ જ્ઞાનયોગને યોગ્ય બનીએ ❋**

તદુપરાંત બીજી એક બાબત એ પણ ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે - ધર્માસ્તિકાય વગેરે નિષ્ક્રિય દ્રવ્યોમાં પણ સક્રિય દ્રવ્યના સંયોગનિમિત્તે કે કાળતત્ત્વના માધ્યમથી થતા ઉત્પાદ-વ્યય કેવલ જ્ઞેય છે, હેય કે ઉપાદેય નહિ. શાસ્ત્રાનુસાર કે શાસ્ત્રાનુસારી તર્કાનુસાર તેનો તથાસ્વરૂપે સ્વીકાર કરવાથી (૧) સર્વજ્ઞ ભગવંત પ્રત્યે આપણો વિશ્વાસ અને આદરભાવ ઉલ્લસિત થાય છે, (૨) બુદ્ધિ સૂક્ષ્મ અને શાસ્ત્રપરિકર્મિત થાય છે, (૩) મન એકાગ્ર અને શાંત થાય છે, (૪) મિથ્યાત્વમોહનીય કર્મનો ક્ષયોપશમ સ્થિર અને બળવાન થાય છે, (૫) જ્ઞાનયોગની યોગ્યતા અને પરાકાષ્ઠા પ્રગટે છે. તેના લીધે **તત્ત્વાર્થસૂત્રકારિકા**માં વર્ણવેલ નિરુપમ મોક્ષસુખ ખૂબ જ નજીક આવે. ત્યાં મોક્ષસુખને જણાવતાં કહેલ છે કે 'આખાય વિશ્વમાં મોક્ષસુખતુલ્ય બીજો કોઈ પદાર્થ વિદ્યમાન નથી કે જેની ઉપમા મોક્ષસુખને લાગુ પડે. તેથી તે સર્વોત્કૃષ્ટ મોક્ષસુખ નિરુપમ = ઉપમાશૂન્ય છે.' (૯/૨૨)

♦ પુસ્તકોમાં 'રે' નથી. સિ.માં છે. ✡ પુસ્તકોમાં 'ષિણ ષિણ' પાઠ. આ.(૧)માં 'ક્ષણ ક્ષણ' પાઠ.
♦ પુસ્તકોમાં 'સંયુક્ત' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે. ❐ લી.(૧)માં '....દ્વિતીયસપર્યાયા...' પાઠ.

**પરપ્રત્યય ♦ધર્માદિકતણો, નિયમઈ ભાખિઓ ઉત્પાદ રે;**
**‡નિજપ્રત્યય પણિ ✡તેહિ જ કહો, જાણિ અંતર નયવાદ રે ॥૯/૨૩॥ (૧૫૬) જિન.**

**ધર્માસ્તિકાયાદિકનો ઉત્પાદ તે નિયમઈ પરપ્રત્યય** = સ્વોપષ્ટમ્ભ†ગત્યાદિપરિણતજીવ-પુદ્ગલાદિનિમિત્તજ **ભાખિઓ**. ઉભયજનિત તે એકજનિત પણિ હોઈ, તે માટઈ **તેહનઈ (જ) નિજપ્રત્યય પણિ કહો. અંતરનયવાદ** = નિશ્ચય-વ્યવહાર **જાણીનઈ**.

એ અર્થ - [1]"**आगासाईआणं तिण्हं परपच्चओ(ऽ)णियमा।। (स.त.३.३३)**" એ ***સમ્મતિ***ગાથા મધ્યે ▫અકારઈ પ્રશ્લેષઈ બીજો અર્થ વૃત્તિકારઈ કહિઓ છઈ, તે અનુસરીનઈં લિખ્યો છઈ. ॥૯/૨૩॥

---

**धर्मादीनां समुत्पादोऽन्यप्रत्ययाद्धि भाषितः।**
**स्वप्रत्ययं तमेवाऽपि ज्ञात्वा नयान्तरं वद।।९/२३।।**

---

## ❊ ધર્માસ્તિકાયાદિમાં સ્વનિમિત્તક ઉત્પત્તિ ❊

***શ્લોકાર્થ*** :- ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યની ઉત્પત્તિ અન્ય નિમિત્તે શાસ્ત્રમાં બતાવેલ છે. તેમ છતાં અન્ય (= નિશ્ચય) નયને જાણીને તે જ ઉત્પત્તિને સ્વનિમિત્તક પણ કહો. (૯/૨૩)

### ❯ હાનિકારક અંશને છોડીએ ❯

**આધ્યાત્મિક ઉપનય** :- ધર્માસ્તિકાયાદિની ઉત્પત્તિમાં રહેલ સ્વનિમિત્તકતા અને પરનિમિત્તકત્વ - આ બે અંશમાંથી પરનિમિત્તકત્વ અંશને છોડીને સ્વનિમિત્તકત્વ અંશને પકડી તે ઉત્પત્તિને ઐકત્વિક વૈસ્રસિક કહેવાનો નિશ્ચયનયનો મત જાણીને અહીં એટલો આધ્યાત્મિક બોધપાઠ લેવાની જરૂર છે કે કોઈ પણ વ્યક્તિ, વસ્તુ કે વિચારના અનેક પાસાઓમાંથી તે અંશને જ આપણે પકડવો જોઈએ કે જે અંશને પકડવાથી, મુખ્ય કરવાથી આપણને આધ્યાત્મિક લાભ થાય, કોઈ પણ વ્યક્તિ પ્રત્યે મૈત્રી-પ્રમોદાદિ ભાવનાઓને હાનિ ન પહોંચે, તે વસ્તુ પ્રત્યે અનાસક્ત-વિરક્ત પરિણતિ ઘવાય નહિ તથા તે વિચાર પ્રત્યે આગ્રહ-હઠાગ્રહ-દુરાગ્રહ ઉભો થઈ ન જાય. આપણી આધ્યાત્મિક મનોદશામાં બાધક બને તેવા અન્ય અંશો પ્રત્યે ઉપેક્ષા-ઉદાસીનતા કેળવવી. તે બાબત અંગે સંક્લેશકારક ચર્ચામાં પડવું નહિ.

---

♦ કો.(૯) + સિ.માં 'ધર્માસ્તિકતણો' પાઠ.

‡ લી.(૨)માં 'જિનપ્રત્યય' અશુદ્ધ પાઠ.

✡ પુસ્તકોમાં 'તેહ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

† પુસ્તકોમાં 'સ્વોપષ્ટમ્ભગ...' પાઠ. લી.(૧+૨+૩+૪) + કો.(૧૦+૧૧)નો પાઠ લીધો છે.

1. आकाशादीनां त्रयाणां परप्रत्ययो(ऽ)नियमात्।

▫ પુસ્તકોમાં 'અકાર' પાઠ. (૯+૧૧)+સિ.નો પાઠ લીધો છે.

## શુદ્ધ ભાવસ્યાદ્વાદને અપનાવીએ

હા, આપણે પકડેલા અંશો ગ્રાહ્ય છે કે ત્યાજ્ય ? તેનો યથાર્થ નિર્ણય કરવા માટે કોઈ પણ વ્યક્તિ, વસ્તુ કે વિચારના શક્ય તમામ પાસાઓનો મુખ્ય વિચાર આપણે કરી લેવો જોઈએ, જેથી આપણો નય દુર્નય ન બની જાય. તથા આપણો અનેકાન્તવાદ એ દ્રવ્યસ્યાદ્વાદ (સગવડવાદ) કે અશુદ્ધ (= મલિનઆશયગર્ભિત) અનેકાન્તવાદ સ્વરૂપ બનવાના બદલે વિશુદ્ધ ભાવઅનેકાન્તવાદ બની રહે. તેથી કોઈ પણ વ્યક્તિ, વસ્તુ કે વિચારનું યથાર્થ મૂલ્યાંકન કરવાની આ પદ્ધતિને સારી રીતે આત્મસાત્ કરવાથી જ કોઈ પણ વ્યક્તિ, વસ્તુ કે વિચારને આપણા દ્વારા થતો અન્યાય અટકી જાય. તથા તેને યોગ્ય ન્યાય પણ મળે. આ રીતે જીવન જીવવાથી **સંવેગરંગશાળા**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ નજીક આવે છે. ત્યાં શ્રી**જિનચંદ્રસૂરિ**એ જણાવેલ છે કે 'જગતમાં પ્રસિદ્ધ સિદ્ધ ભગવંતો એવા અપૂર્વ દીપક છે કે જે સંસારીરૂપે બૂઝાઈ જવા છતાં પણ તથા તેલ અને વાટ ન હોવા છતાં પણ જગતને પ્રકાશે છે. તેઓ જગતમાં જય પામે છે.' (૯/૨૩)

**દ્વિવિધ નાશ પણિ જાણિઈં, એક રૂપાંતર પરિણામ રે;**
**અર્થાંતરભાવગમન વલી, બીજો પ્રકાર અભિરામ રે ॥૯/૨૪॥ (૧૫૭) જિન.**

□**परिणामो ह्यर्थान्तरगमनं न**ᴕ **च सर्वथा** ♦**व्यवस्थानम्**।

✡**न च सर्वथा विनाशः, परिणामस्तद्विदामिष्टः** ।। (उत्तराध्ययनबृहद्वृत्ति-२८/१२ उद्धरण)

♦[1]**सत्पर्यायेण विनाशः, प्रादुर्भावोऽसता च** ●**पर्यायतः**।

**द्रव्याणां परिणामः, प्रोक्तः खलु पर्यवनयस्य**।। (प्र.पद १३ सू.१८२) એ વચન ***सम्मति-प्रज्ञापनावृत्ति***.

(**નાશ પણિ દ્વિવિધ જાણિઈં.**) 'કથંચિત્ સત્ રૂપાંતર પામઇ સર્વથા વિણસઈ નહીં' - તે દ્રવ્યાર્થિકનયનો પરિણામ કહિયઓ. 'પૂર્વ સત્પર્યાયઇં વિણસઈ, ઉત્તર ❖અસત્ પર્યાયઇં ઉપજઈ' - તે પર્યાયાર્થિકનયનો પરિણામ કહિયઓ.

એ અભિપ્રાય જોતાં **એક રૂપાંતર પરિણામ** *અવસ્થિત દ્રવ્યનો* વિનાશ; એક (**વલી બીજો પ્રકાર**) **અર્થાંતરગમન** વિનાશ - એ (**અભિરામ**) વિનાશના ૨ ભેદ જાણવા. ▸ઈતિ ૧૫૭ ગાથાર્થ પૂર્ણ.◂ ॥૯/૨૪॥

---

परामर्शः

**नाशो द्विधाऽन्यरूपेण समूहजनितेषु तु।**
**आद्योऽर्थान्तरपर्याय-गमने चरमस्तथा।।९/२४।।**

---

### ❊ વિનાશના બે પ્રકાર ❊

**શ્લોકાર્થ** :- વિનાશ બે પ્રકારે છે. સમુદાયજન્ય પદાર્થને વિશે અન્યરૂપે પ્રથમ પ્રકારનો વિનાશ હોય છે. તથા અર્થાન્તરપર્યાયની પ્રાપ્તિ થાય તો બીજા પ્રકારનો વિનાશ થાય છે. (૯/૨૪)

---

□ 'परिणामोऽवस्थान्तर..' इति **स्याद्वादमञ्जर्याम्**।

ᴕ 'न तु' इति **भगवतीसूत्रवृत्तौ**।

♦ '**ध्रुवता**' इति क्वचित्।

✡ **न च सर्वथा पर्यायोच्छेदः, तथा सति शून्यं जगत्.** પાલિ૦.

♦ પુસ્તકોમાં '**सत्पर्यायविनाश**' પાઠ કો.(૯+૧૦+૧૧) + સિ. + લા.(૨)નો પાઠ લીધો છે.

● કો.(૯+૧૦+૧૧) + સિ. માં '**पर्ययतः**' પાઠ.

❖ કો.(૯) + સિ.માં 'સત્' પાઠ.

1. सत्पर्ययेण नाशः, प्रादुर्भावोऽसता च पर्ययतः। द्रव्याणां परिणामः प्रोक्तः खलु पर्यवनयस्य।। इति **स्थानाङ्गसूत्रवृत्तौ** लेशतः पाठभेदः १०/सू.७१३/भाग-३/पृष्ठ-८१७।

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

## ❋ મુક્તાત્મસ્વરૂપે આત્માને પરિણમાવીએ ❋

**આધ્યાત્મિક ઉપનય** :- અમૂર્ત્ત આત્મપ્રદેશોથી આરબ્ધ અનાદિસિદ્ધ અવસ્થિત આત્મદ્રવ્ય સંસારીરૂપે પ્રથમ પ્રકારે નાશ પામી વહેલી તકે મુક્તાત્મસ્વરૂપે પરિણમે તે જ આપણું કર્તવ્ય છે અને તે જ આપણી સાધનાની સમ્યક્ ફલશ્રુતિ છે. 'દેવ-દાનવ-માનવ આદિ સ્વરૂપે, સંસારી સ્વરૂપે આપણો નાશ થવા છતાં પણ આત્મત્વરૂપે આપણે ધ્રુવ જ છીએ' - આવું જાણી સંસારીરૂપે આપણો વિનાશ થાય તેવો સમ્યક્ ઉદ્યમ કરવા કટિબદ્ધ થવાનો આધ્યાત્મિક સંદેશ આ શ્લોક દ્વારા આપણને પ્રાપ્ત થાય છે. તથાવિધ ઉદ્યમના બળથી **વૈરાગ્યકલ્પલતા**માં જણાવેલ મોક્ષ સુલભ બને. ત્યાં જણાવેલ છે કે 'સર્વ દર્શનોમાં રહેલો = વર્ણવેલો મોક્ષ કર્મના ક્ષયથી થાય છે. જ્ઞાન, દર્શન, સુંદર શક્તિ તથા સુખના સામ્રાજ્યસ્વરૂપ તે મોક્ષ છે.' (૯/૨૪)

**અંધારાનઈં ઉદ્યોતતા, રૂપાંતરનો પરિણામ રે;**
**અણુનઈં અણુઅંતરસંક્રમઈં, અર્થાંતરગતિનો ઠામ રે ॥૯/૨૫॥ (૧૫૮) જિન.**

તિહાં **અંધારાનઈં ઉદ્યોતતા**, તે અવસ્થિત દ્રવ્યનો **રૂપાંતરપરિણામ**ઈરૂપ નાશ જાણવો. **અણુનઈં** = પરમાણુનઈં **અણુઅંતરસંક્રમઈં** દ્વિપ્રદેશાદિભાવ થાઈ છઇં. તિહાં પરમાણુપર્યાય મૂલગો ટલ્યો, સ્કંધપર્યાય ઊપનો. તેણઇં કરી **અર્થાંતરગતિ**રૂપ નાશ**નો ઠામ** જાણવો. ▸ઇતિ ૧૫૮ ગાથાર્થ.◂ ॥૯/૨૫॥

**अन्धकारे प्रकाशस्य रूपान्यपरिणामता ।**
**अणावन्याऽणुसम्बन्धेऽर्थान्तरपरिणामता ।।९/२५।।**

**❁ બે પ્રકારના નાશની ઓળખ ❁**

**શ્લોકાર્થ** :- અંધકારમાં પ્રકાશનો રૂપાન્તરપરિણામ સ્વરૂપ વિનાશ જાણવો. એક અણુમાં બીજા અણુનો સંબંધ થાય ત્યારે અર્થાન્તરપરિણામ સ્વરૂપ વિનાશ જાણવો. (૯/૨૫)

**❋ આત્મા પણ અનાત્મા ! ❋**

**આધ્યાત્મિક ઉપનય** :- જેમ પ્રકાશનું અંધકાર સ્વરૂપે પરિણમન થાય છે તથા પરમાણુનું સ્કંધરૂપે પરિણમન થાય છે, તેમ આત્માનું કદાપિ અનાત્મસ્વરૂપે પરિણમન થવાનું નથી. તેમ છતાં આત્મા સમ્યગ્ જ્ઞાનાદિઉપયોગરૂપે પરિણમન ન પામે તો આત્મા પણ નિશ્ચયથી અનાત્મા જ છે. તેથી સમ્યગ્ વિશુદ્ધતમ સ્વાત્મક ઉપયોગસ્વરૂપે પરિણમવા માટે અવિરતપણે મોક્ષમાર્ગનો પુરુષાર્થ આદરવો એ જ પરમકલ્યાણકર છે. તે રીતે જ મહામુનિ **નિયમસાર**માં દર્શાવેલ નિર્વાણને ઝડપથી મેળવે છે. ત્યાં દિગંબર **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે "જ્યાં (૧) દુઃખ પણ ન હોય, (૨) વૈષયિક સુખ પણ ન હોય, (૩) પીડા પણ ન હોય, (૪) તકલીફ પણ ન હોય, (૫) મરણ પણ ન હોય, (૬) જન્મ પણ ન હોય, ત્યાં જ (= તે અવસ્થામાં જ) નિર્વાણ હોય." (૯/૨૫)

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

**અણુનઈ છઈ યદ્યપિ ખંધતા, રૂપાંતર અણુ સંબંધ રે;**
**સંયોગ-વિભાગાદિક થકી, તો પણિ એ ભેદ પ્રબંધ રે ॥૯/૨૬॥ (૧૫૯) જિન.**

**યદ્યપિ અણુનઈ અણુસંબંધઈ ખંધતા છઈ**, તે **રૂપાંતર** પરિણામ જ છઈ, **તો પણિ સંયોગ -વિભાગાદિક (થકી=)** રૂપઈ દ્રવ્યવિનાશ દ્વૈવિધ્યનું જ, **એ (ભેદ પ્રબંધ)** ઉપલક્ષણ જાણવું. જે માટઈં દ્રવ્યોત્પાદવિભાગઈં જ જિમ પર્યાયોત્પાદવિભાગ, તિમ દ્રવ્યનાશવિભાગઈં જ પર્યાયનાશવિભાગ હોઈ.

તે સમુદયવિભાગ અનઈ અર્થાંતરગમન એ ૨ પ્રકારઈં ♦વ્યવહારઈં. પહલો તંતુપર્યંત પટનાશ. બીજો ઘટોત્પત્તિં મૃત્પિંડાદિનાશ જાણવો. **उक्तं च *सम्मतौ*** –

"[1]**विगमस्स वि एस विही, समुदयजणिअम्मि सो उ दुविअप्पो।**
**समुदयविभागमित्तं अत्थंरभावगमणं च।।**" (स.त.३.३४) ▸ઈતિ ૧૫૯ ગાથાર્થ.◂ ॥૯/૨૬॥

---

**अणावणुगतौ स्कन्धे रूपान्यदेव यद्यपि ।**
**नाशस्तथापि संयोग-विभागतो द्विधा भवेत् ।।९/२६।।**

---

**શ્લોકાર્થ** :- જો કે એક અણુમાં બીજા અણુની સંક્રાન્તિ થાય તો સ્કંધમાં રૂપાન્તર જ થાય છે. તેમ છતાં પણ સંયોગથી અને વિભાગથી નાશ બે પ્રકારે થાય છે. (૯/૨૬)

**❋ કર્મવિભાગ ઈચ્છનીય અને આવશ્યક ❋**

**આધ્યાત્મિક ઉપનય** :- કર્મદ્રવ્યનો આપણને સંયોગ થાય તો પણ આપણો નાશ થાય છે અને કર્મદ્રવ્યનો વિભાગ થાય તો પણ આપણો નાશ થાય છે. તો પણ કર્મદ્રવ્યનો સંયોગ થવાના બદલે વિભાગ થાય તે વધુ ઈચ્છનીય છે અને આવશ્યક છે. કારણ કે કર્મદ્રવ્યસમુદાયસંયોગથી આપણો અર્થાન્તરગમનસ્વરૂપ નાશ થાય છે. જ્યારે કર્મદ્રવ્યવિભાગથી જે પ્રાયોગિક સમુદાયજનિત સમુદાયવિભાગ લક્ષણ આત્મનાશ થાય છે તે રૂપાન્તરપરિણામાત્મક છે. અર્થાન્તરગમનરૂપ નાશ આપણને આપણા મૌલિક સ્વરૂપથી દૂર ખેંચી જાય છે. જ્યારે રૂપાન્તરપરિણામસ્વરૂપ વિનાશ આપણને આત્માના મૂળભૂત સ્વરૂપની નજીક પહોંચાડે છે, આત્મસ્વભાવે પરિણમાવે છે. 'સંસારીપરિણામરૂપે આપણો નાશ થાય તેમાં આપણને નુકસાની બિલકુલ નથી' - આવું જાણી કર્મદ્રવ્યસમુદાયવિભાગ માટે આપણે નિરંતર પ્રયત્નશીલ રહેવાની જરૂર છે. તેનાથી **સમયસાર**માં શ્રી**દેવાનંદસૂરિ**એ પ્રશંસેલ મોક્ષ ઝડપથી પ્રગટ થાય છે. ત્યાં તેઓશ્રીએ જણાવેલ છે કે (૧) અનન્તસુખયુક્ત, (૨) સમગ્રદુઃખપરંપરાશૂન્ય, (૩) જરા-મરણવર્જિત મોક્ષની જ શાસ્ત્રકારો પ્રશંસા કરે છે.' (૯/૨૬)

---

♦ પુસ્તકોમાં 'ઠહરાઈ' પાઠ છે. કો.(૯) + B(૨) + સિ.નો પાઠ લીધો છે. લા.(૨)માં 'વિહરાઈ' પાઠ. કો.(૧૦)માં 'વહરિ' પાઠ. 1. विगमस्यापि एषः विधिः समुदयजनिते स तु द्विविकल्पः। समुदयविभागमात्रम् अर्थान्तरभावगमनञ्च।।
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

**ધ્રુવભાવ થૂલ ઋજુસૂત્રનો, પર્યાય સમય અનુસાર રે.**
**સંગ્રહનો તેહ[૪] ત્રિકાલનો[♦], નિજ દ્રવ્ય-જાતિ નિરધાર રે. ||૯/૨૭|| (૧૬૦)**
**જિન.**

**ધ્રુવભાવ** પણિ સ્થૂલ-સૂક્ષ્મભેદઈ ૨ પ્રકારનો. પહલો **સ્થૂલ ઋજુસૂત્ર** નયનઈ **અનુસારઈ** મનુષ્યાદિક **પર્યાય (સમય અનુસાર =)** સમયમાન જાણવો.

બીજો **સંગ્રહનયનઈ** સંમત **તે ત્રિકાલ** વ્યાપક જાણવો.

પણિ જીવ-પુદ્ગલાદિક **નિજદ્રવ્યજાતિં** આત્મ[✿]દ્રવ્ય-ગુણ-પર્યાયનું [❖]આત્મદ્રવ્યાનુગત[✦] જ ધ્રૌવ્ય; પુદ્ગલદ્રવ્ય-ગુણ-પર્યાયનું પુદ્ગલદ્રવ્યાનુગત[✦] જ ધ્રૌવ્ય. ઈમ નિજ નિજ જાતિ **નિર્દ્ધાર** જાણવો. ▸ઈતિ ૧૬૦ ગાથાર્થ સંપૂર્ણમ્.◂||૯/૨૭||

---

**ध्रौव्यमपि द्विधा, स्थूलमृजुसूत्रे नरक्षणः।**
**सूक्ष्मं त्रिकालयायि स्यात्, सङ्ग्रहात् स्वार्थजातितः।।९/२७।।**

---

### ❀ ધ્રૌવ્યના બે પ્રકાર ❀

**શ્લોકાર્થ** :- ધ્રૌવ્ય પણ બે પ્રકારે છે. ઋજુસૂત્રનયના મતે મનુષ્યક્ષણ સ્થૂલ ધ્રૌવ્ય છે. સંગ્રહનયની અપેક્ષાએ નિજ દ્રવ્યની જાતિને આશ્રયીને ત્રિકાલવ્યાપી સૂક્ષ્મ ધ્રૌવ્ય સંભવે. (૯/૨૭)

### ✡ કેવલજ્ઞાનત્વરૂપે જ્ઞાનને નિત્ય બનાવીએ ✡

**આધ્યાત્મિક ઉપનય** :- આપણા જ્ઞાન, દર્શન આદિ પર્યાયો ઋજુસૂત્રનયથી સ્થૂલ ધ્રૌવ્યને ધરાવે છે. તે સંગ્રહનયસંમત સૂક્ષ્મ-શુદ્ધ ધ્રુવતાને ધારણ કરે અને કેવલજ્ઞાનત્વરૂપે કે કેવલદર્શનત્વઆદિસ્વરૂપે તેવી ધ્રુવતા આપણને અનુભવાય એ જ આપણી સાધનાની તાત્ત્વિક ફલશ્રુતિ છે. મતિજ્ઞાન વગેરે તો મતિજ્ઞાનત્વ વગેરે સ્વરૂપે નાશવંત જ છે. તે જ્ઞાનત્વરૂપે, આત્મત્વરૂપે નિત્ય છે. કેવલજ્ઞાન, કેવલદર્શન વગેરે ગુણો કેવલજ્ઞાનત્વ, કેવલદર્શનત્વ વગેરે સ્વરૂપે ધ્રુવ છે. આપણા અને સહુના જ્ઞાનાદિ ગુણોમાં કેવલજ્ઞાનત્વાદિસ્વરૂપે ધ્રુવતા પ્રગટે તેવો સાધનાનો સમ્યક્ ઉદ્યમ આપણા સહુના જીવનમાં સ્થિરતાપૂર્વક તથા દૃઢતાપૂર્વક ચાલે તેવી પરમાત્માને પ્રાર્થના. તે ઉદ્યમથી **યોગસારપ્રાભૃત**માં દિગંબરાચાર્ય **અમિતગતિ**એ વર્ણવેલ સિદ્ધસુખ ખૂબ જ નજીક આવે. ત્યાં જણાવેલ છે કે 'પોતાના આત્મામાંથી ઉત્પન્ન થયેલ મોક્ષસુખ અનન્ત, અતીન્દ્રિય તથા પુનર્જન્મશૂન્ય છે.' (૯/૨૭)

---

૪ M(૧)માં 'ભેદ' પાઠ.
♦ પા.માં 'ત્રિકાલીનો' પાઠ છે.
✿ આત્મદ્રવ્યે ગુણપર્યાયનું આત્મદ્રવ્યાસમાનાધિકરણત્વેનાન્વયાનુગમજ ધ્રૌવ્ય. **પાલિ૦**.
❖ કો.(૧૧)માં 'આત્મદ્રવ્યના **समानाधिकरणत्वेनान्वयः**' આવું ટિપ્પણ છે.
✦ ૦ગમજ ધ્રૌવ્ય. આ.(૧)+કો.(૭+૯ +૧૦+૧૧)+સિ.+લી(૩)+લા.(૨) **પાલિ૦+ભા૦+B(૨)+પા૦**.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

**સવિ અર્થ સમયમાં ભાખિઆ, ઈમ ♦વિવિધ ત્રિલક્ષણશીલ રે;**
**જે ભાવઈ એહની ભાવના, તે ✡પામઈ સુખ જસ લીલ રે ॥૯/૨૮॥ (૧૬૧)**
**જિન.**

**ઈમ સમય** કહિઈં સિદ્ધાંત, તે **માંહિ સર્વ અર્થ વિવિધ** પ્રકારઈં *કરીનઈં* **ત્રિલક્ષણ** કહિઈં, ઉત્પાદ (૧), વ્યય (૨), ધ્રૌવ્ય (૩) - તત્**શીલ** = તત્સ્વભાવ **ભાખિયા**.

**જે** પુરુષ એ ત્રિલક્ષણ સ્વભાવની **ભાવના ભાવઈ**, **તે** વિસ્તારરુચિસમ્યક્ત્વ અવગાહી અંતરંગ **સુખ** અનઈં પ્રભાવકપણાનો **યશ** તેહની **લીલા પામઇ** ▸**निःसन्देहेनेति परमार्थः.**◂ ॥૯/૨૮॥

---

**नानारीत्येत्थमर्थः त्रि-लक्षण उक्त आगमे।**
**यो भावयति तद्भावम्, सोऽवति च सुखं यशः।।९/२८।।**

---

### ✧ સર્વ પદાર્થ ત્રિલક્ષણ ✧

**શ્લોકાર્થ** :- આ રીતે અનેક પ્રકારે 'સર્વ પદાર્થ ત્રણ લક્ષણયુક્ત છે' - આમ આગમમાં જણાવેલ છે. જે આત્મા તેની (વિવિધ) ભાવનાને ભાવે છે તે સુખ-યશલીલાને પ્રાપ્ત કરે છે. (૯/૨૮)

### ❃ દ્રવ્યાનુયોગી પ્રવચનપ્રભાવક ❃

**આધ્યાત્મિક ઉપનય** :- ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક વસ્તુસ્વભાવને જ્ઞાનભાવના, દર્શનભાવના, ચારિત્રભાવના વગેરેથી ભાવિત કરવાની વાત ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. તથા દ્રવ્યાનુયોગનો ઊંડો અભ્યાસ જિનશાસનની તાત્ત્વિક પ્રભાવના કરાવવા દ્વારા સુંદર શાસનસેવાનો લાભ અપાવે છે. તેથી જિનશાસનની સેવા અને પ્રભાવના કરવા ઈચ્છતા મહાત્માઓએ પણ દ્રવ્યાનુયોગનો માર્મિક અભ્યાસ કરવા લાગી જવું જોઈએ. શાસ્ત્રાભ્યાસ વિના કેવળ પાટને ગજાવવાથી કે ગળાને છોલવાથી પ્રવચનપ્રભાવના કે શાસનસેવા થઈ ગયાના ભ્રમમાંથી વહેલી તકે બહાર નીકળી જવા જેવું છે. તેવા ભ્રમને છોડવાથી **તત્ત્વાનુશાસન** ગ્રંથમાં દર્શાવેલ મોક્ષસુખ સુલભ થાય. ત્યાં શ્રીનાગસેનજીએ જણાવેલ છે કે 'જે સુખ (૧) સ્વાધીન, (૨) પીડારહિત, (૩) અતીન્દ્રિય, (૪) અવિનાશી, (૫) ઘાતિકર્મક્ષયજન્ય હોય તેને મોક્ષસુખ તરીકે શાસ્ત્રકારોએ જાણેલ છે.' (૯/૨૮)

## ✤ નવમી શાખા સમાપ્ત ✤

---

♦ કો.(૪)માં 'ત્રિવિધ' પાઠ.

✡ શાં.મ.માં 'પાવઈ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત પાલિ.માં છે.


દ્રવ્યભેદ નિરૂપણ
દ્રવ્યભેદ નિરૂપણ
દ્રવ્યભેદ નિરૂપણ ❖ દ્રવ્યભેદ નિરૂપણ
દ્રવ્યભેદ નિરૂપણ ❖ દ્રવ્યભેદ નિરૂપણ
દ્રવ્યભેદ નિરૂપણ ❖ દ્રવ્યભેદ નિરૂપણ
દ્રવ્યભેદ નિરૂપણ ❖ દ્રવ્યભેદ નિરૂપણ
દ્રવ્યભેદ નિરૂપણ ❖ દ્રવ્યભેદ નિરૂપણ

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૧૦

## द्रव्यानुयोगपरामर्शः शाखा-१०

### द्रव्यभेदनिरूपणम्

## ❋ ટૂંકસાર ❋

: શાખા - ૧૦ :

દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદાભેદની વિચારણા કરી. હવે દ્રવ્યના પ્રકારો જણાવાય છે. (૧૦/૧)

તે વિભિન્ન પ્રકારોના યથાર્થ જ્ઞાન અને શ્રદ્ધા દ્વારા અંતરંગ મોક્ષપુરુષાર્થ કરવો. (૧૦/૨)

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ, પુદ્ગલ અને આત્મા - એમ છ દ્રવ્યો શાશ્વત જાણવા. આમ શાશ્વત આત્મતત્ત્વને જાણીને નિર્ભયતાપૂર્વક ઉપસર્ગાદિમાં સ્થિર રહેવું. (૧૦/૩)

લોકમાં જીવની અને જડની ગતિનું અપેક્ષાકારણ ધર્માસ્તિકાય છે. મન-વચન-કાયયોગની પ્રવૃત્તિમાં પણ ધર્માસ્તિકાય સહાયક હોવાથી તેના પ્રત્યે કૃતજ્ઞતા કેળવી આત્મશુદ્ધિના પ્રયત્નો કરવા. (૧૦/૪)

જીવને અને પુદ્ગલને સ્થિર રહેવામાં અધર્માસ્તિકાય સહાયક છે. ધ્યાન માટે કાયિક સ્થિરતા અને ચિત્તસ્થિરતા જરૂરી છે. તે માટે અધર્માસ્તિકાયનો ઉપકાર માની નમ્રભાવે ધ્યાનસાધનામાં આગળ વધવું. (૧૦/૫)

મુક્ત જીવની ગતિમાં સ્વાભાવિક રીતે ધર્માસ્તિકાય સહાયક છે. (૧૦/૬)

જેમ ગતિમાં ધર્માસ્તિકાયને તેમ સ્થિતિમાં અધર્માસ્તિકાયને કારણ માનવાનું છે. (૧૦/૭)

આકાશ જેમ ભેદભાવ વિના જીવ-અજીવને રહેવાની જગ્યા આપે છે. તેમ આપણે કોઈ પણ જાતના પક્ષપાત વિના સર્વ જીવોને મૈત્રીભાવે આપણા હૃદયમાં સ્થાન આપવું. (૧૦/૮)

લોકાકાશ અને અલોકાકાશ પરમાર્થથી એક જ છે. તેમ સંસારી જીવો અને સિદ્ધના જીવો પરમાર્થથી એકસ્વરૂપ જ જાણી સિદ્ધત્વની સાધના માટે ઉત્સાહ જગાવવો. (૧૦/૯)

કાળ દ્રવ્ય નથી, પર્યાય છે. પરંતુ તેમાં દ્રવ્યનો ઉપચાર કરીને 'કાળ અનંત છે' - તેવું બોલાય છે. વર્તનાપર્યાયસ્વરૂપ કાળનો સાધકે સાધના દ્વારા સદુપયોગ કરી લેવાનો છે. (૧૦/૧૦)

સિદ્ધાંતમાં 'જીવ અને અજીવ એ જ કાળ છે' - આવું બતાવેલ છે. તેથી આપણે આપણો કાળ સુધારવા સતત જાગૃત રહેવું. (૧૦/૧૧)

મતાંતરે જ્યોતિશ્ચક્રની ગતિ દ્વારા દ્રવ્યાત્મક કાળતત્ત્વનો નિર્ણય થાય છે. સ્થૂલલોકવ્યવહારસિદ્ધ કાલદ્રવ્ય અપેક્ષારહિત સમજવું. (૧૦/૧૨-૧૩)

મંદગતિથી એક આકાશપ્રદેશમાંથી બીજા આકાશપ્રદેશમાં પરમાણુ જેટલા કાળમાં સંચરે તેટલો કાળ 'સમય' કહેવાય. આ દિગંબર મત શ્વેતાંબરો પણ સ્વીકારે છે. અહીં વિશાળ દૃષ્ટિકોણથી બીજાની વાતનો યોગ્ય રીતે સમન્વય કરવાનું સૂચવેલ છે.(૧૦/૧૪-૧૫)

દિગંબરમતે અસંખ્ય કાલાણુદ્રવ્ય ઊર્ધ્વતાપ્રચયસ્વરૂપ છે, તિર્યક્પ્રચય સ્વરૂપ નથી. અહીં ગ્રંથકારશ્રીએ દિગંબરમતની સમીક્ષા પણ કરેલ છે. (૧૦/૧૬-૧૭-૧૮)

વાસ્તવમાં કાળ વર્તનાપર્યાયરૂપ છે છતાં ઉપચારથી તેને 'દ્રવ્ય' કહેલ છે. કાળમાં અનેક પ્રદેશ નથી તેની સંગતિ માટે 'કાલ અણુ છે' - આવું જણાવેલ છે. દ્રવ્યસંખ્યાપૂર્તિ માટે કાળનો ઉપયોગ થયો તેમ આપણો ઉપયોગ કર્મસત્તા મનુષ્યની સંખ્યાની પૂર્તિ માટે ન કરે તે જરૂરી છે. (૧૦/૧૯)

વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વગેરે પુદ્ગલના લક્ષણ જાણવા. ચેતના, અરૂપીપણું વગેરે જીવના લક્ષણ જાણવા. જીવનું પુદ્ગલથી અલગ સ્વતંત્ર અસ્તિત્વ પ્રગટે તે માટે દરેકે જાગૃત થવું.(૧૦/૨૦-૨૧)

## ઢાળ - ૧૦

(રાગ - મેવાડી - ભોળીડા હંસા રે વિષય ન રાચીયે - એ દેશી.■)

**ભિન્ન-અભિન્ન રે તિવિધ✿ તિય લક્ષણો, ⁑ભાખીઓ ઈમ ✝મઈ રે અત્થ;**
**•ભેદ દ્રવ્ય-ગુણ-પજ્જવના હવઈ❖, ભાખીજઈ પરમત્થ ॥૧૦/૧॥ (૧૬૨)**
**સમકિત ✻સૂધું રે ઈણિ પરિ આદરો, સમકિત વિણ સવિ ધંધ;**
**સમકિત વિણ જે રે હઠમારગિ પડિઆ*, તે સવિ જાતિં રે અંધ ॥૧૦/૨॥ (૧૬૩)**
**સમકિત સૂધું રે ઈણિ પરિ આદરો. એ આંકણી.**

"**ભિન્ન-અભિન્ન ત્રિવિધ** □**ત્રિયલક્ષણ** એક **અર્થ** છઈ" - (**ઈમ**=) એહવું જે પહલાં ✿દ્વારરૂપઈ કહિઉં હુતું, તે *વિવિધ પ્રકારિ કહઈ છઈ. તેહ* **મઈ** વિસ્તારીનઈં એટલઈં ઢાલે♦ (**ભાખીઓ**=) કહિઉં.

હિવઈં **દ્રવ્ય-ગુણ-પર્યાયના** જે **પરમાર્થઈં ભેદ છઈં**, તે ⊡વિસ્તારીનઈં **ભાખિઈં** છઈ.॥૧૦/૧॥

**એણી પરિં** દ્રવ્ય-ગુણ-પર્યાય પરમાર્થ વિચારીનઈં, વિસ્તારરુચિ **સમકિત (સૂધું) આદરો.**

તાદશ ધારણાશક્તિ ન હોઇ, અનઇ એહ ⋆વિસ્તાર ભાવથી સદ્દહઈ, જ્ઞાનવંતનો રાગી

■ આજ નિહોજો રે દીસે નાહલો. એ દેશી. **પાલિ૦.**

✿ શાં.+ધ.+મ.+કો.(૨)માં 'તિવિહ' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે.

⁑ મ.માં 'ભાસિઓ' પાઠ.

✝ મઈ = મારા વડે (**સં.मया**) આધારગ્રંથ - **બાલાવબોધ ટુ ઉપદેશમાલા** પ્રકા. ધ રોયલ એશિયાટિક સોસાયટી, લંડન; જ્ઞાનવિમલસૂરિકૃત **આનંદઘનબાવીસીસ્તબક**, **ઉક્તિરત્નાકર** (સાધુસુંદરગણિકૃત).

• કો.(૫)માં 'ભેદઈં' પાઠ.

❖ કો.(૪)માં 'છઈં' પાઠ.

✻ સૂધું = સૂધઉં = સારું, શુદ્ધ, ચોક્ખું, સ્પષ્ટ, સીધું, સાચું, પૂરું. આધારગ્રંથ- **અખાની કાવ્યકૃતિઓ ખંડ-૨**, **અખાના છપ્પા, અખેગીતા, ગુર્જર રાસાવલી, નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ, નલદવદંતી** (= નલદમયંતી) **રાસ** (મહીરાજકૃત), **નલાખ્યાન, પ્રબોધપ્રકાશ** (ભીમકૃત), **પ્રેમાનંદની કાવ્યકૃતિઓ, વિમલપ્રબંધ** (લાવણ્યસમયકૃત), **ચિત્તવિચારસંવાદ** (અખાજીકૃત), **દશમસ્કંધ-ભાગ-૧-૨, બાલાવબોધ ટુ ઉપદેશમાલા, ઋષિદત્તારાસ, અભિનવ-ઉઝણું** (દેહલકૃત), **અંબડવિદ્યાધર રાસ, આરામશોભા રાસમાળા, કાદંબરી પૂર્વભાગ** ભાલણકૃત.

* પુસ્તકોમાં 'વિસ્તારી' પાઠ. સિ.+કો.(૯+૧૨)+લા.(૨)નો પાઠ લીધો છે.

□ પુસ્તકોમાં 'ત્રિલ..' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

✿ પુસ્તકોમાં 'દ્વારરૂપ' પાઠ. કો.(૭)નો પાઠ લીધો છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

♦ લી.(૩)માં 'ઠામે' પાઠ.

⊡ પુસ્તકોમાં 'વિસ્તારી' પાઠ. સિ.+કો.(૯+૧૨)+લા.(૨)નો પાઠ લીધો છે.

⋆ પુસ્તકોમાં 'વિચારે' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

હોઈ, તેહનઈ પણિ યોગ્યતાઈં દ્રવ્યસમકિત હોઈ.

એ ૨ પ્રકાર સમકિતવંતની દાન-દયાદિક જે થોડીઈં ક્રિયા તે સર્વ સફળ હોઈ. उक्तं च *विंशिकायाम्* -

★[1]दाणाइआ उ एयम्मि चेव, ❖सुद्धाओ हुंति किरिआओ।
एयाओ वि हु जम्हा, मोक्खफलाओ पराओ अ ।। (विं.विं.प्र.६/२०)

એ **સમકિત વિના સર્વ** ક્રિયા **ધંધરૂપ** જાણવી. **સમકિત વિના** જે ♦અગીતાર્થ તથા અગીતાર્થ નિશ્રિત સ્વ સ્વાભિનિવેશઈં **હઠમાર્ગિ પડિઆ** છઈં, **તે સર્વ જાતિઅંધ** સરખા જાણવા. તે "ભલું" જાણી કરઈં ●છે, પણિ ભલું ન હોઈ.

उक्तं च - [2]सुंदरबुद्धीए कयं, बहुअं पि ण सुंदरं होइ। (उपदेशमाला गाथा-४१४)

તે માટઈં "દ્રવ્ય-ગુણ-પર્યાયભેદ પરિજ્ઞાનઈં કરીનઈં **સૂધું સમકિત આદરો**."

એ ▸હેતુ શિષ્યસુલભબોધિનઈં◂ હિતોપદેશ જાણવઉ.❖ ॥૧૦/૨॥

---

• द्रव्यानुयोगपरामर्शः •

**शाखा - १०**

**भिन्नाऽभिन्नोऽर्थ एवं त्रि-चिह्नः त्रिधाऽत्र भाषितः।**
**तत्र द्रव्यादिभेदाः हि निरूप्यन्ते यथागमम्।।१०/१।।**

---

● અધ્યાત્મ અનુયોગ ●

**卐 દ્રવ્યાદિભેદનિરૂપણ પ્રતિજ્ઞા 卐**

***શ્લોકાર્થ*** :- આ પ્રમાણે અહીં પદાર્થ ભિન્ન-અભિન્ન તેમજ ત્રિલક્ષણ અને ત્રિવિધ છે - તેવું જણાવી ગયા. તે પદાર્થમાં દ્રવ્યાદિના ભેદ = પ્રભેદ = પ્રકાર આગમ અનુસારે કહેવાય છે.(૧૦/૧)

---

★ **दाणाइया उ एयम्मि चेव सुद्धा उ हुंति किरियाओ।।६.२०।।** ઋષભદેવજી કેશરીમલજીની પેઢી-રતલામમાં છાપેલ પુસ્તકમાં.

1. दानादिकाः तु एतस्मिन् चैव शुद्धाः भवन्ति क्रियाः। एताः अपि तु यस्माद् मोक्षफलाः पराः च।।

❖ પુસ્તકોમાં 'सहलाओ' પાઠ. સિ.+કો.(૯)+લા.(૨)નો પાઠ લીધો છે.

♦ શાં.માં 'અગીતાર્થ તથા' પદ નથી. લી.(૪)નો પાઠ લીધો છે.

● પુસ્તકોમાં 'છે' પદ નથી. આ.(૧)માં છે.

2. सुन्दरबुद्ध्या कृतं बह्वपि न सुन्दरं भवति।।

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

❖ 'જાણવઉ' પાઠ ફક્ત લા.(૨)માં છે.

रे समाचर सम्यक्त्वम्, तद् विना ध्यन्धता क्रिया।
तद् विना हठमार्गस्थाः तेषां जात्यन्धता ध्रुवा।।१०/२।। (युग्मम्)
रे समाचर सम्यक्त्वम्।। ध्रुवपदम्।।

રે ભવ્યાત્મા ! સમ્યક્ત્વને આદરો. તેના વિના ક્રિયા મતિઅંધતા છે. તેના વિના જેઓ હઠમાર્ગે પડેલા છે તેઓને ચોક્કસ જન્માંધ જાણવા. (૧૦/૨) (યુગ્મ)

રે ભવ્ય પ્રાણી ! શુદ્ધ સમકિતને આદરો. (ધ્રુવપદ)

### ❋ સ્વમતિકલ્પના તજીએ ❋

**આધ્યાત્મિક ઉપનય** :- 'આગમ મુજબ દ્રવ્યાદિના ભેદ કહેવાય છે' - આ પંક્તિ એમ જણાવે છે કે આત્માર્થી સાધક દરેક બાબતમાં આગમને આગળ ધરે છે. પોતાની મતિકલ્પનાને ખસેડી, અંધશ્રદ્ધાને હટાવી સર્વદા, સર્વત્ર આગમદૃષ્ટિને મુખ્ય બનાવવામાં આવે તો જ પુદ્ગલદૃષ્ટિ ખસી, તાત્ત્વિક આત્મદૃષ્ટિ -આત્મરુચિ-આત્મજિજ્ઞાસા-આત્મસંવેદનકામના પ્રગટે. ત્યાર પછી જ સમ્યગ્જ્ઞાનાદિની પ્રાપ્તિ શક્ય છે. તથા તે સમ્યગ્જ્ઞાનાદિની શુદ્ધિ કરવા માટે **લબ્ધિસાર**માં **નેમિચન્દ્રજી**એ જણાવેલ નિમ્નોક્ત પદ્ધતિ મુજબ સિદ્ધ ભગવંતને પ્રાર્થના કરવી કે "ત્રણ લોકથી પૂજાયેલ કેવલજ્ઞાનરૂપી બોધવાળા, કર્મરૂપી અંજનથી રહિત અને નિત્ય એવા તે સિદ્ધ ભગવંત મને શ્રેષ્ઠ જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધિ અને સમાધિ આપો" - આ આધ્યાત્મિક સંદેશની આત્માર્થી જીવે નોંધ લેવી.(૧૦/૧)

### ✡ ક્રિયાકાંડી નહિ, ક્રિયાયોગી - જ્ઞાનયોગી બનીએ ✡

તારક જિનેશ્વર ભગવંતોએ જ્ઞાનયોગના અને ક્રિયાયોગના સમુચ્ચયરૂપ-સમન્વય સ્વરૂપ મોક્ષમાર્ગ જણાવેલો છે. પોતાની શક્તિ છૂપાવ્યા વિના સ્વભૂમિકાયોગ્ય આચરણ કરવામાં મસ્ત રહેલા શાસ્ત્રવિશારદ આત્મજ્ઞાની પુરુષો પાસે જ્ઞાનયોગ રહેલો છે. તથા ગૌણ-મુખ્યભાવે જિનાજ્ઞાની જાણકારી મેળવનાર કે મેળવવા પ્રયત્ન કરનાર આચારચુસ્ત સાધક પાસે ક્રિયાયોગ રહેલો છે. પરંતુ ભગવાનની આજ્ઞા મુજબ ઉત્સર્ગ-અપવાદ, નિશ્ચય-વ્યવહાર, જ્ઞાન-ક્રિયા વગેરે બાબતમાં ગૌણ-મુખ્ય ભાવની જાણકારી મેળવવાનો પ્રયત્ન કર્યા વિના, પોતાની બુદ્ધિથી અનુકૂળ લાગતી એવી શાસ્ત્રોક્ત પણ ક્રિયા હઠમાર્ગ છે. આપણે હઠમાર્ગી કે ક્રિયાકાંડી બનવાનું નથી પરંતુ જ્ઞાનયોગી અને ક્રિયાયોગી ઉભય બનવાનું છે, જ્ઞાન-ક્રિયાઉભયનો સમન્વય કરવાનો છે. તે માટે સમકિત, દ્રવ્યાનુયોગનો અભ્યાસ, ગ્રંથિભેદ વગેરે બાબતમાં ઊંડો, હાર્દિક અને માર્મિક પ્રયત્ન કરવો અનિવાર્ય બની જાય છે. તેનાથી ક્રમશઃ આગળ વધતાં **નિયમસાર**માં જણાવેલ મોક્ષ સુલભ થાય છે. ત્યાં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે "જ્યાં ઈન્દ્રિયો નથી, ઉપસર્ગો નથી, મોહ નથી, વિસ્મય નથી, નિદ્રા નથી, તૃષ્ણા નથી (= ભોગતૃષ્ણા કે તરસ નથી) ત્યાં જ નિર્વાણ છે. જ્યાં કર્મ-નોકર્મ નથી, ચિંતા નથી, આર્ત્ત-રૌદ્ર ધ્યાન નથી, ધર્મ-શુક્લ ધ્યાન નથી ત્યાં જ નિર્વાણ છે." આ પ્રમાણેનો આધ્યાત્મિક સંદેશ પ્રસ્તુત શ્લોક દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય છે. (૧૦/૨)

**ધર્મ, અધર્મ ♦રે ગગન, સમય વલી, પુદ્ગલ, જીવ જ એહ;**
**ષટ્ દ્રવ્ય કહિયાં રે શ્રી જિનશાસનિં, જાસ ન આદિ ન છેહ ॥૧૦/૩॥ (૧૬૪) સમ.**

**ધર્મ** કહતાં ધર્માસ્તિકાય (૧), **અધર્મ** કહતાં અધર્માસ્તિકાય (૨), **ગગન** કહતાં આકાશાસ્તિકાય (૩), **સમય** કહતાં કાલદ્રવ્ય (૪),✿ અદ્ધા સમય જેહનું બીજું નામ *કહીઈ છઈ.(**વલી,**)* **પુદ્ગલ** કહતાં પુદ્ગલાસ્તિકાય (૫), **જીવ** કહતાં જીવાસ્તિકાય (૬) - **એહ** (**જ**) **ષટ્ દ્રવ્ય શ્રીજિનશાસન**નઈં વિષઈં **કહિયાં**. (**જાસ**=) જેહનો દ્રવ્યજાતિં તથા પર્યાયપ્રવાહઈં **આદિ** તથા **છેહ** કહતાં અંત **નથી.**

એહ મધ્યે કાલ વર્જનઈં ૫ અસ્તિકાય કહિઈં; "**अस्तयः = प्रदेशाः, तैः कायन्ते = शब्दायन्ते" इति व्युत्पत्तेः।**

કાલદ્રવ્યનઈં અસ્તિકાય ન કહિઈં. જે માટઈં તેહનઇ પ્રદેશસંઘાત♦ નથી; એક સમય બીજા સમયનઈં ન મિલઇં, તે વતી.

ઈમ બીજાં પણિ "**धर्माधर्माकाशा□न्येकैकमतः परं त्रिकमनन्तम्। कालं विनाऽस्तिकाया जीवमृते चाप्यकर्तृणि।।**" (प्र.र.२१४) ઈત્યાદિ સાધર્મ્ય ***પ્રશમરત્યાદિ*** મહાગ્રંથથી જાણવું. ॥૧૦/૩॥

**धर्माऽधर्म-नभः-काल-पुद्गलात्मान एव रे।**
**षड्द्रव्याण्यादि-पर्यन्तशून्यानि जिनशासने।।१०/३।।**

### ❖ જગત ષડ્દ્રવ્યાત્મક ❖

**શ્લોકાર્થ** :- ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ, પુદ્ગલ અને આત્મા - આ પ્રમાણે છ જ દ્રવ્યો છે. તે આદિ-અન્તરહિત = નિત્ય છે. તેમ જિનશાસનમાં દર્શાવેલ છે. (૧૦/૩)

### ❀ દ્રવ્યસ્વરૂપગોચરજ્ઞાનથી નિર્ભયતા આવે ❀

**આધ્યાત્મિક ઉપનય** :- 'ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્ય નિત્ય છે' - આવું કહેવા દ્વારા આપણો આત્મા પણ નિત્ય છે - તેવું સૂચિત થાય છે. તેથી રોગ, ઘડપણ, અકસ્માતાદિ અવસ્થામાં 'હું મરી તો નહિ જાઉં ને ! મારો નાશ તો નહિ થઈ જાય ને !' - ઈત્યાદિ ભયને રાખ્યા વિના તમામ સંયોગમાં શુદ્ધ, ધ્રુવ આત્મદ્રવ્ય ઉપર નિજદષ્ટિને સ્થાપિત કરી નિર્ભયતાથી અને નિશ્ચિતતાથી ઉપસર્ગો અને પરિષહોને જીતવા માટે કટિબદ્ધ થવાનો આધ્યાત્મિક ઉપદેશ આ શ્લોક દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય છે. તે ઉપદેશને અનુસરવાથી **તત્ત્વાર્થરાજવાર્ત્તિક**માં જણાવેલ મોક્ષ નજીક આવે. ત્યાં **અકલંકસ્વામી**એ દર્શાવેલ છે કે 'તમામ કર્મોને પૂરેપૂરા ખંખેરી નાંખવા એટલે મોક્ષ.' (૧૦/૩)

♦ મ.માં 'અધર્મ હ ગગન' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે. ✿ લા.(૨)માં 'દ્રવ્યકાલ' પાઠ.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે. ♦ લા.(૨)માં 'તેહનઈં સંઘાત' પાઠ.
□ કો.(૯+૧૦+૧૧) + સિ. + લા.(૨)માં '...काशाद्ये...' પાઠ.

તિહાં ધુરિ ધર્માસ્તિકાય લક્ષણ કહઇ છઇ -

**ગતિપરિણામી રે પુદ્‌ગલ-જીવનઈં, ઝષનઈં જલ જિમ હોઈ;**
**તાસ અપેક્ષા રે કારણ[૬] લોકમાં, ♦ધર્મ દ્રવ્ય ✡છઈ રે સોઈ ॥૧૦/૪॥ (૧૬૫) સમ.**

ગતિપરિણામી જે **પુદ્‌ગલ-જીવ**દ્રવ્ય, **લોક** કહતા ચતુર્દશરજ્જવાત્મક આકાશખંડ, તેહ**માંહિં છઈ**; (**તાસ=**) તેહનું જે **અપેક્ષા કારણ** ♦વ્યાપારરહિતઅધિકરણરૂપ ઉદાસીન કારણ, *યથા દૃષ્ટાન્ત* **જિમ** ગમનાગમનાદિક્રિયાપરિણત **ઝષ** કહતાં મત્સ્ય● તેહ**નઈં જળ અપેક્ષા કારણ** (**હોઈ=**) છઇં; (**સોઈ=**) તે **ધર્મદ્રવ્ય** કહતા ધર્માસ્તિકાય દ્રવ્ય જાણવું.

**"स्थले झषक्रिया व्याकुलतया चेष्टाहेत्विच्छाऽभावादेव न भवति, न तु जलाभावादिति गत्यपेक्षाकारणे मानाभावः" इति चेत् ?**

**न, अन्वय-व्यतिरेकाभ्यां लोकसिद्धव्यवहारादेव तद्धेतुत्वसिद्धेः;**

*જલ વિના મછની ગતિ નહિ, તિમ ધર્મદ્રવ્ય મૂકી ચેતનની ગતિ નહીં.*

**अन्यथा अन्त्यकारणेनेतराखिलकारणान्यथासिद्धिप्रसङ्गाद् इति दिग् ॥१०/४॥**

---

**मीनस्येव जलं लोके या पुद्‌गलाऽऽत्मनोर्गतिः।**
**अपेक्षाकारणं तस्याः धर्मास्तिकाय एव रे।।१०/४।।**

---

## ❋ ધર્માસ્તિકાયનું નિરૂપણ ❋

**શ્લોકાર્થ** :- માછલીની જે ગતિ છે, તેનું અપેક્ષાકારણ જેમ પાણી થાય છે, તેમ લોકમાં = વિશ્વમાં પુદ્‌ગલ અને જીવની જે ગતિ થાય છે, તેનું અપેક્ષાકારણ ધર્માસ્તિકાય જ છે. (૧૦/૪)

## ❁ ધર્માસ્તિકાયનું ઋણ સ્વીકારીએ ❁

**આધ્યાત્મિક ઉપનય** :- આપણા મનના ભાવો અશુદ્ધમાંથી શુદ્ધ બને, સુંદર મજાના વચનયોગો અસ્ખલિતપણે પ્રવર્તે તથા કાયાથી જિનાજ્ઞા મુજબ સુંદર મજાનું આચારપાલન, જયણાનું પાલન વગેરે થાય તેમાં ધર્માસ્તિકાય દ્રવ્ય પણ સહાય કરે છે. **ભગવતીસૂત્ર**માં આ વાત જણાવી છે. આ વાત આપણા મગજની બહાર નીકળવી ન જોઈએ. આ રીતે ધર્માસ્તિકાય દ્રવ્યનું ઋણ સ્વીકારીને કૃતજ્ઞતા ગુણને આપણે વધુ વિશુદ્ધ બનાવીએ તો સત્તર પ્રકારના સંયમમાંથી અજીવસંબંધી માનસિક સંયમ વિશુદ્ધ બને. આવો સૂક્ષ્મબુદ્ધિગમ્ય આધ્યાત્મિક સંદેશ આ શ્લોક દ્વારા પ્રાપ્ત કરવા જેવો છે. તે વિશુદ્ધ સંયમના કારણે **સમ્મતિતર્કવ્યાખ્યા**માં દર્શાવેલ સર્વકર્મવિયોગસ્વરૂપ મોક્ષ નજીક આવે. (૧૦/૪)

---

૬ મો.(૨)માં 'લોકને' પાઠ. ♦ કો.(૨)+મ.માં 'ધરમ' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે.
✡ મ. + P(૨+૪) + શાં.માં 'ગઈ' પાઠ છે. સિ.+કો.(૪+૫+૬+૯) + મો.(૨)નો પાઠ લીધો છે.
♦ પુસ્તકોમાં 'પરિણામવ્યાપારરહિત' પાઠ. કો.(૯)+સિ.નો પાઠ લીધો છે.
*....* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે. ● આ.(૧)+કો.(૯)માં 'માછલાને' પાઠ.

ઈમ હિવઈં અધર્માસ્તિકાયનું લક્ષણ કહઈ છઈં -

**થિતિપરિણામી રે પુદ્ગલ-જીવની, થિતિનો❋ હેતુ અધર્મ;**

**સવિસાધારણ ગતિ-થિતિહેતુતા, દોઈ દ્રવ્યનો રે ધર્મ ॥૧૦/૫॥ (૧૬૬) સમ.**

**સ્થિતિપરિણામી** જે □**પુદ્ગલ-જીવ** દ્રવ્ય, તેહોની **સ્થિતિનો હેતુ** કહિઈં ♦અપેક્ષાકારણ જે દ્રવ્ય, તે (**અધર્મ**=) અધર્માસ્તિકાય જાણવો. *"[1]**अहम्मो ठाणलक्खणो**" (उत्त.२८/९) **इति वचनात्**।*

(**સવિસાધારણ ગતિ-થિતિહેતુતા દોઈ દ્રવ્યનો ધર્મ** =) ▸ગતિ-સ્થિતિપરિણત સકલ દ્રવ્યનું જે એક એક દ્રવ્ય લાઘવઈં કારણ સિદ્ધ હોઈ, તેહ એ ૨ દ્રવ્ય જાણવાં. તેણઈં કરી ઝષાદિગત્યપેક્ષાકારણ જલાદિ દ્રવ્યનઈં વિષઈં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યલક્ષણની અતિવ્યાપ્તિ ન હોઈ.◂ ॥૧૦/૫॥

પરામર્શઃ **अधर्मद्रव्यजन्येष्टा पुद्गल-जीवयोस्स्थितिः।**
**गतेः सामान्यहेतुत्वं धर्मेऽधर्मे स्थितेः तथा॥१०/५॥**

**❖ અધર્માસ્તિકાય દ્રવ્યની પ્રરૂપણા ❖**

**શ્લોકાર્થ** :- અધર્માસ્તિકાય દ્રવ્યથી પુદ્ગલની અને જીવની સ્થિતિ = સ્થિરતા ઉત્પન્ન થાય છે - આ પ્રમાણે માન્ય છે. જે રીતે ગતિનું સામાન્ય કારણ ધર્માસ્તિકાય છે તે રીતે સ્થિતિનું સામાન્ય કારણ અધર્માસ્તિકાય છે. (૧૦/૫)

**❖ અધર્માસ્તિકાય અધ્યાત્મમાર્ગે પણ ઉપકારી ❖**

**આધ્યાત્મિક ઉપનય** :- ધ્યાનસાધનામાર્ગે આગળ વધવા મનની એકાગ્રતા અને આત્માની શુદ્ધિ અત્યંત આવશ્યક છે. પ્રારંભિક ધ્યાનસાધનામાં કાયાની સ્થિરતા પણ આવશ્યક છે - તેવું શાસ્ત્રકારોને માન્ય છે. મોહનીયાદિ કર્મદ્રવ્ય અમુક પ્રમાણમાં રવાના થાય તો અપેક્ષિત આત્મશુદ્ધિ પ્રગટે. કર્મદલિકને આત્મામાંથી રવાના કરવા માટે ધર્માસ્તિકાય દ્રવ્ય ઉપયોગી છે. તથા પરામર્શકર્ણિકા વ્યાખ્યામાં દર્શાવેલ **ભગવતીસૂત્ર**ના સંદર્ભ મુજબ મનની અને કાયાની એકાગ્રતા-સ્થિરતા માટે અધર્માસ્તિકાય ઉપયોગી છે. આમ મોક્ષમાર્ગે આગળ વધવામાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્ય આપણા ઉપર ઉપકાર કરી

---

❋ મો.(૨)માં 'તિથિનો' પાઠ.

□ મ.માં 'પુદ્પગ' અશુદ્ધ પાઠ. કો.(૮+૯+૧૧) + આ.(૧)નો પાઠ લીધો છે.

♦ આ.(૧)માં પાઠ છે - 'સ્થિતિ હેતુ અધર્માસ્તિકાય છેં. સર્વ સાધારણ ૨ દ્રવ્યગતિ-સ્થિતિ ૫ દ્રવ્યનઈં કરઈ છઈ.'

*....* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત પાલિ.માં છે.

1. अधर्मः स्थानलक्षणः।

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૨)માં નથી.

રહેલ છે. આ વાત સાધકની નજર બહાર નીકળી જવી ન જોઈએ. આ રીતે આ બન્ને દ્રવ્યોનો આધ્યાત્મિક ઉપકાર ખ્યાલમાં રાખવાનો આધ્યાત્મિક સંદેશ આ શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે. 'સર્વ કર્મોનો નાશ થવાથી પ્રગટ થયેલ ચૈતન્યસ્વભાવમય અને સુખસ્વભાવમય આત્મા એ જ મોક્ષ છે' - આવું **સમ્મતિતર્કવ્યાખ્યા**માં દર્શાવેલ છે. તે મોક્ષ મળે ત્યારે સિદ્ધદશામાં પણ લોકાગ્રભાગે અનંતકાલીન સ્થિતિ અધર્માસ્તિકાયપ્રયુક્ત છે - આ વાત કૃતજ્ઞ સાધકોએ મનમાં રાખવા જેવી છે.

### ❋ મોક્ષમાં પણ અધર્માસ્તિકાય ઉપકારી ❋

પ્રસ્તુત બાબતમાં **ભગવતીઆરાધના** ગ્રંથની એક ગાથા ભૂલવા જેવી નથી. ત્યાં દિગંબર **શિવાર્યજી**એ (= **શિવકોટિ** આચાર્યએ) જણાવેલ છે કે "લોકાગ્રઆકાશભાગમાં અનંત કાલ સુધી અધર્માસ્તિકાયથી ઉપકૃત થયેલ સિદ્ધ ભગવંત સ્થિર રહે છે. સિદ્ધદશામાં પણ અધર્માસ્તિકાયનો આ ઉપકાર શાસ્ત્રકારોને માન્ય છે. કારણ કે જીવનો સ્વતઃ સ્થિતિ સ્વભાવ નથી." જેમ આત્માનો ચૈતન્યસ્વભાવ કોઈની પણ સહાય વિના છે, તેમ કોઈની પણ સહાય વિના સ્થિતિ કરવાનો સ્વભાવ જીવનો નથી. આ અપેક્ષાએ 'જીવનો સ્વભાવ સ્થિતિ નથી' - એવું **શિવાર્ય**વચન ઘટાવવું. **(૧૦/૫)**

ધર્માસ્તિકાય દ્રવ્યનઈં વિષઈં પ્રમાણ કહઇ છઈ -

**સહજ ઊર્ધ્વગતિગામી મુક્તનઈં■, ✡વિના ધર્મ પ્રતિબંધ;**
**ગગનિં અનંતઈં રે કહિઈં નવિ ટલઈં, ફિરવા રસનો રે ધંધ ॥૧૦/૬॥ (૧૬૭) સમ.**

જો ગતિનઈં વિષઈં (**ધર્મ**=) ધર્માસ્તિકાય દ્રવ્યનો **પ્રતિબંધ** કહતાં નિયમ (**વિના**=) ન હોઈ, તો **સહજઈ ઊર્ધ્વગતિગામી** જે **મુક્ત** કહિઈં સિદ્ધ, તેહનઈં "એક સમયઈં ♦લોકાગ્રે જાઈં" એહવઈં સ્વભાવઈં **અનંતઈં** ગગનઈં જતાં હજી લગઈં **ફિરવાના રસનો ધંધ ન★ ટલઈં**, જે માટઈં▸ અનંતલોકાકાશપ્રમાણ અલોકાકાશ છઈં.

"લોકાકાશનઈં ગતિહેતુપણું છઇ, તે માટઈં અલોકઇં સિદ્ધની ગતિ ન હોઇ" - ઈમ તો ન કહિઉં જાઇ. જે ●માટઈં◂ ધર્માસ્તિકાય વિના લોકાકાશવ્યવસ્થા જ ન હોઇ.

"**धर्मास्तिकायविशिष्टाकाश एव हि लोकाकाशः,**

**तस्य❋ च गतिहेतुत्वे घटादावपि दण्डविशिष्टाकाशत्वेनैव हेतुता स्याद् इति न किञ्चिदेतत्।**"

બીજું, અન્યસ્વભાવપણઈં કલ્પિત આકાશનઈં સ્વાભાવાંતરકલ્પન - તે અયુક્ત છઇ; તે માટઈં ગતિનિયામક♦ ધર્માસ્તિકાય દ્રવ્ય અવશ્ય ❊કરીનઈં માનવું ❐જોઈઈ. ॥૧૦/૬॥

परामर्शः **स्वत ऊर्ध्वगतौ मुक्ते धर्मकारणतां विना।**
**ऊर्ध्वगत्यविरामः स्यात् खस्यानन्तत्वतो ध्रुवम्।।१०/६।।**

### ❀ ધર્માસ્તિકાયના અસ્વીકારમાં બાધ ❀

**શ્લોકાર્થ** :- ધર્માસ્તિકાય દ્રવ્યની કારણતા સ્વીકારવામાં ન આવે અને મુક્તાત્મા પોતાની જાતે જ ઊર્ધ્વગતિ કરે છે - તેવું માનવામાં આવે તો ચોક્કસ ઊર્ધ્વગતિ ક્યારેય પણ અટકશે નહિ. કારણ કે આકાશ તો અનન્ત છે. (તેથી સિદ્ધગતિમાં અધર્માસ્તિકાય અપેક્ષાકારણ સિદ્ધ થાય છે.) (૧૦/૬)

---

■ આ.(૧)માં 'મુક્ત જીવનૈ' પાઠ.
✡ કો.(૧)માં 'નવિ વિના ધર્મ બંધ.. નવિ મલઈ.. ફિરવા તેહનો રે..' પાઠ.
♦ પુસ્તકોમાં 'લોકાગ્ર' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.
★ B(૨)માં 'ન' નથી.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૪)માં નથી.
● લા.(૨) + પુસ્તકોમાં 'તે' પાઠ. કો.(૭+૧૨) + પા.નો પાઠ લીધો છે.
❋ કો.(૧૩)માં '**तस्येव**' પાઠ અશુદ્ધ છે.
♦ (૨)માં 'ગતિનિબંધપ્રમુખ' પાઠ.
❊ પુસ્તકોમાં 'કરીનંઈ' પદ નથી. આ.(૧)માં 'કરી' છે. લા.(૨)નો પાઠ લીધો છે.
❐ પુસ્તકોમાં 'જોઈઈ' પદ નથી. કો.(૯)માં છે.

### ❋ સૂક્ષ્મ કૃતજ્ઞતાપરિણતિને પ્રગટાવીએ ❋

[redacted]:- 'સિદ્ધની ઊર્ધ્વગતિમાં ધર્માસ્તિકાય અપેક્ષાકારણ છે' - આનાથી એવું સિદ્ધ થાય છે કે કર્મમુક્ત થઈને ચૌદ રાજલોકના છેડે સિદ્ધશિલાની ઉપર પહોંચવા માટે પણ ધર્માસ્તિકાય દ્રવ્ય આપણું અનુગ્રાહક બનશે. ધર્માસ્તિકાય દ્રવ્યનું આ ઋણ નજર સમક્ષ રાખીને તેના પ્રત્યેની સૂક્ષ્મ કૃતજ્ઞતાપરિણતિ આપણે ચૂકી ન જઈએ તેવો આધ્યાત્મિક સંદેશ પ્રસ્તુત શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે.

### ✦ મોક્ષસ્વરૂપની વિચારણા ✦

આ રીતે ક્રમશઃ મોક્ષ માર્ગે આગળ વધતાં **સમ્મતિતર્કવૃત્તિ**માં બતાવેલી પદ્ધતિએ આત્માર્થી સાધક મોક્ષને મેળવે છે. ત્યાં જણાવેલ છે કે 'તમામ કર્મમલકલંકને દૂર કરીને પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ મેળવીને અયોગી કેવલજ્ઞાની મહાત્મા ઊર્ધ્વગતિપરિણામના સ્વભાવથી પવનશૂન્ય સ્થાનમાં રહેલા દીવાની જ્યોતિની જેમ ઊર્ધ્વ ગમન કરે છે. તે એક સમયમાં ઊર્ધ્વલોકના છેડે પહોંચી જાય છે. તમામ બંધનમાંથી છૂટીને પોતાના શુદ્ધસ્વરૂપને પ્રાપ્ત કરનાર આત્મા ઊર્ધ્વલોકના છેડે રહે તે જ મોક્ષ છે.' **(૧૦/૬)**

હવઈ અધર્માસ્તિકાયનઈ વિષઈ પ્રમાણ દેખાડઈ છઈ -

**જો થિતિહેતુ અધર્મ ન ભાખિઈ, તો નિત્ય થિતિ કોઈ ઠાણિ■;**
**ગતિ વિન હોવઈ રે પુદ્ગલ-જંતુની, સંભાલો જિનવાણિ ॥૧૦/૭॥ (૧૬૮) સમ.**

**જો** સર્વજીવ-પુદ્ગલસાધારણ **સ્થિતિહેતુ અધર્માસ્તિકાયદ્રવ્ય ન** કહિઈ(=**ભાખિઈ**), કિંતુ "ધર્માસ્તિકાયાભાવપ્રયુક્તગત્યભાવઈ અલોકઈ સ્થિતિભાવ✡" - ઈમ કહિઈ **તો** અલોકાકાશઈ **કોઈક સ્થાનઈ ગતિ વિના પુદ્ગલ-(જંતુની=)** જીવ દ્રવ્યની **નિત્ય સ્થિતિ (હોવઈ=)**પામી જોઈઈ.

બીજું, ગતિ-સ્થિતિ સ્વતંત્ર પર્યાયરૂપ છઈ, જિમ ગુરુત્વ-લઘુત્વ. એકનઈ એકાભાવરૂપ કહતાં, વિશેષગ્રાહક પ્રમાણ નથી. તે માટઈ કાર્યભેદઈ અપેક્ષાકારણદ્રવ્યભેદ અવશ્ય માનવો.

♦ધર્માસ્તિકાયાભાવપ્રયુક્તગત્યભાવઈ સ્થિતિભાવ❐ કહી, ✱નિરંતર સ્થિતિહેતુ અધર્માસ્તિકાય ન કહીએ =✱ અધર્માસ્તિકાય અપલપિઈ; તો અધર્માસ્તિકાયાભાવપ્રયુક્તસ્થિત્યભાવઈ● ગતિભાવ♦ કહી ધર્માસ્તિકાયનો પણિ અપલાપ થાઈ.

નિરંતરગતિસ્વભાવઈ દ્રવ્ય ન કીધું જોઈઈ, તો નિરંતર સ્થિતિસ્વભાવ પણિ કિમ કીજઈ ?

▸**જો** નિરંતર **સ્થિતિહેતુ અધર્મ** દ્રવ્ય **ન ભાષીઈ** = ન કહીઈ તો સ્થિતિનો હેતુ કુણ કહીઈ ?◂

તે માટઈ શ્રી **જિનવાણી**નો પરમાર્થ ★**સાંભલી**નઈ ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય એ ૨ દ્રવ્ય અસંકીર્ણસ્વભાવઈ માનવાં. ॥૧૦/૭॥

**परामर्शः** **स्थितिहेत्तोरभावे स्याद् नित्या स्थितिरपि क्वचित्।**
**गतिं विना तयोरेव, जिनवाणीं निभालय।।१०/७।।**

■ આ.(૧)માં 'જાણ' પાઠ.

✡ પુસ્તકોમાં 'સ્થિત્યભાવ' અશુદ્ધપાઠ.

♦ પુસ્તકોમાં અહીં 'ધર્માસ્તિકાયાભાવરૂપ કહતાં' આટલો પાઠ વધુ છે જે અનાવશ્યક અને ભ્રામક છે. કો.(૯+૧૦+૧૧) + સિ. + લા.(૨) મુજબ પાઠ લીધેલ છે.

❐ લી.(૧+૨+૩)માં 'સ્થિત્યભાવ' અશુદ્ધ પાઠ.

✱....✱ ચિહ્નદ્વયમધ્યવર્તીપાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

● પુસ્તકોમાં 'સ્થિતિભાવઈ' અશુદ્ધ પાઠ. કો.(૯+૧૦+૧૧+૧૩) + સિ.નો પાઠ લીધો છે.

♦ પુસ્તકોમાં 'ગત્યભાવ' અશુદ્ધ પાઠ.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૧૩)માંથી લીધો છે.

★ પુસ્તકોમાં 'સંભાલી...' પાઠ. કો.(૧૩)નો પાઠ લીધો છે.

### ❈ અધર્માસ્તિકાયનો અસ્વીકાર બાધગ્રસ્ત ❈

[redacted] :- સ્થિતિનો હેતુ ન હોય તો ગતિ વિના ક્યાંક જીવની અને પુદ્ગલની નિત્ય સ્થિતિ હોવાની પણ આપત્તિ આવે. તેથી જિનવાણીને તમે સંભાળો અને સાંભળો. (૧૦/૭)

### ❈ દરેકને યોગ્ય ન્યાય આપીએ ❈

[redacted] :- સિદ્ધ ભગવંતનો આનંદ પર્યાય જે રીતે અન્ય દ્રવ્યથી નિરપેક્ષ છે, તે રીતે ગતિ અને સ્થિતિ પર્યાય નિરપેક્ષ નથી. પરંતુ પરદ્રવ્યસાપેક્ષ છે. જો કે નિશ્ચયથી ગતિ-સ્થિતિ નામના પર્યાય સિદ્ધ ભગવંતના પોતાના જ હોવાથી તે પર્યાય સ્વસાપેક્ષ છે. પરંતુ વ્યવહારથી ગતિ-સ્થિતિ પર્યાય પરસાપેક્ષ છે. આમ સિદ્ધદશામાં પણ ધર્માસ્તિકાય આદિ અન્ય દ્રવ્યના આપણા ઉપર થનાર ઉપકાર આપણી નજર બહાર નીકળી જવા ન જોઈએ. આ રીતે દરેક પદાર્થને યથોચિત રીતે ન્યાય આપવાથી જ આધ્યાત્મિક દશા પરિપૂર્ણપણે પાંગરે. તેના લીધે **દ્વાત્રિંશિકામાં મહોપાધ્યાયજીએ** દર્શાવેલ સંસારના પ્રપંચથી શૂન્ય અને પરમાનંદથી પુષ્ટ એવા સિદ્ધોની દુનિયાને મહામુનિ મેળવે છે.(૧૦/૭)

હવઈ આકાશદ્રવ્યનું લક્ષણ કહઈ છઈ -

**સર્વ દ્રવ્યનઈ રે જે ◆દિઈ સર્વદા, સાધારણ અવકાશ;**

**લોક-અલોક પ્રકારઈ ભાખિઉં, તેહ દ્રવ્ય આકાશ ॥૧૦/૮॥ (૧૬૯) સમ.**

**સર્વ દ્રવ્યનઈ જે સર્વદા** = સદા✲ **સાધારણ અવકાશ દિઈં**, તે અનુગત એક **આકાશાસ્તિકાય** સર્વાધાર કહિયઈ.

"**इह पक्षी, नेह पक्षी**" ઈત્યાદિ વ્યવહાર ✦જ યદ્દેશ ●ભેદઇ હુઈ, તદ્દેશી❖ અનુગત આકાશ ✦જ પર્યવસન્ન હોઈ.

"**तत्तद्देशोर्ध्वभागावच्छिन्नमूर्त्ताभावादिना तद्व्यवहारोपपत्तिः**" ( ) इति *वर्धमाना*द्युक्तं **नानवद्यम्, तस्याभावादिनिष्ठत्वेनानुभूयमानद्रव्याधारांशापलापप्रसङ्गात्, तावदनतिसन्धानेऽपि लोकव्यवहारेणाऽऽकाशदेशं प्रतिसन्धायोक्तव्यवहाराच्च ।**

**તેહ આકાશ** (દ્રવ્ય) **લોક-અલોક** ભેદઇં (=**પ્રકારઈં**) દ્વિવિધ **ભાખિઉં**. यत् सूत्रम् - [1]"**दुविहे आगासे पण्णत्ते - तं जहा - लोयागासे य अलोयागासे य**" (स्था.२/१/७४, भ.सू. २/१०/१२१ + २०/२/६६३) ▸ઈતિ ૧૬૯ ગાથાર્થ इति तत्त्वम्.◂ ॥૧૦/૮॥

**परामर्शः**

**सर्वद्रव्येऽवकाशं यद् दत्ते साधारणं सदा।**

**द्रव्यं तद् गगनं ज्ञेयं लोकाऽलोकतया द्विधा।।१०/८।।**

### ✡ આકાશનું નિરૂપણ ✡

[redacted] :- સર્વ દ્રવ્યમાં સાધારણ એવા અવગાહને જે દ્રવ્ય સર્વદા આપે છે, તે દ્રવ્યને આકાશ તરીકે જાણવું. લોક અને અલોક રૂપે તેના બે ભેદ જાણવા. (૧૦/૮)

### ❀ આકાશવત્ નિર્લેપ બની નિષ્પક્ષપાતભાવે બધાને સમાવીએ ❀

[redacted] :- જેમ નિર્લેપ આકાશ કોઈ પણ જાતના ભેદભાવ વિના તમામ દ્રવ્યોને પોતાનામાં સમાવે છે, તેમ આપણે પણ કોઈ જાતના પક્ષપાત વિના સર્વ જીવોને મૈત્રી આદિ ભાવોથી ભાવિત સ્વહૃદયમાં સમાવવાનો પ્રામાણિકપણે પ્રયાસ કરવો જોઈએ. તથા આકાશ બધાને પોતાનામાં રાખવા છતાં કોઈનાથી લેપાતું નથી. તે સર્વદા અસંગ અને અલિપ્ત રહે છે. તેમ બધા જીવોને આપણા હૈયામાં રાખવા છતાં કામરાગ, સ્નેહરાગ કે દૃષ્ટિરાગ વગેરેથી આપણે લેપાઈ ન જઈએ તેની જાગૃતિ રાખવી જોઈએ. આવો આધ્યાત્મિક બોધપાઠ આ શ્લોક દ્વારા મેળવવા જેવો છે. તેને અનુસરવાથી **સ્થાનાંગસૂત્રવ્યાખ્યામાં** દર્શાવેલ જીવ-કર્મવિયોગસ્વરૂપ મોક્ષ સુલભ બને. (૧૦/૮)

◆ સિ.માં 'ધિં' પાઠ. ✲ ફક્ત લા.(૨)માં 'સદા' છે. ✦ કો.(૯+૧૦+૧૧)માં 'જ' નથી. ● પુસ્તકોમાં 'ભેદે' પાઠ. લી.(૧)માં 'નયદેશ' અશુદ્ધ પાઠ. કો.(૭)નો પાઠ લીધો છે. ❖ પા.માં 'તદ્દેશાનુ...' પાઠ છે. 1. द्विविधः आकाशः प्रज्ञप्तः, तद् यथा - लोकाकाशः च अलोकाकाशः च। ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૧)+લા.(૨)માં છે.

**ધર્માદિકસ્યૂં રે સંયુત લોક છઈ, તાસ વિયોગ અલોક;**
**તે નિરવધિ છઈ રે અવધિ અભાવનઈ, *વલગી લાગઈ રે ફોક ॥૧૦/૯॥**
**(૧૭૦) સમ.**

**ધર્માસ્તિકાયાદિકસ્યૂં સંયુત** જે આકાશ તે **લોક** = લોકાકાશ♦ **છઈ.** *૫ દ્રવ્યસહિત તે લોક કહીઈ.*

**(તાસ=)** તે ધર્માસ્તિકાયાદિકનો જિહાં **વિયોગ** છઈ, તે **અલોકાકાશ** કહિયઈ. **તે** §અલોકાકાશ **નિરવધિ છઈ. एतावता** તેહનો છેહ નથી.

કોઈક ઈમ ✡કહસ્યઈ જે "જિમ લોકનઈ પાસઈ અલોકનો□ છેહ છઈ, તિમ આગઈ પણિ ♦હુસ્યઈ." તેહનઈ કહિઈ જે "લોક તો ભાવરૂપ છઈ, તે અવધિ ઘટઈ, પણિ આગઈ કેવલ **અભાવનઈ** ●પણિ અલોકાવધિપણું કિમ ઘટઈ ? શશશૃંગ કુણનું અવધિ હોઈ ? **(અવધિ અભાવનઈ ફોક વલગી લાગઈ.)**

અનઈ જો ભાવરૂપેં ▸અવધિરૂપ ૨◂ અંત❋ માનિઈ, તો તે અન્યદ્રવ્યરૂપ નથી.

આકાશદેશસ્વરૂપનઈ તો તદંતપણું કહતાં વદદ્વ્યાઘાત હોઈ." તે માટઈ અલોકાકાશ અનંત જાણવઉં. ॥૧૦/૯॥

**પરામર્શઃ**
**धर्मादिसंयुतो लोकोऽलोकस्तु तद्वियोगतः।**
**सोऽनवधिरभावस्याऽवधित्वं फल्गु कुत्र वै ?॥१०/९॥**

**✻ લોક-અલોકની સમજણ ✻**

[illegible]:- ધર્માસ્તિકાયાદિથી સંયુક્ત આકાશ લોકાકાશ કહેવાય છે. ધર્માસ્તિકાયાદિથી રહિત આકાશ અલોકાકાશ કહેવાય છે. અલોકાકાશ અનંત છે. કારણ કે અભાવનું નિરર્થક અવધિપણું (= મર્યાદા બનવાપણું) ક્યાં જોવા મળે છે ? (૧૦/૯)

* M(૧)માં 'વલતી' પાઠ.
♦ પુસ્તકોમાં 'લોકાકાશ' નથી. આ.(૧)માં છે.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.
§ મ.માં 'આલોકાકા...' અશુદ્ધ પાઠ.
✡ આ.(૧)માં 'કહેસે' પાઠ.
□ લી.(૧)માં 'અલોક કેહવઉં' પાઠ.
♦ હુસ્યઈ = હુસિઈ = થશે. આધારગ્રંથ- **નેમિરંગરત્નાકર છંદ** (લાવણ્યસમયકૃત), પ્રકાશક. એલ.ડી.ઈન્ડોલોજી, અમદાવાદ.
● ફક્ત લા.(૨)માં 'પણિ' છે.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.
❋ B(૨)+લા.(૨)માં 'અંત માનિઈ' ના બદલે 'આત્માનિઈ' પાઠ.

### ❥ ઔપાધિકસ્વરૂપમાં અટવાઈએ નહિ ❥

[redacted] :- જેમ આકાશ પરમાર્થથી એક જ હોવા છતાં તેના બે ભેદ ઉપાધિભેદથી પડે છે, તેમ આપણો જીવ પણ એક હોવા છતાં શરીર, ઈન્દ્રિય વગેરે ઉપાધિના ભેદથી આપણા સંસારી-મુક્ત વગેરે ભેદો પડે છે. જેમ ધર્માસ્તિકાય ન હોવાથી અલોકાકાશના મૂળભૂત સ્વરૂપમાં કોઈ ફરક પડતો નથી, તેમ શરીર, ઈન્દ્રિય, મન, પુણ્ય વગેરે આપણા ન હોવાથી આપણા મૂળભૂત ચૈતન્યસ્વરૂપમાં કે મૂળસ્વરૂપે આપણામાં કોઈ જ ભેદ પડી શકતો નથી. માટે શરીર માંદુ પડે, ઈન્દ્રિયમાં ખોડખાંપણ આવે, મન મૂર્છિત - બેહોશ થાય, પુણ્ય પરવારે તેવા સંયોગમાં આપણે વિહ્વળ થવાની કશી જ જરૂર નથી. કેમ કે તેવી પરિસ્થિતિમાં પણ આપણા મૂળભૂત ચૈતન્ય સ્વરૂપમાં તો નિશ્ચયથી જરાય ફરક પડતો નથી. આ હકીકત આપણી નજરમાંથી ખસવી ન જોઈએ. આ રીતે જ **નિશીથચૂર્ણિ**માં બતાવેલ સર્વકર્મવિયોગસ્વરૂપ મોક્ષ સુલભ બને.(૧૦/૯)

**♦વર્ત્તનલક્ષણ સર્વ દ્રવ્યહ તણો પજ્જવ, દ્રવ્ય ન કાલ;**
**દ્રવ્ય અનંતની રે દ્રવ્ય અભેદથી, ઉત્તરાધ્યયનઈ રે ભાલ ॥૧૦/૧૦॥ (૧૭૧) સમ.**

કાલ તે પરમાર્થથી દ્રવ્ય નહીં. તો શ્યું ? **સર્વદ્રવ્યનો ❒વર્તનાલક્ષણ પર્યાય** જ છઇં. તે પર્યાયનઈં વિષઇં અનાદિકાલીન દ્રવ્યોપચાર અનુસરીનઇં કાલદ્રવ્ય કહીઈં.

**अत एव** પર્યાયઇં દ્રવ્યાભેદથી અનંત કાલદ્રવ્યની ભાલ§ ઉત્તરાધ્યયનઈં છઈં. **तथा च सूत्रम्** - [1]**धम्मो अधम्मो आगासं, दव्वं इक्किक्कमाहियं। अणंताणि य दव्वाणि, कालो पुग्गल -जंतवो।।** (उत्त.सू.२८/८)

**एतदुपजीव्यान्यत्राऽप्युक्तम् – धर्माधर्माकाशाद्येकैकमतः परं त्रिकमनन्तम् ।। (प्र.र.२१४) इति।**

તે માટઈં જીવાજીવ દ્રવ્ય જે અનંત છઈં, તેહના વર્તના પર્યાય ભણી જ ✡કાલદ્રવ્ય સૂત્રઈં અનંત કહ્યાં જાણવાં. ॥૧૦/૧૦॥

---

परामर्शः **कालो द्रव्यं न, पर्यायो द्रव्यवर्त्तनलक्षणः।**
**तत्र द्रव्योपचारेण कालानन्त्योक्तिरुत्तरे।।१०/१०।।**

---

### ❋ કાળ તત્ત્વનું નિરૂપણ ❋

[illegible] :- કાળ દ્રવ્ય નથી પરંતુ પર્યાય છે. દ્રવ્યની વર્તના સ્વરૂપ પર્યાય એ જ કાળનું લક્ષણ છે. તે પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર કરીને 'કાળ અનંત છે' - એમ **ઉત્તરાધ્યયનસૂત્ર**માં જણાવેલ છે.(૧૦/૧૦)

### ❁ કાળપરિપાકની રાહ ન જુઓ ❁

[illegible] :- 'કાળ આપણા વર્તનાપર્યાય સ્વરૂપ છે' - એવું જાણીને 'મારો સાધનાનો કાળ પાક્યો નથી, મારો મોક્ષનો કાળ પાકેલ નથી' - આવી ફરિયાદ કરવાના બદલે 'આપણા હાથમાં જ કાળ ઉપરનું વર્ચસ્વ છે' - એવો નિર્ણય આધ્યાત્મિક દૃષ્ટિથી કરી મુક્તિમાર્ગની સાધના માટે કટિબદ્ધ બનવું જોઈએ. આપણા પર્યાયને સુધારવા એ આપણા હાથની વાત છે. આપણા પ્રણિધાન ઉપર તેનો આધાર છે. માટે 'કાળપરિપાક નથી થયો' ઈત્યાદિ નામર્દાનગી છોડીને સાધનાનો ઉત્સાહ વધારવો એ જ આપણું અંગત કર્તવ્ય છે. આવો આધ્યાત્મિક બોધપાઠ આ શ્લોક દ્વારા મેળવવા યોગ્ય છે. આ બોધપાઠને અનુસરવાથી **સૂત્રકૃતાંગસૂત્રવ્યાખ્યા**માં **શ્રીશીલાંકાચાર્યજી**એ દર્શાવેલો સર્વ બંધનમાંથી છુટકારાના સ્વભાવવાળો મોક્ષ સુલભ બને. (૧૦/૧૦)

---

♦ પુસ્તકોમાં 'વર્ત્તણ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

❒ B(૨) + લી.(૧+૩)માં 'વર્તમાન લક્ષણ' પાઠ.

§ ભાલ = ભાળ, ખબર, અક્કલ, સમજણ. (આધાર- **ભગવદ્ગોમંડલ**- ભાગ-૭/પૃ.૬૬૮૨).

1. धर्मः अधर्मः आकाशं द्रव्यम् एकैकम् आख्यातम्। अनन्तानि च द्रव्याणि कालः पुद्गल-जन्तवः।।

✡ લા.(૨)માં 'જ કાલદ્રવ્ય'ના બદલે 'તત્કાલ' પાઠ.

કંઠથી પણિ સૂત્રઈં જીવાજીવથી ⁸અભિન્ન કાલ કહિઉં છઈં. તે દેખાડઈં છઈં -

**જીવ-અજીવ જ સમયઈં તે કહિઉં,♦ ✿તેણિ કિમ જુદો રે તેહ ?;**

**એક વખાણઈં રે ♦આચારય ઈસ્યું, ધરતા ●શુભમતિરેહ ॥૧૦/૧૧॥ (૧૭૩) સમ.**

**સમયઈં** કહતાં સૂત્રઈં, તે કાલ **જીવ-અજીવ** રૂપ **જ કહિઉં** છઇ. **તેણઈં** કારણઈં **જુદો** = ભિન્નદ્રવ્યરૂપ **(તેહ) કિમ** ❖કહિઈં ?

**तथा चोक्तं *जीवाभिगमादिसूत्रे* – [1]"किमयं भंते ! कालो त्ति पवुच्चइ ? गोयमा ! जीवा चेव, अजीवा चेव"त्ति (जीवा.)।**

✲**એક આચાર્ય (ઈસ્યું=)** ઈમ કાલદ્રવ્ય ✱**વખાણઈં** છઈં, સ્યું કરતા ? સિદ્ધાંતપાઠ અનુસારઈં ▸જિનોક્ત વાણી જાણીને◂ **શુભમતિની (રેહ=)** રેખા ✱= સુબુદ્ધિ લક્ષણને✱ **ધરતા. ॥૧૦/૧૧॥**

**परामर्शः** **जीवाजीवौ हि सिद्धान्ते काल इत्युदितं ततः।**
**कस्मान्नु पृथगुक्तः स ? प्रवदन्तीति सूत्रगाः॥१०/११॥**

**❀ કાળ જીવાજીવસ્વરૂપ ❀**

[illegible] :- "સિદ્ધાન્તમાં 'જીવ અને અજીવ જ કાળ છે' - આવું જણાવેલ છે. તેથી શા માટે તમે કાળને સ્વતન્ત્ર દ્રવ્ય કહો છો ?" - આ પ્રમાણે આગમસૂત્રને અનુસરનારા આચાર્ય ભગવંતો પ્રતિપાદન કરે છે. (૧૦/૧૧)

**❀ સ્વકાળને સુધારીએ ❀**

[illegible] - જીવાજીવપર્યાયવિશેષાત્મક કાળતત્ત્વને જાણી આપણે સ્વપર્યાયાત્મક સ્વકાળને સુધારવા, અનુકૂળ બનાવવા, પરિપક્વ કરવા માટે જ્ઞાનદશાને પ્રગટાવી સ્વકીયજ્ઞાનાદિપર્યાયોને નિર્મળ બનાવવા સદા તત્પર રહેવું જોઈએ. અન્યથા આપણો વિનાશકાળ દૂર નથી. આથી જ 'મનવા ! તું જ તારો સર્જનહાર' આવી કહેવત પડી હશે ને ! જ્ઞાનદશા પરિપક્વ બને તો જ **સમ્મતિતર્કવ્યાખ્યામાં શ્રીઅભયદેવસૂરિજીએ** દર્શાવેલ આનન્દાત્મક આત્મસ્વરૂપ મોક્ષ સુલભ બને. (૧૦/૧૧)

---

⁸ B(૨)માં 'અન્યત્ર' પાઠ. ♦ પુસ્તકોમાં 'કહિઓ' પાઠ. સિ.+કો.(૯)માં 'કહ્યો' પાઠ. આ.(૧)+પા.નો પાઠ લીધો છે.

✿ લા.(૨) + મ. + શાં.માં 'તિણિ' પાઠ. કો.(૧+૬+૮)નો પાઠ લીધો છે.

♦ પુસ્તકોમાં 'ઈસ્યું આચરય' આમ પાઠ છે. કો.(૯+૧૨+૧૩) + P(૨+૩+૪) + સિ. + આ.(૧)નો પાઠ લીધો છે.

● પુસ્તકોમાં 'શ્રુતમતિ' પાઠ. આ.(૧) + સિ. + કો. (૫+૬+૭+૮+૧૨+૧૩)નો પાઠ લીધો છે.

❖ આ.(૧)માં 'માનીએ. તથોક્તં' પાઠ.

1. किम् अयं भदन्त ! कालः इति प्रोच्यते ? गौतम ! जीवाः चैव अजीवाः चैव।

✲ આ.(૧)નો પાઠ "એક આચાર્ય એમ કહેં છેં. જૈનોક્ત વાણી જાણીનઈં તે શુભમતિ સિદ્ધાંતનેં અનુસારેં."

✱ પુસ્તકોમાં 'વખણાઈં' પાઠ. કો.(૧૦+૧૧)નો પાઠ લીધો છે.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં છે. ✱...✱ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત પાલિ.માં છે.

**બીજા ભાષઈ રે જોઈસચક્રનઈ, ચારઈ જે થિતિ[⊠] તાસ;[♦]**
**કાલ અપેક્ષા રે કારણ દ્રવ્ય છઈ, ષટ્‌ની ભગવઈ ભાસ[□] ॥૧૦/૧૨॥ (૧૭૩) સમ.**

**બીજા** આચાર્ય ઇમ **ભાષઈ** છઇ જે **જ્યોતિશ્ચક્રનઈ ચારઈ** પરત્વ, અપરત્વ, નવ, પુરાણાદિ ભાવ**સ્થિતિ** છઇ, (**તાસ**=) તેહનું **અપેક્ષાકારણ** મનુષ્યલોકમાંહિ **કાલદ્રવ્ય છઈ.**

અર્થનઈ વિષઈ સૂર્યક્રિયોપનાયક[✡] દ્રવ્ય ચારક્ષેત્રપ્રમાણ જ કલ્પવું ઘટઈ.

તે માટઈ એહવું કાલદ્રવ્ય જ[✝] કહિઇં. તો જ શ્રી *ભગવતીસૂત્ર*માંહિં- [1]"**कई णं भंते ! दव्वा पण्णत्ता ? गोयमा ! छद्दव्वा पण्णत्ता – धम्मत्थिकाए जाव अद्धासमए**" (भग.२५/४/७३४) એ વચન છઇ. તેહનું નિરુપચરિત વ્યાખ્યાન ઘટઈ. (**ષટ્‌ની** = ષડ્દ્રવ્યને **ભગવઈ** = ભગવતીસૂત્ર **ભાસ** = ભાસઈ = ભાખઈ.)

અનઈ વર્તનાપર્યાયનું સાધારણાપેક્ષ[●] દ્રવ્ય ન કહીઇં, તો ગતિ-સ્થિત્યવગાહનાસાધારણા-પેક્ષાકારણપણઇં ધર્માધર્માકાશાસ્તિકાય સિદ્ધ થયા, તિહાં પણિ અનાશ્વાસ આવઈ.

અનઇં એ અર્થ યુક્તિગ્રાહ્ય છઈ. તે માટઇં કેવલ [⚹]આજ્ઞાગ્રાહ્ય કહી, પણિ કિમ સંતોષ ધરાઇં ?॥૧૦/૧૨॥

---

परामर्शः

**अन्य आचार्य आचष्टे ज्योतिश्चक्रगतिस्थितेः।**
**अपेक्षाकारणं कालः प्रज्ञप्तौ द्रव्यषट्कता।।१०/१२।।**

---

### ❈ અતિરિક્તકાલદ્રવ્યવાદીનો મત ❈

[illegible] :- અન્ય આચાર્ય કહે છે કે 'જ્યોતિશ્ચક્રની ગતિ મુજબ જે પરત્વાદિ ભાવની સ્થિતિ છે તેનું અપેક્ષાકારણ કાળ છે. તેથી જ ભગવતીસૂત્રમાં છ દ્રવ્ય બતાવેલ છે તે સંગત થાય છે.'(૧૦/૧૨)

### ❈ યુક્તિ પણ શ્રદ્ધાપોષક ❈

[illegible] :- 'યુક્તિગ્રાહ્ય પદાર્થને આજ્ઞાગ્રાહ્ય બનાવીને સંતોષ ન ધરવો' - આ પ્રમાણે સ્વોપજ્ઞ ટબામાં જણાવેલ વાતથી એવું ફલિત થાય છે કે યુક્તિગ્રાહ્ય શાસ્ત્રોક્ત જે જે બાબતોમાં પોતાનો ક્ષયોપશમ પહોંચે, ત્યાં સુધી આગમાનુસારે ઊહાપોહ કરવો જ જોઈએ. તો જ શાસ્ત્રોક્ત પદાર્થ સ્થિર થાય, પરમાર્થ પ્રાપ્ત થાય, તીર્થંકર ભગવંત પ્રત્યેની શ્રદ્ધા અકાટ્ય અને વિશુદ્ધ બને. તથા આંતરિક મોક્ષમાર્ગે આપણી આગેકૂચ થાય. તેનાથી **સ્થાનાંગસૂત્રવ્યાખ્યા**માં જણાવેલ, કર્મના પાશમાંથી આત્માને છોડાવવા સ્વરૂપ મોક્ષ સુલભ બને. (૧૦/૧૨)

---

⊠ મો.(૨)માં 'તિથિ' પાઠ. ♦ લા.(૨)માં 'વાસ' પાઠ. □ મો.(૨)માં 'સાસ' પાઠ.

✡ આ.(૧)માં '....ક્રિયોપચારનાયક...' પાઠ. ✝ પુસ્તકોમાં 'જ' નથી. કો.(૯)+સિ.માં છે.

1. कतिविधानि णं भदन्त ! द्रव्याणि प्रज्ञप्तानि? गौतम ! षड् द्रव्याणि प्रज्ञप्तानि-धर्मास्तिकायः... यावद् अद्धासयमः।

● કો.(૧૩)માં 'સાપેક્ષગતિદ્રવ્યઃ' પાઠ. ⚹ આ.(૧)માં 'આજ્ઞા જ કબૂલ છે કહી...' પાઠ.

**ધર્મસંગ્રહણિ રે ♦એ દોઈ મત કહિયાં, તત્ત્વારથમાં રે જાણિ;**
**અનપેક્ષિતદ્રવ્યાર્થિકનય✡નઈ મતિં, બીજૂં તાસ વખાણિ✦ ॥૧૦/૧૩॥ (૧૭૩) સમ.**

એ (દોઈ=) બે **મત ધર્મસંગ્રહણિ** ગ્રંથમાંહિ ❑**શ્રી*હરિભદ્રસૂરિ***જીઈ **કહિયા** છઈ. **तथा च तद्गाथा**● -

**[1]जं वत्तणाइरूवो, कालो दव्वस्स चेव पज्जाओ।**
**सो चेव ततो धम्मो, कालस्स व जस्स जो लोए ।।** (ध.स.३२) **इति ।**

**तत्त्वार्थसूत्रઈ** પણિ એ ૨ મત કહિયાં છઈ. **"कालश्चेत्येके"** (त.सू.५/३८) **इति वचनात्.**
**બીજું** મત (**તાસ**=) તે ***તત્ત્વાર્થનઈ*** (**વખાણિ**=) વ્યાખ્યાનઈ ❖**અનપેક્ષિતદ્રવ્યાર્થિકનયનઈ મતઈ** કહિયાં છઈ.

સ્થૂલલોકવ્યવહારસિદ્ધ એ કાલદ્રવ્ય અપેક્ષાઈ રહિત જાણવું.

અન્યથા વર્ત્તનાપેક્ષાકારણપણઈ જો કાલદ્રવ્ય સાધિઇ. તો પૂર્વાપરાદિવ્યવહાર⁑ાદિલક્ષણપરત્વા-પરત્વાદિનિયામકપણઈ દિગ્દ્રવ્ય પણિ સિદ્ધ થાઈ.

અનઈ જો -

**"आकाशमवगाहाय, तदनन्या दिगन्यथा। तावप्येवमनुच्छेदात्ताभ्यां ❀वान्यदुदाहृतम्।।** (सि.द्वा.द्वा.१९/२५)**"**

એ ***સિદ્ધસેનદિવાકર***કૃત ***નિશ્ચયદ્વાત્રિંશિકા***ર્થ વિચારી, "આકાશથી જ દિક્કાર્ય સિદ્ધ હોઈ" ઈમ માનિયઈ*, તો કાલદ્રવ્યકાર્ય પણિ કથંચિત્ તેહથી જ ઉપપન્ન હોઈ.

**तस्मात् "कालश्चेत्येके"** (त.सू.५/३८) **इति सूत्रम् अनपेक्षितद्रव्यार्थिकनयेनैव। इति सूक्ष्मदृष्ट्या विभावनीयम्** ॥૧૦/૧૩॥

---

♦ પા.માં 'ઈમ' પાઠ છે.

✡ પુસ્તકોમાં 'નય' નથી. સિ.માં છે.

✦ વખાણિ = વિવરણ કરેલ, વર્ણવેલ, વિસ્તારથી કહેલ. આધારગ્રંથ- **આરામશોભા રાસમાળા, પંદરમા શતકના ચાર ફાગુકાવ્યો** પ્રકા. ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ, **ષડાવશ્યકબાલાવબોધ, બાલાવબોધ** દુ **ઉપદેશમાલા, ગુર્જર રાસાવલી, અખાની કાવ્ય કૃતિઓ ખંડ-૨, ઉક્તિરત્નાકર, પ્રેમાનંદની કાવ્યકૃતિઓ.**

❑ પુસ્તકોમાં '**हरिभद्रसूरिं**' પાઠ. કો.(૧૩)નો પાઠ લીધો છે.

● શાં.માં '**तद्भथा**' અશુદ્ધ પાઠ. કો.(૯)+સિ.+લા.(૨)નો પાઠ લીધો છે.

1. यद् वर्त्तनादिरूपः कालः द्रव्यस्य एव पर्यायः। सः एव ततः, धर्म्मः कालस्य वा यस्य यः लोके।।

❖ લી.(૨) + લા.(૨) + કો.(૭)માં 'અપેક્ષિત...' પાઠ.

⁑ પુસ્તકાદિમાં '...હારવિલક્ષણ....' પાઠ. ફક્ત લી.(૩)માં '...હારાદિલક્ષણ....' પાઠ.

❀ કો.(૧૨+૧૩)માં 'चान्य....' પાઠ.

* પુસ્તકોમાં 'માંનિઈ' પાઠ. કો.(૯)નો પાઠ લીધો છે.

परामर्शः तत्त्वार्थे द्वे मते धर्मसङ्ग्रहण्याञ्च दर्शिते।
तं द्रव्यं निरपेक्षो हि, द्रव्यार्थिकनयो वदेत्।।१०/१३।।

### ✧ મતદ્વયઉત્થાનબીજનું ઉપદર્શન ✧

[redacted] :- તત્ત્વાર્થસૂત્ર અને ધર્મસંગ્રહણિ ગ્રંથમાં ઉપરોક્ત બન્ને મત જણાવેલ છે. નિરપેક્ષ દ્રવ્યાર્થિકનય કાળને દ્રવ્ય કહે છે. (૧૦/૧૩)

### ❃ તત્ત્વની મીમાંસા કરો, મૂંઝવણને છોડો ❃

[redacted] :- શાસ્ત્રોમાં આવતા અલગ અલગ મતો અને મતાંતરોને જાણીને ક્યારેય પણ મૂંઝાવું નહિ. પરંતુ મધ્યસ્થ રીતે, આગમાનુસારે, તર્કાનુસારે અને માર્ગસ્થ ક્ષયોપશમના આધારે જેટલો ઊંડો ઊહાપોહ સમ્યક્ રીતે થઈ શકે તેટલો ઊહાપોહ પ્રત્યેક શાસ્ત્રીય પદાર્થોની બાબતમાં કરવો જોઈએ. તેના દ્વારા આગમિક પદાર્થો અને આધ્યાત્મિક પરમાર્થોની ઉપલબ્ધિ, સ્થિરતા, વિશદતા થાય છે. તેના દ્વારા જિનમતમાં શ્રદ્ધા વધુ દૃઢ બનવાથી પારમાર્થિક સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. તથા જીવ યથાશક્તિ સ્વભૂમિકાયોગ્ય જિનાજ્ઞાપાલનમાં ચુસ્ત બને છે. આ રીતે મોક્ષમાર્ગે આત્માર્થી જીવ ઝડપથી આગળ વધે છે. તેમજ 'મોક્ષ (૧) જન્મ-જરા-મરણરહિત, (૨) પરમ, (૩) આઠ કર્મથી શૂન્ય, (૪) શુદ્ધ, (૫) જ્ઞાનાદિચતુષ્ટયસ્વભાવયુક્ત, (૬) અક્ષય, (૭) અવિનાશી, (૮) અચ્છેદ્ય છે. મોક્ષ (૯) વ્યાબાધાશૂન્ય = પીડારહિત, (૧૦) અતીન્દ્રિય, (૧૧) અનુપમ, (૧૨) પુણ્ય-પાપશૂન્ય, (૧૩) પુનરાગમનરહિત, (૧૪) નિત્ય, (૧૫) અચલ અને (૧૬) નિરાલંબન છે' - આ પ્રમાણે **નિયમસાર**માં જણાવેલ મોક્ષને શીઘ્રતાથી મેળવે છે. આ વાત ખ્યાલમાં રાખવી. (૧૦/૧૩)

હવઈ કાલદ્રવ્યાધિકારઈ દિગંબરપ્રક્રિયા ઉપન્યસઈ♦ છઈ -

**"મંદગતિં અણુ યાવત્ સંચરઈ, નહપદેશ ઈક ઠોર;**
**તેહ સમયનો રે ભાજન કાલાણું" ઈમ ભાખઈ કોઈ ઓર ॥૧૦/૧૪॥ (૧૭૫) (સમ.)**

**"એક નભપ્રદેશનઈ ઠોર**[ℵ] **મંદગતિ, અણુ** કહિઈ પરમાણુ, **(યાવત્=)** જેતલઈ ✡કાલઈ **સંચરઈ,** તે પર્યાય સમય કહિયઈ.

તદનુરૂપ **તે(હ)** પર્યાય❋ કાલ = પર્યાય **સમયનો ભાજન કાલાણુ** કહિયઈ. તે એકેક આકાશપ્રદેશઈ એકેક♦અણુ ઈમ કરતાં લોકાકાશપ્રદેશપ્રમાણ કાલાણુ હોઈ." **ઈમ કોઈ ઓર** કહતા જૈનાભાસ દિગંબર **ભાખઈ** છઈ.

**उक्तं च *द्रव्यसङ्ग्रहे* – [1]"रयणाणं रासी इव, ते कालाणू असंखदव्वाणि" (बृ.द्र.स.२२)** ॥૧૦/૧૪॥

**परामर्शः** **मन्दगत्या नभोंऽशेऽणुः यावता चरति, क्षणः।**
**तावान्, तद्भाजनं द्रव्यं कालाणुं कोऽपि भाषते।।१०/१४।।**

**❁ દિગંબર સંપ્રદાયમાં નિશ્ચય-વ્યવહાર કાળ ❁**

[redacted]:- મંદ ગતિથી આકાશપ્રદેશમાં પરમાણુ જેટલા કાળમાં સંચરે તેટલો કાળ 'ક્ષણ' કહેવાય છે. તે સમયનું ભાજન કાલાણુ દ્રવ્ય છે. આ પ્રમાણે કોઈક = દિગંબર કહે છે. (૧૦/૧૪)

**❁ કાળ તત્ત્વનો ઉપદેશ સાંભળીએ ❁**

[redacted]- "કેવલજ્ઞાની 'આને સમય કહેવાય' આવો નિર્દેશ કરી શકતા નથી. કારણ કે તેવું બોલવામાં અસંખ્ય સમયો પસાર થઈ જાય છે" - આ હકીકત પરામર્શકર્ણિકા વ્યાખ્યા દ્વારા જાણીને પ્રત્યેક આત્માર્થી જીવે એટલો બોધપાઠ લેવા જેવો છે કે 'વ્યર્થ વાતો, પરચૂરણ પ્રવૃત્તિઓ, ફોગટની પારકી પંચાત, ભવિષ્યની અનિષ્ટ કલ્પના, ભૂતકાળની દુઃખદ સ્મૃતિ, નિદ્રા, આળસ, પ્રમાદ વગેરેમાં પોતાનો કિંમતી માનવભવ લૂંટાઈ ન જાય' - તેનો ખ્યાલ રાખી અત્યંત ઝડપથી પસાર થઈ રહેલ કાળની અકળ ગતિને વિચારી તપ-સ્વાધ્યાયાદિ સાધના, ભગવદ્ભક્તિ, વૈરાગ્ય-સમતા આદિ ભાવોને આત્મસાત્ કરવાની આરાધના વગેરેમાં આપણે અપ્રમત્તપણે સદા ઉલ્લસિત બનવાનું છે. તેનાથી **સમરાદિત્યકથા**માં વર્ણવેલ શિવપુર નજીક આવે. ત્યાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'શિવપુર ખરેખર જન્મ-જરા-મરણ-રોગ-શોકાદિ ઉપદ્રવોથી રહિત છે.' (૧૦/૧૪)

♦ આ.(૧)માં 'ઉપન્યાસજીમાં જો રીતેં છેં તે કહે છે' પાઠ. લા.(૨)માં 'જઘન્યમઈ છઈ.' પાઠ.

ℵ ઠોર = ઠેકાણે (સ્થાને)-**ભગવદ્ગોમંડલ**-ભાગ-૪/પૃ.૩૮૨૮

✡ પુસ્તકોમાં 'કાલઈ' પદ નથી. કો.(૭)+કો.(૧૦+૧૧+૧૨)+ P(૩+૪)+પા.માં છે.

❋ ધ.+શાં.+મ.માં 'પ(?)કાલ, પાંચ (૫) કાલ' અશુદ્ધ પાઠ છે. ♦ પુસ્તકોમાં 'અણુ' પદ નથી. આ.(૧)માં છે.

1. रत्नानां राशिरिव, ते कालाणवः असङ्ख्यद्रव्याणि।

**યોગશાસ્ત્રના રે અંતરશ્લોકમાં, એ પણિ મત છઈ રે ઈષ્ટ;**
**લોકપ્રદેશે રે અણુઆ જુજુઆ♦, મુખ્ય§ કાલ તિહાં દિટ્ઠ ॥૧૦/૧૫॥ (૧૭૬) સમ.**

**એ** = દિગંબરમત પણિ ✡શ્રી*હેમાચાર્ય*કૃત **યોગશાસ્ત્રના અંતરશ્લોકમાંહિ** ✦દષ્ટ ઈષ્ટ છઈ, જે માટઈ તેહ શ્લોકમધ્યે **લોકાકાશ●પ્રદેશઈ જુજુઆ કાલઅણુઆ❖** તે **મુખ્ય કાલ** (તિહાં) કહિઓ છઈ. **तथा च तत्पाठः -**

**लोकाकाशप्रदेशस्था भिन्नाः कालाणवस्तु ये।**
**भावानां परिवर्त्ताय मुख्यः कालः स उच्यते ।। (यो.शा.१/१६/अजीव.५२) इति**
**॥૧૦/૧૫॥**

**परामर्शः** **तदपि योगशास्त्रस्य वृत्ताविष्टतया श्रुतम्।**
**लोकखांशेऽणवो भिन्ना मुख्यकालतया मताः।।१०/१५।।**

**❖ લોકાકાશમાં અસંખ્ય કાલાણુદ્રવ્યો : યોગશાસ્ત્રવૃત્તિ ❖**

[redacted] :- તે દિગંબરમત પણ શ્વેતાંબરોને માન્ય હોય તેવું યોગશાસ્ત્રની વ્યાખ્યામાં સંભળાય છે. કારણ કે ત્યાં 'લોકાકાશના પ્રત્યેક પ્રદેશમાં જુદા-જુદા અણુઓ મુખ્ય = નૈશ્ચયિક કાળ તરીકે માન્ય છે' - એમ કહેલ છે. **(૧૦/૧૫)**

**✽ અપ્રમત્તતાને કેળવીએ ✽**

[redacted] :- (૧) નૈશ્ચયિક અને વ્યાવહારિક કાળને કોઈ સ્પીડબ્રેકર નડતું નથી. (૨) કાળને કોઈ બ્રેક લાગતી નથી. (૩) કાળને કોઈ રિવર્સ ગિયર (Reverse Gear) પણ નથી. આ ત્રણ વાતને જાણીને જિનાજ્ઞાપાલનમાં અપ્રમત્તતા કેળવવાની હિતશિક્ષા આ શ્લોક દ્વારા મેળવવા જેવી છે. જિનાજ્ઞાપાલનથી **શ્રાવકપ્રજ્ઞપ્તિ**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ અત્યંત નજીક આવે. ત્યાં જણાવેલ છે કે 'સર્વકર્મવિયોગ = મોક્ષ. શુદ્ધસ્વરૂપવાળા જીવનું સાદિ-અનંત કાળ પીડારહિત અવસ્થાન = મોક્ષ.' **(૧૦/૧૫)**

---

♦ જુજુઆ = જુદા-જુદા. આધારભૂત ગ્રંથ - **'ચંદ્ર-ચંદ્રાવતી વાર્તા'** (પ્રકા.ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ), **ચિત્તવિચારસંવાદ**(અખાજીકૃત), **નરસૈં મહેતાનાં પદ** (પ્રકા. ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ), **સિંહાસનબત્રીસી.**
§ લી.(૧)માં 'દવ્વકાલ' પાઠ.
✡ પુસ્તકોમાં 'શ્રીહેમાચાર્યકૃત' પાઠ નથી. આ.(૧)માં છે.
✦ પુસ્તકોમાં ફક્ત 'ઈષ્ટ' પાઠ. કો.(૭+૧૨)નો પાઠ લીધો છે.
● પુસ્તકોમાં 'લોકપ્રદેશઈ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.
❖ પુસ્તકોમાં 'અણુઅ' પાઠ. કો.(૯)+સિ.નો પાઠ લીધો છે.

**પ્રચયઊર્ધ્વતા રે એહનો સંભવઈ, પૂર્વ અપર પર્યાય;**
**તિર્યક્ પ્રચય ઘટઈ નહી ખંધનો, વિણ પ્રદેશસમુદાય ॥૧૦/૧૬॥ (૧૭૭) સમ.**

▸એ દિગંબરપ્રક્રિયાઈં લોકાકાશને એકેક પ્રદેશે એકેક અણુવા દીઠા = કહ્યા ***યોગેન્દ્રદેવજીઈં***◂ **એહ** કાલાણુ દ્રવ્ય**નો ઊર્ધ્વતાપ્રચય સંભવઈ**, જે માટઈં જિમ મૃદ્દ્રવ્યનઈં સ્થાસ, કોશ, કુશૂલાદિ પૂર્વાપરપર્યાય છઈં, તિમ એહનઈં સમય, આવલિ પ્રમુખ **પૂર્વાપરપર્યાય** છઈં.

પણિ **ખંધનો પ્રદેશસમુદાય** એહનઈં નથી. તે ભણી (=તે **વિણ**) ધર્માસ્તિકાયાદિકની પરિં *__તિર્યક્ પ્રચય__ ન(**ઘટઈ**=) સંભવઈ* તિર્યક્ પ્રચય નથી. તે માટઈં જ કાલદ્રવ્ય અસ્તિકાય ન કહિઈં.

પરમાણુપુદ્ગલની પરિં તિર્યક્પ્રચયયોગ્યતા પણિ નથી, તે માટઈં ઉપચારઈં પણિ કાલ દ્રવ્યનઈં અસ્તિકાયપણું ન ♦કહવાએ. ॥૧૦/૧૬॥

**પરામર્શઃ** ऊर्ध्वताप्रचयः तस्य स्यात् पूर्वाऽपरपर्ययात्।
न तिर्यक्प्रचयः स्कन्ध-प्रदेशौघं विना भवेत्॥१०/१६॥

### ❋ કાલાણુ દ્રવ્ય ઊર્ધ્વતાપ્રચયસ્વરૂપ : દિગંબર ❋

[redacted] :- દિગંબરસંમત કાલાણુ દ્રવ્ય ઊર્ધ્વતાપ્રચયસ્વરૂપ છે. કારણ કે તેમાં પૂર્વાપરપર્યાયો છે. તે તિર્યક્પ્રચય નથી. કેમ કે સ્કંધના પ્રદેશસમૂહ (=સ્કંધાદિપરિણામપરિણત પ્રદેશસમુદાય) વિના તિર્યક્પ્રચય સંભવે નહિ. (૧૦/૧૬)

### ✡ કાલાણુ અપ્રતિબદ્ધતાનો ઉપદેશ આપે છે ✡

[redacted] :- દિગંબરમત મુજબ લોકાકાશના પ્રત્યેક પ્રદેશમાં કાલાણુ દ્રવ્ય રહેવા છતાં એકબીજાથી તે બંધાતા નથી કે એકબીજાને બાંધતા નથી. પરસ્પર અત્યંત સમીપ રહેવા છતાં પણ કાલાણુદ્રવ્યોમાં રહેનારી આ અસંગતા ઉપરથી આત્માર્થી જીવે એવો આધ્યાત્મિક બોધપાઠ લેવા જેવો છે કે 'કોઈ પણ સ્થળે, કોઈ પણ કાળે, કોઈ પણ વ્યક્તિનો અત્યંત પરિચય થવા છતાં પણ આપણો આત્મા મમત્વ આદિ ભાવોથી કોઈ પણ વ્યક્તિ સાથે બંધાઈ ન જાય. અથવા કોઈ પણ વ્યક્તિને મમત્વાદિ ભાવોથી બાંધવાનો પ્રયત્ન થઈ ન જાય - તે બાબતમાં જાગૃતિ રાખવાની છે. તથા કર્મ-ધર્મસંયોગે બધાની સાથે રહેવા છતાં પણ સ્વ-પર નિમિત્તે સ્વ-પરને મમત્વાદિ ભાવોનું બંધન ઉભું ન થાય તો જ મોક્ષમાર્ગે આગળ વધી શકાય.' તેનાથી જ આત્માર્થી સાધક **સૂયગડાંગસૂત્રવ્યાખ્યામાં** દર્શાવેલ સર્વદ્વન્દ્વવિરામસ્વરૂપ નિર્વાણને ઝડપથી પામે છે. (૧૦/૧૬)

---

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+કો.(૯+૧૦+૧૧)માં છે.

♦ પુસ્તકોમાં 'કહવોઈં' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

એ *દિગંબર*પક્ષ પ્રતિબંદીઈં દૂષઈં છઈં -

**ઈમ અણુગતિની રે લેઈ હેતુતા, ધર્મદ્રવ્યઅણુ થાઈ♦;**

**સાધારણતા રે લેઈ એકની, સમય ખંધ પણિ થાઈ♦ ॥૧૦/૧૭॥ (૧૭૮) સમ.**

**ઈમ** જો મંદાણુગતિકાર્યહેતુપર્યાય✦સમયભાજનદ્રવ્ય સમયઅણુ કલ્પિઇં, તો **(અણુગતિની હેતુતા લેઈ)** મંદાણુગતિહેતુતારૂપ ગુણભાજનઈં● ❖**ધર્માસ્તિકાયાણુ** પણિ સિદ્ધ **(થાઈ =)** હોઈ.

ઈમ અધર્માસ્તિકાયાદ્યણુનો પણિ પ્રસંગ થાઈ.

અનઈં જો **(એકની સાધારણતા=)** સર્વસાધારણગતિહેતુતાદિક **લેઈ**, ✠ધર્માસ્તિકાયાદિ ✲એક સ્કંધરૂપ જ દ્રવ્ય કલ્પિઈં.

દેશ-પ્રદેશકલ્પના તેહની વ્યવહારાનુરોધઈં પછઈં કરી,

તો સર્વજીવાજીવદ્રવ્યસાધારણવર્તનાહેતુતાગુણ લેઈનઈં **(સમય=)** કાલદ્રવ્ય **પણિ** લોકપ્રમાણ એક **(ખંધ)** કલ્પિઉં જોઈઈં **(=થાઈ)**.

"ધર્માસ્તિકાયાદિકનઈં અધિકારઈં સાધારણગતિહેતુતાદ્યુપસ્થિતિ જ કલ્પક છઈં અનઈં કાલદ્રવ્યકલ્પક તે મંદાણુવર્તનાહેતુત્વોપસ્થિતિ જ છઈં" -

એ કલ્પનાઈં તો અભિનિવેશ વિના બીજું કોઈ કારણ નથી. ॥૧૦/૧૭॥

**परामर्शः**

**इत्थं धर्माणुसिद्धिः स्याद् यतोऽणुगतिहेतुता।**

**गतिसामान्यहेतुत्वे धर्मैक्यवत् क्षणैकता।।१०/१७।।**

### ❖ પ્રતિબંદીથી દિગંબરમતનું નિરાકરણ ❖

[redacted] :- આ રીતે તો ધર્માણુની પણ સિદ્ધિ થઈ જશે. કારણ કે અણુગતિહેતુતા સ્વરૂપ ગુણ તેની સિદ્ધિ માટે સમર્થ છે. ગતિસામાન્યનો હેતુ હોવાથી ધર્માસ્તિકાય એક હોય તો કાલદ્રવ્ય પણ એક જ હોવું જોઈએ. (મતલબ કે દિગંબરસંમત અસંખ્ય કાલાણુદ્રવ્યની કલ્પના યોગ્ય નથી.) (૧૦/૧૭)

### ❖ અપ્રમત્ત અને નિષ્પક્ષ બનો : કાલ ❖

[redacted] :- કાળ તત્ત્વ એક હોય કે અનેક પરંતુ એટલું તો સુનિશ્ચિત છે કે કાળ બધા

♦ આ.(૧)માં 'થાય' પાઠ.

✦ લા.(૨)માં 'સમયપર્યાય' પાઠ.

● પુસ્તકોમાં 'ભાજન' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે.

❖ म. + ध. માં 'ધર્માસ્તિકાય' इति त्रुटितः पाठः। કો.(૯+૧૨+૧૩)+સિ.+P(૪)+લી.(૨+૩)+આ.(૧)નો પાઠ લીધો છે.

✠ P(૪)માં 'અધર્મા...' અશુદ્ધ પાઠ.

✲ પુસ્તકોમાં 'એક જ સ્કંધરૂપ દ્રવ્ય...' પાઠ છે. સિ.+પા.નો પાઠ અહીં લીધેલ છે.

માટે સાધારણ (common) છે. કોઈ પણ શ્રીમંતને જીવવા માટે એકીસાથે બે સમય મળતા નથી. તથા કોઈ પણ ગરીબને ત્યારે જીવવા માટે એક પણ સમય ન મળે તેવું બનતું નથી. કોઈ પણ જીવ પ્રત્યે કાળ પક્ષપાત કરતો નથી. અત્યાર સુધીના દીર્ઘ ભૂતકાળમાં અનંતા જીવો આત્મકલ્યાણ સાધીને મોક્ષમાં પહોંચી ગયા. આપણે હજુ અહીં જ રહેલા છીએ. આમાં કાળનો કશોય વાંક નથી. કાળનો વાંક કાઢવાના બદલે આપણા પ્રમાદને ગુનેગાર ઠરાવી, અપ્રમત્તપણે જિનાજ્ઞાપાલનમાં પ્રવૃત્ત થઈએ તો આત્મકલ્યાણ બહુ નજીકના કાળમાં પ્રાપ્ત થયા વિના ન રહે. જિનશાસન, સદ્ગુરુ વગેરેની પ્રાપ્તિ થવાથી હમણાં કાળ તો આપણને અનુકૂળ જ છે. આપણે અપ્રમત્ત બનવા દ્વારા કાળને અનુકૂળ બનીએ તે જરૂરી છે. તથા કાલાણુની જેમ આપણે સર્વ પ્રત્યે નિષ્પક્ષ બનીએ તે જરૂરી છે. આટલો બોધપાઠ આ શ્લોક દ્વારા મેળવવા જેવો છે. તેના લીધે સંક્લેશ ક્ષીણ થવાથી જે મુક્તિ **યોગસારપ્રાભૃત**માં દિગંબરાચાર્ય **અમિતગતિ**એ દર્શાવેલી છે, તે સંગત થાય છે. (૧૦/૧૭)

**અપ્રદેશતા રે સૂત્રિં અનુસરી, જો અણુ કહિઈ રે તેહ;**
**તો પર્યાયવચનથી જોડીઈ, ઉપચારઈ સવિ એહ ॥૧૦/૧૮॥ (૧૭૯) સમ.**

હવઈ જો ઈમ કહસ્યો જે "**સૂત્રિં** કાલ **અપ્રદેશ** કહિઉ છી.

તેહનઈ **અનુસારઈ** (**તેહ**=) કાલ **અણુ કહિઈ**", **તો** (**પર્યાયવચનથી જોડીઈ**) સર્વઈ જીવાજીવપર્યાયરૂપ જ કાલ કહિઉ છઈ, ♦તેહમાંહઈ વિરોધ ✡ભયથી દ્રવ્યકાલ પણિ કિમ કહો છો ?

તેહ માટઈ કાલનઈ દ્રવ્યત્વવચન તથા લોકાકાશપ્રદેશપ્રમાણ✠ અણુવચન **એ સર્વ ઉપચારઈ જોડીઈ.**✦ મુખ્ય વૃત્તિં તે પર્યાયરૂપ કાલ જ સૂત્રસંમત છઇ. **अत एव "कालश्चेत्येके"** (**त.सू.५/३८**) ઈહાં '**एके**' વચનઈં સર્વસમ્મતત્વાભાવ સૂચિઉં. ॥૧૦/૧૮॥

---

परामर्शः **अप्रदेशत्वसूत्राद्धि कालाणुः कथ्यते यदि।**
**तर्हि पर्यायसूत्राद्धि सर्वमेवौपचारिकम्।।१०/१८।।**

---

### ❁ કાલદ્રવ્યત્વપ્રતિપાદક વચન ઔપચારિક ❁

[illegible] :- જો અપ્રદેશત્વદર્શક આગમસૂત્રના આધારે તમે કાલાણુનું નિરૂપણ કરતા હો તો પર્યાયસૂત્રથી કાલદ્રવ્યત્વપ્રતિપાદક સર્વ શાસ્ત્રવચન ઔપચારિક જ જાણવા. (૧૦/૧૮)

### ❁ વિવેકપૂર્વક સમન્વય કરવાની ઉદારતા કેળવીએ ❁

[illegible] :- કાળમાં દ્રવ્યાત્મકતાનું અને પર્યાયાત્મકતાનું પ્રતિપાદન કરનાર શાસ્ત્રવચનો પરસ્પર વિરોધી લાગે. તેમ છતાં ગ્રંથકારશ્રીએ બન્ને પ્રકારના શાસ્ત્રવચનોની સંગતિ ગૌણ-મુખ્યભાવ દ્વારા કરેલ છે. પરંતુ કોઈ પણ શાસ્ત્રવચનને ખોટું ઠરાવેલ નથી. આના ઉપરથી આપણે એટલો બોધપાઠ લેવા જેવો છે કે 'કોઈ પણ વ્યક્તિની વિરોધી લાગતી વાતની જ્યાં સુધી જે પ્રમાણે અર્થસંગતિ સારી રીતે થઈ શકતી હોય ત્યાં સુધી તેની વાતનો તે પ્રમાણે વિવેકપૂર્વક સમન્વય કરવાની ઉદારતા તથા મધ્યસ્થતા આપણે વ્યવહારમાં પણ ધારણ કરવી જ જોઈએ.' આવું બને તો જ શુદ્ધ ભાવસ્યાદ્વાદની પરિણતિ આપણામાં પાંગરી શકે. બાકી સ્યાદ્વાદ ફક્ત શાસ્ત્રમાં જીવતો રહે, આપણા આત્મામાં નહિ. સામેની વ્યક્તિના આશયને સમજ્યા વિના, તેની સાથે અન્યાય થઈ ન જાય તેની કાળજી રાખ્યા વિના, માત્ર દ્વેષભાવથી તેની વાતનું આડેધડ ખંડન કરવાનું વલણ જ્યાં સુધી રવાના થાય નહિ, ત્યાં સુધી કોઈને પણ શુદ્ધ ભાવઅનેકાન્તમય પરિણતિથી મળી શકે તેવો મોક્ષ સુલભ નથી. **તત્ત્વાર્થસૂત્રહારિભદ્રી વૃત્તિ**માં કર્મમુક્ત આત્માને જ મોક્ષરૂપે જણાવેલ છે. (૧૦/૧૮)

---

♦ કો.(૯)+સિ.માં 'તેહનો' પાઠ. ✡ લા.૨માં 'નયથી' પાઠ.

✠ લી.(૩)માં 'પ્રદેશપરમાણુવચન' પાઠ.

✦ લા.(૨)માં 'જોડીનઈ' પાઠ.

ઉપચાર પ્રકાર તેહ❐ જ દેખાડઈ છઈ -

**પર્યાયયિં જિમ ભાખિઉ દ્રવ્યનો, સંખ્યારથ ઉપચાર;**
**અપ્રદેશતા રે યોજનકારણઈં, તિમ અણુતાનો૪ રે સાર ॥૧૦/૧૯॥ (૧૮૦) સમ.**

"**षडेव द्रव्याणि**" એ **સંખ્યા** પૂરણનઈં **અર્થઈં, જિમ (પર્યાયયિં=)** પર્યાયરૂપ કાલનઈં વિષઈં ♦**દ્રવ્યનો = દ્રવ્ય**પણાનો **ઉપચાર (ભાખિઉ=)** *ભગવત્યાદિક*નઈં વિષઈ કરીઈં છઈ,

**તિમ** સૂત્રઈં કાલ દ્રવ્યનઈં **અપ્રદેશતા** કહી છઈ,

તથા કાલ પરમાણુપણિ કહિયા છઈં, ▸**अत एव**◂ તે ♦**યોજનકારણઈં** = જોડવાનઈં ✡કાજિં **(અણુતાનો સાર =)** લોકાકાશપ્રદેશસ્થપુદ્ગલાણુનઈં વિષઈં જ યોગશાસ્ત્રના અંતર શ્લોકમાં કાલાણુનો ઉપચાર કરિઓ જાણવો.

**'मुख्यः कालः' इत्यस्य चानादिकालीनाप्रदेशत्वव्यवहारनियामकोपचारविषयः इत्यर्थः।**

**अत एव *मनुष्यक्षेत्रमात्रवृत्ति कालद्रव्यं ये वर्णयन्ति, तेषामपि* मनुष्यक्षेत्रावच्छिन्नाकाशादौ कालद्रव्योपचार एव शरणम् इति दिग्मात्रमेतत् ॥१०/१९॥**

---

**परामर्शः**

**द्रव्यारोपो हि पर्याये सङ्ख्यापूर्त्तिकृते यथा।**
**अप्रदेशत्वसाङ्गत्यकृतेऽणुतावचः तथा।।१०/१९।।**

---

**❁ ઉપચાર સમર્થન ❁**

[illegible] :- જે રીતે સંખ્યાપૂર્તિ માટે (ભગવતીસૂત્રમાં) પર્યાયમાં જ દ્રવ્યત્વનો આરોપ કરેલ છે, તે રીતે અપ્રદેશત્વની સંગતિ માટે 'કાલ અણુ છે' - આવું પ્રતિપાદન શાસ્ત્રવચન કરે છે. (૧૦/૧૯)

**❁ આપણે સંખ્યાપૂરક ન બની જઈએ ❁**

[illegible] :- સંખ્યાપૂર્તિ માટે કાળને દ્રવ્ય તરીકે **ભગવતીસૂત્ર**માં જણાવેલ છે. તેમ અહીં આપણું અસ્તિત્વ માનવલોકની કે ત્રસકાયની કે વ્યવહારરાશિની સંખ્યાની પરિપૂર્તિ માટે બની ન જાય તે માટે આપણે આપણી જાત માટે સતત તપાસ કરવાની જરૂર છે. તેવું જ જો બની જાય તો મહામૂલો માનવભવ વ્યર્થ જાય. આવું ન બને તેવી જાગૃતિ રાખવાનો આધ્યાત્મિક સંદેશ આ શ્લોક દ્વારા મેળવવા જેવો છે. આ રીતે જ **સ્યાદ્વાદમંજરી**માં દર્શાવેલ સર્વકર્મક્ષયરૂપ મોક્ષ સુલભ બને. (૧૦/૧૯)

---

❐ 'તેહ' પદ ફક્ત કો.(૧૩)માં છે. પુસ્તકાદિમાં નથી.

૪ ફક્ત લી.(૧)માં 'અણુતા' પાઠ.

♦ ફક્ત કો.(૧૪)માં જ 'દ્રવ્યનો' પાઠ છે. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં જ છે.

♦ પુસ્તકોમાં 'યોજનનઈં કાજિં' પાઠ. કો.(૧૦)માં 'ભાજનનઈં' પાઠ. સિ.+કો.(૯)નો પાઠ લીધો છે.

✡ કાજિં = માટે (કાજઈ) આધારગ્રંથ - **આનંદઘનબાવીસીસ્તબક, ગુર્જરરાસાવલી, પ્રબોધ પ્રકાશ** (ભીમકૃત).

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ લા.(૨)માં નથી.

હવઈ પુદ્ગલ-જીવ દ્રવ્ય સંક્ષેપઈં કહઈ છઈ -

**વર્ણ-ગંધ-રસ-ફાસાદિક ગુણે, ♦લખિઈ પુદ્ગલભેદ;**
**સહજ ચેતના રે ગુણ વલી જાણીઈં, જીવ અરૂપ, અવેદ ॥૧૦/૨૦॥ (૧૮૧) સમ.**

✡૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શાદિક ગુણે ✦કરીનઈં પુદ્ગલ દ્રવ્યનો અન્ય દ્રવ્યથી ભેદ લખિઈ, (વલી=) અનઈં જીવ દ્રવ્ય સહજ ચેતના ગુણ છઈ. તે લક્ષણઈં જ સર્વ અચેતન દ્રવ્યથી ભિન્ન છઈ.

વ્યવહારઈં રૂપ-વેદસહિત છઈ●, પણિ નિશ્ચયથી (અરૂપ=) રૂપરહિત (અવેદ=) વેદરહિત છઈ. (-ઈમ જાણીઈં). **उक्तं च** – [1]**“अरसमरूवमगंधं, अव्वत्तं चेअणागुणमसद्दं। जाण अलिंगग्गहणं, जीवमणिदिट्ठसंठाणं ।।” ( समयसार ४९ + प्रवचनसार १७२ + नियमसार ४६ + भावप्राभृत ६४ + पञ्चास्तिकाय १२७) ॥૧૦/૨૦॥**

---

**परामर्शः** **वर्ण-गन्ध-रस-स्पर्शयोगात् पुद्गलभिन्नता।**
**सहजचेतनाऽरूपाऽवेदाश्च जीवलक्षणम्।।१०/२०।।**

---

**❋ પુદ્ગલ-જીવની ઓળખાણ ❋**

[illegible] :- વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના યોગથી પુદ્ગલદ્રવ્યમાં અન્ય દ્રવ્યનો ભેદ રહે છે. તથા સહજ ચેતના, અરૂપીપણું અને અવેદીપણું જીવનું લક્ષણ છે. (૧૦/૨૦)

**❀ ઔપાધિક સ્વરૂપ છોડો, નિરુપાધિક સ્વરૂપ પકડો ❀**

[illegible] :- જીવમાં રૂપ અને વેદોદય સ્વાભાવિક નથી પણ ઔપાધિક છે. કારણ કે કર્મની ઉપાધિથી તે જીવમાં ઉત્પન્ન થાય છે. કર્મ રવાના થતાં તે પણ રવાના થાય છે.

(૧) તેથી આપણા શરીરના રૂપમાં થતા ફેરફાર, કાળી ચામડી કે કોઢ વગેરેના કારણે ઉદ્વિગ્ન થવાની જરૂર નથી. તે માટે **દેવનંદીકૃત ઈષ્ટોપદેશ**ની કારિકા ખ્યાલમાં રાખવી. ત્યાં જણાવેલ છે કે ‘જે જીવને ઉપકારી છે, તે દેહને અપકારી છે. તથા જે દેહને ઉપકારક છે, તે જીવને અપકારક છે.’

**❋ વાસનાના વમળમાંથી બચીએ ❋**

(૨) તથા વેદોદયમાં અટવાઈ જવાના બદલે ‘ભોગસુખો તથા ભોગસાધનો **(A)** ક્ષણભંગુર છે,

---

♦ લખિઈ = ઓળખો, પારખો, સમજો. આધારગ્રંથ- **અખાની કાવ્યકૃતિઓ ખંડ-૨, અખાના છપ્પા, આરામશોભા, ઉક્તિરત્નાકર.**

✡ પુસ્તકોમાં ‘વર્ણઃ ગંધઃ રસઃ સ્પર્શાદિક’ પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

✦ પુસ્તકોમાં ‘કરીનઈં’ પાઠ નથી. લા.(૨)માં છે.

● પુસ્તકોમાં ‘છઈ’ નથી. આ.(૧)માં છે.

1. अरसमरूपमगन्धमव्यक्तं चेतनागुणमशब्दं। जानीह्यलिङ्गग्रहणं जीवमनिर्दिष्टसंस्थानम्।।

**(B)** પારકા છે, **(C)** શરીરના ગુમડા જેવા છે, **(D)** બાવળીયાના ઝેરી કાંટા જેવા છે, **(E)** રોગસ્વરૂપ છે, **(F)** મૃગજળતુલ્ય તુચ્છ છે, **(G)** મધુરા પણ ઝેરી કિંપાકફળ જેવા છે, **(H)** અત્યંત ગાઢ અંધકારની જેમ મૂંઝવનારા છે, આત્માને અકળાવનારા છે, **(I)** મહામૃત્યુસ્વરૂપ છે, **(J)** ખાલી છતાં બંધ મુઠી જેવા લોભાવનારા છે, **(K)** સુખનો માત્ર આભાસ કરાવનારા છે, **(L)** રાગાધ્યાસાત્મક છે, **(M)** આત્માને બેહોશ કરનારી મહામોહની ગાઢ નિદ્રા છે, **(N)** મારા આત્માને ઠગનારા છે, નિતાંત આત્મવંચના સ્વરૂપ છે, **(O)** સ્ત્રીદેહાદિસ્વરૂપ ભોગસાધનો શિકારી પશુઓનું ભક્ષ્ય છે, **(P)** રાખના ઢગલા સ્વરૂપ છે, **(Q)** અત્યંત ગંદા કાદવના લેપસ્વરૂપ છે, **(R)** દોરડા વગરનું બંધન છે, **(S)** આત્માના પુણ્યને અને શુદ્ધિવૈભવને બાળનાર દાવાનળ છે, **(T)** કેળના થડમાંથી બનેલા થાંભલાની જેમ અસાર છે, **(U)** સંક્લેશયુક્ત છે, સંક્લેશજનક છે, **(V)** મારા આત્માની ઘોર વિડંબના કરનાર છે, **(W)** નરકનો રાજમાર્ગ છે, **(X)** લાકડાના લાડુની જેમ દાંતને (આત્મશુદ્ધિ-પુષ્ટિને) ખતમ કરનાર છે, **(Y)** મોટા આશીવિષ સર્પની જેમ તાત્કાલિક (આત્મશુદ્ધિને) ખલાસ કરનાર છે, **(Z)** મોક્ષપ્રાપ્તિમાં મોટો અવરોધ અને અંતરાય કરનાર છે' - ઈત્યાદિ વિભાવના યથાયોગ્યપણે હાર્દિક રીતે કરીને તેમાંથી ઉચિત રીતે અસંગભાવે શાંતિથી પસાર થઈ જવું.

વેદોદયને પરવશ થવાની ભૂલ ન કરવી. વેદોદય વખતે પણ પોતાના પરમનિર્વિકારી પવિત્ર આત્મસ્વરૂપ ઉપર આપણી દષ્ટિને રુચિપૂર્વક સ્થિર કરવી. આ રીતે કાન્તા નામની છઠ્ઠી યોગદષ્ટિ આત્માર્થી સાધકને મળે. પ્રસ્તુતમાં **યોગદષ્ટિસમુચ્ચય**ની કારિકા પણ યાદ કરવા યોગ્ય છે. ત્યાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'મૃગજળ સમાન ભોગોને તુચ્છસ્વરૂપે જોતો જીવ તે ભોગોને ભોગવવા છતાં પણ તેમાં અસંગ બનીને પરમ પદ તરફ આગળ વધે જ છે.'

**❁ ભેદવિજ્ઞાન : સર્વશાસ્ત્રસાર ❁**

(૩) તેમજ સહજ ચેતના સંપૂર્ણતયા જે રીતે અનાવૃત થાય, પ્રગટ થાય તે રીતે તેનું પ્રણિધાન દઢ કરવું. આ ત્રણ સાવધાની રાખવામાં આવે તો તેવા જીવોનો મોક્ષ બહુ દૂર નથી જ. તે માટે **ઈષ્ટોપદેશ**ની એક કારિકા યાદ કરવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે 'જીવ જુદો છે અને પુદ્ગલ ભિન્ન છે. આટલો જ તત્ત્વકથનનો સાર છે. તે સિવાય જે કાંઈ કહેવાય છે તે તેનો જ વિસ્તાર છે.' આવા આધ્યાત્મિક બોધપાઠના બળથી **શ્રીચન્દ્રતિલક** ઉપાધ્યાયજીએ **શ્રીઅભયકુમારચરિત્ર**માં વર્ણવેલું સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટે. ત્યાં અનંત શક્તિ, અનંત દર્શન, અનંત સુખ, અનંત જ્ઞાન અને અનંત = ક્ષાયિક સમ્યક્ત્વ - આ પાંચને ધારણ કરનારા સર્વ સિદ્ધોને નમસ્કાર કરવામાં આવેલ છે. (૧૦/૨૦)

**ઈમ એ ભાખ્યા રે સંખેપઈં કરી, દ્રવ્યતણા ષટ્ ભેદ;**
**વિસ્તારઈં તે રે જાણી ♦શ્રુત થકી, સુજસ લહો ગતખેદ ॥૧૦/૨૧॥ (૧૮૨) સમ.**

**ઈમ એ દ્રવ્યતણા સંક્ષેપઈં (કરી) ષટ્ ભેદ ભાખ્યા છઈ. વિસ્તારઈં, શ્રુત** કહિઈં સિદ્ધાંત, તેહ **થકી (તે) જાણીનઈં (ગતખેદ=)**, ખેદરહિત થકા પ્રવચનદક્ષપણાનો **સુયશ** કહતાં સુબોલ, તે✡ **(લહો=) પામો.**

*એણી પેરે શુદ્ધ દ્રવ્યાદિક પરખી નિર્મલ સમકિત આદરો.* ॥૧૦/૨૧॥

**પરામર્શઃ**

**इत्थमुक्ता समासेन द्रव्यप्रकारषट्कता।**
**श्रुताद् विस्तरतो ज्ञात्वा लभतां सुयशोऽमलम्।।१०/२१।।**

### ❀ વિસ્તારરુચિ સમકિતને પામીએ ❀

[redacted] :- આ રીતે દ્રવ્યના છ પ્રકાર સંક્ષેપથી કહ્યા. આગમ દ્વારા વિસ્તારથી તેને જાણીને (વિસ્તારરુચિ સમ્યગ્દર્શન વગેરેના બળથી) નિર્મળ સુયશને પ્રાપ્ત કરો. (૧૦/૨૧)

### ❀ .... તો સાચા શાસનપ્રભાવક બનીએ ❀

[redacted] :- વિસ્તારરુચિ સમકિતવાળા આત્માર્થી જીવો જ ખરા અર્થમાં જિનશાસનની સાનુબંધ રીતે પ્રભાવના કરી શકે છે. તેઓ જ તત્ત્વના નિરૂપણમાં હોંશિયાર બની શકે છે. તેમજ રાજસભા વગેરે સ્થળે જાહેરમાં જિનશાસનપ્રત્યનીક સામે વાદમાં તેઓ જ વિજય પ્રાપ્ત કરી શકે છે. તથા આ રીતે યશ-પ્રસિદ્ધિ-કીર્તિ મેળવવા છતાં પણ તેઓ મહત્ત્વાકાંક્ષા વગેરે દોષોથી દૂષિત બનતા નથી. જિનશાસનપ્રભાવના વગેરે દ્વારા મળેલો યશ દેવ-ગુરુને સોંપી, કર્તૃત્વભાવના ભારબોજથી રહિત બની, કર્મથી હળવાફૂલ બની જે દ્રવ્ય-ભાવ મોક્ષમાર્ગે ઝડપથી આગેકૂચ કરે છે તે જ સાચા શાસનપ્રભાવક છે. આવી શાસનપ્રભાવના (જાતપ્રભાવના નહિ) કરવાથી **જ્ઞાનસારની જ્ઞાનમંજરી** વ્યાખ્યામાં દર્શાવેલ આત્માનું તાદાત્મ્યઅવસ્થાન = મોક્ષ સુલભ થાય. (૧૦/૨૧)

**• દસમી શાખા સમાપ્ત •**

♦ લા.(૨) + પુસ્તકોમાં 'શ્રુતથી' પાઠ છે. આ.(૧) + કો.(૬+૮+૧૨) + પા.નો અહીં લીધેલ છે.

✡ લા.(૨)માં 'એહવા સુપરાપણાનઉ = શુભયશનઉ વિસ્તાર કહઈતાં ઘણી કીરતિ પ્રતઈ પામ્યઉ. ઈતિ ૧૮૨ ગાથાર્થ સંપૂર્ણ' પાઠ.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)+કો.(૧૩)માં છે.

- બુદ્ધિ સ્વાર્થકેન્દ્રિત વિકૃત વિચારધારાને વળગે છે.
  શ્રદ્ધા પરાર્થકેન્દ્રિત વિમલ વિચારધારાને અપનાવે છે.

- બુદ્ધિ જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી મળે છે.
  શ્રદ્ધા મોહનીય કર્મના હ્રાસથી મળે છે.

- બુદ્ધિ દુ:ખનો સામનો કરવા સજ્જ છે.
  શ્રદ્ધા દુ:ખને સહર્ષ સ્વીકારવા તૈયાર છે.

- બુદ્ધિ જીવોની હાય લે છે.
  શ્રદ્ધા જીવોને 'હાશ' દે છે.

- બુદ્ધિ મંદિરમાં પરમાત્માની પ્રતિમાના દર્શન કરે છે.
  શ્રદ્ધા મંદિરમાં સાક્ષાત્ પરમાત્માના જ દર્શન કરે છે.

- બુદ્ધિને જગતસુધારણામાં જ રસ છે.
  શ્રદ્ધાને જાતસુધારણામાં જ રસ છે.

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૧૧




## द्रव्यानुयोगपरामर्शः शाखा-११

### गुण-सामान्यस्वभावनिरूपणम्

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૧૧

## द्रव्यानुयोगपरामर्शः शाखा-११

गुण-सामान्यस्वभावनिरूपणम्

## ❋ ટૂંકસાર ❋

: શાખા - ૧૧ :

અહીં ગુણ તથા સામાન્ય સ્વભાવ દેખાડાય છે. સર્વ દ્રવ્યમાં અસ્તિતા વગેરે દસ સામાન્ય ગુણો છે. જ્ઞાન, સુખ, ચેતનતા વગેરે સોળ વિશેષ ગુણોમાંથી પુદ્ગલમાં અને આત્મામાં છ-છ વિશેષ ગુણો છે. ધર્માસ્તિકાય વગેરે ચારમાં ત્રણ-ત્રણ વિશેષ ગુણો છે. આત્માના પ્રગટ ગુણોને સાચવીને અપ્રગટ ગુણોને પ્રગટાવવાના છે. (૧૧/૧-૨-૩)

ચેતનતા વગેરે ગુણો સામાન્ય-વિશેષ ઉભયાત્મક છે. સંસારી અને સિદ્ધ બન્નેમાં સામાન્યરૂપે જીવત્વ છે. વિશેષરૂપે સિદ્ધત્વ શુદ્ધસ્વરૂપમાં છે. તેથી અનંતગુણાત્મક સિદ્ધત્વને પ્રગટાવવા પ્રયત્ન કરવો.(૧૧/૪)

સ્વભાવ ગુણનું સ્વરૂપ છે. તથા તે ગુણથી ભિન્ન ધર્મસ્વરૂપ પણ છે. તે સ્વભાવના સામાન્ય અને વિશેષ એમ બે પ્રકાર પડે છે. સામાન્ય સ્વભાવ અગિયાર છે. વિશેષ સ્વભાવ દસ જાણવા. પહેલો સામાન્ય સ્વભાવ અસ્તિસ્વભાવ છે. તે આત્માના શાશ્વત અસ્તિત્વની યાદ અપાવે છે.(૧૧/૫)

નાસ્તિસ્વભાવના લીધે વસ્તુ પરસ્વરૂપે હાજર નથી. 'જીવ કાયમ જીવાત્મા સ્વરૂપે હાજર છે, જડરૂપે ગેરહાજર છે' - એમ જાણી આત્માને પુદ્ગલોની પરવશતાથી છોડાવવો. (૧૧/૬)

'આ તે જ છે' - આ પ્રતીતિ નિત્યસ્વભાવ કરાવે છે. વિવિધ પર્યાયો અનિત્યસ્વભાવને સૂચવે છે. ચાર ગતિમાં ભટકતો જીવ અનિત્ય છે. છતાં આત્મસ્વભાવ એનો એ જ છે. માટે ધ્રુવ આત્માની શુદ્ધિ માટે પ્રયત્ન કરવો. (૧૧/૭)

આત્મા નિત્યાનિત્ય હોવાથી મનુષ્યમાંથી સિદ્ધસ્વરૂપમાં તેનું રૂપાંતરણ કરવા પ્રયત્ન કરવો.(૧૧/૮)

એકસ્વભાવ = સમાનસ્વભાવ. દરેક વસ્તુમાં રૂપ, રસ વગેરે એક સ્વભાવ મળે છે. તથા કાળા રંગનો ઘડો ભટ્ઠીમાં પાકીને લાલ બને છે. તેથી તેમાં અનેકસ્વભાવ = વિવિધસ્વભાવ પણ છે. આપણો મૂળભૂત સ્વભાવ સિદ્ધ ભગવંત જેવો જ છે. તેને પ્રગટ કરવા પ્રયત્ન કરવો. (૧૧/૯)

ગુણ અને ગુણી વચ્ચે ભેદસ્વભાવ છે. ભેદસ્વભાવ વ્યવહાર-પ્રવૃત્તિમાં સહાય કરે છે. તથા તેમાં અવિભક્તપ્રદેશવૃત્તિસ્વરૂપ અભેદસ્વભાવ પણ છે. આ બે સ્વભાવને આધારે આપણે દોષોથી આપણો ભેદ અને ગુણો સાથે અભેદ થાય તેવી પ્રવૃત્તિ કરવી. (૧૧/૧૦)

જેવું નિમિત્ત મળે તે રીતે વસ્તુ પોતાને બનાવે તે ભવ્યસ્વભાવ જાણવો. દા.ત. પાણી અગ્નિથી ગરમ થાય નિમિત્ત મળવા છતાં વસ્તુનું સ્વરૂપ બદલાય નહિ તે અભવ્ય સ્વભાવ. દા.ત. રેતીમાંથી ઘડો ન બને. આપણી કેવળજ્ઞાનદશાને અનુકૂળ ભવ્યસ્વભાવ ઉપર ભાર મૂકવો. તથા આપણા ગુણોને સાચવવા માટે નબળા નિમિત્તોથી અપરિવર્તનશીલ અભવ્યસ્વભાવ ઉપર ભાર મૂકવો. (૧૧/૧૧)

વસ્તુનો અસાધારણ ભાવ એટલે પરમભાવ. તેની અપેક્ષાએ "આત્મા જ્ઞાનસ્વરૂપ છે." પરમભાવને પૂર્ણતયા પ્રગટાવવાનો ઉદ્યમ આપણે કરવાનો છે. (૧૧/૧૨)

## ઢાળ - ૧૧

(રાગ : □સોવનગિરિ ભૂષણ ત્રિશલાનંદન - એ દેશી)

**હિવઈં ભેદ ગુણના ભાખીજઈં, તિહાં (૧) અસ્તિતા કહિઈં જી,**
**સદ્રૂપતા૪, (૨) વસ્તુતા ✤જાતિ-વ્યક્તિરૂપતા લહિઈં જી;**
**(૩) દ્રવ્યભાવ દ્રવ્યત્વ, (૪) પ્રમાણઈં પરિચ્છેદ્ય જે ★રૂપ જી,**
**પ્રમેયત્વ, (૫) ♦આણાગમ ✡સૂખિમ♦ અગુરુલઘુત્વસ્વરૂપ જી ॥૧૧/૧॥ (૧૮૩)**

▸એતલે ઢાળેં કરી◂ દ્રવ્યના ભેદ કહિયા *= વર્ણવ્યા*.

**હિવઈં ગુણના ભેદ** સમાનતંત્રપ્રક્રિયાઈં (**ભાખીજઈં**=) કહિઈં છઈં. *તે સાંભળો હે ! ભવ્ય જીવો !*

**તિહાં** અસ્તિત્વ *તે **અસ્તિતા*** ગુણ ●**કહીઈં** જેહથી **સદ્રૂપતા**નો વ્યવહાર થાઇં. (૧)

**વસ્તુત્વ**ગુણ તે કહીયઇં જેહથી **જાતિ-વ્યક્તિરૂપપણું** (**લહિઈં**=) જાણિઈં. શ।

જિમ ઘટ તે જ સામાન્યથી જાતિરૂપ છઈં, વિશેષથી તત્તદ્વ્યક્તિરૂપ છઈં. સ

**अत एव** અવગ્રહઈં સામાન્યરૂપ સર્વત્ર ભાખઇ છઈં, અપાયઈં વિશેષ રૂપ ભાખઈં છઈં, પૂર્ણોપયોગઈં સંપૂર્ણ વસ્તુગ્રહણ થાઈ છઈં. (૨)

**દ્રવ્યભાવ** જે ગુણ-પર્યાયાધારતાઅભિવ્યઙ્ગ્યજાતિવિશેષ, તે **દ્રવ્યત્વ.**

"એ જાતિરૂપ માટઈં ગુણ ન હોઈ" એહવી નૈયાયિકાદિવાસનાઈં આશંકા ન કરવી. જે માટઈં "**सहभुवो गुणाः, क्रमभुवः पर्यायाः**" એહવી જ જૈનશાસ્ત્રની વ્યવસ્થા છઈં.

"**द्रव्यत्वं चेद् गुणः स्यात्, रूपादिवदुत्कर्षापकर्षभागि स्यात्" इति तु कुचोद्यम्, एकत्वादिसङ्ख्यायां परमतेऽपि व्यभिचारेण ✽तथाव्याप्त्यभावादेव निरसनीयम्।** (૩)

**પ્રમાણઈં પરિચ્છેદ્ય જે રૂપ** ■પ્રમાવિષયત્વ તે **પ્રમેયત્વ** કહિઇં. તે પણિ કથંચિત્ ⊡સ્વરૂપથી અનુગત સર્વ સાધારણ ગુણ છઈં.

---

□ કો.(૧૩)માં 'ઉત્સર્પિણી અવસર્પિણી આરો રે - ધવલ ધન્યાસી - એ દેશી' પાઠ.
૪ કો.(૧૩)માં 'અદ્ભૂતતા' પાઠ. ✤ P(૨)માં 'જાણી' અશુદ્ધ પાઠ. ★ P(૨)માં 'રૂપી' પાઠ.
♦ આણાગમ = આજ્ઞાગમ્ય. ✡ કો.(૨)માં 'સૂક્ષ્મ' પાઠ છે. લા.(૨)માં 'સુષિમ સુષિમ' પાઠ.
♦ સૂખિમ = સૂક્ષ્મ. આધારગ્રંથ - **ઐતિહાસિક રાસસંગ્રહ** ભાગ-૧ પ્રકા.યશોવિજય ગ્રંથમાળા, ભાવનગર. સંપા. વિજયધર્મસૂરિ. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૯+૧૦+૧૧) + સિ.માં નથી.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત પાલિ.માં છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં છે.
● શાં.માં 'કલિઈં' અશુદ્ધ પાઠ. કો.(૯)+સિ.+લી.(૪)+ મ.નો પાઠ લીધો છે.
✽ કો.(૧૩)માં 'द्रव्यभावे तथा...' પાઠ છે. ■ ધ.માં 'પ્રમાણવિષયત્વ' પાઠ.
⊡ ફક્ત P(૨)માં 'સ્વરૂપથી' પાઠ.

⊠પરંપરા સંબંધઈં ❖પ્રમાત્વાજ્ઞાનઈં પણિ પ્રમેયવ્યવહાર✿ થાઈ છઈં.

તે માટઈં પ્રમેયત્વ ગુણ સ્વરૂપથી અનુગત છઈં.

***तद्वृत्तित्वे सति तदितराऽवृत्तित्वं असाधारणत्वम्।*** (૪).

**અગુરુલઘુત્વ(સ્વરૂપ)** ગુણ (**સૂખિમ=**) સૂક્ષ્મ (**આણાગમ=**) આજ્ઞાગ્રાહ્ય છઈં. **"सूक्ष्मं जिनोदितं तत्त्वं हेतुभिर्नैव हन्यते। आज्ञासिद्धं तु तद् ग्राह्यं नाऽन्यथावादिनो जिनाः।।"** (आ.प.पृ.११ उद्धृत) "अगुरुलघुपर्यायाः सूक्ष्मा अवाग्गोचराः।" (आ.प.पृ.११) (५) ॥११/१॥

**परामर्शः**

• द्रव्यानुयोगपरामर्शः •

**शाखा - ११**

**गुणभेदा अधुना प्रोच्यन्ते तत्राऽऽद्योऽस्तितागुणो येन,**
**सद्रूपताया व्यवहारो हि वस्तुत्वं जातिभेदचारि।**
**द्रव्यभावो भवेद् द्रव्यत्वं प्रमाणगम्या प्रमेयता हि,**
**चागुरुलघुतासुगुणः सूक्ष्मो ग्राह्योऽस्ति मुदा जिनवचनेन।।११/१।।**

• અધ્યાત્મ અનુયોગ •

### 卐 ગુણનિરૂપણ પ્રારંભ 卐

[redacted] :- હવે ગુણના ભેદો = પ્રકારો કહેવાય છે. તેમાં પ્રથમ (૧) અસ્તિતાગુણ તે છે કે જેના દ્વારા સદ્રૂપતાનો વ્યવહાર થાય. (૨) વસ્તુત્વ ગુણ સામાન્યનો અને વિશેષનો વ્યવહાર કરાવે છે. (૩) દ્રવ્યભાવ એ દ્રવ્યત્વ છે. (૪) પ્રમેયતા પ્રમાણથી જાણવા યોગ્ય છે. તથા (૫) 'અગુરુલઘુતા' નામનો સુંદર ગુણ સૂક્ષ્મ છે. તેથી શ્રદ્ધાપૂર્વક જિનવચન દ્વારા તેનું જ્ઞાન કરવા યોગ્ય છે. (૧૧/૧)

### ☫ ગુણસ્વરૂપવિચારણા નિર્ભયતા આપે ☫

[redacted] :- 'ગુણ સહભાવી છે' - આ વાત ઉપરથી એટલો બોધપાઠ મેળવવા જેવો છે કે રોગ, ઘડપણ, મોત વખતે પણ આપણા અસ્તિતા વગેરે ગુણ ટકી જ રહે છે. અર્થાત્ આપણું અસ્તિત્વ, વસ્તુત્વ વગેરે ક્યારેય નાશ પામવાનું નથી. આ હકીકતને નજર સમક્ષ રાખી મોત વખતે પણ નિર્ભયતાને ટકાવવા આપણે પ્રયાસ કરવો જોઈએ. આ રીતે આગળ વધતાં ક્રમશઃ સિદ્ધસ્વરૂપ સુલભ બને. તેનું વર્ણન કરતાં **પરમાત્મપંચવિંશતિકા**માં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે 'દેહશૂન્ય, દર્શન -જ્ઞાનઉપયોગમય સ્વરૂપને ધરનારા, સિદ્ધ પરમાત્મા કાયમ નિરાબાધ = પીડારહિત રહે છે.' (૧૧/૧)

---

⊠ શાં.માં 'પરપદા' અશુદ્ધ પાઠ. મ.+સિ.+લી.(૨+૪)+કો.(૯)નો પાઠ લીધો છે.

❖ **દ્રવ્યાનુયોગતર્કણા**માં 'प्रमात्वज्ञाने' इत्यशुद्धः पाठः।

✿ આ.(૧)માં 'પ્રમેયજ્ઞાન' પાઠ. ધ.માં 'પ્રમાવ્યવહાર' પાઠ. મો.(૨)નો પાઠ લીધો છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧)માં છે.

**(૬) પ્રદેશત્વ અવિભાગી પુદ્ગલ ✚ક્ષેત્રભાવ જે વ્યાપ્યો♦ જી,**
**(૭) ચેતનતા અનુભૂતિ, (૮) અચેતનભાવ અનનુભવ થાપ્યો✡ જી;**
**(૯) મૂરતતા રૂપાદિક સંગતિ, (૧૦) અમૂરતતા♦ તદભાવો જી,**
**દસ સામાન્ય ગુણા, પ્રત્યેકઈ આઠ આઠ ●એમ ભાવો જી ॥૧૧/૨॥ (૧૮૩)**

**અવિભાગી પુદ્ગલ** (**જે**=) યાવત્ ક્ષેત્રઈ (**વ્યાપ્યો**=) રહઇ, તાવત્ક્ષેત્રવ્યાપીપણું તે **પ્રદેશત્વ**ગુણ ❖કહીઈ. (૬)

**ચેતનત્વ** તે (**અનુભૂતિ**=) આત્માનો અનુભવરૂપ ગુણ કહિઇં. જેહથી "**अहं सुख-दुःखादि चेतये**" એ વ્યવહાર થાઈ છઈ. રા

જેહથી જાતિ-વૃદ્ધિ-ભગ્નક્ષતસંરોહણાદિ જીવનધર્મ હોઇ છઇ. (૭) સ

એહથી વિપરીત (=**અનનુભવ રૂપ**) **અચેતનત્વ** અજીવમાત્રનો ગુણ (**થાપ્યો**) છઈ. (૮)

✻**મૂર્તતાગુણ** રૂપાદિસંનિવેશાભિવ્યઙ્ગ્ય પુદ્ગલદ્રવ્યમાત્ર વૃત્તિ❑ છઈ ★**રૂપાદિક** પુદ્ગલાદિક **સંગઈ** મૂર્ત્તત્વ ગુણ કહીઈ.★ (૯)

*તે **રૂપાદિકનો** જિહાં જિહાં **અભાવ** તિહાં તિહાં **અમૂર્તત્વ** ગુણ કહીઈ.* **અમૂર્ત્તતાગુણ** મૂર્ત્તત્વાભાવસમનિયત છઈ.✻ (૧૦)

**"अचेतनत्वामूर्त्तत्वयोश्चेतनत्व-मूर्त्तत्वाभावरूपत्वान्न गुणत्वम्" इति नाशङ्कनीयम्, अचेतनामूर्त्तद्रव्यवृत्तिकार्यजनकतावच्छेदकत्वेन व्यवहारविशेषनियामकत्वेन च तयोरपि पृथग्गुणत्वात्। नञः पर्युदासार्थकत्वात्, नञ्ऀपदवाच्यतायाश्च 'अनुष्णाशीतस्पर्शः' इत्यादौ व्यभिचारेण परेषामप्य-भावत्वानियामकत्वाद्, "भावान्तरमभावो हि, कयाचित्तु व्यपेक्षया"( ) इति नयाश्रयणेन दोषाभावाच्च इति।**

✚ પુસ્તકોમાં 'ખેત્ર' પાઠ. કો.(૧૩)નો પાઠ લીધો છે.
♦ પુસ્તકોમાં 'વ્યાપિઉ' પાઠ. સિ. + કો.(૯+૧૧) + આ.(૧)નો પાઠ લીધો.
✡ પુસ્તકોમાં 'થાપિઓ' પાઠ. કો.(૧૩) + આ.(૧)નો પાઠ લીધો છે.
♦ પુસ્તકોમાં 'અમૂર્ત્તતા' પાઠ. આ.(૧)નો પાઠ લીધેલ છે.
● પુસ્તકોમાં 'એ' પાઠ. આ.(૧)નો પાઠ લીધેલ છે.
❖ પુસ્તકોમાં 'કહીઈ' નથી. આ.(૧) + કો.(૧૩)માં છે.
✻....✻ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૯)+સિ.માં નથી.
❑ મ.માં 'વૃત્રિ' પાઠ. કો.(૧૦+૧૧+૧૩)+લી(૨+૩)+લા.(૨)નો પાઠ લીધો છે.
★....★ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં છે.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)+કો.(૧૩)માં છે.
ঙ কો.(૧૦+૧૧+૧૩)+ આ.(૧) +કો.(૯)+સિ.માં '**नञ्गर्भ**' પદ છે.

એ **૧૦ સામાન્ય ગુણ** છઈ. મૂર્તત્વ-અમૂર્તત્વ, ચેતનત્વ-અચેતનત્વ પરસ્પર પરિહારઈં રહઈ; તે માટઈં **પ્રત્યેકઈં** એક એકદ્રવ્યનઈં વિષઈં ૮ ૮ પામિઈં. ઈમ **ભાવો** = ▸આત્મબોધે કરીને◂ વિચારી લ્યો*. ॥૧૧/૨॥

---

**परामर्शः** **स्वाश्रयव्यापित्वमविभागिनि पुद्गले तु प्रदेशत्वं हि,**
**चेतनता स्वानुभूतिरुक्ताऽचेतनत्वं तु विपर्ययेण।**
**मूर्त्तता रूपादिमत्ता स्याज्ज्ञेयाऽमूर्त्तता व्यत्ययेन,**
**दश सामान्यगुणा विज्ञेयाः प्रतिद्रव्यमष्टौ तत्त्वेन।।११/२।।**

---

**❋ પ્રદેશત્વાદિ ગુણની સમજણ ❋**

[redacted]:- અવિભાગી પુદ્ગલમાં પ્રદેશત્વ એ સ્વાશ્રયવ્યાપિત્વ સ્વરૂપ છે. સ્વાનુભૂતિ એ ચેતનતા ગુણ છે. તેનાથી વિપરીત અચેતનતા ગુણ છે. મૂર્તતા રૂપાદિવૈશિષ્ટ્ય સ્વરૂપ છે. તેના વિપર્યાસથી અમૂર્તતા જાણવી. આમ દસ સામાન્યગુણ જાણવા. દરેક દ્રવ્યમાં પરમાર્થથી આઠ ગુણ હોય છે. (૧૧/૨)

**❋ નિષ્ક્રિયતાને ખંખેરીએ ❋**

[redacted]:- આપણું ચૈતન્ય સાધારણ ગુણ છે. પણ વર્તમાનમાં તે સોપાધિક છે, આવૃત છે, કર્મથી આવરાયેલ છે. તેને નિરુપાધિક અને અનાવૃત કરવાનું છે. પરંતુ 'ચૈતન્ય સાધારણ ગુણ છે. કદાપિ નષ્ટ થવાનો નથી' - એમ વિચારી નિષ્ક્રિય બેસી રહેવાનું નથી. આપણા ચૈતન્યને નિરુપાધિક અને અનાવૃત કરવું એ આ જ આપણું પરમ કર્તવ્ય છે. તે કર્તવ્યપાલનથી શીઘ્રતાથી **યોગપ્રદીપ** ગ્રંથમાં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ પ્રગટ થાય છે. ત્યાં જણાવેલ છે કે '(૧) નિરાકાર, (૨) આભાસશૂન્ય, (૩) નિષ્પ્રપંચ, (૪) નિરંજન, (૫) સદાનંદમય, (૬) દિવ્યસ્વરૂપયુક્ત, (૭) કેવલજ્ઞાનાત્મકબોધયુક્ત, (૮) રોગમુક્ત સિદ્ધ ભગવંત છે.' (૧૧/૨)

---

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત પાલિ.માં છે.

* કો.(૧૩)માં 'વિચારજ્યો' પાઠ.

**જ્ઞાન, દૃષ્ટિ, સુખ, વીર્ય, ફરસ, રસ, ગંધ, વર્ણ એ જાણો જી,**
**ગતિ-થિતિ-અવગાહના♦-વર્તનાહેતુભાવ□ મનિ આણો જી;**
**ચેતનતાદિક ચ્યારઈ ⧗ભેલાવિ, વિશેષગુણ એ સોલઈ જી,**
**ષટ્ પુદ્ગલ-આતમનઈ, તીનહ અન્ય દ્રવ્યનઈ ટોલઈ જી ॥૧૧/૩॥ (૧૮૫)**

**જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય** એ ✦૪ = ચાર આત્માના, **સ્પર્શ-રસ-ગંધ-વર્ણ** એ ૪ પુદ્ગલના વિશેષગુણ છે **(એ જાણો)**.

શુદ્ધ દ્રવ્યઇં અવિકૃત રૂપ એ ★અવિશિષ્ટ રહઇં. તે માટઈં એ ગુણ કહિયા. વિકૃતસ્વરૂપ તે પર્યાયમાં ✡ભલઈં.એ વિશેષ જાણવો. **ગતિહેતુતા (૧), સ્થિતિહેતુતા (૨), અવગાહનાહેતુતા (૩), વર્ત્તનાહેતુતા (૪)** એ ૪ ધર્માસ્તિકાય (૧), અધર્માસ્તિકાય (૨), આકાશાસ્તિકાય (૩), કાલ (૪) દ્રવ્યના પ્રત્યેકિં વિશેષગુણ **(મનિ આણો)**. એહ■ ૧૨ ગુણમાં **(ચેતનતાદિક=)** ચેતનત્વ, અચેતનત્વ, મૂર્ત્તત્વ, અમૂર્ત્તત્વ એ **(ચ્યારઈ=)** ૪ ગુણ **ભેલિઈં**, તિવારઇં **(એ) ૧૬ વિશેષગુણ** થાયઇં.

તે મધ્યે **પુદ્ગલ** દ્રવ્યનઈ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, મૂર્ત્તત્વ, અચેતનત્વ એ **૬** હોઇં. **આત્મ**દ્રવ્યનઈ જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, અમૂર્ત્તત્વ, ચેતનત્વ● એ **૭** હોઇં.

**(અન્ય=)** બીજા **દ્રવ્યનઈ ટોલઈં** = સમુદાયઇં ૩ ગુણ હોઈ. એક નિજગુણ, ૨ અચેતનત્વ, ૩ અમૂર્ત્તત્વ❋ - ઈમ ફલાવીનઇં ધારવું. ॥૧૧/૩॥

**परामर्शः**

**ज्ञानं दृष्टिः सुखञ्च वीर्यं स्पर्श-रस-गन्ध-वर्णाश्चैव,**
**गति-स्थित्यवगाहन-वर्त्तनाहेतुता ज्ञेया विशेषेण।**
**चेतनतादयश्चत्वारो हि विशेषगुणास्तु षोडश तेन,**
**पुद्गलात्मनोः षड् गुणास्त्रयस्त्रयः खलु तदन्यद्रव्येषु।।११/३।।**

♦ પુસ્તકોમાં 'અવગાહન' પાઠ. અહીં કો.(૫+૬+૮+૯+૧૦+૧૧)નો પાઠ લીધો છે.
□ મો.(૨)માં 'હેતુસ્વભાવ' પાઠ.
⧗ કો.(૧૩)માં 'ભેલવી' પાઠ.
✦ મ.માં 'એ જ' પાઠ. P(૩)નો પાઠ લીધેલો છે.
★ શાં+મ.માં 'અવિશષ્ટ' અશુદ્ધ પાઠ. ધ.+B(૨)નો પાઠ લીધો છે.
✡ લી.(૧) + લા.(૨)માં 'પર્યાય સાંભલી' પાઠ.
■ પુસ્તકોમાં 'એહ' નથી. લા.(૨)માં છે.
● મ.માં 'અચેતનત્વ' અશુદ્ધ પાઠ. કો.(૧૦)+લા.(૨)નો પાઠ લીધો છે.
❋ આ.(૧)માં 'અમૂર્તિ' પાઠ.

## ❁ વિશેષગુણોનું પ્રતિપાદન ❁

[redacted]:- જ્ઞાન, દષ્ટિ, સુખ, વીર્ય (= શક્તિ), સ્પર્શ-રસ-ગંધ-વર્ણ અને ગતિ-સ્થિતિ-અવગાહના -વર્તનાહેતુતા વિશેષરૂપે ગુણો જાણવા. તથા ચેતનતા આદિ ચાર વિશેષ ગુણો છે. તેથી ૧૬ વિશેષગુણો જાણવા. પુદ્ગલમાં અને આત્મામાં છ-છ ગુણો છે. તે બે સિવાયના ચાર દ્રવ્યોમાં ત્રણ-ત્રણ વિશેષ ગુણ છે. (૧૧/૩)

અ

## ❁ વિશેષગુણનો ઉપદેશ ❁

ધ્યા [redacted]:- જ્ઞાનમાં કેવલજ્ઞાન, દર્શનમાં કેવલદર્શન, સુખમાં અતીન્દ્રિય સુખ, શક્તિમાં ક્ષાયિક શક્તિ - આ ચાર વિશેષગુણો વિશુદ્ધતમ છે.

ત્મ (૧) તેથી તેને પ્રગટ કરવા એ જ પ્રત્યેક આત્માર્થી જીવનું પરમ લક્ષ્ય છે.

(૨) અમૂઢલક્ષ્યવાળા જીવો સાધના કરતી વખતે આ આધ્યાત્મિક લક્ષ્યને ચૂકતા નથી.

અ (૩) આ લક્ષ્યને સિદ્ધ કરવામાં બાધક બને તેવી પ્રવૃત્તિ તેઓ કરતા નથી.

નુ (૪) લક્ષ્યને ભૂલાવી દે તેવી કોઈ પણ પ્રવૃત્તિ તેઓ કરતા નથી.

(૫) આ લક્ષ્યની નજીક પહોંચાડે તેવી પ્રવૃત્તિમાં આત્માર્થી જીવો જરા ય કંટાળતા નથી.

યો (૬) સાધના કરવાની પદ્ધતિ પણ તેવી જ હોય છે કે સાધનાનું અહંકારાદિરૂપે અજીર્ણ તેઓને થતું નથી. તેથી તેઓ લક્ષ્યથી દૂર જતા નથી.

ગ (૭) બહુ ઝડપથી નિર્વિઘ્નતયા મુખ્ય લક્ષ્યને સિદ્ધ કરવાની ઝંખના, તેના ઉપાયની વિચારણા, સાધનામાં તત્પરતા, મોહોદય વખતે સાવધાની-જાગૃતિ આત્માર્થી જીવોમાં વણાયેલી જોવા મળે છે.

આ સાત બાબતમાં સદા લક્ષ્ય ટકી રહે તો જ તાત્ત્વિક આત્માર્થીપણું પ્રગટ થઈ શકે. તથા તેનાથી જ **નવતત્ત્વસંવેદન**માં દર્શાવેલ શુદ્ધાત્મા શીઘ્રતાથી પ્રગટે. શ્રાદ્ધવર્ય **અંબપ્રસાદજી**એ ત્યાં જણાવેલ છે કે 'જે શાશ્વત, મુક્તિપુરીવાસી, કર્તવ્યના પારને પામેલ, સદાઆનંદમય, સર્વજ્ઞ, પરમેશ્વર છે તે જ પરમાત્મા = શુદ્ધાત્મા છે.' (૧૧/૩)

ચેતનત્વાદિ ૪ સામાન્યગુણમાંહિં પણિ કહિયા છઈ♦, અનઈ વિશેષગુણમાંહિં પણિ કહિયા છઈ♦ તિહાં✡ સ્યૂં કારણ ? તે કહઈ છઈ –

**ચેતનતાદિક ચ્યારે સ્વજાતિં ગુણ સામાન્ય કહાઈ⁸ જી,**
**વિશેષ ગુણ પરજાતિઅપેક્ષા ગ્રહતાં ચિત્તિ સુહાઈ જી;**
**વિશેષ ગુણ છઈ સૂત્રઈ ભાખિઆ, બહુસ્વભાવ આધારો જી,**
**અર્થ તેહ કિમ ગણિઆ જાઈ, એહ♦ થૂલ •વ્યવહારો જી ॥૧૧/૪॥ (૧૮૬)**

**ચેતનત્વાદિ** ૪ ❖ગુણ (**સ્વજાતિં**=) સ્વજાત્યપેક્ષાઈ અનુગત વ્યવહાર કરઈ છઈ. તે માટઈ **સામાન્યગુણ કહિયઈ** ▸ઇતિ ભાવ◂.

**પરજાતિની અપેક્ષાઈ** ચેતનત્વાદિક ✻અચેતનાદિક દ્રવ્યથી સ્વાશ્રયવ્યાવૃત્તિ□ કરઈ છઈ. તે માટઈ **વિશેષ ગુણ** કહિઈ. (ઈમ **ગ્રહતાં ચિત્તિ સુહાઈ**) "**परापरसामान्यवत् सामान्य-विशेषगुणत्वमेषाम्**" इति भावः★।

"જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય એ ૪ આત્મવિશેષગુણ, **સ્પર્શ, રસ, ગંધ, વર્ણ** એ ૪ પુદ્ગલ વિશેષગુણ." ▸એવ રના **વિશેષ ગુણ** જે **સૂત્રે** (**ભાખિયા**=) કહ્યા,◂ તે (=**એહ**) **સ્થૂલ વ્યવહારઈ** જાણવું.

જે માટઈ "**अष्टौ सिद्धगुणाः, एकत्रिंशत् सिद्धादिगुणाः, एकगुणकालकादयः पुद्गला अनन्ताः**" ઈત્યાદિ સૂત્રાર્થ✚વિચારણાઈ (**બહુસ્વભાવ આધારો**) વિશેષગુણ અનંતા થાઈ છે. **તે (અર્થ) છદ્મસ્થ કિમ ગણી સકઈ ? ✻तस्माद् "धर्मास्तिकायादीनां गति-स्थित्यवगाहना-वर्त्तनाहेतुत्वोपयोग-ग्रहणाख्याः षडेव (विशेषगुणाः)।**

**अस्तित्वादयः सामान्यगुणास्तु विवक्षयाऽपरिमिताः" इत्येव न्याय्यम्।**

**"षण्णां लक्षणवतां लक्षणानि षडेव" इति हि को न श्रद्दधीत ?✻**

[1]**नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा। वीरियं उवओगो य, एयं जीवस्स लक्खणं।।** (उत्त.२८/११,

---

♦ પુસ્તકોમાં 'છઈ' પાઠ નથી. આ.(૧)+કો.(૧૩)માં છે. ✡ આ.(૧)માં 'તેનું' પાઠ.
⁸ મો.(૨)માં 'કહાઈ' પાઠ નથી. ♦ કો.(૨)માં 'પુદ્ગલ' પાઠ. • આ.(૧)માં 'વિવ...' પાઠ.
❖ પુસ્તકોમાં 'ગુણ' નથી. આ.(૧)માં છે. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.
✻ પુસ્તકોમાં 'અચેતનત્વાદિક' પાઠ. કો.(૧૦+૧૧)નો પાઠ લીધો છે. □ લી.(૧)માં 'સ્વાશ્રયવૃત્તિ' પાઠ.
★ કો.(૧૩)માં 'ज्ञेयः' પાઠ.
✚ સિ.માં 'વિચારી' પાઠ.
✻...✻ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૩)માં નથી.
1. ज्ञानं च दर्शनं चैव चारित्रं च तपः तथा। वीर्यम् उपयोगः च एतद् जीवस्य लक्षणम्।।

न.त.५) [1]सद्दंधयारउज्जोअ, पभा [2]छाया तहेव य। वण्ण-रस-गंध-फासा, पुग्गलाणं तु लक्खणं।। (उत्त.२८/१२, न.त.११) इत्यादि तु "स्वभाव-विभावलक्षणयोरन्योऽन्यनान्तरीयकत्वप्रतिपादनाय"इत्यादि पण्डितैर्विचारणीयम्।।११/४।।

परामर्शः चेतनतादयश्चत्वारः स्वजात्या सामान्यगुणाः सन्ति,
परजात्या व्यावृत्तिकरणे च विशेषगुणास्त एव भवन्ति।
स्थूलव्यवहृत्येदमनन्ताः, सौक्ष्म्येण विशेषगुणा येन
सूत्राणि विशेषगुणान् बहुस्वभावाश्रयतया खलु वदन्ति।।११/४।।

### સામાન્ય-વિશેષ ગુણોનો અનુવેધ

[redacted] :- ચેતનતા વગેરે ચાર ગુણો સ્વજાતિની અપેક્ષાએ સામાન્યગુણ છે. તથા પરજાતિની અપેક્ષાએ વ્યાવૃત્તિ = પરદ્રવ્યબાદબાકી કરે તો તે જ વિશેષગુણ બને છે. આ વાત સ્થૂલ વ્યવહારથી કરેલ છે. કારણ કે સૂક્ષ્મ દૃષ્ટિથી તો વિશેષ ગુણો અનંતા છે. ખરેખર, આગમસૂત્રો 'વિશેષગુણો બહુસ્વભાવનો આશ્રય બને છે' - આ રીતે વિશેષગુણોને વર્ણવે છે. (૧૧/૪)

### સ્વભાવગુણપરિણમન આપણું કર્તવ્ય

[redacted]:- **પ્રવચનસાર** ગ્રંથમાં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'જીવ પરિણામસ્વભાવી હોવાથી (૧) જ્યારે શુભ ભાવથી જીવ પરિણમે છે ત્યારે જીવ પોતે જ શુભ થાય છે. (૨) જ્યારે અશુભ ભાવથી જીવ પરિણમે છે ત્યારે જીવ પોતે જ અશુભ થાય છે. તથા (૩) જ્યારે જીવ શુદ્ધ ભાવથી પરિણમે છે ત્યારે જીવ પોતે જ શુદ્ધ થાય છે.' આમ જીવ સર્વદા સર્વત્ર સ્વકીયઉપયોગ-પરિણામસ્વભાવવાળો હોવાથી બહારના નિમિત્તો, કર્મ કે સંસ્કાર વગેરેની પરવશતાના લીધે જેમ જેમ આપણો ઉપયોગ (= ચેતનતા) બહિર્મુખ બને, જિનાજ્ઞાનિરપેક્ષ બને, તૃષ્ણાદિવશ બને કે પ્રમાદગ્રસ્ત બને તેમ તેમ વ્યવહારનયથી તે વિભાવગુણસ્વરૂપે પરિણમે છે. જેમ જેમ તે જ ઉપયોગ (=ચૈતન્ય) અંતર્મુખ બને, જિનાજ્ઞાસાપેક્ષ બને, તૃપ્ત બને, શાંત બને, સ્થિર બને, અપ્રમત્ત બને તેમ તેમ તેનું વિભાવગુણરૂપે પરિણમન સ્ખલિત થાય, મંદ થાય, સ્વભાવગુણરૂપે પરિણમન શરૂ થાય. સામાન્ય-વિશેષ ગુણ સ્વરૂપ ઉપયોગને વિભાવગુણરૂપે પરિણમાવવાનું બંધ કરી સ્વભાવગુણરૂપે પરિણમાવવો એનું નામ સાધના છે. તથા ત્યારે જ આપણો આત્મા શુદ્ધ થાય છે. અપ્રમત્તપણે આવી મોક્ષમાર્ગની સાધના કરવાની પ્રેરણા આ શ્લોક દ્વારા મેળવવા યોગ્ય છે. તે પ્રેરણાને અનુસરવાથી સિદ્ધસ્વરૂપ ઝડપથી ઉપસ્થિત થાય છે. **કુમારપાલપ્રબોધપ્રબંધ**માં ઉદ્ધૃત કરેલી કારિકામાં સિદ્ધસ્વરૂપ આ મુજબ જણાવેલ છે કે 'અનન્ત દર્શન-જ્ઞાન-સુખ-શક્તિમય, ત્રૈલોક્યમાં તિલક સમાન, નિરંજન સિદ્ધ ભગવંત ત્યાં સિદ્ધશિલામાં જ રહે છે.' (૧૧/૪)

1. शब्द-अन्धकार-उद्योताः प्रभा छाया-आतपे इति च (तथैव च)। वर्ण-रस-गन्ध-स्पर्शाः पुद्गलानां तु लक्षणम्।।
2. उत्तराध्ययनसूत्रे 'छायातवुत्ति य' इति पाठः। क्वचित् 'छायातवे इ वा' इति पाठः।

**ધર્મ અપેક્ષાઈં ઈહાં અલગા સ્વભાવ ગુણથી ભાખ્યા જી,**
**નિજ નિજ રૂપ મુખ્યતા લેઈ, ♦સ્વભાવ ગુણ કરી દાખ્યા જી;**
**(૧) અસ્તિ સ્વભાવ તિહાં નિજ રૂપઈં, ભાવરૂપતા✡ દેખો જી,**
**પર અભાવ પરિ નિજ ભાવઈં, પણિ અરથ અનુભવી લેખો જી ॥૧૧/૫॥ (૧૮૭)**

અનુવૃત્તિ-વ્યાવૃત્તિ સંબંધઈં **ધર્મ**માત્રની (**અપેક્ષાઈં**=) વિવક્ષા કરીનઇં **ઈહાં સ્વભાવ ગુણથી અલગા** પંડિતે **ભાખ્યા** = §કહ્યા. **નિજ નિજ** કહેતાં આપ આપણા **રૂપની મુખ્યતા લેઈ**, અનુવૃત્તિ સંબંધ માત્ર અનુસરીનઈં **સ્વભાવ** છઈં, તે જ **ગુણ કરી દાખ્યા** = દેખાડ્યા.

તે માટઈં ગુણવિભાગ કહીનઈં, સ્વભાવવિભાગ હિવઈં♦ કહિઈં છઈં –

**તિહાં** પ્રથમ **અસ્તિસ્વભાવ** તે **નિજરૂપઈં** = સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવસ્વરૂપઈં **ભાવરૂપતાયેં દેખો.** જિમ **પર** ▸વસ્તુચતુષ્ક◂ **અભાવઈં**● ❖નાસ્તિત્વસ્વભાવ અનુભવિયઈં છઈં, *તિમ (=**પરિ**) **નિજભાવઈં** અસ્તિત્વસ્વભાવ **પણિ** (**અરથ**) **અનુભવિઈં** (**લેખો**) છઈં.*

તે માટઈં અસ્તિસ્વભાવ **લેખઈં** છઈં. ॥૧૧/૫॥

---

**परामर्शः**

**अनुवृत्ति-व्यावृत्त्यपेक्षया स्वभावेषु गुणान्यतोक्तेह,**
**चानुवृत्तिस्वरूपार्पणे तु गुणो ननूक्तः स्वभाव एव।**
**अस्तिस्वभावं स्वद्रव्यादितया भावरूपं जानीहि,**
**नास्तित्वमिवाऽपरद्रव्याद्यभावेन निजद्रव्यत्वेन।।११/५।।**

---

### ❯ સ્વભાવનિરૂપણ ❯

[redacted] :- અનુવૃત્તિની અને વ્યાવૃત્તિની અપેક્ષાએ અહીં સ્વભાવમાં ગુણભેદ જણાવેલ છે. તથા ઓ ! ભાગ્યશાળી ! અનુવૃત્તિસ્વરૂપની અર્પણા કરવામાં આવે તો સ્વભાવ જ ગુણ તરીકે જણાવેલ છે. અસ્તિસ્વભાવને સ્વદ્રવ્યાદિરૂપે ભાવાત્મક જાણવો. નાસ્તિસ્વભાવ જેમ અન્યદ્રવ્યાદિના અભાવથી જણાય છે તેમ અસ્તિસ્વભાવને - નિજદ્રવ્યત્વ વિગેરે દ્વારા જાણવો. (૧૧/૫)

---

♦ પુસ્તકોમાં 'ગુણ સ્વભાવ' પાઠ. કો.(૧૧)નો પાઠ લીધો છે.
✡ કો.(૧)માં 'નાસ્તિ સ્વભાવ તિહાં દેખો જી' પાઠ.
§ 'કહ્યા' પાઠ ફક્ત કો.(૧૩)માં છે.
♦ પુસ્તકોમાં 'હિવઈં' નથી. આ.(૧)+કો.(૧૩)માં છે.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.
● કો.(૧૧)માં 'ભાવઈં' પાઠ.
❖ કો.(૧૦+૧૧)માં 'નાસ્તિ સ્વભાવ' પાઠ છે.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૯) + પ. + સિ.માં નથી.

## અસ્તિસ્વભાવનું પ્રયોજન

[redacted] :- અસ્તિસ્વભાવના લીધે આપણું અસ્તિત્વ અનુભવાય છે. અસ્તિસ્વભાવ કાયમ હાજર છે. તેથી 'આત્મા તરીકે આપણે વર્તમાનમાં વિદ્યમાન છીએ' - આવો અનુભવ આપણને કરાવવા તે સદા તૈયાર જ છે. શાસ્ત્રપરિકર્મિત બુદ્ધિ હોય તથા તેવું લક્ષ હોય, ઉપયોગ હોય તો 'અસંખ્યાતપ્રદેશમય, દેહાદિભિન્ન, દેહવ્યાપી શાશ્વત ચૈતન્યસ્વરૂપે હું સર્વદા વિદ્યમાન જ છું' - આવો આપણને અનુભવ અસ્તિસ્વભાવ કરાવે. તેનાથી વિષયવૈરાગ્ય ઉત્કૃષ્ટ થાય છે. આ અંગે દિગંબર **પૂજ્યપાદસ્વામી**એ **ઈષ્ટોપદેશ**માં જણાવેલ છે કે 'જેમ જેમ ઉત્તમ આત્મતત્ત્વ અનુભૂતિમાં આવે છે તેમ તેમ સરળતાથી મળે તેવા પણ વિષયો જીવને ગમતા નથી.' ત્યાર બાદ પ્રાપ્ત થયેલા ગુણોને વિશે પણ અભિમાન કરવાના બદલે તેના પ્રત્યે વૈરાગ્ય પ્રાપ્ત થતાં મરણાંત કષ્ટો-ઉપસર્ગો-પરિષહોની વચ્ચે રહેલા ગજસુકુમાલ મહામુનિ, મેતારજ મુનિ વગેરે અસ્તિસ્વભાવજનિત ઉપરોક્ત અનુભૂતિના આધારે જ કૈવલ્યલક્ષ્મીને પામી ગયા હશે ! ત્યાર બાદ તેઓએ **નમસ્કારમાહાત્મ્ય** ગ્રંથમાં જણાવેલ સિદ્ધસ્વરૂપને ધારણ કર્યું. ત્યાં શ્રી**સિદ્ધસેનાચાર્ય** ભગવંતે જણાવેલ છે કે 'સિદ્ધ ભગવંતો (૧) નિરંજન, (૨) ચિદાનંદરૂપી, (૩) રૂપાદિરહિત, (૪) સ્વભાવથી લોકાગ્ર ભાગે પહોંચેલા અને (૫) અનંતજ્ઞાન-દર્શન-સુખ-શક્તિસ્વરૂપ અનંતચતુષ્ટયની સિદ્ધિવાળા હોય છે.' ચાલો, આપણે પણ એ જ દિશામાં આગેકૂચ કરીએ. અસ્તિસ્વભાવ એ દિશામાં સહાય કરવા સદા સજ્જ છે. આવો ઉપદેશ અહીં પ્રાપ્ત થાય છે. **(૧૧/૫)**

**♦નહિ તો સકલશૂન્યતા હોવઈ, (૨) ⧗નાસ્તિભાવ પરભાવઈ જી,**
**પરભાવઈ પણિ સત્તા કહતાં, એકરૂપ સવિ પાવઈ જી;**
**સત્તા જિમ અસત્તા ન ♦ફુરઈ, વ્યંજક અમિલન વશથી જી,**
***છતો ✡શરાવગંધ નવિ ભાસઈ, જિમ વિણ નીરફરસથી□ જી* ॥૧૧/૬॥ (૧૮૮)**

(નહિ તો=) જો અસ્તિસ્વભાવ ન માંનિઇં તો પરભાવાપેક્ષાઈં જિમ નાસ્તિતા, તિમ સ્વભાવાપેક્ષાઈં પણિ નાસ્તિતા થતાં, **સકલશૂન્યતા** (હોવઈ=) થાઈ.

તે માટઈં સ્વદ્રવ્યાદ્યપેક્ષાઈં અસ્તિસ્વભાવ ■સર્વથા માનવો. (૧)

**પરભાવઈ** = પરદ્રવ્યાદ્યપેક્ષાઇં **નાસ્તિસ્વભાવ** કહિયઈ.

**પરભાવઈ પણિ સત્તા** = અસ્તિસ્વભાવ **કહતાં સર્વ** સર્વસ્વરૂપઈં અસ્તિ થયું; તિવારિં જગ **એકરૂપ** (**પાવઈ**=) થાઇ.

તે તો સકલશાસ્ત્રવ્યવહારવિરુદ્ધ છઇ. તે માટઈં પરાપેક્ષાઈં નાસ્તિસ્વભાવ છઇ, ▸શૂન્યપણા થકી.◂(૨)

"સત્તા તે સ્વભાવઈં વસ્તુમાંહિં જણાઇ છઈ. તે માટઇં સત્ય છઈ. અસત્તા તે સ્વજ્ઞાનઈં પરમુખ-નિરીક્ષણ કરઇ છઇ. તે માટઈં કલ્પનાજ્ઞાનવિષયપણઈ અસત્ય છઈ" - એહવું ***બૌદ્ધ*** મત છઇ, તે ખંડવાનઈં કહઇ છઈ - **સત્તાની** (**જિમ**=) પરિં તત્કાલ **અસત્તા** જે **નથી સ્ફુરતી**, તે **વ્યંજક અણમિલ્યાના વશથી** પણિ તુચ્છપણા થકી નહીં. **જિમ છતોઈં શરાવનો ગંધ** ★તે **નીરસ્પર્શ** (**વિણ**=) વિના (**ભાસઈ**=) જણાઈ **નહીં**, **एतावता** અસત્ય નહીં.

કેટલાઇક વસ્તુના ગુણ સ્વભાવઈં જ જણાઈ છઇ. કેટલાઈક પ્રતિનિયતવ્યંજકવ્યઙ્ગ્ય છઇ. એ વસ્તુવૈચિત્ર્ય છઈ.

પણિ એકઈની તુચ્છતા કહિંઇ, તો ઘણો વ્યવહાર વિલોપાઈ.

---

♦ મો.(૨)માં 'નેકે' પાઠ.
⧗ કો.(૧૩)માં 'નાસ્તિતાભાવ' પાઠ.
♦ ફુરઈ = સ્ફુરે. આધારગ્રંથ - **ગુર્જર રાસાવલી, તેરમા-ચૌદમા શતકના ત્રણ પ્રાચીન ગુજરાતી કાવ્યો.** સંપા. હરિવલ્લભ ભાયાણી.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૧)માં નથી.
✡ શરાવ = કોડીયું.
□ મો.(૨)માં 'નીરસથી' અશુદ્ધ પાઠ.
■ 'સર્વથા' પાઠ ધ.માં નથી.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી ફક્ત કો.(૧૧)માં છે.
★ પુસ્તકોમાં 'તે' નથી. આ.(૧)માં છે.

उक्तं चास्माभिर्भाषारहस्यप्रकरणे –

[1]ते हुंति परावेक्खा, वंजयमुहदंसिणो त्ति* ण य तुच्छा।
दिट्ठमिणं वेचित्तं, सराव-कप्पूरगंधाणं।। (भा.रह.३०) इति ॥११/६॥

**परामर्शः**

**अन्यथा सर्वशून्यता भवेद् (२) नास्तित्वं खलु परभावेन,**
**परभावेनाऽस्तित्वे सर्वं ह्येकस्वरूपमापद्येत।**
**अस्तित्ववन्नास्तित्वं द्रुतं न स्फुरति व्यञ्जकविरहेण,**
**न भाति सन्नपि शरावगन्धः सदा व्यञ्जकवियोगवशेन।।११/६।।**

### ⊛ અસ્તિ-નાસ્તિસ્વભાવ આવશ્યક ⊛

[redacted] :- અસ્તિસ્વભાવનો સ્વીકાર કરવામાં ન આવે તો સર્વશૂન્યતાની આપત્તિ આવે. (૨) પરભાવથી નાસ્તિત્વ જાણવું. પરભાવથી જો વસ્તુ હાજર હોય તો બધી વસ્તુ એકસ્વરૂપ જ બની જાય. વ્યંજક ન હોવાથી અસ્તિત્વની જેમ નાસ્તિત્વ ઝડપથી સ્ફુરતું = જણાતું નથી. માટીના કોડિયામાં વિદ્યમાન એવી પણ ગંધ વ્યંજકના અભાવના લીધે સર્વદા જણાતી નથી. (૧૧/૬)

### ❀ સાધના અને સિદ્ધિ અંગે સમજણ ❀

[redacted] :- ટબામાં દર્શાવ્યા મુજબ, જેમ કોડિયાની ગંધ જલસંપર્કથી વ્યંગ્ય છે, ઉત્પાદ્ય નહિ તેમ કેવલજ્ઞાનાદિ આત્મગુણો પણ રત્નત્રયની આરાધના દ્વારા અને તત્ત્વત્રયની ઉપાસના દ્વારા વ્યંગ્ય છે, ઉત્પાદ્ય નહિ. કેમ કે કેવલજ્ઞાનાદિ ગુણો આત્મામાં અનાદિ કાળથી વિદ્યમાન જ છે. તેની અભિવ્યક્તિ માટેનો ઉદ્યમ એટલે સાધના તથા તેની અભિવ્યક્તિ એટલે સિદ્ધિ. સાધનાથી જ સિદ્ધિ મળે છે, કેવળ ચર્ચાથી નહિ. આથી વ્યર્થ વાદ-વિવાદ-વિતંડાવાદમાં ક્યારેય અટવાયા વિના, પ્રલાપ કે બકવાટ કર્યા વગર સમ્યગ્દર્શનાદિ રત્નત્રયની આરાધના અને દેવ-ગુરુ-ધર્મસ્વરૂપ તત્ત્વત્રયીની ઉપાસના કરવાનો જ ઉદ્યમ શક્તિને છૂપાવ્યા વિના પ્રામાણિકપણે કરવો. એ જ પરમાર્થથી શ્રેયસ્કર છે. એ સિવાય બીજી બધી પ્રવૃત્તિ કેવળ મોહરાજાની માયાજાળ, આળપંપાળ કે મજૂરી જ છે. તેનાથી દૂર રહેવાની આત્માર્થી જીવને આ શ્લોક દ્વારા પ્રેરણા મળે છે. તેના લીધે **આરાધનાપતાકા** ગ્રંથમાં જણાવેલ સિદ્ધસ્વરૂપ સરળતાથી પ્રગટે છે. ત્યાં જણાવેલ છે કે 'એ સિદ્ધ ભગવંતો અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતશક્તિ, અનંતસુખ સ્વરૂપ અનંતચતુષ્ટયથી યુક્ત છે. સાંસારિક સુખ-દુઃખથી રહિત છે. લોકાગ્રભાગમાં રહેલા છે. તેમજ દીક્ષા લેતા અરિહંત પરમાત્માઓ દ્વારા 'णमो सिद्धाणं' - આ પ્રમાણે બોલવા વડે સિદ્ધો પૂજાયેલા છે.' (૧૧/૬)

---

1. ते भवन्ति परापेक्षा व्यञ्जकमुखदर्शिन इति न च तुच्छाः। दृष्टमिदं वैचित्र्यं शराव-कर्पूरगन्धयोः।।
* 'वि.' द्रव्यानुयोगतर्कणायाम्।

**(૩) નિજ ♦નાના પર્યાયઈ "તેહ જ દ્રવ્ય એહ" ઈમ કહિઈ જી,**
**નિત્ય ✡સ્વભાવે, (૪) અનિત્ય સ્વભાવઈ, પજ્જયપરિણતિ લહીઈ જી;**
**છતી વસ્તુનઈ રૂપાંતરથી નાશઈ, દ્વિવિધા ♦ભાસઈ જી,**
**વિશેષનઈ સામાન્યરૂપથી, થૂલત્થંતર● નાશઈ જી ॥૧૧/૭॥ (૧૮૯)**

**નિજ** કહતાં આપણા❖, જે ક્રમભાવી **નાના પર્યાય** શ્યામત્વ-રક્તત્વાદિક, તે ભેદક ❋છઈ. તઈ હુતઈ પણિ "**એ દ્રવ્ય તેહ જ**, જે પૂર્વિ અનુભવિઉં *હુતું" - એહ જ્ઞાન જેહથી થાઈ છઈ, તે **નિત્યસ્વભાવ કહિઈ**. રા

"**तद्भावाव्ययं नित्यम्**" (त.सू.५/३०) इति सूत्रम्। સ

"**प्रध्वंसाप्रतियोगित्वं नित्यत्वम्**" इत्यस्याप्यत्रैव पर्यवसानम्,

**केनचिद् रूपेणैव तल्लक्षणव्यवस्थितेः।** (૩)

**અનિત્ય સ્વભાવ** તે ■પર્યાય (=**પજ્જય**) **પરિણતિ લહિઈ** જેણઇ. ▸તે વિશેષ કહે છે◂ જેણઇ રૂપઈ ઉત્પાદ-વ્યય છઈ, તેણઈ ■રૂપઈ અનિત્ય સ્વભાવ છઈ.

**છતી વસ્તુનઈ રૂપાંતરથી** = પર્યાયવિશેષથી **નાશ**⧖ છઈ. તેણઈ કરી એ **દ્વિવિધા** "આ રૂપઈ નિત્ય★, આ રૂપઈ અનિત્ય" એ □વૈચિત્રતા **ભાસઈ** છઈ, *જણાઈ છે, દીસઈ છઈ.*

**વિશેષનઈ સામાન્ય રૂપથી** અન્વયઈ ★નિત્યતા, જિમ ઘટનાશઈ, પણિ મૃદ્દ્રવ્યાનુવૃત્તિ. તથા સામાન્યનઈ = મૃદાદિકનઈ પણિ **સ્થૂલાર્થાન્તર** ઘટાદિક **નાશઈ** અનિત્યતા, "**घटरूपेण मृन्नष्टा**" इति प्रतीतेः। (૪) ॥૧૧/૭॥

---

♦ લા.(૨)માં 'નિજ ભાવિના' પાઠ.
✡ પુસ્તકોમાં 'સ્વભાવ' પાઠ. કો.(૯)નો પાઠ લીધો છે.
♦ કો.(૨)માં 'ભાવે' પાઠ. કો.(૧)માં 'એહવિધ' પાઠ.
● કો.(૧)માં 'પટંતર' પાઠ છે.
❖ કો.(૧૦+૧૧+૧૩)+આ.(૧)માં 'આપ આપણાં' પાઠ છે.
❋ આ.(૧)માં 'છતે હુંતે' પાઠ.
* 'હુતું = હતું'. આધારગ્રંથ- **ઐતિહાસિક રાસ સંગ્રહ ભાગ-૨, આનંદઘન બાવીસી સ્તબક.**
■ પુસ્તકોમાં નથી. કો.(૧૦+૧૧+૧૩)+P(૪)+આ.(૧)માં છે.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં છે.
⧖ લા.(૨)માં 'નાશિ' પાઠ. ★ શાં.માં 'અનિત્ય' અશુદ્ધ પાઠ.
□ પુસ્તકોમાં 'વૈચિત્રી' પાઠ. કો.(૧૩)નો પાઠ લીધો છે.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.
★ 'અનિત્યત્વમ્' **द्रव्यानुयोगतर्कणायाम्..** અને નિત્યતા. ભા૦ થી નિત્યતા. પાલિ૦

**પરામર્શઃ**

**निजनानापर्याये सत्यपि 'तदेवेदं द्रव्यमि'ति येन,**
**धीः स नित्यस्वभावः पर्ययपरिणतिरनित्यस्वभावेन।**
**सदेव रूपान्तरेण नश्यति ततो नित्यानित्यं हि वस्तु,**
**सामान्येन विशेषनित्यता सामान्यनाशो विशेषेण।।११/७।।**

## ❊ નિત્ય-અનિત્યસ્વભાવનું નિરૂપણ ❊

[redacted] :- પોતાના અનેક પર્યાયો હોવા છતાં પણ 'આ તે જ દ્રવ્ય છે' - આવી પ્રતીતિ જે સ્વભાવ દ્વારા થાય તે નિત્યસ્વભાવ કહેવાય છે. અનિત્ય સ્વભાવથી પર્યાયની પરિણતિ ઉત્પન્ન થાય છે. વિદ્યમાન એવી જ વસ્તુ અન્યસ્વરૂપે નાશ પામે છે. તેથી વસ્તુ નિત્ય-અનિત્ય ઉભયસ્વભાવવાળી જ છે. વિશેષ પણ સામાન્યસ્વરૂપે નિત્ય છે. તથા સામાન્ય પણ વિશેષસ્વરૂપે નાશ પામે છે. (૧૧/૭)

## ❁ નિત્યાનિત્યસ્વભાવનો ઉપયોગ ❁

[redacted] :- "શરીર જાડું થાય, દૂબળું થાય, માંદુ પડે, ઘરડું થાય, બેડોળ થાય કે રવાના થાય. આ તમામ સંયોગમાં આત્મામાં 'નિત્યતાસ્વભાવ' અવ્યાહત રહે છે." આમ વિચારી સર્વ સંયોગમાં નિર્ભય, નિશ્ચલ અને નિશ્ચિત બનવું. તથા પૂર્વે પ્રતિકૂળ વ્યવહાર કરનાર માણસ ભવિષ્યમાં બીજી વાર મળે ત્યારે તેનો અનિત્યસ્વભાવ વિચારી, તેને નિર્દોષ માની, તેની સાથે મૈત્રી-સૌહાર્દપૂર્ણ વ્યવહાર કેળવવો. 'પૂર્વે ખરાબ વ્યવહાર કરનાર માણસની આંખ લાલ હતી, મોઢું વિકરાળ હતું, વાણીમાં આક્રોશ હતો, મગજમાં ક્રોધ હતો, શરીર ક્રોધવશ ધ્રુજતું હતું. પરંતુ વર્તમાનમાં તો તેમાનું કશું પણ જોવા મળતું નથી. તેથી અન્યાય કે અનુચિત વ્યવહાર કરનાર તે માણસ આ નથી' - આમ તેનો અનિત્યસ્વભાવ વિચારી આપણે સ્વસ્થ રહેવું તથા શાંત ચિત્તે યોગ્ય વ્યવહાર તે માણસ સાથે કરવો. નિત્ય-અનિત્ય સ્વભાવના માધ્યમથી આપણી આવી નિર્મલ પરિણતિ કેળવવાનો આધ્યાત્મિક ઉપદેશ આ શ્લોક દ્વારા મળે છે. તે નિર્મલપરિણતિના લીધે **બૃહદ્દ્રવ્યસંગ્રહ**માં વર્ણવેલ નિત્યાનિત્યસ્વભાવાનુવિદ્ધ સિદ્ધાત્મસ્વરૂપ વિના વિલંબે ઉપસ્થિત થાય છે. ત્યાં દિગંબરાચાર્ય **નેમિચંદ્રજી**એ જણાવેલ છે કે 'સિદ્ધ ભગવંતો (૧) કર્મરહિત, (૨) આઠ ગુણવાળા, (૩) ચરમ શરીર કરતાં કંઈક ન્યૂનઅવગાહનાવાળા, (૪) લોકાગ્ર ભાગમાં રહેલા, (૫) નિત્ય તથા (૬) ઉત્પાદ-વ્યયથી યુક્ત હોય છે.' (૧૧/૭)

**જો નિત્યતા ન છઈ તો, અન્વય વિના ન કારય હોવઈ જી,**
**કારય♦કાલિં અછતૂં કારણ, પરિણતિરૂપ વિગોવઈ જી;**
**અનિત્યતા જો નહીં સર્વથા, અર્થક્રિયા તો ન ઘટઈ જી,**
**દલનિં કારયરૂપ પરિણતિ, અનુત્પન્ન તો વિઘટઈ જી ॥૧૧/૮॥ (૧૯૦)**

**જો નિત્યતા નથી** અનઇં એકાંતક્ષણિક જ સ્વલક્ષણ છઈ

**તો** કારણના **અન્વય વિના કાર્ય ન (હોવઈ=)** નીપજઈ. જે માટઈ કારણક્ષણ કાર્યક્ષણોત્પત્તિકાલઈ નિર્હેતુક નાશ અનુભવતો **અછતો** છઈ, તે (**પરિણતિરૂપ**=) કાર્યક્ષણપરિણતિ કિમ કરઈ ?

અછતોઇં કારણક્ષણ ✡કાર્યક્ષણ કરઈ, તો ચિરનષ્ટ ■કારણપરિણતિથી અથવા અનુત્પન્ન કારણપરિણતિથી કાર્ય નીપજવું♦ જોઈએ. ઇમ તો કાર્ય-કારણભાવની વિડંબના થાઈ (**વિગોવઈ**=).

"અવ્યવહિત જ કારણક્ષણ કાર્યક્ષણ રૂપાદિકને★ કરઈ" ઇમ કહિયઈ,

તોઈ 'રૂપાલોક-મનસ્કારાદિક ▸ક્ષણ રૂપાદિક◂નઈ વિષઈ ઉપાદાન આલોકાદિકનઈ વિષઈ નિમિત્ત✤' - એ વ્યવસ્થા કિમ ઘટઈ ?

જે માટઈ અન્વય વિના શક્તિમાત્રઈ ઉપાદાનતા ❖નિમિત્તમાંહિ પણિ કહી❃ સકાઈ. તે માટઈ ઉપાદાન તે અન્વયી માનવું.

અન્વયિપણું તેહ જ નિત્યસ્વભાવ.

હિવઈ **જો સર્વથા** નિત્યસ્વભાવ માનિઈ, અનઈ **અનિત્યસ્વભાવ સર્વથા ન** માનિઈ **તો અર્થક્રિયા ન ઘટઈ**. જે માટઈ **દલનઈ** = કારણનઇં, **કાર્યરૂપતાપરિણતિ** કથંચિત્ ઉત્પન્નપણું જ આવ્યું, **સર્વથા અનુત્પન્નપણું વિઘટિઉં.**

અનઈ જો ઇમ✿ કહિઈ "કારણ તે નિત્ય જ, ▢તદ્વૃત્તિ કાર્ય તે અનિત્ય જ."

---

♦ પુસ્તકોમાં 'કાલે' પાઠ. કો.(૬+૧૦+૧૧)નો પાઠ લીધો છે. ✡ કો.(૯)માં 'કાર્યક્ષણ' પાઠ નથી.

■ પુસ્તકોમાં 'કારણથી' પાઠ. P(૨)નો પાઠ લીધેલ છે.

♦ પુસ્તકોમાં 'નીપનું' પાઠ કો.(૯)નો પાઠ લીધો છે.

★ પુસ્તકાદિમાં 'રૂપાદિકને' પાઠ નથી. ફક્ત કો.(૧૨+૧૩)માં છે.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૧૦+૧૧) + લા.(૨) + લી.(૧+૨+૩+૪) + સિ. + કો.(૯+૭) + પા. + ભા. + B(૨) + મો.(૨) + આ.(૧)માં છે.

✤ નિશ્ચિતમ્ **દ્રવ્યાનુયોગતર્કણા** + પાલિ.

❖ આ.(૧)માં 'નિમિત્તમાં હોઈ' પાઠ.

❃ કહી ન સકાઈ. B(૨) + **પાલિ૦** + **દ્રવ્યાનુયોગતર્કણા.**

✿ ધ.માં 'એમ ન કહીએ' આવો અશુદ્ધ પાઠ.

▢ આ.(૧)માં 'તેહુતિ' પાઠ.

તો કાર્ય-કારણનઈં અભેદસંબંધ કિમ ઘટઈં ?
ભેદ સંબંધ માનિઈં, તો તત્સંબંધાન્તરાદિગવેષણાઈં અનવસ્થા થાઈ.
તે માટઈં કથંચિત્ અનિત્યસ્વભાવ પણિ માનવો. ***इति गाथार्थः इति तत्त्वम्*** ॥૧૧/૮॥

**परामर्शः** **द्रव्यनित्यता नास्ति चेत् ? तदा कार्याऽयोगोऽन्वयविरहेण,**
**कार्यकाले कारणाऽसत्त्वे कार्यकारणताभङ्ग एव।**
**सर्वथैवाऽनित्यताविरहेऽर्थक्रियाविरह आपद्येत,**
**दले कार्यरूपतापरिणतौ सर्वथाऽजन्मता विघटेत।।११/८।।**

### ❈ નિત્ય-અનિત્યસ્વભાવ અનિવાર્ય ❈

[redacted] :- જો દ્રવ્યમાં નિત્યતા ન હોય તો અન્વય ન હોવાથી કાર્યની ઉત્પત્તિ જ થઈ નહિ શકે. કાર્યસમયે કારણ જ હાજર ન હોય તો કાર્ય-કારણભાવનો ભંગ જ થઈ જાય. તથા દ્રવ્યમાં સર્વથા જો અનિત્યતા ન હોય તો અર્થક્રિયાનો અભાવ આવી પડશે. તથા તે અર્થક્રિયા તો ઉપાદાન કારણમાં કાર્યરૂપતાપરિણતિ હોય તો જ સંભવે. તેથી કારણમાં કાર્યરૂપતાનો પરિણામ માનવામાં આવે તો સર્વથા અનુત્પન્નતાનું = એકાન્તનિત્યતાનું વિઘટન થશે. (૧૧/૮)

### ❁ નિત્યાનિત્યસ્વભાવપ્રતિપાદનનું પ્રયોજન ❁

[redacted] :- 'પશુ-મનુષ્યાદિસ્વરૂપે જીવો અનિત્ય છે' - આવું જાણીને જીવદયા-જયણા વગેરેમાં ઉદ્યમ કરવો. તથા 'ચૈતન્યસ્વરૂપે આપણે નિત્ય છીએ' - આવું જાણીને મોત (મૃતિ) વગેરેથી આપણે કદાપિ ડરવું નહિ. '**जीवन में दया हो, मोत का डर न हो, तो क्या गम हो ?**' - આ રીતે વિચારવાથી આક્રોશ, ઉદ્વેગ વગેરે પણ રવાના થાય છે. આ રીતે આર્ત્ત-રૌદ્રધ્યાન જવાથી શુક્લધ્યાન મળે છે. તેનાથી સિદ્ધસ્વરૂપ હાજર થાય છે. સિદ્ધસ્વરૂપને જણાવનારી એક કારિકા **વિશેષાવશ્યકભાષ્યમલધારવૃત્તિ**માં ઉદ્ધૃત કરેલ છે. તેમાં જણાવેલ છે કે 'અંતરંગ શત્રુગણનો ઉચ્છેદ કરીને મોક્ષમાં ગયેલા કેવલજ્ઞાન-દર્શનવાળા જીવો સર્વ પીડા-દુઃખથી મુક્ત બનીને આનંદમાં રહે છે.' (૧૧/૮)

---

8 લા.(૨)માં 'સંબંધાન્તરગવે...' પાઠ.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૧)માં છે.

**(૫) સ્વભાવનઈ એકાધારત્વઈ એકસ્વભાવ વિલાસો જી,**
**(૬) અનેક દ્રવ્ય[§] પ્રવાહ [♦]એકનઈ, અનેકસ્વભાવ પ્રકાશો[□] જી;**
**વિણ એકતા વિશેષ ન[✡] લહિઈ, સામાન્યનઈ અભાવઈ જી,**
**અનેકત્વ વિણ સત્તા ન ઘટઈ, તિમ જ વિશેષ અભાવઈ[♦] જી ॥૧૧/૯॥ (૧૯૧)**

સ્વભાવ જે સહભાવી ધર્મ, તેહનઈ (એક) **આધારત્વઈ, એકસ્વભાવ (વિલાસો.)** જિમ રૂપ-રસ-ગંધ-સ્પર્શનો આધાર ઘટાદિ એક કહિઈં.

નાનાધર્માધારત્વઈ એકસ્વભાવતા. [■]નાનાક્ષણાનુગતત્વઈ નિત્યસ્વભાવતા. એ વિશેષ જાણવો. (૫)

(એકનઈ=) મૃદાદિક દ્રવ્યનો સ્થાસ-કોશ-કુશૂલાદિક **અનેક દ્રવ્ય પ્રવાહ** છઈ. તેણઈ **અનેકસ્વભાવ પ્રકાશઈ.**

પર્યાય પણિ આદિષ્ટદ્રવ્ય કરિયઈ, તિવારઈં આકાશાદિક દ્રવ્યમાંહિં પણિ ઘટાકાશાદિભેદઈં એ (અનેકત્વ) સ્વભાવ દુર્લભ નહીં.

**(એકતા=)** એકસ્વભાવ **વિના, સામાન્યાભાવઈ, વિશેષ ન (લહિઈ=) પામિઈ.**

**(તિમ જ અનેકત્વ=) અનેકસ્વભાવ**[❖] વિના **વિશેષાં[✤]ભાવઈ સત્તા પણિ ન ઘટઈ.** તેહ માટઈ [*]એકસ્વભાવ અનેકસ્વભાવ એ ૨ સ્વભાવ માન્યા જોઈઈં[★] (૬) ॥૧૧/૯॥

---

**परामर्शः** **नानाभावानामेकाश्रय एकस्वभावो हि विद्येत,**
**चैकानेकवस्तुसन्तानेऽनेकस्वभावः प्रकाशेत।**
**विनैकस्वभावं विशेषो न भवेन्नु सामान्याऽभावेन,**
**सत्ता त्वनेकस्वभावमृते न च स्याद् विशेषाऽभावेन।।११/९।।**

---

§ મો.(૨)માં 'પ્રવાહ દ્રવ્ય' પાઠ.
♦ મ.માં 'એહનઈ' પાઠ. કો.(૧)નો પાઠ લીધેલ છે.
□ મો.(૨)માં 'પ્રકારશો' પાઠ.
✡ કો.(૪)માં 'નવિ' પાઠ.
♦ પુસ્તકોમાં 'અભાવિં' પાઠ. કો.(૯) + સિ.નો પાઠ લીધો છે.
■ લી.(૧)માં 'નાનાલક્ષણા' પાઠ.
❖ પુસ્તકોમાં 'વિશેષાભાવઈ અનેકસ્વભાવ વિના' પાઠ. અહીં આ.(૧)+કો.(૧૩)નો પાઠ લીધો છે.
✤ લા.(૨)માં 'વિશેષાભાવઈઈં' પાઠ.
* પુસ્તકોમાં 'એકાનેક ૨ સ્વભાવ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.
★ તિમ જ વિશેષ વસ્તુનો અભાવ તોપણિ માન્યું જ જોઈએ, તે માટેં કહઈ છઈ. પાલિ૦.

## ❀ એક-અનેકસ્વભાવ અપરિહાર્ય ❀

[redacted]:- અનેક સ્વભાવોનો એક આશ્રય હોય તો એકસ્વભાવ જ હોય અને એક-અનેકવસ્તુસન્તાનમાં અનેકસ્વભાવ જણાય. ખરેખર એક સ્વભાવ વિના સામાન્યધર્મના અભાવથી વિશેષ ન હોય. તથા અનેકસ્વભાવ વિના વિશેષ ન હોવાથી વસ્તુની સત્તા = અસ્તિતા = વિદ્યમાનતા જ ન હોય.(૧૧/૯)

## ✠ એકાનેક સ્વભાવનું પ્રયોજન ✠

[redacted] :- એકાનેકસ્વભાવની વાત અધ્યાત્મદૃષ્ટિએ એ રીતે ઉપયોગી છે કે આપણે આજે આરાધક હોઈએ તેટલા માત્રથી કાયમ આરાધક જ રહેવાના છીએ - તેવી ભ્રમણાનો ભોગ બની ન જવું. કારણ કે આપણે અનેકસ્વભાવ ધરાવીએ છીએ. કોને ખબર છે કે આવતીકાલે આપણે વિરાધકસ્વભાવવાળા નથી જ થવાના ? **પ્રજ્ઞાપનાસૂત્ર** વગેરે મુજબ અનંતા ચૌદપૂર્વધરો આજે પણ નિગોદમાં હાજર જ છે ને ! તેથી આરાધકપણાના મિથ્યાભિમાનમાં રાચવાના બદલે, આપણે એકસ્વભાવ -આરાધકસ્વભાવ ટકે તેવી જાગૃતિ રાખવી. તથા અન્ય વ્યક્તિ વિરાધના-વિરાધકભાવમાં અટવાયેલ દેખાય ત્યારે 'તેનો આ ફક્ત એક જ સ્વભાવ કાયમ ટકવાનો નથી. કેમ કે તે અનેકસ્વભાવને ધરાવે છે. તેથી આજે ભલે તેનો વિરાધકસ્વભાવ કાર્યરત દેખાય. પરંતુ આવતીકાલે તેનો આરાધકસ્વભાવ પણ જરૂર કાર્યશીલ બનશે, ગતિશીલ બનશે' - આવું વિચારી વર્તમાનમાં દોષગ્રસ્ત વ્યક્તિ પ્રત્યે બિલકુલ દ્વેષ-દુર્ભાવ-ધિક્કાર પ્રગટે નહિ તેની કાળજી રાખવી. પરંતુ સામેની વ્યક્તિનો જૂનો વિરાધકસ્વભાવ જ આપણા મનમાં રાખીને તેના પ્રત્યે ક્યારેય પણ એકાન્તવાદને = એકસ્વભાવવાદને ધારણ ન કરવો. તેથી તો **સિદ્ધસેનસૂરિજી**એ **નમસ્કારમાહાત્મ્ય**માં જણાવેલ છે કે 'એકચક્રવાળો રથ ચાલતો નથી. એક પાંખવાળું પંખી આકાશમાં આગળ જતું નથી. તેમ એકાન્તમાર્ગમાં રહેલો માણસ મોક્ષને પામતો નથી.' શુદ્ધ ભાવ અનેકાન્તવાદની પરિણતિથી નિર્વાણપદ ખૂબ જ નજીક આવે છે. નિર્વાણપદને બતાવતા **સમ્યક્ત્વસપ્તતિકા**માં જણાવેલ છે કે 'નિરુપમ સુખથી યુક્ત, કલ્યાણકારી, રોગરહિત, અક્ષય એવું નિર્વાણપદ છે.' આ અંગે ઊંડાણથી વિભાવના કરવી. (૧૧/૯)

**(૭) ગુણ-ગુણીનઈં સંજ્ઞા-સંખ્યાદિકભેદઈં ભેદસ્વભાવો જી,**
**(૮) અભેદવૃત્તિ સુલક્ષણ ધારી જાણો♦ હોઈ અભેદ સ્વભાવો જી;**
**ભેદ વિના એકત્વ સર્વનિં તેણિં,✡ વ્યવહાર વિરોધો જી,**
**વિણ અભેદ કિમ નિરાધારનો, ગુણ-પજ્જવનો બોધો જી ॥૧૧/૧૦॥ (૧૯૨)**

ગુણ-ગુણીનઈં❒, પર્યાય-પર્યાયીનઈં, કારક-કારકીનઈં, **સંજ્ઞા-સંખ્યા**-લક્ષણાદિક**ભેદઈં** કરીઈ નઈં **ભેદ- સ્વભાવ** જાણવો.(૭)

**અભેદ**ની જે **વૃત્તિ** તે (**સુલક્ષણ** =) લક્ષણવંત (**ધારી**) **અભેદસ્વભાવ જાણવો.** (૮)

(**ભેદ વિણ**=) ભેદસ્વભાવ ન માનિઈં, તો **સર્વ** દ્રવ્ય-ગુણ-પર્યાયનઈં **એકપણું હોઈ.**

**તેણઈં** કરી "इदं द्रव्यम्, अयं गुणः, अयं पर्यायः" - એ **વ્યવહાર**નો **વિરોધ** હોઈ.

અનઈં (**વિણ અભેદ**=) અભેદસ્વભાવ ન ♦કહિઈં,

તો **નિરાધાર** ગુણ-પર્યાયનો *બોધ ન થયો જોઈઈ.

આધારાધેયનો* અભેદ વિના બીજો સંબંધ જ ન ઘટઈ.

**अत्र *प्रवचनसार*गाथा –**

**[1]"पविभत्तपदेसत्तं पुधत्तमिदि सासणं हि वीरस्स।**
**अण्णत्तमतब्भावो ण तब्भवं ■भवदि (?होदि) कधमेगं।।"**

**(प्र.सा.२/१४) इति।।११/१०॥**

---

**परामर्शः**

**गुण-गुण्यादिभेदस्वभावः संज्ञा-सङ्ख्यादिकभेदेन,**
**ज्ञेयोऽनन्यवृत्तिसुलक्षणः खल्वभेदस्वभावः तत्र।**
**भेदाभावे सर्वत्रैक्याद् द्रव्यादिव्यवहारः स्यान्न,**
**विनाऽभेदं निराधारयोर्गुण-पर्याययोर्धीर्भवेन्न।।११/१०।।**

---

♦ લી.(૧+૩)+મ.માં 'ધારી હોઈ' પાઠ કો.(૧) + કો.(૭+૯) + આ.(૧)નો પાઠ લીધો છે.

✡ પુસ્તકોમાં 'તેણેં' પાઠ. કો. (૮+૧૦)નો પાઠ લીધો છે.

❒ પુસ્તકોમાં '...ગુણિનઈં ... પર્યાયિનઈં ... કારકિનઈં' પાઠ. કો.(૧૩)નો પાઠ લીધો છે.

♦ આ.(૧)માં 'માનીઈં' પાઠ.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૯)માં નથી.

■ રાસની તમામ હસ્તપ્રતોમાં + પુસ્તકોમાં 'भवदि' પાઠ છે. દિગંબર પ્રવચનસારના મુદ્રિત પુસ્તકોમાં 'होदि' પાઠ છે.

1. प्रविभक्तप्रदेशत्वं पृथक्त्वमिति शासनं हि वीरस्य। अन्यत्वमतद्भावो न तद्भवद् भवति कथमेकम् ?।।"

## ✡ ભેદ-અભેદસ્વભાવ માનવા જરૂરી ✡

[redacted] :- સંજ્ઞા, સંખ્યા વગેરેના ભેદથી ગુણ-ગુણી વગેરેમાં ભેદસ્વભાવ રહેલો છે. તથા તેમાં અનન્યવૃત્તિ સ્વરૂપ સુંદરલક્ષણવાળો અભેદસ્વભાવ જાણવો. જો ભેદસ્વભાવ ન હોય તો સર્વત્ર એકરૂપતા આવવાના લીધે દ્રવ્યાદિનો વ્યવહાર નહિ થઈ શકે. તથા અભેદસ્વભાવ ન હોય તો નિરાધાર એવા ગુણ-પર્યાયની બુદ્ધિ નહિ થઈ શકે. (૧૧/૧૦)

## ✡ ભેદાભેદસ્વભાવનો ઉપદેશ સાંભળીએ ✡

[redacted] :- ગુણ-ગુણી વગેરેમાં બતાવેલ ભેદાભેદસ્વભાવ દ્વારા આપણે એવો ઉપદેશ ગ્રહણ કરવા યોગ્ય છે કે - અપ્રગટ વિશુદ્ધ ગુણ-પર્યાય વગેરે તમારા કરતાં ભિન્ન છે. માટે તેને પ્રગટ કરવાનો ઉદ્યમ કરો. બીજામાં દેખાતા દોષ તેના આત્માથી ભિન્ન હોવાથી દોષગ્રસ્ત વ્યક્તિ પ્રત્યે દ્વેષ ન કરો, તેના પ્રત્યે વિશેષરૂપે મૈત્રીભાવને ટકાવી રાખો. એ જ રીતે 'દેહાદિ વિભાવપર્યાયો અને પર્યાયી એવો આત્મા - આ બન્ને વચ્ચે પરમાર્થથી ભેદ રહેલો છે' - આવું જાણીને નશ્વર દેહ, ઇન્દ્રિય વગેરેની સમ્યક્ રીતે ઉપેક્ષા કરીને શાશ્વત નિજ આત્મદ્રવ્યની જ ઉપાસના કરવી જોઈએ. આવું થાય તો જ ભેદસ્વભાવ મોક્ષપર્યન્તના સાધ્યોને સાધનારો બની શકે. આ જ અભિપ્રાયથી **સ્વામિકુમારે કાર્તિકેયઅનુપ્રેક્ષા**માં જણાવેલ છે કે 'આત્મસ્વરૂપથી દેહ પરમાર્થથી ભિન્ન છે - તેવું જાણીને પોતાના આત્માને જ જે ભજે છે, તેનો અન્યત્વસ્વભાવ કાર્યકારક બને છે.' **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર**માં **શ્રીહેમચંદ્રસૂરિજી** મહારાજે જે જણાવેલ છે તે પણ અહીં યાદ કરવા યોગ્ય છે. ત્યાં **સુપાર્શ્વજિનદેશના**માં જણાવેલ છે કે 'જે સાધકો આત્મા અને શરીર વચ્ચેનો ભેદ સાચી રીતે સ્વીકારે છે, તેઓના શરીરમાં પ્રહાર વગેરે થવા છતાં પણ તેઓનો આત્મા દુઃખી થતો નથી.' આત્મા આત્મામાં રહે અને શરીર શરીરમાં રહે - તેવી ધન્ય દશાને તેઓ અનુભવતા હોય છે. આ ભેદસ્વભાવનું હાર્દ છે.

જ્યારે બીજી બાજુ અભેદસ્વભાવનું તાત્પર્ય એમ છે કે - બીજાના અપ્રગટ ગુણો તેના આત્માથી અભિન્ન હોવાથી વિદ્યમાન જ છે. ફક્ત છદ્મસ્થ હોવાથી તે ગુણો તમને દેખાતા નથી. સર્વજ્ઞ ભગવંતો તેના આત્માને અનંતગુણસમૃદ્ધ સ્વરૂપે સાક્ષાત્ જોઈ રહેલા જ છે. તથા દોષો અંગે તમારો અભેદસ્વભાવ પોતાનું કામ કરી ન બેસે તે માટે અત્યંત સાવધાન રહેવું. ગુણો સાથેના તમારા અભેદસ્વભાવને જ સક્રિય (Active) બનાવશો તો ઝડપથી બેડો પાર થઈ જશે. **વિશેષાવશ્યકભાષ્યમલધારવૃત્તિ**માં ઉદ્ધૃત કરેલી કારિકામાં જે મોક્ષસ્વરૂપ જણાવેલ છે, તે ત્યારે દૂર રહેતું નથી. ત્યાં જણાવેલ છે કે 'તે મુક્તાત્મા પરમસુખી છે. કારણ કે તેને કોઈ પીડા નથી. તથા તે સર્વજ્ઞ છે. પોતાના શુદ્ધસ્વરૂપમાં રહેલા કેવલ જ્ઞાયકસ્વભાવવાળા આત્માને અહીં જે પીડાનો અભાવ છે, તે પરમસુખ છે.' (૧૧/૧૦)

**(૯) શક્તિ અવસ્થિત★ નિજરૂપાન્તર ♦ભવનિં ભવ્ય સ્વભાવો જી.**
**(૧૦) ત્રિહું કાલિં મિલતા પરભાવિં ✡અભવનૈ અભવ્ય સ્વભાવો જી;**
**શૂન્યભાવ વિણ ભવ્ય સ્વભાવિં ♦કૂટ કાર્યનઈ યોગઈ જી.**
**●અભવ્યભાવ વિણ દ્રવ્યાન્તરતા થાઈ દ્રવ્ય સંયોગઈ જી ॥૧૧/૧૧॥ (૧૯૩)**

અનેકકાર્યકરણ**શક્તિ**ક જે **અવસ્થિત** દ્રવ્ય છઈ, તેહનઈ ક્રમિક (**નિજરૂપાન્તરભવનિં**=) ❖વિશેષાન્તરાવિર્ભાવઈ અભિવ્યંગ્ય **ભવ્ય સ્વભાવ** કહિઈં. ▸ભવ્યને ભવ્ય કહેવો.◂ (૯).

**ત્રિહું કાલિં** પર દ્રવ્યમાંહિ ❈**મિલતાં** પણિ **પરસ્વભાવઈ** ન પરિણમવું ( = **અભવનૈ**), તે **અભવ્યસ્વભાવ** કહિઈં. (૧૦)

[1]**"अन्नोन्नं पविसंता देंता ओगासमण्णमण्णस्स।**
**मेलंता वि य णिच्चं सगं⁸ सभावं ण विजहंति।।" (पञ्चास्तिकाय-७)**

**ભવ્ય સ્વભાવ વિના,** (ખોટા =) **કૂટ કાર્યનઈ યોગઈ શૂન્યપણું થાઈ.** એ પરભાવઈ ન હોઈ અનઈ સ્વભાવઈ નવિ હોઈ, તિવારઈ■ ન હોઈ જ★. *સ્વભાવે હોઈ, તિવારે ભવ્ય હોઈ.*

❋અનઈ **અભવ્ય સ્વભાવ** (**વિણ**=) ન માનિઈં, તો **દ્રવ્યનઈ સંયોગઈ** ✿**દ્રવ્યાંતરપણું (થાઈ)** થયું જોઈઈ, જે માટઈં ધર્માધર્માદિકનઈં જીવ-પુદ્ગલાદિકનઈં એકાવગાહનાવગાઢકારણઈં કાર્યસંકર, અભવ્યસ્વભાવઈં જ ન થાઈ.

તત્તદ્દ્રવ્યનેઈં તત્તત્કાર્યહેતુતાકલ્પન પણિ ⊠અભવ્યસ્વભાવગર્ભ જ છઈ.

✤**"आत्मादेः स्ववृत्त्यनन्तकार्य□जननशक्तिर्भव्यता, तत्तत्सहकारिसमवधानेन तत्तत्कार्योपधायकताशक्तिश्च तथाभव्यतेति तथाभव्यतयैवानतिप्रसङ्गः" इति तु** ***हरिभद्राचार्यः*** ✤। ॥૧૧/૧૧॥

---

★ મો.(૨)માં 'અવસ્થિતિ' પાઠ. ♦ કો.(૬)માં 'ભવનેં' પાઠ. ✡ પુસ્તકોમાં 'અભવન' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.
♦ મ.માં 'કટ' અશુદ્ધ પાઠ. કૂટ = ખોટા. આધારગ્રંથ - **અખાના છપ્પા.**
● કો.(૧+૯+૮+૬) + આ.(૧) + મો.(૨) + લા.(૧)માં 'અભવ્યતા' પાઠ. ❖ કો.(૯) + સિ.માં 'વિશેષાંતર્ભાવઈ' પાઠ. લા.(૨)માં 'વિશેષતાતાવિર્ભવઈ' પાઠ. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)+કો.(૧૩)માં છે.
❈. પુસ્તકોમાં 'ભિલ...' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે.
1. अन्योन्यं प्रविशन्ति ददन्त्यवकाशमन्योऽन्यस्य। मिलन्त्यपि च नित्यं स्वकं स्वभावं न विजहन्ति।।"
⁸ પુસ્તકોમાં 'सगासगभावं' પાઠ. ■ પુસ્તકોમાં 'તિવારે' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ★ કો.(૧૩)માં 'શૂન્યભાવ, વિગર ભવ્ય સ્વભાવે પૂર્વે લખ્યો છે.' પાઠ છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત B(૨) + પાલિ.માં છે.
❋ આ.(૧)માં 'શૂન્યભાવ વિગર ભવ્યસ્વભાવ અનેં અભવ્ય સ્વભાવ ન માનીઈ તો દ્રવ્યનેં રૂપાંતર સંયોગપણું થયું જોઈએ' પાઠ. ✿ કો.(૧૩)માં 'રૂપાંતર...' પાઠ. ⊠ પુસ્તકોમાં 'અભવ્યત્વ-સ્વભાવ...' પાઠ છે. લી.(૩)નો પાઠ લીધો છે.
✤...✤ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૩)માં નથી. □ શાં.માં '...जनशक्ति... पधायवताशक्ति... भव्यता तथाभ...' પાઠ.

**परामर्शः**

**भव्यस्वभावः स्वरूपान्तरभवनगम्यः शक्तध्रुवस्य,**
**सदा परभावाऽभवनमभव्यभावः परद्रव्ययोगेऽपि।**
**भव्यस्वभावं विना शून्यं स्यान्ननु कूटकार्ययोगेन,**
**भवेदभव्यस्वभावं विना द्रव्याऽन्यता द्रव्ययोगेन।।११/११।।**

### ❋ ભવ્ય-અભવ્યસ્વભાવ અત્યાજ્ય ❋

[redacted] :- શક્તિમાન દ્રવ્યનો ભવ્યસ્વભાવ પોતાના અન્યરૂપના આવિર્ભાવ દ્વારા અભિવ્યક્ત થાય છે. પરદ્રવ્યનો સંયોગ થવા છતાં પણ કાયમ અન્ય સ્વભાવરૂપે પરિણમન ન થવું તે અભવ્યસ્વભાવ જાણવો. ભવ્યસ્વભાવ વિના મિથ્યા કાર્યના યોગે કરીને જગત શૂન્ય થઈ જાય. તથા અભવ્યસ્વભાવ વિના અન્ય દ્રવ્યના યોગે અન્યદ્રવ્યપણે પરિણમન થઈ જાય. (૧૧/૧૧)

### ❋ ભવ્ય-અભવ્યસ્વભાવ જાણી યોગ્યતાને સક્રિય બનાવીએ ❋

[redacted] :- ભવ્યસ્વભાવના લીધે સમકિતી, શ્રાવક, સાધુ, ક્ષપકશ્રેણીઆરૂઢ, કેવલજ્ઞાની અને મુક્ત સ્વરૂપે પરિણમન થવાની આપણી યોગ્યતાને સક્રિય બનાવવા માટે આપણે સાવધાન રહેવાનું છે. તેમજ કર્મવશ, સંયોગવશ, લાચારીવશ કે ભવિતવ્યતાવશ કોઈ જીવ મોહમૂઢ બનેલો જણાય, જડ જેવો જણાય તો પણ તે જીવ જીવ તરીકે મટીને જડ કદાપિ બનવાનો નથી. કેમ કે તેનો તેવા પ્રકારનો અભવ્યસ્વભાવ વિદ્યમાન છે. જીવ જડ બનવાની નુકસાનીને ક્યારેય ભોગવવાનો નથી. જીવ માત્ર જડ સ્વરૂપે પરિણમતો નથી - માત્ર આટલું જ નથી. પરંતુ જે આકાશપ્રદેશમાં જીવ રહેલ છે, ત્યાં જ રહેલા પુણ્ય-પાપ વગેરે સ્વરૂપે પણ કોઈ પણ આત્મા પરિણમતો નથી. પોતાના ચૈતન્યસ્વરૂપનો ત્યાગ કરીને કોઈ પણ આત્મા પરમાર્થથી અન્ય સ્વરૂપે પરિણમતો નથી.

### ❋ મૈત્રી વગેરે ભાવો ટકાવવા ❋

તેથી આ જ અભિપ્રાયથી **યોગીન્દ્રદેવે પરમાત્મપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'પોતાના ચૈતન્યસ્વરૂપને છોડીને એક પણ આત્મા પુણ્યરૂપે પણ પરિણમતો નથી, પાપરૂપે પણ પરિણમતો નથી, કાળસ્વરૂપે કે આકાશસ્વરૂપે પણ પરિણમતો નથી. ધર્માસ્તિકાય કે અધર્માસ્તિકાયસ્વરૂપે પણ તે પરિણમતો નથી. કાયા સ્વરૂપે પણ તે પરિણમતો નથી.' (૧) 'સેંકડો ભીલોથી ખીચોખીચ ભરેલા શાલગ્રામમાં વસવાટ કરવા છતાં પણ બ્રાહ્મણ ક્યારેય ભીલ બનતો નથી.' (૨) 'એકત્ર સાથે રહેવા છતાં ય કાચ કાચ તરીકે જ રહે તથા મણિ મણિ તરીકે જ રહે' - આ બન્ને ન્યાયને પ્રસ્તુતમાં લક્ષમાં રાખી મોહમૂઢ જીવો પ્રત્યે મૈત્રી વગેરે ભાવો ટકાવી રાખવા કે જેથી તેના પ્રભાવે **આરાધનાપતાકા**માં દર્શાવેલ સિદ્ધસુખ નજીક આવે. ત્યાં **વીરભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'ત્રણેય કાળમાં નરેન્દ્ર અને સુરેન્દ્ર પાસે જે શ્રેષ્ઠ સુખો છે તે એક સિદ્ધ ભગવંતના એક સમયના સુખની તુલનાને પામી શકતા નથી.' મતલબ કે ત્રૈકાલિક ઉત્કૃષ્ટ સાંસારિક સુખ કરતાં પણ એક સમયનું સિદ્ધસુખ અત્યંત ચઢિયાતું છે.(૧૧/૧૧)

**(૧૧) પરમભાવ પારિણામિકભાવ પ્રધાનતાઈં લીજઈં જી,**
**એ વિણ *મુખ્યરૂપ કિમ ■દ્રવ્યઈં પ્રસિદ્ધ ♦રીતઈં દીજઈં જી ?;**
**એ સામાન્ય ♦સ્વભાવ ઈગ્યારહ, સકલ ✡દ્રવ્યનઈં ધારો જી,**
**આગમ અર્થ વિચારીનઈં જગિ, સુજસ વાદ વિસ્તારો જી ॥૧૧/૧૨॥ (૧૯૪)**

સ્વલક્ષણીભૂત **પારિણામિકભાવ, પ્રધાનતાઈં પરમભાવ** ♦સ્વભાવ (**લીજઈં**=) કહિજઈં. જિમ જ્ઞાનસ્વરૂપ આત્મા.

(**એ વિણ**=) ૧૧મો એ પરમભાવ સ્વભાવ ન કહિઈં, તો **દ્રવ્યનઈં** વિષઈં,

**પ્રસિદ્ધ (રીતઈં મુખ્ય) રૂપ કિમ દીજઈં ?**

અનંતધર્માત્મક વસ્તુનઈં એક ધર્મપુરસ્કારઈં બોલાવિઈં, તો● તેહ જ પરમભાવનું એ લક્ષણ. (**૧૧**)

**એ ૧૧ સામાન્ય સ્વભાવ સર્વ દ્રવ્યનઈં ધારવા.** □વલી હર્દેને વિષેં જાણવા.□

એહવા **આગમ અર્થ** ᛝ= ભાવભેદ ચિત્તમાંહિᛝ **વિચારીનઈં** (**જગિ**) જગમાંહિ ✱= વિશ્વનઈં માંહઈં✱ **સુજશ** (**વાદ**) **વિસ્તારો** *= સુયશ લહો* ॥૧૧/૧૨॥

---

**परामर्शः** **पारिणामिकभावो जिनोक्तः परमभावः प्रधानत्वेन,**
**तं विना द्रव्ये सिद्धरीत्या मुख्यरूपं कथं दीयेत ?।**
**एवञ्चैकादश सामान्यस्वभावा हि सर्वद्रव्येषु,**
**सुयशोवादमिह विस्तारयतु जिनागमार्थं मनसि विचार्य।।११/१२।।**

---

### ❋ પરમભાવ સ્વભાવની ઓળખાણ ❋

[illegible] :- જિનેશ્વર ભગવાને બતાવેલ પારિણામિક ભાવ મુખ્ય હોવાથી પરમભાવ તરીકે કહેવાય

---

★ B(૨)માં 'સ્વરૂપ' પાઠ.
■ P(૨)માં 'દ્રવ્ય કિમ રૂપે' પાઠ.
♦ પુસ્તકોમાં 'રીતિ' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે.
♦ કો.(૧૩)માં 'સ્વભાવ' નથી.
✡ કો.(૧)માં 'દ્રવ્યનય' પાઠ.
● ફક્ત લા.(૨)માં 'તો' છે.
□...□ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.
ᛝ...ᛝ ચિહ્નદ્વયમધ્યવર્તીપાઠ ફક્ત લી.(૩)માં છે.
✱...✱ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં છે.

છે. તેના વિના દ્રવ્યમાં પ્રસિદ્ધ પદ્ધતિ મુજબ મુખ્ય સ્વરૂપ કઈ રીતે આપી શકાય ? આ રીતે સર્વ દ્રવ્યોમાં સામાન્ય સ્વભાવો અગિયાર જ છે. આમ જિનાગમના અર્થને મનમાં વિચારીને અહીં સુંદર યશોવાદને = વર્ણવાદને ફેલાવો. (૧૧/૧૨)

## ૐ પરમભાવને પૂર્ણ વિશુદ્ધ કરીએ ૐ

[redacted]:- દરેક દ્રવ્યમાં પોતાનો પરમભાવ હોય છે. તે કાયમ એકસરખો રહે છે. ફક્ત જીવ દ્રવ્યની વિશેષતા એ છે કે જીવનું ચૈતન્ય પ્રગટ-અપ્રગટ, શુદ્ધ-અશુદ્ધ વગેરે સ્વરૂપે વિવિધ પ્રકારનું બનતું હોય છે. તેથી તેને પૂર્ણતયા પ્રગટ કરવાનો અને વિશુદ્ધ બનાવવાનો ઉદ્યમ જીવનના છેડા સુધી કરવો જોઈએ - તેવા પ્રકારનો ઉપદેશ અહીં પ્રાપ્ત થાય છે. તેના પ્રભાવે જ **આરાધનાપતાકા**માં જણાવેલ નિરાબાધ સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટ થાય છે. ત્યાં જણાવેલ છે કે "જ્યાં (૧) ઘડપણ નથી, (૨) મરણ નથી, (૩) રોગો નથી, (૪) શોક નથી, (૫) દરિદ્રતા નથી, (૬) ભય નથી, (૭) ઈષ્ટ પુત્રાદિનો સંયોગ નથી, (૮) ક્યારેય પણ કેવળજ્ઞાનાદિનો વિયોગ નથી, તે સિદ્ધશિલામાં અંતિમ આરાધનાના પ્રભાવથી ગયેલો જીવ પીડારહિત બનીને સાદિ-અનંત કાળ સુધી સુખી રહે છે."(૧૧/૧૨)

**• અગિયારમી શાખા સમાપ્ત •**

**॥ પ્રશસ્તિ ॥**

પૂજ્યપાદ ન્યાયવિશારદ, વર્ધમાનતપોનિધિ, સકલસંઘહિતચિંતક
સ્વ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાના
શિષ્યરત્ન પરમ પૂજ્ય પદ્મમણિતીર્થોદ્ધારક પાર્શ્વપ્રજ્ઞાલયતીર્થપ્રેરક પૂનાજિલ્લા ઉદ્ધારક
પંન્યાસપ્રવર **શ્રીવિશ્વકલ્યાણવિજયજી** ગણિવરના શિષ્યાણુ પંન્યાસ **યશોવિજય** ગણી દ્વારા
રચાયેલ **'અધ્યાત્મ અનુયોગ'નો પ્રથમ ભાગ**
પરમ પૂજ્ય પ્રશાંતમૂર્ત્તિ ગીતાર્થ ચૂડામણિ સિદ્ધાન્તદિવાકર
વર્તમાન કાળના સર્વાધિક શ્રમણોના
ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજાના
સ્વર્ણિમ સામ્રાજ્યમાં સાનંદ
સંપૂર્ણ થયો.

जिनपतिप्रथिताऽखिलवाङ्मयी,
गणधराऽऽननमण्डपनर्तकी।
गुरुमुखाम्बुजखेलनहंसिका,
विजयते जगति श्रुतदेवता।।




શ્રુતઅધિષ્ઠાયિકા મા સરસ્વતી

દ્રવ્યાનુયોગને ભણીને જે તેના
આધ્યાત્મિક ઉપનયને જાણતો નથી,
તે ખરેખર માત્ર
દ્રવ્યાનુયોગને ભણવાના ભારને જ ઊંચકે છે.

(અધ્યાત્મ અનુયોગ : પૃષ્ઠ ૫)


દ્રવ્ય
ગુણ




❖ પ્રકાશક ❖

## શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ, ઈર્લા

પરમને પામવાનું પરિપૂર્ણ પરિબળ

દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ

ISBN - 978-81-925532-7-6

MULTY GRAPHICS (022) 23873222 • 23884222